BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# ES-101
# અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન

## વિભાગ

## 1

## અધ્યેતાનો વિકાસ


એકમ-1 વૃદ્ધિ અને વિકાસની લાક્ષણિકતાઓ

એકમ-2 વ્યક્તિત્વ વિકાસ

એકમ-3 જ્ઞાનાત્મક અને ભાષાકીય વિકાસ

એકમ-4 અધ્યેતાની વ્યક્તિગત ભિન્નતા

# ES-101, અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન (વિભાગ-1)


| **લેખક** | |
|---|---|
| **ડૉ. રાજુભાઈ એલ. પારગી** | સર્વોદય કૉલેજ ઓફ એજ્યુકેશન, ડેરોલ સ્ટેશન, જી. પંચમહાલ |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. હિરલકુમાર એમ. બારોટ** | શેઠ એમ.એન. સી. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ, વડોદરા. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. શામળભાઈ એલ. સોલંકી** | એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-040-3**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-101 અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન


**વિભાગ-1 અધ્યેતાનો વિકાસ**

એકમ-1 વૃદ્ધિ અને વિકાસની લાક્ષણિકતાઓ

એકમ-2 વ્યક્તિત્વ વિકાસ

એકમ-3 જ્ઞાનાત્મક અને ભાષાકીય વિકાસ

એકમ-4 અધ્યેતાની વ્યક્તિગત ભિન્નતા

**વિભાગ-2 અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન**

એકમ-5 અધ્યયન પ્રતિક્રિયા

એકમ-6 વૈયક્તિક અધ્યયન માટેની ટૅકનોલોજી

એકમ-7 અધ્યયન શૈલી

એકમ-8 ઝડપી અને ધીમી ગતિએ શિક્ષણ

**વિભાગ-3 અધ્યેતા માહિતીનાં સંસ્કરણ કર્તા તરીકે**

એકમ-9 માહિતીના સ્વરૂપો

એકમ-10 અધ્યેતાના મનોવૈજ્ઞાનિક લક્ષણો

એકમ-11 અધ્યેતાનું સામાજિક મનોવિજ્ઞાન

એકમ-12 અધ્યેતાની સમસ્યાઓ

**વિભાગ-4 અધ્યેતાને સલાહ અને માર્ગદર્શન**

એકમ-13 અધ્યેતાને સલાહ અને માર્ગદર્શન

એકમ-14 માર્ગદર્શનની જરૂરિયાત

એકમ-15 સલાહદર્શન સેવાનું મોડલ

એકમ-16 વિશેષ જરૂરિયાતવાળા બાળકો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાંથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 1

# વૃદ્ધિ અને વિકાસની લાક્ષણિકતાઓ

## : રૂપરેખા :

1.1 ઉદ્દેશ્યો

1.2 એકમના પારિભાષિક શબ્દો

1.3 પ્રસ્તાવના

1.4 માનવવિકાસ

1.5 વૃદ્ધિની સંકલ્પના

1.6 વૃદ્ધિની લાક્ષણિકતાઓ

1.7 પરિપક્વતા અને શિક્ષણ વચ્ચેનો સંબંધ

1.8 વૃદ્ધિ અને વિકાસને અસર કરતાં પરિબળો

- વારસો
- વારસાની અસર
- વાતાવરણ
- જન્મ પહેલાંનું વાતાવરણ
- જન્મ પછીનું વાતાવરણ
- આંતરીક વાતાવરણ
- ભૌતિક વાતાવરણ
- સામાજિક વાતાવરણ
- વાતાવરણની અસર

1.9 વૃદ્ધિ અને વિકાસના શૈક્ષણિક ફલિતાર્થ

1.10 વિકાસનો પ્રકાર

- શારીરિક વિકાસ
- માનસિક વિકાસ
- ચેષ્ટા વિકાસ
- સાંવેગિક વિકાસ
- સામાજિક વિકાસ

1.11 વિકાસનાં તબક્કાઓની અવસ્થાઓ

- ગર્ભાવસ્થા
- શૈશવાવસ્થા
- કિશોરાવસ્થા
- તરુણાવસ્થા
- યુવાવસ્થા
- પ્રૌઢાવસ્થા
- વૃદ્ધાવસ્થા

**1.12 શારીરિક વિકાસ**

**1.13 સામાજિક વિકાસને અસર કરતાં પરિબળો**

**1.14 શૈક્ષણિક ફલિતાર્થ**

**1.15 નૈતિક વિકાસ**

**1.16 સારાંશ**

**1.17 તમારી પ્રગતિ ચકાસો**

**1.18 નિબંધ પ્રકારના પ્રશ્નોત્તર - મુદ્દાઓ સાથે**

**1.19 સ્વાધ્યાય**

## 1.1 ઉદ્દેશ્યો

- વૃદ્ધિ વર્તન સાથે પરોક્ષ રીતે સંકળાયેલી છે તે જાણી શકાય છે.
- વૃદ્ધિ અમૂક અંગોની પરિપક્વતા પુરી થતાં અટકી જાય છે. તે જાણી શકાશે.
- વિકાસ એ જીવન પર્યંત આજીવન ચાલનારી પ્રક્રિયા છે.
- વિકાસ માટે વૃદ્ધિ અનિવાર્ય છે તે જાણી શકાશે.

## 1.2 એકમના પારિભાષિક શબ્દો

(1) તરુણાવસ્થા - પૈગડાવસ્થા

(2) સાંવેગિક વિકાસ - ભાવાત્મક સ્થિતિ

(3) કુમારઅવસ્થા - યુવાવસ્થા

## 1.3 માનવવિકાસ :

જે ફરે તે ચરેની જેમ, જે જન્મે તે વિકસે જીવસૃષ્ટિ પૈકીના માનવજીવનો, જન્મથી મૃત્યુ સુધીમાં ઘણો વિકાસ થાય છે. માનવી કઈ પણ અપરિવર્તનશીલ નથી હોતો ગર્ભાધાનથી મૃત્યુ સુધી તે પરિવર્તન પામ્યાં કરે છે. પર્યાવરણીય પરિસ્થિતિઓ પરત્વેના પ્રત્યાચારોના પરિણામે તેમના વિકાસાત્મક ફેરફારો થાય છે. તેના શરીરમાં અવયવો અને દૈહિક ક્રિયાઓ તેમની ક્ષમતા અને સિદ્ધિમાં વળાંકો તો કેટલીકવાર ક્ષીર્ણતા પણ દર્શાવે છે. બોધાત્મક શક્તિઓ વિકસે છે અને ક્ષીણ થાય છે. ઉંમરના થતા ફેરફારની સાથે શારીરિક ઉર્જામાં બળ ઝડપી બની પરિવર્તન થાય છે.

## 1.4 વૃદ્ધિની સંકલ્પના :

વૃદ્ધિ અને વિકાસ સામાન્યતઃ સમાનાર્થી શબ્દો તરીકે પ્રયોજવામાં આવે છે. આમ છતાં મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ તેમાં ભેદ છે.

આ વ્યાખ્યા પ્રમાણે સ્નાયુઓ હાડકાં, હૃદય, વજન, શરીરના કદ અને આકારમાં ઉંમરના વધવા સાથે થતાં ફેરફારોનો વૃદ્ધિમાં સમાવેશ થાય છે. વૃદ્ધિનો અર્થ વધવું તે. ગર્ભાવસ્થાથી માંડીને પુખ્તાવસ્થા સુધી વ્યક્તિના શરીરના કદ વજન અને વિસ્તારમાં વધારો થતો રહે છે. આ વધારો તે વૃદ્ધિ છે. આમ ગર્ભાધાનથી જ શરૂ થાય છે.

ક્રો અને ક્રો : ની દૃષ્ટિએ વૃદ્ધિનો અર્થ લઈએ તો તેમાં શરીરના કદ અને આકાર પ્રમાણે કે બંધારણના એવાં ફેરફારોનો તેમાં સમાવેશ થાય છે, કે જે શરીર કે તેના અંગોનો કાર્યમાં સુધારો કે ફેરફાર કરે છે. વૃદ્ધિની પ્રક્રિયા તદ્દન કુદરતી છે. વૃદ્ધિની પ્રક્રિયા આજીવન પ્રક્રિયા નથી.

## 1.6 વૃદ્ધિની લાક્ષણિકતાઓ (Characteristics of Growth) :

વૃદ્ધિ એટલે વર્ધન થવું તે, વધવું તે. તે માત્ર આંગિક અવયવી ફેરફારોના સંદર્ભમાં વપરાય છે.

- વૃદ્ધિ એ શારીરિક પરિવર્તનો સૂચવે છે. શરીરમાં કદ આકાર કે વજનમાં કે અન્ય સ્વાભાવિક ફેરફારોને વૃદ્ધિ કહેવામાં આવે છે.
- વૃદ્ધિ મોટે ભાગે વારસો કે વંશાનુક્રમ પર આધારિત છે.
- તે કુદરતી અને સહજ પ્રક્રિયા છે.
- માનવજીવનમાં અમુક ઉંમર સુધી પરિપક્વતા કે પુખ્તતા પ્રાપ્ત થાય ત્યાં સુધી જ વૃદ્ધિ થાય છે.
- વૃદ્ધિ  મર્યાદિત કાળ સાથે જોડાયેલી છે.
- વૃદ્ધિ કોઈ વિશિષ્ટ અંગોનું પરિવર્તન સૂચવે છે.
- વૃદ્ધિને અંતે શારીરિક પરિપક્વતા આવે છે.
- તેનું માપન સરળ છે.

## 1.6 ગર્ભધાનથી જ વૃદ્ધિની પ્રક્રિયા શરૂ થાય છે.

- **વૃદ્ધિનું શિક્ષણમાં મહત્ત્વ :**

  બાળક જે વર્તન કરે છે તેની પાછળ શારીરિક અને માનસિક પ્રેરકો કામ કરે છે. શારીરિક વૃદ્ધિ સમજ્યા વિના વર્તનમાં શારીરિક પ્રેરકો સમજી શકતાં નથી.
- બાળકની શારીરિક વૃદ્ધિના જ્ઞાનથી બાળકની કેટલીક ક્રિયાઓ અને વર્તન સહેલાઈથી સમજી શકાય છે. શિક્ષકને શિક્ષણ સહાયતામાં આ સહાયભૂત નીવડે છે.
- શિક્ષણ દ્વારા બાળકોમાં શારીરિક કૌશલ્યો કેળવવા કે શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનો આધાર બાળકનું શારરિક અને માનસિક સ્વાસ્થ્ય જાળવવા અને તે દિશામાં યોગ્ય માર્ગદર્શન આપવા આવશ્યક બને છે.
- બાળકોમાં જોવા મળતાં વૈયક્તિક તફાવતોમાં પણ શારીરિક વૃદ્ધિ એક મહત્ત્વનું પરિબળ બની જાય છે. જુદી જુદી રીતે થતી શારીરિક વૃદ્ધિ અને તેનો વિકાસ બાળકના વિકાસ પર શિક્ષણ અસર કરે છે.
- શારીરિક વૃદ્ધિને લીધે ગુરુતાગ્રંથિ કે લઘુતાગ્રંથિ અનુભવતાં બાળકોને વ્યક્તિગત માર્ગદર્શન આપવામાં શિક્ષકને શારીરિક વૃદ્ધિનું જ્ઞાન સહાયક નીવડે છે.
- વિદ્યાર્થીઓને આરોગ્ય વિષયક માર્ગદર્શન આપવામાં શિક્ષકને શારીરિક વૃદ્ધિ અંગેનું જ્ઞાન સહાયક નીવડે છે.
- **પરિપક્વતાની પરિભાષા :**

  કુદરતી રીતે વૃદ્ધિ થઈને વધુમાં વધુ કક્ષા સુધી પહોંચવાની પ્રક્રિયાને પરિપક્વતા કહેવામાં આવે છે. બીજી રીતે જોઈએ તો –

  પ્રાણીઓના વારસાગત લક્ષણો - મુખ્યત્વે આપમેળે અને અનુભવની મદદ વગર પ્રગટ થવાની ક્રમિક (Gradual) પ્રક્રિયાને પરિપક્વતા કહેવાય છે.

## 1.7 પરિપક્વતા અને શિક્ષણ વચ્ચેનો સંબંધ :

શિક્ષણમાં વ્યક્તિના અનુભવો સમાવિષ્ટ થયેલાં હોય છે. વિકાસની પ્રક્રિયામાં પરિપક્વતા અને શિક્ષણ બન્ને ભાગ ભજવે છે જો પરિપક્વતા હોય તો શિક્ષણ વિકાસની પ્રક્રિયાને ઝડપી બનાવે છે. પરિપક્વતા ન આવી હોય તો વિકાસની પ્રક્રિયા ધીરી અને મંદ બને છે. પરિપક્વતા એ આનુવંશિક છે. શિક્ષણ વાતાવરણથી નિયંત્રિત છે. છતાં વારસો અને વાતાવરણમાં રહેલાં બધાને અસર કરે કે વિકાસ પરિપકવતાને લીધે થાય છે કે શિક્ષણને લીધે જણાય છે. તે નક્કી કરવું મુશ્કેલ બને છે.

બાળક પરિપક્વ છતાં અમુક વસ્તુ સહેલાઈથી અને ઝડપથી શીખી લે છે. તેની શિક્ષણની પ્રક્રિયાથી, તેના પર નિરર્થક બની જાય છે.

- પરિપક્વતા વધુ હોય તો અમુક કૌશલ્ય પ્રાપ્ત કરવામાં ઓછી તાલીમની જરૂર પડે છે.
- જે વર્તન જે સમયે વિકસતુ હોય તેમાં સહેલાઈથી કૌશલ્ય પ્રાપ્ત કરી શકાય છે.
- પરિપક્વતા કક્ષાએ તો પહેલા વધુ તાલીમ આપવામાં આવે તો પણ શિક્ષણ ઓછું થાય છે.
- પરિપક્વતા પુરતી ન હોય તો જે-તે સમયે આપેલી તાલીમ કઈ પરિણામ આપતી નથી.
- જો પરિપક્વ થતાં અગાઉ આપેલ તાલીમ જો આપવામાં તો પણ નિરાશાજનક પરિણામ મળે છે.

## 1.8 વૃદ્ધિ અને વિકાસને અસરકર્તા પરિબળો :

વ્યક્તિનું સમગ્રત્વ, તેના વારસા અને વાતાવરણથી ઘડાય છે. આ બે પરિબળો દ્વારા જ બાળકમાં વૃદ્ધિ અને વિકાસની સંભાવનાઓ આકારિત થાય છે. આથી આ પરિબળો શું છે તેને કઈ રીતે અસર કરે છે તે સમજવા પ્રયાસ કરીએ.

- **વારસો :** જીવનનો આરંભ કરતી વખતે (ગર્ભાધાન સમયથી) વ્યક્તિમાં હાજર સ્ત્રીની ગર્ભાશયમાંના અંડકોષનો પુરુષના સંયોગ થાય છે. આ સંયુક્ત કોષમાંના રંગસૂત્રોમાં રહેલાં જનીન તત્ત્વો બાળકની વિવિધ વિશેષતાઓનું નિર્ધારિત કરતાં હોય છે. ડૉ. ઝાના મતે "વારસો વ્યક્તિની જન્મજાત વિશેષતાઓનો પૂર્ણ સરવાળો છે."

- **વારસાની અસર :**

  વ્યક્તિની વૃદ્ધિ એટલે કે શારીરિક બંધારણ (આકૃતિ, રંગ, લોહીનો પ્રકાર, ઉંચાઈ) મોટે ભાગે વારસા પર આધારિત હોય છે. અતઃસ્ત્રાવી ગ્રંથિઓની અસર કેટલેક અંશે વ્યક્તિના સ્વભાવ પર પડે છે. અતઃસ્ત્રાવ ગ્રંથિઓ જનીન તત્ત્વો પર આધારિત હોય છે. આ જનીન તત્ત્વોનું સંયોજન જ વ્યક્તિની જાતીયતા નક્કી કરતી હોય છે. દા.ત., કેન્સર, હૃદયરોગ, મધુપ્રમેહ અને રંગના અંધાપા જેવાં કેટલાંક રોગો પણ વારસાગત હોવાનું મનાય છે. બુદ્ધિને વારસાગત માનવામાં અને રંગના અંધાપા જેવાં કેટલાંક રોગો પણ વારસાગત હોવાનું મનાય છે. બુદ્ધિને વારસાગત માનવામાં આવે છે. વ્યક્તિની વ્યાવસાયિક યોગ્યતા અને તેના ચારિત્ર્ય પર પણ વારસાની અસર હોય છે. એમ સંશોધનોએ સાબિત કર્યું છે. આ રીતે વારસો બાળકની શારીરિક ખાસિયતો, મોટે ભાગે નક્કી કરે છે. આ વારસાની મૂડીથી બાળકે પોતાના જીવનમાં વૃદ્ધિ અને વિકાસ સાધવાનો હોય છે.

  વ્યક્તિના વારસામાં તેનો શારીરિક બાંધો શારીરિક વિશિષ્ટતાઓ, શારીરિક ક્રિયાઓ અથવા શારીરિક ક્ષમતાઓ જે તેના માતા-પિતા પૂર્વજો અને પ્રજાતિ તરફથી પ્રાપ્ત થાય છે. તેનો સમાવેશ થાય છે.

- **વાતાવરણ :**

  વાતાવરણ માટે પર્યાવરણ શબ્દ વપરાય છે. પરિ + આવરણ = ચારેય તરફથી ઢાંકે તે પર્યાવરણ કે વાતાવરણ જનીન તત્ત્વોને બાદ કરતાં અન્ય જે કઈ પરિબળો વ્યક્તિને પ્રભાવિત કરે તે, બધાનો સમાવેશ કરવામાં આવે છે.

- **જન્મ પહેલાંનું વાતાવરણ :**

  બાળક માતાનો દેહ ગર્ભાવસ્થા દરમ્યાન માતાનો ખોરાક, માતાના રોગ માતાની ઉંમર તેમજ માતાને તથા આગાત્મક અનુભવોની ગર્ભ પર કે પરોક્ષ અસર પડ્યા વગર રહેતી નથી.

- **જન્મ પછીનું વાતાવરણ :** તેના ત્રણ વિભાગ પાડી શકાય છે.

- **આંતરીક વાતાવરણ :** વ્યક્તિનું શારીરિક ઉષ્ણતા દેહમાંની રાસાયણિક પ્રક્રિયા હોરમોન્સ, પ્રજીવકો હાજરીનું અસ્તિત્વ
- **ભૌતિક વાતાવરણ :** વ્યક્તિ જે વિસ્તારમાં રહેતી હોય ત્યાંની આબોહવા તે સ્થળ ગામડું હોય કે જંગલ આમ વ્યક્તિના વિકાસ પર વાતાવરણની અસર પડે છે.
- **સામાજિક વાતાવરણ :**

  કુટુંબ, સગાં, મિત્રો, શાળા, જ્ઞાતિ, વ્યવસાય, સ્થિતિ સંસ્કૃતિ, ખાનપાન રહેણીકરણી વગેરે બાબતોનો સમાવેશ થાય છે.
- **વાતાવરણની અસર :**

  વારસો જેમ વ્યક્તિની શારીરિક ખાસિયતો નક્કી કરે છે. તેમ માનસિક ખાસિયતો નક્કી કરવામાં વાતાવરણનો પ્રભાવ વિશેષ જોવા મળે છે. વાતાવરણ શારીરિક બંધારણ બુદ્ધિ, વિશિષ્ટ શક્તિઓ સ્વભાવ, ચારિત્ર્ય જેવી બાબતો પર વાતાવરણને પ્રભાવ ઘણી વખત નિર્ણાયક માત્રામાં પડતો જોવા મળે છે.

  વાતાવરણમાં માત્ર વારસો કે માત્ર વાતાવરણ વ્યક્તિના વિકાસ પર નિર્ણાયક પરિબળ ન હોઈ શકે પરંતુ આ બન્ને એકબીજાંના પૂરક માનવામાં આવે છે.

## 1.9 વૃદ્ધિ અને વિકાસના શૈક્ષણિક ફલિતાર્થ :

- વૃદ્ધિ અને વિકાસની સૈદ્ધાંતિક ચર્ચા પછી નીચે જેવા સૈદ્ધાંતિક ફલિતાર્થ તારવી શકાય શિક્ષકે વિકાસના બે આધારો હંમેશા લક્ષમાં લેવાં જોઈએ. (1) પરિપકવતા અને (2) શૈક્ષણિક પરિપક્વતા એટલે શરીરના જુદાં-જુદાં અંગોનો પૂર્ણ વિકાસ થઈ શરીરનું પુખ્ત થવું.
- વિકાસના ચોક્કસ પ્રકારનું સામર્થ્ય વ્યક્તિમાં વિકસતું હોય છે. આથી તે વખતે તદ્‌નુરૂપ કૌશલ્ય, બાળક સહેલાઈથી મેળવી દા.ત. બાળક બોલવામાં પ્રારંભમાં ઓષ્ઠ્ય વ્યંજનો પ.ફ.ભ.મ. પહેલાં બોલતું થાય છે. પપ્પા, મમ, ભૂ, બા જેવા શબ્દો જલ્દી ગ્રહણ કરી લે છે.
- બાળકના જે તે અંગની પૂરી વૃદ્ધિ પરિપક્વતા સિદ્ધ થયા વગર તે તાલીમ આપવી નિરર્થક છે. આમ છતાં તાલીમ આપવાથી બાળક તે પરત્વે ઉદાસીનતા કેળવે છે. જે બાળકને આંગળાં પર કાબૂ ન આવ્યો હોય તો તે પહેલાં તેને મૂળાક્ષર શીખવવાનો પ્રયાસ નિષ્ફળ જ જાય છે.
- બાળકના જે તે અંગની પૂરેપૂરી વૃદ્ધિ થયા પછી તેને તે અંગનુ કૌશલ્ય પ્રાપ્ત કરાવવા માટે વધુ તાલીમ આપવી પડતી નથી.
- અપૂરતી આંશિક વૃદ્ધિ અપરિપક્વતાની સ્થિતિમાં આપવામાં આવેલ તાલીમ નિરર્થક રહે છે. અથવા થોડા સમયમાં તેની અસરકારકતા ગુમાવે છે.
- પરિપક્વતાને જાગેલી જિજ્ઞાસા જે તે વખતે પાછળથી તે સંતોષવાના પ્રયાસરૂપની તાલીમ માટે બાળકને ઉત્સાહ રહેતા ન હોવાથી તેની ગ્રહણશક્તિ મંદ થઈ ગઈ હોય છે.
- વૃદ્ધિ વિકાસના સંદર્ભમાં વૈયક્તિક ભિન્નતાને લક્ષમાં લઈ શકાય એમ વૈયક્તિક શિક્ષણની જોગવાઈ કરવી જોઈએ.
- શિક્ષણમાં અભ્યાસક્રમની રચના કરતી વખતે પણ બાળકના જે તે સમયમાં વૃદ્ધિ અને વિકાસને પૂર્ણતઃ ખ્યાલમાં રાખવા જોઈએ.
- વારસાને કારણે બાળકોમાં વિવિધ વિશિષ્ટ શક્તિઓ જોવા મળે છે. વિભિન્ન બાળકોની આ શક્તિઓને ધ્યાનમાં રાખી શિક્ષકે વ્યક્તિગત વિદ્યાર્થીઓની પ્રગતિનું આયોજન કરવું જોઈએ.

## 1.10 વિકાસના પ્રકારઃ

બાળક ક્રમિક અને નિરંતર રીતે વિકાસ પામે છે. બાળક વિકાસની એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં પ્રવેશ કરે છે. ત્યારે તેનામાં કેટલાંક પરિવર્તનો આવે છે. શિક્ષકને બાળકના સર્વાંગીણ વિકાસ સાથે સંબંધ છે. એટલે બાળકોના વિવિધ પ્રકારના વિકાસની વિવિધ પ્રકારની કક્ષા સિદ્ધ કરે છે.

- **શારીરિક વિકાસ (Physical Development)**

  વ્યક્તિના માનસિક વિકાસમાં શરીરનાં વિવિધ અંગોનો વિકાસ, વિવિધ અવસ્થાઓમાં કેવી રીતે થાય છે તેનો અભ્યાસ કરવામાં આવે છે. આ અંગેના વિકાસની અસરો વ્યક્તિના વર્તન પર પડતી હોય છે. તેથી શારીરિક વિકાસનો અભ્યાસ જરૂરી છે.

- **માનસિક વિકાસ (Mental Development) :**

  વ્યક્તિની માનસિક વિકાસ એ સર્વાંગીણ વિકાસનો એક ભાગ છે. વ્યક્તિના જીવનની સફળતા મહદ્અંશે તેના માનસિક વિકાસને આભારી છે. માનસિક વિકાસ જો યોગ્ય રીતે થયેલો હોય અને તે દ્વારા વ્યક્તિની માનસિક શક્તિઓ યોગ્ય રીતે વિકાસ પામી હોય તો વ્યક્તિ જીવનમાં અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરી શકે છે. વ્યક્તિનો માનસિક વિકાસ વ્યક્તિની વૃદ્ધિ ખ્યાલ, સ્મૃતિ, તર્ક અને ભાષા શક્તિઓના વિકાસ પર આધાર રાખે છે. શિક્ષણનું મહત્ત્વનું કાર્ય વ્યક્તિનો માત્ર શારીરિક વિકાસ જ નહી પણ માનસિક વિકાસ કરવાનું પણ છે.

- **ચેષ્ટા વિકાસ (Motor Development) :**

  ચેષ્ટાનો અર્થ સામાન્ય રીતે અમુક પ્રકારનું વર્તન એવો કરવામાં આવે છે. પરંતુ મનોવૈજ્ઞાનિક પરિભાષામાં ચેષ્ટા શબ્દનો અર્થ ભિન્ન રીતે સ્વીકારવામાં આવ્યો છે.

  વ્યક્તિની વિભિન્ન અંગો પર તેની આસપાસના વાતાવરણ કે પરિસ્થિતિની અસરો થતી હોય છે. આ વાતાવરણ તેને જુદી-જુદી ક્રિયાઓ કરવા માટે પ્રેરે છે. પરિણામે જે પ્રતિક્રિયા જન્મે છે. તેના સ્વરૂપે તે હલનચલન કરે છે. તેને ચેષ્ટા કહે છે. આમ વાતાવરણમાંથી જન્મેલાં ઉદ્દીપક પ્રતિ વ્યક્તિ જે શારીરિક પ્રતિભાવ આપે છે તે ચેષ્ટા કહે છે.

  શરીરમાં આવેલાં વિવિધ સ્નાયુ અસ્થિપિંજર અને મજ્જાતંતુઓની એકમેકના સહકારને લીધે વ્યક્તિ ચેષ્ટા કરવા પ્રેરાય છે. આ ચેષ્ટાના વિકાસથી વ્યક્તિ પોતાના શરીરનાં વિવિધ અંગો પાસેથી ગતિશીલ રીતે કાર્ય કરવા પ્રેરાય છે.

- **સાંવેગિક વિકાસ (Emotional Development) :**

  વ્યક્તિમાં કેટલીકવાર ભાવનાઓની ભરતી ચઢ છે તો ક્યારેક ઓટ આવે છે. સંવેગોએ વ્યક્તિના જીવન ઘડતરમાં મદદરૂપ થાય છે. સ્વસ્થ તેમજ શાંતિમય જીવન જીવવા માટે સંવેગોનો સંતુલિત વિકાસ જરૂરી છે. તે જીવનની ભાવાત્મક સ્થિતિ છે તે જીવનમાં ગતિશીલતા પ્રેરે છે અને જીવનને ક્રિયાન્વિત બનાવવામાં મહત્વનો ફાળો આપે છે. ક્રોધ, ભય, ઈર્ષ્યા વગેરે સંવેગોનું નિયંત્રણ જરૂરી છે.

- **સામાજિક વિકાસ (Social Development) :**

  માનવ એ સામાજિક પ્રાણી છે Man is a social animal તે સમાજમાં જન્મે છે. સંવર્ધન પામે છે અને વિકાસ સાધે છે. તેનાં વ્યક્તિત્વનો વિકાસ પણ સમાજને આભારી છે. વ્યક્તિનું વ્યક્તિત્વ સામાજિક વ્યક્તિત્વ હોય છે. સમાજ વગર વ્યક્તિનો વિકાસ થઈ શકતો નથી નિરાધાર વ્યક્તિને સમાજ સુરક્ષા કવચ પૂરું પાડે છે. સામાજિક પ્રત્યાપન દ્વારા તે સમાજમાં

સફળતા પ્રાપ્ત કરે છે. સમાજ વ્યક્તિને અસ્મિતા બક્ષે છે જો વ્યક્તિનો યોગ્ય સામાજિક વિકાસ ન થાય તો વ્યક્તિ સમાજ સાથે અનુકૂલન સાધી શકતો નથી તે સામાજિક કર્તવ્યો યોગ્ય રીતે નિભાવી શકતી નથી.

◆ **વિકાસનો અર્થ અને સંકલ્પના :**

◆ **વિકાસનો અર્થ :**

વ્યક્તિનો નિરંતર વિકાસ થતો જ રહે છે. સામાન્યતઃ વ્યક્તિના જીવનમાં વિકાસની ત્રણ મુખ્ય અવસ્થાઓ છે. (1) બાલ્યાવસ્થા (2) યુવાવસ્થા (3) વૃદ્ધાવસ્થા. આમ વિકાસની મુખ્ય ત્રણ અવસ્થાઓનો ક્રમ માનવામાં આવે છે.

આંતરીક ક્ષમતાઓ, શારીરિક અને માનસિક ફેરફારોનું એકીકરણ, સર્વાંગીણ ફેરફાર એટલે વિકાસ

◆ **વિકાસની સંકલ્પના :**

“વિકાસ એ ક્રમિક અને નિરંતર ચાલતી પ્રક્રિયા છે.” “Development is a continuous and Ïíkradual process.”

- Skinner

વિકાસ એ જટિલ અ ને સંકુલ ઘટના છે. મનોવૈજ્ઞાનિક પરિભાષામાં વૃદ્ધિ કરતાં આ એક સંકુલ ઘટના છે એક રીતે વિકાસ એ વૃદ્ધિની અનુગામી ઘટના છે. વૃદ્ધિને લીધે પ્રાપ્ત થતું સામર્થ્ય એ વિકાસ છે.

વ્યક્તિની આંગિક વૃદ્ધિ થતાં મગજની સહાયથી તે વાતાવરણ સાથે આંતરક્રિયા કરી પરિસ્થિતિ પર પકડ મેળવે અગર પોતે તેને અનુકૂળ થાય તે તેનો વિકાસ સુચવે છે. દા.ત. મગજની વૃદ્ધિ થવાની સાથે તેની યાદશક્તિ, તર્કશક્તિ અને કલ્પનાશક્તિનો વિકાસ થાય છે. તેને જ વિકાસ કહેવામાં આવે છે.

◆ એન્ડરસનના મતે - વિકાસ એ માત્ર શારીરિક કે માનસિકનાં વધારાનો ઉલ્લેખ કરવાને બદલે બીજું ઘણું સૂચવે છે. વિકાસ અનેક કાર્યોના એકીકરણની જટિલ પ્રક્રિયા છે.

◆ હર લોકનાં : સ્પષ્ટીકરણ અનુસાર વિકાસ વૃદ્ધિ પુરતો મર્યાદિત નથી તેને બદલે તેમાં પુખ્તતાનાં ધ્યેય તરફ થતાં પરિવર્તનોનો પ્રગતિશીલ ક્રમ નિહિત રહે છે અને તેના કારણે વ્યક્તિમાં નવી વિશેષતાઓ અને નવી યોગ્યતાઓ પ્રગટ થાય છે.

◆ કેન્ટ્રીલ અને ઇરાગાર્ડનના મતે - વિકાસ દ્વારા વ્યક્તિ પરિપૂર્ણતાની પ્રાપ્તિ તરફ આગળ વધે છે.

◆ સ્કીનર - ‘વિકાસ એ ક્રમિક અને નિરંતર ચાલતી પ્રક્રિયા છે.’

"Development is a continumus and Ïíkradual process."

## 1.11 વિકાસનાં તબક્કાઓની અવસ્થાઓ

(1) ગર્ભાવસ્થા - Prenatal staÏíke

(2) શૈશવ - શિશુવસ્થા - Infancy

(3) કિશોરવસ્થા - Childhood

(4) તરુણાવસ્થા - Adolescence

(5) યુવાવસ્થા - Youth

(6) પ્રૌઢાવસ્થા - Adulthood

(7) વૃદ્ધાવસ્થા - Old Aĭíke

આ અવસ્થાનો ક્રમશઃ આપણે અભ્યાસ કરીશું., આ અવસ્થાઓ દરમિયાન વ્યક્તિનો થતો શારીરિક, માનસિક, સાંવેગિક અને સામાજિક વિકાસ શિક્ષણનું આયોજન કરવામાં મદદરૂપ નીવડે છે. આ અવસ્થાઓનાં વિકાસને યોગ્ય રીતે સમજીને અભ્યાસક્રમ અને શાળેય સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

**(1) ગર્ભાવસ્થા (Prenatal StaĬíke) :**

માતા ગર્ભ ધારણ કરે ત્યારથી જ આ અવસ્થાની શરૂઆત થાય છે. આ ગાળો જન્મ પૂર્વે લગભગ નવ માસનો હોય છે. માતાના ગર્ભાધાનથી આ અવસ્થા દરમિયાન બાળકની શારીરિક વૃદ્ધિ ઝડપથી થાય છે. શારીરિક વૃદ્ધિનો આધાર માતાના સ્વાસ્થ્ય પર પણ રહેલો છે.

આ ઉપરાંત માતાની ભોજનની ટેવો, તેના વ્યસન, તેની પરિપક્વતા. વગેરેની બાળકનાં ગર્ભ પર પ્રત્યક્ષ કે પરોક્ષ અસરો થતી હોય છે.

આમ આપણે જોયું કે સ્ત્રીના અને પુરુષના બન્નેના બીજ (Ĭíkerencell) માં 46 રંગસૂત્રો 23 જોડીઓમાં ગોઠવાયેલાં હોય છે. સ્ત્રીના અને પુરુષના બન્નેનાં બીજમાં રંગસૂત્રોની બાવીસ જોડી તો સરખી જ હોય છે. (xx રંગસૂત્રોવાળી) પરંતુ ત્રેવીસમી જોડીની બાબતમાં બન્ને વચ્ચે તફાવત હોય છે. પુરુષની ત્રેવીસમી રંગસૂત્રની જોડીમાં એક x રંગસૂત્ર અને y રંગસૂત્ર હોય છે. જ્યારે સ્ત્રીની ત્રેવીસમી જોડીમાં x રંગસૂત્રો હોય છે. ફલીકરણ વખતે જો બન્નેની ત્રેવીસમી જોડીમાંથી x રંગસૂત્રો જ ભેગા થાય તો છોકરી જન્મે છે. જ્યારે પુરુષની ત્રેવીસમી જોડીનું y રંગસૂત્ર અને સ્ત્રીની ત્રેવીસમી જોડીનું x રંગસૂત્ર જોડાય તો છોકરો જન્મે છે.

**(2) શૈશવ - શિશુ અવસ્થા :**

આમ તો આ અવસ્થા જન્મથી પાંચ કે છ વર્ષની ઉંમર સુધી આવે છે. આ અવસ્થા દરમિયાન બાળકની શારીરિક વૃદ્ધિ ઝડપથી થતી હોય છે. અને તેના માનસિક તેમજ સાંવેગિક વિકાસનો પણ પ્રારંભ થાય છે.

- **શિશુ અવસ્થાના લક્ષણો :**

શિશુ અવસ્થાના બાળકોનું મન ઘણું ચંચળ હોય છે. આ અવસ્થામાં બાળક વધુ કલ્પનાશીલ હોય છે આ અવસ્થાનાં બાળકોનું સમગ્ર વર્તન તેની જરૂરિયાતોને સંતોષવાના પ્રયત્ન કરતું હોય છે. જે વર્તનથી તેની જરૂરિયાતો સંતોષે અને જેનાથી તેને વારંવાર આનંદ થાય તેવું આચરણ કરે છે.

- આસપાસના વાતાવરણ સાથે અનુકૂલન તે સાધી શકતું નથી.
- તે બાહ્ય વાતાવરણથી જલદી પ્રભાવિત થાય છે.
- તેનામાં સારા નરસાની વિચારશક્તિ અને નિર્ણયશક્તિનો અભાવ હોય છે.
- આ અવસ્થાનાં બાળકોમાં એકબીજાં અનુકરણ કરતા હોય છે.
- તેનામાં નીતિ નિયમનો અભાવ હોય છે.
- તેનામાં સંકુચિત સ્વાર્થવૃત્તિ જોવા મળે છે.
- તે પોતાની ભૌતિક જરૂરિયાત માટે બીજાં પર નિર્ભર છે.
- દુનિયાની વાસ્તવિકતાથી અભણ હોય છે.
- આ અવસ્થામાં બાળકનું વર્તન આવેગયુક્ત હોય છે.
- આ અવસ્થામાં બાળકોની જિજ્ઞાસાવૃત્તિ પ્રબળ હોય છે.
- તે બહારની દુનિયાથી જલ્દી પ્રભાવી થાય છે.

- આ અવસ્થાના બાળકોમાં જાતીયતા ત્રણ સ્વરૂપે જોવા મળે છે.

(1) આત્મરિત (2) સજાતીય કામુકતા (3) વિજાતીય કામુકતા

આ ઉંમરનું બાળક તેની જાતમાં અને પોતાના શરીરમાં ખૂબ રસ લે છે. ત્યારબાદ બાળક પોતાનો પ્રેમ પોતાની જાતિના સભ્ય તરફ વ્યક્ત કરે છે. આ સજાતીય કામુકતા છે અને વિજાતીય કામુકતા દર્શાવતાં બાળક વિરુદ્ધ જાતિનાં મા-બાપ તરફ અણગમો વ્યક્ત કરે છે. પુત્ર માતાને અને પુત્રી પિતાને.

### (3) કિશોરાવસ્થા (Childhood) (6 થી 12 વર્ષ)

કિશોરાવસ્થાનો સમય લગભગ છ વર્ષની ઉંમરથી થાય છે. આ સમયગાળો છ થી લગભગ બાર વર્ષનો ગણાવી શકાય. આ અવસ્થામાં શારીરિક વિકાસ થોડોક મંદ પડે છે. શારીરિક વિકાસમાં સ્થિરતા પ્રાપ્ત થાય છે. તેની અતઃસ્રાવી ગ્રંથીઓ સક્રિય બને છે. ચેષ્ટા વિકાસ ઝડપથી બને છે. તેની જીજ્ઞાસા વૃત્તિ જાગૃત થાય છે. તર્કશક્તિ વિકસે છે. તે શેરીના મિત્રો સાથે સંગતિ પ્રમાણે જૂથ ભાવના અને સહકારની ભાવનાનો ઉદય થાય છે. આમ તેની સામાજિકતા પણ વિકાસ પામે છે.

કિશોરાવસ્થા એ ભ્રામક પરિપક્વતાની અવસ્થા છે. દશ વર્ષની ઉંમરનો કિશોર પુખ્તવયના માણસ જેટલી સ્થિરતા ધરાવે છે.

- **કિશોરા અવસ્થાના લક્ષણો (6 થી 12 વર્ષ)**

- શારીરિક વિકાસ ઝડપથી બને છે. ઉંચાઈ વધે છે, વજન વધે છે.
- મસ્તકનો વિકાસ 95% ટકા વધે છે.
- હાડકાંની સંખ્યા 350 અને 32 જેટલાં કાયમી દાંત આવે છે.
- આ અવસ્થાનાં બાળકો કાર્યકારણનો સંબંધ સમજતાં થાય છે.
- તે ઘરની બહાર 5 થી 6 કલાક રહેવાનું પસંદ કરે છે.
- તેને કોઈની સલાહ કે શીખામણ ગમતાં નથી.
- વિજાતીય વ્યક્તિઓ પ્રત્યે ખાસ આકર્ષણ જન્મતું નથી.
- તેની સંગ્રહવૃતિ પ્રબળ બને છે તે ચિત્રો, લખોટીઓ કે અન્ય વસ્તુઓનો સંગ્રહ કરે છે.
- તેનામાં સ્વતંત્રતાની ઝંખના જાગે છે. તેથી તેની લડાયક વૃત્તિ પણ પ્રબળ બને છે. તે બંધનો સામે વિદ્રોહી બને છે.
- તેનામાં વીરપૂજા કે વ્યક્તિ પૂજાની ભાવના પેદા થાય છે. તે ઉત્તમ ખેલાડી - નેતા કે અભિનેતાથી આકર્ષાય છે.
- તેની જિજ્ઞાસાવૃત્તિ પ્રબળ બને છે નવી નવી વાતો જાણવાની અને સાંભળવાની તેને ગમે છે.
- તે બહિર્મુખી બને છે.
- સંવેગોની તીવ્રતાની માત્રા ઘટતી જોવા મળે છે.
- તેની ગ્રહણશીલતા વધે છે.
- તેના ખભા પહોળાં થાય છે.
- હૃદયના ધબકારા 100 થી ઘટીને 85 જેટલાં થાય છે.
- તેનો માનસિક વિકાસ ઝડપી બને છે.

### (4) તરુણાવસ્થા (Adolescence) (12 થી 18 વર્ષ) :

આ અવસ્થાને તરૂણાવસ્થા કે પૌંગડાવસ્થા જેવાં જુદાં-જુદાં નામોથી ઓળખવામાં આવે છે. આ અવસ્થાનો પ્રારંભ 11 કે 12 વર્ષની ઉંમરથી થાય છે. અને તેનો સમયગાળો 12 થી લગભગ 19 કે 20 વર્ષ હોય છે.

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા
જંગલની કુંજ કુંજ જોવી હતી
જોવી તી કોતરોને જોવી'તી કંદરા
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.

માન્યવર કવિશ્રી ઉમાશંકર જોષીની ઉપરોક્ત પંક્તિઓમાં યુવાનીમાં પ્રવેશી રહેલાં તરુણોના મનોભાવો સુંદર રીતે વ્યક્ત થયા છે.

**(1) શારીરિક વિકાસ :**

- કદમાં વૃદ્ધિ અને શરીરમાં સુડોળતા
- પ્રાથમિક અને ગૌણ જાતીય ગુણો
- શરીરમાં ચરબીનું વિતરણ

**(2) માનસિક વિકાસ**

- સમજ શક્તિનો વિકાસ
- વિજાતીય આકર્ષણ
- સામાજિક જવાબદારી પ્રત્યે જાગૃતિ
- મુંઝવણ માનસિક અશાંતિ અને સંઘર્ષ

**(3) સ્વાસ્થ્ય સંબંધી વર્તન :**

- શરીર તથા દેખાવ પ્રત્યે વધુ જાગૃતિ
- જોખમો ખેડવાનું સાહસ
- ધૂમ્રપાન, મદ્યપાન અને નશીલા દ્રવ્યોનું સેવન

**(4) જાતીય વર્તન :**

- સ્ત્રાવોનું ઉત્પાદન
- વિજાતીય વ્યક્તિ પ્રત્યે વધુ આકર્ષણ
- જાતીય કાર્યશીલતા
- જાતીય સ્વપ્નો છોકારાઓમાં સ્વપ્નદોષ છોકરીઓમાં પ્રણયવિચારો.

**તરુણાવસ્થાનાં લક્ષણો :**

**(1) શારીરિક :**

તારુણ્ય દરમિયાન ઝડપી શારીરિક વૃદ્ધિ અને પરિવર્તનો આવે છે. અંતઃસ્ત્રાવોના ફેરફાર થવાના કારણે આકાર લેતા વ્યક્તિમાં પરિપક્વતા આવે છે. આને જાતીય વિકાસ સાથે સીધો સંબંધ છે.

**(2) મનોવૈજ્ઞાનિક :**

આ સમયગાળા દરમિયાન માનસિક, બૌદ્ધિક અને સાંવેગિક પરિપક્વતા તરફ પ્રગતિ થાય છે. તરૂણ આ ગાળા દરમિયાન પુખ્તની જેમ સ્વતંત્ર થવાનાં વલણો દર્શાવવા માંડે છે. આ ગાળામાં જ તરુણ પ્રથમવાર તીવ્ર જાતીય આવેગ અનુભવે છે. અને વિજાતીય વ્યક્તિ સાથેના પોતાના સંબંધોને વ્યાખ્યાયિત કરવા પ્રયત્ન કરે છે.

આ સમયગાળાને મનોવૈજ્ઞાનિક રીતે દબાવયુક્ત અને કટોકટીભર્યો કાળ સમજવામાં આવે છે.

**(3) સામાજિક સાંસ્કૃતિક :**

પ્રવર્તમાન સામાજિક સાંસ્કૃતિક પર્યાવરણ સાથેના તરુણના આંતરવ્યવહારમાંથી કેટલાંક વિકાસ પરિણમે છે. સામાજિક સંબંધોને પુનઃ વ્યાખ્યાયિત કરવાની શરૂઆત અહીંથી થાય છે.

**(4) સાહસિક પ્રવૃત્તિઓ અને અકસ્માતો :**

આ સમયમાં મોટા ભાગનાં તરુણ-તરુણીઓ સાહસિક પ્રવૃત્તિ કરવા ઝડપી તૈયાર થઈ જાય છે. એટલા ઝડપથી અકસ્માતો પણ તરુણાવસ્થા દરમિયાન જ થાય છે.

પરિવાર અને સમાજમાં બેવડાં ધોરણોને કારણે તરુણોના મનમાં દ્વિધા પેદા થાય છે અને તેના કારણે સંઘર્ષપૂર્ણ સ્થિતિ અનુભવે છે. કુટુંબમાં અને શાળામાં તરુણોને સક્રિય અને સ્વાવલંબી થવા દેતાં નથી, પરિણામે આત્મવિશ્વાસમાં ઓછપ વર્તાય છે.

- **દ્વિધા અને સંઘર્ષ :**

સમાજમાં તરુણાવસ્થા વિશે ઓછી જાગૃતિનાં કારણે તરુણોને કુટુંબ અને સમાજમાં યોગ્ય સ્થાન મળતું નથી. આજના સ્પર્ધાત્મક યુગમાં  મા-બાપની તરુણો પ્રત્યેની અપેક્ષાઓ વધી ગઈ છે. પરિણામે તરુણો અતિશય માનસિક દબાણ અનુભવે છે.

- **ખંડનાત્મક વર્તન :**

તરુણોમાં હતાશા વ્યાપે છે ત્યારે તે વિનાશક પ્રવૃત્તિ તરફ પોતાનું વર્તન લઈ જાય છે. કોઈ વખત તરુણો નશીલા દ્રવ્યોનું સેવન કરે છે તો કોઈ વાર વધુ હતાશાને કારણે આત્મહત્યાનો પ્રયાસ કરે છે.

- **નવું જાણવાની પ્રવૃત્તિ :**

આ અવસ્થામાં તરુણો દુનિયામાં રહેલા રહસ્યો શોધવા અને જાણવા તત્પર રહે છે. પરિણામે તે પ્રયોગો કરવા તરફ પ્રેરાય છે.

**(5) યુવાવસ્થા (youth) :**

યુવાવસ્થા એટલે કે યૌવનનો આરંભ જે 20 વર્ષ પછી થાય છે. સામાન્ય રીતે આ સમયગાળો 20 થી 40 વર્ષ સુધીનો ગણી શકાય. આ અવસ્થામાં શારીરિક વિકાસ પૂર્ણ થઈ ગયેલો હોય છે.

◆ **યુવાવસ્થાના લક્ષણો :**

- તેનામાં શારીરિક વિકાસ થઈ ગયેલો હોય છે.
- તેનામાં શારીરિક અને માનસિક પરિપક્વતાનાં લક્ષણો જોવા મળે છે.
- તે પોતાની વ્યાવસાયિક હરીફાઈમાં સ્થિરતા પ્રાપ્ત કરવાની પ્રયોગ કરે છે.
- તેનામાં સામાજિક ગુણો વિકાસ પામેલા હોય છે. સામાજિક સમાયોજન કે અનુકૂલન સાધવાનો પ્રયાસ કરે છે.
- તેના જીવનમાં ચોક્કસ આદર્શો અને મૂલ્યો પ્રતિષ્ઠિત બને છે.
- તેનામાં સાહસિકતા જન્મે છે. સાહસભર્યા કાર્યો કરવા તત્પર બને છે.
- જીવનસાથીની પસંદગી કરવી

આ ઉંમરમાં કોઈપણ વ્યક્તિ તે પોતાનું જીવન જીવવા માટે અને લગ્ન કરવા તૈયાર થઈ જાય છે અને તે લગ્ન કરી લે છે.

- પતિ અને પત્ની એ સાથે રહેતાં શીખવું.
- કુટુંબ રચવું.
- બાળકોનો ઉછેર કરવો
- ઘર ચલાવવું
- વ્યવસાયમાં જોડાવું
- નાગરિક તરીકેની ફરજો સંભળાવી

**(6) પ્રૌઢાવસ્થા (Adulthood)**

આ અવસ્થાનો સમયગાળો 40 થી 60 વર્ષ સુધીનો હોય છે. આ અવસ્થામાં વ્યક્તિ સંપૂર્ણ રીતે શારીરિક, માનસિક, સાંવેગિક અને સામાજિક વિકાસ સાધીને પરિપક્વ બને છે. સારા નરસાનો નિર્ણય તારવી શકે છે. દરેક કાર્યમાં પૂર્ણતા એ પહોંચવાનો પ્રયાસ કરે છે. સામાજિક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાની તેની ઝંખના આ અવસ્થામાં અદમ્ય બને છે.

◆ **પ્રૌઢાવસ્થાના લક્ષણો :**

- તેની જાતીય વૃતિ મંદ પડે છે તેનો ઉત્સાહ ઓછો થતો જાય છે.
- આ અવસ્થામાં તે વધુ સામાજિક બને છે વધુ સામાજિક સલામતી શોધે છે.
- તે પોતાના પરિવાર સાથે સમાજનાં અન્ય સભ્યો સાથે વધુને વધુ અનુકૂલન સાધી સામાજિક પ્રતિષ્ઠા જાળવવાનો પ્રયાસ કરે છે.
- સામાજિક અને નાગરિક તરીકેની જવાબદારી સંભળાવી.
- આર્થિક સ્થિતિને અનુરૂપ જીવનધોરણ જાળવી રાખવું.
- બાળકોને જવાબદારીપૂર્ણ અને સુખી બનવામાં મદદ કરવી.
- ફુરસદના સમયમાં યોગ્ય પ્રવૃત્તિઓ તરફ વળવું.
- વૃદ્ધ માતા-પિતા સાથે સારા સંબંધો ટકાવી રાખવાં.

**(7) વૃદ્ધાવસ્થા (Old Age) :**

60 વર્ષ પછીનો સમયગાળો વૃદ્ધાવસ્થાનો કાળ ગણાય છે. આ ગાળામાં વ્યક્તિની શારીરિક અને માનસિક શક્તિઓ ક્ષીર્ણ થવા લાગે છે. તેની જ્ઞાનેન્દ્રિયો શિથીલ બનતી જાય છે તેની યાદશક્તિ કે સ્મૃતિ ધીરે ધીરે લુપ્ત થવા લાગે છે. આ અવસ્થામાં વ્યક્તિ અંતર્મુખી બને છે.

આ અવસ્થામાં પરિવારજનો સાથે કે સમાજ સાથે સંતુલન જાળવવામાં કેટલીકવાર વ્યક્તિ મૂંઝવણ અનુભવે છે.

◆ **પ્રૌઢાવસ્થાનાં લક્ષણો :**

આ અવસ્થાનો સમયગાળો 60 વર્ષનો ગણવામાં આવે છે તેનાં લક્ષણો નીચે મુજબ છે.

- વૃદ્ધો અને વૃદ્ધાઓમાં શારીરિક રીતે અક્ષમતા પેદા થાય છે.
- તેમની જ્ઞાનેન્દ્રિયોની શક્તિઓમાં ઘટાડો થાય છે.
- વૃદ્ધો અને વૃદ્ધાઓની રોગપ્રતિકારક શક્તિ ઘટે છે.
- તેમની માનસિક શક્તિઓ ક્ષીર્ણ બને છે.
- તેમની સ્મૃતિ ઘટતી જાય છે.
- તેમને નવી પેઢી સાથે વિચારોમાં વિસંવાદિતા પેદા થાય છે.

- તેમને ક્યારેક આર્થિક બાબતોની ચિંતા સતાવે છે.
- તેમની જાતીયવૃત્તિ નહિવંત થઈ જાય છે.
- સમયવયસ્ક મિત્રો સાથે સ્પષ્ટ સંબંધો સ્થાપિત કરવાં.

◆ **શારીરિક વિકાસ (Physical Development) :**

- શારીરિક વૃદ્ધિ અને વિકાસ વ્યક્તિમાં થતાં શારીરિક અને માનસિક ચેષ્ટાત્મક ફેરફારો દર્શાવે છે. બાળકોના શારીરિક વિકાસના તબક્કા તમે પહેલાં એકમમાં શીખી ગયા. આ પેટાવિભાગમાં આપણે ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક શાળામાં ભણતાં બાળકોમાં થતા શારીરિક વિકાસને ઝીણવટથી સમજીશું.
- પ્રથમ તબક્કામાં આવનાર બાળકો એક એવી અવસ્થામાં હોય છે જ્યારે તેઓનું એક પરિસ્થિતિમાંથી બીજી પરિસ્થિતિમાં સંક્રમણ થઈ રહ્યું હોય છે. આ તબક્કો તેમના બાળપણનો અંત હોય છે કે જેમાં તેમનો વિકાસ બધા ક્ષેત્રે ખૂબ જ વેગીલો હોય છે. જ્યારે બાળકો ઉચ્ચ પ્રાથમિક કક્ષામાં આવે છે ત્યારે તેમનો વિકાસ ક્રમિક હોય છે. આ તબક્કામાં બાળકો પોતાનું બાળપણ વટાવીને પૂર્વ તરુણાવસ્થામાં પ્રવેશ કરે છે.
- શારીરિક વૃદ્ધિ અને વિકાસ-શીખવા-શીખવવાની પ્રક્રિયાની સંકલિત બાબતો શીખવા માટે, બાળકોનું બે જૂથમાં વર્ગીકરણ કરવામાં આવ્યું છે. ઉચ્ચ પ્રાથમિક (10 થી 13 વર્ષ) બાળક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના બાળકો (13 થી 17 વર્ષ) અહીં પેટા વિભાગમાં આપણે દરેક વયજૂથની ચર્ચા કરીશું.

◆ **ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ :**

- નિમ્ન પ્રાથમિક સમયગાળાના બાળકો એટલે 5 થી 8-9 વર્ષના બાળકો ધીમો શારીરિક વિકાસ દર્શાવે છે. આ વર્ષોમાં બાળકો ચોક્કસ શારીરિક લક્ષણો ધરાવે છે. જેમ કે નવ વર્ષની ઉંમર સુધી છોકરીઓ કદમાં નાની અને દુબળી હોય છે. જ્યારે 10 વર્ષની ઉંમરે છોકરા અને છોકરીઓનું વજન અને ઊંચાઈ લગભગ સરખાં હોય છે.
- ઉચ્ચ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ લગભગ તેમનાથી નાના વિદ્યાર્થી કરતાં વધુ તંદુરસ્ત હોય છે. તેઓમાં રોગ પ્રતિકારક શક્તિ વધુ અને થાક પણ ઓછો લાગે છે. સાત કે આઠ વર્ષનાં બાળકો કરતાં આ બાળકોમાં હલન-ચલન નિયમન પણ વધુ જોવા મળે છે.
- છોકરીઓ જ્યારે ચોથા વર્ગના છેલ્લા તબક્કામાં આવે છે ત્યારે તેમનો વિકાસ ખૂબ ઝડપથી થાય છે. અને આ પ્રક્રિયા પ્રજનનક્ષમ અવસ્થા સુધી ચાલે છે. તેમના હાથ અને પગનો વિકાસ તેમના ધડના વિકાસના પ્રમાણમાં ઝડપથી થાય છે. પરિણામે દેખાવ શિથિલ નબળો લાગે છે.
- હાડકાંના વિકાસ પછી તેનાથી સંકળાયેલાં સ્નાયુઓ તથા કોમલાસ્થિતિનો વિકાસ થાય છે. આ તબક્કામાંથી પસાર થતાં બાળકો થોડા માટે પોતાની શક્તિ અને હલન - ચલન નિયમન પણ ગુમાવી દે છે. આ બાળકો સાત કે આઠ વર્ષના બાળકો કરતાં અણઘડ અને કેટલીકવાર ગૂંચવાયેલાં (મૂંઝવણમાં) લાગે છે.
- આ વયગ્રુપની છોકરીઓ પ્રજનનક્ષમ વિકાસ અવસ્થા અનુભવે છે કે જેમ કે સ્તનનો વિકાસ અને ગુપ્તાંગ પ્રદેશમાં વાળ ઊગવા, વધુમાં તેમના સ્નાયુઓ અને કોમલાસ્થિતિનો વિકાસ થાય છે જે સ્ત્રીઓમાં પુખ્તતા જલ્દી આવે છે તે સ્ત્રી પોતાની શારીરિક શક્તિ તથા હલનચલન નિયમન પણ પાછું મેળવી લે છે. આને કારણે આ ઉંમરના છોકરાઓ કરતાં મોટાભાગની છોકરીઓ વધુ ઊંચી, વધુ વજનવાળી અને શક્તિશાળી જોવા મળે છે.

- શારીરિક વિકાસમાં છોકરીઓ કરતાં છોકરાઓ 12 થી 18 મહિના પાછળ હોય છે. તેમાંય વહેલી પરિપક્વતા ધરાવતાં છોકરાઓ 11 વર્ષની ઉંમર પહેલાં આવા કોઈ ફેરફાર જોવા મળતાં નથી. છોકરીઓનું 12-13મું વર્ષ ચાલતું હોય છે ત્યારે એમનામાં લગભગ બધા જ પ્રકારના શારીરિક ફેરફારો થઈ જાય છે. જ્યારે છોકરાઓમાં ધીમી અને સ્થિર રીતે વિકાસની શરૂઆત થાય છે. છોકરીઓમાં લગભગ 13 વર્ષની ઉંમરમાં માસિક પિરિયડની શરૂઆત થાય છે. છોકરાઓમાં આ તરુણાવસ્થા 13 થી 16 વર્ષની ઉંમરના ગાળામાં જ્યારે પહેલીવાર શુક્રાણુનો સ્રાવ થાય છે.

- **માધ્યમિક અને ઉચ્ચમાધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓ :**

- તરુણાવસ્થામાં વિકાસનો સમય પ્રજનનક્ષમ અવસ્થાથી શરૂ થાય છે. તરુણાવસ્થાના શરૂઆતના ગાળામાં ઝડપી શારીરિક અને માનસિક વિકાસ થાય છે. તરુણાવસ્થાનો વચ્ચેનો ગાળો સ્થિર હોય છે. જેમાં વિદ્યાર્થીઓ પોતાની વહેલી તરુણાવસ્થા માટેના વર્તનને સંગઠિત કરી, તે પ્રમાણે ગોઠવવાનો પ્રયાસ કરે છે. પછીના ગાળામાં તેઓ પોતાને પુખ્તાવસ્થામાં આવનારી જવાબદારીઓ, તકો અને પસંદગી માટે તૈયાર કરે છે. કિશોરાવસ્થામાં થતાં મોટાભાગના ફેરફારોની ચર્ચા નીચે મુજબ છે.

- **તરુણાવસ્થાના પ્રારંભ અને માત્રામાં પરિવર્તનશીલતા :**

- શારીરિક વિકાસ / ફેરફારો થતાં જ તરુણાવસ્થામાં સૌ પ્રથમ ભાન પોતાની જાતીય ઓળખથી થાય છે. પોતાની જાતીય જરૂરિયાતો અને ભાવનાઓ વ્યક્ત કરવી અને જાતીય ભૂમિકાનો સ્વીકાર અથવા અસ્વીકારનો તેમાં સમાવેશ થાય છે. પ્રજનનક્ષમ અવસ્થામાં શરીર રચનામાં શ્રેણીબદ્ધ ફેરફારો થાય છે. જેથી પ્રાણી પ્રજોત્પાદન માટે સક્ષમ બને છે. લગભગ બધી જ ઇન્દ્રિયો અને કાર્યતંત્ર પર આની અસર થાય છે. પૂર્વ તરુણાવસ્થાનું બાળક તથા તરુણાવસ્થામાંથી પસાર થતાં બાળકોનો બાહ્ય દેખાવ બદલાય છે, કારણ કે તેનો બાંધો અને અંગો બદલાય છે અને પ્રાથમિક તેમજ દ્વિતીય જાતીય લક્ષણોનો વિકાસ થાય છે.

- જો કે દરેક માણસ માટે તરુણાવસ્થાની શરૂઆતનાં લક્ષણો સામાન્ય રીતે સરખા લાગે છે. છતાં, વજન, વૃદ્ધિનો, સમય તથા આંકમાં વિભિન્નતા પ્રવર્તે છે. છોકરીઓમાં સામાન્ય રીતે 11 વર્ષની ઉંમરની આસપાસ જાતીય ફેરફાર જોવા મળે છે. જે સામાન્ય છોકરામાં તરુણાવસ્થાના લીધે શરૂ થતાં ફેરફાર કરતાં, દોઢથી બે વર્ષ વહેલા આગળ છે. જો કે બંને જાતિમાં જાતીય પુખ્તતા પ્રાપ્ત થવાનો તબક્કો 6 વર્ષ જેટલો હોય છે.

- તરુણાવસ્થાની શરૂઆતની જેમ તેનાં લક્ષણોમાં પણ, કોઈ એક ચોક્કસ અનુમાન બાંધી શકાતું નથી. કેટલાંક લોકોને જાતીય ફેરફારોનો તબક્કો બે વર્ષ સુધીનો હોય છે. જે દરમિયાન તેઓ જાતીય પુખ્તતા પ્રાપ્તિ કરે છે. પરંતુ અમુક લોકોને આ માટે 6 વર્ષ લાગે છે. આ ભિન્નતા સૂચવે છે કે એક જ સરખી ઊંમરની બે વ્યક્તિઓમાં એક વ્યક્તિ જાતીય રીતે પુખ્ત હોય છે. જ્યારે બીજી વ્યક્તિ પુખ્તતાના પ્રાથમિક તબક્કામાં જ હોય છે. બાળકો અંદરોઅંદર આ બાબતે સરખામણી કરતાં હોય છે. જાતીય પુખ્તતાને વધુ પડતું મહત્ત્વ આપતું એ અપુખ્ત બાળકો માટે સમસ્યા બની રહે છે, બીજી બાજુ, ઉંમર પહેલાં જાતીય પુખ્તતા ધરાવનાર લોકોને પોતે અસ્વાભાવિક હોવાનો અણગમાનો અનુભવ થાય છે. કારણ કે તેઓ પોતાનાથી ઓછી પુખ્તતા ધરાવનાર લોકોથી અલગ પડી જાય છે.

- **તરુણાવસ્થા અંગે પ્રતિભાવો :**

- તરુણો એ ખૂબ મહત્ત્વના પડકારોનો સામનો કરવાનો છે. તેમાં એક તેમના શરીરમાં થતાં પરિવર્તનોને સ્વીકારવાની જેમ જેમ ઊંચાઈ, વજન અને કુશળતામાં પરિવર્તન આવે, તેમ

શારીરિક પ્રવૃત્તિઓ અને કાર્ય સંયોજન અંગે અનુકૂલન સાધવું જરૂરી બને છે. શરીરમાં ઉદ્‌ભવતા નવીન પરિવર્તનોની પોતાના વ્યક્તિત્વનો અતરંગ ભાગ બનાવવો જરૂરી છે. નવી ટેવો પાડવી પડે છે. તરુણ છોકરા, છોકરીઓ, દેખાવે પુખ્ત લાગતાં હોવાથી એવી અપેક્ષા રખાય છે કે તેઓ તેમના લાગણી, બુદ્ધિ અને સામાજિક ભૂમિકાના લોકો પણ પીઢ વ્યક્તિઓ જેવું વર્તન કરે.

- તરુણાવસ્થાનો હેતુ એ વ્યક્તિને પ્રજનન યોગ્ય બનાવવાનો છે. આમ, મુગ્ધાવસ્થામાં એક નવા સત્ત્વનો સામનો કરે છે કે જેમાં જાતીય પ્રવૃત્તિમાં રસ, પ્રેમ, કલ્પનાઓ તેમજ આ અંગેના અખતરાઓનો ઉમેરો થાય છે. હસ્તમૈથુન એ તરુણોમાં જોવા મળતી રોજિંદી - ક્રિયા છે. જ્યારે કેટલાંક તરુણો જાતીય કાર્ય પણ કરે છે. જાતીય પ્રવૃત્તિઓના કારણે મા-બાપ સાથે સંઘર્ષ, સગર્ભાવસ્થા તથા જાતીય રોગો વગેરેનો ભય રહે છે.

◆ **વહેલી અને મોડી પુખ્તતા :**

- તરુણાવસ્થા વહેલી અને મોડી જે બાળકોમાં શરૂ થાય છે તેમની વચ્ચે ભિન્નતાઓનો અભ્યાસ સંશોધકો માટે રસપ્રદ બન્યો છે. પેસ્કિન (Peskin) (1967) પ્રતિપાદિત કર્યું છે કે, વહેલાં પુખ્ત થનાર બાળકોની તરુણાવસ્થાની શરૂઆતનો સમય કષ્ટપૂર્ણ હોય છે. વહેલા પુખ્ત થનાર લોકો વધુ અસ્વસ્થતા, માનસિક અસમતુલા અને મા-બાપ સાથે સંઘર્ષ અનુભવે છે. સાથોસાથ આત્મસન્માનની ભાવના પણ નબળી હોય છે. પરંતુ સમય જતાં આવું વહેલાં પુખ્ત બનેલ હાઈસ્કૂલમાં પ્રવેશે ત્યારે મોડાં પુખ્ત બનેલાં બાળકો કરતાં વધારે સ્વસ્થ, સરળ અને પુખ્ત સમજદાર હોય છે, મોડાં પુખ્ત થયેલાં બાળકો હજી જાતીય ફેરફારના વિવિધ તબક્કાઓનો અનુભવ મેળવતાં હોય છે.
- વહેલી પુખ્તતા છોકરા (ટીન એજર) માટે જમા પાસું છે. છતાં છોકરીઓ માટે બોજારૂપ જવાબદારી છે. પેસ્કિન (Peskin) નો અભ્યાસ સૂચવે છે કે વહેલાં પુખ્ત થતાં, બાળકોને શારીરિક ફેરફાર સમજવામાં વધુ મદદની જરૂર પડે છે. જ્યારે મોડાં પુખ્ત થતાં બાળકોને આ સમસ્યા નડતી નથી પણ જ્યારે પુખ્તતા અને શારીરિક બાંધો મહત્ત્વનાં છે. જ્યારે મોડાં પુખ્ત થતાં બાળકો ટકવામાં મુશ્કેલી અનુભવે છે.
- સંશોધનને અંતે એનું તારણ મળે છે કે મોટાં ભાગનાં બાળકો માટેનો આ તબક્કો કપરો હોય છે. તેઓ તેમના મિત્ર વર્ગ તેમજ મોટેરાં તરુણાવસ્થા સામે તાલ મેળવવા જહેમત ઉઠાવે છે. આ સમયગાળા દરમિયાન અમુક વખતે આત્મસન્માન તેમજ સામાજિક સન્માનના ખ્યાલો અસ્ત થતાં જોવા મળે છે.

## 1.13 સામાજિક વિકાસને અસર કરતાં પરિબળો :

**(1)** **શારીરિક સ્વાસ્થ્ય :** તંદુરસ્ત શરીર ધરાવનાર વ્યક્તિ બીજાને સમજાવવામાં અને જીતવામાં સફળ રહે છે. જ્યારે વિકલાંગ અને અસ્વસ્થ વ્યક્તિ બીજા સાથે ભળી શકતાં નથી.

**(2)** **મિત્રમંડળ :** બાળ અવસ્થાની શરૂઆતથી જ ટોળીમાં ભળતું થયેલું બાળ અનાયાસે સામાજિક અનુકૂલન સાધવાના નિયમો જાણી લે છે.

**(3)** **રમતગમત :** સહિષ્ણુતા જેવો મહત્ત્વનો ગુણ રમતના મેદાનમાં સાહજિક રીતે વિકસે છે; વ્યવહારમાં પણ મેદાની ખેલાડી વધુ સામાજિક જોવા મળે છે.

**(4)** **શાળા :** સમાજની લઘુ આવૃત્તિ સમાન શાળા બાળકોમાં શ્રદ્ધા ઉત્પન્ન કરે છે. જેનાથી મૈત્રી સંબંધો વિકસાવે છે.

**(5)** **વ્યક્તિત્વ :** અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવનારી વ્યક્તિ પોતાનામાં રાચતા રહે છે. જ્યારે બહિર્મુખી વ્યક્તિત્વ ધરાવતાં વ્યક્તિ બીજાને સમજવામાં રસ લેતી હોય છે. સ્વાભાવિક રીતે જ બીજા

પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતાં વ્યક્તિનો સામાજિક વિકાસ ઝડપી થાય છે.

**(6)** **માનસિક શક્તિ :** ઉચ્ચ માનસિક શક્તિ ધરાવતી વ્યક્તિઓ વધુ સામાજિક હોય છે. તેમનામાં નેતૃત્વ કલા સારી હોય છે. તેઓનું સ્વતંત્ર બૃદ્ધિપૂર્વકનું વર્તન હોય છે. લાંબા ગાળા સુધી સંપર્કોને યાદી રાખી શકે છે. જેથી તેમના સામાજિક સંપર્કો વિશાળ હોય છે.

**(7)** **સાંવેગિક સ્થિતિ :** ક્રો અને ક્રોના મતે સાંવેગિક અને સામાજિક વિકાસ સમાંતર હોય છે. એટલે કે અનિચ્છનીય સંબંધો ધરાવનારથી સમાજમાં કોઈ આકર્ષિત થતું નથી, જ્યારે પ્રેમાળ વ્યવહાર કરતી વિનોદી વ્યક્તિ પ્રીતિપાત્ર બની જાય છે.

**(8)** **આમ-માધ્યમો :** રેડિયો, ટી.વી., ચલચિત્રો અને વર્તમાનપત્રો જેવાં માધ્યમો પરોક્ષ રીતે બાળકની સામાજિકતા વિકસાવે છે.

## 1.14 શૈક્ષણિક ફલિતાર્થો :

(1) શાળામાં પ્રવાસ, મનોરંજન, શ્રમ, સફાઈ જેવાં કાર્યક્રમો ગોઠવવાં જોઈએ.

(2) બાળકના શારીરિક સ્વાસ્થ્ય માટે પૌષ્ટિક ખોરાકની વ્યવસ્થા કરવા માટે શાળા એ સમાજનો સહકાર મેળવવો જોઈએ તેમનાં સ્વાસ્થ્ય અંગે સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક જ્ઞાન બાળકને આપવું જોઈએ.

(3) શાળામાં ભાષા, ગણિત, ઈતિહાસ, વિજ્ઞાન, બાગાયત વગેરે વિષયો અંગેના અલગ મંડળો પણ સમાન રુચિ ધરાવતાં બાળકોનું જૂથ રચી આપે છે.

(4) પરિસંવાદ, ચર્ચાસભા, જૂથ-અભ્યાસ જેવી શિક્ષણ પદ્ધતિઓને વર્ગશિક્ષણમાં સ્થાન આપવું જોઈએ.

(5) બાળકોને નાગરિકશાસ્ત્ર જેવાં વિષય દ્વારા સામાજિક કર્તવ્યનો સ્પષ્ટ ખ્યાલ અપાવવો.

(6) N.C.C., N.S.S., સ્કાઉટિંગ તથા સંસ્કાર શિબિર જેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવું જોઈએ.

(7) બાળકોને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે સારી મૈત્રી કેળવવા અંગે માર્ગદર્શન અને માહિતી આપવાં જોઈએ.

(8) બાળકને માન સાથે બોલાવવા જેથી તેમનો લઘુતાભાવ ઓસરે છે અને બીજા સાથે ભળવા લાગે છે.

(9) શાળામાં વિદ્યાર્થીઓની પંચાયત બાળકોની નેતૃત્વ શક્તિના વિકાસને અવકાશ આપે છે.

(10) પૂર, અછત, દુષ્કાળ, ધરતીકંપ અને ત્સુનામી જેવી કુદરતી હોનારત વખતે આવા બાળકોની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાય મેળવવી.

## 1.15 નૈતિક વિકાસ (Moral Development) :

"મુલાકાતે આવનારને નમસ્કાર કરવા";

"નમ્રતાથી બોલવું"

"પ્રાણીઓને ઈજા પહોંચાડવી નહીં"

"પ્રામાણિક બનો" અને,

"ખોટું બોલવું નહીં" - આવી બધી શિખામણો આપતાં હોઈએ છીએ. આવી બધી બાબતો કહેવા પાછળનો હેતુ એક જ છે કે તમે, તમારા બાળકો અને વિદ્યાર્થીઓને સમાજમાં ઈચ્છનીય વર્તન અને તેની સૌથી વધુ જરૂરિયાત સમજાવવા માંગે છે.

જ્યારે મોટાભાગે વિદ્યાર્થીઓ પૂર્વ માધ્યમિક અને માધ્યમિક તબક્કામાં આવે છે. ત્યારે તેઓ

આ નિયમો બાબતે ગૂંચવાઈ જાય છે. કારણકે તેઓ જુએ છે કે લોકો આ નિયમોનો ભંગ કરતાં જ હોય છે. જે નિયમો અમુક વ્યક્તિઓને લાગુ પડે છે તે હંમેશા બધાને લાગુ પડતાં નથી. દા.ત. આપણે બાળકોને એવું શીખવીએ છીએ કે સ્વાધ્યાયપોથીમાંથી પાના ફાડવાં ન જોઈએ. સમાજમાં અનુભવાય છે કે લોકો બહુ જ નાની નાની બાબતોમાં જૂઠું બોલતાં હોય છે, જેથી આવા બધા અનુભવોના લીધે આ નિયમો પ્રત્યે દૃષ્ટિમાં ફેરફાર આવે છે.

આપણે જે વયજૂથને ધ્યાનમાં લઈને કામ કરી રહ્યાં છીએ તેમાં કોહલબર્ગના નૈતિક વિકાસના સિદ્ધાંતનો ઉલ્લેખ તો કરવો જ પડે. કોહલબર્ગ એ (1969, 1981, 1984) પિયાજેના મૂળભૂત વિકાસ અને નૈતિક મૂલ્યોના સિદ્ધાંતોને મઠારી, વિસ્તૃત કરી તેમાં સુધારો કરેલ છે.

- **નૈતિક વિકાસના પરત્વે પિયાજેના મંતવ્યો :**

બાળકના નૈતિક વિકાસના વિવિધ તબક્કા જાણવા માટે પિયાજેએ (1932) મુલાકાત પદ્ધતિ અમલમાં મૂકી. તેમના મતે ચાર તબક્કાઓ છે.

- અનીતિ નિરપેક્ષ (Anomy) પ્રથમ પાંચ વર્ષ
- હીટરોનોમી (Heteronomy) સત્તાધિકાર (5 થી 8 વર્ષ)
- સ્વાયત્તતા (Antonomy) તરૂણાવસ્થા (13 થી 18 વર્ષ) ચાલે આપણે આ દરેક તબક્કા વિષે ટૂંકમાં ચર્ચા કરીએ

**(1) એનોમી (Anomy) (પ્રથમ પાંચ વર્ષ)**

પ્રથમ તબક્કાને પિયાજે એનોમી કહે છે, જેને કોઈ નીતિ નિયમો હોતાં નથી. આ તબક્કે બાળકનું વર્તન નૈતિક કે અનૈતિક હોતું નથી. નીતિ નિરપેક્ષ હોય છે. મતલબ કે બાળકનું વર્તન કોઈ નીતિ વિષયક પ્રેરક મૂલ્યોથી પ્રેરિત હોતું નથી. જેનું વર્તન મુખ્યત્વે દુ:ખ અને સુખ દ્વારા પ્રેરિત હોય છે.

**(2) હીટરોનોમી (Heteronomy) સત્તાધિકાર (5 થી 8 વર્ષ)**

આ તબક્કામાં મુખ્યત્વે શિસ્ત અથવા વડીલો દ્વારા આરોપિત મૂલ્યો જોવા મળે છે. બાહ્ય સત્તા દ્વારા આ તબક્કો નૈતિક વિકાસનું નિયંત્રણ થાય છે. નૈતિક વિકાસ નિયમન થકી તથા શિક્ષા દ્વારા થાય છે.

**(3) હીટરોનોમી - ગ્રહણશક્તિ (9 થી 13 વર્ષ)**

આ તબક્કે મિત્રો અને સમવયસ્કો સાથે સહકારની ભાવના નૈતિક સ્વરૂપે જન્મે છે. આ તબક્કે આપ-લે કરવાની વૃત્તિ જન્મે છે. જેનાથી વ્યક્તિને ખ્યાલ આવે છે કે "આપણને જે વસ્તુ ગમતી ન હોય તે બીજા સાથે કરવી જોઈએ નહિ." પોતાના જૂથનું ઐક્ય અને દઢતા આ તબક્કે મહત્ત્વના છે.

**(4) સ્વાયત્તતા (તરૂણાવસ્થા) Antonomy (13 થી 18 વર્ષ)**

પિયાજેએ આ તબક્કાને સમાનતાનો તબક્કો કહ્યો છે. તે જણાવે છે કે આપ-લેની ભાવનામાંથી સમાનતાની ભાવના આવે છે. સ્વાયત્તતા સમાનતાનો ખ્યાલ કરવાનો હોય છે. આ તબક્કે વ્યક્તિ પોતાની વર્તણૂંક માટે સંપૂર્ણ રીતે જવાબદાર હોય છે. વિવિધ વયજૂથ માટેનો નૈતિક વિકાસના તબક્કાએ દરેક બાળકો માટે પૂર્વનિશ્ચિત હોતા નથી. પિયાજેની જેમ જ કોહલબર્ગ પણ બાળકોનાં કાર્યો કરતાં તેમની નીતિ વિષયક મનોવિકાસ પર વધુ ભાર મૂક્યો છે. તેઓ બાળકને નૈતિક ફિલસૂફ ગણે છે.

કોહલબર્ગે બાળક તથા વયસ્કોની અમુક ચોક્કસ પરિસ્થિતિ હેઠળ તેઓ કયા નિયમોથી પ્રેરાઈ, કેવું વર્તન કરે છે, તેની તપાસ કરી પિયાજેની જેમ, તે બાળકોની રમતગમત પ્રવૃત્તિઓનો અભ્યાસ

ન કર્યો પરંતુ તેમણે માળખાબદ્ધ પરિસ્થિતિઓ તથા નૈતિક મુશ્કેલી પરત્વે તેઓની પ્રતિક્રિયાઓ નોંધી : - અહીં તેઓની બહુ પ્રચલિત પરિસ્થિતિ પ્રસ્તુત છે. યુરોપમાં એક સ્ત્રી કેન્સરને લીધે મૃત્યુ નજીક આવી પહોંચી હતી. તેને બચાવવાનો એક માત્ર ઉપાય હતો. તાજેતરમાં એક દવાવાળા દ્વારા શોધાયેલા રેડિયમનું નવું સ્વરૂપ. જેને માટે તે બે હજાર ડોલર કિંમત વસૂલ કરતો, જે તેને પરવડે તેના કરતાં સો ગણી કિંમત વધારે હતી. આ દવા ખરીદવા બિમાર સ્ત્રીનો પતિ હેનિમ દરેક જગ્યાએ પૈસા ઉધાર લેવા ફર્યો. પરંતુ, અંતે તેની પાસે કુલ જરૂરિયાત કરતાં અર્ધી રકમ જ જમા થઈ. તેણે દવા વેચનારને કહ્યું કે તે દવા સસ્તા ભાવે વેચે અથવા દવાના બાકીના પૈસા પછી તે ચૂકવે. કારણ કે તેની પત્ની મરણ પથારીએ હતી. પરંતુ દવાવાળાએ ઘસીને ના પાડી દીધી. તમામ આશા ગુમાવી બેઠેલાં પતિએ દવા ચોરવા માટે દુકાન તોડી. શું તે પતિ એ આવું કરવું જોઈતું હતું ? શા માટે ? (કોહલબર્ગ 1969 પાન નં. 379)

બાળકો દ્વારા પ્રાપ્ત થયેલાં પ્રતિભાવોના આધારે તેમણે એવું તારણ કાઢ્યું કે લોકો નૈતિક અભિપ્રાય બાંધતી વખતે છ તબક્કાઓની શ્રેણીમાંથી પસાર થાય છે.

- **કોહલબર્ગના નૈતિક સમજશક્તિના તબક્કા :**

જ્યારે લોકો નૈતિક અસમંજસમાં પડે છે ત્યારે તેમના છેલ્લા નિર્ણય કરતાં પણ વધુ અગત્યનું પાસું તેમની સમજ શક્તિ હોય છે. કોહલબર્ગ એ સિદ્ધ કર્યું કે લોકોમાં જ્યારે નૈતિક શક્તિની આવડતનો વિકાસ થાય છે ત્યારે તેઓ ત્રણ સ્તર (જેમાં છ તબક્કાઓ હોય) માંથી પસાર થાય છે જે નીચે પ્રમાણે છે.

- **કોહલબર્ગના નૈતિક વિકાસના તબક્કા :**

**(1) પૂર્વ પરંપરાગત કક્ષા :**

આ નૈતિક વિકાસના તબક્કામાં બાળકો બીજા દ્વારા બનાવેલાં સિદ્ધાંતોનું પાલન કરે છે. આ કક્ષાના બે તબક્કા છે.

**પ્રથમ તબક્કો :**

શિક્ષા અને આજ્ઞા અભિમુખતા : પ્રથમ તબક્કે કોઈપણ કાર્યનાં શારીરિક પરિણામો - તે સારું છે કે ખરાબ તે નક્કી કરે છે.

**બીજો તબક્કો :**

સાધનાત્મક સાપેક્ષિત અભિમુખતા (Instrumental Relativisit Orientation) :

જે સાચું છે તે પોતાની જરૂરિયાતો અને ક્યારેક બીજાની જરૂરિયાતો પણ સંતોષે છે. યોગ્યતા અને પરિપક્વતાનાં તત્ત્વો પણ જોવા મળે છે. પરંતુ તેઓનું અર્થઘટન આપણે એકબીજાંને સંતોષીએ તેવી રીતે થાય છે.

**(2) પરંપરાગત કક્ષા :**

આ કક્ષાએ વ્યક્તિ નિયમો અપનાવે છે અને ક્યારેક જૂથની જરૂરિયાતોને અનુલક્ષીને પોતાની જરૂરિયાતો જતી કરે છે. તરુણો પાસે તેનું કુટુંબ, જૂથ કે રાષ્ટ્રની અપેક્ષાઓને એક રીતે ખૂબ જ માનવામાં આવે છે. જેમાં તરત અને ચોક્કસ પરિણામોનો ખ્યાલ રાખવામાં આવતો નથી.

**ત્રીજો તબક્કો :** સારાં છોકરાં અને સારી છોકરીઓ ઘડવાનું શિક્ષક સારી વર્તણૂંક એને કહેવાય છે કે જે બીજાને પસંદ હોય છે અને તેઓના દ્વારા માન્ય હોય છે. સારા બનવાથી વ્યક્તિને સ્વીકૃતિ પ્રાપ્ત થાય છે.

**ચોથો તબક્કો :** કાયદો અને વ્યવસ્થાનું શિક્ષણ :

કાયદો અને વ્યવસ્થાનું શિક્ષણ વ્યક્તિને પોતાની ફરજ યોગ્ય રીતે બજાવવા માટે આદર રાખતાં અને સમાજ વ્યવસ્થા જાળવવાનું શિખવાડે છે.

**(3) પશ્ચાદ્ શિક્ષણ :**

પોતે પસંદ કરેલ નીતિ નિયમો અનુસાર લોકો પોતાનાં મૂલ્યોની વ્યાખ્યા કરે છે.

**પાંચમો તબક્કો :**

સામાજિક કરાર ઉત્તર પરંપરાગત શિક્ષણ :

વ્યક્તિગત અધિકારો તેમજ સમગ્ર સમાજ દ્વારા સ્વીકૃત ધોરણ મુજબ કરવામાં આવે છે.

ચોથા તબક્કાના વિરોધાભાસમાં કાયદા જડ નથી; પરંતુ સમાજના ભલા માટે બદલી શકાય છે.

**છઠ્ઠો તબક્કો :** સાર્વત્રિક નૈતિક મૂલ્યો :

શું સાચું છે તેની વ્યાખ્યા પોતે પસંદ કરેલા નીતિ વિષયક સિદ્ધાંતોના આધારે આત્માના અવાજથી લેવાયેલાં નિર્ણય પર છે. આવા સિદ્ધાંત નીતિ વિષયક અને તાત્ત્વિક છે, નહિ કે ચોક્કસ નૈતિક સલાહ સૂચન. પૂર્વ પરંપરાગત કક્ષાએ બાળકો શિક્ષાથી દૂર રહેવા માટે સત્તાને અનુસરે છે.

દા.ત., ચોકલેટ કે બિસ્કિટનો ટુકડો બાળકના હાથમાંથી પડતાં તેની માતા જુએ તો મોટા ભાગે બાળક તે ખાતો નથી. બાળકોની જરૂરિયાતો અને ઇચ્છાઓ આ તબક્કે ઘણી મહત્ત્વની બની જાય છે. ટૂંકમાં નીતિ વિષયક નિર્ણય લેતી વખતે તેઓ બીજાનો ખ્યાલ કરે છે. છતાં પણ તેઓ પોતાની જરૂરિયાતો સંતોષવાના રસ્તા શોધ્યાં કરે છે.

- **નૈતિક વિકાસના કોલહબર્ગના સોપાનો :**

નૈતિકતા, સાથીદારોના સહકારના સંદર્ભથી વ્યાખ્યાયિત થઈ શકે. આ એવાં સોપાન છે કે, જ્યાં બાળક સોનેરી નિયમમાં (Hoĭíkan & Emfer 1978) નિઃશક રીતે માને છે. અહમ્ કેન્દ્રિતામાં ઘટાડાને કારણે નક્કર ક્રિયાઓ થાય છે. બાળક પોતાની જાતને બીજા કોઈના સ્થાને મૂકવા સક્ષમ બને છે. આ રીતે તેઓ નૈતિક નિર્ણયો કરતી વખતે બીજાની લાગણીઓને ધ્યાનમાં લે છે. લાંબા સમય સુધી તેઓ તે જ કરે છે, જે તેમને સજા ન અપાવે અને સારો અનુભવ કરાવે.

સમાજના નિયમો અને કાયદાઓના સ્થાને પોતાના જૂથના નિયમો નિયત કરે છે. માતાપિતા દ્વારા ખાસ સંમતિની ઇચ્છા, નૈતિક નિર્ણયોને લાંબા સમય સુધી નક્કી થવા દેતી નથી. કાયદાઓ કોઈપણ પ્રકારના પ્રશ્નાર્થ વગર અનુસારવામાં આવે છે અને કાયદાના ભંગનો કદાપિ ન્યાય થતો નથી. મોટા ભાગના તરૂણો લગભગ આ સ્તરે હોય છે.

આ સ્તરે બાળકોને ભાન થાય છે કે, સમાજના કાયદા અને મૂલ્યો કેટલેક અંશે આકસ્મિક પસંદગી પર આધારિત (Arbilary) છે. અને ખાસ કરીને તે સમાજ માટે (Hoĭíkan & Emfer 1978) કાયદાઓ સામાજિક વ્યવસ્થા જાળવવા માટે અને જીવન અને સ્વતંત્રતા (Liberty) ના મૂળભૂત હક્કોની ખાતરી આપવા માટે દર્શિત થતાં જોવા મળે છે.

છઠ્ઠા સોપાનમાં કોઈકના આચાર સિદ્ધાંતો સ્વ-પસંદગીના અને માનવીય હક્કોના મૂલ્યો આધારિત અમૂર્ત ખ્યાલો પર અવલંબિત હોય છે. કાયદાઓ જે સિદ્ધાંતો તોડી શકે છે અને તેમનું અનુસરણ ન પણ થાય કારણકે ન્યાય કાયદાથી ઉપર છે.

**કોહલબર્ગના નૈતિક વિકાસનાં સિદ્ધાંતોની મર્યાદાઓ :**

મુખ્ય મર્યાદા એ છે કે તે વાસ્તવિક વર્તનના બદલે તર્ક પર કેન્દ્રિત હોય છે. સામાન્ય અવલોકન એવું છે કે વિભિન્ન વયના બાળકો સાથી બાળકોની, પરીક્ષા દરમિયાન ઉત્તરપત્રમાંથી ઉત્તરની (સામાન્ય રીતે અનાત્મલક્ષી પ્રકારના પ્રશ્નોની નોંધ કરતી વખતે અનિચ્છનીય વર્તન દાખવે છે.)

જ્યારે નિરીક્ષક આજુબાજુ ન હોય અથવા તે દરેક કિસ્સામાં પ્રામાણિક વર્તન ધરાવતાં બાળકોને પ્રોત્સાહિત કરતાં હોય છે. અને એવાં થોડાંને અપ્રામાણિક વર્તન કરનારને નિરુત્સાહી કરતાં હોય. તે દર્શાવે છે કે બાળકોના નૈતિક તર્ક અને અને તેમનું નૈતિક વર્તન ઘણું નબળું હોઈ શકે. બાળકો જુદી જુદી વયે નૈતિક નિર્ણયો વિષે કહેતાં શીખ્યા હોય, પરંતુ જ્યારે તેઓ વર્તન કરે છે ત્યારે જુદું હોય છે. ભારતીય તત્ત્વચિંતકો અને શિક્ષણવિદો પણ માને છે કે મૂલ્યો વ્યક્તિનો, તેના તર્કનો અથવા નિર્ણય શક્તિનો એક ભાગ બની શકે જેથી તે કાર્ય કરે તે તેનાં મૂલ્યો (વિચારો) સાથે સંવાદ સાધતાં હોય.

## 1.16 ઉપસંહાર :

શાળાઓમાં બાળકોના નૈતિક વિકાસ માટે કાર્યક્રમો હોવાં જોઈએ. બાળકોના નૈતિક વિકાસમાં શાળા મુખ્ય ભૂમિકા ભજવે છે. અભ્યાસ અને અભ્યાસેત્તર પ્રવૃત્તિઓના સફળ આયોજન દ્વારા શિક્ષક બાળકો વિવિધ નૈતિક ગુણોનો વિકાસ કરી શકે છે. ભાષાઓ તથા સમાજશાસ્ત્ર જેવાં વિષયો ભણાવતી વખતે શિક્ષક વિદ્યાર્થીઓમાં પ્રેમ, બલિદાન, આત્મસયંમ, સત્ય જેવાં નૈતિક ગુણોનો વિકાસ કરી શકે છે. વિદ્યાર્થીઓમાં નૈતિક વિકાસ માટેની સૂચિત પ્રવૃત્તિઓ નીચે મુજબ છે :

- શાળા પંચાયતોનું આયોજન
- શાળામાં પ્રાર્થના સભામાં સંભાષણ આપવું.
- જૂથ આયોજન, કેમ્પસ, સમાજસેવાના કાર્યક્રમો અને રમતગમતનું આયોજન
- રાષ્ટ્રદિન અને તહેવાર ઉજવવા.
- શાળા કેમ્પસ, રમતગમત મેદાન, જાહેર જગ્યાઓ વગેરે સાફ કરવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા.
- શાળાના બગીચાની માવજત કરવી.
- જુદાં જુદાં ધર્મોના તહેવારો ઉજવવા.
- શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવું.
- પાલતુ પ્રાણીઓ રાખવાં અને તેમનો ઉછેર કરવો.
- શાળા અને જ્ઞાતિ સમુદાયના મેળાવડાઓ ગોઠવવાં.
- નૈતિક સુધારાઓ લાવવા માટે માર્ગદર્શન અને સલાહ કાર્યક્રમોનું સઘન સંચાલન કરવું.
- પછાત અને ઝૂંપડપટ્ટી વિસ્તારની મુલાકાત લેવી ત્યાં રહેતાં લોકોને પોતાની સેવાઓ પૂરી પાડવી.

## 1.17 તમારી પ્રગતિ ચકાસો :

**પ્ર.1 વિકાસ એટલે શું બાળ સ્વાસ્થ્ય માટેની આવશ્યક પ્રવૃત્તિઓ વર્ણવો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**1.18 તરુણાવસ્થા એટલે શું ? તેના લક્ષણો જણાવો.**

**મુદ્દા** (1) શારીરિક વિકાસ

(2) માનસિક વિકાસ

(3) સ્વાસ્થ્ય સંબંધી વર્તન

(4) જાતીય વર્તન

(5) શારીરિક

(6) મનોવૈજ્ઞાનિક

(7) સામાજિક

(8) સાહસિક પ્રવૃત્તિ

(9) દ્વિધા અને સંઘર્ષ

(10) ખંડનાત્મક વર્તન

(11) નવું જાણવાની પ્રવૃત્તિ

**પ્ર.2 સામાજિક વિકાસને અસર કરતા પરિબળો**

મુદ્દા (1) મિત્રમંડળ

(2) રમતગમત

(3) શાળા

(4) વ્યક્તિત્વ

(5) માનસિક શક્તિ

(6) સાંવેગિક સ્થિતિ

(7) શારીરિક સ્વાસ્થ્ય

- **ટૂંકા પ્રશ્નો**

પ્ર.1 ગર્ભાવસ્થા એટલે શું ?

પ્ર.2 શારીરિક વિકાસ એટલે શું ?

- **અતિ ટૂંકા પ્રશ્નો**

પ્ર.1 ખંડનાત્મક વર્તન એટલે શું ?

પ્ર.2 માનસિક શક્તિ એટલે શું ?

- **હેતુલક્ષી પ્રશ્નો**

પ્ર.1 પ્રૌઢાવસ્થાનો સમયગાળો - વર્ષનો ગણવામાં આવે છે.

A 30 થી 40 B 40 થી 60

C 55 થી 65 D 40 થી 50

પ્ર.2 બાળકના નૈતિક વિકાસના પિયાજે જણાવેલ સ્વવિકાસનો સમયગાળો જણાવો.

A 5 થી 8 વર્ષ B 13 થી 18 વર્ષ

C 19 થી 25 વર્ષ D 26 થી 30 વર્ષ

## 1.19 સ્વાધ્યાય

પ્ર.1 કઈ અવસ્થામાં 'વીરપૂજા' અને 'વ્યક્તિપૂજા' ની ભાવના જોવા મળે છે.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

પ્ર.2 સામાજિક વિકાસને અસર કરતાં પરિબળો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

એકમ 2

# વ્યક્તિત્વ વિકાસ

## : રૂપરેખા :

2.1 ઉદ્દેશ્યો

2.2 એકમના પારિભાષિક શબ્દો

2.3 પ્રસ્તાવના

2.4 વ્યક્તિત્વનો અર્થ અને વ્યાખ્યા

2.5 વ્યક્તિત્વનું સ્વરૂપ

2.6 વ્યક્તિત્વ પર અસર કરતા પરિબળો

- શારીરિક તત્ત્વો
- માનસિક તત્ત્વો
- સાંવેગિક તત્ત્વો
- જાતિભેદ
- આનુવંશિક
- વાતાવરણ
- સમાજ
- સંસ્કૃતિ
- ધર્મ

2.7 વ્યક્તિત્વના પ્રકારો

- પ્રાચીન ભારતીય દ્દષ્ટીમુજબ વ્યક્તિત્વના પ્રકારો
- કપિલમુનિની દ્દષ્ટિએ વર્ગીકરણ
- સત્વગુણી
- રજોગુણી
- તમોગુણી

2.8 વર્ણવ્યવસ્થા અનુસાર વ્યક્તિત્વના પ્રકારો

- બ્રાહ્મણ
- ક્ષત્રિય
- વૈશ્ય
- શૂદ્ર

2.9 પ્રાશ્ચાત્ય મનોવૈજ્ઞાનિકોના મત અનુસાર વ્યક્તિત્વના પ્રકારો

- હિપ્રોકેવંશ - ઈ.સ. પૂર્વ 400 અને ડીલને (ઈ.સ. પૂર્વ - 150)
- શારીરિક લક્ષણોને આધારે
- આશાવાદી
- આવેગશીલ

- ઉદાસીન

- મંદપ્રકૃતિ

**2.10** જર્મન વિદ્વાન ફેશનરે (શરીરના માળખાને આધારે)

- ગોળમટોળ - મેદપ્રધાન

- હૃષ્ટ-પુષ્ટ - સ્નાયુપ્રધાન

- શક્તિહીન

- સ્થિરબુદ્ધિ

**2.11** સમાજશાસ્ત્રીય વર્ગીકરણ

- સૈદ્ધાંતિક

- ધાર્મિક

- આર્થિક

- સામાજિક

- રાજકીય

- કલાપ્રેમી

**2.12** અંતર્મુખી વ્યક્તિત્વ

**2.13** બહિર્મુખી વ્યક્તિત્વ

**2.14** ઉભયમુખી વ્યક્તિત્વ

**2.15** વ્યક્તિત્વ વિકાસમાં શાળાની ભૂમિકા

**2.16** સર્જનશીલતા અને સર્જનશીલ વ્યક્તિના લક્ષણો

**2.17** વ્યક્તિત્વ ઓળખના સિદ્ધાંતો

- ફ્રોઈડના મનોવિશ્લેષણ સિદ્ધાંતો

- વ્યક્તિત્વઘટકો

(1) ઈષ્ટ (2) અહમ્ (3) અધિઅહમ્

**2.18** મનોવ્યાપરના ક્ષેત્રો

(1) જાગૃત મન (2) અર્ધજાગ્રત મન (3) અતિ જાગ્રત મન

- લાગણીનો પ્રદેશ

**2.19** સૈદ્ધાંતિક ચર્ચા

**2.20** કાર્લયુગનો મનોવિશ્લેષણ સિદ્ધાંત

**2.21** એડલરનો વ્યક્તિત્વ સિદ્ધાંત

**2.22** એરિકોમનો સિદ્ધાંત

**2.23** કારેન હોરનીનો સિદ્ધાંત

**2.24** હેરી સલિવાનનો સિદ્ધાંત

**2.25** વ્યક્તિત્વ માપન

**1.4 વ્યક્તિત્વ**

**1.4.1 ભૂમિકા**

**1.4.2 શાબ્દિક અર્થ**

**1.4.3 વ્યાખ્યા**

**1.4.4 સ્વરૂપ**

**1.4.5 વ્યક્તિત્વના પ્રકારો**

**1.4.6 વ્યક્તિત્વ પર અસર કરતાં પરિબળો**

**1.4.7 વ્યક્તિત્વ વિકાસમાં શાળાની ભૂમિકા**

**1.4.8 સર્જનશીલતા અને સર્જનશીલ વ્યક્તિનાં લક્ષણો**

**1.4.9 વ્યક્તિત્વ ઓળખના સિદ્ધાંતો**

**1.4.10 વ્યક્તિત્વ માપન**

## 2.1 ઉદ્દેશ્યો :

- ભારતીય આયુર્વેદ શાસ્ત્રમાં વ્યક્તિત્વના લક્ષણો વિશે જાણકારી પ્રાપ્ત કરશે.
- વ્યક્તિના વ્યક્તિત્વના ઘડતર વિશે માહિતી મેળવશે.
- સત્ત્વગુણની પ્રધાનતા વિશે જાણી શકાશે.
- સમાજસ્ત્રીય વર્ગીકરણ વિશે જાણકારી પ્રાપ્ત કરશે.
- અંતર્મુખી વ્યક્તિત્વની જાણકારી મેળવી શકશે.
- વ્યક્તિત્વના સિદ્ધાંતો વિશે જાણકારી પ્રાપ્ત કરશે.

## 2.2 એકમના પારિભાષિક શબ્દો

- ક્રોધી - આવેગશીલ
- ગોળમટોળ (મેદપ્રધાન)
- હૃષ્ટ પુષ્ટ - સ્નાયુપ્રધાન

## 2.3 વ્યક્ત્વિ : ભૂમિકા :

આપણે રોજબરોજના વ્યવહારમાં ઘણીવાર વ્યક્તિત્વ શબ્દનો પ્રયોગ કરીએ છીએ. ‘રિતક’નું વ્યક્તિત્વ ઘણું આકર્ષક છે. ‘શ્રેયા’માં વ્યક્તિત્વ જેવું કશું નથી. ‘મગન ખરાબ વ્યક્તિત્વવાળો માણસ છે.’ વગેરે પ્રકારના વિધાનો આપણે કરીએ છીએ. આ વિધાનો વ્યક્તિત્વ એટલે કોઈ વ્યક્તિનો બાહ્ય દેખાવ, એની અન્ય વ્યક્તિઓ પર પડતી છાપ, અન્ય વ્યક્તિઓનો એના પ્રત્યેનો પ્રતિભાવ આવો અર્થ નિહિત છે. એનો અર્થ થાય કે કોઈપણ વ્યક્તિનું ઉદ્દીપન મૂલ્ય, તેનાથી તે અન્ય વ્યક્તિઓમાં પ્રતિભાવ જન્માવી શકે, તે તેનું વ્યક્તિત્વ આ અર્થમાં વ્યક્તિત્વ વ્યક્તિની સામાજિક ક્ષમતા અથવા સામાજિક ‘અપીલ’નું દ્યોતક છે.

“વ્યક્તિ પ્રત્યે અન્ય માણસો શો પ્રતિભાવ દર્શાવે છે. તેના કરતાં” “એ વ્યક્તિ” “અન્ય માણસો પ્રત્યે કેવો પ્રતિભાવ દર્શાવે અને શા માટે એવો જ પ્રતિભાવ દર્શાવે છે એ જાણીને જ વ્યક્તિત્વનો સાચો પરિચય પ્રાપ્ત થાય.”

કોઈપણ વ્યક્તિની જુદાં જુદાં માણસો પર જુદી જુદી છાપ પડે છે. એટલે જો છાપને જ વ્યક્તિત્વ ગણી અને એજ વ્યક્તિનાં અનેક વ્યક્ત્વિો છે એમ માનવું પડે. પરંતુ વાસ્તવિક પરિસ્થિતિમાં કોઈ પણ વ્યક્તિનાં વલણો વિચારો અને વર્તનમાં એક પ્રકારનું સાતત્ય માલૂમ પડે છે. દરેક વ્યક્તિનો અમુક સ્થાયી સ્વભાવ હોય છે. કોઈક વ્યક્તિ નાની નાની બાબતમાં ગુસ્સે થઈ જાય છે. જ્યારે કોઈ

અન્ય વ્યક્તિ ગમે તેટલી ઉશ્કેરણીજનક વાતાવરણમાં પણ સ્વસ્થ અને શાંત રહે છે. આવા સ્થાયી સ્વભાવવાળા લક્ષણોનો સુગ્રથિત સમુચ્ચય એટલે વ્યક્તિત્વ.

## 2.4 શાબ્દિક અર્થ : અને વ્યાખ્યાઓ

◆ **વ્યક્તિત્વ : - PERSONALITY :**

મૂળ લેટિન શબ્દ PERSONIMASK પરથી ઊતરી આવ્યો છે. (જેનો અર્થ નકાબ - મહોરું થાય છે) જેના ચાર અર્થ સ્તરો નીચે મુજબ જણાવે છે.

(1) એક વ્યક્તિ બીજાને જેવી દેખાય છે તેવી જ વાસ્તવમાં હોતી નથી.

(2) એવી વ્યક્તિ કે જે તત્ત્વજ્ઞાની જેવું કાર્ય કરે છે.

(3) એવા ગુણોનું સંકલન જે મનુષ્યને તેના કાર્યને યોગ્ય બનાવે

(4) વ્યક્તિની વિશેષતા

◆ **વ્યક્તિત્વની કેટલી વ્યાખ્યાઓ :**

(1) વ્યક્તિત્વએ વિકાસના કોઈપણ તબક્કે મનુષ્યનું સંપૂર્ણ માનસિક સંગઠન છે. - વૉરેન

(2) "વ્યક્તિત્વ એટલે વ્યક્તિની મનોશારીરિક રચનાઓનું ગતિશીલ, સંગઠન છે, જે વાતાવરણ સાથે સમાયોજન સાધે છે." - ઓલ્પોર્ટ

(3) "વ્યક્તિત્વ એટલે વાતાવરણ સાથેના વ્યક્તિના લાક્ષણિક અનુકૂલનોને વ્યક્ત કરતી તેની ટેવોનું સુંગ્રથિત સંયોજન." - કેમ્ટફ

(4) "વ્યક્તિત્વ એ વ્યક્તિની મનોવૈજ્ઞાનિક પ્રક્રિયો અને સ્થિતિઓનો સંયોજિત, સુગ્રથિત સમુચ્ચય છે." - લિન્ટન

(5) "વ્યક્તિત્વ એ વ્યક્તિનાં સર્વ જન્મજાત જીવશાસ્ત્રીય આવેગો, વૃત્તિઓ, જરૂરિયાતો અને અનુભવ પ્રાપ્ત વલણો અને સર્જિત સ્વભાવગત લક્ષણોનો સરવાળો છે."

- મોર્ટન પ્રિન્સ

(6) "એક વ્યક્તિ, બીજી વ્યક્તિથી સામાન્ય પરિપાટીઓમાં જુદી પડે છે તે વ્યક્તિત્વ લક્ષણો અને આવા વ્યક્તિત્વ લક્ષણો એકત્રીકરણ તેનું નામ વ્યક્તિત્વ."

- ગિલફર્ડ

(7) "વ્યક્તિત્વ એટેલે અન્ય સભ્યો દ્વારા સ્પષ્ટ થતું વ્યક્તિના વર્તનનું સમગ્ર ચિત્ર."

- ડેશીઅલ

(8) "સર્વ મનોદૈહિક પદ્ધતિઓનું ગત્યાત્મક સંગઠન એટલે વ્યક્તિત્વ."

- લાવીન

(9) "વ્યક્તિત્વ એટલે સમાજ દ્વારા માન્ય અને અમાન્ય ગુણોનું સંતુલન." - રેકઅરોક

(10) "કોઈપણ એક પળે મનોવૈજ્ઞાનિક કોઈ વ્યક્તિના વર્તનને સર્વ વિગતોને સર્વોત્કૃષ્ટ સ્વરૂપમાં રજૂ કરી શકે તે તેનું વ્યક્તિત્વ." - મેકલેલેન્ડ

(11) "વ્યક્તિત્વ રુચિઓ, શક્તિઓનું એવું સુગ્રથન છે, જે જીવનના વ્યવહારમાં વિશિષ્ટ પ્રકારની વર્તનભાત ઊભી કરે છે." - મર્કડ

## 2.5 સ્વરૂપ :

- વ્યક્તિત્વમાં રહેલાં મનો-શારીરિક લક્ષણો સતત ગતિશીલ અને પરિવર્તનશીલ હોય છે.
- વ્યક્તિત્વ લક્ષણોનું સંયોજન આંતરીક રીતે થતું હોય છે પણ તે બહારના વર્તનને દોરે છે, પ્રેરિત કરે છે, નિયંત્રિત કરે છે, વ્યક્તિને વર્તન - વ્યવહાર કરવા ચોક્કસ નિર્દેશ કરે છે.

- વ્યક્તિત્વ સુગ્રથિત એકમ છે.
- સમાજ દ્વારા સ્વીકૃત અને અસ્વીકૃત આદર્શોનું સંતુલન એટલે વ્યક્તિત્વ
- વ્યક્તિત્વ એ માનવની આદતો, દૃષ્ટિકોણ અને વિશેષતાઓને સમુચ્ચ છે.
- વ્યક્તિને બીજા વ્યક્તિથી જુદી પાડતી વિશેષતા એટલે વ્યક્તિત્વ.
- વ્યક્તિમાં જોવા મળતું સંયોજન વિશેષતા સભર અદ્વિતીય અને લાક્ષણિક હોય છે. જેથી વ્યક્તિત્વમાં સમાનતા જોવા મળતી નથી.

## 2.6 વ્યક્તિત્વ પર અસર કરતાં પરિબળો :

વ્યક્તિનવા વ્યક્તિત્વના ઘડતરમાં આંતરીક અને બાહ્ય પરિબળો અસર કરે છે. વ્યક્તિનું વ્યક્તિત્વ ચિર અને સ્થાયી હોતું નથી. વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસમાં આનુવંશિકતા અને વાતાવરણનો પણ ફાળો હોય છે વ્યક્તિ જે વાતાવરણમાં રહે છે તે વાતાવરણ સાથેની વ્યક્તિની આંતરક્રિયામાંથી તેનું વ્યક્તિત્વ જન્મે છે આ વ્યક્તિત્વ પર અસર કરતા પરિબળો નીચે મુજબ છે.

- **શારીરિક તત્ત્વો :** વ્યક્તિના વ્યક્તિત્વ ઘડતરમાં શારીરિક તત્ત્વો જેવા કે રંગ, રૂપ, બાંધો, વજન કદ અને વાણી વગેરેનો વ્યક્તિત્વ ઘડતર પર અસર થાય છે. આ શારીરિક તત્ત્વો પર વારસાનો પ્રભાવ પડે છે.
- **માનસિક તત્વો :** વ્યક્તિ ઘડતર પર માનસિક બાબતો, ભાગ ભજવતી હોય છે. વ્યક્તિના વ્યક્તિત્વ ઘડતરમાં બુદ્ધિ, કલ્પના, પ્રત્યક્ષીકરણ, તર્કશક્તિ, નિર્ણયશક્તિ, સ્મૃતિશક્તિ વગેરેનો પ્રભાવ પડે છે આમ સહુથી વધુ અસરકારક પરિબળ વ્યક્તિની બુદ્ધિ છે.
- **સાંવેગિક તત્ત્વો :** વ્યક્તિનાં વ્યક્તિત્વ વિકાસમાં સંવેગો કે લાગણીઓની અસર થાય છે. કોઈ વ્યક્તિ ઉદાસીન હોય અને અન્ય વ્યક્તિ પર પોતાનો પ્રભાવ પાડી શક્તિ નતી. પરંતુ કોઈ પ્રસન્ન વ્યક્તિ બીજાનાં દિલ દિમાગને જીતી લે છે કોઈક વ્યક્તિનું વ્યક્તિત્વ રમૂજ વૃત્તિવાળો હોય અન્યની દૃષ્ટિએ આદરપાત્ર બને છે.
- **જાતિભેદ :** પુરુષ અને સ્ત્રીના વ્યક્તિત્વની ભિન્ન અસરો જન્મે છે. સ્ત્રીના વ્યક્તિત્વમાં કોમળતા, રજૂતા, લનની, સંવેદનશીલ તેમજ સહનશીલતા જોવા મળે છે. જ્યારે પુરુષમાં સહનશીલતા, કઠોરતા, પૌરુષબળ, ગણનકૌશલ્ય વગેરે હોય છે. આથી સમાજના બન્નેના વ્યક્તિત્વ જુદાં તરી આવે છે.
- **આનુવંશિકતા :** વ્યક્તિત્વ ઘડતરમાં આનુવંશિક બાબતો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. બાળક વારસા દ્વારા સ્નાયુઓ, સંવેગો, સ્વભાવ, બુદ્ધિ, ગ્રંથિઓ, કાર્યક્ષમતા વગેરે પ્રાપ્ત કરે છે, જેની વ્યક્તિના વ્યક્તિત્વ પર અસર કરે છે.
- **વાતાવરણ :** વ્યક્તિત્વ ઘડતર પર વાતાવરણ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ આ બાબતોનો બધા જ મનોવૈજ્ઞાનિકોએ સ્વીકાર કર્યો છે. વ્યક્તિના વ્યક્તિત્વ પર ભૌતિક વાતાવરણનો પણ પ્રભાવ પડે છે. બાળકના વ્યક્તિત્વ ઘડતરમાં (1) શાળાનું વાતાવરણ (2) કૌટુંબિક વાતાવરણ (3) મિત્રવર્તુળનો પ્રભાવ પડે છે. કૌટુંબિક વાતાવરણમાં મા-બાપનો પ્રેમાળ સ્વભાવ તંદુરસ્ત વાતાવરણ કુટુંબના દરેક સભ્યનો હકારાત્મક અભિગમ, આજુ બાજુના સારા પડોશીઓ, સારા મિત્રોનો સહવાસ શૈક્ષણિક સંસ્થાઓનું આદર્શ અને વ્યક્તિત્વ વિકાસ માટે પોષકતત્ત્વ પૂરુ પાડતું વાતાવરણ સારૂં ના હોય તો વ્યક્તિત્વ રૂંધાતું હોય છે.
- **સમાજ :** મનુષ્ય સામાજિક પ્રાણી છે સમાનમાં જ તેનો જન્મ અને અંત થાય છે. વ્યક્તિના વ્યક્તિત્વનો આધાર તે કયા સમાજમાંથી આવે છે.તેના પર છે. સામાજીકરણનો મુખ્ય આશય વ્યક્તિના 'સ્વ' નો વિકાસ કરવાનો છે. આ 'સ્વ' અથવા 'અહમ્' વ્યક્તિના વ્યક્તિત્વ સાથે એકરૂપ બની જાય છે. શરૂઆતમાં બાળક પોતાને અન્ય કરતા અલગ માને છે. પરંતુ વિકાસ

સધાતા તે સમાજની અન્ય વ્યક્તિઓ સાથે એકત્વ અનુભવવા લાગે છે અને તેનું સામાજિક વ્યક્તિત્વ ખીલી ઊઠે છે.

- **સંસ્કૃતિ :** સંસ્કૃતિ એ સંસ્કારોનું સમૂહ છે સંસ્કૃતિ એ સંસ્કારોનો એવો સમૂહ છે. જે માનવને વારસામાં પૂર્વજો તરફથી પ્રાપ્ત થાય છે. સંસ્કૃતિની પરંપરાઓ, પ્રણાલીકાઓ, આદર્શો, નીતિ નિયમો અને મુલ્યોની અસર વ્યક્તિત્વના વ્યક્તિત્વ ઘડતર પર થાય છે.
- **ધર્મ :** વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસમાં ધર્મનો પ્રભાવ પણ જોવા મળે છે. જે વિદ્યાર્થીની સારી નરસી બાબતોની અન્ય ધર્મ કે ધર્મની વ્યક્તિને સાંખી શકતી નથી.

## 2.7 વ્યક્તિત્વના પ્રકારો (Types of Personality) :

પ્રાચીન ભારતીય દૃષ્ટિકોણ મુજબ વ્યક્તિત્વના પ્રકાર

- **કપિલમુનિની દૃષ્ટિએ વર્ગીકરણ**

કપિલમુનિએ વ્યક્તિત્વની દૃષ્ટ્રિ રહી વ્યક્તિઓને ત્રણ વિભાગોમાં વિભાજીત કરી છે.

(1) **સત્ત્વગુણી :** જે વ્યક્તિમાં સત્ત્વગુણીની પ્રધાનતા હોય છે. તે સત્વગુણી વ્યક્તિ છે.

(2) **રજોગુણી :** જે વ્યક્તિમાં રજસગુણની પ્રધાનતા હોય તેવી વ્યક્તિ રજોગુણી વ્યક્તિત્વ ધરાવે છે.

(3) **તમોગુણી :** તમસગુણનું પ્રાધાન્ય વધુ હોય તેવી વ્યક્તિનું વ્યક્તિત્વ તમોગુણી હોય છે. આ પ્રકારની વ્યક્તિત્વનું તેના ગુણોની ચર્ચા મહર્ષિ વેદ વ્યાસે રચેલ શ્રીમદ્ ભાગવત ગીતા જોવા મળે છે.

## 2.8 વર્ણવ્યવસ્થા અનુસાર વ્યક્તિત્વના પ્રકાર

ભારતીય સમાજમાં વર્ણવસ્થા એ સમાજની આધારશિલા હતી. આ વર્ણવસ્થા કર્મ અને ગુણ પર આધારિત હતી પાછળથી, વર્ણવસ્થા મુજબ વ્યક્તિ ગુણો અને નિયમોને અનુસરતા આ પરંપરાને કારણે જ આ ચાર પ્રકારના વ્યક્તિત્વ જોવા મળે છે.

(1) **બાહ્મણ :** આ વ્યક્તિમાં ધર્મ કર્મ, તપ, ત્યાગ, ક્રિયા કાંડ, પરોપકારની ભાવના જોવા મળતી અને જેમની અધ્યયન અધ્યાપનમાં જાગૃતતા હોય છે.

(2) **ક્ષત્રિય :** વીરતા સાહસ, બલિદાન, જોમ જુસ્સો, જેવા ગુણો આ પ્રકારની વ્યક્તિના વ્યક્તિત્વમાં જોવા મળે છે.

(3) **વૈશ્ય :** જેમના વ્યક્તિત્વના સંગ્રહની વૃત્તિ હોય અને જેમનામાં અર્થ ઉપાર્જન વેપાર-વૃદ્ધિનું પ્રાધાન્ય જોવા મળે છે.

(4) **શુદ્ર :** આ પ્રકારના વ્યક્તિત્વમાં સેવાવૃત્તિ દાસત્વ અને શરણાગતિની વૃત્તિ હોય છે.

## 2.9 પ્રાશ્ચાત્વ મનોવૈજ્ઞાનિકોના મત અનુસાર વ્યક્તિત્વના પ્રકાર

શારીરિક લક્ષણોના આધારે વ્યક્તિત્વ હિપ્રોકેટસે ઈ.સ. પૂર્વ 400 અને ગેલનને (ઈ.સ. પૂર્વ 150) શારીરિક લક્ષણોને આધારે ચાર પ્રકાર પડ્યાં હતાં.

(1) **આશાવાદી :** આવા પ્રકારની વ્યક્તિના વ્યક્તિત્વમાં આનંદ, ઉત્સાહ, જીવન પ્રત્યે હકારાત્મક -અભિગમ. ઝડપી એ ગતિશીલ હોય છે આવી વ્યક્તિઓમાં રક્તનું પ્રમાણ

(2) **ક્રોધી (આવેગશીલ)** જે વ્યક્તિઓ સહેલાઈથી ગુસ્સાનો ભોગ બને છે. અને વધુ ઉગ્ર અને આવેગશીલ હોય છે. તેઓમાં પ્રાધાન્ય જોવા મળે છે.

(3) **ઉદાસીન :** આ વ્યક્તિ હંમેશા સ્વભાવે નિરાશાવાદી હોય છે અને નકારાત્મક અભિગમ ધરાવતી હોય છે. આથી વ્યક્તિઓમાં પિત્તનો વધારો જોવા મળે છે.

(4) **મંદપ્રકૃતિ :** આવી વ્યક્તિઓ ધીમી પ્રકૃતિના શાંત, આળસુ, નિર્બળ, અને ઉત્તેજના વગરના હોય છે તેઓ સામાન્યતઃ જલ્દી ગુસ્સે થતી નથી તેમનામાં કફનું પ્રમાણ વધુ હોય છે.

## 2.10 જર્મન વિદ્વાન ક્રેશમરે પોતાના પુસ્તક Psysique and character માં શરીરના માળખાને આધારે વ્યક્તિત્વ વર્ગીકરણ કરવામાં આવ્યુ છે.

**(1)** **ગોળ મટોળ (ભેદપ્રધાન) :** આ પ્રકારની વ્યક્તિ સ્થૂળ, ચરબીયુક્ત, જાડી, ગોળ મટોળ અને ઠીંગણી હોય છે સ્વભાવે મળતાવડી, સહેલાઈથી અન્ય સાથે ભળી જનારી બહિર્મુખી પ્રકારની હોય છે.

**(2)** **હૃષ્ટપુષ્ટ (સ્નાયુપ્રધાન) :** આવા પ્રકારની વ્યક્તિ સ્ફૂર્તિલી ઉત્સાહી, શક્તિશાળી, આક્રમક અને પ્રભુત્વ જમાવનારી હોય છે તેં સ્વભાવ છાતી પહોળી અને ઉપસેલી હોય છે. સ્નાયુઓ પુષ્ટ અને ચહેરો સંતુષ્ટ હોય છે અન્ય વ્યક્તિ સાથે સહેલાઈથી ભળી જાય છે.

**(3)** **શક્તિહીન :** આવી વ્યક્તિ સ્વભાવે અંતર્મુખી એકાંતપ્રિય, શરમાળ હોય છે. તે લાંબા શરીરવાળા, દુબળો, પાતળો, છાતી નાની અને હાથ પાતળા, બીજાની નિંદા કરનારો પરંતુ પોતાની નિંદા સહી શકે.

**(4)** **સ્થિર બુદ્ધિ :** આવી વ્યક્તિઓમાં અસમાન્યતા જોવા મળે છે તેમનાં શરીર અસાધારણ છે. અસામાન્યપણામાંથી ઉત્પન્ન થતાં લક્ષણો ધરાવે છે.

## 2.11 સમાજશાસ્ત્રીય વર્ગીકરણ :

સ્પ્રેંજરે પોતાના ‘Types of Men’ નામના પુસ્તકમાં સામાજિક બાબતો, મૂલ્યો આદર્શોના આધારે વ્યક્તિના પ્રકાર પાડ્યાં છે.

**(1)** **સૈદ્ધાંતિક :** આવા પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ આદર્શ અને સિદ્ધાંતવાદી હોય છે. સત્યના શોધક અને પૂજારી હોય છે. વૈજ્ઞાનિકો અને તત્ત્વજ્ઞાનીઓ આવા પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતાં હોય છે.

**(2)** **ધાર્મિક :** ધર્મ આધ્યાત્મિકતા, સેવાભાવ ધરાવનાર વ્યક્તિનું વ્યક્તિત્વ ધાર્મિક પ્રકારનું હોય છે. તેઓ ભગવાનથી ડરીને ચાલે છે. તેઓ આસ્થામાં વધારે વિશ્વાસ રાખે છે અને તે કોઈપણ કામ કરતી વખતે, ઈશ્વર સાક્ષીનો ખ્યાલ રાખતી હોય છે.

**(3)** **આર્થિક :** “પૈસો મારો પરમેશ્વર ને હુ પૈસાનો દાસ” આવી વૃત્તિ ધરાવતી હોય છે. જીવનમાં દરેક બાબતોનું આર્થિક દષ્ટિએ મૂલ્યો આંકે છે. તેઓ દરેક કાર્યમાં પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાનો પ્રયાસ કરે છે. વિદ્યામાં વેપારવૃત્તિ ધરાવે છે. તે પોતાના સિવાય બીજાનો વિચાર કરતો નથી.

**(4)** **સામાજિક :** મનુષ્ય એ સામાજિક પ્રાણી છે. સમાજમાં હળીમળીને રહેવું, સમાજમાં સારા કામો કરવા અને સમાજમાં પ્રવૃત્તિશીલ રહેવું, સમાજનું હિત હૈયે વસેલું હોય છે. આવી વ્યક્તિઓ પ્રેમાળ અને દયાની ભાવના રાખનારી હોય છે. આવી વ્યક્તિ સારા કાર્યો કરવામાં તત્પર હોય છે.

**(5)** **રાજકીય :** આવા વ્યક્તિઓ સત્તાના અને અધિકારના શોખીન હોય છે. તેઓ રાજનૈતિક પાસાં પર ચિંતન કરનારા હોય છે. પોતાનું પ્રભુત્વ સ્થાપવા અન્યનું અહિત કરતાં પણ અચકાતાં નથી. તેઓ ધાકધમકી આપનારાં હોય છે. તેઓ કોઈથી પણ ડરતા નથી તેઓ પોતાના કાર્યો કરવામાં કોઈપણને મજબૂર બનાવીને કાર્યો કરાવે છે. જે આજે પણ જોવા મળે છે.

**(6)** **કલાપ્રેમી :** આવી વ્યક્તિઓ વિવિધ કક્ષાઓમાં રસ ધરાવતી હોય છે. તેઓમાં સૌંદર્યદષ્ટિનો વિકાસ થયેલો જોવા મળે છે. તેઓ પ્રકૃતિમાં પણ પણ “અનેરું સૌંદર્ય” જુવે છે. આવી વ્યક્તિ, લેખન, સંગીત, ખેલકૂદ, ચિત્ર, નૃત્ય વગેરે જેવી કળામાં રસ ધરાવતી હોય છે.

વ્યક્તિનાં મનની અભિવ્યક્તિના વિવિધ સ્વરૂપોમાં એક કલા છે. લલિતકલામાં ચિત્ર-શિલ્પ, સ્થાપત્ય સંગીત નૃત્ય અને નાટકનો સમાવેશ થાય છે.

જ્યારે મુદ્રણ, છબીકલા અને હસ્તકલાનો સમાવેશ થાય છે. ચૌદ વિદ્યા છે જ્યારે ચોસઠ કલા છે.

(1) નર્તન (2) વાહન (3) ગાયન (4) નાટ્ય (5) ચિત્રકલા (6) દાંત, અંગ રંગવા (7) અનુકૂળ ઘર બાંધવું (8) કાનના આભૂષણ બનાવવા. (9) હાથકૌશલ્ય (10) રસોઈકલા (11) સુંગધી પદાર્થ બનાવવા (12) જાદુના ખેલ (13) વાંચન કલા (14) લેખન કલા (15) કાવ્યપાદ પૂર્તિ (16) તર્ક વિદ્યા (17) વાસ્તુવિધા (18) યંત્રકલા (19) અનુકરણ કક્ષા (20) પાસાંની રમત (21) યુદ્ધ - શિકાર વિદ્યા - વગેરે વિદ્યા છે.

- સુપ્રસિદ્ધ ભારતીય ચિત્રકાર

- રવિન્દ્રનાથ ટાગોર

- એમ. એફ હુસેન, રવિશંકર રાવળ

- જેમિની રોય

- સંગીતના સંગીત વાદ્યકો :

(1) સિતાર - પંડિત રવિશંકર, મંજુ મહેતા

(2) વીણા - એચ. બાલચન્દન, રમેશ પ્રેમ

(3) ગિટાર - વિશ્વમોહન ભટ્ટ, બ્રિજભૂષણ કાબરા

(4) બંસરી - રઘુનાથ શેઠ, પ્રકાશ વડેરા

(5) તબલા : ઉસ્તાદ અલ્લારખાં, ઝાકીર હુસૈન

## 2.12 અંતર્મુખી વ્યક્તિત્વ (Introvert Personality) :

અંતર્મુખી વ્યક્તિત્વધારક લોકોનાં લક્ષણો, સ્વભાવ તથા તેમની અભિરુચિ ક્યારેય બાહ્યરૂપે ત્વરિત પ્રગટ થતાં નથી. તેમનાં લક્ષણો નીચે મુજબ છે.

(1) તેઓને હંમેશા એકાંતમાં રહેવું ગમે છે.

(2) વ્યવહારિક દૃષ્ટિ ઓછી

(3) દેખાવે હંમેશાં ગંભીર જણાતાં હોય છે.

(4) અન્યો સાથે સંબંધ રાખવાં ન ગમે.

(5) તેઓ ક્યારેય કોઈની મજાક મશ્કરી ન કરે અને અન્ય તેઓની કરે તો તેઓને પસંદ ન આવે.

(6) કોઈપણ કાર્યની શરૂઆતમાં હંમેશા ભયભીત રહે / શંકાશીલ અથવા તો નકારાત્મક રહે.

(7) તેઓને ફાળવવામાં આવેલા કાર્ય પ્રત્યે નિષ્ઠા અને કાર્ય પૂર્ણ કરવાની તત્પરતા

(8) સંપૂર્ણ કાર્યક્ષમતા દાખવી કામો કરવા હંમેશા તૈયારી

(9) જરાપણ વિચલિત થયા વગર કામોની પૂર્ણાહુતિ

(10) ખૂબ જ લાંબા સમય સુધી સતત બેસીને કામ કરી શકે

(11) હંમેશા સ્વપ્નઓમાં રાચતા રહે.

(12) હંમેશા દુઃખો વર્ણવ્યા કરે.

(13) બીજાંઓના દુઃખો, મુશ્કેલીઓ પ્રત્યે સહાનુભૂતિ સેવે.

(14) પોતાની માન્યતાઓ પર અડગ રહે બીજાઓનું ન માને.

(15) કોઈ પણ કામની શરૂઆતમાં સાહસવૃત્તિનો અભાવ જોવા મળે.

(16) હંમેશા સત્યને શોધનાર

(17) સ્વભાવે ચિંતિત અને ચિંતનશીલ

(18) રમવાનો, બહાર ફરવા જવાનો શોખ ન ધરાવે.

(19) પોતાની પ્રશંસાનોને ગમાડનાર

(20) રહસ્યોમાં રસિક, શ્રદ્ધા ધરાવનાર

(21) વધારે પડતા સંવેદનશીલ

(22) નવા સંબંધ રાખતાં / બાંધતા ખચકાટ અનુભવે.

(23) હંમેશા આજ્ઞાનું પાલન કરનાર

(24) ઝડપી ક્રોધિત બની જાય

(25) વાસ્તવિકતા ન સ્વીકારી શકે.

(26) સાંસારિક જીવનમાં ઓછો રસ.

(27) પોતાની વસ્તુઓની બહુ કાળજી લેનાર

(28) એકલા રહીને જ કામ કરવાનું પસંદ કરે.

(29) લેખન - વાંચનમાં અનહદ રુચિ ધરાવે.

(30) હંમેશા ઉચ્ચ સફળતા મેળવે.

- સંગીતકાર : બેજુબાવરા, ત્યાગરાજ, નિરુપમા શેઠ વગેરે...

## 2.13 બહિર્મુખી વ્યક્તિત્વ (Extrovert Personality)

અંતર્મુખી વ્યક્તિત્વના લક્ષણોથી તદ્દન વિરોધી લક્ષણો આ પ્રકારના વ્યક્તિત્વમાં જોવા મળે છે. બહિર્મુખી વ્યક્તિત્વના લક્ષણો નીચે મુજબ છે.

- સમાજમાં વ્યક્તિઓ સાથે સરળતાથી અનુકૂલન સાધનારી
- લોકોને સંગઠિત કરવામાં કુશળ તેમજ લોકપ્રિય
- સામાજિક સંબંધોમાં રસ ધરાવનારી
- મિત્રતાપૂર્ણ વ્યવહાર કરનાર
- તેઓને વીરતાભર્યા કાર્યોનાં રસ હોય છે.
- નવા વિચારોને આવકારનારી હોય છે.
- સારુ નેતૃત્વ ધરાવનારી વ્યક્તિ
- પરિવર્તનના હિમાયતી
- સતત સક્રિય રહેનાર અને કાર્ય કરવાની પ્રબળ ઈચ્છા ધરાવનાર
- રમતગમતમાં રસ ધરાવનાર
- શોખના વિષયો અમર્યાદિત
- સ્વભાવે અભિમાની અને આક્રમક હોય છે.
- એકાંતને ટાળનાર

- નવી-નવી જગ્યાઓ જોવા જાણવામાં રસપ્રદ

- ઉદારમતવાદી

- મિત્રતાપૂર્ણ વ્યવહાર કરનાર

- પ્રભાવશાળી અને પ્રભુત્વ ધરાવનારી

## 2.14 ઉભયમુખી વ્યક્તિત્વ (Ambivert Personality) :

અમુક વ્યક્તિઓ એવી હોય છે કે જે અંતર્મુખી પણ નથી અને પૂર્ણપણે બહિર્મુખી પણ નથી હોતી. આવી વ્યક્તિ ઉભયમુખી હોય છે તેમના વર્તનમાં કેટલીકવાર અંતર્મુખી જેવું વર્તન કરે છે. આમ તેનામાં બન્ને પ્રકારનાં વ્યક્તિત્વનાં લક્ષણો જોવા મળે છે.

## 2.15 વ્યક્તિત્વ વિકાસમાં શાળાની ભૂમિકા

શાળા વિદ્યાર્થીના વ્યક્તિત્વના ઘડતર માટેનું મહત્ત્વનું શિક્ષણના માધ્યમ દ્વારા વ્યક્તિત્વ વિકાસ સાધી શકાય છે. શિક્ષણ દ્વારા વાતવરણ અને બહુવિધિ અનુભવોથી, વિદ્યાર્થીઓના ઘડતરમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાય છે. જે પ્રવૃત્તિ નીચે મુજબ છે.

- પ્રાર્થના સભામાં વિવિધ ક્ષેત્રોને આવરી લેતો કાર્યક્રમ હાથ ધરી શકાય.
- શાળામાં અને શાળા બહાર યોજવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓમાં સહભાગી બનવા પ્રોત્સાહિત કરી શકાય.
- વિવિધ વિષયોનાં મંડળો દ્વારા સ્પર્ધાનું આયોજન અને સક્ષમ માર્ગદર્શન પૂરું પાડી વિદ્યાર્થીઓને સહભાગી બનાવી શકાય.
- શાળા ખાતે વિવિધ ધાર્મિક તહેવારો તથા રાષ્ટ્રીય તહેવારોમાં વિદ્યાર્થીઓને સામેલ કરી શકાય.
- સમાજ ઉપયોગી વિવિધ કાર્યક્રમોનું સફળ આયોજન કરી શકાય.
- રાષ્ટ્રની સ્વતંત્રતા અને નિર્માણ અને વિકાસમાં સહભાગી થનાર સર્વ દેશનેતા પ્રેમીની જન્મજયંતીઓની ઉજવણી કરી શકાય.
- શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં, વિદ્યાર્થીઓને સહભાગી બનાવી સફળ આયોજન કરવું અને શક્ય બને તો વર્ષમાં બે થી વધારે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવાં.
- વર્ષ પર્યન્ત પ્રવાસ, પર્યટન તથા ઉજાણી ગોઠવવી.
- શાળા ખાતે N.C.C. કે N.S.S જેવી પ્રવૃત્તિઓ યોજવી.
- શાળાનું પર્યાવરણ અને વાવાવરણ વ્યક્તિત્વનો વિકાસ કરે છે.
- વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા અલગ - અલગ હોવી જોઈએ.
- શાળામાં વિવિધતા સભર શૈક્ષણિક સાધનો વધારે પ્રમાણમાં હોવાં જોઈએ
- શાળાએ વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે પૂર્ણ સમયના કાઉન્સિલરની વ્યવસ્થા કરવી જોઈએ.
- વર્ગશિક્ષણ નવીન પદ્ધતિઓ, પ્રવિધિઓ અને પ્રયુક્તિઓની મદદથી અસરકારક રીતે થવું જોઈએ.
- શાળામાં ચલાવવામાં આવતો અભ્યાસક્રમ વિવિધ ક્ષેત્રોમાં, વિદ્યાર્થીઓને તૈયાર કરી શકે તેવો હોવો જોઈએ.
- વિદ્યાર્થીઓને Softskills થી માહિતગાર કરી, તેઓની 'સમસ્યાઓને' કેવી રીતે હલ કરી શકાય તેવી શક્તિઓ વિકસાવવી જોઈએ.
- વિદ્યાર્થીઓમાં સદ્‌ગુણોનો વિકાસ કરવો જોઈએ.
- વિદ્યાર્થીઓને સમૂહજીવન અને સામાજિકરણ માટે તૈયાર કરવાં.

- વિદ્યાર્થીઓમાં જીવનોપયોગી મૂલ્યો અને સુટેવોનું ઘડતર કરવું.
- વિદ્યાર્થીઓને માર્ગદર્શન સેવા પૂરી પાડવી.
- મનોવૈજ્ઞાનિક કસોટીઓની વિદ્યાર્થીઓ ઉપર અજમાયશ કરી તેમના ગમા-અણગમા, અને ઈચ્છાઓને જાણી ભાવિ શૈક્ષણિક કારકિર્દી માટે તૈયાર કરવાં.
- વિદ્યાર્થીઓમાં રહેલ સુસુપ્ત શક્તિઓને ઓળખી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું.
- વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓને પોષક પ્રવૃતિઓનું આયોજન કરવું અને તેમાં સૌને સહભાગી બનાવવાં.
- વિદ્યાર્થીઓની વ્યક્તિત્વ માપન કસોટીની મદદથી તપાસણી કરી, જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું.

## 2.16 સર્જનશીલતા અને સર્જનશીલ વ્યક્તિનાં લક્ષણો :

20 મી સદીમાં શિક્ષણને લગતા પુસ્તકોમાં રજૂઆત જોવા મળે છે કે સર્જનાત્મકતા કોઈનો ઈજારો નથી. શાળાએ વિદ્યાર્થીઓની પ્રતિભાનાં કાર્યોની કદર કરી અને આ શક્તિનો વિપુલ પ્રમાણમાં વિકાસ કરવાનો છે.

સર્જનાત્મક એક પ્રક્રિયા છે જેનો અધ્યયન અનુભવો દ્વારા વિકાસ સાધી શકાય છે. બાળક પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિઓના આધારે જે પ્રવૃત્તિઓ કરે છે. તેમાં તેની સર્જનશક્તિ જવાબદાર છે, તેની મૌલિકતા અને અભિવ્યક્તિને ધ્યાને લેવાં જોઈએ.

- **સર્જનશીલ વ્યક્તિના લક્ષણો :**

- સર્જનશીલ વ્યક્તિમાં વિચારોની પ્રવાહિતા, લવચીકતા, કલ્પનશક્તિ, સમસ્યાઓ પ્રત્યેની સમજ - સંવેદનશીલતા અને બહોળા પ્રમાણમાં વર્ણનાત્મકતા અને વિસ્તૃતીકરણ જોવા મળે છે.
- આ પ્રકારની વ્યક્તિઓમાં નાવીન્યતા અને માહિતી વિસ્તૃત પ્રમાણમાં જોવા મળે છે.
- પોતાના જ્ઞાનનો નવા વિચારોના પાયા તરીકે ઉપયોગ કરે છે.
- વૈચારિક સ્વતંત્રતા, નવા અનુભવો પ્રાપ્તિ કરવા માટેની તત્પરતા, કાર્ય પ્રત્યેની કટિબદ્ધતા, પ્રતિબદ્ધતા, સાહસિકતા અને ઊંચાપ્રમાણમાં આત્મવિશ્વાસ જોવા મળે છે.
- બીજાંઓ કરતાં કંઈક નવું જ વિચારે છે અને તે મુજબ વર્ણન પણ કરે છે.
- વળી મજાક કરવાનું પણ ખાસ જોવા મળે છે.
- સતત નવું કામ કરવામાં રસ હોય છે અને પૂરેપૂરી સાહસિક્તાથી જોખમ લેવાની પણ તૈયારી ધરાવે છે.

## 2.17 વ્યક્તિત્વ ઓળખના સિદ્ધાંતો :

સિદ્ધાંતો, ધારણાત્મક સંકલ્પનાઓનો ઉપયોગ માત્ર છે. વળી મનોવૈજ્ઞાનિક માળખાં અને માનસિક વ્યાપારોનું બાહ્ય નિરીક્ષણ થઈ શકતું નથી. જે કાંઈ પણ થઈ શકે છે. તે બાહ્ય વર્તનના આધારે ધારણાઓ કરવામાં આવે છે. ધારણાના "વર્તનગત ફલિતાર્થો વાસ્તવિક વર્તન સાથે સરખાવતાં સાચા માલૂમ પડ્યાં છે."

પ્રત્યેક સિદ્ધાંતો પ્રેરણાનો કોઈને કોઈ સ્વરૂપમાં સ્વીકાર કરી પ્રેરણા વર્તનને ચાલક બળ પૂરું પાડી લાગણી પ્રદાન કરે છે. પ્રેરણાના વિવિધ સિદ્ધાંતો - ઈચ્છા-એષણ, જરૂરિયાતો, આવેગ, ઈત્યાદિ, દબાવ અને ભાર તરીકે ઓળખાય છે.

આવેગો ઈચ્છાઓને સંયોજનાર, વ્યવસ્થા લાવનાર માનસિક ચાલક બળ છે. સંયોજન જ

સાતત્યયુક્ત સુમેળ વ્યક્તિત્વ સર્જે છે.

**(1) ફ્રોઈડનો મનોવિશ્લેષણ સિદ્ધાંત :**

**વ્યક્તિત્વના ઘટકો :**

ઇડ - શારીરિક ઇન્દ્રિયજન્ય સુખની ઇચ્છા

સુખ દ્વારા પ્રાણશક્તિથી તાણ નિવારણ

તર્કના બંધનો ન નડે

ઇચ્છાની તાત્કાલિક તૃપ્તિ

માનસિક શક્તિનો ભંડાર

અહમ્ - મનુષ્ય વાસ્તવભાન - વાસ્તવિકતા વચ્ચેના અવરોધ દૂર કરે છે ઈડને ચકાસે, જ્ઞાન, બુદ્ધિ, તર્ક, સંકલ્પનાનો ઉપયોગ વ્યક્તિનો કાર્યવાહક

અધિ અહમ્ - સામાજિકતા - નૈતિકતાનું ભાન - વ્યક્તિનો નીતિ સિદ્ધાંત

આચાર વિચારના ધોરણો

જીવન મૂલ્યો તે જ અધિ અહમ્

આદર્શલક્ષી - અહમ્ ને ટકોર

## 2.18 મનોવ્યાપારના ક્ષેત્રો :

**(1) જાગ્રત મન :** મનની એ ઇચ્છાઓ, જેના વિશે વ્યક્તિ સભાન બને અને કાર્યકારણના નિયમથી જાગ્રત મનના વિચારો સમજાય.

**(2) અર્ધજાગ્રત મન :** અજાગ્રત મન વચ્ચેનો પ્રદેશ

(3) અજાગ્રત મન - અસામાજિક - અનૈતિક - અવાસ્તવિક ઇચ્છાઓ - લાગણીઓનો પ્રદેશ

(1) ઇડ - અજાગ્રત સ્તર

(2) અહમ્ - સંપૂર્ણ જાગ્રત - અજાગ્રત

(3) અધિ અહમ્ - આંશિક જાગ્રત - આંશિક - અજાગ્રત

**વ્યક્તિ વ્યાપાર :**

**પ્રાણશક્તિ લિબિડો (Libido) :**

- ઈચ્છા, આવેગ, વૃત્તિઓ, ઝંખનાઓ, વિચારોના મૂળ પ્રાણશક્તિ છે.
- ગતિશીલ નિશ્ચિત જથ્થો
- જીવનના વ્યવહારો - પ્રશ્નો ઉકેલવામાં ઉપયોગ

લિબિડો (1) જીવનવૃત્તિ (eros) આકર્ષણ

(2) મૃત્યુવૃત્તિ આક્રમતા આત્મપીડન - પરપીડન

## 2.19 સિદ્ધાંતની ચર્ચા :

(1) પ્રાણશક્તિનું લક્ષ્ય અથવા પાત્ર બદલાય છે. માનસિક શક્તિઓ સ્થાનાંતરક્ષમ હોય છે.

(2) બચાવ પ્રયુપક્તિઓ - મનોવિકૃત્તિઓમાં સ્થાનાંતર દ્વાર ઉદ્ભવે

(3) બાહ્ય વાતાવરણની અસરોની ઉપેક્ષા કરાય છે.

(4) અજાગ્રત ઇચ્છાઓ સ્વપ્નરૂપે બહાર આવે છે.

(5) માનસિક ચિંતા મનોવિકૃતિઓ જન્માવે છે.

(6) અહમ્, નિર્બળ બને ત્યારે મનોવિકૃતિ જન્મે છે.

(7) પરસ્પર વિરોધી તત્ત્વો વચ્ચે સતત સંઘર્ષ ચાલે છે.

(8) આ સિદ્ધાંત જીવશાસ્ત્રીય છે.

**2.20 કાર્લયુંગનો મનોવિશ્લેષણ સિદ્ધાંત :**

(1) અજાગ્રત મનની સામગ્રી - સ્વપ્નના અર્થઘટન બાબતમાં કાર્લયુગનો સિદ્ધાંત જુદો પડે છે.

(2) પડછાયો - માનવીનો પાશવી વારસો - માનવીની આદિમ પ્રવૃત્તિ

(3) મનુષ્ય દ્વિજાતિ પ્રાણી છે. પ્રત્યેકમાં બંનેની લાક્ષણિકતાઓ હોય છે.

(4) વ્યક્તિના જાગ્રત જીવનના લક્ષણોથી ઊલટા લક્ષણો અજાગ્રત મનમાં હોય છે.

(5) દરેક વ્યક્તિમાં બે પ્રકારનાં મન હોય છે. વ્યક્તિગત અજાગ્રત અને સામૂહિક અજાગ્રત મન.

(6) ઇન્દ્રિયાનુભવ વલણવાળી વ્યક્તિઓમાં અંતઃસ્ફુરણા ઓછી હોય છે.

(7) વિચારવંત, ઇન્દ્રિયવેદન, અંતઃ સ્ફુરણા, લાગણી - આ ચાર તત્ત્વો મહત્ત્વના છે.

(8) પ્રત્યેક પુરુષના મનમાં સનાતન નારી તત્ત્વ અને પ્રત્યેક સ્ત્રીના મનમાં સનાતન પુરુષતત્ત્વ વસે છે.

(9) માનવી વધુને વધુ પૂર્ણતા તરફ ગતિ કરતો રહે છે. જેને હેતુલક્ષી - લક્ષ્યગામી કહે છે.

**2.21 એડલરનો વ્યક્તિત્વ સિદ્ધાંત :**

(1) દરેક વ્યક્તિ અન્યો પાસેથી પ્રેમ પામવાની, સ્વીકૃતિ પામવાની, સહાનુભૂતિ પામવાની જરૂરિયાતો અનુભવતો હોય છે.

(2) વ્યક્તિના ભાવિ જીવનના અરમાનો, આશાઓ - વ્યક્તિત્વનું ચાલક બળ છે.

(3) વ્યક્તિમાં રહેલી સામાજિકવૃત્તિનું લક્ષ્ય પૂર્ણ સમાજની સ્થિતિ હાંસલ કરવાનું છે.

(4) પોતાની સંભાવનાઓને સાર્થક કરવાની સ્થિતિ

(5) એક ક્ષેત્રમાં મેળવેલ નિષ્ફળતા અન્ય ક્ષેત્રમાં પ્રાપ્તિથી પૂર્ણ કરે.

(6) લાઘવભાવ શારીરિક, માનસિક કે સામાજિક અધૂરપથી અનુભવાતો ભાવ.

(7) વ્યક્તિના જીવનના સર્વ પાસાં દ્વારા પ્રગટ થતી વ્યક્તિની સજાગ્રતા.

**2.22 (4) એરિકોમનો સિદ્ધાંત :**

(1) માનવ સામાજિક પ્રાણી છે. આથી માનવીના તમામ કાર્યો સામાજિક પ્રક્રિયાની નીપજ છે.

(2) સામાજિક અનુકૂલનની વૃત્તિ માનવ વર્તનના પાયારૂપ છે.

(3) સમાજમાં વ્યક્તિનું સ્થાન, સમાજનું વાતાવરણ, વ્યક્તિ પોતાની અસ્મિતા - સર્જકતા જાળવી રાખે છે.

(4) બાળકના વિકાસ પર ઘર, શાળા, સાથીઓ, સભ્યતા અને સમાજની અસરો પડે છે.

(5) મનોવિકૃતિના મૂળમાં સામાજિક વાતાવરણની અસરો હોય છે.

(6) આજનો માનવ એકલો - અટૂલો - એકલતા અનુભવે છે, કારણ કે તે કુદરત અને માનવોથી દૂર થતો જાય છે.

**2.23 (5) કારેન હોરનીનો વ્યક્તિત્વ સિદ્ધાંત :**

(1) વ્યક્તિ સમાજનો આંધળો વિરોધ કરે છે. વ્યક્તિ સમાજને શરણે થાય છે. અથવા વ્યક્તિ સમાજથી દૂર ભાગતો જાય છે.

(2) વિશિષ્ટ સામાજિક પરિસ્થિતિને કારણે વ્યક્તિ વિકૃત વર્તન કરે છે.

(3) માતા-પિતાનું નિયંત્રણ - સમાજનું કઠોર નિયંત્રણ - બિનઅંગત વાતાવરણ, વ્યક્તિમાં ચિંતાભાવ જન્માવે છે,

(4) વ્યક્તિની મનોશારીરિક મર્યાદાઓ - સામાજિક બંધનો, ઇચ્છાતૃપ્તિ, અટકાવે એટલે વિકૃતિ જન્મે ....

(6) **વ્યક્તિનાં વર્તનનાં લક્ષણો :**

- બીજાંઓ પાસેથી વધુ પડતો પ્રેમ અને સ્વીકૃતિની અપેક્ષાઓ
- અન્યોને તમામ જવાબદારીઓ સોંપવી
- જીવનને મર્યાદિત બનાવવું
- બીજાઓનું શોષણ કરવું.
- વ્યક્તિગત સિદ્ધિ માટેની ઝંખના
- સ્વતંત્રતાની ઝંખના

**2.24 (6) હેરી સલિવાનનો સિદ્ધાંત :**

(1) માનસિક સમસ્યાઓ "સલામતીના અભાવ"થી જન્મે છે.

(2) સામાજિક આંતરક્રિયા વ્યક્તિત્વને ઘડનાર પરિબળ છે.

(3) કોઈ વ્યક્તિ વિશે, મનમાં દઢ થયેલ છાપનું અન્ય વ્યક્તિમાં આરોપણ થાય છે. દા.ત. ગોરા - કાળા.

(4) ચિંતામાંથી બચવા વ્યક્તિ સમાજના અસ્વીકાર્ય પાસાંઓનું 'દમન' કરે છે.

(5) વ્યક્તિ બીજાઓ જેવો તેને જોવા ઇચ્છે છે તેવો થવાં પ્રયાસ કરે છે. અંતે પોતે પણ પોતાને તેવો જ માને છે.

**કુર્ત ગોલ્ડસ્ટીનનો સમગ્રતાલક્ષી સિદ્ધાંત :**

(1) વ્યક્તિત્વના વિવિધ ઘટકો પરસ્પરાવલંબી છે.

(2) વ્યક્તિ એક સંયોજિત તંત્ર તરીકે વર્તે છે.

(3) પ્રત્યેક વ્યક્તિના જીવનનો હેતુ આત્મસાર્થકય પૂર્ણતા પ્રાપ્ત કરવાનો હોય છે. અધૂરપ દૂર કરે.

(4) વ્યક્તિએ 'સંજોગો' સાથે સમાધાન કરવું જ પડે છે.

(1) સ્વસ્થ વ્યક્તિ ઉત્સાહ - આનંદથી કરે...

(2) વિકૃત વ્યક્તિ 'ચિંતા'થી પ્રેરાઈને કરે

(5) સર્વ ઘટકોમાં માનસિક શક્તિઓ સમાન રીતે વહેંચાયેલી હોય છે. તાણ નિવારણમાં મદદ કરો.

(6) વ્યક્તિના લક્ષ્યને અનુરૂપ, વ્યક્તિત્વના ઘટકો પોતાની શક્તિઓ અન્ય ઉત્તેજિત ઘટકને આપે છે.

**(8) કાલરોજર્સનો "સ્વ-તત્ત્વ" સિદ્ધાંત :**

(1) સ્વનો ખ્યાલ સતત પ્રવાહી અને પરિવર્તનશીલ પ્રક્રિયા છે.

(2) પ્રત્યક્ષીકરણ જાગ્રત અને અજાગ્રત કક્ષાએ પણ હોઈ શકે.

(3) વ્યક્તિ પોતાની જાતને અને પરિસ્થિતિને કઈ રીતે જુએ છે, તેની તેને જ ખબર હોય છે.

(4) વ્યક્તિનો પોતાની જાત વિષેનો સ્વ ખ્યાલ ખોટો છે તેવું જીવન, અને જગતના અનુભવો, જ્યારે રચાય ત્યારે સંઘર્ષ, ચિંતા અને તાણ જન્માવે.

(5) સ્વ સિદ્ધાંત આ જિજ્ઞાસાના ઉત્તરો પૈકી એક છે.

(6) "સ્વ" વિશે બે પ્રકારના અભિગમો :

(1) સ્વ એટલે અનુભવના પદાર્થ જેવો એક આંતરીક પદાર્થ

(2) અનુભવોને અનુભવનાર 'આંતરીક ચેતના', રોજર્સ પહેલા પ્રકારના અભિગમમાં માને છે.

'સ્વ' વિકાસશીલ છે અને અનુભવોની નિષ્પત્તિ છે.

રોજર્સનો સિદ્ધાંત પ્રત્યક્ષીકરણ કેન્દ્રી અને અનુભવવાદી છે.

(7) સ્વ-ખ્યાલ અને પોતે માનેલાં પોતાના આદર્શો વચ્ચે પણ 'સામંજસ્ય' જરૂરી છે.

## 2.25 વ્યક્તિત્વમાપન :

વ્યક્તિત્વ જટિલ અને ગહન તત્ત્વ છે. જેનું માપન કરવું ઘણું મુશ્કેલ છે. વ્યક્તિત્વ માપન માટે એકી સાથે, એકથી વધારે પદ્ધતિઓનો ઉપયોગ કરવો પડે છે.

"વ્યક્તિત્વ માપનમાં લેખિત, અલેખિત, સૈદ્ધાંતિક, પ્રાયોગિક અને ચારેય પ્રકારના હેતુઓ પાર પડે છે." - બોરિંગ - લેંગફેલ્ડ અને જે.

**માપનના ફાયદા :**

- વ્યક્તિત્વ વિકાસ સાથે સંકળાયેલી તમામ સમસ્યાઓનો ઉકેલ મળી શકે છે.
- વ્યક્તિને અનુકૂલન સાધવામાં મદદરૂપ થઈ શકે છે.
- વ્યક્તિને સમસ્યાઓના નિવારણ માટેના ઉપાયો સૂચવી શકાય છે.
- યોગ્ય પદ માટે જરૂરી વ્યક્તિની પસંદગી કરી શકાય છે.

"આપણા વ્યક્તિત્વના મનોવિજ્ઞાને હજુ પર્યાપ્ત માત્રામાં પ્રગતિ કરી નથી, આથી જ વ્યક્તિત્વ માપન પણ હજુ પ્રારંભિક કક્ષાએ છે." - **એલિન**

**(1) અવલોકન (Observation Method) : અર્થ :** "જે વ્યક્તિના વ્યક્તિત્વનું માપન કરવાનું હોય તે વ્યક્તિનું સાધનો દ્વારા વગર નિયંત્રિત, સ્થિતિમાં વ્યક્તિ જાણ સાથે અથવા જાણ વગર કરવામાં આવતું નિરીક્ષણ, જેમાં નિરીક્ષકની આંખ મહત્ત્વનું યોગદાન આપે છે." જેને અવલોકન કહેવાય - **યંગ**

જેનો મુખ્ય આધાર વ્યક્તિનો બાહ્ય વર્તાવ છે, જેના નિરીક્ષણ દ્વારા પરિસ્થિતિ મુજબ વર્તનની નોંધ રાખવામાં આવે છે, તે ઉપરથી નિષ્કર્ષની તારવણી કરવામાં આવે છે.

**(1) શારીરિક અવલોકન :** વ્યક્તિની દૈહક બાબતો જેવી કે હૃદય, ધડકન, બ્લડપ્રેસર, શ્વાસોશ્વાસક્રિયા અને નાડીની સ્થિતિ વગેરે દ્વારા વ્યક્તિનું બાહ્ય અવલોકન કરવામાં આવે છે.

**(2) અવલોકન :** વ્યક્તિને એકલો એક ઓરડામાં છોડી દઈ, તેની જાણ બહાર તેનું અવલોકન કરવામાં આવે, અને તેનું રેકોર્ડિંગ અને વીડિયોગ્રાફી પણ કરવામાં આવે.

**(3) ક્રમમાપદંડ :** વ્યક્તિત્વના કેટલાંક પાસાંઓનું સંખ્યાત્મક માપ કાઢવું, ક્યારેક અશક્ય હોય ત્યારે ઉપયોગ કરવામાં આવે છે.

(1) સાંખ્યાકિ ક્રમ માપદંડ, નિયમિતતા - 1, 2, 3 (2) આલેખિત ક્રમ માપદંડ

**શું તમે સાચું બોલો છો ?**

| ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
|---|---|---|---|---|
| કદાપિ નહી | ક્યારેક | પ્રસંગોપાત | ઘણીવાર | હંમેશા |

**(4) મૌખિક વ્યવહાર :**

(1) વ્યક્તિ જ્યાં સુધી થાકે નહીં ત્યાં સુધી તેને સતત બોલવા દેવામાં આવે છે. ચોક્કસ શબ્દ આપી તે પર જ તેને બોલવા દેવામાં આવે.

**આત્મનિવેદન (Self TellinÏík) :**

**અર્થ :**

જેનું વ્યક્તિત્વ માપવાનું હોય, તે વ્યક્તિ પોતે જ પોતાના વિશે માહિતી પૂરી પાડે જેના આધારે તેના વ્યક્તિત્વનો ખ્યાલ આવે છે. જેના પરથી તેનું વ્યક્તિત્વ જાણવામાં આવે તેને આત્મનિવેદન કહેવાય.

**(1) આત્મચરિત્ર લેખન : (આત્મકથા - BioÏíkraphy)**

(2) જીવનની નિશ્ચિત બાબતો પર - નિર્દેશવાળી

(3) મિશ્રિત

**ઉપયોગિતા :**

(1) વ્યક્તિના જીવન વિશે અને તેના વિચારો વિશે માહિતી મળે છે.

(2) વ્યક્તિની અભિવ્યક્તિ અંગેની ક્ષમતા જાણકારી મેળવી શકાય છે.

(3) સમૂહ પાસેથી પણ આ પદ્ધતિ દ્વારા વિગતો મેળવી શકાય.

(4) વ્યક્તિના અવ્યક્ત વિચારો, ભાવના અને લાગણીઓ બહાર આવી શકે.

**ધ્યાનમાં રાખવાની બાબત :**

(1) વ્યક્તિએ જાતે જ પ્રતિચારો મુક્ત મને લખવાં જોઈએ.

(2) ટેસ્ટ આપનાર અને લેનાર વચ્ચે પરસ્પર આદર અને વિશ્વાસ હોવાં જરૂરી છે.

**ખામીઓ :**

(1) યાદશક્તિને આધારે લખાતી હોવાથી ક્યારેક ભૂલ થવાની શક્યતા રહે છે.

(2) શક્ય છે કે અત્યંત ખાનગી બાબતો, ન પણ જણાવે.

(3) સ્વીકૃત હોય તેવું (સારું જ) લખે.

(4) જ્ઞાત મનની વાતો જ આવે

(5) વિશ્વસનીયતા ન જોવા મળે.

**(2) પ્રશ્નાવલિ (Questionnaire) :**

(1) પ્રશ્નાવલિ દ્વારા વ્યક્તિની મુશ્કેલીઓ, તકલીફોની વિસ્તૃત રીતે જાણકારીની પ્રાપ્તિ.

(2) વ્યક્તિની ધાર્મિક, આર્થિક અને સામાજિક પાસાંઓની જાણકારી શક્ય બને.

(3) વ્યક્તિના રસ, રુચિ, અને વલણોની માહિતી પ્રાપ્ત થાય.

(4) વ્યક્તિના વ્યવસાય તથા અન્ય બાબતોની જાણકારી થાય.

(5) પ્રશ્નોની સંખ્યા ઓછી હોય.

(6) પ્રશ્નો મિશ્રપ્રકારના, સરળ અને સ્પષ્ટ હોય

(7) પ્રશ્નોના જવાબો સરળતાથી આપી શકાય.

(8) વ્યક્તિની ખાનગી બાબતો આધારિત પ્રશ્નો ન પૂછવાં.

(9) જવાબો  પ્રશ્ન સાથે આધારિત હોય તેવાં પ્રશ્નો હોવા જોઈએ.

**પ્રકારો :**

**(1) બંધ પ્રકાર ('હા' અને 'ના' પ્રકાર)**

ઉદા. (1) તમે નિયમિત શાળાએ જાઓ છો ?

(2) શું ઘરમાં તમે એકલા હો ત્યારે તમને ગમે છે ?

**(2) મુક્ત પ્રકાર :**

ઉદાહરણ (1) તમારી જીદંગીનો એક યાદગાર પ્રસંગ વર્ણવો.

(2) તમે નવરાશનો સમય કેવી રીતે ગાળો છો ?

(3) ચિત્રાત્મક પ્રશ્નાવલિ - ચિત્ર જોઈને ખાલી જગ્યામાં વર્ણન લખવાનું હોય છે.

(4) મિશ્ર પ્રશ્નાવલિ - ઉપરોક્ત ત્રણેય પ્રકારના મિશ્રિત પ્રશ્નો

**(3) મુલાકાત (Interview) :**

''મુલાકાત એ એક ગંભીર વાર્તાલાપ છે, જે લેવા માટેનો ચોક્કસ હેતુ હોય છે, તે સંતોષ ખાતર થતી વાતચીત નથી.''

**- વિધન અને મૂર**

''મુલાકાત દ્વારા વ્યક્તિ પોતે પોતાના વિશે જરૂરી એવી માહિતી જાણી, પોતાની જાતને વધુ સારી રીતે સમજી શકે.'' **- જ્હોન**

**ગુણ : (ફાયદા)**

(1) કોઈપણ બાબતનું સ્પષ્ટીકરણ કરવું સરળ બને છે.

(2) જવાબ પત્ર આધારિત પેટાપ્રશ્ન પણ કરી શકાય.

(3) વ્યક્તિના જીવન પર આધારિત વિવિધ જાણકારી પ્રાપ્ત થઈ શકે છે.

(4) ખાસ મહત્ત્વપૂર્ણ બાબતો બહાર લાવી શકાય છે.

**હેતુઓ :**

(1) અનુકૂલન સાધવામાં મદદરૂપ થવું.

(2) વ્યક્તિના વિચારો, આવેગો અને લાગણીઓ વિશે જાણકારી પ્રાપ્ત કરવી.

(3) વ્યક્તિત્વનું માપન કરવું.

**પ્રકારો :**

(1) ઔપચારિક (2) અનૌપચારિક (3) ઉપચારાત્મક (4) માર્ગદર્શન

**સફળ બનાવવા માટેના ઉપાયો :**

(1) મૌખિક મુલાકાત લેનારે ભાષણ ન કરવું.

(2) અનુકૂલન સાધવામાં મદદરૂપ થવું.

(3) મુલાકાત લેનારે સરળ અને સમજી શકાય તેવી ભાષા પ્રયોજવી.

(4) અત્યંત જરૂરી હોય તેવાં જ સૂચનો કરવાં.

(5) પ્રત્યુત્તરો આપનારની ઇચ્છા જાણવી.

(6) આપનારની ભાવના અને લાગણી ને સમજવી.

(4) વ્યક્તિ અભ્યાસ (Case Study)

**અર્થ :**

"વ્યક્તિ અભ્યાસ એટલે વ્યક્તિ જીવન સંબંધી તમામ બાબતો, ચોક્કસ હેતુસર મેળવવામાં આવે જેના દ્વારા વ્યક્તિ પોતાની સમસ્યાનો ઉકેલ લાવે." - **એચ.બી. ઈંગ્લીશ**

"વ્યક્તિ અજમાયશ, વ્યક્તિ વિશેનું સંપૂર્ણ - વિસ્તૃત અધ્યયન કરાય જેથી વ્યક્તિ સારી રીતે અનુકૂલન સાધી શકે."

**- ટ્રેક્સલર**

**પ્રકાર**

**(1) ઔપચારિક :** ચોક્કસ હેતુ તથા લિખિત માહિતી

**(2) અનૌપચારિક :** સામાન્ય રીતે હેતુ વિહોણી (મૌખિક) વ્યક્તિ અભ્યાસમાં સમાવિષ્ટ મુદ્દાઓ :

(1) હેતુ (2) સામાન્ય માહિતી (3) કૌટુંબિક જીવન (4) વ્યક્તિત્વ સંબંધી બાબતો (5) શારીરિક બાબતો (6) શિક્ષણ (7) ધાર્મિક, સામાજિક અને આર્થિક દૃષ્ટિકોણ (8) માહિતીનું વિશ્લેષણ (9) સમસ્યાનું નિરૂપણ (10) સમસ્યા ઉકેલ (11) અનુકાર્ય

**પ્રક્ષેપણ પ્રયુક્તિ (Projection)**

**અર્થ :**

વ્યક્તિ મૂળ ઈચ્છા - ભાવનાનું નિયંત્રણ, સામાજિક નિષેધો કે અંતરાત્માના દબાણથી કરે.

(1) પરિસ્થિતિ સ્પષ્ટ ન હોય

(2) અહમ્ દ્વારા વાસ્તવિક રીતે અર્થઘટન ન થાય ત્યારે આવી સ્થિતિમાં દબાવી રાખેલી ઈચ્છાઓ, લાગણીઓ બહાર આવે

**પ્રત્યક્ષીકરણ : વર્તમાન પદાર્થોનું ચિંતન :**

વ્યક્તિ તથા વસ્તુ જોવી + સૂચનો મગજમાં + માનસિક ક્રિયા = અર્થ પ્રત્યક્ષીકરણ

**વ્યાખ્યાઓ :**

(1) "જ્યારે આંતરીક પ્રત્યક્ષીકરણોનું દમન થાય છે. અને તેના સ્થાને પરિવર્તનો થવાં છતાં દમિત ઈચ્છાઓ બહાર આવે તે પ્રક્ષેપણ" **- ફ્રોઈડ**

(2) "પ્રક્ષેપણ એક એવી માનસિક યુક્તિ છે, જેના દ્વારા વ્યક્તિ પરોક્ષ રૂપમાં પોતાના અંગત દોષો - કે સમાજ નિંદિત બાબતોનું અન્ય જગ્યાએ આરોપણ કરે છે." **- પેજ**

**ઓલપાર્ટ દ્વારા પ્રક્ષેપણનું વિભાજન :**

(1) પ્રત્યક્ષીકરણ આધારિત : જે જુએ તે જ કહે.

(2) પ્રત્યક્ષીકરણના અર્થઘટન પર આધારિત : જુએ તેનું અર્થઘટન

**પ્રક્ષેપણની વિશેષતાઓ :**

(1) આ પ્રયુક્તિના આંકડાઓની વિશ્વસનીયતા ઓછી છે.

(2) આ પ્રયુક્તિના ગુણાંકન માટે પ્રશિક્ષિત વ્યક્તિ જ હોવો જોઈએ.

(3) આ પ્રયુક્તિની રચના અને તેનું ગુણાંકન કરવું મુશ્કેલ છે.

(4) આ પ્રયુક્તિ મનોચિકિત્સા ક્ષેત્રમાં વધુ વપરાય છે.

**રોરશાકની શાહીના ડાઘાની પ્રવિધિ :**

- હર્મન રોરશાક સ્વિટ્ઝરલેન્ડનો વતની હતો. ઈ.સ. 1922માં તેના પુસ્તક "સાયકોડા યોગ્નીસીસ" માં પ્રસિદ્ધિ સાથે જ, એ વર્ષમાં તેનું અવસાન થયું.

10 કાર્ડનો સેટ (1, 4, 5, 6, 7 - રાખોડી ભૂરો રંગ)

(8, 9, 10 અલગ રંગ (કાળો)

2, 3 લાલ લીસોટા

- અર્થહીન ડાઘાવાળા કાર્ડ

**ગુણાંકન**

ક્રમાનુસાર કાર્ડ આપવાના - કાર્ડ કઈ રીતે પકડે છે - શું બોલે છે કેટલો સમય, એક કાર્ડમાં લે છે.

(1) સમગ્ર કાર્ડનું અવલોકન કરે છે કે પછી કોઈ એક ચોક્કસ ભાગનું જ,

(2) કાર્ડનું વર્ણન

(3) ધાબા (ડાઘ) ની બનાવટ

(4) રંગ કે તેમાં દેખાતી આકૃતિ પૈકી શાના પર ભાર આપે છે.

(1) સંપૂર્ણ ડાઘ પ્રત્યે પ્રતિક્રિયા દર્શાવતો તે સૈદ્ધાતિક મનુષ્ય ગણાય

(2) કોઈ એક ભાગને દર્શાવે તો તે નાની નાની વાતો પર ધ્યાન આપતો માલુમ પડે છે.

(3) ડાઘામાં પશુઓ વગેરે ગતિ કરતાં જુએ તો, અંતર્મુખી પ્રકારમાં આવે.

(4) જો રંગો પર વધુ ધ્યાન આપે તો, સંવેગો - આવેગો

(5) પશુનો આકાર જોનાર, વ્યવહારું કે ઓછો બુદ્ધિશાળી

**મૂલ્યાંકન :**

(1) પ્રમાણમાં ઓછી વિશ્વસનીય

(2) વૈજ્ઞાનિક આધારનો અભાવ

(3) પ્રાપ્ત માહિતીનું વિશ્લેષણ / ગુણાંકન મુશ્કેલ છે.

(4) ગુણાંકનમાં વ્યક્તિનિષ્ઠા આવવાની સંભાવના

(5) સામાન્ય માનવીના માપનમાં ઓછી ઉપયોગી.

**થેમેટીક એપર સેપ્સન ટેસ્ટ (T.A.T)**

અમેરિકન મનોવૈજ્ઞાનિક હેન્રી મૂરે - મોર્ગેન દ્વારા ઈ.સ. 1935માં ઉલ્લેખ અને હાવર્ડ યુનિવર્સિટી દ્વારા ઈ.સ. 1943માં પ્રકાશન

સામગ્રી : 31 કાર્ડનો સેટ (10- M - B) (10-F-9)

10 (કોમન) (1 કોરું) દરેક કાર્ડમાં અલગ અલગ ચિત્રો હોય.

દા.ત. પથારીમાં ઊંઘતી સ્ત્રી પાસે નીચું મોં રાખી બેઠેલો પુરુષ

- 20 કાર્ડનો ઉપયોગ થાય.

**પરીક્ષણ :**

જેનું વ્યક્તિત્વ માપવાનું હોય તેને (પુરુષ) 10 કાર્ડ M લખેલ, ત્યારબાદ 10 કાર્ડ (C) લખેલ, ક્રમબદ્ધ આપવાના દરેક કાર્ડના ચિત્રને (3) પ્રશ્નો (1) પહેલાં શું બન્યું હશે

(2) અત્યારે શું બની રહ્યું છે ?

(3) હવે પછી શું બનશે ?

આ પ્રશ્નોના આધારે 5 મિનિટમાં ચિત્ર પરથી વાર્તા લખવાનું કહેવામાં આવશે.

**સિદ્ધાંતો :**

જરૂરિયાત પૂર્ણ કરવા પ્રયાસ (તનાવ) અવરોધના કારણે જરૂરિયાત - Theam અવરોધ વચ્ચેનો

સંબંધ જરૂરિયાત સંતોષાય

અવરોધ દૂર થાય = પ્રસંગ (Theam) બને.

આ પ્રસંગ જ અવરોધ દૂર કરવામાં મદદરૂપ થાય.

પ્રસંગ (વાર્તા) આંતર મનમાં સચવાયેલ હોય.

**ચિત્રો અને સમજ :**

(1) વિભિન્ન પરિસ્થિતિમાં સપડાયેલ વિભિન્ન વ્યક્તિત્વ

(2) વ્યક્તિ ચિત્રમાં પોતાની જાતનું આરોપણ કરે અને પોતાના આંતરમનમાં રહેલ વાતો વાર્તા દ્વારા વ્યક્ત કરે.

વિશ્લેષણ :

ચિત્રો જોઈને બનાવેલી વાર્તાઓના આધારે તેનું વ્યક્તિત્વ બહાર આવે.

અન્ય રીતે તપાસણી :

(1) ચિલ્ડ્રન્સ એવર સેપ્શન ટેસ્ટ

(2) રોજેવિંગ પી.એફ. સ્ટડી

(3) બર્બલ પ્રોજેક્સન ટેસ્ટ

(4) પ્લે ટેક્નિક

(5) વાક્ય પૂર્તિકરણ ટેસ્ટ

(6) શબ્દ સાહચર્ય ટેસ્ટ

## 2.26 ઉપસંહાર : (Let us sum up)

પ્રસ્તુત એકમમાં અધ્યેતાના વિકાસના સંદર્ભે આપણે અધ્યેતાની વ્યાખ્યા અને સંકલ્પનાની સમજૂતી આપી છે. આ સાથે અધ્યેતાનો અર્થ અને સારા લક્ષણોની ચર્ચા પણ કરવામાં આવી છે. અધ્યેતાનો શારીરિક, સામાજિક અને નૈતિક વિકાસ વિસ્તૃત રીતે શૈક્ષણિક ફલિતાર્થની મદદથી મુકવામાં આવ્યા છે. આ સાથે વ્યક્તિત્વ, અર્થ, સ્વરૂપ, વ્યાખ્યાઓ, વ્યક્તિત્વના પ્રકારો, સર્જનશીલ બાળકોના લક્ષણો, આઠ જેટલા વ્યક્તિત્વના સિદ્ધાંતો તથા વ્યક્તિ માપન કરવાની વિવિધ પદ્ધતિઓની વિસ્તૃત રીતે ચર્ચા કરવામાં આવેલ છે.

## 2.27 તમારી પ્રગતિ ચકસો

પ્ર.1 વર્ણવ્યવસ્થા અનુસાર વ્યક્તિત્વના પ્રકારો જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 2.28 નિબંધ પ્રકારના પ્રશ્નો (ઉતરોના મુદ્દા)

પ્ર.1 વ્યક્તિત્વ પર અસર કરતા પરિબળો જણાવો.

મુદ્દાઓ :

(1) શારીરિક તત્ત્વો

(2) માનસિક તત્ત્વો

(3) સાંવેગિક તત્ત્વો

(4) જાતિ ભેદ

(5) આનુવંશિક

(6) વાતાવરણ

(7) સમાજ

(8) સંસ્કૃતિ

(9) ધર્મ

પ્ર.2 સમાજશાસ્ત્રીય વર્ગીકરણ કરો.

મુદ્દા : (1) સૈદ્ધાંતિક

(2) ધાર્મિક

(3) આર્થિક

(4) સામાજિક

(5) રાજકીય

(6) કલાપ્રેમી

ટૂંકા પ્રશ્નો (6)

પ્ર.1 વ્યક્તિત્વના પ્રકારોનું કપિલમુનિની દૃષ્ટિએ વર્ગીકરણ કરો.

પ્ર.2 અંતર્મુખી વ્યક્તિત્વ એટલે શું ?

**અતિ ટૂંકા પ્રશ્નો**

પ્ર.1 ઉભયમુખી વ્યક્તિત્વ એટલે શું ?

પ્ર.2 વ્યક્તિત્વ ઓળખના મુખ્ય સિદ્ધાંત જણાવો.

**હેતુલક્ષી પ્રશ્નો**

પ્ર.1 કાલરોજર્સનો ના સિદ્ધાંતનુ નામ આપો.

A - સ્વ તત્ત્વ B - તત્ત્વ - સ્વ

C - તસ્ય - ન D - લ - સ્વ

પ્ર.2 મનોવ્યાપારના કોઈ એક ક્ષેત્ર જણાવો.

A - જાગ્રતમન B - અર્ધ જાગ્રતમન

C - ધ્યાન D - યોગ

**2.29 સ્વાધ્યાય**

પ્ર.1 વ્યક્તિત્વ વિકાસમાં શાળાની ભૂમિકાનું વર્ણન કરો.

..................................................................

..................................................................

..................................................................

એકમ 3

# જ્ઞાનાત્મક અને ભાષાકીય વિકાસ

.................................................................

.................................................................

.................................................................

## : રૂપરેખા :

3.1 ઉદ્દેશ્યો

3.2 એકમના પારિભાષિક શબ્દો

3.3 પ્રસ્તાવના

3.4 જ્ઞાનાત્મક વિકાસની સંકલ્પના

3.5 જ્ઞાનાત્મક વિકાસ સિદ્ધાંતના મહત્ત્વના ખ્યાલો

- પ્રતિક્ષિપ્ત ક્રિયાઓ
- જ્ઞાનાત્મક રચાનાઓ

3.6 પિયાજે એ જ્ઞાનાત્મક વિકાસના ચાર તબક્કા વિભાજીત કરેલ છે.

- પેટા સોપન - 1 (જન્મ થી 1 માસ)
- પેટા સોપાન - 2 (જન્મ થી 1 માસથી 4 માસ)
- પેટા સોપાન - 3 (4 થી 10 માસ)
- પેટા સોપાન - 4 (10 થી 12 માસ)
- પેટા સોપાન - 5 (12 થી 18 માસ)
- પેટા સોપાન - 6 (18 માસથી 2 વર્ષ)
- પેટા સોપાન - 7 (2 વર્ષથી 7 વર્ષ)
- પેટા સોપાન - 8 (7 વર્ષથી 12 વર્ષ)

3.7 જ્ઞાનાત્મક વિકાસ પર અસર કરતાં પરિબળો

- ભાષા અને અંગતબોલી
- વડીલની સમયવયસ્કોની ભૂમિકા

3.8 ભાષાવિકાસ

- સાંકેતિક ભાષા
- મૌખિક ભાષા

3.9 ભાષા વિકાસનું વિશિષ્ટ સ્વરૂપ અને તેના ગુણધર્મો

- ચોમ્સ્કી
- વેઈલી

3.10 ભાષા વિકાસની લાક્ષણિકતાઓ

3.11 ભાષાના કાર્યો

- સાધનાત્મક

- **નિયમનકર્તા**
- **આંતર ક્રિયાત્મક**
- **અનંત વૈયક્તિક**
- **અન્વેષણાત્મક**
- **કલ્પનાશીલ**
- **સૂચનાત્મક**
- **ભાષા અને સંસ્કૃતિ**

**3.12 આંતરવૈયક્તિક વ્યવહાર**

- **શિક્ષક**
- **વિદ્યાર્થી**

**3.13 ભાષાવિકાસની સમસ્યાઓ**

**3.14 શિક્ષકો માટે સૂચિતાર્થો**

**3.15 વર્ગખંડ શિક્ષકો માટે સૂચિતાર્થો**

**3.16 જ્ઞાનાત્મક વિકાસની ઓળખ અને તેના ઉપચારોની ઉપલબ્ધિ**

**3.17 સારાંશ**

**3.18 તમારી પ્રગતિ ચકાસો**

**3.19 નિબંધ પ્રકારના પ્રશ્નો**

**3.20 સ્વાધ્યાય**

## 3.1 ઉદ્દેશ્યો (Objectives)

- પિયાજે એ આપેલાં જ્ઞાનાત્મક વિકાસના તબક્કાઓ વર્ણવી શકશો.
- પિયાજેના જ્ઞાનાત્મક વિકાસ અંગેના વિચારોનો તમે વર્ગખંડ કાર્યમાં ઉપયોગ કરી શકશો.
- શિક્ષક માટે વિગોટસ્કીના વિચારોના ફલિતાર્થો સ્પષ્ટ કરી શકશો.
- ભાષાવિકાસનું વિશિષ્ટ સ્વરૂપ અને તેના ગુણધર્મો જાણી શકશો.
- ભાષાવિકાસની સમસ્યા જાણી શકશો.
- જ્ઞાનાત્મક વિકાસ અંગ પિયાજેએ રજૂ કરેલા ખ્યાલો (1) પ્રતિક્ષિપ્ત ક્રિયાઓ (2) જ્ઞાનાત્મક સંરચનાઓ (3) મૂળભૂત વલણો વગેરે સ્પષ્ટ કરી શકશો.

## 3.2 એકમના પારીભાષિક શબ્દો

- પ્રતિમાનો - પ્રતીકાત્મક
- સાંવેદનિક - ચેષ્ટાત્મક
- મૂર્ત - વસ્તુ કે ઘટનાની વાસ્તવિક્તા
- પુખ્તા - વડીલો
- આંતરક્રિયા - વ્યવહાર

## 3.3 પ્રસ્તાવના :

પિયાજેએ પોતાનું ઔપચારિક શિક્ષણ પૂરું કર્યા બાદ મનોવિજ્ઞાનનો અભ્યાસ શરૂ કર્યો હતો. જ્ઞાનાત્મક વિકાસ એ વિચારોની તરેહમાં ઉંમર અનુસાર થતાં ફેરફારો છે. આ વિચારોમાં તર્ક, યાદ

રાખવું, સમસ્યા ઉકેલ, વગેરેનો સમાવેશ થાય છે. જ્ઞાનાત્મક વિકાસ અંગે અભ્યાસો કરનારમાં બીજું નોંધપાત્ર નામ લેવવિગોટ્સ્કીનું છે. તેણે જ્ઞાનાત્મક વિકાસમાં ભાષા અને સામાજિક - સાંસ્કૃતિક પરિબળોના ફાળાને સ્વીકાર્યો છે.

જે પ્રમાણે માધ્યમિક શાળા કક્ષાએ, શીખવતાં શિક્ષકો માટે બાળકોનો ભાષાવિકાસ, વિશિષ્ટ સ્વભાવ અને ભાષાના લક્ષણો આંતર વ્યક્તિગત વ્યવહાર અને ભાષા વિકાસના અમલથી તમને પરિચિત કરશે ઉપરાંત શિક્ષકો માટે જ્ઞાનાત્મક વિકાસનાં અમલ માટે આપણે ચર્ચા કરીશું, જેથી તેઓ તેમના વિદ્યાર્થીઓના જ્ઞાનાત્મક વિકાસને સરળ બનાવશે.

## 3.4 જ્ઞાનાત્મક વિકાસની સંકલ્પના (Cognitive development : The Concept)

બોધ એટલે જ્ઞાન થવું. તેથી જ્ઞાનાત્મક વિકાસનો અર્થ, લાંબો ગાળો જાણવાની અને સમજવાની વૃદ્ધિ અને ક્ષમતા પ્રાપ્ત થાય છે જે પરિપક્વતા અને વાતાવરણ સાથેના વ્યવવહારથી સરળ બને છે જ્ઞાનાત્મક વિચાર દલીલ, સ્મૃતિ અને ભાષાને સમાવતી માનસિક પ્રક્રિયા તરીકે જોવામાં આવતા અને સમજવામાં આવતા હતા.

બર્નર મુજબ જ્ઞાનાત્મક વિકાસ ત્રણ તબક્કે થાય છે. કાર્યાન્વિત પ્રક્રિયાત્મક (ચિત્રોના પદાર્થ પ્રતિમાનો) અને પ્રતીકાત્મક (ચિહ્નો અથવા પ્રતીકો) ઉદાહરણ તરીકે નાના બાળકના માટે તડબૂચ એટલે શું ? તેનું જ્ઞાન તેને સ્પર્શવાથી પકડવાથી અથવા ચાખવાથી, જોવાથી વગેરે માહિતી દ્વારા પ્રાપ્ત કરે છે. બાદ જેમ જેમ મોટો થાય છે તેમ તેના ચિત્ર તેની પ્રતિમાઓ જૂએ છે. (પ્રતીકાત્મક ..) અને થોડા સમય પછી તડબૂચ શબ્દનો અર્થ સમજવા લાગે છે. (પ્રતિકાત્મક ...)

### જ્ઞાનાત્મક વિકાસની પિયાજેની સંકલ્પના (Piagents Concept of Cognitive Development)

બાળકના પુખ્ત થવા સુધીની વૃદ્ધિ વિકાસના, સમયગાળા દરમિયાન તેના વિચારો અને જ્ઞાનાત્મક વિકાસની સંકલ્પના કરવા માટે પિયાજે, એક સમૃદ્ધ માળખું રજૂ કરે છે. તેના અનુસાર જ્ઞાનાત્મક વિકાસ એટલે વારાફરતી તબક્કાઓમાં વિવિધ વયસ્તરે કેવી રીતે જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાનાત્મક વિકાસ માટે બાળકની જૈવિક આનુવંશિકતા અને તેના વાતવરણ વચ્ચેના વ્યવહાર (આંતરક્રિયા) પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

### 5. જ્ઞાનાત્મક વિકાસ સિદ્ધાંતના, તત્ત્વના ખ્યાલો

પિયાજેનો જ્ઞાનાત્મક વિકાસ સિદ્ધાંત, એ વિકાસનો સોપાન સિદ્ધાંત છે. તેણે જણાવ્યું કે બાળકના જન્મથી તે પુખ્ત વય થાય ત્યાં સુધીમાં, જ્ઞાનાત્મકના ચાર તબક્કામાંથી પસાર થવું પડે છે.

**પ્રતિક્ષિપ્ત ક્રિયાઓ :**

ભિન્ન સજીવના વર્ગના સભ્યો જન્મ સમયે વિવિધ પ્રતિક્ષિપ્ત ક્રિયાઓ ધરાવતાં હોય છે. દરેક વર્ગના સભ્યોમાં પ્રતિક્ષિપ્ત ક્રિયાઓ ભિન્ન પ્રકારની જોવા મળે છે.

જ્યારે પર્યાવરણમાં કોઈ ઉદ્દીપક ઉદ્‌ભવે ત્યારે સજીવ ચોક્કસ વર્તન વડે આ ઉદ્દીપક સામે સ્વયં સંચાલિત પ્રતિચાર આપે છે. આ ક્રિયાને પ્રતિક્ષિપ્ત ક્રિયા વડે, ઉદ્દીપક સામે સ્વયં સંચાલિત પ્રતિચાર આપે છે. આ ક્રિયાને પ્રતિક્ષિપ્ત ક્રિયા વડે ઓળખવામાં આવે છે. પ્રતિક્ષિપ્ત પ્રતિચાર માટે કોઈપણ માટે અધ્યયન- તાલીમ કે પર્યાવરણ સાથે અન્ય કોઈ પ્રકારના અનુભવની જરૂર પડતી નથી. પિયાજે જણાવે છે કે, માનવ બુદ્ધિના વિકાસમાં પ્રતિક્ષિપ્ત ક્રિયાઓ કે અન્ય સ્વયમ્ સંચાલિત વર્તન તરેહની ભૂમિકા છે.

**જ્ઞાનાત્મક સંરચનાઓ :**

જન્મ પછી તરત જ બાળક સંયોજિત વર્તન દાખવે છે. આગળ જોયું તેમ પ્રતિક્ષિપ્ત ક્રિયાઓ

જેવી વર્તન તરાહો, વારસાગત પરિબળોને કારણે થતી થાય છે. દા.ત બે માસનું બાળક સામાન્ય રીતે તેનો અંગૂઠો કે આંગળી ચૂસે છે. જ્યારે તેને ઘોડિયામાં મુકવામાં આવે, ત્યારે તેના હાથને મોંઢા પાસે લાવવાની તેની ઝડપ અને ક્ષમતા નિયમિત રીતે વધારો થતો જોવા મળે છે.

**જ્ઞાનાત્મક જ્ઞાન (Operative)**

કોઈપણ ક્રિયા કેમ કરવી, તે અંગેના જ્ઞાનને ક્રિયાત્મક જ્ઞાન કહે છે. દા.ત બૂટની દોરી કેમ બાંધવી, કાગળ લખવો. વગેરે ક્રિયાત્મક જ્ઞાનના લક્ષણો છે.

**હકીકતલક્ષી જ્ઞાન (Figurative)**

પક્ષીઓને પાંખો હોય છે સસ્તન પ્રાણીઓને ચાર ખાનાવાળું હૃદય હોય છે વગેરે ઉ.દા. છે.

**મૂળભૂત લક્ષણો :**

પિયાજે એ એક પૂર્વધારણા બાંધી કે સંયોજિતતા અને રૂપાંતર એ, સજીવોનાં મૂળભૂત વલણો છે. પિયાજે તેને સજીવના સામાન્ય વારસા તરીકે ઓળખાવે છે દરેક સજીવની શારીરિક કે માનસિક પ્રક્રિયાઓને સુંસગત તંત્રમાં, તંત્રબદ્ધ કે સંયોજિત કરવાના વલણને સંયોજિતના લક્ષણ તરીકે ઓળખવામાં આવે છે. નાના બાળકમાં વસ્તુ સામે જોવાની કે તેને પકડવાની અલગ-અલગ - વર્તન - સંરચના હોય છે. જેમ આપણે ખોરાક લઈએ છીએ. ત્યારે આપણું પાચનતંત્ર લીધેલાં ખોરાકનું પાચન કરી, લોહી સાથે ભેળવી દેવા પ્રયત્ન કરે છે. ઉદા. ચાર માસનું બાળક ઘોડિયામાં લટકતા ઘુઘરાને પ્રથમવાર જુએ, ત્યારે તે તેને પકડવા પ્રયત્ન કરે છે. પરિપાચન (assimilation) અને તદ્દયોગ્યતા (accommodation) સ્થાપનની પ્રક્રિયાઓને તે ઉપયોગમાં લે છે. ઉદા. બાળક ‘ગાય’ થી પરિચિત બને ત્યારે તેની પાસે ‘ગાય’ની હકીકતલક્ષી જ્ઞાનાત્મક સંરચના છે. ત્યારબાદ ગાય જેવા આકારનું પ્રાણી, ઘોડી, ગધેડા, ને જુએ તો ગાય સાથે તેની સામ્યતાને કારણે તેને પણ ગાય તરીકે જ ઓળખે છે.

## 3.6 પિયાજે એ જ્ઞાનાત્મક વિકાસના ચાર તબક્કાઓ વિભાજિત કરેલ છે.

**સંવેદન - સ્નાયુલક્ષી તબક્કો (Sesson Motor Stage)**

**પેટા સોપાન - 1 (જન્મથી 1 માસ) સાંવેદિક - ચેષ્ટાત્મક**

નવજાત શિશુ, વારસામાં મળેલ ચોક્કસ શક્તિઓ સાથે જન્મે છે. તે પૈકીની એક ચુસવાની પ્રતિક્ષિપ્ત ક્રિયા છે. જ્યારે તે કોઈને કોઈ વસ્તુને અડકે છે ત્યારે આપોઆપ તેને ચુસવાનું ચાલુ કરી દે છે.

**પેટા સોપાન - 2 (1 માસ 4 માસ)**

સંવેદન સ્નાયુ તબક્કામાં, બીજા પેટા સોપાનમાં શિશુ પોતાના શરીર સંબંધી અને તદ્દન સરળ એવી કેટલીક ટેવો વિકસાવે છે. એક માસના અનુભવ બાદ, હવે તેનામાં પ્રાથમિક સક્રિય પ્રતિક્રિયાનો વિકાસ થાય છે. આ સોપાન દ્વારા તેનામાં જોવાની જ્ઞાનાત્મક સંરચનાનો વિકાસ થાય છે. આ સોપાનમાં અનુકરણ, પોતાની આસપાસની વસ્તુની બાહ્ય વાસ્તવિક્તા અંગે સમજ કેળવે છે.

**પેટા સોપાન - 3 (4 થી 10 માસ)**

આ પેટા સોપાનમાં બાળકના વર્તનમાં ફેરફાર થાય છે.

- પહેલા જે ક્રિયા આકસ્મિક રીતે થઈ હોય, તે ક્રિયા હવે ફરીથી રસપૂર્વક કરવાની ક્રિયાલક્ષી જ્ઞાનાત્મક સંરચનાનો વિકાસ થાય છે.
- અનુકરણની ક્રિયા વધુ વ્યવસ્થિત બને છે. તેની જ્ઞાનાત્મક સંરચનાઓની સંખ્યા અને વિસ્તાર

વધ્યો હોય છે.

- કારણ અને પરિણામની સૂઝ વિકાસ પાસે છે એકવાર બોટલ પછાડવાથી દૂધ મળ્યાનો અનુભવ ઉપયોગમાં લઈ બીજીવાર દૂધ મેળવવા બોટલ પછાડે છે.

**પેટા સોપાન - 4 (10 થી 12 માસ)**

- બાળક કોઈ ચોક્કસ ધ્યેય સાથે ક્રિયા કરે છે. તે ધ્યેયને સિદ્ધ કરવામાં કોઈ અવરોધ જણાય ત્યારે તે અવરોધને દૂર કરવાની જરૂરિયાતને અનુભવે છે.
- વસ્તુના કાયમીપણાનો ખ્યાલ વિકાસ પામે છે. વસ્તુને સંતાડી દેવામાં આવે, તો પણ તે સમજે છે તે વસ્તુનું અસ્તિત્વ છે તે વસ્તુનાશ પામી નથી.

**પેટા સોપાન - 5 (12 થી 18 માસ) હવે બાળક**

- નવીનતા શોધવાનું શરૂ કરે છે. હવે તે પોતાની આસપાસની વસ્તુઓ અંગે વધુ વધુ જાણવા આતુર બને છે, તે પ્રયોગો શરૂ કરે છે. વસ્તુ ફેકે છે, તોડે છે, ફરીને ગોઠવે છે. આ બધાં વર્તનો પરિણામને જાણવા માટેના છે.
- ધ્યેયને પ્રાપ્ત કરવા નવા રસ્તાઓ શોધે છે.
- નવા મૉડેલનું વ્યવસ્થિત રીતે અનુકરણ કરવા સક્ષમ બને છે.

**પેટા - 6 (18 માસથી 2 વર્ષ) :**

- આ અંતિમ પેટા સોપાન દરમિયાન બાળક વિચાર પ્રક્રિયા શરૂ કરે છે. આથી જુદાં-જુદાં અનુભવોનું ફંકશન કરીને સમસ્યા ઉકેલના રસ્તાઓ શોધે છે.
- જ્યારે તે ક્રિયા મૉડેલને જુએ છે. ત્યારે માત્ર માનસિક રીતે, તેની ક્રિયાઓની નોંધ લે છે.

**પૂર્વમાનસિક ક્રિયાત્મક વિચાર તબક્કો (Pre-Operation Thought Stage)**

2 વર્ષથી 7 વર્ષ પિયાજે આ તબક્કાને પૂર્વ ક્રિયાત્મક તબક્કા તરીકે ઓળખાવેલ છે. આ તબક્કામાં બાળક એક દિશામાં માનસિક ક્રિયા કરી શકે છે. જે દિશામાં માનસિક ક્રિયા કરી હોય તેનાથી વિરુદ્ધ દિશામાં ક્રિયા કરી શકતું નથી.

- આ તબક્કામાં તેનો ભાષા વિકાસ પ્રબળ હોય છે. બે વર્ષની ઉંમર સુધીમાં માંડ 200 શબ્દોનું ભંડોળ ધરાવનાર બાળક આ તબક્કો પુરો કરે, ત્યાં સુધીમાં તેની માતૃભાષામાં 5000 શબ્દોથી પણ વધુ શબ્દોનું ભંડોળ ધરાવતું થઈ જાય છે.
- અહમ્ કેન્દ્રિતા એ આ તબક્કાનું બીજું લક્ષણ છે. તેઓ પોતે એવું વિચારે છે કે, જે પોતે વિચારે છે તે સાચુ જ છે. આથી તે પોતે ખોટું વિચારે એવું માનવા તૈયાર નથી.
- નવું જાણવાની કુતૂહલવૃત્તિ વધુ હોય છે, આથી સતત પ્રશ્નો પૂછયાં કરે છે.
- 2 થી 5 વર્ષ દરમિયાન બાળક આપેલ વસ્તુઓને જુદાં - જુદાં વર્ગોમાં વર્ગીકૃત કરવા માટે ચોક્કસ નિયમ કે ગુણધર્મ ‘સાતત્યપૂર્ણ’ રીતે ઉપયોગમાં લેવામાં નિષ્ફળ જાય છે.

આ વર્ષનું બાળક

(1) અહમ્ કેન્દ્રિતા

(2) અનુકરણ

(3) પ્રત્યક્ષીકરણ તર્ક

(4) કાલ્પનિક રમત

(5) કેન્દ્રીકરણ

(6) અસંગત આકસ્મિક તર્ક

- આ તબક્કે બાળકના વિચારો એકમાર્ગીય અને મર્યાદિત માહિતી પર કેન્દ્રિત થાય છે.

**મૂર્ત માનસિક ક્રિયાત્મક તબક્કો (7 થી 12)**

- આ તબક્કો મૂર્ત માનસિક ક્રિયાઓના તબક્કા તરીકે ઓળખાય છે. કારણકે આ તબક્કા દરમિયાન બાળક 'મૂર્ત' સમસ્યાને તાર્કિક રીતે ઉકેલે છે. મૂર્તનો અર્થ થાય છે, વસ્તુ કે ઘટનાની વાસ્તવિક હાજરી.
- આ તબક્કે બાળક, આપેલ વસ્તુઓનું શ્રેણી બંદ્ધ વર્ગીકરણ કરી શકે છે, સાથોસાથ વર્ગીકરણના કોઈપણ તબક્કે, આપેલ વસ્તુઓ સિવાયની આપ-લે અન્ય વસ્તુઓ પૈકી કઈ વસ્તુઓ ઉમેરી શકાય તે અંગે નિર્ણય લઈ શકે છે.
- ક્રમનો ખ્યાલ વધુ વિકાસ પામ્યો હોય છે મૂર્ત વસ્તુઓને ઝડપથી ગોઠવી શકે છે.
- બાળકમાં પ્રવાહીના જથ્થાના સાતત્યનો ખ્યાલ વિકસે છે. જુદાં- જુદાં આકારમાં પ્રવાહીનો જથ્થો સમાન રહે છે. તેના કારણો આપી શકે છે.
- સંખ્યાની દૃષ્ટિએ સમાન બે સમૂહો રચી શકે છે.
- સમસ્યાના ઘણા પાસાંઓ એક સાથે ધ્યાને આવી શકે છે.
- પરિસ્થિતિમાં થતાં ફેરફારો પર ધ્યાન આપી શકે છે.
- પારસ્પરિક સંબંધનો ખ્યાલ વિકાસ પામે છે.

(1) આ પ્રકારના બાળકો આગળનો વિચાર ધરાવે છે.

(2) તર્કનો ઉપયોગ કરે છે.

(3) અનુમાન કરે

(4) આદર્શવાદી વિચારણા

(5) અન્યો સાથે સહયોગ

(6) પ્રમાણભૂતતા સંબંધિત અને સંયોજિત તર્કબદ્ધતા

**(1) આકસ્મિક સંબંધો :**

**ઔપચારિક માનસિક ક્રિયાઓનો તબક્કો (11 થી 15 વર્ષ)**

પિયાજે આ તબક્કાને ઔપચારિક ક્રિયાઓનો તબક્કો ગણાવેલ છે. કારણ કે બાળકો હવે ઔપચારિક તાર્કિકતા માટે જરૂરી ઉલટ-સુલટ ક્રિયાઓ કરે છે. આ તબક્કામાં પુખ્ત વયની લાક્ષણિકતા જોવા મળેલ છે.

- કોઈપણ પરિસ્થિતિમાં રહેલ સંભવિતતાની કલ્પના કરી શકવાની ક્ષમતા વિકસે છે. કોઈપણ કાર્ય કરતાં પહેલાં કાર્યનું વિશ્લેષણ કરે છે અને પરિણામ અંગે ઉત્કલ્પના બાંધે છે. આ ઉત્કલ્પના ચકાસવા માટે પ્રયોગ, યોજના તૈયાર કરે છે. પ્રયોગના પરિણામનું ચોક્સાઈપૂર્વક અવલોકન કરે છે અને તારણો મેળવે છે.
- તરુણો સમતુલિતાના ઉચ્ચ સ્તરે પહોંચ્યા હોય છે. તેની જ્ઞાનાત્મક સંરચનાઓ એટલે સુધી વિકાસ પામી હોય છે કે તે કોઈપણ પ્રકારના ગંભીર પ્રશ્નોને ઉકેલવા તૈયાર થઈ જાય છે.
- તરુણોના વિચારો લવચીક હોય છે. તેની પાસે સમસ્યાને ઉકેલવા માટે મોટી સંખ્યામાં બોધાત્મક ક્રિયાઓ પ્રાપ્ત છે.
- તે બન્ને દિશામાં વિચાર કરવાની ક્ષમતા ધરાવે છે.

## 3.7 જ્ઞાનાત્મક વિકાસ પર અસર કરતાં પરિબળો

વિગટ્સ્કીએ જ્ઞાનાત્મક વિકાસમાં જે સમાજ અને સંસ્કૃતિનું મહત્ત્વ સ્વીકાર્યુ છે. તે સમાજ અને સંસ્કૃતિના મુખ્ય બે પરિબળો છે.

**ભાષા અને અંગત બોલી :**

ભાષા એ જ્ઞાનાત્મક વિકાસ માટે ખૂબ જ અગત્યનું સાધન છે, તે વિચારોને વ્યક્ત કરવાનું અને પ્રશ્ન પૂછવાનું સાધન પૂરું પાડે છે. વિચારો માટે કક્ષાઓ અને ખ્યાલો પૂરા પાડે છે. ભૂત ભવિષ્ય વચ્ચેનો સેતુ પૂરો પાડે છે. જ્યારે આપણે સમસ્યા અંગે વિચારીએ છીએ, ત્યારે સામાન્ય રીતે શબ્દોમાં અને અંશતઃ વાક્યોમાં વિચારી શકીએ.

સામાન્ય રીતે બાળકો રમત સમયે, પોતાની સાથે વાતો કરતાં હોય છે. પિયાજે બાળકની આ સ્વ-વાતચીત ને અહમ્ કેન્દ્રિત બોલી (Egccentrics નામ આપ્યું છે તે માને છે અહમ્ કેન્દ્રિત બોલી એ નાનાં બાળકો આ વિશ્વને અન્યોની આંખે જોતાં નથી તેની સાબિતી છે.

વિગોટ્સ્કી આ અંગત બોલી છે, તે સ્વ-વાતચીતને, તેનાથી જુદી રીતે સમજાવે છે. આ ગણગણાટ તેઓના જ્ઞાનાત્મક વિકાસમાં અગત્યની ભૂમિકા ભજવે છે. તેના દ્વારા બાળકો તેઓના વર્તન અને વિચારોને માર્ગદર્શન આપવા પોતાની જાત સાથે પ્રત્યાયન કરે છે. ખાસ કરીને 4 થી 5 વર્ષનું બાળક કોમ્બીનો કે પઝલ્સની રમત એકલું રમતું હોય ત્યારે, તે ગણગણાટ કરતું સંભળાય છે. ''ના'' તે બરાબર. બંધ બેસતું નથી તે અહીં લાવ .... કદાચ અહીં લાગુ પડશે...''

- વિગોટ્સ્કી આ સાંભળી શકાય તેવી, અંગત બોલીથી મૂક આંતરીક બોલી સુધીના, ફેરફારને જ્ઞાનાત્મક વિકાસની પાયાની પ્રક્રિયા તરીકે ઓળખી છે.

**(2) વડીલની (પુખ્તો) અને સમવયસ્કોની ભૂમિકા :**

જ્ઞાનાત્મક વિકાસમાં ભાષાની અન્ય એક ભૂમિકા છે. વિગોટ્સ્કી માને છે કે, બાળકની પોતાની સંસ્કૃતિના, વધુ સક્ષમ વ્યક્તિઓ કે વધુ સક્ષમ સમવયસ્કો સાથે વાતચીતો કે આંતરક્રિયાઓથી, તેનો જ્ઞાનાત્મક વિકાસ થાય છે. આ લોકો બાળકને બૌદ્ધિક રીતે વિકસવા માટે, જરૂરી માહિતી અને આધાર આપીને માર્ગદર્શક અને શિક્ષકોનું કામ કરે છે. વડીલો બાળકોને કાળજીપૂર્વક સંભાળે છે અને બાળકને સમજવાની સાચી મદદ પુરી પાડે છે.

દા.ત. એક છ વર્ષના બાળકનું રમકડું ખોવાઈ જાય છે તેના પિતાને મદદ કરવા કહે છે તેનાં પિતા પૂછે છે કે તે રમકડાથી છેલ્લે ક્યારે રમ્યું હતું ? બાળક કહે છે, મને યાદ નથી, તેનાં પિતા ક્રમિક રીતે ઘણાં પ્રશ્નો પૂછે છે - તે તારા રૂમમાં હતું ? બહાર હતુ ? પડોશીના ઘરે હતું ? દરેક પ્રશ્નોના જવાબ બાળક 'ના' માં આપે છે, આગળ પૂછે છે કારમાં હતું ? બાળક કહે છે કે કદાચ હતું અને તે રમકડું લેવા જાય છે.

અહીં પ્રશ્ન છે કે કોણે યાદ કર્યું ? બાળક કે પિતાએ આપેલ જવાબ છે કે બેમાંથી કોઈએ નહીં, પણ બન્ને સાથે યાદ કરવાની અને સમસ્યા ઉકેલવાની ક્રિયા દ્વારા આંતરક્રિયા દ્વારા બન્નેમાં થતી હતી. બાળક કોઈ વસ્તુ ખોવાઈ જાય ત્યારે તેને શોધવામાં, આ ક્રિયા દ્વારા પોતાના મનમાં યાદ કરી લે છે.

## 3.8 ભાષાવિકાસ :

એવું માનવામાં આવે છે કે દરેક સજીવ પાસે પોતાની ભાષા હોય છે. ભાષા એ વ્યક્તિનાં મન, ભાવો અને વિચારોને પ્રક્ટ કરે છે. તે બીજાના મન વિચારને જાણી શકે. પ્રદાનનું માધ્યમ ભાષા છે.

(1) **સાંકેતિક ભાષા :** જેમાં વ્યક્તિ સંકેતો દ્વારા આ ભાષાને જાણી શકે છે. દા.ત. વિકલાંગ બાળકો વગેરે.

(2) **મૌખિક ભાષા :** જેમાં વ્યક્તિ પોતાની ભાષા દ્વારા મૌખિક શબ્દો દ્વારા, ભાષા બોલીને વ્યક્ત કરી શકે છે. દા.ત. બાળક બોલે છે મને ભૂખ લાગી છે. માનવીઓની ભાષા અમુક ગુણધર્મો ધરાવે છે. જે તેમના વ્યવહારને વિશિષ્ટ અર્થ આપે છે. ભાષાની મદદથી આપણે ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય વિશે વાત કરી શકીએ છીએ.

ભાષાવિકાસ તેની શાબ્દિક અને અશાબ્દિક બંને ઉપયોગિતા, માનવ અસ્તિત્વ માટે વૈશ્વિક અને કેન્દ્રીય છે. સંચારના માધ્યમ તરીકે અનુભવ ઉજાગર કરવા, તેની પુનઃ રચના કરવા જ્ઞાનને પ્રાપ્ત કરવા, સંગૃહિત જ્ઞાનનું રૂપાંતર કરવા અને સમુદાયના મૂલ્યોના માધ્યમ તરીકે ભાષા કાર્ય કરે છે.

## 3.9 ભાષાવિકાસનું વિશિષ્ટ સ્વરૂપ અને તેના ગુણધર્મો :

તમામ લોકો સમાન રીતે પોતાની ભાષાને વિકસાવે છે. પરંતુ વિભિન્ન કક્ષાએ વિકાસમાં, બાળકની પરિપક્વતા અગત્યની ભૂમિકા ભજવે છે.

ભાષાની વિગતો અને તેની ઉપયોગિતા પર અનુભવની ઘણી હદ સુધી અસર થાય છે. (વાતાવરણની ભૂમિકા) ભાષા ઘણીખરી રીતે તો સામાજિકીકરણ દ્વારા શીખવતા આવે છે. (સુસ્થાપિત) Positional પરિવારો કે જેમાં સંચાર - વ્યવહારબંદ્ધ છે અને જ્યાં બાળકોને જોવામાં આવે છે. પરંતુ સાંભળવામાં આવતાં નથી અને વ્યક્તિ કેન્દ્રિત પરિવારો કે જેમાં મુકત વ્યવહાર છે તેમનાં બાળકોની ભાષા સફળતાપૂર્વક વિકસે છે તેમના વચ્ચેના ભિન્ન ભાષા વિકાસ અને સંચાર પદ્ધતિઓનો ભેદ (Bernteium 1971) સ્પષ્ટ કરે છે.

ચોમ્સ્કી (Chomsky) ઇ.સ. 1968 અનુસાર ભાષા વિકાસ એ પરિપક્વતાની પ્રગતિશીલ પ્રાપ્તિનું પરિણામે છે. બાળકની અનુવાંશિક સક્ષમતાનો ઉકેલ છે. (Chomsky) ઇ.સ. 1970 ના ભાષાવિકાસ પ્રતિમાને મૂળભૂત નિયમોને મહત્ત્વ આપે આપે છે. બાળક જે સાંભળે છે તે ભાષાથી કાર્યાન્વિત થાય છે.

- વેઇલ (Weil) ઇ.સ. 1985 વિકસતી ભાષાની વૈશ્વિક શ્રેણી રજૂ કરે છે.

## 3.10 ભાષા વિકાસની લાક્ષણિકતાઓ :

- **શબ્દાર્થ (Semantic) :** ભાષાની ગુણવત્તા જેવાં શબ્દોને વસ્તુઓ, ઘટનાઓ કે વિચારોના પ્રતિકો તરીકે વાપરવામાં આવે છે.
- **વાક્ય રચના (Synatar) :** ભાષામાં નિયમો, જેમાં શબ્દોને અર્થપૂર્ણ વાક્યોની રચના માટે વ્યવસ્થિત ક્રમમાં ગોઠવવામાં આવે છે.
- **ઉત્પાદકતા (Productivity) :** અસલ વાક્યોમાં શબ્દોને જોડવા માટેની ક્ષમતા.
- **ભાવલક્ષ્યાંતર (Displacement) :** ભાષાની ગુણવત્તા, જે વ્યક્તિને અન્ય સમય અને સ્થાન પર વસ્તુઓ અને ઘટનાઓની સૂચનાની આપ-લે કરાવે છે. જટિલ જ્ઞાનની વિપુલ માત્રાને એક વ્યક્તિથી બીજી વ્યક્તિમાં અને એક પેઢીથી બીજી પેઢીમાં અસરકારક વહનને, ભાષા શક્ય બનાવે છે. બાળકોને તેની ભૂલોથી સાવચેત કરવા માટે ભાવલક્ષ્યાંતર વાલીઓને મદદ કરે છે.

બાળકોને તેમણે શાળામાં શું કર્યું તેવું વાલીઓને કહેવાની મંજુરી આપે છે.

## 3.11 ભાષાના કાર્યો :

ભાષા તેના ઉપયોગ અને હેતુના આધારે ઘણા બધાં કાર્યો કરે છે. કાર્યના હેતુ સાથેની ભાષાને માઈકલ હેલીડે નીચે મુજબ બતાવી છે.

- **સાધનાત્મક (Instrumental) :** ઉપકરણાત્મક ભાષા સાધનાત્મક કાર્ય એવી રીતે કરે છે કે

જ્યાં, વ્યક્તિ કોઈ બાબતની પૃચ્છા કરીને જરૂરિયાતને સંતોષે છે. (શું હું થોડું પાણી પી શકું ?)

- **નિયમનકર્તા (Regulatory) :** અન્યના વર્તનને નિયંત્રિત કરતાં, નિયમનકર્તારૂપે કાર્ય કરે છે. દા.ત. શિક્ષક વિદ્યાર્થીને કહે છે. "મહેરબાની કરીને શાંત રહો"
- **આંતર ક્રિયાત્મક (Interactional) :** તે આંતર વૈયક્તિતા જાળવવા માટે ઉપયોગમાં લેવાતા આંતરક્રિયાત્મક કાર્યનું કામ કરે છે. (દા.ત. મિત્રને જન્મદિનની શુભેચ્છા પાઠવવી)
- **અંગત / વૈયક્તિક (Personal) :** ભાષા અંગત કાર્ય કરે છે. જ્યાં વ્યક્તિ પોતાનાં વિશે વાત કરે છે. (દા.ત. આજે હું ખૂબ આનંદની લાગણી અનુભવું છું.)
- **અન્વેષણાત્મક (Heuristic) :** તે વિશ્વ વિશેની સામાન્ય માહિતી મેળવવા માટે અન્વેષણાત્મક કાર્ય કરે છે. (દા.ત. એઈડ્ઝના ઉપયોગ માટે કોઈ દવા છે ?)
- **કલ્પનાશીલ (Imaginative) :** તે કલ્પનાશીલ કાર્ય કરે છે, જ્યાં વ્યક્તિ પોતાની કલ્પના વિશે વાત કરે છે. (દા.ત. "તમે વાદળો પર છો" આ વિષય પર નિબંધ લખો.)
- **સૂચનાત્મક (Information) :** વિવિધ પ્રકારની માહિતીઓ પ્રાપ્ત કરવી અને આપવી તેવું સૂચનાત્મક કાર્ય કરે છે.

**ભાષા અને સંસ્કૃતિ :**

ભાષા બાળકોને તેમની સંસ્કૃતિની આદતો, પરંપરાઓ, ધર્મો અને રિવાજો વિશે શીખવવામાં મદદ કરે છે. તે સંસ્કૃતિની વાહક છે. દરેક સંસ્કૃતિ કોને શું કહેવું, ક્યાં કહેવું, તેની વ્યાખ્યા કરે છે અને તે ઉચ્ચારણ વાક્યરચના, શબ્દભંડોળ પણ શીખવે છે. સંસ્કૃતિમાં વિનમ્રતાનું મૂલ્ય ઓળખવામાં આવે છે. દા.ત. બાળકો પ્રારંભિક વયે અભિવ્યક્તિના વિનમ્ર પ્રકારો શીખે છે. ક્યારેક બાળકોને એક જ સમયે બે ભિન્ન સંસ્કૃતિઓની માંગમાં, સાથે કામ કરવું પડે છે. એવા બાળકો જેઓની એક માત્ર ભાષા માતૃભાષા જ છે. તેઓ જાહેર શાળાઓમાં ખૂબ નુકસાન પામે છે. કારણકે આવી શાળાઓ માતૃભાષાને કાયદેસરની ભાષા તરીકે માન્યતા નથી આપતી અને વર્ગોમાં પ્રમાણભૂત ભાષા દ્વારા ભણાવે છે. આ બાળકો શાળામાં કઠિનતાઓનો સામનો કરે છે. આદર અને પરિચયની યોગ્ય અભિવ્યક્તિ માટે ઘરમાં, તેમની વાણી પર વાલીની દેખરેખ હોય છે. પરંતુ શાળામાં સમસ્યાના નિવારણના ગુણો માટે શિક્ષક દ્વારા તેના પર દેખરેખ રાખવામાં આવે છે.

## 3.12 આંતરવૈયક્તિક વ્યવહાર :

ભાષાના કાર્યોમાંનુ એક કાર્ય, લોકો સાથે આંતરક્રિયા (વ્યવહાર) જાળવવાનું છે, આનો મતલબ એકબીજાંની સાથે પારસ્પરિક અથવા એક વ્યવહાર થાય છે. જેમ શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે અથવા શિક્ષકો અને વાલીઓ સાથે આંતરવૈયક્તિક વ્યવહાર સાથે સંબંધો વિકસાવવા માટેનો આધાર છે તેઓ માહિતીની પરસ્પર અદલા-બદલીને સમાવી શકે છે. જે પ્રત્યક્ષપણે વાણી દ્વારા અથવા અપ્રત્યક્ષ રીતે લેખિત માધ્યમ દ્વારા પરસ્પર સંપર્ક પર આધારિત હોય છે. મનોવિજ્ઞાનની વિવિધ શાખાઓએ ચર્ચા કરેલી છે. દા.ત. શિક્ષક અને વિદ્યાર્થીનો વાર્તાલાપ.

**શિક્ષક :** કેટલો સમય થયો છે. પૂરક આંતરવ્યવહાર

**શિક્ષક :** 12 વાગ્યા છે.

**વિદ્યાર્થી :** કેટલો સમય થયો છે ? ભિન્ન આંતર વ્યવહાર

**શિક્ષક :** તમે જોઈ નથી શક્તા ?

**વિદ્યાર્થી :** કેટલો સમય થયો છે ? ધીમો આંતરવ્યવહાર

**શિક્ષક :** જુઓ કોણ સમય માટે પૂછી રહ્યું છે.

ઉપર મુજબ જ્યાં વધુ પડતો ભિન્ન અથવા ધીમો આંતરવ્યવહાર હોય ત્યાં આંતરવૈયક્તિક વ્યવહાર ભાંગી પડે છે. હકારાત્મક અને સ્વસ્થ આંતરવૈયક્તિક વ્યવહાર માટે શિક્ષકે પૂરક આંતરવ્યવહારના વિકાસને, વિદ્યાર્થીઓ માટે ઉપયોગમાં લેવાની અને તેની સરળતા કરી આપવી જરૂરી છે.

## 3.13 ભાષાવિકાસની સમસ્યાઓ :

બાળકો સામાજિકરણ દ્વારા ભાષાકૌશલ્યો વિકસાવે છે. શાળા એક સામાજિકીકરણ કરતી સંસ્થા છે. જ્યાં બાળકો તેમની ભાષા શીખે છે. પરંતુ તમામ બાળકો તેમનામાં ભાષા સામાર્થ્ય એક સમાન નથી હોતી. આ સમસ્યામાં ઘણાં બાળકો સમસ્યાનો સામનો કરે છે. બાળકો દ્વારા સામનો કરવામાં આવતી ભાષા વિકાસની મુખ્ય સમસ્યાઓને નીચે રજૂ કરવામાં આવી છે.

- પ્રારંભિક તબક્કામાં સાંભળવાની અને બોલવાની તકોની ઉણપ.

- મૌખિક કે લેખિત માધ્યમ દ્વારા અભિવ્યક્ત કરવાનું સામર્થ્ય.

- નબળા વાતાવરણની સાંવેગિક સમસ્યાઓનો આનુવાંશિક ક્ષતિનાં કારણે રૂકાવટો.

- ધ્વનિશાસ્ત્ર સંબંધી (ઉચ્ચાર) શબ્દકોષ સંબંધી અથવા વિગતવાર માળખાગત અસ્પષ્ટતાઓને લીધે સર્જાતી અર્થગ્રહણમાં સર્જાતી અસ્પષ્ટતાઓ.

- શબ્દોનાં અર્થોનું અપર્યાપ્ત જ્ઞાન

- અપરિપક્વતા પૂર્ણ લેખન પર વધુ પડતો ભાર.

## 3.14 શિક્ષકો માટે સૂચિતાર્થો :

વર્ગખંડમાં અસરકારક શિક્ષકે, વિદ્યાર્થીઓની સમસ્યાઓ પ્રત્યે જાગૃત રહેવું જોઈએ. વર્ગમાં તેમણે ઘર જેવું વાતાવરણ પેદા કરવું જોઈએ. જ્યાં વિદ્યાર્થીઓ તેમની લાગણીઓ, અભિપ્રાયો અને દૃષ્ટિબિંદુઓને શિક્ષકો સાથે મુક્તપણે અભિવ્યક્ત કરી શકે અને વહેંચી શકે તેવું વાતાવરણ, ભાષા સામર્થ્યનાં સંપાદનને સરળ બનાવે છે.

- કાર્યના હેતુઓ માટે ભાષાને સામાજિક સંદર્ભમાં શીખવવામાં આવે છે અને વિકસાવવામાં આવે છે.
- મોટા બાળકો માટે સાંભળવાનાં - વાંચનનાં અને લેખનના કૌશલ્યો વિકસાવવા માટે ઘણી બધી તકો પૂરી પાડવી જોઈએ.
- વ્યક્તિએ એવી પરિસ્થિતિનું નિર્માણ કરવું જોઈએ, ભાષાના વિવિધ હેતુઓનો ઉપયોગ કરી શકાય.
- વ્યક્તિ બહુભાષાકીય અવરોધોથી માહિતગાર હોવી જોઈએ. તેમનાથી પરિચિત હોવાં જોઈએ અને તેનાં ઉપાય કરવાં જોઈએ.
- તેણે વિદ્યાર્થીઓના સર્જનાત્મક પ્રયત્નોને પ્રોત્સાહિત કરવાં જોઈએ.
- અતિશય લેખન અથવા બોલવાનાં પુનરાવર્તન પર ભાર આપવો જોઈએ નહિ. વિચારો, કલ્પનાઓ અને લાગણીઓની મુક્ત અભિવ્યક્તિ માટે મુક્ત વાતાવરણ પૂરું પાડવું જોઈએ. શાબ્દિક અને અશાબ્દિક વિચારોને વ્યક્ત કરવા માટે માળખાકીય કે અર્ધ-માળખાકીય સંજોગો પુરાં પાડવાં જોઈએ. વાર્તાલેખો - ચર્ચાઓ અને પ્રદર્શનો પ્રયોજવાં જોઈએ. પ્રારંભમાં વાંચનથી વાર્તાલાપોની આદતો વિકસાવવા માટે વિદ્યાર્થીઓને મદદ કરવી જોઈએ. પુસ્તક સમાલોચનાઓ કરવા માટે તેમને સમર્થ બનાવવાં જોઈએ.

## 3.15 વર્ગખંડ શિક્ષકો માટે સૂચિતાર્થો

- ભાષાની પહેલા તાર્કિક વિચાર આવે છે. ભાષા એ વિચારની અભિવ્યક્તિ યા વિચાર કરવાનું

વાહન છે. તેથી શિક્ષકે સુસંગત રીતે વિદ્યાર્થીઓના ચિંતનને સાંભળવાની અને અર્થઘટન કરવાની જરૂર રહે છે. તેથી યોગ્ય આરોહ અવરોહ બનાવવાં જોઈએ.

- અધ્યયન એક સક્રિય પ્રક્રિયા છે કારણકે, જ્ઞાન અધ્યેતાના ટેકાથી સર્જાય છે.
- વિદ્યાર્થીઓ વચ્ચે સામાજિક વ્યવહાર ખૂબ અગત્યનો છે. તેથી વધુ જૂથ પ્રવૃત્તિઓ વાર્તાલાપો - સલાહ - માર્ગદર્શન આપવા પડે છે.
- વર્ગીકરણ ધારણા કરવી, આગાહી કરવી, જેવી વિકાસાત્મક પ્રક્રિયાઓ પર શિક્ષકે ભાર મૂકવો જોઈએ નહિ, કે વિષયવસ્તુની ગોખણવિદ્યા પર.

## 3.16 જ્ઞાનાત્મક વિકાસની ઓળખ અને તેના ઉપચારોની ઉપલબ્ધિ :

બૌદ્ધિક વિકાસ સાથે સંબંધિત સમસ્યાઓની ઓળખમાં શાબ્દિક રીતે વ્યવહાર (આંતરક્રિયા) અને અશાબ્દિક રીતે વ્યવહાર (આંતરક્રિયા) કરવા માગતા, મોટા છોકરાઓનું વર્તન શિક્ષકને તેમના જ્ઞાનાત્મક વિકાસની સમસ્યાઓના સ્વરૂપને, બરાબર રીતે ઓળખવા માટે સમર્થ બનાવશે. લાક્ષણિક રીતે એક શિક્ષક પૂછી શકે છે કે તમે આવું કેમ કહો છો ? તમે તેને કઈ રીતે પુરવાર કરશો ? જો તમે આ કરશો તો શું થશે તે વિશે તમે શું વિચારો છો ? નિદાનના આધાર પર તમે ઉપચારાત્મક પગલાં સૂચવી શકો છો. તમે નીચે જણાવેલ બાબતો કરી શકો છો :

- પ્રશ્નોને પુરવાર કરવાની અને તર્કની વિપુલ તક પૂરી પાડી શકો છો.
- જ્ઞાનલબ્ધિની સરળતા માટે પૂરતા પ્રમાણમાં શાબ્દિક અને અશાબ્દિક સંકેત આપી શકો છો.
- ઘણાં ઉદાહરણો આપીને અને અધ્યયન કાર્યોનું સ્થાનાંતર કરીને, જ્ઞાનનો આધાર આપીને.
- ભેરૂ અને સામાજિક વ્યવહારોને સરળ બનાવીને.
- નાના બૌદ્ધિક પ્રયત્નોને પ્રોત્સાહિત કરીને.

## 3.17 સારાંશ :

આ એકમમાં તમે જ્ઞાનની સંકલ્પનાનો અને જ્ઞાન અને અજ્ઞાનાત્મક વિકાસને સમજવા માટે પિયાજેનાં યોગદાનનો અભ્યાસ કરી ચૂક્યાં છો. વય / તબક્કાનાં બૌદ્ધિક વિકાસની પ્રક્રિયાઓ અને તેમની મહત્ત્વપૂર્ણ માનસિક ક્ષમતાઓ અને પરિપૂર્ણતાઓ શિક્ષકો અને અમલ કરનારાઓ માટે ગંભીર સૂચકો છે બૌદ્ધિક વિકાસના જટિલ સ્વરૂપને અને શૈક્ષણિક મહાવરા પર પિયાજેની સંકલ્પના ઉપયોગને ઉદાહરણો સાથે વર્ણવવામાં આવ્યાં છે.

ભાષાવિકાસ સંબંધી મુદ્દાઓની પણ આપણે ચર્ચા કરી ચુક્યા છીએ. ભાષા વ્યવહારનું માધ્યમ છે. તેના કારણો પણ રજૂ કરવામાં આવ્યા છે. સંસ્કૃતિનું સંરક્ષક અને વાહક છે તે વિવિધ કાર્યો કરે છે. જ્યાં કે અંગત નિયમનકર્તા વૈચારિક વગેરે આંતરવ્યવહારોના પ્રકારોનાં સંદર્ભ સાથે આંતરવૈયક્તિક કે વ્યવહારને ઉદાહરણો સાથે વર્ણવામાં આવ્યા છે.

## 3.18 તમારી પ્રગતિ ચકાસો

**નોંધ :** નીચે આપેલી ખાલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

(1) ખાલી જગ્યા પૂરો

(અ) બોધ જ્ઞાનાત્મકતા એટલે ----

(બ) જ્ઞાનાત્મક વિકાસ એ ---- અને ---- વચ્ચેની આંતરક્રિયા (વ્યવહાર) ની નીપજ છે.

(ક) એક 15 વર્ષની વિદ્યાર્થી વિચાર ચિંતન ---- તબક્કામાં હોય છે એવું માનવામાં આવે છે.

(2) જ્ઞાનાત્મક વિકાસની સંરચનાઓ જણાવો.

(3) ભાષાવિકાસની લાક્ષણિકતા જણાવો.

## 3.19 નિબંધ પ્રકારના પ્રશ્નો (ઉત્તરોના મુદ્દા સાથે (12)

પ્ર.1 પિયાજેના જ્ઞાનાત્મક વિકાસના ચાર તબક્કા વિસ્તૃત ચર્ચા કરો.

(1) પેટા સોપાન - 1 (જન્મથી 1 માસ)

(2) પેટા સોપાન - 2 (1 માસથી 4 માસ)

(3) પેટા સોપાન - 3 (4 થી 10 માસ)

(4) પેટા સોપાન - 4 (10 થી 12 માસ)

(5) પેટા સોપાન - 5 (12 થી 18 માસ)

(6) પેટા સોપાન - 6 (2 થી 7 વર્ષ)

(7) પૂર્વ માનસિક ક્રિયા (2 થી 7 વર્ષ)

(8) પૂર્વ માનસિક ક્રિયા (7 થી 12 વર્ષ)

પ્ર.2 ભાષાના કાર્યો વિસ્તૃત જણાવો.

મુદ્દા (1) સાધનાત્મક

(2) નિયમનકર્તા

(3) આંતરક્રિયાત્મક

(4) અંગત

(5) અન્વેષણાત્મક

(6) કલ્પનાશીલ

- **ટૂંકાં પ્રશ્નો (6)**

(1) જ્ઞાનાત્મક વિકાસ પર અસર કરતાં પરિબળો

(2) આંતરવૈયક્તિક વ્યવહાર વિશે સમજાવો.

- **અતિ ટૂંકા પ્રશ્નો (2)**

(1) ભાષા એટલે શું ?

(2) મૌખિક અભિવ્યક્તિ એટલે શું ?

(3) સંપૂર્ણ વ્યક્તિત્વ એટલે શું ?

- **હેતુલક્ષી પ્રશ્નો (1)**

(1) સંવેદન - સ્નાયુલક્ષી તબક્કો પેટા સોપાન - 1 જન્મથી ----- માસ હોય છે.

(A) 1 માસ (B) 2 માસ

(C) 3 માસ (D) 5 માસ

(2) મૂર્ત માનસિક ક્રિયાત્મક તબક્કો ---- વર્ષનો છે.

(A) 7 થી 11 વર્ષ (B) 8 થી 12 વર્ષ

(C) 9 થી 13 વર્ષ (D) 10 થી 14 વર્ષ

## 3.20 સ્વાધ્યાય

(1) જ્ઞાનાત્મક વિકાસની ઓળખ તમારા શબ્દોમાં વર્ણન કરો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(2) ભાષા વિકાસના ચાર ગુણધર્મોની સૂચિ બનાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

(3) ભાષા વિકાસની સમસ્યાઓ જણાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

એકમ 4

# અધ્યેતાની વ્યક્તિગત ભિન્નતા

## : રૂપરેખા :

4.1 ઉદ્દેશ્યો

4.2 એકમના પારિભાષિક શબ્દો

4.3 પ્રસ્તાવના

4.4 વ્યક્તિગત ભિન્નતાનો અર્થ

4.5 વ્યક્તિગત ભિન્નતાના લક્ષણો

- ગુણભેદ / કક્ષાભેદ
- વ્યક્તિગત ભિન્નતા સાર્વત્રિક
- વ્યક્તિગત ભિન્નતાના વિકાસદર બાબતે
- વ્યક્તિગત ભિન્નતાનું માપન

4.15 વ્યક્તિગત ભિન્નતાનું માપન

- શારીરિક બનાવટમાં અંતર
- માનસિક ભિન્નતા
- સંવેગાત્મક ભિન્નતા
- રુચિઓમાં ભિન્નતા

4.7 વ્યક્તિગત ભિન્નતાના કારણો

- જ્ઞાતિભેદ
- સંસ્કૃતિભેદ
- વારસો
- વાતાવરણ

4.8 વ્યક્તિગત ભિન્નતાના શૈક્ષણિક ફલિતાર્થ

- વિદ્યાર્થી વર્ગીકરણ
- વ્યક્તિગત શિક્ષણ
- ઉપયોગી શિક્ષણ વિધિ
- ગૃહકાર્ય
- બહુઉદ્દેશ્ય પાઠ્યક્રમ
- સંપૂર્ણ વ્યક્તિત્વ
- વ્યાવસાયિકતા
- સમાયોજનશીલતા
- આંતરરાષ્ટ્રીય સદભાવના

4.9 સારાંશ

**4.10 તમારી પ્રગતિ ચકાસો**

**4.11 નિબંધ પ્રકારના પ્રશ્નો ઉત્તરોના મુદ્દા સાથે**

**4.12 સ્વાધ્યાય**

## 4.1 ઉદ્દેશો

- વિદ્યાર્થીઓ અધ્યેતાની વ્યક્તિરૂપે સમજણથી માહિતગાર થાય
- વિદ્યાર્થીઓ વ્યક્તિગત ભિન્નતાના અર્થ, લક્ષણો અને સ્વરૂપની સમજણ કેળવે.
- વિદ્યાર્થીઓ વ્યક્તિગત ભિન્નતાના શૈક્ષણિક ફલિતાર્થને ચરિતાર્થ કરે.

## 4.2 એકમના પારિભાષિક શબ્દો :

- અધ્યેતા : વિદ્યાર્થી, શિક્ષણ મેળવનાર
- વ્યક્તિગત ભિન્નતા : વ્યક્તિ વ્યક્તિ વચ્ચેનાં તફાવત, જુદાપણું એટલે વ્યક્તિગત ભિન્નતા

## 4.3 પ્રસ્તાવના :

વિવિધતા એ પ્રકૃતિનું આગવું લક્ષણ છે. દરેક પદાર્થ કે પ્રાણીમાં વૈવિધ્ય રહેલું છે. કુદરતે સર્જેલી તમામ વસ્તુઓ એકબીજાંથી ભિન્ન કે વિશિષ્ઠ છે. જેમ બે ફૂલોની સુવાસ કે આકાર સરખા નથી. વિતેલાં દિવસની ચાંદની રાત કરતા, આજની ચાંદની રાતનો વૈભવ જુદો છે. આજના પ્રાકૃતિક સૌંદર્ય કરતા આવતીકાલનું કંઈક અલગ હશે, અનેરું સૌંદર્ય હશે. કુદરત ગજબ કળાકાર છે, ઘણી વસ્તી ધરાવતાં આ વિશ્વમાં દરેક વ્યક્તિને અન્ય વ્યક્તિ કરતા કંઈક અલગ વિશિષ્ટતાઓથી નવાજ્યો છે અને આજ વિશિષ્ટતાઓ કે ભિન્નતાઓને મનોવિજ્ઞાન, વ્યક્તિગત ભિન્નતાના ખ્યાલથી ઓળખે છે.

પ્રસ્તુત પ્રકરણમાં આપણે વ્યક્તિગત ભિન્નતાના અર્થ-સ્વરૂપ અને પ્રકારોને જાણી, તેનાં કારણો સમજી, વ્યક્તિગત ભિન્નતાના શૈક્ષણિક ફલિતાર્થ સુધીની સફર ખેડીશું.

## 4.4 વ્યક્તિગત ભિન્નતાનો અર્થ :

વિભિન્ન મનોવૈજ્ઞાનિકોએ, વ્યક્તિગત ભિન્નતાને અલગ-અલગ પ્રકારે પરિભાષિત કરી છે, જની આપણે ચર્ચા કરીશું.

**(1) સ્કિનર :** "વ્યક્તિગત ભિન્નતાઓમાં વ્યક્તિત્વના કોઈપણ એવા પાસાંનો સમાવેશ થાય છે કે જેનું માપન શક્ય હોય."

Today, we think of Individual differences as it May include any Measurable aspect of the total Personality. **- Skiner**

ટૂંકમાં વ્યક્તિગત ભિન્નતા એટલે :

- કાર્ય કરવાની કુશળતામાં ભિન્નતા
- બુદ્ધિમાં રહેલી ભિન્નતા
- અભિરુચિ તેમજ સ્વભાવમાં રહેલી ભિન્નતા
- વ્યક્તિત્વના વિવિધ લક્ષણોમાં ભિન્નતા

**ટાઈલર (Tyler)**

ટાઈલરના મંતવ્ય અનુસાર ''વ્યક્તિ વ્યક્તિ વચ્ચે પ્રવર્તતી અસમાનતા એ સાર્વત્રિક ઘટના છે.''

Variability from Idividual to Individual seens to be universal phenomenon.

**- Tyler**

## 4.5 વ્યક્તિગત ભિન્નતાના લક્ષણો :

મનોવિજ્ઞાન અને શિક્ષણ ક્ષેત્રે થયેલાં સંશોધનો અને અવલોકનોના આધારે સુનિશ્ચિત થયેલા વ્યક્તિગત ભિન્નતાના લક્ષણો જોઈશું.

**(1) વ્યક્તિગત ભિન્નતા સાર્વત્રિક (Universal) છે.**

સંસારમાં વસનાર તમામ જીવો એકમેકથી એક યા બીજી રીતે અલગ છે. પછી તે બાબત સામર્થ્ય હોય, શક્તિ હોય કે શીખવાની આવડત કે અન્ય પાસું તમામ વ્યક્તિ, પ્રાણી કે પક્ષી, તમામ ચેતન અવસ્થાઓ એકબીજાથી ભિન્ન છે. અને આ ઘટના સમસ્ત વિશ્વમાં ભિન્નતાની દ્રષ્ટિ એ એક છે માટે તમામ એકબીજાથી જુદાં પડે છે, એટલે કે વ્યક્તિગત ભિન્નતા ધરાવે છે.

**(2) વ્યક્તિગત ભિન્નતા એ ગુણભેદ (Quaritative) નથી પરંતુ કક્ષાભેદ (Quantitative) છે.**

સંસારની કોઈપણ વ્યક્તિ સંપૂર્ણ બર્હિમુખી કે અતર્મુખી નથી હોઈ શકતી, બહિર્મુખી અને અંતર્મુખી વધતા - ઓછા પ્રમાણમાં હોઈ શકે. જે ભિન્ન માત્રાનો ઉલ્લેખ કરે છે. એ જ પ્રમાણે કોઈ વ્યક્તિ સો ટકા હોશિયાર નથી હોતી કે નબળી હોતી નથી, દરેકની બુદ્ધિ કક્ષા અને માત્ર ભિન્ન હોય છે. માટે જ કહેવાયું કે, વ્યક્તિગત ભિન્નતાએ કક્ષાભેદ છે.

**(3) વ્યક્તિગત ભિન્નતા વિકાસ દર બાબતે**

કોઈપણ વ્યક્તિ કે પદાર્થના વિકાસની શરૂઆત,તેમજ તેનો અંત એકબીજાથી ભિન્ન હોય છે.

દા.ત. રાજુ નામના બાળકની અર્થગ્રહણ શક્તિ ધીમે ધીમે વધે છે જ્યારે બીજા બાળકની તે શક્તિ ઝડપથી વિકસે છે. આમ શીખવાની ઝડપ, ગ્રહણશક્તિ, કૌશલ્ય વિકાસ વગેરે બાબતમાં વ્યક્તિઓ વચ્ચે ઘણી ભિન્નતાઓ જોવા મળે છે.

**(4) વ્યક્તિગત ભિન્નતાઓ માપનક્ષમ છે.**

વ્યક્તિગત ભિન્નતાઓ માપી ન શકાય તેમ નથી, તેનું પણ માપન શક્ય છે. જે રીતે શારીરિક ભિન્નતા માપવા માટે ઘણાં સાધનો છે. તે રીતે માનસિક અને વર્તન સંબંધિત ભિન્નતા માપવા માટે ઘણી મનોવૈજ્ઞાનિક કસોટીઓની રચના થઈ ચુકી છે. જે વ્યક્તિગત ભિન્નતાને માપનક્ષમ બનાવે છે.

## 4.5 વ્યક્તિગત ભિન્નતાના પ્રકારો :

દરેક વ્યક્તિ પોતાની એક આગવી છાપ કે ઓળખ ધરાવે છે. તમામ વ્યક્તિઓ વચ્ચે ઘણા પ્રકારની અસમાનતાઓ પ્રવર્તતી હોય છે. જેને કારણે તેઓમાં વ્યક્તિગત ભિન્નતા જોવા મળે છે. આવી જ ભિન્નતાઓને નીચે આપેલ પ્રકાર પ્રમાણે વર્ગીકૃત કરી શકાય છે.

**(1) શારીરિક બનાવટમાં અંતર (Difference in physical Structure)**

સંસારમાં પ્રત્યેક વ્યક્તિ શારીરિક બનાવટના આધાર પર પ્રાથમિક રીતે એકબીજાંથી અલગ છે, આના આધાર પર શારીરિક ગઠન, રૂપ, રંગ, સ્વાસ્થ્ય, લાંબા-ટૂંકા વગેરે હોય છે. શારીરિક બનાવટના આધાર પર ક્રેશમરે (Kretshmer) એ તમામ વ્યક્તિઓને 3 ભાગમાં વહેંચ્યા છે.

**(અ) અસ્થેનિક (Asthenic)** આ પ્રકારના વ્યક્તિઓનું શારીરિક ગઠન ઘણું કમજોર હોય છે, આવા લોકો દુબળા, પાતળા, લાંબા અને પાતળી છાતીવાળા હોય છે.

**(બ) એથલેટિક (Athletic)** આ પ્રકારના વ્યક્તિઓનું શારીરિક ગઠન ઘણું સારું હોય છે, પહોળી છાતી, મજબૂત ખભા તેમજ માંસ-પેશીઓ કસાયેલી મજબૂત હોય છે.

**(ક) પિકનિક (Picinic) :** આ પ્રકારના વ્યક્તિઓ જાડા હોય છે, તેઓની લંબાઈ ઓછી અને જાડાપણું (મોટાઈ) વધારે હોય છે.

### (2) માનસિક ભિન્નતા (Mental Differences)

સંસારના તમામ લોકો (વ્યક્તિઓ) પોતાની અલગ-અલગ માનસિક ભિન્નતા ધરાવે છે, કદાચ એ સરખા પણ હોય તો, તેમની માનસિક શક્તિઓના ઉપયોગમાં એક નથી જેથી સમજી શકાય છે કે તમામ માનસિક ભિન્નતાઓની દૃષ્ટિએ એકમેકથી અલગ છે.

### (3) સંવેગાત્મક ભિન્નતા (Emotional Differences)

તમામ વ્યક્તિઓમાં સંવેગો જોવા મળે છે. પરંતુ તેનો ઉપયોગ અને ગુણ અલગ-અલગ આના આધાર પર જ વ્યક્તિઓમાં ભિન્નતા જોવા મળે છે. શેલ્ડને પોતાના અભ્યાસ દ્વારા નીચે પ્રમાણે ભેદ કર્યા છે.

**(અ) વિસરોટીનિયા :** શાંત પ્રકૃતિ, આરામ પસંદ, ભોજન પ્રિય અને સમાજ પ્રિય હોય છે.

**(બ) સોમેટોટોનિયા :** સ્વ આગ્રહી, દઢ નિશ્ચયી અને નિદર્ય સ્વભાવવાળા હોય છે.

**(ક) સેરેબ્રોટોનિયા :** સંવેદી, ચિંતા કરવાવાળા, દમિત અને એકાંતપ્રિય હોય છે.

### (4) રુચિઓમાં ભિન્નતા (Differences in tevest)

રૂચિઓના કારણે દરેક વ્યક્તિઓમાં ભિન્નતા હોય છે, પ્રત્યેક વ્યક્તિ ખેલકૂદ, વાંચન, શિક્ષણ, મનોરંજન, ભાષણ વગેરે અલગ અલગ ક્ષેત્રોમાં રૂચિ ધરાવતા હોય છે, ટૂંકમાં રૂચિની બાબતની ભિન્નતા એ વ્યક્તિગત ભિન્નતા ઊભી કરનાર સબળ પ્રકાર છે.

## 4.7 વ્યક્તિગત ભિન્નતાના કારણો :

વ્યક્તિગત ભિન્નતાનો મર્મ સમજવા માટે આ ભિન્નતાઓ કેમ ઉદ્ભવે છે તે જાણવું ઘણુ જરૂરી છે. જેને માટે તેના કારણો જાણીશું. વ્યક્તિને વ્યક્તિથી ભિન્ન પાડતાં ઘણાં બધાં કારણો કે પરિબળો હોય છે. પરંતુ પ્રસ્તુત એકમમાં આપણે મુખ્ય કારણોની ચર્ચા કરીશું.

### (અ) જ્ઞાતિભેદ (Caste)

ભારત વર્ષમાં ઘણાં વર્ષો પછી ભારતીય પ્રજા અલગ - અલગ જ્ઞાતિઓમાં વિભાજીત થઈ જીવી રહી છે, જેમાં કેટલીક ઉચ્ચ અને કેટલીક નિમ્ન ગણાઈ, ઉચ્ચ જ્ઞાતિના સમાજમાં બાળકોને તમામ પ્રકારની સુવિધાઓ પ્રાપ્ત થઈ. જ્યારે નિમ્ન સ્તરે મહદઅંશે સુવિધાઓથી વંચિતતા રહી, આનુ કારણ માત્ર જ્ઞાતિભેદ ગણાય છે, વધુ આગળ વાસ્તવિક કારણ તરફ વળીએ તો ઘરનું વાતાવરણ ઘણો ખરો ભાગ ભજવે છે, સમાજ નો પણ ઘણો મોટો હિસ્સો છે, તમામ સ્તરે યોગ્ય સમાજ, ઘર, શાળા, પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ થાય તો બાળકો પોતાની તેજસ્વિતા દર્શાવે છે.

### (બ) સંસ્કૃતિભેદ (Culture)

ભારત વર્ષમાં આપણે સંસ્કૃતિને જુદાં-જુદાં ભાગોમાં વહેંચીને સમજી શકીએ, જેવી કે શહેરી-ગ્રામ્ય સંસ્કૃતિ, રહેણીકરણી, રીત, ઢબ, પોષાક, બોલી, ભાષા વગેરેમાં અલગ સંસ્કૃતિથી આવતાં વ્યક્તિઓ, એકબીજાથી ભિન્ન તરી આવે છે, જેનો શ્રેય કઈ સંસ્કૃતિથી વ્યક્તિ આવે છે તેના પર નિર્ભય હોય છે.

### (ક) વારસો

પૂર્વજો તેમજ માતા-પિતા પાસેથી ઘણાં ગુણ, સંસ્કાર અને લક્ષણો બાળકોને વારસામાં મળે છે. વ્યક્તિઓ વચ્ચે ઉંચાઈ, બાંધો, રંગ, બુદ્ધિ, શક્તિ વગેરેના તફાવત માટે વારસાગત તત્ત્વો અને જનીન તત્ત્વો જવાબદાર હોય છે સાથે વ્યક્તિઓના સ્વભાવની ભિન્નતા પણ વારસાને આભારી છે. મહદંશે વ્યક્તિત્વ વારસાગત હોય છે.

(ક) વાતાવરણ (Environment)

ઉપર જણાવેલ પરિબળો સિવાય વાતવરણ પણ વ્યક્તિગત ભિન્નતા દર્શાવતું અગત્યનું પરિબળ છે. બાળકના ગર્ભાધાનથી લઈ વિદ્યાભ્યાસ સુધી એને જે પ્રમાણેનું વાતાવરણ પ્રાપ્ત થયું હોય એવો તેનો વિકાસ થાય. દા.ત. જીજાબાઈ હાલરડાથી લઈ, તેઓના પુત્ર શિવાના વિદ્યાભ્યાસ સુધીનું વાતાવરણ સમાજને છત્રપતિ શિવાજીની ભેટ આપી શક્યું. આનું માત્રને માત્ર કારણ વાતાવરણ, વ્યક્તિને જેવાં માહોલ (વાતાવરણ)માં ઉછેરવામાં આવે તેની અસર વ્યક્તિત્વ પર ચોક્કસ જોવા મળે છે.

## 4.8 વ્યક્તિગત ભિન્નતાના શૈક્ષણિક ફલિતાર્થ : (વ્યક્તિગત ભિન્નતાને અનુરૂપ શિક્ષણ વ્યવસ્થા)

વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે જોવા મળતી વ્યક્તિગત ભિન્નતાને ધ્યાનમાં રાખી, તેના માટેની શિક્ષણ વ્યવસ્થા અથવા તો શિક્ષણનું આયોજન કેવું હોવું જોઈએ, જે નીચે બતાવેલ તથ્યોના આધાર પર જોઈશું.

**(1) વિદ્યાર્થી વર્ગીકરણ (Student Classification)**

એક જ વર્ગમાં ભણતાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અલગ-અલગ પારિવારિક પૃષ્ઠભૂમિ, ઉંમર, રસ તેમજ બુદ્ધિના હોય છે. આવા અલગ-અલગ સ્તરના બાળકોને એક જ રીતે શિક્ષણ આપવું એમના વિકાસ માટે યોગ્ય નથી. જેથી આપણે વર્ગને, વિદ્યાર્થીને અલગ-અલગ ક્ષમતા પ્રમાણે સ્તર બનાવી શિક્ષા આપવાની ગોઠવણ કરવી જોઈએ.

**(2) વ્યક્તિગત શિક્ષણ (Individual Teaching)**

વર્તમાન સમયમાં વ્યક્તિગત શિક્ષણ શક્ય નથી. તો પણ માનસિક યોગ્યતાના આધાર પર સામૂહિક શિક્ષણની પણ કોઈ ઉપયોગિતા નથી રહેતી. આપણા દેશમાં વ્યક્તિગત શિક્ષણ, વર્ગકાર્ય ઉપરાંત આપી શકાય છે. આમ કરવાથી બાળકમાં રહેલી જે તે વિષયને લગતી નબળાઈ અને શંકાઓને દૂર કરી શકવાને શિક્ષકો સમર્થ થશે.

**(3) ઉપયોગી શિક્ષણ વિધિઓ (Suitable Teaching Methods)**

વર્ગખંડમાં વિદ્યાર્થીઓને શિક્ષણ કેવી રીતે આપવું એ એક સમસ્યા બનતી જાય છે, તમામ વિદ્યાર્થીઓને એક જ પદ્ધતિથી શિક્ષણ આપવું શક્ય નથી, જેથી શિક્ષકે પોતાના વર્ગના વિદ્યાર્થીઓના રસ-રુચિ-વલણને આધારે યોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ કરી શિક્ષણ પૂરું પાડવું જોઈએ. જેથી વિદ્યાર્થીઓ સંતુષ્ટ થઈ શકે અને શિક્ષકો પણ વિદ્યાર્થીઓના યોગ્ય વિકાસમાં પોતાનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે.

**(4) ગૃહકાર્ય (Home work)**

વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપવા પાછળનો એક માત્ર હેતુ, વિદ્યાર્થીઓ શીખેલ પાઠને પાકો કરી શકે, ગૃહકાર્ય વિદ્યાર્થીની યોગ્યતા અનુસાર આપવું યોગ્ય ગણાય. વિદ્યાર્થીની યોગ્યતા અનુસાર એમા પરિવર્તન કરવું જરૂરી છે. જેથી ગૃહકાર્ય આપતી વખતે શિક્ષક ઘણી ચોક્કસાઈથી કામ કરવાનું રહે છે.

**(5) બહુઉદ્દેશીય પાઠ્યક્રમ (Multipurpose Curriculum)**

વર્ગની ભિન્નતાને ધ્યાનમાં રાખી પાઠ્યક્રમની રચના કરવી જરૂરી છે. જેથી તમામ વિદ્યાર્થીઓ પોતાની પસંદગી અનુસાર પસંદ કરી, જ્ઞાન પ્રાપ્તિમાં સફળ બને પાઠ્યક્રમ નીચેની બાબતોને ધ્યાનમાં રાખી બનાવવો જરૂરી રહે છે :

**(અ) સંપૂર્ણ વ્યક્તિત્વ (Whole Personality)**

વિદ્યાર્થીઓના જીવનની કઈ આવશ્યકતાઓ, કયું જ્ઞાન પૂર્ણ કરી કરી શકે છે, તે બાબતો વિદ્યાર્થીઓના પાઠ્યક્રમમાં સામેલ થવી જરૂરી છે.

**(બ) વ્યાવસાયિકતા (Vocationarity)**

પાઠ્યક્રમનું નિર્ધારણ કે રચના નક્કી કરેલ વ્યાવસાયિક વ્યવસ્થાના આધાર પર હોવી જરૂરી છે. જેથી વિદ્યાર્થીઓ માટે બેરોજગારીનો પ્રશ્ન જ ઉપસ્થિત ન થાય.

**(ક) સમાયોજનશીલતા (Adjustability)**

વિદ્યાર્થીઓના જીવનમાં એકરસતા પ્રસ્થાપિત કરવામાં સમાયોજનનું અનેરું મહત્ત્વ છે. એના દ્વારા વિદ્યાર્થીઓમાં જીવન પ્રત્યે રુચિ અને આત્મવિશ્વાસ ઉત્પન્ન થશે.

**(ડ) આંતરરાષ્ટ્રીય સદ્ભાવના (International Integration)**

આજના વર્ગમાં ભણતો વિદ્યાર્થી આપણા દેશનો જ નાગરિક નથી, પરંતુ તે માનવસમાજનો સદસ્ય છે. આવી ભાવના તેનામાં વિકસવી જોઈએ તેવાં પાઠ્યક્રમનું નિર્માણ થવું જરૂરી છે.

## 4.9 સારાંશ :

શિક્ષણનાં ક્ષેત્રમાં એક જ શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓને, નક્કી થયેલ અભ્યાસક્રમ ભણાવવામાં આવે છે. તેમ છતાં વિદ્યાર્થીની સફળતામાં ઘણું અંતર હોય છે આમ કેમ ? આનો જવાબ શૈક્ષણિક મનોવિજ્ઞાને આપ્યો જેના પરિણામે શિક્ષકે વ્યક્તિગત ભિન્નતાનાં અર્થ-સ્વરૂપ, લક્ષણોને સમજી તેનાં કારણો જાણી તેને અનુરૂપ કેવી શિક્ષણ વ્યવસ્થા અમલમાં મુકવી તેવી બાબતો પ્રસ્તુત એકમમાં આપણે જોઈ. આશા રાખીએ કે શિક્ષકો વ્યક્તિગત ભિન્નતાથી ઉદ્ભવતી વિદ્યાર્થીઓની મોટાભાગની સમસ્યાઓને આ એકમના અભ્યાસ પછી, સફળતામાં પરિવર્તન લાવી વિદ્યાર્થીના વિકાસમાં ચાર ચાંદ લગાવી દેશે

## 4.10 તમારી પ્રગતિ ચકાસો

(1) આપના મતાનુસાર વ્યક્તિગત ભિન્નતાને અનુરૂપ કેવી શિક્ષણ વ્યવસ્થા હોવી જોઈએ.?

(2) બહુ ઉદ્દેશ્ય પાઠ્યક્રમમાં ધ્યાનમાં રાખવાની બાબતોની ચર્ચા કરો.

## 4.11 નિબંધ પ્રકારના પ્રશ્નો (ઉત્તરના મુદ્દા સહિત) (12)

પ્ર.1 વ્યક્તિગત ભિન્નતામાં શૈક્ષણિક ફલિતાર્થની ચર્ચા કરો.

**મુદ્દા**

(1) વિદ્યાર્થી વર્ગીકરણ

(2) વ્યક્તિગત શિક્ષણ

(3) ઉપયોગી શિક્ષણ વિધિ

(4) ગૃહકાર્ય

(5) બહુઉદ્દેશ્ય પાઠ્યક્રમ

(6) સંપૂર્ણ વ્યક્તિત્વ

(7) વ્યાવસાયિકતા

(8) સમાયોજનશીલતા

(9) આંતરરાષ્ટ્રીય સંદ્ભાવના

પ્ર.2 વ્યક્તિગત ભિન્નતાના કારણો

મુદ્દા (1) જ્ઞાતિભેદ

(2) સંસ્કૃતિભેદ

(3) વારસો

(4) વાતાવરણ

**ટૂંકા પ્રશ્નો** **(6)**

(1) વ્યક્તિગત ભિન્નતાના લક્ષણો

(2) ઉપયોગી શિક્ષણ વિધિઓ જણાવો.

**અતિ ટૂંકા પ્રશ્નો** **(2)**

(1) વ્યક્તિગત ભિન્નતાનો અર્થ શું છે.

(2) વ્યક્તિગત ભિન્નતાનો એક ઉદ્દેશ્ય જણાવો.

**હેતુલક્ષી પ્રશ્નો** **(1)**

(1) સમાયોજનશીલતા એટલે શું ?

(A) શાંત પ્રકૃતિ (B) સ્વગ્રાહી

(C) સંવેદિ (D) ક્રોધી

## 4.12 સ્વાધ્યાય

(1) વ્યક્તિગત ભિન્નતા ધરાવતી પાંચ વ્યક્તિઓના લક્ષણો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) માનસિક ભિન્નતાને ઉદાહરણ સહિત સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-101
# અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન

## વિભાગ
## 2

## અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન

**એકમ-5** અધ્યયન પ્રતિક્રિયા

**એકમ-6** વૈયક્તિક અધ્યયન માટેની ટેકનોલોજી

**એકમ-7** અધ્યયન શૈલી

**એકમ-8** ઝડપી અને ધીમી ગતિએ શિક્ષણ

# ES-101, અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન (વિભાગ-2)


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. હિરલકુમાર એમ. બારોટ** | શેઠ એમ.એન. સી. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ, વડોદરા. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રાજુભાઈ એલ. પારગી** | સર્વોદય કૉલેજ ઓફ એજ્યુકેશન, ડેરોલ સ્ટેશન, જી. પંચમહાલ |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. શામળભાઈ એલ. સોલંકી** | એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-041-0**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-101 અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન


**વિભાગ-1 અધ્યેતાનો વિકાસ**

એકમ-1 વૃદ્ધિ અને વિકાસની લાક્ષણિકતાઓ

એકમ-2 વ્યક્તિત્વ વિકાસ

એકમ-3 જ્ઞાનાત્મક અને ભાષાકીય વિકાસ

એકમ-4 અધ્યેતાની વ્યક્તિગત ભિન્નતા

**વિભાગ-2 અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન**

એકમ-5 અધ્યયન પ્રતિક્રિયા

એકમ-6 વૈયક્તિક અધ્યયન માટેની ટૅકનોલોજી

એકમ-7 અધ્યયન શૈલી

એકમ-8 ઝડપી અને ધીમી ગતિએ શિક્ષણ

**વિભાગ-3 અધ્યેતા માહિતીનાં સંસ્કરણ કર્તા તરીકે**

એકમ-9 માહિતીના સ્વરૂપો

એકમ-10 અધ્યેતાના મનોવૈજ્ઞાનિક લક્ષણો

એકમ-11 અધ્યેતાનું સામાજિક મનોવિજ્ઞાન

એકમ-12 અધ્યેતાની સમસ્યાઓ

**વિભાગ-4 અધ્યેતાને સલાહ અને માર્ગદર્શન**

એકમ-13 અધ્યેતાને સલાહ અને માર્ગદર્શન

એકમ-14 માર્ગદર્શનની જરૂરિયાત

એકમ-15 સલાહદર્શન સેવાનું મૉડેલ

એકમ-16 વિશેષ જરૂરિયાતવાળા બાળકો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઊચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઊચિત આલેખન થવું જોઈએ.

**દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.**

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઊચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

**એકમ 5**

# અધ્યયન પ્રતિક્રિયા

## : રૂપરેખા :


**5.1 ઉદ્દેશ્યો**

**5.2 એકમનાં પારિભાષિક શબ્દો**

**5.3 પ્રસ્તાવના**

**5.4 અધ્યયનની સંકલ્પના, વ્યાખ્યાઓ**

**5.5 અધ્યયન પર અસર કરતાં પરિબળો**

- **અધ્યેતા સંબંધી પરિબળો**
- **મનોવૈજ્ઞાનિક પરિબળો**
- **અધ્યાપક સંબંધી પરિબળો**
- **વિષયવસ્તુ સંબંધી પરિબળો**
- **ઘર સંબંધી પરિબળો**
- **શાળા સંબંધી પરિબળો**
- **અધ્યાપન પ્રક્રિયા સંબંધી પરિબળો**
- **અધ્યયન પદ્ધતિ સંબંધી પરિબળો**
- **અધ્યયન સામગ્રીને લગતાં પરિબળો**
- **વારસા સંબંધી પરિબળો**
- **પર્યાવરણ સંબંધી પરિબળો**

**5.6 અધ્યયનના નિયમો**

**5.7 પ્રયત્ન અને ભૂલ દ્વારા અધ્યયનના શૈક્ષણિક ફલિતાર્થ**

**5.8 સારાંશ**

**5.9 તમારી પ્રગતિ ચકાસો**

**5.10 નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તરો મુદ્દા સાથે**

**5.11 સ્વાધ્યાય**


## 5.1 ઉદ્દેશો

- અધ્યયન એ અનુભવોનો સમૂહ છે, જેના દ્વારા માનવ તેના વર્તનમાં પરિવર્તન લાવી શકશો.
- અધ્યયન દ્વારા વિધાયક અને નિષેધાત્મક પરિવર્તન લાવી શકશો.
- અધ્યયન એ પ્રગતિશીલ અનુકૂલન લાવી શકશો.
- અધ્યયન વ્યક્તિને વાતાવરણ સાથે અનુકૂલન સાધવા તૈયાર કરી શકશો.
- અધ્યયન એ સહેતુક લક્ષ્યગામી પ્રવૃતિ ને વેગવાન બનાવી શકશો.

## 5.2 એકમના પારિભાષિક શબ્દો

(1) પ્રવર્તન - પુનરાવર્તન

(2) ઉંમર - વય

(3) સાંવેગિક સંતુલન - સંયમી

(4) અર્થમયતા - શિક્ષકે અર્થપૂર્ણ વાણી અને વિધાનોની ઉપયોગ કરવો.

(5) અનુબંધ - અન્ય વિષયો સાથેનો સહસંબંધ

(6) ભાવાવરણ - વાતાવરણ

(7) આર્થિક હોદો - આર્થિક દરજ્જો

(8) અંતર-કૃત અધ્યયન - થોડા-થોડા સમયાંતરે વિરામ રાખીને પુનરાવર્તન

(9) આહ્‌લાદક - ત્રાસજનક પ્રવૃત્તિ

## 5.3 પ્રાસ્તાવિક

અધ્યયન એક પ્રક્રિયા છે. આ પ્રક્રિયાની ફલશ્રુતિરૂપે વ્યક્તિના વર્તનમાં ચોક્કસ પ્રકારનાં પરિવર્તનો આવે છે.તેને આપણે અધ્યયનની નીપજ કે નિષ્પતિ કહીએ છીએ.

અધ્યયન એક માણસનો સ્વભાવ છે અધ્યયનું મનોવિજ્ઞાનમાં ઘણું મહત્ત્વનું સ્થાન છે. આપણા જીવનની વ્યવહાર ક્રિયાઓ જેવી કે ખાવું-પીવું, બેસતા શીખવું, ચાલતાં શીખવું, હસવું આ બધી ક્રિયાઓ બાળક શીખે છે. આ ક્રિયાઓ કેટલીકવાર જાગ્રતપણે કે અજાગ્રતપણે ચાલ્યા કરે છે.

જીવનની કોઈ પ્રક્રિયા સાહજિક રીતે ચાલ્યા કરે ત્યારે એ અંગે ઝાઝો વિચાર કરવાની ભાગ્યેજ જરૂર રહે છે. શ્વાસ લેવા મટે સંકલ્પ કરવાની કે એ અંગે યોજના ઘડવાની જરૂર નથી પડતી. શ્વાસોશ્વાસની પ્રક્રિયા સાહજિક રીતે ચાલ્યા કરે છે. પરંતુ ઊંડા શ્વાસ લેવા માટે પ્રયાસની જરૂર પડે છે. એમ કરતી વખતે એક પ્રકારની સભાનતા રહે છે. અધ્યયનની પ્રક્રિયા પણ કંઈક આવી જ છે. એ નિરંતર અનાયાસ રીતે ચાલ્યા જ કરે છે. આમ છતાં, તે વધુ કાર્યક્ષમ બને એ માટે સભાન પ્રયત્નને પુરેપુરો અવકાશ છે.

અધ્યયન વિશે જનસમાજમાં અનેક સાચા ખોટા ખ્યાલો પ્રવર્તે છે. કેટલાંક સમીકરણો મનમાં એવા તો ગોઠવાઈ જાય છે કે, એમને અતિક્રમીને વિચારવાનું કયારેક મુશ્કેલ બની જાય છે. આવા સમીકરણો આપણી સમાજને કુંઠિત કરે છે. વૈચારિક સ્પષ્ટતાને બુઠ્ઠી બનાવે છે.

દા.ત.

સમીકરણ -1 શીખવું - સાંભળવું (Learning = Listening)

સમીકરણ -2 શીખવવું - બોલવું (Teaching = Teling)

સમીકરણ -3 શિક્ષણ - નિશાળ (Education = Schooling)

અધ્યયનની પ્રક્રિયા જેટલી વિશાળ છે. તેટલી જ સૂક્ષ્મ અને સંકુલ પણ છે અધ્યયન પ્રક્રિયા માત્ર નિશાળમાં જ ચાલે છે. એવું નથી અધ્યયન પ્રક્રિયાની નિશાળ ખૂબ વિશાળ છે. ધર્મની વિભાવના મંદિરમાં સમાઈ જતી નથી ન્યાયની વિભાવના ન્યાયાલય પૂરતી નથી. જ્ઞાનની વિભાવના પુસ્તકાલયમાં પુરાઈ જતી નથી. એજ રીતે અધ્યયન પ્રક્રિયા પણ અભ્યાસક્રમ, પરીક્ષા, સમયપત્રક, શાળા અને શિક્ષક પુરતી મર્યાદિત નથી. એમા વ્યક્તિની આજુબાજુનું સામાજિક, ભૌતિક પર્યાવરણ પણ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે.

ઇ.સ.1879 વૂન્ડરે જર્મનીના લિપઝીંગ શહેરમાં મનોવિજ્ઞાનની પ્રયોગશાળા સ્થાપી. ત્યારથી આવા પ્રયત્નોની શરૂઆત થઈ એમ કહી શકાય. છેલ્લા એકાદ દાયકામાં આવા પ્રયત્નોને પરિણામે અનેક નવી નવી વિચારધારા અસ્તિત્વમાં આવી. આ વિચારધારાઓએ અધ્યયનની પ્રક્રિયાને સમજવામાં નહી પરંતુ એને વધુ અર્થપૂર્ણ કાર્યક્ષમ બનાવવામાં પણ મહત્ત્વનો ફાળો આપ્યો.

રશિયામાં પાવલોવના પ્રયત્નોએ જાણે સૌને એક નવા જ ઉઘાડ સામે ઊભા કરી દીધાં, એજ રીતે જર્મનીમાં ગેસ્ટાલ્ટ વિચારધારાનો જન્મ થયો અને અધ્યયન વિશે એક અનોખું દૃષ્ટિબિંદુ પ્રાપ્ત થયું.

જિન પિયાજે, બ્રુનર, સ્કિનર અને આસુબેલ જેવાં મનોવિજ્ઞાનીઓના પ્રદાનને પરિણામે વર્ગખંડોમાં ચાલતી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાથી આવિસ્કાર થયો હતો.

## 5.4 અધ્યયનની સંકલ્પના :

અમીબાથી માંડીને આદમ સુધીના બધા જીવ પ્રતિક્ષણ પોતાના વર્તનમાં ફેરફાર કરે છે. પરિસ્થિતિ પ્રમાણે પોતાના વર્તનમાં ફેરફાર કરવાનું પ્રાણી માત્ર માટે અનિવાર્ય છે. બાળક જન્મે છે ત્યારથી જ તેની શીખવાની ક્રિયાની શરૂઆત થાય છે.

બાળક સળગતા કોલસાને જુએ છે અને તેને પકડતા દાઝી જાય છે. 'દાઝવાનો' આ 'અનુભવ' ભવિષ્યમાં તેને સળગતા કોલસા તરફ ન જવાનું શીખવી જાય છે. બાળક જીવનની શરૂઆતમાં આ રીતે અનૌપચારિક શિક્ષણ મેળવતું મેળવતું ઘડાતું જાય છે.

બાળક પાંચ વર્ષનું થાય અને શાળામાં જવાની શરૂઆત કરે ત્યાં સુધી તો એ કેટલાયે પાયાના અધ્યયન-અનુભવો મેળવી ચૂક્યું હોય છે. માબાપને તો આ છુપી અધ્યયન પ્રક્રિયાનો અણસાર સરખોય મળતો નથી.

'સોક્રેટિસને એકવાર કોઈકે પૂછ્યુ : મારા બાળકને શિક્ષણ આપવાનું ક્યારે શરૂ કરવું ? સોક્રેટિસ બાળકની ઉંમર પૂછી પેલાએ ઉત્તર આપ્યો પાંચ વર્ષ સોક્રેટિસ હસતાં હસતાં કહ્યું :

'તમારા બાળકની શિક્ષણ શરૂ કરવાની ઉંમર તો ક્યારની વીતી ગઈ છે.'

ગાંધીજી, રૂસો, વિનોબાજીએ પણ અધ્યયનની વાત આપણી સમક્ષ રજૂ કરી છે. શાળા-મહાશાળામાં ભણનારને જ ભણેલો કહેવો નહીં કારણકે કબીર, રામકૃષ્ણ પરમહંસ, નરસિંહ મહેતા, મીરાં, મહંમદ પયગંબર. કઈ ઔપચારિક શાળામાં ભણવા ગયા હતા ? શાળામાં ન જનાર આ વ્યક્તિઓએ પોતાના ઉત્તમ કૌશલશક્તિઓ દ્વારા બતાવી આપ્યું છે કે, અનુભવની શાળાથી જ શીખાય છે. અધ્યયન એ તો માતાના ગર્ભથી શરૂ કરીને સ્મશાન સુધી ચાલતી પ્રક્રિયા છે.

**વ્યાખ્યાઓ :**

(1) "અનુભવને પરિણામે વર્તનમાં જે ફેરફાર થાય છે. તે દ્વારા અધ્યયનને બતાવી શકાય."
ક્રોનબેક

(2) "(અધ્યયન એટલે) મહાવરાને પરિણામે વર્તનમાં થતો ફેરફાર." - આર.એ. ચેમ્પિયન

(3) "જ્ઞાન અને વલણો પ્રાપ્ત કરવાં તેનું નામ અધ્યયન" - ક્રો એન્ડ ક્રો

(4) અધ્યયન એટલે એવો અનુભવ જે વ્યક્તિની ક્રિયાઓ પર અસર કરીને તેના વર્તનમાં ફેરફાર આવશે. - થોમસ ઇ. ક્લેટોન

(5) "વ્યક્તિના કાર્યોમાં એક સ્થાયી પરિવર્તન એટલે શીખવું." - બર્ન હર્ટ

(6) "Learning is a process of progressive behaviour adoptation." - Skinner

(7) "શિક્ષણ એક એવી પ્રક્રિયા છે કે જેમાં વ્યક્તિ પોતાના વિવિધ પ્રતિવ્યાપારાનું સંગઠન અને સંકલન કરી નવીન ભાતો નીપજાવે છે." - ગેરેટ

(8) "અધ્યયન એવો અનુભવ કે વ્યક્તિની ક્રિયાઓ પર અસર કરીને તેના વર્તનમાં ફેરફાર લાવે." - કેલેટોન

(9) "શીખવું એટલે આસપાસની સૃષ્ટિમાં બનતી ઘટનાઓ તેમજ આપણા વર્તનના પરિણામોમાં ઓછે વત્તે અંશે કાયમી રીતે સ્વયં પરિવર્તન લાવવાની ક્રિયા." - મન

(10) "મારે મન અધ્યયન એટલે મહાવરાની વધુ સ્થાયી અસરો અને તેનાથી વર્તનમાં થતાં ફેરફારો." - ઈ.આર.ગ્રથી

## 5.5 અધ્યયન પર અસર કરતાં પરિબળો

અધ્યયન એક પ્રક્રિયા છે. આ પ્રક્રિયાની ફલશ્રુતિરૂપે વ્યક્તિના વર્તનમાં ચોક્કસ પ્રકારનાં પરિવર્તનો આવે છે. તેને આપણે અધ્યયનની નીપજ કે નિષ્પત્તિ કહીએ છીએ. અધ્યયન પર વિવિધ

પરિબળો અસર કરે છે. આ પરિબળોનું વર્ગીકરણ વિવિધ મનોવિજ્ઞાનીઓએ પોતાની આગવી રીતે કર્યું છે.

I અધ્યેતા સંબંધી પરિબળો

II મનોવૈજ્ઞાનિક પરિબળો

III અધ્યાપક સંબંધી પરિબળો

IV વિષયવસ્તુ સંબંધી પરિબળો

V ઘર સંબંધી પરિબળો

VI શાળા સંબંધી પરિબળો

VII અધ્યયન પ્રક્રિયા સંબંધી પરિબળો

VIII અધ્યયન પદ્ધતિ સંબંધી પરિબળો

IX અધ્યયન સામગ્રીને લગતાં પરિબળો

X પર્યાવરણ સંબંધી પરિબળો

**I. અધ્યેતા સંબંધી પરિબળોઃ**

**(1) પરિપક્વતા :** શાળામાં શીખવવાની પ્રક્રિયામાં બાળકની પરિપકવતા મહત્ત્વનો ભાગ ભજવે છે. ગેસેલ નામના મનોવિજ્ઞાનીએ બે જોડીયાં બાળકોને દાદર ચઢતાં શીખવવાનો પ્રયોગ કરી સાબિત કર્યું કે, પરિપક્વતા ન આવી હોય ત્યાં સુધી શિક્ષણ આપવાથી વધુ સમય અને શક્તિ વેડફાય છે.

**(2) વય :** બાલ્યાવસ્થામાં કે યુવાવસ્થામાં અધ્યયનની ક્ષમતા વધારે હોય છે. વૃદ્ધાવસ્થામાં શીખતાં વાર લાગે છે. કેટલાંક વિષયો નાની ઉંમરમાં તો કેટલાંક પુખ્ત વયે સારી રીતે શીખે છે. માનસિક વિકાસ 23 વર્ષની ઉંમર સુધી ચાલ્યા કરે છે.

**(3) જરૂરિયાત :**

જરૂરિયાત એ એવી બાબત છે. જે ઉપલબ્ધ કરાવવામાં આવે તો તે બાળકના સામાન્ય વર્તનને સરળ બનાવે છે શાળામાં બાળકોની શારીરિક જરૂરિયાતો તૃપ્ત ન થાય ત્યાં સુધી તેઓ કોઈ બૌદ્ધિક ચિંતન કરે એવી અપેક્ષા રાખવામાં આવતી નથી. ભૂખ્યાં બાળકો જ્ઞાનની પ્રાપ્તિ પર ધ્યાન કેન્દ્રિત કરવા કરતાં અન્નની પ્રાપ્તિમાં વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે.

**(4) સ્મૃતિ :** અધ્યેતાની સ્મૃતિ જેટલી કાર્યક્ષમ હોય તેટલા પ્રમાણમાં અધ્યયન સારી રીતે કરી શકે છે,જો કોઈને સ્મૃતિ નબળી હોય તો અધ્યયન પર વિપરીત અસર પડે છે.

**(5) સ્વાસ્થ્ય :** અધ્યયનની અસરકારકતાનો આધાર અધ્યેતાની તંદુરસ્તી પર રહેલો છે. માંદો - રોગી કે શારીરિક ખોડખાપણ અધ્યયનને નબળુ બનાવે છે. દા.ત. માથું દુઃખવું, દાંત દુખતો હોય કે તાવ આવતો હોય તો પણ અધ્યયન કરવામાં ધ્યાન રહેતું નથી.

**(6) બુદ્ધિ :** બુદ્ધિ કસોટી પરના IQ પ્રાપ્તાંક દ્વારા વ્યક્ત થયેલ બુદ્ધિ અધ્યયન સાથે હકારાત્મક પણે સંકળાયેલી છે. સામાન્ય રીતે જેનો બુદ્ધિ આંક ઉચ્ચ IQ ધરાવતાં વિદ્યાર્થીઓ ઝડપથી શીખે છે. પરંતુ ઉચ્ચ IQ એ ત્વરિત અધ્યયનની ખાતરી આપતું નથી. કારણકે વિદ્યાર્થીઓને અન્ય પરિબળો જેવાં કે જરૂરિયાતો, રૂચિ, અભિપ્રેરણા વગેરે ખૂબ જ મહત્ત્વ ધરાવે છે.

**(7) અભિરુચિઓ :** બાળક જેમ જેમ મોટું થાય છે તેમ, તેની રુચિઓ વધે છે અને સ્થિર થાય છે. તેથી એક શાળાશિક્ષક બાળકની રુચિઓનું વિસ્તૃત જ્ઞાન તમારી પાસે હોવું જોઈએ. દા.ત. એક ખેડૂત, એક કલાકાર અને વનસ્પતિશાસ્ત્રી એક સાથે પર્વત પર ઊભા છે અને નીચેના કુદરતી સૌંદર્યને પોતપોતાની નજરે નીરખે છે અને તેની કલ્પનાઓ કરે છે. ખેડૂતની પ્રાથમિક કલ્પના ઉપજ અને જમીનની ફળદ્રુપતા છે. કલાકાર સૌંદર્યઉપાસવાની કલ્પના કરે છે અને

વનસ્પતિશાસ્ત્રી વનસ્પતિઓને સજીવો પ્રત્યેના સંબંધોને જુએ છે. આ તેમની પોતપોતાની અભિરુચિ છે.

**(8) વલણો :** વિષય પ્રત્યેનું બાળકનું વલણ તેની વિષય સિદ્ધિ પર અસર કરે છે. વિષય પ્રત્યે કે શિક્ષણ પ્રત્યેના વલણને શૈક્ષણિક સિદ્ધિ સાથે સંબંધ છે. વિદ્યાર્થી જે વિષય પ્રત્યે સારું વલણ ધરાવે છે, તેમાં તે વધુ સારી રીતે અધ્યયન કરે છે.

**(9) પૂર્વજ્ઞાન :** અધ્યયન પર વ્યક્તિનું પૂર્વજ્ઞાન અગત્યનો ભાગ ભજવે છે. વિદ્યાર્થીને જ્યાં સુધી સરવાળા બાદબાકી ન આવડે ત્યાં સુધી ગુણાકાર કે ભાગાકાર ન જ આવડે. વર્ગમૂળ ન આવડે ત્યાં સુધી ક્ષેત્રફળ ન જ આવડે. આમ પૂર્વજ્ઞાનની અસર થાય છે. દા.ત. સાઈકલ ચલાવતાં આવડતું હોય તેને જ બાઈક શીખવામાં સરળતા પડે છે.

**(10) અભિયોગ્યતા :** જે વિદ્યાર્થા, જે કોઈ વિષયમાં કૌશલ્ય અભિયોગ્યતા ધરાવતો હોય તો તે સારુ અધ્યયન કરી શકે છે અને લાંબા સમય સુધી યાદ રાખી શકે છે. માટે વિદ્યાર્થીઓના અભ્યાસ માટેના અભ્યાસક્રમો નક્કી કરતાં પહેલા તેની અભિયોગ્યતાનું મૂલ્યાંકન કરવું ખૂબ જ આવશ્યક છે.

**(11) વાતાવરણ :** અધ્યયન માટે ખૂબ ગરમી કે અતિશય ઠંડી માનસિક કાર્યક્ષમતામાં ઘટાડો કરે છે. ઘોંઘાટ સગવડો વગેરે ધ્યાન અવરોધક પરિબળો છે.

**(12) અધ્યયનનો સમય :** વીન્ચ, ગેટ્સ અને ટેકના પ્રયોગોએ પુરવાર કર્યું છે કે, સવારનો સમય અધ્યયન માટે વધુ અનુકૂળ છે. જેમ સમય જાય તેમ કંટાળો થાક અનુભવાય છે.

**II. મનોવૈજ્ઞાનિક પરિબળો :**

**(1) તત્પરતા :** બાળકની ભણવા માટેની માનસિક તૈયારી, ઈચ્છા કે આકાંક્ષાને તત્પરતા કહે છે. વિદ્યાર્થીઓમાં તત્પરતા લાવવા માટે શિક્ષક મહત્ત્વનો ભાગ ભજવે છે. પ્રોત્સાહન આપીને વિવિધ કૌશલ્યનો ઉપયોગ કરીને શીખવવું જોઇએ દા.ત. કાવ્યનું ગાન શિક્ષક શીખવાડે પછી જ વિદ્યાર્થી ગાઇ શકે.

**(2) સહેતુકતા :** બાળક જ્યારે બાલમંદિરમાં જાય છે. ત્યાં સુધી એને ખબર નથી કે મારે શું કરવાનું છે. ચોક્કસ માહિતી નથી. પણ તે ધોરણ - 12 માં આવે છે તો એને ઘણી બાબતોનું જ્ઞાન થઈ જાય છે.પિરિણમે તેનું ધ્યેય બનાવી લેશે.

**(3) વર્તમાનની માહિતી :** બાળકને ભણાવવામાં આવે છે ત્યારે આપણે વર્તમાનની નવી માહિતી, નવી વિગતો સરકારની નવી યોજનાઓ વગેરે માહિતી શીખવતાં હોઇએ છીએ. અને તેને વિષયવસ્તુ સાથે સાંકળીને સમજાવવાની કોશિશ કરતા હોય છીએ.

**(4) સક્રિયતા :** અધ્યયનની અસરકારકતા બાળકના સ્વપ્રયત્ન પર આધાર રાખે છે. બાળકનો ઈરાદો બાળકને અધ્યયનમાં સક્રિય બનાવે છે. વિદ્યાર્થીઓ સક્રિય બને માટે શિક્ષકોએ ઈચ્છા કે ઈરાદા ઉપરાંત પ્રેરણા આપવાની રહે છે. દા.ત. પ્રશંસા, જિજ્ઞાસા, આનંદ, પ્રેમ, રમત, સહાનુભૂતિ, સ્વતંત્રતા, આત્મ સાર્થકતા, સ્વાસ્થ્યપ્રદ સ્પર્ધાઓ વગેરે જેવાં પ્રેરકો પૂરાં પાડવાં જોઈએ.

**(5) જૂથની અસર :** જૂથ ભાવના અધ્યયનમાં આંતરિક પ્રેરક તરીકે કામ કરે છે. બાળક જો જૂથમાં હોય તો વધારે શીખે છે. બીજાં બાળકને જોઈને તે પ્રોત્સાહિત થાય છે. જૂથ અધ્યયન પદ્ધતિઓ જેવી કે જૂથ ચર્ચા, સેમિનાર, સિમ્પોઝિયમ, પેનલ ચર્ચા, વર્કશોપ વગેરે અધ્યયનને અસરકારક બનાવે છે.

**(6) પ્રયત્ન :** જો બાળક જાતે શીખવા પ્રયત્ન કરે તો તે ઝડપથી અને સારી રીતે શીખી શકે છે. શિક્ષણ એ પ્રયત્નનું જ ફળ છે.

**(7) પરિણામની જાણ :** સ્કિનરે કહ્યું છે કે, વિદ્યાર્થીઓને પરિણામની જાણ પોતાની તૈયારીમાં થવી

જોઈએ. આ બાબત વિદ્યાર્થીની પ્રગતિ માટે અ્સરકારક બને છે તેને મળ્યાનો સંતોષ થાય છે. તેને પોતાની ભૂલની તરત જ જાણ થાય છે. તે ભૂલ સુધારી શકે છે.

**(8) થાક - કંટાળો :** કોઈપણ વસ્તુ શીખવા કે કાર્ય કરવા માટે વ્યક્તિની શારીરિક અને માનસિક ક્ષમતામાં જે ઘટાડો થાય છે તેને થાક કહે છે. થાક લાગ્યો ન હોય અને વ્યક્તિ થાકની અનુભૂતિ કરે તો તેને કંટાળો કહે છે.

આવા સમયે વિદ્યાર્થીઓને રસ પડે, સમજ કેળવાય તેવી શૈક્ષણિક પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ.

**(9) પુનરાવર્તન કે મહાવરા :** અધ્યયનકાર્ય દરમિયાન આવતી કઠિન કે અઘરી વસ્તુઓનું પુનરાવર્તન યોગ્ય રીતે કરવામાં આવે તો અધ્યયન વધુ અસરકારક બને છે.

**(10) પ્રેરણા :** શીખવાની ક્રિયામાં પ્રેરણાનું સ્થાન મહત્ત્વપૂર્ણ છે. પ્રેરણા બાળકને નવી વસ્તુ શીખવવામાં પ્રોત્સાહિત કરે છે. પ્રશંસા, પ્રોત્સાહન, સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓથી પ્રેરણા આપી શકાય. પ્રેરણા સર્વોત્તમ અને મહત્ત્વપૂર્ણ સાધન છે.

**(11) હરીફાઈ :** વિદ્યાર્થીઓ પરસ્પર હરીફાઈ કરે અથવા પોતાના કાર્યની ગુણવતા સુધારવા 'સ્વ'સાથે હરીફાઈ કરે તો અધ્યયન અસરકારક બને છે. મેલરના અભ્યાસોમાં એમ ફલિત થયું છે કે અધ્યયન માટે 'સ્વ' સાથેની હરીફાઈ, અન્ય સાથેની હરીફાઈ કરતાં વધુ અસરકારક છે.

**III. અધ્યાપક સંબંધી પરિબળો :**

વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતાનો આધાર શિક્ષક પર પણ હોય છે. શિક્ષકની અધ્યાપન ક્ષમતા, તેનાં વલણો, તેની કાર્યપ્રત્યેની નિષ્ઠા, તેની બુદ્ધિમતા વ્યાવસાયિક ક્ષમતાઓ વગેરેની વિદ્યાર્થીઓના અધ્યયન પર વ્યાપક અસરો જન્માવે છે. આથી વિદ્યાર્થીઓના અધ્યયન પર અસર કરતાં શિક્ષક સંબંધી પરિબળોનો અભ્યાસ કરીશું.

**(1) શિક્ષકનું વ્યક્તિત્વ :** શિક્ષકનું વ્યક્તિત્વ પ્રભાવશાળી, રોચક સમગ્ર વર્ગ ઉપર છવાઈ જનાર. તેવું હોવું જોઇએ. સદ્‌ગુણોનાં સમુચ્ચય અને આદર્શોનો શિખર હોય અન્ય સાથેનો મૈત્રીપૂર્ણ વ્યવહાર હોય. આવાં શિક્ષકો અધ્યાપન દ્વારા વિદ્યાર્થીઓ પર ઘેરી અસરો જન્માવે છે.

**(2) શિક્ષકની વ્યાવસાયિક ક્ષમતા :** શિક્ષક જો તાલીમ પામેલ હોય અને તેનામાં કેટલીક વ્યાવસાયિક સજ્જતા આવિર્ભૂત થયેલી હોય તો તે વિદ્યાર્થીઓના અસરકારક અધ્યયનને પ્રેરે છે. તેની પાસે વિષયવસ્તુનું ઊંડું જ્ઞાન, અસરકારક અભિવ્યક્તિ, વિવિધ શૈક્ષણિક પ્રયુક્તિ અને પદ્ધતિઓનું જ્ઞાન જો હોય તો વિદ્યાર્થીઆને અસરકારક અધ્યયન કરાવી શકે છે. શિક્ષકની લાયકાત અને અનુભવ પણ  અધ્યયનની અસરકારકતા વધારે છે.

**(3) શિક્ષકની બૌદ્ધિક ક્ષમતા :** શિક્ષકની બૌદ્ધિક ક્ષમતાઓ તેના અધ્યયન પર અસર કરે છે. સફળ શિક્ષક ઊંચો બુદ્ધિ આંક ધરાવતાં હોય છે. તેઓ અધ્યાપનમાં અને વિદ્યાર્થીઓને અધ્યાપન પ્રરણારૂપ બને છે. જે શિક્ષકો સામાન્ય રીતે બુદ્ધિશાળી હોય અને વિવિધ બૌધ્ધિક લક્ષણોમાં ઊંચી સિદ્ધિ ધરાવતાં હોય તો. તેઓ વિદ્યાર્થીઓન જ્યારે શીખવે છે ત્યારે વિદ્યાર્થી અધ્યયન માટે પ્રેરાય છે અને ઊંચી સિદ્ધિ મેળવે છે.

**(4) શિક્ષકનું કૌશલ્ય પ્રાવીણ્ય :** શિક્ષકો જે કૌશલ્યો અધ્યેતાને શીખવવા માંગતા હોય તેની પુરતી સમજ અને જાણકારી શિક્ષક પાસે હોવી જોઈએ. તેનું નિદર્શન કરવાની ક્ષમતા તેનામાં હોવી જોઈએ.

દા.ત., વિજ્ઞાન શીખવવા માંગતા શિક્ષક પાસે તેના પ્રયોગનું નિદર્શન કરાવવાની ગણિત

શિક્ષક પાસે ગાણિતીક કૌશલ્ય હોવું જોઈએ. ભાષા શિખવતાં શિક્ષક પાસે તેના વિષય સંબંધી વ્યાકરણનું જ્ઞાન હોવું જરૂરી છે.

**(5) માનસિક્તા :**

શિક્ષકના માનસિક સ્વાસ્થ્યની વિદ્યાર્થીઓના અધ્યયન પર હકારાત્મક અને નકારાત્મક અસરો પડે છે. શિક્ષક માનસિક રીતે સ્વસ્થ હોય તો જ અધ્યાપન કાર્ય સારી રીતે કરી શકે છે.

**(6) વર્ગવ્યવહાર :**

શિક્ષણ એ દ્વિધ્રુવી પ્રક્રિયા છે. શિક્ષક અને વિદ્યાર્થી બન્ને ધ્રુવો વચ્ચે થતી આદન-પ્રદાનની પ્રક્રિયાથી વર્ગવ્યવહાર જન્મે છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આદાન-પ્રદાન જેટલું સરળ અને સહાનુભૂતિ ભર્યું, તેટલી અધ્યયન પ્રક્રિયા સરળ સફલ બને છે. બંને સજીવ ધ્રુવો હોવાથી ગમા-અણગમા સુખ-દુઃખ, માન-અપમાન. સારું - ખોટું વગેરે જેવી લાગણીઓની પારસ્પરિક અસર થતી હોય છે. શિક્ષકે વિદ્યાર્થીઓની લાગણીનો ખ્યાલ રાખવો જોઈએ.

**(7) અધ્યયન શૈલી :**

શિક્ષણની સફળતાનો આધાર શિક્ષકની વિષયવસ્તુને રજૂ કરવાની પદ્ધતિ પર આધાર રાખે છે. શિક્ષકે વ્યક્ત કરેલ વિષયવસ્તુ તેમજ વિચારોને વિદ્યાર્થીઓ સહેલાઈથી અભિવ્યક્ત કરી શકે. ત્યારે જ વિદ્યાર્થીઓનું અધ્યયન સફળ બને છે. શિક્ષક પાસે ભાષાભંડોળ હોય, કર્ણપ્રિય અવાજમાં પોતાના વિષય વસ્તુના મુદ્દાની તાર્કિક અને મનોવૈજ્ઞાનિક ક્રમમાં રજૂઆત કરવાથી, તે વિદ્યાર્થીને અધ્યયન માટે સહયોગી બની શકે છે.

**IV. વિષયવસ્તુ સંબંધી પરિબળો :**

બાળકોના અધ્યયન પર વિષયવસ્તુ સંબંધી પરિબળોની પણ ઘેરી અસરો જન્મે છે. જેમાં વિવિધ પરિબળોની અધ્યયન પર શી અસરો જન્મે છે તે જોઈશું:-

**(1) અર્થમયતા (Meaningfulness)**

સામાન્ય રીતે શિક્ષકે પોતાનું અધ્યાપન અર્થમય બનાવવું જોઈએ. શિક્ષક વર્ગખંડમાં જે વાણી કે વિધાનોનો ઉપયોગ કરે તે વાણી કે વિધાનો અર્થસભર હોવાં જોઈએ.

અર્થમયતા એટલે વર્ગખંડમાં વિષયવસ્તુને વફાદાર રહીને વિદ્યાર્થીઓને અધ્યયનમાં મદદ થાય, તેવી વાણી, વક્તવ્ય હોવું જરૂરી છે. ઘણાં શિક્ષકો વારંવાર વિષયાંતર કરે છે. આથી શિક્ષણ અસરકારક બનતું નથી. અર્થમયતાના ચાર સોપાનો છે.

(1) ઉપયોગિતા (2) સાહચર્ય કે પરસ્પર સંબંધતા (3) વ્યવસ્થિતતા (4) ભણનારનો પૂર્વાનુભવ શિક્ષકની વિષયવસ્તુની રજૂઆતમાં આ ચાર સોપાનોનો સમાવેશ થાય તો શિક્ષણ અર્થસભર બને છે.

**(2) અનુબંધ :** અનુબંધ એટલે જુદાં જુદાં વિષયો સાથેનો સહસંબંધ. શિક્ષક જ્યારે કોઈપણ વસ્તુનું અધ્યયન કરાવે ત્યારે તે વિષય શીખતા શીખતા અન્ય વિષયોની માહિતી, તે વિષય સાથે વણી લે. તો જ તે વિષય અર્થસભર બને છે. દા.ત. વિજ્ઞાન શીખવતી વખતે આકૃતિ દોરવાનુ. કૌશલ્ય, ચિત્રકામ વિષય સાથે અનુબંધ સ્થાપીને શીખવી શકાય છે.

**(3) અભ્યાસક્રમ :** બાળકોનો અભ્યાસક્રમ બાલકેન્દ્રી હોવો જોઈએ. અભ્યાસનું વિષયવસ્તુ પ્રવૃત્તિકેન્દ્રી તેમજ તર્કબદ્ધ રીતે રજૂઆત પામેલું, અભ્યાસક્રમનું વિષયવસ્તુ મનોવૈજ્ઞાનિક સિદ્ધાંત અનુસાર, 'સરળથી કઠિન' તરફના સૂત્ર અનુસાર ક્રમિક રીતે ગોઠવાયેલું હોય તો વિદ્યાર્થીઓનું અધ્યયન સરળ બની રહે છે.

**(4) વિસ્તૃતા :** વિદ્યાર્થીઓ માટેનું વિષયવસ્તુ અતિ લંબાણપૂર્વકનું હોય તો વિદ્યાર્થીઓ ધીરજ ગુમાવી કંટાળો અનુભવે છે. અધ્યયન નીરસ નીવડે છે. આથી વિષયવસ્તુ મુદ્દાસર અને

ક્રમબદ્ધ હોવું જોઈએ. વિષયવસ્તુમાં નાના મુદ્દાઓનું વિભાજન કરવું જોઈએ, જેથી વિદ્યાર્થીઓ મુદ્દાસર રીતે અધ્યયન કરી શકે છે.

**(5) ઉપયોગ :** વિદ્યાર્થીઓના ભાવિ જીવનમાં ઉપયોગી થાય તેવા અભ્યાસક્રમનું વિષયવસ્તુ હોવું જોઈએ. કારણ કે તેવા વિષયવસ્તુમાં વિદ્યાર્થીઓ રસ કેળવે છે. ગણિત, આંકડાશાસ્ત્ર, નામું, વાણિજ્ય, ગણિત જેવા વિષયોની ઉપયોગિતા વ્યવહારમાં સમજે છે. સંસ્કૃત જેવા વિષયની સાંસ્કૃતિક ઉપયોગિતા સમજાવી શકાય છે. તેનું ધાર્મિક મહત્ત્વ સમજાવી શકાય. અંગ્રેજી જેવા વિષયની ઉપયોગિતા આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે સમજે. સ્વાસ્થ્ય માટે શારીરિક શિક્ષણ જેવાં વિષયો ઉપયોગી બને છે.

**V. ઘર સંબંધી પરિબળો:**

બાળકનાં ઘડતરમાં પરિવાર અથવા ઘરનો ફાળો મહત્ત્વનો છે. ઘરમાં માતા-પિતા અન્ય સ્વજનો, બાળકના ચારિત્ર્યનું ઘડતર કરે છે. મૂલ્ય શિક્ષણ આપવામાં આવે છે.

**(1) શિક્ષિત માતા-પિતા :** માતા એ સો શિક્ષકની ગરજ સારે છે. માતા એ બાળકની સંસ્કાર જન્મદાત્રી છે. તેની સંસ્કાર ગુરુ છે. માતા જો શિક્ષિકા હોય અને શિક્ષણનું મહત્ત્વ સમજતી હોય તો તે બાળકનાં અધ્યાપનમાં મદદ કરે છે તેના શિક્ષણના સંસ્કારો માટે અધ્યાપનમાં મદદ કરે છે. તેના શિક્ષણ સંસ્કારોની અને અધ્યયનશીલતાની બાળકોના અધ્યયન પર અસર કરે છે. આમ શિક્ષિકા માતા-પિતા હોય તો બાળકોમાં વિવિધ પ્રકારના મૂલ્યો શિખવે છે.

**(2) સામાજિક - આર્થિક દરજ્જો :** માતા-પિતાના સામાજિક અને આર્થિક દરજ્જાની બાળકના અધ્યાપન ક્ષમતા પર અસરો કરે છે. જે બાળકના માતા-પિતાનો સામાજિક આર્થિક દરજ્જો ઉચ્ચ હોય તો તેમના સમાજમાં પ્રતિષ્ઠાપૂર્વક સ્થાન પામ્યા હોય છે. આર્થિક રીતે સંપન્ન હોય તેવા માતા-પિતાની જીવનશૈલી અલગ હોય છે.દા.ત. ઉદ્યોગપતિઓમાં મુકેશ અંબાણી, ફિલ્મકલાકારોમાં અમિતાભ બચ્ચન. ક્રિકેટના ભગવાન ગણાતા સચીન તેંડુલકર. આ બધાના બાળકોની અધ્યયન ક્ષમતા અન્ય કરતાં અલગ હોય છે. પરંતુ ગરીબ અનપઢ માતા-પિતા બાળકોની આર્થિક જરૂરિયાત પુરી પાડી શકતાં નથી. આવાં બાળકોની અધ્યયન ક્ષમતા નીચે હોય છે.

**(3) સામાજિક સાંસ્કૃતિક વારસો :** ઘરમાં પરિવારનું વાતાવરણ જેટલું ભક્તિમય સંસ્કારમય હોય જે પરિવારમાં ઉચ્ચ સામાજિક મૂલ્યોનો આદર થતો હોય ત્યાં વિશિષ્ટ પ્રણાલીકાઓ હોય તેવી પરિસ્થિતિમાં અધ્યેતાની અધ્યયન ક્ષમતા વધે છે.

**(4) સાંસ્કૃતિક વાતાવરણ :** બાળકના અધ્યયન પર સામાજિક અને સાંસ્કૃતિક વાતાવરણની વિદ્યાયક અને નિષેધક અસરો જન્મે છે. બાળક જે સમાજમાં રહેતું હોય તે સમાજનું વાતાવરણ અને સાંસ્કૃતિક પરંપરાઓ તેના અધ્યયન પર અસરો જન્માવે છે. ઘરનું પ્રસન્ન અને મુક્તવાતાવરણ બાળકના અધ્યયનને પ્રેરક નીવડે છે.

**(5) સુવિધા :** બાળકને તેના ઘરે અભ્યાસ માટે અલગ ખંડ, પ્રકાશ અને હવા ઉજાસની સગવડતાવાળો, પુસ્તકો, નોટબુક અને અન્ય શૈક્ષણિક ઉપકરણો સામગ્રી જો યોગ્ય પ્રમાણમાં હોય તો તે સારી રીતે અધ્યયન કરી શકે છે.

ટૂંકમાં ઉપરોક્ત અનેક પરિબળો સીધી કે આડકતરી રીતે અસર કરતાં હોય છે. તેમજ બાળક મહત્તમ શિક્ષણ મેળવી શકે તેવા વાતાવરણનું નિરૂપણ થાય તો જ અધ્યેતા સારી રીતે અધ્યયન કરી શકે છે.

**VI. શાળા સંબંધી પરિબળો:**

**(1) શાળાની ભૌતિક સુવિધાઓ :** શાળા, 'અમારી તીર્થભૂમિ જ્ઞાનગંગા જ્યાં વહે' એ યુક્તિ સાર્થક કરે છે. દૂર, શાંત વાતાવરણમાં ઘોઘાટ વિહીન જગ્યા પર હોવી જોઈએ. વૃક્ષોથી

ઘેરાયેલ હોય, શાળામાં પુરતા પ્રમાણમાં વર્ગખંડો હોય કાર્યાલય હોય, રમત-ગમતના મેદાનો હોય,તે ઉપરાંત પ્રયોગશાળા, પુસ્તકાલય યોગ્ય પ્રમાણમાં ફર્નિચરની વ્યવસ્થા હોય તો જ અધ્યયન કરનાર વ્યક્તિ અધ્યયન કરી શકે છે.

આ ઉપરાંત વર્ગખંડમાં હવા - ઉજાસ માટે બારી-બારણા ફર્નિચર, બ્લેક બોર્ડ, પ્રાર્થના ખંડ વગેરે સુવિધા હોય તો બાળકો સારી રીતે અધ્યયન કરી શકે છે.

**(2) અધ્યાપન સુવિધા :**

શાળામાં વિવિધ પ્રકારના દૃશ્ય-શ્રાવ્ય ઉપકરણ હોવાં જોઈએ. સમયાંતરે તેનો ઉપયોગ પણ થવો જોઈએ. આજનો યુગ ટેક્નોલોજીના સમયમાં આવી ગયો હોવાથી વર્ગખંડમાં વિદ્યાર્થીઓને યોગ્ય રીતે સમજી શકે અને જોઇ શકે તેવા સાધનો ઉપલબ્ધ હોયાં જોઇયે અદ્યતન મશીનોની શોધખોળના કારણે તેમાં વિદ્યાર્થી સામેલ થઇ શકે. અને સમજી પણ શકે. દા.ત. નકશા મૉડેલ, ચાર્ટસ, ફિલ્મ, સ્ટ્રિપ, પ્રોજેક્ટર, ઓવરહેડ પ્રોજેક્ટર, સ્માર્ટ બોર્ડ વગેરે અતિ આધુનિક સાધનો દ્વારા અધ્યેતાને સારી રીતે સમજાવી શકાય છે.

**(3) શાળાનું વાતાવરણ :**

શાળાનું મુક્ત અને પ્રસન્ન વાતાવર વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતા વધારે છે. જ્યાં ઘોંઘાટાના સ્થાને સંગીતમય વાતાવરણ હોય અને સહાનુભૂતિભર્યું માર્ગદર્શન હોય. મૈત્રીપૂર્ણ વ્યવહાર હોય ભયના સ્થાને પ્રેમ હોય. જયા આચાર્યો, કર્મચારીઓ, બાળકોનાં સંબંધો ગાઢ હોય ત્યાં પ્રસન્નતાનો માહોલ મહેકી ઊઠે છે. એના કારણે જ બાળકોને અધ્યયન કરવામાં રસ જાગે છે અને સારી રીતે અધ્યયન કરી શકે છે.

**VII. અધ્યયન પ્રક્રિયા સંબંધી પરિબળો**

અધ્યયન પ્રક્રિયા એટલે અધ્યયન કેવી રીતે કરવું? કયાં કરવું કેવી રીતે કરવું? અને કેવા સંજોગામાં કરવું? તેની જુદી જુદી પદ્ધતિથી અધ્યયને અસરકારક બનાવે છે.

**(1) સમયપત્રક બનાવવું :**

પોતાના અભ્યાસક્રમને નિયમિત અને વ્યવસ્થિત બનાવવા માટે દરેક વિદ્યાર્થીઓ એ વિગતવાર કાર્ય વિભાજન કરવું જોઈએ. પોતાનાં અભ્યાસનું સમયપત્રક દરેક વિષયની કઠિનતા અને તે વિષયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સમયપત્રક બનાવવામાં આવે તો દરેક કામ યોગ્ય સમયે થઈ શકે. સમયપત્રકમાં સહઅભ્યાસક પ્રવૃત્તિ અને સામાજિક પ્રવૃત્તિ માટે પણ સમય ફાળવવો જોઈએ. આ સમયપત્રક ને કારણે બાળકો યોગ્ય સમયે, દરેક વિષયને યોગ્ય ન્યાય આપી શકે છે. પરીનામે અધ્યયન પણ સારી રીતે કરી શકે છે.

**(2) પુનરાવર્તન :**

જે વિષયવસ્તુ વધારે ઉપયોગી હોય તેને વારંવાર યાદ કરવામાં આવે તો તે કદી ભુલાઈ જતું નથી, શીખેલી વસ્તુઓ સ્થાયી અને ચિરંજીવ બને છે.

**(3) ખંડ સમગ્ર પદ્ધતિ :**

આપણે કેટલીકવાર સરળતા માટે કોઈપણ વિષયવસ્તુને અલગ-અલગ વિભાજન કરીને તેને યાદ રાખવા માટે આપણે કોશિશ કરતાં હોઇએ છીએ.

દા.ત. બાળકને બારાક્ષરી શીખવવી છે તો સૌથી પહેલા બાળક ને ક ખ ગ .... આમ મૂળાક્ષરો શીખવ્યા બાદ જ બારાક્ષરી શબ્દો વાક્યો. શીખવતાં હોય છે.

આમ ખંડ પદ્ધતિ એ બાળકને ખૂબજ ઉપયોગી થઈ છે.

**VIII અધ્યયન પદ્ધતિ સંબંધી પરિબળો :**

આમ જોવા જઈએ તો દરેક વિષય પ્રમાણે તેની પદ્ધતિઓ અલગ-અલગ સમજાવી છે. કોઈ

એક વિષયનો અભ્યાસ કરવો હોય તો તેને અલગ કરીને વાંચવાથી વધારે યાદ રહે છે. તેના નાના-એકમો બનાવીને,પછી પણ તેનું અધ્યયન કરી શકાય છે.

**(1) અતિ પઠન :**

અતિ પઠન એટલે વિષય શીખ્યા પછી તેનું વારંવાર પુનરાવર્તન કરવું. વિસ્મૃતિ અટકાવવા માટે અતિપઠન આવશ્યક છે.

દા.ત. પોતાની આગવી બોલીથી એ અતિપઠન થયું હોય તો આપણે ભાગ્યે જ ભૂલીએ છીએ.

**(2) અભ્યાસ સમયની યોગ્ય વહેંચણી :**

બાળકોને કોઈપણ વસ્તુ શીખવા આપી હોય, તેમાં તે કેટલો સમય કામ ચાલુ રાખી શકે છે. જેથી બાળકની શીખવાની ક્ષમતા જળવાઈ રહે. આમાં મનોવૈજ્ઞાનિક પ્રયોગો થયા છે. પરંતુ શીખવાની વસ્તુ જેટલી અર્થપૂર્ણ છે અને તેથી જ તેની રજૂઆત બાબતે છે. સિનેમામાં ત્રણ કલાક સુધી રસ ટકી શકે છે. પરંતુ રસ ન પડે તેવું વ્યાખ્યાન એક મિનિટ સુધી સાંભળવું મુશ્કેલ છે.

**(3) ભૌતિક પરિસ્થિતિ :**

આજુબાજુની ભૌતિક પરિસ્થિતિ કેવી છે, તે પણ અધ્યયન પ્રક્રિયા દ્વારા હકારાત્મક કે નકારાત્મક અસર કરે છે. બેઠક વ્યવસ્થા, પ્રકાશ, હવા તેમજ શાંત વાતાવરણમાં અધ્યયન સારું થાય છે. ભૌતિક પરિસ્થિતિમાં ઘોંઘાટ, પ્રકાશ, અવાજ વગેરે અગવડ ઊભી કરે છે.

**IX અધ્યયન સામગ્રીને લગતાં પરિબળો :**

**(1) કઠિનતા કે સરળતા :**

બાળકને કઠિન વિષય ઝડપથી શીખવી શકાતું નથી, પરંતુ સહેલો વિષય ઝડપથી શીખી જાય છે. હિન્દી ભાષામાં આવતી કહાનીઓ જલ્દી સમજી જાય છે. પરંતુ રામચંદ્ર શુકલનો નિબંધ સમજવા માટે વાર લાગે છે. આથી કોઈ પણ વિષય વસ્તુમાં ક્રમિકતા લાવી જોઈએ. જેથી વિદ્યાર્થી સરળતાથી કઠિન તરફ જાય.

**(2) શબ્દોને યોગ્ય રીતે સમજવા :**

જે વિષય આપણે ભણીએ છીએ તેનો અર્થ સમજી લઈએ તો મોટા ભાગે તેને સમજવામાં સહેલાઈ રહે છે. ઘણીવાર કોઈ કવિતાઓ મોંઢે કરાવવામાં આવે છે. એ થોડા સમય પછી ભૂલી જવાય છે,પરંતુ કાવ્ય ના યોગ્ય સમજવા હોય તો ભુલ શકાતા નથી.

**X પર્યાવરણ સંબંધી પરિબળો :**

સામાન્ય રીતે વારસો, અધ્યયનને અસર કરનાર મહત્ત્વનું પરિબળ માન છે.

બાળક જન્મે છે ત્યારે કેટલીક વસ્તુ કુદરતી લઈને જન્મે છે. દા.ત. મા-બાપ, વાળ, આંખ, કદ, અવાજ,રંગ, સ્વભાવ વગેરે બાબતો વારસામાં આવતી હોય છે.

માળી, બગીચામાં જેવા બીજ વાવે છે તેવા તેનાં ફૂલ આવે છે. ગુલાબનું બી વાવ્યું હોય તો ગુલાબનું જ ફૂલ આવે છે. તેવી જ રીતે વારસામાં પણ આવુ જ છે.

માતા-પિતાનાં જેવા શરીરના અવયવો, સંતાનોમાં પણ જોવા મળે છે. કારણકે માતા પિતાના શરીરમાંથી જે બીજ પેદા થાય છે તે તેને મળતું આવે છે.

**XI. વાતાવરણ સંબંધી પરિબળો :**

વાતાવરણ - પર્યાવરણનો અર્થ ખૂબ વિશાળ છે. ગર્ભાધાનથી માંડીને નવ માસ સુધી બાળક માતાના ઉદરમાં વિકસતુ હોય છે. આ સમયને જન્મ પૂર્વના વાતાવરણ તરીકે ઓળખીશું. પરંતુ જન્મ પછી મૃત્યુ સુધી,વ્યક્તિને તેની આજુબાજુનું ભૌતિક જગત, સામાજિક પરિસ્થિતિ સતત અસર કરતી હોય છે. આ વાતાવરણને ભૌતિક વાતાવરણ તરીકે ઓળખીએ છે.

બાળકને તેના માતા પિતા તરફથી મળેલ સંસ્કાર, બુદ્ધિ, ગુણ-અવગુણ, રૂપ-રંગ સિવાય, વાતાવરણ મહત્ત્વનો ભાગ ભજવે છે. બાળકના માતા-પિતા ગરીબ છે. ભણેલાં છે. પૈસાદાર છે સંસ્કારી છે, કુસંસ્કારી બાળક શહેર કે ગામડામાં જન્મેલું છે. આ તમામ બાબતોને વાતાવરણમાં સમાવી લેવામાં આવે છે.

**(1) ઘરનું વાતાવરણ :**

બાળકાનો જ્યાં જન્મ થયો ત્યાં જ વાતાવરણ યોગ્ય મળે તો,બાળક યોગ્ય રીતે વીકસે છે. માતા-પિતાનાં સારાં સંસ્કાર,યોગ્ય પદ્ધતિઓ અને યોગ્ય માહિતી આપવામાં આવે તો બાળક સારુ અધ્યયન કરી શકે છે.

**(2) પ્રાકૃતિક પરિસ્થિતિ :**

બાળકના અધ્યયન પર પ્રકૃતિની અસર પડે છે. પહેલાંના સમયમાં ગુરુકુળ,આશ્રમમો ચાલતાં હતાં. અહીં બાળકો હંમેશા કુદરત સાંનિધ્ય માં રહીને શિક્ષણ પ્રાપ્ત કરતાં હતાં. ત્યારે બાળકોને ધ્યાન, ભજન, મંથન, અધ્યયનની વાતો કરવામાં આવતી હતી. આજે પણ જો બાળકને આવું વાતાવરણ પૂરું પાડવામાં આવે તો યોગ્ય અધ્યયન કરી શકે છે.

આમ જોતાં અધ્યયન પ્રક્રિયામાં,પર્યાવરણ જેટલું જ મહત્ત્વનું પરિબળ વાતાવરણ અને વારસો છે. વોટ્સન નામના વૈજ્ઞાનિકે તો એવું પણ કહ્યું છે કે "મને ગમે તેવું બાળક આપો અને તમારે એને શું બનાવું છે તે જણાવો. તો હું તે બાળકને તેવું વાતવરણ, તાલીમ અને શિક્ષણ આપીને તમે ધારો તે બનાવી શકું." અધ્યયનની પ્રક્રિયાને વ્યક્તિગત તફાવતો સાથે ગાઢ સંબંધ છે. વ્યક્તિગત તફાવતો અને માણસના વિશિષ્ટ વર્તનમાં રહસ્ય છુપાયેલાં છે. આમ અધ્યાપનની પ્રક્રિયા,પર્યાવરણ અને વારસો એમ બંને બાબતો પર આધાર રાખે છે.

## 5.6 અધ્યયન નિયમો

**(1) તત્પરતાનો નિયમ : (Law of Readiness)**

તત્પરતા એટલે કેવળ શીખવાની ઈચ્છા એમ નહીં, માનસિક તત્પરતા ઉપરાંત શારીરિક તત્પરતા પણ હોવી જોઈએ. જ્યાં સુધી બાળક શીખવા માટે તત્પર ન થાય ત્યાં સુધી તેને શિખવવાની કોશિશ કરવી વ્યર્થ છે. તેના માટે ગુજરાતી એક કહેવત છે "ઘોડાને તળાવ સુધી ભલે ખેંચી જાઓ, પરંતુ તેને પાણી ન પાઈ શકાય."

આવી જ રીતે બાળકોના અધ્યયનની વાત પણ આવી જ છે. બાળકને આપણે ભણવા માટે વારંવાર ધાક ધમકી કે મારીને બેસાડી દઈ એ. પરંતુ આ બાળક મન દઈને ભણશે ખરો ? જો બાળક તત્પર ન હોય તો, શિક્ષક અને બાળકની શક્તિ અને સમય વ્યર્થ જાય છે.

આમ શિક્ષકનું કામ બાળકને અધ્યયન માટે તૈયાર કરવાનું છે. તત્પરતા સાથે બાળકની પરિપક્વતા પણ હોવી જરૂરી છે. બાળકને જે શિક્ષણ આપવાનું હોય તેનું આયોજન બનાવેલું હોય, તેના હેતુઓ સ્પષ્ટ હોય તો વિદ્યાર્થી તત્પર બની શકે છે.

આમ થોર્નડાઈક તત્પરતા વધારવા માટે પરિપક્વતા પર ભાર મુકે છે.

તેમના મતે બાળક જયારે શિક્ષણ મેળવવા તત્પર હોય ત્યારે અચૂક શિખવવું જોઈએ.

આ સમયે બાળક ઝડપથી શિખે છે. કારણ કે તે તત્પર છે. માટે જ બાળકને પહેલા તત્પર બનાવવા માટે તૈયાર કરનાર શિક્ષક જ, સાચો શિક્ષક ગણાય છે. દા.ત. તત્પરતાને કારણે જ, એકલવ્યને અર્જુન કરતાં ચઢિયાતો માનવામાં આવે છે.

### (2) અસરનો નિયમ (Law of Effect)

થોર્નડાઈકના પ્રયોગમાં ઉદ્દીપક અને પ્રતિચાર વચ્ચેનું જોડાણ મજબૂત બને છે. તેની સમજ આ જોડાણમાંથી નિપજતા પરિણામ નિપજે છે. એટલે કે જો અનુભૂતિ સંતોષજનક થાય તો તે જોડાણ મજબૂત બને છે પરંતુ આ જોડાણ દુઃખ કે અસંતોષ ઉત્પન્ન કરે તો તે જોડાણ નબળું બને છે.

જ્યારે પરિસ્થિતિ અને પ્રતિચારના જોડાણ પ્રત્યે સંતોષની લાગણી પ્રસરે છે, ત્યારે તે ચાલુ રહે છે. સ્થિર થાય છે અને જોડાણની સાંકળ મજબૂત બને છે.

પરંતુ આ જોડણની સાથે સુખદુઃખ ઉત્પન્ન થાય તો, જોડાણની સાંકળ નબળી પડે છે.

થોર્નડાઈક કહે છે કે આ નિયમમાં બે પાસાં છે. સંતોષ અને અસંતોષ. એટલે એવી અનુભૂતિ કે જે દૂર કરવા પ્રાણી પ્રયત્ન ન કરે અને તે અનુભૂતિ વારંવાર મેળવવા કોશિશ કરે છે.

અસંતોષ એટલે એવી અનુભૂતિ કે જે ટકાવી રાખવા પ્રાણી કોઈપણ પ્રયત્ન ન કરે પરંતુ તેને દૂર કરવા કોશિશ કરે છે.

કિલપેટ્રીક કહે છે કે 'જે ક્રિયા કરવાથી આપણને સંતોષ મળે છે. તે ક્રિયા કરતાં આપણે શિખીએ છીએ અને જેનાથી આપણને નિષ્ફળતા મળે છે કે દુઃખ થાય છે તે ક્રિયા આપણે શિખતા નથી.

દા.ત. વર્ગખંડમાં કોઈ બાળક સાચો ઉત્તર આપે અને તેની જો પ્રશંસા કરવામાં આવે તો તે ફરી ઉત્તર આપવા તૈયાર થાય છે. પરંતુ તેની જગ્યાએ તેને અપશબ્દો બોલીને બેસાડી દેવામાં આવે તો બીજીવાર ઉત્તર આપવા ઊભો ન જ થઈ શકે.

### (3) પુનરાવર્તનનો નિયમ (Law of Exercise)

થોર્નડાઈક અહીંયા પુનરાવર્તન પર સંપૂર્ણ ભાર મુકે છે. પુનરાવર્તનનો નિયમ અધ્યયન પ્રક્રિયામાં મહાવરાનું મહત્ત્વ સ્પષ્ટ કરે છે. પુનરાવર્તનને કારણે ઉદ્દીપક અને પ્રતિચાર વચ્ચેનું જોડાણ વધુ મજબૂત બને છે. એક યુક્તિમાં સાચે જ કહ્યું છે.

''मंजिल यूहीं नहीं मिलती राही को,

जुनून सा दिल में जगाना पडता है।

पूछो चिड़ियां को कि घोंसला कैसे बनता है ?

तिनका तिनका उठाना पड़ता है।''

### (1) ઉપયોગનો નિયમ :

ઉત્તેજક અને પ્રતિચારનું જોડાણ તેના વારંવાર મુહાવરાને કારણે વધુ મજબૂત બને છે. વારંવાર ઉપયોગમાં લેવામાં આવતી બાબતો સરળતાથી યાદ રહે છે. દા.ત. મોબાઈલ નંબરનો આપણે વધુ ઉપયોગમાં લેતા હોઈએ તો નંબર યાદ રહી જાય છે. કાર ચલાવતા શિખનાર વ્યક્તિને મહાવરાની જરૂર પડે છે. રેડિયો પર વારંવાર સંભળાતા ફિલ્મી ગીતો યાદ રાખવા પ્રયત્ન કરવો પડતો નથી.

- ગણિતના સૂત્રો નિયમોનું પુનરાવર્તન કરીએ તો ભૂલાતા નથી.

મતલબ કે જે કાર્ય તમે વારંવાર કરો છો તે, ક્યારે તમે ભૂલી શકતાં નથી.

### (2) અનુપ્રયોગનો નિયમ :

ઉત્તેજક અને પ્રતિચાર વચ્ચેના જોડાણને મજબૂત બનાવવા મહાવરો અગત્યનું છે. જો તે જોડાણ થયા પછી લાંબા સમય સુધી ફરીથી તેને યાદ કરવામાં ન આવે તો તે જોડાણની મજબૂતાઈ ઘટી જાય છે. તેને ભૂલી જવાય છે. માટે જીવનમાં કોઈ કાર્ય કર્યા પછી તેને યાદ ન કરીએ તો તેની વિસ્મૃતિ થઈ જાય છે.

**ઉદા.**

- ધોરણ - 6માં શીખવેલ હતી તે  કવિતા લાંબા સમય પછી પૂરી યાદ આવતી નથી.

- જે મોબાઈલ નંબરનો ઉપયોગ ન કર્યો હોય તે યાદ રહેતો નથી.

- ઘણાં વર્ષો પછી મળેલ વિદ્યાર્થીનું નામ યાદ રહેતું નથી.

આમ પુનરાવર્તનનો નિયમ મહાવરાને મહત્ત્વ આપે છે. બાળકને જરૂરી પદ્ધતિ યા કૌશલ્યો શિખવવા માટે પુનરાવર્તનની જરૂર પડે છે.

આમ ઉપરોક્ત થોર્નડાઈના પ્રયોગોમાં પાત્રો બનાવવાનું સહભાગ્ય માછલી, વાંદરા, બિલાડી, અને કૂતરા પર પ્રયોગો કર્યા તે પદ્ધતિને થોર્નડાઈક 'પ્રયત્ન અને ભૂલ પદ્ધતિ' તરીકે ઓળખાવે છે.

## 5.7 પ્રયત્ન અને ભૂલ દ્વારા અધ્યયનના શૈક્ષણિક ફલિતાર્થો :

શિક્ષણના ક્ષેત્રમાં થોર્નડાઈકના 'પ્રયત્ન અને ભૂલ' દ્વારા અધ્યયનનું પ્રદાન ઘણું છે. વિવિધ શોધ એ પ્રયત્ન અને ભૂલનું જ પરિણામ છે. પ્રયત્ન અને ભૂલ દ્વારા અધ્યયનનાં ફલિતાર્થ નીચે મુજબ છે.

- શિક્ષકે બાળકને જરૂરી મદદ કરવી જોઈએ.
- શિક્ષકે બાળકને સમગ્ર અધ્યયન પરિસ્થિતિની સમજ આપવી જોઈએ. તેમજ વિવિધ મુદ્દાની સમજ આપવી જોઈએ. અને તેમાં રહેલ સામ્યતા અને ભિન્નતા સમજાવવી જોઈએ.
- નવા મુદ્દાની શરૂઆત કરતી વખતે તેને બાળકના પૂર્વજ્ઞાન સાથે જોડવાથી શિક્ષણ સંક્રમણનો લાભ મળે છે.
- થોર્નડાઈકના મતે માત્ર પુનરાવર્તનથી શિક્ષણ બાળક માટે શક્ય બનતું નથી. પુનરાવર્તનની સાથે બાળકને તેનાં પરિણામની જાણ કરવાથી, વધુ શીખવા માટે પ્રેરાય છે. પરંતુ પરિણામે અધ્યયન પ્રક્રિયાને વેગ મળે છે.
- શિખનાર વિદ્યાર્થીએ સૌ પ્રથમ શિક્ષણનું મહત્ત્વ સમજી લેવું જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીને વિષયવસ્તુની ઉપયોગિતા સમજાવી તેમનામાં જિજ્ઞાસા ઉત્પન્ન કરવી જોઈએ.
- પ્રેરણાઃ- પ્રસ્તુત પ્રયોગમાં બિલાડી પાસે કાર્ય કરવા માટેની પ્રેરણા હોવી જોઈએ. બિલાડીની ભૂખ તેની પ્રેરણા છે.
- ધ્યેયઃ- પોતાના ધ્યેય સુધી પહોંચવા પ્રાણી પ્રેરિત હોય તેવો ખોરાક મેળવી ભૂખ સંતોષવા બિલાડી તત્પર છે.
- સમસ્યારૂપ પરિસ્થિતિ :

  કોઈપણ પરિસ્થિતિમાં ધ્યેય સુધી પહોંચવા માટે સતત પ્રયત્ન કરે છે.
- દિશાવિહીન પ્રયત્નો :

  કોઈપણ સમસ્યામાંથી ઉકેલ મેળવવા માટે પ્રાણી અનેક પ્રયત્ન કરે છે. માટે અનેક પ્રયત્ન એટલે ધ્યેયને પ્રાપ્ત કરવામાં લાગેલો સમય - ભૂલોની સંખ્યામાં વધારા કરે છે.
- સાચા રાહની પસંદગી :

  અનેક પ્રયત્નોને અંતે પ્રાણી સાચી દિશાનાં પ્રતિચારો જાળવી રાખે છે. ખોટા પ્રતિચારોને ટાળે છે.

## 5.8 સારાંશ :

આમ ઉપરોક્ત બાબતે સ્પષ્ટ દેખાય છે. કોઈપણ પ્રાણી હોય કે મનુષ્ય, જ્યાં સુધી પોતાનો ધ્યેય ના છોડે તો તે દૃઢતાથી પોતાની જગ્યાએ પહોંચી જાય છે. અને સિદ્ધિ મેળવી લે છે.

## 5.9 તમારી પ્રગતિ ચકાસો :

અધ્યયન પદ્ધતિ સંબંધી પરિબળો દ્વારા તમારા વર્ગમાં, તમે કેવાં પરિવર્તન લાવી શક્યાં ?

.....................................................................

.....................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 5.10 નિબંધ પ્રકારનાં પ્રશ્નો ના ઉત્તરો મુદ્દા સાથે

પ્ર.1 અધ્યેતા સંબંધી પરિબળો દ્વારા અધ્યયન પર શી અસરો પડે છે તેની ચર્ચા કરો.

(1) પરિપક્વતા (2) સ્વાસ્થ્ય (3) બુદ્ધિ (4) અભિરુચિઓ (5) વય, ઉંમર (6) વલણો (7) પૂર્વજ્ઞાન (8) જરૂરિયાત (9) અભિયોગ્યતા (10) સ્મૃતિ (11) વાતાવરણ (12) અધ્યયનનો સમય

પ્ર.2 વિદ્યાર્થીઓના અધ્યયનને સરળ અને રસપ્રદ બનાવવામાં, મનોવૈજ્ઞાનિક પરિબળો શું ભાગ ભજવે છે ? તમારા શબ્દોમાં વર્ણન કરો.

(1) તત્પરતા (2) સહેતુકતા (3) વર્તમાનની માહિતી (4) સક્રિયતા (5) જૂથની અસર (6) પ્રયત્ન (7) પરિણામની જાણ (8) થાક, કંટાળો (9) પુનરાવર્તન (10) પ્રેરણા (11) હરીફાઈ

- **ટૂંકા પ્રશ્નો**

(1) અસરનો નિયમ એટલે શું ?

(2) પર્યાવરણ સંબંધી પરિબળો દ્વારા વિદ્યાર્થીઓના જીવનમાં શું પરિવર્તન લાવી શકાય ?

- **ટૂંકાં પ્રશ્નો** **(2)**

(1) ઉદ્દીપક એટલે શું ?

(2) અભિયોગ્યતા એટલે શું ?

- **હેતુલક્ષી પ્રશ્નો** **(1)**

(1) થોર્નડાઈકે અધ્યેતા માટે કયા શબ્દનો પ્રયોગ કર્યો છે.

(અ) વહન - એકમ (બ) બાળક

(ક) પ્રયત્ન અને ભૂલ (ડ) પ્રતિચાર

## 5.11 સ્વાધ્યાય

(1) થોર્નડાઈક 'પ્રયત્ન અને ભૂલ' દ્વારા અધ્યયનના પ્રણેતા છે. તે તમારા શબ્દોમાં વર્ણવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

(2) અભિક્રમિત અધ્યયન એટલે શું ?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**: રૂપરેખા :**

એકમ 6

# વૈયક્તિક અધ્યયન માટેની ટેકિનોલોજી


6.1 ઉદ્દેશ્યો

6.2 એકમના પારિભાષિક શબ્દો

6.3 પ્રસ્તાવના

6.4 વૈયક્તિક અધ્યયન પદ્ધતિનાં ધોરણો

6.5 વૈયક્તિક અધ્યયન પદ્ધતિનાં સોપાનો

- કાર્યની યોજના તૈયાર કરવી
- કાર્ય પર અમલ કરવો
- કાર્યનું મૂલ્યાંકન કરવું

6.6 અધ્યયનનો કારક અભિસંધાન સિદ્ધાંત

- ત્રણ લાક્ષણિકતાઓ

(1) સુદૃઢક

(2) ભેદબોધક ઉદ્દીપક

(3) ઘડતર

6.7 વૈયક્તિક અધ્યયન માટે સાહિત્ય તૈયાર કરવાં માટે સ્કિનરનો અભિગમ

- નાના પગલાંના સિદ્ધાંત
- પ્રતિયુતિનો સિદ્ધાંત
- પ્રતિચારના સાચા કે ખોટાની તરત જ જાણ

6.8 અભિક્રમિક અધ્યયન

6.9 અભિક્રમિક અધ્યયનનો અર્થ

6.10 અભિક્રમિક અધ્યયન લાક્ષણિકતાઓ

6.1 અભિક્રમના પ્રકારો

- રૈખિક અભિક્રમ
- પ્રશાખા અભિક્રમ

6.12 અભિક્રમિત અધ્યયનના ફાયદા

6.13 અભિક્રમિત અધ્યાયનની મર્યાદા

6.14 કમ્પ્યુટર સાહિત્ય અધ્યયન

6.15 કમ્પ્યુટર સાહિત્ય અધ્યયનના ફાયદા

- સ્વ અધ્યયન સાહિત્યનું મહત્ત્વ

6.16 સારાંશ

6.17 તમારી પ્રગતિ ચકાસો

6.18 નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તરો- મુદ્દા સાથે

6.19 સ્વાધ્યાય


## 6.1 ઉદ્દેશ્યો :

- વૈયક્તિક અધ્યયન પદ્ધતિનો પરિચય આપી શકવો.
- વૈયક્તિક અધ્યયન માટે સાહિત્ય તૈયાર કરવા માટે સ્કિનરનો અભિગમ સ્પષ્ટ કરી શકશો.
- કમ્પ્યુટર સાહિત્ય અધ્યયનનો અર્થ, પરિસ્થિતિઓ અને અગત્ય વર્ણવી શકશો.
- સ્વ-અધ્યયન સાહિત્ય તૈયાર કરવામાં અને તેનો અમલ કરવામાં શિક્ષકની ભૂમિકા સ્પષ્ટ કરી શકશો.

## 6.2 એકમના પારિભાષિક શબ્દો

(1) સુદૃઢક - ઉદ્દીપક

(2) ભેદ બોધક - વર્તનની આગળ-પાછળ

## 6.3 પ્રસ્તાવના :

અધ્યયન- અધ્યાપનની પ્રક્રિયામાં વર્ષો સુધી શિક્ષક કેન્દ્રી અથવા શિક્ષક નિયંત્રિત અધ્યાપન પદ્ધતિઓનું પ્રભુત્વ રહ્યું, તેમાં શિક્ષકે નક્કી કરેલ પદ્ધતિઓ ખૂબ ત્વરિત અને સમય અનુસાર અધ્યેતાએ અધ્યયન કરવાનું રહે તેમાં વિદ્યાર્થીઓની વ્યક્તિગત ભિન્નતાઓનો સ્વીકાર ભાગ્યે જ શક્ય હતો. આથી વર્ગમાં ધીમા શીખનાર મંદબુદ્ધિ કે તેજસ્વી બાળકોને અન્યાય થતો હતો.

આવી પદ્ધતિઓમાં વ્યાખ્યાન પદ્ધતિ સર્વસામાન્ય અને પ્રમુખ સ્થાને વર્ષો સુધી રહી. આ પદ્ધતિઓ અધ્યયન અધ્યાપન કાર્યમાં શૈક્ષણિક ટેક્નોલોજીના ઉપયોગની હિમાયત કરી વિદ્યાર્થીઓ પોતાની ત્વરિતાથી અને ક્ષમતા અનુસાર શીખી શકે, તેવું અધ્યયન પર્યાવરણ તેને મળવું જોઈએ તેવો આગ્રહ સેવવો જોઈએ.

**(3) એક પદ્ધતિ તરીકે :**

આપણે ચર્ચા કરી તેમ, શિક્ષક દ્વારા અપાતા એક સમાન અધ્યયન-અધ્યાપન કાર્યક્રમમાં વિવિધ વિદ્યાર્થીઓની, અધ્યયન જરૂરિયાતો ભાગ્યે જ સંતોષી શકે છે. આથી પ્રવર્તમાન સમયમાં અધ્યયન અધ્યેતાકેન્દ્રી પ્રયુક્તિઓ તરીકે સ્વઅધ્યયન પદ્ધતિ સ્વઅધ્યાપન પદ્ધતિ કે વૈયક્તિક અધ્યાપન અધ્યયન-અધ્યાપન પરિસ્થિતિઓમાં વધુ પ્રચલિત બની રહેલ છે.

## 6.4 વૈયક્તિક અધ્યયન પદ્ધતિની ધારણા :

વૈયક્તિક અધ્યયન પદ્ધતિની ધારણાઓ આ પ્રમાણે છે.

- વ્યક્તિ મોટા ભાગની વસ્તુ જાતે શીખે છે.
- દરેક વ્યક્તિમાં પોતાની જાતે શીખવાની કુદરતી ઇચ્છા હોય છે.
- દરેક વ્યક્તિ અદ્વિતિય છે પોતાની શક્તિ અનુસાર શીખે છે.

આ ધારણાઓનો શિક્ષણશાસ્ત્રીઓ એ સ્વીકાર કર્યો છે. આથી શિક્ષકોએ અધ્યાપનને વધુ અસરકારક અને અર્થપૂર્ણ બનાવવા 'સ્વઅધ્યયન' ને એક પદ્ધતિ તરીકે અધ્યયન અધ્યાપન પ્રક્રિયામાં સામેલ કરવી જોઈએ.

- **વૈયક્તિક અધ્યયનની જરૂરિયાત :**

વૈયક્તિક અધ્યયનને એક પદ્ધતિ તરીકે ઉપયોગમાં લેવાની જરૂરિયાત અર્થે નીચેના કેટલાંક કારણો જવાબદાર છે.

(1) જ્ઞાનની ઝડપી વૃદ્ધિને કારણે તમામ જ્ઞાન શિક્ષક દ્વારા વર્ગખંડ પરિસ્થિતિમાં આપવું મુશ્કેલ બની ગયું છે.

(2) સંશોધનોએ પુરવાર કર્યું છે કે વિદ્યાર્થીઓ પોતાની રીતે વધુ અસરકારક રીતે શીખે છે. વૈયક્તિક અધ્યયન અધ્યેતાઓમાં સમીક્ષાત્મક વિચાર શક્તિ, પ્રત્યાયન કૌશલ્યોને સ્વ આધારિત વિકસાવે છે કે વૈયક્તિક અધ્યયન અધ્યેતાને જીવનની ભાવિ સમસ્યાઓનો સામનો કરવા તૈયાર કરે છે.

## 6.5 વૈયક્તિક અધ્યયન પદ્ધતિનાં સોપાનો :

વૈયક્તિક અધ્યયન પદ્ધતિનાં ત્રણ સોપાનો છે (1) કાર્યની યોજના તૈયાર કરવી (2) કાર્ય પર અમલ કરવો અને (3) કાર્યનું મૂલ્યાંકન કરવું.

- **કાર્યની યોજના તૈયાર કરવી :**

આ સોપાનમાં શિક્ષક કાર્યની યોજના તૈયાર કરે છે. કાર્ય માટે સાહિત્ય આપે છે. અને વિદ્યાર્થીને જ કાર્ય કરવાનું છે તે અંગે સ્પષ્ટ સૂચનાઓ આપે છે.

કાર્યની યોજના તૈયાર કરતી વખતે શિક્ષકે આટલું ધ્યાન રાખવું જરૂરી છેઃ-

(1) કાર્ય, અભ્યાસક્રમ સાથે સુસંગત હોવું જોઈએ અને તેના ચોક્કસ હેતુઓ હોવાં જોઈએ.

(2) ચોક્કસ સમય મર્યાદામાં પૂરું થઈ શકે તેવું હોવું જોઈએ.

(3) વિદ્યાર્થી ને જરૂરી હોય તેવા પુસ્તકો, લેખો, ચાર્ટ્સ વગેરેની યાદી બનાવવી જોઈએ. ઉપરાંત તે વિદ્યાર્થીને ક્યાંથી અને કેવી રીતે મેળવી શકે ?

(4) તે વિદ્યાર્થીની ક્ષમતાને અનુસાર તૈયાર કરવું.

(5) શિક્ષકે વિદ્યાર્થીને તે સ્પષ્ટ કરવું જોઈએ કે ખરેખર કાર્યમાં વિદ્યાર્થી પાસે શું અપેક્ષિત છે?

**(2) કાર્ય પર અમલ કરવો :**

અહીં શિક્ષકે કંઈ કરવાનું નથી. દરેક વસ્તુ વિદ્યાર્થીએ જ, પોતાને મળેલ લેખિત માર્ગદર્શન અને પ્રાપ્ય માહિતી અનુસાર પોતાની રીતે કરવાનું છે. કાર્યના સ્વરૂપ અનુસાર વિદ્યાર્થી લાઈબ્રેરીમાં ઘરે કે પ્રયોગશાળામાં કામ કરશે, ક્ષેત્રની મુલાકાત લેશે. તે તજ્જ્ઞો સાથે ચર્ચા કરશે.

**(3) કાર્યનું મૂલ્યાંકન :**

આ સોપાનને અધ્યેતા નિબંધ, ઉત્તરપત્ર વગેરેનાં સ્વરૂપમાં અંતિમ નિર્ણય લઈને શિક્ષક પાસે મૂલ્યાંકન માટે આવે. કેટલીકવાર પ્રથમથી આપેલાં માપદંડો અનુસાર અધ્યેતા જાતે તેનું મૂલ્યાંકન કરે છે. ક્યારેક સમવયસ્કો મૂલ્યાંકન કરે છે. શિક્ષક પ્રતિપાદિત કરે છે કે અધ્યેતાએ અપેક્ષિત અધ્યયન કર્યુ છે.

## 6.6 અધ્યયનનો કારક અભિસંધાનનો સિદ્ધાંત :

સ્કિનરે પ્રાણીઓના સાહજિક વર્તનોના અભ્યાસ કરતાં અનુભવ્યું કે પ્રાણીઓ કેટલાંક વર્તનો સ્વભાવિક રીતે કરે છે. જ્યારે આવા વર્તનોને કુદરતી રીતે જ પ્રતિપોષણ મળે છે. ત્યારે વર્તન દૃઢ થાય છે. આ હકીકત પરથી સ્કિનરે કારક અભિસંધાનનો ખ્યાલ રજૂ કર્યો. હવે સ્પષ્ટ પણે સિદ્ધાંત રજૂ કર્યો કે પ્રાણી કોઈપણ કારણોસર વર્તન કરે છે. ત્યારે તે વર્તનને જો પ્રતિપુષ્ટિ મળે તો તે વર્તન વધુ દૃઢ બને છે. તે કારક અભિસંધાન, એ એવા પ્રકારનું અધ્યયન છે જેમાં પ્રતિપોષણના કારણે પ્રતિચાર મળવાની શક્યતા વધે છે.

**મુખ્ય ત્રણ લાક્ષણિકતાઓ :**

- તેમાં પ્રાણી, વર્તનની પ્રતિપુષ્ટિ મેળવવાના સાધન તરીકે ઉપયોગ કરે છે.
- તેમાં મૂળ વર્તન ઉત્પન્ન કરવા માટે કયો ઉદ્દીપક જવાબદાર છે તે સ્પષ્ટ હોતું નથી. પરંતુ તેને જ પ્રતિચાર જોવા મળે છે તેને જ પ્રતિપુષ્ટ કરવામાં આવે છે.
- તેમાં આવતી પ્રતિચારનું અભિસંધાન થાય છે.

આમ કારક અભિસંધાનમાં સુદૃઢીકરણથી અધ્યયન પ્રતિચારો ફરીથી મળે છે. સંભાવના વધે છે અને દર વધે છે.

સ્કિનરે કારક વર્તનો અને સુદૃઢો વચ્ચેનો સંબંધ નક્કી કરવા કબૂતર પર કરવામાં આવેલાં પ્રયોગમાં નીચેના સોપાનોને અનુસરવામાં આવે છેઃ-

- કબૂતરને ભૂખ્યું રાખવામાં આવ્યું.
- તેને નિયત અવકાશવાળી લંબચોરસ પેટીમાં રાખવામાં આવ્યું જેમાં ખાસ ચાંચ મારવાની જગ્યા ખોરાક મેળવવાની જગ્યા વગેરે વ્યવસ્થા કરવામાં આવી હતી.
- પેટીમાં કબૂતરે જુદાં-જુદાં વર્તનો કરે છે તે પૈકી ગોળાકાર ચાવી પર કબૂતર ચાંચ મારવાનું વર્તન કરે છે.
- તરત જ સ્વનિયંત્રિત આહાર કોષમાંથી ખોરાક પામે છે.
- ખોરાક મેળવવાથી કબૂતર ફરીથી ગોળાકાર ચાવી પર ચાંચ મારે છે.
- ફરીથી ખોરાક પામે છે.

આ અભિસંધાન સાથે સંબંધિત, ચાર સંકલ્પનાઓની સાથે ચર્ચા કરવામાં આવી છે. આ સંકલ્પનાઓ વૈયક્તિક અધ્યયન માટે અધ્યયન સાહિત્ય તૈયાર કરવા માટે પાયાની સંકલ્પનાઓ છે.

**(1) સુદૃઢક :**

સુદૃઢક એ એવો ઉદ્દીપક છે કે જે પ્રતિચાર મેળવવાની સંભાવના વધારે છે, અર્થાત્ બે પ્રકારના છે (1) હકારાત્મક સુદૃઢક (2) નકારાત્મક સુદૃઢક

હકારાત્મક સુદૃઢક એવો ઉદ્દીપક છે કે જે પરિસ્થિતિમાં ઉમેરાતા કારક પ્રતિચારની સંભાવનામાં વધારો થાય છે. ઉદા. ખોરાક મેળવતા ચહેરા પર હર્ષ વ્યક્ત કરવો નકારાત્મક સુદૃઢક એવો ઉદ્દીપક છે કે ?

**(2) ભેધબોધક ઉદ્દીપક :**

વર્તનની આગળ-પાછળના ઉદ્દીપક, વર્તન પર અસર કરે છે. વાતાવરણમાંના જ જે ઉદ્દીપકો આપણે શું કરવું તે કહે તે ઉદ્દીપકોને ભેદબોધક ઉદ્દીપકો કહે છે. ઉદાહરણ તરીકે વ્યક્તિ અજાણ્યા મોટા મકાનમાંથી બહાર નીકળવા ઈચ્છતી હોય છે. 'બહારનો સંકેત વ્યક્તિને બહાર જવાનો સૂચક છે.'

**(3) પ્રતિચાર - વિભેદન :**

પ્રતિચાર વિભેદનનો અર્થ છે. પ્રાણીમાં પોતાના ભિન્ન પ્રતિચારો વચ્ચેના તફાવતને, ઓળખવાની શક્તિ. આ ક્રિયા માટે પ્રાણીના અપેક્ષિત વર્તન માટેનાં લક્ષણો નક્કી કરવામાં આવે છે. પ્રાણી અપેક્ષિત લક્ષણવાળું વર્તન કરે છે.

વર્તનને પ્રતિપુષ્ટિ આપે તે વર્તનોને શ્રેણીમાં નિપજાવવામાં આવે છે.

**(3) ઘડતર :**

ઘડતર, એ એક એવી કારક અભિસંધાન પ્રક્રિયા છે કે જેમાં અંતિમ વર્તન સુધી લઈ જતાં, નાના ક્રમિક વર્તનોને પ્રયોગકારક પ્રતિપુષ્ટિ આપે છે. તેના દ્વારા પ્રાણી સંકુલ ક્રિયા કરતા શીખે છે. પ્રાણી આખરી વર્તન સીધેસીધું શીખી શકતું નથી. પરંતુ ઘડતરની પ્રક્રિયા દ્વારા ક્રમિક સોપાનો પ્રમાણે ઘટક વર્તનો શીખીને આખરી વર્તનની વધુ નજીક જવાની દિશામાં આગળ વધે છે. ઘડતરની પ્રક્રિયામાં ઉદ્દીપક ભેદભાવ અને પ્રતિચાર વિભેદન આ બન્ને ક્રિયાનો ઉપયોગ કરે છે.

## 6.7 વૈયક્તિક અધ્યયન માટે સાહિત્ય તૈયાર કરવા માટે સ્કિનરનો અભિગમ

વૈયક્તિક અધ્યયનમાં શિક્ષક અને વિદ્યાર્થી પરસ્પર એકબીજાંની સામે હોય છે. તેવી પરિસ્થિતિ ઓ નહિવત્ હોય છે. અહીં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયાનું મુખ્ય માધ્યમ સ્વ-અધ્યયન હોય છે. પરંતુ તે સાહિત્ય, મુખ્યત્વે સ્કિનરના અધ્યયન સિદ્ધાંતના કેટલાંક નિયમોને આધારે તૈયાર કરવામાં આવે છે.

**(1) નાનાં પગલાંના સિદ્ધાંત :**

આ સિદ્ધાંત અનુસાર અધ્યયન વસ્તુનું વિશ્લેષણ કરીને તેને નાના નાના પેટા મુદ્દામાં વિભાજિત કરવામાં આવે છે. જેટલું તેનું સૂક્ષ્મ વિશ્લેષણ થાય તેટલું સાહિત્ય સરળ બને છે.

**(2) પ્રતિપુષ્ટિના સિદ્ધાંત :**

નાના મુદ્દાઓનો અભ્યાસ કર્યા પછી વિદ્યાર્થીને પૂછેલાં પ્રશ્નનો જવાબ વિદ્યાર્થી સાચો આપે ત્યારે તેને સાચા જવાબ માટે પ્રતિપુષ્ટિ આપવામાં આવે છે.

**(3) પ્રતિચારના સાચા કે ખોટાપણાની તાત્કાલિક જાણ :**

સાહિત્યમાં એવી વ્યવસ્થા કરવામાં આવે છે. જેથી વિદ્યાર્થી તેની પ્રગતિ ચકાસવા માટે પૂછાતા પ્રશ્નના જે જવાબ આપે તે સાચો છે કે ખોટો તેની તેને તરત જ જાણ થાય છે.

માટે સાહિત્યના નમૂના - સાચા જવાબો દર્શાવવાની ચોક્કસ પ્રણાલીને અનુસરવામાં આવે છે.

- આ સિદ્ધાંતોનાં આધારે વૈયક્તિક અધ્યયન કાર્યક્રમ તૈયાર કરવા માટે હોલેન્ડે નીચેનાં સિદ્ધાંતો રજૂ કર્યા છેઃ-

  - દરેક પ્રતિચારને તાત્કાલિક પ્રતિપુષ્ટિ મળવી જોઈએ.
  - માત્ર ખુલ્લા પ્રતિચારોને યોગ્ય રીતે પ્રતિપુષ્ટિ આપવી.
  - ભૂલોની અધ્યયન પર વિપરીત અસર થાય છે.
  - પ્રગતિ નાના ક્રમિક પગલાંઓમાં આગળ વધવી જોઈએ.
  - વિદ્યાર્થીઓને આપવામાં આવતી મદદ ધીરે ધીરે ઘટાડવી જોઈએ.
  - અમૂર્ત ખ્યાલો માટે સઘન ભેદબોધ તાલીમ જરૂરી છે.

## 6.8 અભિક્રમિક અધ્યાપન :

અભિક્રમિક અધ્યાપન સાથે પ્રાચીન ગ્રીક તત્ત્વ ચિંતકો તથા મનોવૈજ્ઞાનિક પાવલોવ અને થોર્નડાઈક ના તે પાયાની સંકલ્પના રજૂ કરવાના સંદર્ભમાં જોડાયેલ છે. સોક્રેટિસ સૌથી પહેલો અભિક્રમ તૈયાર કરનાર હતો. તેણે ભૂમિતિમાં અભિક્રમ તૈયાર કર્યો હતો. સોક્રેટિસની પદ્ધતિનો મુખ્ય હેતુ તપાસ હતો. વિષયવસ્તુને નાનાં સોપાનોમાં વિભાજીત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીની સતત સામેલગીરી માટે તેને સત પ્રતિપુષ્ટિ પુરી પાડવામાં આવતી હતી.

## 6.9 અભિક્રમિત અધ્યાપનનો અર્થ :

અભિક્રમિત અધ્યાપન એ સ્વ-અધ્યાપનની પ્રવિધિ છે. તે અધ્યાપનની શ્રેણીમાં ગોઠવાયેલું હોય છે. તેમ છતાં અધ્યયનની ફરજિયાત બાબત અધ્યેતા પર છે. સ્વ-અધ્યયનને મદદ કરવા અધ્યેતાને ભિન્ન પ્રયુક્તિઓ જેવી કે પુસ્તિકાઓ મશીન વગેરે મારફત નિયંત્રિત પરિસ્થિતિમાં બૌદ્ધિક, સાંવેગિક અને મનોસ્નયિકી અનુભવો મળે તેવી રીતે, અભિક્રમિત અધ્યાપન સાહિત્ય તૈયાર કરવામાં આવે છે.

સ્કિનરે તેના 'કારક અભિસંધાન' સિદ્ધાંતનાં આધારે અધ્યયનને અસરકારક બનાવવા ટીચીંગ મશીન વિકસાવ્યું. આ મશીન સાથે જ સાહિત્ય ઉપયોગમાં લેવાય છે. તે અભિક્રમિત અધ્યયન તરીકે ઓળખાય છે. તે માટેના કેટલાંક કારણો આ પ્રમાણે છે :-

- વિષયવસ્તુને અધ્યેતા સરળતાથી ગ્રહણ કરી શકે તેવા નાના ટુકડાઓમાં વિભાજિત કરવામાં આવે છે. જેને ફરમો કહેવામાં આવે છે. અધ્યેતાએ એક પછી એક ફરમા પર આગળ વધવાનું તેની આ પ્રગતિ દરેક ફરમામાં આપેલ અનાત્મલક્ષી પ્રકારના પ્રશ્નોના જવાબોમાં તેની સિદ્ધિ પર આધાર રાખે છે.

- દરેક પ્રશ્ન પૂછેલાં પર અધ્યેતાને પ્રતિપુષ્ટિ આપવામાં આવે છે. જવાબનાં સાચા-ખોટાપણાં તે અંગેની માહિતી અધ્યેતાને, અધ્યયનમાં આગળ વધવા મદદ કરે છે.
- અભિક્રમિત અધ્યાપનમાં અધ્યેતાએ અધ્યયન પ્રવૃત્તિમાં સક્રિય રીતે સામેલ થવું પડે છે.
- અધ્યેતાની પ્રગતિનું સતત મોનિટર થાય છે. અભિક્રમ અને અધ્યેતા, એમ બંનેની નબળાઈઓના સંદર્ભમાં ચકાસણી થાય છે.

## 6.10 અભિક્રમિત અધ્યાપનની લાક્ષણિકતાઓ :

અભિક્રમિત અધ્યાપનની લાક્ષણિકતાઓ આ પ્રમાણે છેઃ-

- તે અધ્યેતાઓનું ધ્યાન એક સમયે મર્યાદિત અધ્યયન વસ્તુ પર કરે છે. આ મર્યાદિત અધ્યયન વસ્તુને ફરમો કહે છે. અધ્યયન વસ્તુ નાનું હોવાથી ભૂલોને ટાળી શકાય છે.
- તેમાં અધ્યયન વસ્તુના પ્રત્યેક ટૂકડા પર પ્રતિચાર જરૂરી છે.
- તેમાં દરેક પ્રતિચાર પછી તરત જ પરિણામ આપવામાં આવે છે, જો તેનો જવાબ ખોટો હોય તો તેની ભૂલનું કારણ તે સહેલાઈથી જાણી શકાય છે.
- તેમાં દરેક અધ્યેતાને પોતાની ઝડપે પ્રતિચાર આપતી છૂટ મળે છે, તેથી અધ્યેતાને વૈયક્તિક અધ્યયનની તક મળે છે. આમ અહીં વ્યક્તિગત ભિન્નતાનો સ્વીકાર થાય છે.

## 6.11 અભિક્રમ ના પ્રકારોઃ-

### (1) રૈખિક અભિક્રમ :

રૈખિક - અભિક્રમમાં તમામ અધ્યેતાઓ સમાન ફરમાઓ વાંચે છે અને તેના પર પ્રતિચારો આપે છે. ફરમાઓની શ્રેણી રૈખિક છે અર્થાત્ તમામ અધ્યેતાઓએ એક જ માર્ગને અનુસરવાનો છે. અધ્યેતાએ એક ફરમા પછી બીજા ફરમા પર જવાનું છે અને ક્રમિક રીતે આખો પ્રોગ્રામ પૂરો કરવાનો છે.

ઉદાહરણ તરીકે :

| ફરમો | વિગત | સાચો જવાબ |
|---|---|---|
| 1. | અભિક્રમિત અધ્યાપનના વિવિધ પાસાંઓ આ પ્રમાણે છેઃ- | |
| | (1) તે અધ્યાપન પૂરું પાડે છે. | વૈયક્તિક |
| | (2) તે ખ્યાલનો વિકાસ કરે છે. | નાના પગલામાં |
| 2. | હવે આપણે અભિક્રમિત સાહિત્ય શી રીતે તૈયાર કરવામાં આવે છે, તે જોઈને અધ્યયન વસ્તુને નાના ભાગમાં વિભાજિત કરવામાં આવે છે. આ દરેક નાનો મુદ્દો કહેવાય છે. | શૈક્ષણિક |
| 3. | ઉદાહરણ તરીકે આપણે જોયુ છે કે અભિક્રમિત અધ્યાપનનો એક સિદ્ધાંત છે ''વૈયક્તિક અધ્યાપન'' આ શૈક્ષણિક મુદ્દો છે ''પ્રતિપુષ્ટિનો સિદ્ધાંત'' એ અભિક્રમિત અધ્યાપનનો બીજો મુદ્દો છે. | શૈક્ષણિક મુદ્દો |
| 4. | 'છોડનાં બાહ્ય લક્ષણો' એકમમાં પર્ણ, થડ મૂળ, ફૂલો વગેરે થશે | શૈક્ષણિક મુદ્દા |
| 5. | જેવી રીતે નિબંધ એ ફકરાઓનો ગણ છે. તેવી રીતે અભિક્રમિત અધ્યાપન સાહિત્ય નો ગણ છે. | શૈક્ષણિક મુદ્દાઓ |


રૈખિક અભિક્રમિત સાહિત્યની લાક્ષણિકતાઓ આ પ્રમાણે છેઃ-

- વિષય તાર્કિક ક્રમમાં રજૂ કરવામાં આવે છે તે સરળથી સંકુલ તરફ આગળ વધે છે.
- દરેક ફરમામાં એક કે એકથી વધારે પ્રશ્નો મુકવામાં આવે છે.
- અધ્યેતા દરેક પ્રશ્નનો જવાબ આપે છે અને નિયત કરેલાં અધ્યાપન હેતુઓ સિદ્ધ થાય ત્યાં સુધી ક્રિયા ચાલુ રાખે છે. વિષયવસ્તુ એવી રીતે ગોઠવેલી હોય છે કે દરેક તબક્કે તેને તે વધુ અમૂર્ત અને કઠિન તરફ આગળ વધે તે પહેલાં પુરતો મહાવરો મળે છે.
- રૈખિક અભિક્રમિત અધ્યાપનનું અન્ય એક એક અગત્યનું લક્ષણ છે. અધ્યેતા પાસેથી અપેક્ષિત જવાબ મેળવવા કરવામાં આવતી મદદનો યોગ્ય રીતે ઉપયોગ કરવો તે છે. કરવામાં આવતી મદદ એ વિદ્યાર્થીને સાચો જવાબ આપવામાં માટે આપવામાં આવતો પૂરક ઉદ્દીપક, સંકેત કે મદદ છે. તેમાં અધ્યેતા આગળ વધે છે. આ મદદ ધીમે-ધીમે ઘટાડવામાં આવે છે. જ્યારે અધ્યેતા સ્વતંત્ર રીતે જવાબ આપવા સક્ષમ બને છે ત્યારે બંધ કરવામાં આવે છે. તેનાથી અધ્યેતાની ભૂલો ટાળી શકાય છે. રૈખિક અભિક્રમમાં ફરમાઓની ગોઠવણી નીચે પ્રમાણે થયેલ છે.

  (ફરમો -1) → (ફરમો - 2) → (ફરમો - 3) → (ફરમો - 4)

**(2) પ્રશાખા અભિક્રમ :**

પ્રશાખા અભિક્રમમાં એકથી વધુ માર્ગોને અનુસરવાના હોય છે. રૈખિક અભિક્રમની માફક જો અધ્યેતા પ્રત્યેક પ્રશ્નોના, જવાબ સાચાં આવેતો તે એક પછી એક ફરમા પર, વિના અવરોધે આગળ વધે છે. આમ પ્રશાખા અભિક્રમ રૈખિક અભિક્રમ બની જાય છે. પરંતુ અધ્યેતા જવાબ ખોટો આપે તો તેને પૂરક ફરમા પર જવાનું કહેવામાં આવે છે. જે ઉપચારાત્મક શિક્ષણ સાથે છે. પ્રશાખા અભિક્રમમાં ફરમાઓની ગોઠવણી થયેલ છે.




ઉપરોક્ત આકૃતિ અનુસાર અધ્યેતા ફરમા - IA થી પ્રારંભ કરે છે. તે ફરમામા આવેલી વિગત વાંચે છે અને તેના બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નોના જવાબ ખોટા હશે તો તેણે ઉપચારાત્મક ફરમામાં અધ્યેતાને ખ્યાલ આપવામાં આવે છે કે તેણે આપેલ જવાબ ખોટા શા માટે છે.

અભિક્રમ તૈયાર કરવામાં સોપાનો અભિક્રમ લખવાનાં મુખ્ય ત્રણ સોપાનો છે.

(1) તૈયારી

(2) અભિક્રમ લખવો

(3) અભિક્રમની અજમાયશ અને સુધારણા

- આ પ્રત્યેક સોપાને શિક્ષક નીચે પ્રમાણેનાં કાર્યો કરે છેઃ-

તૈયારી : આ સોપાન દરમિયાન શિક્ષક :

(1) શૈક્ષણિક મુદ્દો કે એકમ પસંદ કરે છે.

(2) વિષયવસ્તુની રૂપરેખા તૈયાર કરે છે.

(3) અધ્યાપનના હેતુઓ તૈયાર કરે છે.

(4) વર્તન માટે કસોટી તૈયાર કરે છે.

**અભિક્રમ લખવો :** અભિક્રમ લખવામાં શિક્ષક નીચેના કાર્યો કરે છેઃ-

(1) વિષયવસ્તુને ફરમાના રૂપમાં રજૂ કરે છે.

(2) દરેક ફરમા માટે પ્રશ્નો તૈયાર કરે છે.

(3) દરેક પ્રશ્નનો સાચો જવાબ તૈયાર કરે છે.

(4) સાચા જવાબો માટે મદદ કરવા Prompts (ત્વરિત) તૈયાર કરે છે.

(5) ફરમાઓને ચોક્કસ શ્રેણીમાં ગોઠવે છે.

- **અજમાયશ :**

તૈયાર થયેલ અભિક્રમને 50 કે વધુ પાત્રો પર અજમાવી જુએ છે. આ અજમાયશ દ્વારા મળેલ માહિતીનાં આધારે દરેક ફરમાની ભૂલોનો દર નક્કી કરવામાં આવે છે.

તેની ગણતરી નીચેના સૂત્ર અનુસાર કરવામાં આવે છે.

$$\text{ભૂલનો દર} = \frac{\text{કુલ ભૂલ} \times 100}{\text{કુલ ફરમાની સંખ્યા} \times \text{જવાબ આપનાર પાત્રોની સંખ્યા}}$$

## 6.12 અભિક્રમિત અધ્યાપનના ફાયદા

(1) અધ્યેતા જ્યારે અભિક્રમનો ઉપયોગ કરતો હોય ત્યારે સતત સક્રિય હોય છે.

(2) અભિક્રમિત અધ્યાપન એ હકીકતમાં વૈયક્તિક અધ્યયન છે.

(3) તાત્કાલિક પ્રતિપુષ્ટિ,અધ્યેતાને પોતાનો જવાબ સાચો છે કે ખોટો તે જણાવવામાં મદદ કરે છે.

(4) અભિક્રમો વધારે કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવે છે.

(5) દરેક ફરમો તેની અજમાયશના અંતે અસરકારક પૂરવાર થયેલો હોય છે.

(6) અભિક્રમ તેનો ઉપયોગ દિવસના કોઈપણ સમયે કરી શકાય છે.

## 6.13 અભિક્રમિત અધ્યાપનની મર્યાદાઓ :

(1) એકવાર તેની નવીનતા ખતમ થઈ જાય અને જો શરૂઆતમાં વિદ્યાર્થી વધારે પડતી ભૂલો કરે તો વિદ્યાર્થી તેમાંથી રસ ગુમાવી દે છે - તે પાછળથી પ્રતિપુષ્ટિ અધ્યયનને પ્રવેગી બનાવી શકતી નથી.

(2) વિદ્યાર્થીઓની કલ્પનાશક્તિને મર્યાદિત બનાવે છે.

(3) કારક અભિસંધાન કેટલાંક વિદ્યાર્થીઓમાં સફળરીતે જોવા મળ્યું છે. બધા વિદ્યાર્થીઓમાં તે સફળ પુરવાર થયું નથી.

(4) વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ અને સંબંધો વિકસાવવા માટે વિદ્યાર્થી શિક્ષક વચ્ચેના પરસ્પરના સંપર્ક માટે બિલકુલ તક નથી.

## 6.14 કમ્પ્યુટર સાહિત્ય અધ્યયન

માહિતી ટેક્નોલોજીના વિકાસે વર્ગખંડની બહાર શિક્ષણનાં ક્ષેત્ર પર અસર કરી છે. માહિતીના અગત્યના સાધન તરીકે તેણે શિક્ષકની ભૂમિકાને વિસ્તૃત કરી છે. વૈયક્તિક અધ્યયનને અસરકારક

બનાવ્યું છે. અને અધ્યેતા-સ્વાતંત્ર્યમાં - વધારો કર્યો છે. અત્રે કમ્પ્યુટર સાહિત્ય, અધ્યયનનો અર્થ પરિસ્થિતિઓ અને તેના ફાયદાઓની ચર્ચા કરી છે:-

- **કમ્પ્યુટર સાહિત્ય અધ્યયનનો અર્થ :**

કમ્પ્યુટર માહિતીનો સંગ્રહ કરે છે. પ્રક્રિયા કરે છે. અને જરૂર પડે ત્યારે અને જે સ્વરૂપમાં જોઈએ તે સ્વરૂપમાં પુનઃ પ્રાપ્ત કરી શકે છે. અધ્યયન પ્રક્રિયામાં કમ્પ્યુટર સાહિત્ય અધ્યયનમાં (CAL) જ્યારે અધ્યેતા કમ્પ્યુટર સાથે આંતરક્રિયા કરે છે. ત્યારે તેણે આપેલો જવાબ સાચો છે, કેમકે તેની જાણ કરે છે. જો જવાબ સાચો હોય તો અધ્યેતા આગળ વધે છે. જો જવાબ ખોટો હોય તો તેને સ્વાધ્યાય ફરીથી કરવાનું કહેવામાં આવે છે. અધ્યેતાની જરૂરિયાતો, લાક્ષણિકતાઓ, કૌશલ્યો ક્ષમતાઓ અને અધ્યયનની ઝડપને ધ્યાનમાં લઈ અધ્યેતાના અધ્યયનને વધુ વૈયક્તિક બનાવે છે. તે દ્વિમાર્ગી પ્રત્યાયન પૂરું પાડે છે. અને શિક્ષકની ગેરહાજરીમાં અધ્યેતા અને અધ્યયન પેકેજ વચ્ચે, જીવંત આંતરક્રિયાને ઉદ્દીપ્ત કરે છે.

- **કમ્પ્યુટર સાહિત્ય અધ્યયનની ભિન્ન પરિસ્થિતિઓ**

કમ્પ્યુટર સાહિત્ય અધ્યયનનાં ઘણાં સ્વરૂપો છે. અહીં કેટલીક પરિસ્થિતિઓની ચર્ચા કરી છે.

(1) અધ્યેતાને એક અભ્યાસક્રમનું કે એકમનું, પૂર્ણ પેકેજ કમ્પ્યુટર મારફત આપવામાં આવે છે. તે અધ્યેતાની તમામ બાબતોની નોંધ રાખે છે. વિવિધ સ્વાધ્યાયો અને મહાવરા દ્વારા માર્ગદર્શન પૂરું પાડે છે. અને ધીમા અધ્યેતાઓ માટે કેટલાંક ઉપચારાત્મક કાર્યક્રમો આપે છે. શિક્ષક અધ્યેતાની પ્રગતિ અને સિદ્ધિ અંગેની માહિતી કમ્પ્યુટર મારફતે મેળવે છે.

કમ્પ્યુટરનો ઉપયોગ, અધ્યેતાઓને અનુરૂપન સ્વરૂપમાં અધ્યયન પરિસ્થિતિ પૂરી પાડે છે.

## 6.15 કમ્પ્યુટર સાહિત્ય અધ્યયનના ફાયદા :

(1) અધ્યેતાને કમ્પ્યુટર સાથે આંતરક્રિયા કરવાનું પૂરતું સ્વાતંત્ર્ય મળે છે.

(2) અધ્યેતા પોતાની ઝડપે આગળ વધી શકે છે અને દરેક સોપાનને અધ્યેતાને આંતરક્રિયાત્મક ટર્મિનલ મારફત કમ્પ્યુટર વડે પ્રતિપુષ્ટિ મળે છે જે અધ્યેતાને આંતરક્રિયા કરવા અને કમ્પ્યુટર વડે વધુ શીખવા પ્રેરણા પૂરી પાડે છે.

(3) અધ્યયનની સમગ્ર પ્રક્રિયા દરમિયાન અધ્યેતા સક્રિય રહે છે. આથી રૂઢિગત વ્યાખ્યાનમાં જોવા મળતી વિદ્યાર્થીની નિષ્ક્રિયતા અહીં દૂર થાય છે.

(4) અધ્યેતાને ક્યારેય હતોત્સાહ કરવામાં આવતો નથી કારણ કે કમ્પ્યુટર ક્યારેય ગુસ્સે થતું નથી.

(5) કમ્પ્યુટર અધ્યેતાની ઝડપ વગેરે અંગેની માહિતીની નોંધ પણ રાખે છે.

(6) કમ્પ્યુટર વડે અધ્યેતાની પ્રગતિ, સમય નોંધવામાં આવે છે અને જ્યારે જરૂર જણાય તો વ્યક્તિગત, અધ્યેતા માટે અધ્યયન યોજનામાં સુધારો સૂચવે છે.

(7) યોગ્ય રીતે આયોજિત પાઠ વડે કૌશલ્યોનો સારી રીતે મહાવરો કરી શકાય છે.

(8) અનુકૂળ-અનુરૂપ ઉપયોગ કરી શકાય છે.

(9) તર્ક અને નિર્ણય, ઘડતર, ક્ષમતાનો વિકાસ કરી શકાય છે.

- **કમ્પ્યુટર સાહિત્ય અધ્યયનના અસરકારક ઉપયોગ માટેની શરતો**

કમ્પ્યુટરના ઉપયોગની અસરકારકતા કે સફળતા કમ્પ્યુટરમાં દાખલ કરેલ અધ્યયન પેકેજનાં પ્રકાર અને ગુણવતા પર આધારિત છે. આ પેકેજ ઉચ્ચ કક્ષાનું અધ્યયન પૂરું પાડવું, પાડવાની સાથે અધ્યેતાએ અધ્યયનમાં રુચિ અને પ્રેરણા જાળવી રાખવી જોઈએ.

- **સ્વ-અધ્યયન સાહિત્ય :**

વિદ્યાર્થીઓને અધ્યાપનના હેતુઓને અનુરૂપ, અનુભવો આપવાનાં એક માધ્યમ તરીકે પાઠ્યપુસ્તકનો ઉપયોગ એક સામાન્ય ઘટના છે. પરંતુ પાઠ્યપુસ્તકમાં આપેલ વિષયવસ્તુ, જ્યારે શિક્ષક વિદ્યાર્થીઓને સમજાવે ત્યારે.

આથી અધ્યયન વસ્તુ એવા સ્વરૂપમાં તૈયાર કરવામાં આવે છે કે જેને સમજવામાં શિક્ષકની મદદની જરૂર ન હોય.

(1) અધ્યયનના પ્રત્યેક એકમ પર સ્વ-અધ્યયન સાહિત્ય વૈજ્ઞાનિક રીતે વિકસાવવું.

(2) સ્વ- અધ્યયન સાહિત્યનો અસરકારક રીતે અમલ કરવો.

- **સ્વ - અધ્યયન સાહિત્યનું મહત્ત્વ :**

(1) તે પ્રત્યક્ષ શિક્ષણ અને પાઠ્યપુસ્તક એમ બેવડી ભૂમિકા ભજવે છે.

(2) વિદ્યાર્થીને અભ્યાસ પ્રત્યે અભિમુખ કરે છે.

(3) વિદ્યાર્થીને પોતાની પ્રગતિનો ખ્યાલ તાત્કાલિક આપે છે પરિણામે સ્વ પ્રતિપુષ્ટિ પૂરી પાડે છે.

(4) અધ્યયન વસ્તુ ચોક્કસ ક્રમમાં ગોઠવાયેલ હોવાથી બોધાત્મક સંરચનામાં અધ્યયિત વસ્તુ વધારે સ્થિરતા પ્રાપ્ત કરે છે.

(5) અધ્યેતાને પોતાની ઝડપે અને પોતાની અનુકૂળતાએ અધ્યયનન કરવાની તક આપે છે.

(6) તેજસ્વી વિદ્યાર્થીઓને પોતાની શક્તિઓનો મહત્તમ ઉપયોગ કરવાનો અવકાશ હોય છે.

## 6.16 સારાંશ :

સમગ્ર એકમમાં સારાંશ અનેક રીતે રજૂ કરવામાં આવે છે, તે મહત્ત્વના શબ્દોની યાદી રૂપે હોઈ શકે. ઓળખયાદીનાં રૂપમાં હોઈ શકે કે શૈક્ષણિક મુદ્દાઓની યાદી સ્વરૂપે હોય, તેનો હેતુ સમગ્ર એકમના વિષયવસ્તુને ઝડપથી અને એક સાથે અધ્યેતા સામે રજૂ કરવાનો હોય છે.

## 6.17 તમારી પ્રગતિ ચકાસો :

- **નીચે પ્રમાણેની ખાલી જગ્યા પૂરો**

(1) તે અધ્યાપન પૂરું પાડે છે. (વૈયક્તિક, શૈક્ષણિક)

(2) રૈખિક અભિક્રમની લાક્ષણિકતાઓ જણાવો.

- **નિબંધ પ્રકારના પ્રશ્નો (ઉત્તરોના મુદ્દા સાથે** **(12)**

પ્ર.1 વૈયક્તિક અધ્યયન માટે સાહિત્ય તૈયાર કરવા માટેના સ્કિનરના સિદ્ધાંતો સમજાવો.

**મુદ્દાઓ :**

(1) અભિક્રમિત અધ્યયન

(2) અભિક્રમિત અધ્યયનનો અર્થ

(3) અભિક્રમિત અધ્યાપનની લાક્ષણિકતાઓ

(4) અભિક્રમના પ્રકારો

(5) અભિક્રમ તૈયાર કરવાનાં સોપાનો

(6) અભિક્રમિત અધ્યાપનના ફાયદા

(7) અભિક્રમિત અધ્યાપનની મર્યાદાઓ

**પ્ર.2 કમ્પ્યુટર સાહિત્ય અધ્યયનનો અર્થ અને ફાયદાઓની ચર્ચા કરો.**

(1) કમ્પ્યુટર અધ્યયનનો અર્થ

(2) કમ્પ્યુટર સાહિત્ય અધ્યયનની ભિન્ન પરિસ્થિતિઓ.

(3) અધ્યેતાને કમ્પ્યુટર સાથે

(4) કમ્પ્યુટર અધ્યેતાની સિદ્ધિ

- **ટૂંકા પ્રશ્નો** **(6)**

  (1) વૈયક્તિક અધ્યયન પદ્ધતિની ધારણાઓ જણાવો.

  (2) સ્વ-અધ્યયન સાહિત્યનું મહત્ત્વ

- **એક વાકયમાં જવાબ આપો.** **(2)**

  (1) પ્રશાખા એટલે શું ?

  (2) ફરમો -1 શું દર્શાવે છે ?

- **હેતુલક્ષી પ્રશ્નો** **(1)**

(1) સ્કિનરે કયા પક્ષી પર પ્રયોગ કર્યો હતો

(A) કબૂતર (B) ચકલી

(C) મોર (D) પોપટ

(2) છોડના બાહ્ય લક્ષણો એકમમાં પૂર્ણ થડ, મૂળ ફૂલો વગેરે થશે.

(A) શૈક્ષણિક મુદ્દા (B) શૈક્ષણિક

(C) વૈયક્તિક (D) શિક્ષક

## 6.18 સ્વાધ્યાય

(1) સ્વઅધ્યયન સાહિત્યના અસરકારક અમલીકરણ માટે કઇ બાબતો શિક્ષકે ધ્યાનમાં લેવી જોઈએ.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

એકમ 7

# અધ્યયન શૈલી

## : રૂપરેખા :

7.1 ઉદ્દેશો

7.2 એકમના પારિભાષિક શબ્દો

7.3 પ્રસ્તાવના

7.4 અધ્યયનશૈલીની સંકલ્પના

7.5 અધ્યયનશૈલીઓનું વર્ગીકરણ

- વિટકીન અને ગુડઈનફનું અધ્યયનશૈલી વર્ગીકરણ
- મેકડોફનું અધ્યયનશૈલી વર્ગીકરણ
- મૂર્ત પ્રત્યક્ષીકરણ કરનારા અધ્યેતાઓ
- અમૂર્ત પ્રત્યક્ષીકરણ કરનાર
- સક્રિય પ્રક્રિયા કરનાર
- ચિંતનાત્મક પ્રક્રિયા કરનાર
- પાઠ્યક્રમ
- અધ્યાપન
- મૂલ્યાંકન

7.6 VAK અધ્યયનશૈલી વર્ગીકરણ

- દૃશ્ય અધ્યેતાઓ
- શ્રાવ્ય અધ્યેતાઓ
- ક્રિયાત્મક અધ્યયન
- મેયર્સ - બ્રિઝનું અધ્યયનશૈલી વર્ગીકરણ
- બહિર્મુખતા
- અંતરસૂઝયુક્ત
- સંવેદનયુક્ત
- વિચારક
- નિર્ણયકર્તા

7.8 કોર્બનું અધ્યયન શૈલીઓનું વર્ગીકરણ

- મૂર્ત અનુભવ
- વિકેન્દ્રીત
- અનુકલાત્મક
- સક્રિય પ્રયોગ
- અમૂર્ત સંકલ્પના
- ચિંતનાત્મક અવલોકન

**- પરિચારનાત્મક વિચારક**

**7.9 અધ્યયનશૈલીને સુંસગત શિક્ષણ યોજના**

**- શ્રાવ્ય અધ્યેતા**

**- ક્રિયાત્મક**

**- બર્હિમુખી અધ્યેતા**

**- TAPP પદ્ધતિ**

**- અંતર્મુખી અધ્યેતા**

**- સંવેદનયુક્ત અધ્યેતા**

**- ATA પદ્ધતિ એટલે શું**

**- A.O. પદ્ધતિ એટલે શું ?**

**7.10 અધ્યયનશૈલી સંકલ્પનાનો ઉપયોગ કરવા સહભાગી અસર**

**- સામાન્ય રીતે એવું માનવું**

**- વિદ્યાર્થીઓ**

**- કેટલાંક શિક્ષકો**

**7.11 સારાંશ**

**7.12 તમારી પ્રગતિ ચકાસો**

**7.13 નિબંધ પ્રકારના પ્રશ્નો ના ઉત્તરો મુદ્દા સાથે**

**7.14 સ્વાધ્યાય**

## 7.1 ઉદ્દેશ્યો

- અધ્યયનશૈલીની સંકલ્પના સ્પષ્ટ કરી શકશો.

- અધ્યયનશૈલી અંગે વિવિધ સિદ્ધાંતોની ચર્ચા કરી શકશો.

- અધ્યયનશૈલી અને અધ્યયન પ્રક્રિયા વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરી શકશો.

- ભિન્ન અધ્યયનશૈલીને અનુરૂપ અધ્યાપન યોજવાનું આયોજન કરી શકશો.

- ભિન્ન અધ્યયનશૈલીને અનુરૂપ અધ્યાપન

- યોજના નું આયોજન કરી શકશો.

## 7.2 એકમના પારિભાષિક શબ્દો

(1) બહિર્મુખતા - અંતર્મુખતા

(2) નિર્ણયકર્તા - પ્રત્યક્ષીકરણ

(3) ચિંતનાત્મક - અવલોકન

(4) અનુકૂલનાત્મક - સંવેદન અને ક્રિયા

(5) મૂર્તઅનુભવ - સંવેદન

## 7.3 પ્રસ્તાવના :

મનોવૈજ્ઞાનિકોએ એવું અનુભવ્યું છે કે અધ્યેતાઓ ચોક્કસ અધ્યયન પરિસ્થિતિ પ્રત્યે ચોક્કસ અભિગમ ધરાવે છે. અર્થાત્ પરિસ્થિતિમાં ભિન્ન અધ્યેતાએ અધ્યયન તથા અભ્યાસના ભિન્ન અભિગમો ધરાવે છે. આ ભિન્ન અભિગમોને અધ્યયનશૈલી તરીકે ઓળખવામાં આવે છે. આ અભિગમોમાં એક સામાન્ય હકીકત છે. અધ્યયન પરિસ્થિતિમાં અધ્યેતાઓ, જે માહિતી સંસ્કરણ કરે

છે. તેના સ્તરમાં તફાવત હોય છે. આમ અધ્યેતાઓના અધ્યયન માટેના, ભિન્ન અભિગમોનો સ્વીકાર મનોવૈજ્ઞાનિકોએ સ્વીકાર્યો છે.

## 7.4 અધ્યયનશૈલી : સંકલ્પના

અધ્યેતાના અધ્યયન અને અભ્યાસ અંગેના અભિગમને અધ્યયન શૈલી કહે છે. કેટલાંક વિદ્વાનો અધ્યયન શૈલી સાલ્જો અધ્યયન પસંદગી શબ્દ પ્રયોજે છે. વૂલફોક : (1998) અધ્યયન શૈલી અને અધ્યયન પસંદગી વચ્ચે સુક્ષ્મ ભેદ રેખા સ્વીકારે છે.

અધ્યયન પસંદગી અધ્યેતા દ્વારા અધ્યયન અને અભ્યાસ માટે પસંદ કરેલ માર્ગો છે. જેમકે શબ્દોના બદલે ચિત્રોનો ઉપયોગ કરવો એકલા કામ કરવાને બદલે અન્યોની સાથે કામ કરવું.

## 7.5 અધ્યયન શૈલીનું વર્ગીકરણ :

અધ્યયન શૈલી અંગે મનોવૈજ્ઞાનિકોએ, અધ્યયન શૈલીને ભિન્ન દૃષ્ટિબિંદુથી સમજવાનો પ્રયત્ન કર્યો છે. પરિણામે અધ્યયન શૈલીનું અલગ-અલગ માપદંડ અનુસાર વર્ગીકરણ થયું છે. અહીં આપણે આવા કેટલાંક વર્ગીકરણોનો પરિચય મેળવીશું.

- **માર્ટન અને સાલ્જોનું અધ્યયનશૈલી વર્ગીકરણ :**

અધ્યયન શૈલીનો સૌથી વધુ સ્વીકૃત ખ્યાલ માર્ટન અને સાલ્જોએ રજૂ કરેલ માહિતી સંસ્કરણ આધારિત ખ્યાલ છે. તેમણે ક્રિક અને લોબાર્ટ (1972) પ્રક્રિયા સ્તર સિદ્ધાંતના આધારે અધ્યેતાઓના બે પ્રકાર રજૂ કર્યા.

(1) ઊંડાણપૂર્વક પ્રક્રિયા કરનારા અધ્યેતા

(2) ઉપર છલ્લી સપાટીઓ - અધ્યતા

અધ્યયન કરનારા અધ્યેતાઓ પહેલા પ્રકારનાં અધ્યેતાઓ, અધ્યયન સાહિત્ય રજૂ કરવાનો પ્રયત્ન કરે છે. અને શીખેલા નવા વસ્તુને પૂર્વજ્ઞાન સાથે જોડવાનો પ્રયત્ત્ન કરે છે. પરિણામે આવા અધ્યેતાઓમાં અર્થપૂર્ણ અધ્યયન થાય છે.

- **વિટડીન અને ગુડઇનફનું અધ્યયનશૈલી વર્ગીકરણ**

અધ્યયન શૈલીઓનું બીજું વર્ગીકરણ વિટકીન અને ગુડઈનફે (1981) માં રજૂ કર્યુ છે. તેમનાં સિદ્ધાંત અનુસાર અધ્યેતાઓ બે પ્રકારના છે.

(1) ક્ષેત્ર આધારિત

(2) ક્ષેત્ર સ્વતંત્ર

- **મેક ડોનફનું અધ્યયન શૈલી વર્ગીકરણ**

મેક ડોનફના વિચારો અનુસાર અધ્યેતાઓનો વારસો, ઉછેર અને પ્રવર્તમાન પર્યાવરણની જરૂરિયાતમાં ભિન્નતાને પરિણામે, ભિન્ન અધ્યેતાઓમાં માહિતીનું પ્રત્યક્ષીકરણ અને માહિતીની પ્રક્રિયા ભિન્ન હોય છે. આથી અધ્યેતાઓના પ્રત્યક્ષીકરણ અને પ્રક્રિયામાં ભિન્નતા અનુસાર અધ્યેતાઓના પ્રકારો પાડવામાં આવ્યાં છે.

**(1) મૂર્ત પ્રત્યક્ષીકરણ કરનાર અધ્યેતાઓ :**

અધ્યેતાઓ ક્રિયા સંવેદન અને લાગણી દ્વારા પ્રત્યક્ષ અનુભવથી માહિતીને ગ્રહણ કરે છે.

**(2) અમૂર્ત પ્રત્યક્ષીકરણ કરનાર અધ્યેતાઓ.**

આ અધ્યેતાઓ વિશ્લેષણ, અવલોકન અને વિચાર મારફત માહિતીને ગ્રહણ કરે છે.

- **સક્રિય પ્રક્રિયા કરનારાઃ**

આ અધ્યેતાઓ નવી માહિતીનો તાત્કાલિક ઉપયોગ કરીને અનુભવનો અર્થ મેળવે છે.

◆ **ચિંતનાત્મક પ્રક્રિયા કરનારાઓ :**

આ અધ્યેતાઓ નવા અનુભવ પર ચિંતન કરીને અને તેના પર વિચાર કરીને અર્થ મેળવે છે.

- શૈલી સિદ્ધાંતો આ પ્રમાણે છે

**(1) પાઠ્યક્રમ :**

શિક્ષક પ્રશિક્ષકોએ પાઠ્યક્રમ તૈયાર કરતી વખતે રૂઢિગત કૌશલ્યો જેવા કે તર્ક, અને સમસ્યા ઉકેલ ઉપરાંત અંતર્સૂઝ લાગણી, સંવેદન, કલ્પના વગેરેને સ્થાન આપવું જોઈએ.

**(2) અધ્યાપન :**

શિક્ષકે અનુભવ, ચિંતન, કલ્પના અને પ્રયોગના ભિન્ન સંયોજનોનો ઉપયોગ કરીને ચારેય અધ્યયન શૈલીનો સમન્વય થઈ શકે તેવી અધ્યાપન યોજવા તૈયાર કરવી જોઈએ.

**(3) મૂલ્યાંકન :**

'સંપૂર્ણ સમજ' અને તમામ અધ્યયન શૈલીના વિકાસ પર કેન્દ્રિત વિવિધ મૂલ્યાંકન પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ.

## 7.6 VAK અધ્યયન શૈલી વર્ગીકરણ :

આ વર્ગીકરણ માહિતીને ગ્રહણ કરવા માટે ઉપયોગમાં લેવાતા સંવેદન અંગેની પસંદગી અગ્રતાક્રમ પર આધારિત છેઃ-

(1) દશ્ય અધ્યેતાઓ

(2) શ્રાવ્ય અધ્યેતાઓ

(3) ક્રિયાત્મક અધ્યેતાઓ

(4) દશ્ય અધ્યેતાઓની ઓળખ

- પુસ્તકો અને ચિત્રો જોવા ગમે છે.
- આસપાસનાં પર્યાવરણમાં સ્વચ્છતા ગમે છે.
- જે વસ્તુ જોયેલી હોય તે યાદ રાખે છે.
- સામેની વ્યક્તિના ડ્રેસિંગને ઝીણવટથી જુએ છે.
- કબાટમાં કઈ વસ્તુ ક્યાં મુકાયેલી છે તે યાદ રાખી શકે છે.
- તેને વાંચવા મુશ્કેલી હોઈ શકે છે.
- તે શિક્ષકના ચહેરાને ઈરાદાપૂર્વક જોઈ શકે છે.
- વર્ગમાં ભાગ્યેજ બોલે છે અથવા ખૂબ જ ઓછા શબ્દોમાં જવાબ આપે છે.
- તે દશ્ય અધ્યેતા છે. 60 ટકા લોકો દશ્ય અધ્યેતા હોય છે.

**- દશ્ય અધ્યેતાઓની લાક્ષણિકતાઓ :**

લાક્ષણિકતાઓ

| ક્ષમતાઓ | નબળાઈઓ |
| --- | --- |
| - તેઓ જે જુએ છે અને વાંચે છે. | - તેઓ જે સાંભળે છે તે લાંબા સમય સુધી યાદ |
| - તે યાદ રાખે છે. | રાખી શકતાં નથી. |
| - આબેહૂબ કલ્પના કરી શકે | - લખેલી માહિતી |
| - રંગોનો ઉપયોગ કરી શકે | સિવાય માહિતીનું તેમને માટે મહત્ત્વ નથી. |
| - ઉત્સુક વાચક | - નામો યાદ રાખવામાં મુશ્કેલી |

- શબ્દ કે ચિત્ર સ્વરૂપમાં વિચારી શકે

- ચહેરાઓ યાદ રાખી શકે

- યાદીઓ બનાવવી ગમે છે.

◆ **શ્રાવ્ય અધ્યેતાઓ :**

આ અધ્યેતાઓની ઓળખ અને લાક્ષણિકતા આ પ્રમાણે છે.

- શ્રાવ્ય અધ્યેતાઓની ઓળખ - જે અધ્યેતાઓ

- સતત બોલ્યા કરે છે.

- સારી રીતે વાર્તા કરે છે.

- હસ્તાક્ષરો નબળા છે.

- તેને જે કહેવામાં આવે તે અક્ષરશઃ પુનઃ બોલી શકે છે.

- સમય અને સ્થળનું નબળું પ્રત્યક્ષીકરણ છે. તે બાળક શ્રાવ્ય અધ્યેતા છે.

- 30% લોકો શ્રાવ્ય અધ્યેતા છે.

- શ્રાવ્ય અધ્યેતાની લાક્ષણિકતાઓ

લાક્ષણિકતાઓ

| ક્ષમતાઓ | નબળાઈઓ |
|---|---|
| - તેઓ જે સાંભળે છે તે યાદ રાખે છે. | - અવાજથી તેને અવરોધ આવે છે. |
| - તેઓ જ્યારે લખે ત્યારે બોલે છે. | - રમતો અને મિત્રો તેમને ચીડ ઉત્પન્ન કરે છે. |
| - તે સારા વક્તા હોઈ શકે. | - તેમનું લખાણ બહુ સુવાચ્ય હોતું નથી. |
| - નામો યાદ રાખે. | - ચેહરો ભૂલી જાય છે. |
| - જ્યારે તેઓ અન્યને સાંભળતા હોય ત્યારે | - જ્યાં સુધી સાંભળે નહીં ત્યાં સુધી લખેલી માહિતીનો તેમના માટે અર્થ રહેતો નથી. |
| - તે જમણીબાજુ જુએ છે. | |
| - નાના જૂથમાં ચર્ચા કરવી ગમે છે. | |

◆ **શ્રાવ્ય અધ્યેતાઓની લાક્ષણિકતાઓ :**

ક્રિયાત્મક અધ્યેતા આંકની ઓળખ

- દરેક સમયે હલનચલન કરતાં હોય છે.

- દરેક વસ્તુને સ્પર્શ કરતાં હોય અને અનુભૂતિ કરતાં હોય તે દોડતા - ચાલતા દીવાલોને દરવાજા વગેરેને હાથ ઘસે છે.

- પોતાના હાથે કાર્ય કરવામાં આનંદ અનુભવે છે.

- રમતોમાં સારું પ્રદર્શન કરે છે.

- અધ્યયન સાધનો તરીકે મૂર્ત પદાર્થનો ઉપયોગ જરૂરી છે.

- **ક્રિયાત્મક અધ્યેતાઓની લાક્ષણિકતાઓ :**

લાક્ષણિકતાઓ

| ક્ષમતાઓ | નબળાઈઓ |
|---|---|
| - જ્યારે તેઓ ક્રિયા કરે છે ત્યારે શ્રેષ્ઠ રીતે યાદ રાખે છે. | - સાંભળેલું કે જોયેલુ ઓછું યાદ રાખી શકે છે. |
| - તેઓ માટે સ્પર્શ અને હલનચલન અગત્યના છે. | - વાંચતા શીખવામાં મુશ્કેલી અનુભવે છે. - શબ્દોની જોડણીમાં નબળા હોય છે. |
| - રમતો વધુ પસંદ કરે છે. | - વાંચવા માટે ઉત્સુક હોતાં નથી. |
| - અનુકરણ અને મહાવરાથી શીખે છે. | |

- તેઓને તરવું, રાંધવું, દોડવું, ખાવું, નૃત્ય કરવું વગેરે ગમે છે.

## 7.7 મેયર્સ : બ્રીઝનું અધ્યયન શૈલી વર્ગીકરણ :

**મેયર્સ :** બ્રીઝે એક અધ્યયન શૈલી માપદંડ બનાવ્યો છે. જે અધ્યયન પસંદગીના ચાર પાસાં રજૂ કરે છે. આ ચાર પાસાંઓ આ પ્રમાણે છે.

**(1) બહિર્મુખતા :** (1) અંતર્મુખતા

(2) સંવેદનયુક્ત અંતર્સૂઝયુક્ત

(3) વિચારક - લાગણીભાર

(4) નિરણયકર્તા - પ્રત્યક્ષીકરણકર્તા આ ચાર પાસાઓ આમ કુલ 16 અધ્યયન શૈલીઓ નક્કી થઈ શકે છે. દા.ત. અધ્યયન પસંદગીના પ્રત્યેક પાસાંની ચર્ચા અહીં રજૂ કરી

અંતર્મુખતા અંતર્મુખી અધ્યેતાઓને પોતાના વિચારો અને સંકલ્પનાઓનું આંતરિક વિશ્વ હોય છે. તેઓ વિશ્વને સમજવા ઇચ્છે છે તેઓ કોઈ એક બાબત પર કેન્દ્રિત હોય છે. ચિંતનાત્મક વિચાર ધરાવે છે.

બહિર્મુખતા તેઓને વસ્તુઓ અને લોકોમાંથી ઉર્જા મળે છે. તેઓ અન્ય સાથે આંતરક્રિયા ઇચ્છે છે. તેઓ ક્રિયા અનુભવે છે.

- **સંવેદનયુક્ત :**

સંવેદનયુક્ત વ્યક્તિ હકીકતમાં માને છે. વસ્તુઓનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરે છે.

અંતર્સૂઝયુક્ત : તેઓ તેમણે મેળવેલ માહિતી પરથી તરેહ શોધે છે.

- **વિચારક :**

તેઓ નિર્ણયપર અનાત્મલક્ષી માપદંડ પર વધુ ભાર આપે છે.

- લાગણી સભર : તેઓ સંવાદિતાને મહત્ત્વ આપે છે માનવ મૂલ્યો પર ભાર આપે છે. તેઓ જૂથમાં મતભેદોને દૂર કરવા પ્રયત્નશીલ હોય છે.


- નિર્ણયકર્તા : તેઓ કાર્યપૂર્ણ કરવા પર કેન્દ્રિત હોય છે. તે જરૂરી બાબતો જાણવા ઈચ્છે છે અને ઝડપથી પગલાંઓ લે છે. કાર્યનું આયોજન કરે તે પ્રમાણે કાર્ય કરે છે.

## 7.8 કોબનું અધ્યયન શૈલીઓનું વર્ગીકરણ :

કોબના અધ્યયન સિદ્ધાંત અનુસાર અધ્યયનશૈલી ચલોની બે જોડીઓની નીપજ છે. અર્થાત્ અધ્યયનશૈલીની પસંદગી પ્રક્રિયા અને પ્રત્યક્ષીકરણ વચ્ચેની આંતરક્રિયાનું પરિણામ છે. પ્રક્રિયાનો

વિસ્તાર જોવાથી શરૂ કરી ક્રિયા સુધી અને પ્રત્યક્ષીકરણનો વિસ્તાર સંવેદનથી શરૂ કરી વિચાર સુધીનો છે. જોવાની ક્રિયામાં ચિંતનાત્મક અવલોકન થાય છે. જ્યારે ક્રિયામાં સક્રિય પ્રયોગ થાય છે.

અધ્યયન એ અધ્યયન ચક્રના સ્વરૂપમાં થાય છે. આ અધ્યયન ચક્ર અનુસાર મૂર્ત અનુભવો અવલોકનો અને ચિંતનનો આધાર પૂરો પાડે છે.




કોબે રજૂ કરેલ ચાર અધ્યયન શૈલીઓ ધરાવનાર અધ્યેતાઓની મુખ્ય લાક્ષણિકતાઓ રજૂ કરે છે.

- **વિકેન્દ્રિત અધ્યયન શૈલી (સંવેદન અને જોવું)**

આ અધ્યયનશૈલી ધરાવતાં અધ્યેતાઓ કોઈપણ વસ્તુને ભિન્ન દૃષ્ટિબિંદુથી જોઈ શકે છે. તેઓ સંવેદનશીલ હોય છે. તેઓ ક્રિયા કરવાને બદલે જોઈને માહિતી મેળવવાનો અને તેનો ઉપયોગ સમસ્યા ઉકેલવામાં કરવાનું વલણ ધરાવે છે. જ્યાં નવા વિચારોને મેળવવાના હોય તેવી પરિસ્થિતિમાં આવા અધ્યેતાઓ વધુ સફળ થાય છે. આવા અધ્યેતાઓને લોકોમાં વધુ રસ હોય છે. તેઓ કલ્પનાશીલ અને કલામાં ખૂબ સારો દેખાવ કરે છે.

- **પરિચયનાત્મક અધ્યયનશૈલી (જોવુ અને વિચારવું)**

તેઓ તાર્કિક અભિગમ વધુ પસંદ કરે છે. તેઓને પ્રાયોગિક અનુભવના બદલે વધુ સ્પષ્ટ માહિતીની જરૂર પડે છે. તેઓ માહિતીને સમજવા અને ગોઠવવામાં શ્રેષ્ઠ હોય છે. તેઓ માહિતી અને વિજ્ઞાન સંબંધિત કારકિર્દીમાં વધુ સફળ થઈ શકે તેઓ અધ્યયન માટે વાચન વ્યાખ્યાનો અને વિશ્લેષણને વધુ પસંદ કરે છે.

- **કેન્દ્રિત અધ્યયન શૈલી (વિચારવું અને ક્રિયા)**

આ અધ્યયન શૈલી ધરાવતા અધ્યેતાઓ સમસ્યા ઉકેલી શકે છે અને તેના અધ્યયનો ઉપયોગ વ્યાવહારિક સમસ્યાના ઉકેલ માટે કરે છે તેઓ ટેકનિકલ કાર્યોને વધુ પસંદ કરે છે. તેઓ આંતર વૈયક્તિક સંબંધમાં ખાસ રસ ધરાવતા નથી. તેઓને નવા વિચારોના પ્રયોગો કરવા, અનુકરણનો ઉપયોગ કરવો અને વ્યવહારુ ઉપયોગો કરવા વધુ ગમે છે.

- **અનુકૂલનાત્મક અધ્યયન શૈલી (સંવેદન અને ક્રિયા)**

આ અધ્યેતાઓ તર્કના બદલે અંતરસૂઝ પર વધુ આધાર રાખે છે. તેઓ પોતાની રીતે વિશ્લેષણ કરવાને બદલે અન્યના વિશ્લેષણ પર આધાર રાખે છે. વ્યવહારુ અને પ્રાયોગિક અભિગમનો ઉપયોગ કરે છે. નવા પ્રકારો અને અનુભવોને પસંદ કરે છે. તેઓ પોતાનું ધ્યેય નિશ્ચિત કરે છે. અને તે સિદ્ધ કરવા ભિન્ન રીતે પ્રયત્ન કરે છે.

- અધ્યયન પ્રક્રિયા સાથે કોઈ સંબંધ છે કે કેમ ? આ પ્રશ્નનો જવાબ આપણે અત્યાર સુધીમાં અધ્યયન શૈલીના જે વર્ગીકરણોની ચર્ચા કરી તેમાંથી 'હા' માં મળે છે અર્થાત્ અધ્યયનશૈલી અધ્યયન પ્રક્રિયા સાથે જોડાયેલાં છે.

- માર્ટન અને સાલ્જોના વર્ગીકરણ અનુસાર અધ્યેતા, અધ્યયન જે સપાટીએ કરે છે તે અનુસાર તેની અધ્યયન શૈલી નક્કી થાય છે. ટૂંકી સપાટીએ અધ્યયન કરનારાઓમાં અર્થ પૂર્ણ અધ્યયન થાય છે. જ્યારે ઉપરછલ્લી સપાટીએ અધ્યયન કરનારાઓમાં ગોખણિપું અધ્યયન થાય છે.

કોબાના અધ્યયનશૈલી વર્ગીકરણ અનુસાર, અધ્યયનશૈલી નક્કી કરવામાં અધ્યયન અચુક જવાબદાર છે. અધ્યયન ચૂકમાં અધ્યેતા મૂર્ત અનુભવ ચિંતનાત્મક અવલોકન, અમૂર્ત સંકલ્પના અને ઉચ્ચ પ્રયોગોમાંથી પસાર થાય છે. આ ચાર પાસાંઓમાંથી આસપાસના પાસાં મળીને એક એક અધ્યયન શૈલીનું નિર્માણ કરે છે.

## 7.9 અધ્યયન શૈલીને સુંસગત શિક્ષણ યોજના :

આપણે અત્યાર સુધી આ એકમ ચર્ચા કરી તે પ્રમાણે અધ્યેતાઓ અધ્યયન પસંદગી કે અધ્યયન શૈલીની બાબતમાં જુદાં પડે છે. અર્થાત્ અધ્યેતાઓ ભિન્ન રીતે શીખે છે. કોઈ બે અધ્યેતાઓ તદ્દ્ન સમાન રીતે શીખતાં નથી. આથી જો અધ્યેતાઓને વધુ અસરકારક રીતે શીખવવું હોય તો તેમની અધ્યયનશૈલીને ધ્યાનમાં રાખવી જોઈએ.

**દશ્ય અધ્યેતા :**

(1) વ્યાખ્યા સાંભળતી વખતે નોંધ લખવા પ્રોત્સાહન આપો.

(2) રંગીન હાઈલાઈટનો ઉપયોગ કરો.

(3) વીડિયો ટેપનો ઉપયોગ કરવો.

(4) સુઆયોજીત દશ્ય રજૂઆતનો ઉપયોગ કરવો.

**શ્રાવ્ય અધ્યેતા :** આ અધ્યેતાના શિક્ષણ માટે આટલું ધ્યાનમાં રાખો.

(1) મૌખિક રજૂઆતને અસરકારક બનાવવા મુદ્દાઓની પુનઃ રચના કરો. અવાજની ઝડપ અને તિવ્રતા યોગ્ય ફેરફાર કરો.

(2) ઉચ્ચારને કારણે મુંઝવણ દૂર કરવા ચાવીરૂપ શબ્દો કા.પા. પર લખો.

(3) અવાજ સંગીત વ્યક્તિત્ય માટે બહુમાધ્યમો નો ઉપયોગ કરવો.

(4) હકીકતો, તારણ, નામો વગેરે યાદ રાખવા જોડકાં બનાવો અને વારંવાર તેનું પુનરાવર્તન કરો.

- વિદ્યાર્થીઓને અભ્યાસ જૂથ માં કામ કરવાની છૂટ આપો.

(5) વિવિધ સ્મૃતિ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા.

**ક્રિયાત્મક અધ્યેતાઓ :**

(1) વધારાનો સમય પ્રયોગશાળામાં પસાર કરે તેવી વ્યવસ્થા કરો.

(2) ''પાઠ ભજવો'' પ્રયુક્તિનો ઉપયોગ કરવો

(3) ક્ષેત્ર મુલાકાતનો ઉપયોગ કરો

(4) તેઓને તેમની નોંધ લખવાં પ્રોત્સાહિત કરવાં

(5) વર્ગમાં ક્રિયાત્મક પ્રવૃત્તિ આપો.

**બહુમુખી અધ્યેતાઓ :** આ અધ્યેતાઓનાં શિક્ષણ માટે

આ અધ્યેતાઓના શિક્ષણ માટે આટલું ધ્યાનમાં રાખી બહિર્મુખી અધ્યેતાઓને જૂથમાં કામ કરવું ગમે છે. આથી તેઓ માટે વર્ગમાં કે વર્ગની બહાર જૂથ પદ્ધતિઓનું આયોજન કરવું.

- આ અધ્યેતાઓના શિક્ષણમાં માટે નીચેની બે પદ્ધતિઓની ભલામણ કરવામાં આવે છે.

- TAPPS (Thinking Aloud Parid Problem Soluning)

- Normal Group Method

- TAPPS નો અમલ આ રીતે કરવામાં આવે છે.

- શિક્ષક સમસ્યા રજૂ કરે છે અને વિદ્યાર્થીઓને પુરો સમય આપે છે.

- બે વિદ્યાર્થીઓની એક જોડી બનાવવામાં આવે છે. તેમાં એક સ્પષ્ટતા કરનાર અને બીજો સાંભળનાર હોય છે.

- સ્પષ્ટતા કરનાર સાંભળનારના વિચારો સ્પષ્ટ કરે છે. સાંભળનાર (1) પ્રશ્ન પૂછે (2) અસંમત થાય

(3) સ્પષ્ટતા કરનાર સ્પષ્ટતા ન કરી શકે ત્યારે મદદ કરે.

- શિક્ષક સ્પષ્ટતા કરનારના કેટલાંક જવાબોની સમીક્ષા કરે છે અને સમાપન કરે છે.

(4) Normal Group Method નો અમલ આ રીતે કરવામાં આવે છેઃ-

- શિક્ષક સમસ્યા રજૂ કરે છે અને વિદ્યાર્થીઓને પુરતો સમય આપે છે.

- વિદ્યાર્થીઓ વર્તુળાકાર બેસીને પોતાના વિચારો અન્યો સામે રજૂ કરે છે.

- જૂથ વિચારોની ચર્ચા કરે છે અને અંતિમ નિર્ણય પર આવે છે.

- શિક્ષક જૂથનાં નિર્ણયની સમીક્ષા કરે છે અને સમાપન કરે છે.

**અંતર્મુખી અધ્યેતાઓના શિક્ષણ માટે આટલું કરો.**

અંતર્મુખી અધ્યેતાઓ અધ્યયન વસ્તુને સુગ્રથિત કરવા ચોક્કસ માળખું તૈયાર કરે છે. આથી શિક્ષકો આ અધ્યેતાઓને તુલના કે વિરોધાભાસ માટે સારણી શી રીતે બનાવવી તે અંગે માર્ગદર્શન આપે છે.

**સંવેદનયુક્ત અધ્યેતાઓ :**

આ અધ્યેતાઓના શિક્ષણ માટે નીચે દર્શાવેલએ પૈકી કોઈ એક પદ્ધતિનો ઉપયોગ કરવો

(1) MBK પદ્ધતિ (2) A.T.A પદ્ધતિ (3) A - O પદ્ધતિ

(1) MBK પદ્ધતિ એટલે "Must be known" શિક્ષક સૌપ્રથમ પૂછે છે કે પાઠનો સૌથી સામાન્ય સિદ્ધાંત શું છે ? તેનો જવાબ વિદ્યાર્થીઓ એક ખાનામાં લખે છે. આ સિદ્ધાંતને સમજવા કયા પેટા મુદ્દાઓ ભણવા જોઈએ ? તે પ્રશ્ન પૂછો અને તેના જવાબો પ્રથમ ખાનાઓમાં નીચે લખો. અને તેને તીરની નિશાનીથી પ્રથમ ખાના સાથે જોડો. આ રીતે સમગ્ર એકમ અંગે વિચાર રજૂ કરવામાં આવે છે.

(2) A.T.A. પદ્ધતિ એટલે ? ડેવિડ આસુબેલે રજૂ કરેલ મૉડેલ જેમાં શિક્ષક તાસની શરૂઆતમાં સરળ સ્વરૂપમાં સંબંધિત ખ્યાલોનો પરિચય આપે છે.

**7.10 અધ્યયન શૈલી સંકલ્પમાનો ઉપયોગ કરવાની અનિચ્છનીય સહગામી અસરો.**

આપણે ચર્ચા કરી તે મુજબ વિદ્યાર્થીઓની અધ્યયન શૈલી અલગ હોય છે. આથી શિક્ષકોએ વિદ્યાર્થીઓની અધ્યયન શૈલીને અનુરૂપ શિક્ષણનું આયોજન કરવું જોઈએ. પરંતુ ઘણા અભ્યાસોમાં જોવા મળ્યું છે કે અધ્યયન શૈલી સંકલ્પનાઓનો ઉપયોગ કરવાથી ઘણી સહગામી અસરો થવાની છે.

(1) સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે અધ્યયન શૈલી સ્થાયી અને જન્મજાત છે. જેને કારણે તેમની અધ્યયનશૈલી સાથે બંધબેસતી ન હોય તેવી પરિસ્થિતિમાં ઊભો રાખી શકતા નથી આથી કેટલાંક શિક્ષકો એવું તારણ કાઢે છે કે તેણે વિદ્યાર્થીને ચોક્કસ અધ્યયન શૈલી પ્રમાણે જ શિક્ષણ કાર્ય ગોઠવવું જોઈએ.

(2) વિદ્યાર્થી એવું માનતા હોય છે કે પોતાનામાં જે અધ્યયન શૈલી છે. તે બદલી શકાય તેમ નથી.

(3) વિદ્યાર્થીઓના અધ્યયનશૈલી અનુસાર, વર્ગીકરણ કરવાથી શિક્ષક માની લે છે કે અધ્યેતાઓમાં પ્રશ્ન દૂર થઈ ગયો છે.

(4) કેટલાંક શિક્ષકો અમુક ચોક્કસ અધ્યયનશૈલીને અનુરૂપ અધ્યાપન હિમાયતી બની જાય છે.

## 7.11 સારાંશ

(1) અધ્યયનશૈલી એ અધ્યયન અને અભ્યાસ પ્રત્યેનો અભિગમ છે.

- અધ્યયનશૈલી અને અધ્યયનપ્રક્રિયા વચ્ચે સુંસગતતા છે.
- દરેક પ્રકારના અધ્યેતાને શિક્ષણ માટે ચોક્કસ યોજનાનો ઉપયોગ કરવો જરૂરી છે.
- અધ્યયન શૈલી સંકલ્પનાનો ઉપયોગ કરવાથી કેટલીક વિપરીત સહગામી અસરો જોવા મળે છે.

## 7.12 તમારી પ્રગતિ ચકાસો

(1) માર્ટન અને સાલ્જોના વર્ગીકરણ કરો.

(2) અનુકૂલનાત્મક અધ્યયન શૈલી વિશે ચર્ચા કરો.

## 7.13 નિબંધ પ્રકારના પ્રશ્નો (12)

પ્ર.1 અધ્યયનશૈલીની સંકલ્પના સમજાવી, અધ્યયનશૈલીઓનું વર્ગીકરણ કરો.

**મુદ્દા :**

- વિટકીન અને ગુડઈનફનું અધ્યયન શૈલી વર્ગીકરણ
- મેકડોનફનું અધ્યયનશૈલી વર્ગીકરણ
- મૂર્ત પ્રત્યક્ષીકરણ કરનારા અધ્યેતાઓ
- અમૂર્ત પ્રત્યક્ષીકરણ કરનાર
- સક્રિય પ્રક્રિયા કરનાર
- ચિંતનાત્મક પ્રક્રિયા કરનાર
- પાઠ્યક્રમ
- અધ્યાપન
- મૂલ્યાંકન

પ્ર.2 અધ્યયન શૈલીઅને સુંસગત શિક્ષણ યોજના

- દશ્ય અધ્યેતા
- શ્રાવ્ય અધ્યેતા
- ક્રિયાત્મક અધ્યેતાઓ
- બહિર્મુખી અધ્યેતાઓ

◆ **ટૂંકાં પ્રશ્નો** **(6)**

(1) કોબનું અધ્યયન શૈલીનું વર્ગીકરણ

(2) અધ્યયન શૈલીને સુસંગત શિક્ષણ યોજના બનાવો.

- **એક વાકયમાં જવાબ લખો.**

(1) દશ્ય અધ્યેતા એટલે શું ?

(2) વિચારક એટલે શું.

- **હેતુલક્ષી પ્રશ્નો (1)**

(1) A.O. પદ્ધતિનું પૂરું નામ જણાવો.

(A) એકવાસન્સ ઓર્ગેનાઈઝર્ મૉડેલ (B) એકવાસન્સ ઓજેન્સ મૉડેલ

(C) એડવાસન્સ ઓર્ડવોસ મૉડેલ (D) એડવાસન્સ ઓડવોસ મૉડેલ

(2) વિટકીન અને ગુડઇનફે કર્યા વર્ષે અધ્યયન શૈલીનું વર્ગીકરણ કર્યું છે.

(A) 1980 (B) 1981

(C) 1982 (D) 1983

બોલ

## 7.14 સ્વાધ્યાય

(1) વિદ્યાર્થીના અધ્યયનમાં આ અધ્યયન શૈલી કઈ રીતે ઉપયોગી બને છે તે જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(2) ક્રિયાત્મક અધ્યેતાને શી રીતે ઓળખશો ?

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## એકમ 8

# ઝડપી અને ધીમી ગતિએ શિક્ષણ

## : રૂપરેખા :

**8.1** ઉદ્દેશ્યો

**8.2** એકમના પારિભાષિક શબ્દો

**8.3** પ્રસ્તાવના

**8.4** ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થીના લક્ષણો

- આવા બાળકો શારીરિક રીતે સ્વસ્થ.
- આવા બાળકો ઉચ્ચ ગુણો.
- સારું મિત્ર વર્તુળ.
- નિર્ણય શક્તિ સારી.
- જ્ઞાન સમજ અને કૌશલ્યો ઝડપથી ગ્રહણ કરી શકે.

**8.5** ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થીના લક્ષણો

- આવા બાળકોનો બુદ્ધિ આંક 70 થી 90 વચ્ચેનો બુદ્ધિઆંક.
- બોલ ચાલની ગતિ મંદ.
- અન્ય પ્રવૃતિયોમાં ઓછો રસ.
- તેઓમાં ભાષા કૌશલ્યો નબળા.
- શીખવાની ગતિ મંદ.

**8.6** ધીમીગતિ એ શીખનાર બાળકોને શિક્ષણ

**8.7** ઝડપી ગતિએ શીખનાર માટેની સ્વ-અધ્યયન સામગ્રી

**8.8** ઝડપી ગતિએ શીખનાર માટેની સ્વ-અધ્યયન સામગ્રી અને પ્રયુક્તિઓ

(1) અભિક્રમિત અધ્યયન

(2) સ્વાધ્યાય

(3) સંદર્ભ પુસ્તકો

(4) મોડ્યુલ

(5) પ્રોજેક્ટ પ્રયોગ

**8.9** ધીમી ગતિએ શીખનાર માટેની સ્વ-અધ્યયન સામગ્રી

- પ્રયોગો
- ફ્લેશ કાર્ડ
- અભિક્રમિત અધ્યયન સામગ્રી

**8.10** ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓ માટેની શિક્ષણ પદ્ધતિઓ

- અભિક્રમિત પદ્ધતિ
- પ્રોજેક્ટ પદ્ધતિ
- જૂથ અધ્યયન પદ્ધતિ

**- સ્વાધ્યાય પદ્ધતિ**

**8.11 ધીમી ગતિએ શીખનાર માટેની પ્રવૃત્તિ**

**(1) સરળ પરથી કઠિન તરફ**

**(2) જ્ઞાત તરફથી અજ્ઞાત તરફ**

**(3) મૂર્ત તરફથી અમૂર્ત તરફ**

**8.12 તમારી પ્રગતિ ચકાસો.**

**8.13 નિબંધ પ્રકારના પ્રશ્નો**

**8.14 સ્વાધ્યાય**

## 8.1 ઉદ્દેશ્યો

- ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થીનાં લક્ષણો વિશે જાણશો.
- ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થીનાં લક્ષણો વિશે માહિત પ્રાપ્ત કરશો.
- પ્રોજેક્ટ પદ્ધતિ વિશે જાણકારી પ્રાપ્ત કરશે.
- સ્વાધ્યાય પદ્ધતિ વિશે અન્ય માહિતી પ્રાપ્ત કરશે.
- પ્રયોગો વિશે માહિતી પ્રાપ્ત કરશે.

## 8.2 એકમના પારિભાષિક શબ્દો

(1) રસ - રુચિ

(2) વય - ઉંમર

## 8.3 પ્રસ્તાવના :

સામાન્ય રીતે આપણે શાળામાં આવતા બધાં જ બાળકોને તેમની કક્ષાનુસાર શિક્ષણ આપવાનો પ્રયાસ કરીએ છીએ. પરંતુ શિક્ષણ લેવા આવતા બાળકોમાં વૈયક્તિક તફાવતો હોય છે. એક જ વર્ગખંડમાં અભ્યાસ કરતાં બાળકોની માનસિક કક્ષા જુદી જુદી હોય છે. આ બાળકો માનસિક કક્ષા રસ-રુચિ કે વલણો અને અભિયોગ્યતાઓના સંદર્ભમાં વૈયક્તિક તફાવતો ધરાવે છે. કેટલાંક બાળકોની ગ્રહણશક્તિ તીવ્ર કે ઝડપી હોય છે. તો કેટલાંક બાળકોની ગ્રહણશક્તિ ધીમી હોય છે. જો કે શાળાનાં વર્ગખંડમાં વિદ્યાર્થીઓનું વિસ્તરણ કરતા મોટા ભાગના વિદ્યાર્થીઓનું સામાન્ય શ્રેણીમાં વર્ગીકૃત કરી શકાય.

વર્ગખંડના કેટલાંક બાળકો તેજસ્વી અને અભ્યાસમાં ઝડપી હોય છે જ્યારે કેટલાંક બાળકો મંદ અને ધીમી ગતિનાં હોય છે.

## 8.4 ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થીનાં લક્ષણો :

જે વિદ્યાર્થીઓ શારીરિક રીતે સ્વસ્થ હોય ખૂબ જ ઝડપથી જ્ઞાન, સમજ અને કૌશલ્યો ગ્રહણ કરી શકતા હોય, આવા વિદ્યાર્થીઓ સહાયતાપૂર્વક જીવનના પડકારોનો સામનો કરી શકતા હોય છે. આવા વિદ્યાર્થીઓને તેજસ્વી અથવા Gifted Child કહેવામાં આવે છે. આવા વિદ્યાર્થીઓનો બુદ્ધિ આંક 130થી વધુ હોય છે. શાળામાં આવા વિદ્યાર્થીઓનું પ્રમાણ તો 2% હોય છે. આવા તેજસ્વી બાળકો કેટલીકવાર શાળામાં સમસ્યા પેદા કરતાં હોય છે. આવી સમસ્યાઓને હલ કરવા શાળા સંચલાકોએ હંમેશા તૈયાર રહેવું પડે છે.

"Gifted Child is an individual with social abilties talents and traiss termam"

જેનામાં વિશિષ્ટ શક્તિઓ વિશિષ્ટ બુદ્ધિ પ્રતિભા અને વિશિષ્ટ ગુણોનો સમન્વય હોય તેને તેજસ્વી બાળક કહી શકાય

- આવા વિદ્યાર્થીઓ શારીરિક રીતે સ્વસ્થ હોય છે.

- આવા વિદ્યાર્થીઓમાં ઉચ્ચ ગુણો હોય છે.

- તેઓ ઉચ્ચ કક્ષાનો વારસો ધરાવતાં હોય છે.

- તેમની ગ્રહણશીલતા અન્ય બાળકો કરતાં ખૂબ ઊંચા પ્રકારની હોય છે.

- તેઓ પોતાના સમવયસ્કો કરતાં વધારે પરિપક્વ હોય છે.

- તેઓ સારું મિત્રવર્તુળ ધરાવે છે.

- તેઓ સતત પ્રયત્ન કરતાં રહી ધ્યેયને સિદ્ધ કરવા પ્રયત્નો કરતાં રહે છે.

- તેમની નિર્ણય શક્તિ અને વિવેકશક્તિ ઉચ્ચ કક્ષાની હોય છે.

- તેઓ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં રસ લેતાં હોય છે.

- તેઓ બુદ્ધિપૂર્વકનો સંયમ દાખવી શકે છે.

- તેમની શીઘ્ર સમજશક્તિ, તીવ્ર, જિજ્ઞાસા, તિક્ષ્ણ સ્મૃતિ વિશાળ, શબ્દ ભંડોળ, ગણતરીઓમાં રસ, નવું જાણવાની તમન્ના અને ખોજ કરવાની શક્તિ હોય છે.

- તેઓ વાંચન ઝડપથી શીખે છે અને શીઘ્ર વાંચન કરે છે.

- તેઓ જ્ઞાન, સમજ અને કૌશલ્યો તે ઝડપથી ગ્રહણ કરે છે. ઝડપથી તેનું ઉપયોજન કરે છે.

- તેઓ પૃથ્થકરણ અને સંશોધનમાં રસ ધરાવે છે.

- તેઓ મૌલિક વિચારસરણી અને મૌલિક અભિવ્યક્તિ ધરાવે છે.

- તેઓ ઝડપથી વાંચનશક્તિ, અર્થગ્રહણ શક્તિ તેમજ તીવ્ર ધારણાશક્તિ  ધરાવે છે.

- આવા વિદ્યાર્થીઓની જિજ્ઞાસા શક્તિ તીવ્ર હોય છે.

- તેઓ નેતાગીરીના ઉત્તમ ગુણો ધરાવે છે.

## 8.5 ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓનાં લક્ષણો :

જે વિદ્યાર્થીઓ શારીરિક રીતે અસ્વસ્થ હોય છે અને ધીમી ગતિએ જ્ઞાન સમજ અને કૌશલ્યનો ખૂબ ઓછો ઉપયોગ કરી શકતા હોય તેમને ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓ કહેવામાં આવે છે તેઓ સારી રીતે અધ્યયન કરી શકતા નથી.

સામાન્ય વિદ્યાર્થીઓને જે પરિસ્થિતિમાં શિક્ષણ આપવામાં આવે છે તે પરિસ્થિતિમાં જે બાળક સામાન્ય ઝડપે શીખી શકતા નથી. તેવા બાળકને ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થી કહેવામાં આવે છે. શાળામાં આવતાં બાળકોમાં આ પ્રકારના બાળકોનું પ્રમાણ આશરે ચાલીસ ટકા હોય છે.

દા.ત. વિશ્વમાં મહાન ગણાતી વ્યક્તિઓ શાળાકીય વ્યવસ્થામાં શીખવાની બાબતમાં ઘણી ધીમી હતી. નેપોલિયન 54 વિદ્યાર્થીઓના વર્ગમાં 49 મું સ્થાન ધરાવતો હતો ચર્ચિલ મિલૈટરી કોલેજની પ્રવેશ કસોટીમાં બે વખત નિષ્ફળ ગયેલાં.

આલ્બર્ટ આઈનસ્ટાઈન ઘણું મોડું બોલતા શીખ્યા હતા. એટલે કે શાળા જીવનમાં નબળા દેખાતાં બાળકો અભ્યાસમાં ખરેખર નબળા હોતાં નથી પણ ધીમા હોય છે.

**લક્ષણો :**

(1) આવા બાળકોનો બુદ્ધિ આંક 75 થી 90ની વચ્ચેનો હોય છે.

(2) આવા બાળકો ચાલતાં અને બોલતાં સામાન્ય બાળકો કરતાં મોડું શીખે છે.

(3) તેઓ સામાન્ય બાળકોની સરખામણીમાં પુસ્તકો, ચિત્રકામ વગેરેમાં ઓછો રસ ધરાવે છે.

(4) તેઓને વારંવાર ભણવા બેસવાની સૂચના આપવી પડે છે.

(5) તેઓની સમજ સામાન્ય હોય છે. ઘણા લાંબા સમય સુધી મહેનત કરે છે ત્યારે મળતું પરિણામ સામાન્ય હોય છે.

(6) તેઓ અન્ય કામકાજમાં સામાન્ય હોવાથી, મા-બાપ તેમને શાળાકીય કાર્યમાં મુશ્કેલી અનુભવતા હોય છે.

(7) આવા બાળકો કોઈપણ પ્રકારની સામાજિક આર્થિક ભૂમિકા ધરાવતાં કુટુંબના હોય છે.

(8) તેઓને સાધારણ અથવા તેજસ્વી બાળકો કરતાં ત્રણ ગણો અનુભવો આપવામાં આવે છે ત્યારે તેમનું સમગ્ર અધ્યયન થાય છે.

(9) આવા બાળકો વાંચન અને ગણિત શીખવામાં ધીમા હોય છે પરંતુ અન્ય પ્રવૃત્તિમાં ધીમા હોતાં નથી. તેઓ તેના કાર્યમાં ખૂબ જ વ્યવસ્થિત અને તાર્કિક હોય છે. તેઓ કાર્યના એક ધાર્યા પુનરાવર્તનથી કંટાળી જતાં નથી.

(10) આવા બાળકો નીચેના કૌશલ્યોમાં ઉણપ ધરાવે છે.

- ભાષા કૌશલ્યમાં નબળાં
- સતત ધ્યાનનો ગાળો ટૂંકો
- સંકલ્પના ઘડતરમાં મુશ્કેલી
- સામાન્યીકરણમાં મુશ્કેલી
- વર્ગીકરણ અને સમસ્યા ઉકેલવામાં મુશ્કેલી
- પ્રબળ અહમનો અભાવ

(11) આવા બાળકો સમયવયસ્કોની સરખામણીમાં ઓછા પરિપક્વ દેખાય છે.

(12) ક્યારેક આવા બાળકો પોતાનું અવમૂલ્યાંકન કરવાની પ્રવૃત્તિ ધરાવે છે.

(13) તેમનામાં આત્મવિશ્વાસ ઓછો હોય છે.

(14) આવા બાળકોમાં સ્મૃતિ અને ધ્યાન વિસ્તાર ટૂંકો જણાય છે.

(15) અર્થગ્રહણ કરવાની બાબતમાં વર્ગમાં તેઓ પાછા પડે છે.

(16) તેમની શીખવાની ગતિ મંદ હોવાથી શૈક્ષણિક કાર્યમાં પણ તેની ગતિ મંદ હોય છે.

## 8.6 ઝડપી ગતિએ શીખનાર બાળકોને શિક્ષણ આપતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

ઝડપી ગતિએ શીખનાર બાળકોને શિક્ષણ આપતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

- આવા બળકોને પુનરાવર્તન કંટાળાજનક લાગે છે તેથી વધુ પ્રશ્નો આપવાના બદલે અઘરા પ્રશ્નો આપવામાં આવે તો તેને માટે ઉત્તેજના પૂરી પાડે છે.
- તેને વિપુલ પ્રમાણમાં પુસ્તકો, પ્રયોગશાળાનાં સાધનો અને અન્ય સાહિત્ય પૂરું પાડવું જોઈએ જેથી તેઓ હેતુને અનુરૂપ તેની પસંદગી અને ઉપયોગ કરી શકે છે.
- તેને વધુમાં વધુ બે ધોરણની વર્ગ બઢતી વહેલી આપવી જોઈએ. પરંતુ શરત કે, તેને જે ધોરણમાં વહેલી બઢતી આપવામાં આવે તેને માટેની પુરતી સામાજિક પરિપક્વતા, અભિરુચિ અને શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરેલાં છે?
- તેનામાં મૌલિકતા વધુ હોય છે તેથી તેને સોંપવામાં આવતા કાર્યનું સંપૂર્ણ વર્ણન કરી આપવાને બદલે તેને આપમેળે કાર્ય કરવાનો અધિકાર આપવામાં આવે છે, તો વધુ તત્પર બને છે.
- આવા બાળકોને વિવિધ અભ્યાસિક કે અભ્યાસ કરતા પ્રવૃત્તિમાં નેતાગીરી આપવાથી પરિણામ સારું મળે છે.

- પ્રતિભા ખોજ કસોટી તેમજ બાહ્ય પરીક્ષાઓ માટે તેમને તૈયાર કરવા જોઈએ. આવા પ્રકારના બાળકોને વિષયવસ્તુનું જ્ઞાન ઊંડું અને વિશેષ વિવિધતાપૂર્ણ આપવું જોઈએ.
- તેમને વધારાનું વિષયવસ્તુ આપી, પોતાની મેળે અધ્યયન કરે તેવો મહાવરો આપવો જોઈએ.
- તેમની સમસ્યા ઉકેલથી શક્તિનો વિકાસ થાય છે. અધ્યયન અનુભવો પુરો પાડવાં જોઈએ.
- તે આદર્શ નાગરિક અને તેનામાં નેતાગીરીના ગુણો વિકસે તેવાં પ્રયત્નો કરવાં જોઈએ.
- તેઓ સમાજ સેવાની પ્રવૃત્તિઓમાં રસ લે તેવા કાર્યક્રમો આપવાં જોઇએ.
- આવા બાળકો એ દેશનું મહામૂલું ધન છે. તેઓ આવતીકાલના આદર્શ નાગરિક બને તેવી તાલીમ શાળા કક્ષાએ આપવી જોઈએ.

## 8.7 ધીમી ગતિએ શીખનાર બાળકોને શિક્ષણ આપતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો

- માઈકલ ઈન્ગલેમેન અને વેસ્લી બેકરી આ ક્ષેત્રમાં અનેક પ્રયોગો કરીને સાબિત કર્યું છે કે, ધીમી ગતિએ શીખનાર બાળકોને સીમિત કક્ષા સુધી શીખવી શકાય છે. પરંતુ તેને માટે વધારે સમય અને પ્રયત્નોની જરૂર પડે છે. તેમને પુનરાવર્તન અને ખાસ શૈક્ષણિક સુવિધાની જરૂર પડે છે. તોજ તેઓ શીખી શકે છે અને સમાજને માટે એક જવાબદારી બનવાને બદલે સમાજની એક મિલકત બની શકે છે.
- આવા બાળકોનાં શિક્ષણ માટે ચોક્કસ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવો જોઈએ પરંતુ તે પહેલા તેનામાં ધ્યાન કેન્દ્રિત કરવાની અને યાદ રાખવાની શક્તિ વાંચન કૌશલ્ય અને લેખન કૌશલ્યનો વિકાસ કરવો જોઈએ.
- એકમને નાના-નાના વિભાગોમાં વહેંચો, તમામ નાના મુદ્દાઓની યાદી બનાવો.
- વિસ્તૃત વર્ણનના સ્વરૂપમાં પૂરતો અનુભવ આપો. ત્યારબાદ તમે કરેલાં વર્ણનના મુદ્દાઓને આડા અવળાં ક્રમમાં આપો.
- કારણ અને અસર અંગેના સ્વાધ્યાય આપો ત્યારબાદ તેને કેટલાંક પરિણામો આપો અને તે પરિણામોના કારણ જાણવાનું કહો.
- તેના શિક્ષણમાં દૈનિક પરિસ્થિતિઓને યોગ્ય રીતે કરી શકે તેવો મહાવરો કરાવવો જોઇએ.
- માનવઘડતર માટે પ્રશ્નોત્તરીનો ઉપયોગ કરો પ્રશ્નો ખાસ કરીને નવી પરિસ્થિતિ અંગે વર્ગીકરણ પ્રકારનાં કારણ, સંબંધ પ્રકારના ઉદાહરણો સારાંશ
- આવા બાળકો અભ્યાસની ગતિમાં ધીમા છે, તેઓ મંદ બુદ્ધિના નથી તે ધ્યાનમાં રાખો એટલે જ્યારે તેઓ ધીમી ગતિએ શીખે ત્યારે તેમની વર્ગમાં ટીકા ન કરો, પણ તેમનાં સારાં કાર્યોની કદર કરો.
- ઉદાહરણ અનુભવો અને નિદર્શનો તેમના અધ્યયનને વધુ સરળ બનાવે છે.
- આવા બાળકોનો વિકાસ દર ધીમો હોવાથી તેમની સાથે કામ કરવામાં ધીરજ રાખો.
- આવા બાળકોને પ્રવૃત્તિલક્ષી શિક્ષણ અને રમત દ્વારા શિક્ષણ આપવું જોઈએ. શિક્ષણ કોઈ સમસ્યા ઊભી થાય તો શાંતિથી ઉકેલો.
- આવા બાળકોને જૂથ - અભ્યાસ પદ્ધતિ અને શૈક્ષણિક સાધનનો વધુ ઉપયોગ કરીને શીખવવું.
- જરૂર વાલી સંપર્ક કરવો જોઈએ તથા તેનામાં લઘુતાગ્રંથિ પ્રવેશે નહીં તેની તકેદારી રાખવી જોઈએ.

## 8.8 ઝડપી ગતિએ શીખનાર માટેની સ્વ-અધ્યયન સામગ્રી

(1) આવા બાળકોને પુનરાવર્તન કંટાળાજનક લાગે છે તેથી તેને વધુ પ્રશ્નો આપવાના બદલે અઘરા પ્રશ્નો આપવામાં આવે તો તેને માટે ઉત્તેજના પુરી પાડે છે.

(2) તેને વિપુલ પ્રમાણમાં પુસ્તકો પ્રયોગશાળાનાં સાધનો અને અન્ય સાહિત્ય પૂરું પાડવું જોઈએ. જેથી તેઓ પોતાના હેતુને અનુરૂપ તેની પસંદગી અને ઉપયોગ કરી શકે.

(3) તેને વધુમાં વધુ બે ધોરણની વર્ગ બઢતી વહેલી આપવી જોઈએ. પરંતુ તે શરતે કે તેને જે ધોરણમાં વહેલી બઢતી આપવામાં આવે તેને માટેની પુરતી સામાજિક પરિપક્વતા, અભિરૂચિ અને શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરેલ હોય.

(4) તેનામાં મૌલિકતા વધુ હોય છે તેથી તેને સોંપવામાં આવતા કાર્યનું સંપૂર્ણ વર્ણન કરી આપવાને બદલે તેને આપમેળે કાર્ય કરવાનો અધિકાર આપવામાં આવે તો તે વધુ સક્ષમ બને છે.

(5) આવાં બાળકોને વિવિધ અભ્યાસિક કે અભ્યાસેતર પ્રવૃત્તિમાં નેતાગીરી આપવાથી પરિણામ સારું મળે છે અને તેને સંતોષ થાય છે.

(6) પ્રતિભા ખોજ કસોટી તેમજ બાહ્ય પરીક્ષા માટે તેમને તૈયાર કરવાં જોઈએ આવા પ્રકારના બાળકોને વિષયવસ્તનું ઊડું જ્ઞાન વિવિધતાર્યું આપવું જોઈએ.

(7) તેમને વધારાનું વિષયવસ્તુ આપી પોતાની મેળે અધ્યયન કરે તેઓ મહાવરો આપવો જોઈએ.

(8) તે આદર્શ નાગરિક બને અને તેનામાં નેતાગીરીના ગુણો વિકસે તેવાં પ્રયત્નો કરવાં જોઈએ.

(9) તેઓની સમાજસેવાની પ્રવૃત્તિઓ માં રસ લો તેવા કાર્યક્રમો આપવાં જોઈએ.

(10) આવા બાળકોમાં મૌલિકતા અને સ્વસર્જકતા વધુ હોય છે. તેથી તે સ્વતંત્ર રીતે કાર્ય કરી શકે.

(11) શાળામાં અપાતી શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપરાંત જીવનશૈલી પ્રવૃત્તિઓમાં આવા બાળકોને સહભાગી બનાવી તેમના વ્યક્તિત્વ ચરિગ અને તેમનો સર્વાંગી વિકાસ થાય તેવા સક્ષમ નાગરિક બનવા થોએ.

(12) આવા બાળકો માટે વિશિષ્ટ પ્રકારની શાળાઓ હોવી જોઈએ પરંતુ આપણે ત્યાં આ શક્ય બન્યું નથી.

## 8.9 ઝડપી ગતિએ શીખનાર માટેની સ્વઅધ્યયન સામગ્રી

ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓ માટે નીચેની પદ્ધતિઓ / પ્રયુક્તિઓનો ઉપયોગ થઈ શકે.

ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓનો બુદ્ધિ આંક ઊંચો હોવાથી તેઓ સામાન્ય બાબતો તુરંત જ સમજી શકે. પરિણામે વર્ગમાં સામાન્ય વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી શિક્ષણકાર્ય કરતાં શિક્ષકનાં શિક્ષણકાર્યથી તેમને સંતોષ થતો નથી. તેમને અભ્યાસક્રમ સહેલો લાગે છે. આ માટે શિક્ષકે આવા વિદ્યાર્થીઓ માટે કેટલીક ખાસ પ્રકારની સ્વઅધ્યયન સામગ્રી તૈયાર કરવી જોઈએ.

### (1) અભિક્રમિત અધ્યયન સામગ્રી

અભિક્રમિત અધ્યયન સામગ્રી ઝડપી ગતિએ શીખનાર બન્ને પ્રકારનાં વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બને છે. આ સામગ્રીમાં વિષયની રજૂઆતને નાના મુદ્દામાં વિભાજિત કરવામાં આવે છે. આ નાના મુદ્દાને, પેટા મુદ્દામાં વિભાજિત કરવામાં આવે છે. આ નાના અંશને ફરમો કહેવામાં આવે છે. આવા ફરમાના પણ પ્રકાર હોય છે. જેમ કે વાંચન માટેનો ફરમો, શીખવા માટેનો ફરમો, મૂલ્યાંકન માટેનો ફરમો વગેરે વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે.

### (2) સ્વાધ્યાયો :

સામાન્ય રીતે પાઠને અંતે સ્વાધ્યાય આપવામાં આવે છે. પરંતુ અહીં એ સ્વાધ્યાયની વાત નથી. શિક્ષક એકમના મુદ્દાને અનુરૂપ સ્વાધ્યાય તૈયાર કરે છે. આવા સ્વાધ્યાય વિદ્યાર્થીઓને સ્વઅધ્યયન

માટે પણ આપી શકાય છે. આવા સ્વાધ્યાય તૈયાર કરતી વખતે વિદ્યાર્થીઓની ચિંતનશક્તિ અને સ્વતંત્ર વિચાર સરણી વિકસે. તેવા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવે છે. જેથી વિદ્યાર્થી પોતાના સ્વતંત્ર અને મૌલિક વિચારો રજૂ કરી શકે છે. આદર્શ સ્વાધ્યાયના માહિતીલક્ષી પ્રશ્નોના બદલે શા માટે ? કેમ ? શું થઈ શકે મંતવ્યો જણાવો - જેવા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવે છે. શિક્ષકે આપેલ સ્વાધ્યાય કાળજીપૂર્વક તપસવાં જોઈએ.

**(3) સંદર્ભ પુસ્તકો :**

ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓ માટે પાઠ્યપુસ્તક પૂરતું નથી. આવા વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસા, કલ્પનાશક્તિ, ચિંતન શક્તિ વિશેષ હોવાથી તેમનામાં ઊભા થતાં વિવિધ પ્રશ્નોના સમાધાન માટે તેમને ઇતરવાંચન વાંચવું જરૂરી બને છે. આ માટે કયા વિષયોમાં કયા એકમો માટે કયા કયા પુસ્તકો વાંચવાં જોઈએ તેની માહિતી શિક્ષકે વિદ્યાર્થીઓને આપવી જોઈએ. આ માટે શાળા કક્ષાએ આવાં પુસ્તકો વસાવવા જોઈએ. સામયિકો અને પુસ્તકો વિદ્યાર્થીઓને સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તેવી વ્યવસ્થા પણ થવી જોઈએ.

**(4) મોડ્યૂલ :**

ક્ષમતાના વિકાસ માટે, નિશ્ચિત ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખી, વિદ્યાર્થીઓ પોતાની જાતે વાંચીને તે સમજી શકે, તેમજ તેના અંતમાં આપેલા સ્વાધ્યાય, તેઓ સ્વતંત્ર રીતે તૈયાર કરી શકે તેવા મોડ્યુલ પણ ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થી માટે ખૂબ ઉપયોગી સામગ્રી છે. શિક્ષકો એ આવા મોડ્યુલ વિદ્યાર્થીઓને મેળવી આપવાં જોઈએ. મોડ્યુલના અંતે આપેલ સ્વાધ્યાય વિદ્યાર્થીઓને સ્વઅધ્યયન કરવા પ્રેરે છે. જેનાથી તેમની પૃથક્કરણ અર્થઘટનની ટેવ વિકસે છે.

પ્રોજેક્ટ, પ્રયોગો, સમસ્યા, ઉકેલ, ક્વીઝ વગેરેનો ઉપયોગ પણ ઝડપથી ગતિશીલ વિદ્યાર્થીઓ માટે થઈ શકે ઉદા. ક્વીઝ કે સમસ્યા ઉકેલ પદ્ધતિના પ્રશ્નો શિક્ષકોએ તૈયાર કરવાં જોઈએ.

## 8.10 ધીમી ગતિએ શીખનાર માટેની સ્વઅધ્યયન સામગ્રી :

ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સાધનો તૈયાર કરવાં જોઈએ કે જેથી તેઓ સ્વયં તેનો ઉપયોગ સરળતાથી કરી શકે. અને સ્વઅધ્યયન કરી શકે તેવા પ્રકારે તેમની બુદ્ધિ કક્ષાએ અનુરૂપ સામગ્રી તૈયાર કરવી જોઈએ. જેમાં ચિત્રો, ચાર્ટ, નકશા, મોડલ્સ, નમૂનાઓ જેવી સામગ્રીનો ઉપયોગ પણ થઈ શકે.

**(1) પ્રયોગો :**

આવા વિદ્યાર્થીઓ માટે પ્રયોશાળામાંથી એ સ્વઅધ્યયન સામગ્રી પ્રાપ્ત કરી જાતે પ્રયોગો કરે અને તેના પ્રાયોગિક કાર્યની વિગતો પ્રયોગ પોથીમાં તૈયાર કરે અને તેના પ્રાયોગિક કાર્યની વિગતો પ્રયોગ પોથીમાં તૈયાર કરી શકે.

**(2) ફ્લેશકાર્ડ :**

રમત દ્વારા શિક્ષણ, ફ્લેશકાર્ડ દ્વારા શક્ય બને છે. ખાસ કરીને ભાષા શિક્ષણમાં અક્ષર ઓળખાય છે. શબ્દ રચના વાક્ય રચના, વગેરે માટે ફ્લેશકાર્ડમાં ઉપયોગ કરી શકાય છે. ફ્લેશકાર્ડ દ્વારા નવું જ્ઞાન આપી શકાય તેમજ શીખવેલ મુદ્દાનું દૃઢિકરણ અને પુનરાવર્તન કરી શકાય છે.

**(3) અભિક્રમિત અધ્યયન સામગ્રી :**

ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થી માટે તેમની કક્ષા અનુસાર અભિક્રમિત ફરમાઓ, તૈયાર કરી શકાય છે. જે ખાસ કરીને તેમની કચાશ દૂર કરવા માટે સ્વ-અધ્યયન સામગ્રી સ્વરૂપે ઉપયોગી બને છે. શિક્ષકો આ સામગ્રીનો ઉપયોગ કરતી વખતે આ સામગ્રી કયા વિદ્યાર્થીઓ માટે છે. જે ખાસ ધ્યાનમાં રાખવું જરૂરી છે. કારણ કે ઝડપી અને ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓ માટે આ સામગ્રીમાં તફાવત હોય છે.

## 8.11 ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓ માટેની શિક્ષણ પદ્ધતિઓ

**(1) અભિક્રમિત પદ્ધતિ :**

વિદ્યાર્થીઓ સારી રીતે સ્વ-અધ્યયન કરી શકે તે માટે આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. આમ તો તે સ્વ-અધ્યયન પદ્ધતિ છે. આ પદ્ધતિમાં શિક્ષણ સામગ્રીને નાના એકમો અને પેટા એકમોમાં વર્ગીકૃત કરવામાં આવે છે તેના અંતે સ્વ-મૂલ્યાંકન માટેના પ્રશ્નો હોય છે. વિદ્યાર્થી પ્રત્યેક ફરમાનો અભ્યાસ કરે છે. અ સમજીને તેના ઉતરો લખે છે. જે આપેલા ઉત્તરો સાથે સરખાવે છે, ત્યારબાદ તે બીજા એકમ તરફ આગળ વધે છે. અહીં વિદ્યાર્થી ગતિથી વિકાસ સાધે છે. તેની સ્વ-અધ્યયનની ટેવ વિકસે છે. વિદ્યાર્થી સ્વયં અધ્યયન કરતો હોવાથી આ પદ્ધતિ ઝડપી શીખવા માટે ઉપયોગી સાબિત થાય છે.

**(2) પ્રોજેક્ટ પદ્ધતિ :**

કોઈ ચોક્કસ હેતુને ધ્યાનમાં રાખીને આ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે. વિદ્યાર્થીને ચોકકસ પ્રકારની સમસ્યા પર કામ સોંપવામાં આવે છે. વિદ્યાર્થીઓ પોતાની ક્ષમતા પ્રમાણે કામ પૂરું પાડે છે. તેઓ પ્રવૃત્તિ દ્વારા અધ્યયન કરે છે. અભ્યાસ વિષયક કાર્ય કરે છે. વિદ્યાર્થીઓને અભ્યાસ વિષચક સમસ્યા સોંપવામાં આવે છે. જેમ કે ભારતની ભૂગોળમાં "મહારાષ્ટ્ર" વિશે પ્રોજેક્ટ પદ્ધતિથી શીખવવા માટે, વિદ્યાર્થીઓના જૂથ બનાવી તેમને અલગ-અલગ પ્રવૃત્તિઓ સોંપવામાં આવે છે. કોઈ જૂથને મહારાષ્ટ્રની આબોહવા અને ખેતી વિશે કોઈ જૂથ મહારાષ્ટ્રનાં ઉદ્યોગો વિશેની માહિતી અકત્રિત કરવાનું કાર્ય સોંપવામાં આવે છે. વિદ્યાર્થીઓ આ બધી માહિતી મેળવી તેનો વ્યવસ્થિત રીતે અહેવાલ રજૂ કરે છે. તેઓ ચિત્રો એકઠા કરે છે. પુસ્તકો, લેખોમાંથી સામગ્રી મેળવે છે. એ રીતે શિક્ષકના માર્ગદર્શન નીચે પ્રોજેક્ટ તૈયાર કરે છે. આનાથી તેની સંઘ ભાવનાનો વિકાસ થાય છે.

**(3) જૂથ અધ્યયન પદ્ધતિ :**

આ પદ્ધતિમાં વર્ગના વિદ્યાર્થીઓના અલગ - અલગ જૂથ રચી દરેક જૂથને એક વિષયાંગ કે મુદ્દા પર કામ સોંપવામાં આવે છે. શિક્ષક તેમને માર્ગદર્શન આપે છે તે વિદ્યાર્થીઓ ને જરૂરી સાહિત્ય પણ પૂરું પાડે છે. વિદ્યાર્થીઓ જૂથમાં કામ કરતા હોવાથી તેમનામાં સમૂહ ભાવનાનો વિકાસ થાય છે. તેઓ ઉત્સાહપૂર્વક કામ કરે છે.

**(4) સ્વાધ્યાય પદ્ધતિ :**

આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને સ્વાધ્યાય તૈયાર કરીને આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ પોતાની સમજ અને શક્તિ દ્વારા સ્વ-અધ્યયન કરી સ્વયં શીખે છે અને પ્રગતિ કરે છે.

આ ઉપરાંત ઝડપથી શીખનાર અથવા તેજસ્વી બાળકોના શિક્ષણ માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખીને તેમની પ્રગતિ થાય, તેવું આયોજન કરવું જોઈએ.

વિદ્યાર્થીઓને પુસ્તકાલયમાં સંદર્ભગ્રંથો વાંચવાની ટેવ પાડવી જોઇએ.

- સંદર્ભપુસ્તકો અંગે શિક્ષકોએ યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.
- વર્ગખંડમાં અભ્યાસ દરમ્યાન સમસ્યા ઉકેલ પદ્ધતિઓ નો પણ આશ્રય લઈ શકાય.
- વિદ્યાર્થીઓની જ્ઞાનવૃદ્ધિ અને જિજ્ઞાસાવૃતિના સંતોષ માટે વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ જેવી કે પ્રવાસ, પર્યટન-વક્તૃત્વ સ્પર્ધાઓ, જ્ઞાન શિબિરો, સંસ્કાર કાર્યક્ષમો ક્વીઝ વગેરેનું આયોજન કરી શકાય.
- હસ્ત લિખિત અંકો, પ્રદર્શનો વિજ્ઞાન મેળાનું આયોજન કરવું જોઈએ.

## 8.12 ધીમી ગતિએ શીખનાર માટેની પ્રવૃત્તિઓ

ધીમી ગતિએ અથવા મંદગતિએ શીખનાર બાળકો સહાનુભૂતિને પાત્ર હોય છે વર્ગખંડમાં

જેમ અલ્પસંખ્યા તેજસ્વી વિદ્યાર્થીઓ હોય છે. તેમ કેટલાંક અલ્પસંખ્ય વિદ્યાર્થીઓ અધ્યયનમાં મંદગતિ ધરાવે છે. કેટલીકવાર શાળાઓમાં શિક્ષકો દ્વારા આ બાળકોની ઉપેક્ષા થતી જોવા મળે છે. તેમને તિરસ્કૃત ગણવામાં આવે છે. આવાં બાળકો અભ્યાસમાં અલ્પસિદ્ધિ મેળવતા હોય પણ ખરા, પરંતુ તેવા બાળકોને સમજીને અલગ તારવીને તેમની સાથે સહાનુભૂતિ પૂર્ણ વ્યવહાર કરીને, વિશ્વાસ જીતી લઈને તેમની શૈક્ષણિક સમસ્યાઓ હલ કરવામાં આવે તો તે પોતાની ગતિએ પોતાની શક્તિ - મતિ અનુસાર યોગ્ય વિકાસ સાધી શકે છે.

આવા બાળકોને અલગ તારવવા માટે કેટલીકવાર નિરીક્ષણ દ્વારા યા નિદાન કસોટીઓ દ્વારા તેમની અભ્યાસ વિષયક નિર્બળતાઓ કે કચાસો જાણી શકાય છે. જે મુદ્દાઓમાં કચાસ લાગતી હોય તેવા મુદ્દાઓ અલગ તારવીને તે મુદ્દાઓ શીખવવા માટે વિવિધ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓના આયોજન દ્વારા, વ્યુરચનાઓ વિચારી લેવી જોઈએ. ખાસ કરીને આવાં બાળકોને શીખવવા માટે અધ્યાપન સૂત્રોનો યથોચિત ઉપયોગ કરવો જોઈએ

(1) સરળ પરથી કઠિન તરફ

(2) જ્ઞાત તરફથી અજ્ઞાત તરફ

(3) મૂર્ત તરફથી અમૂર્ત તરફ

આ સૂત્રોનો ઉપયોગ કરીને તેમને માટે અભિક્રમિત અધ્યયન જેવી પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ.

**મંદ ગતિએ શીખનારા બાળકોને શીખવતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા**

- તેમની સાથે સહાનુભૂતિ પૂર્ણ વ્યવહાર રાખવો જોઈએ.
- શિક્ષણ આપતી વખતે સરળ ભાષાનો ઉપયોગ કરવો.
- વિષયવસ્તુની રજૂઆત વખતે રોજિંદાં વ્યવહારના ઉદાહરણો આપવાં.
- રસમય શૈલીમાં રજૂઆત કરવી.
- તેમને ઉતારી પાડવાં જોઈએ નહિ તેમની ઉપેક્ષા ન કરવી.
- આવા વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ પેદા કરવો.
- ટૂંકા પાઠો કે સ્વાધ્યાયો આપવાં.
- વખતોવખત દ્દઢીકરણ કે પુનરાવર્તન કરવું, અગાઉ શીખી ગયેલાં મુદ્દાઓનું પુનરાવર્તન કરવું.
- અભિક્રમિત અધ્યયનના એકમો તૈયાર કર્યા પછી તેમને પ્રતિપોષણ પૂરું પાડવું.
- ધીમે ધીમે પ્રગીત કરતાં જાય તેમ પ્રોત્સાહન આપવું.
- ઉપચારાત્મક શિક્ષણ આપવું.
- ક્ષમતાલક્ષી શિક્ષણ અભિગમનો ઉપયોગ કરવો.
- શૈક્ષણિક ઉપકરણો, ચિત્રો, ચાર્ટ્સ, ફિલ્મ સ્ટ્રીપ્સ વગેરેના ઉપયોગ દ્વારા શિક્ષણને રસપ્રદ બનાવવું.

## 8.13 સારાંશ :

આપણે જોયું કે વર્ગખડમાં તેજસ્વી સામાન્ય અને મંદગતિનાં બાળકો હોય છે. તેમના વ્યક્તિત્વામાં અપાર ભિન્નતા અને શક્યતા રહેલી છે. આ પરિસ્થિતિમાં વર્ગખંડમાંથી તેજસ્વી અથવા ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થીઓ અલગ તારવીને તેમના માટે વિવિધ પદ્ધતિઓનું આયોજન કર, યોગ્ય વ્યૂહ રચનાવિચારી, બંને પ્રકારનાં બાળકો માટે વિવિધ પ્રકારની અધ્યયન સામગ્રી તૈયારી કરી, તેમના વિકાસને પ્રોત્સાહન આપવું જોઈએ.

## 8.14 તમારી પ્રગતિ ચકાસો

**પ્ર.1 વર્ગમાં જુથ અધ્યયન પદ્ધતિ દ્વારા તમે કઈ કઈ પ્રવૃત્તિ કરાવી શકશો.**

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 8.15 નિબંધ પ્રકારનાં પ્રશ્નો ઉત્તરો-મુદ્દા સાથે

**પ્ર.1 ઝડપી ગતિએ શીખનાર માટેની સ્વ-અધ્યયન સામગ્રી કઈ છે? અને પ્રયુક્તિઓ જણાવો.**

**મુદ્દા** - અભિક્રમિત અધ્યયન સામગ્રી

- સ્વાધ્યાયો
- સંદર્ભ પુસ્તકો
- મોડ્યૂલ
- પ્રોજેક્ટ પ્રયોગો

**પ્ર.2 ધીમી ગતિએ શીખનાર વિદ્યાર્થીનાં લક્ષણો**

- આવા બાળકોનો બુદ્ધિ આંક 75 થી 90 હોય છે.
- આવા બાળકો ચાલતાં અને બોલતાં મોડું શીખે છે.
- તેઓ ઓછો રસ ધરાવે છે.
- તેઓનાં ભાષા કૌશલ્યો નબળા હોય છે.
- શીખવાની ગતિ મંદ હોય છે.

**ટૂંકા પ્રશ્નો**

**પ્ર.1 ધીમી ગતિએ શીખનાર માટેની સ્વ-અધ્યયન સામગ્રી જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

**પ્ર.2 ઝડપી ગતિએ શીખનાર વિદ્યાર્થીના લક્ષણો જણાવો.**

..................................................................

..................................................................

..................................................................

◆ **અતિ ટૂંકાં પ્રશ્નો**

(1) સ્વાધ્યાય પદ્ધતિ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

(2) સરળથી કઠિન તરફ જવાનું ઉદા. આપો.

.................................................................

.................................................................

.................................................................

- **હેતુલક્ષી પ્રશ્નો**

(1) પ્રતિભાશાળી બાળકનો બુદ્ધિ આંક કેટલો હોય છે?

(A) 140 અને તેનાથી ઉપર (B) 120 થી 139

(C) 110 થી 119 (D) 110 થી 120

(2) સામાન્ય બુદ્ધિ આંક ધરાવતા બાળકનો બુદ્ધિ આંક કેટલો હશે ?

(A) 110 થી 120 (B) 110 થી 125

(C) 90 થી 110 (D) 70 થી 80

## 8.15 સ્વાધ્યાય

**પ્ર.1 ઝડપી ગતિએ શીખનાર બાળકોને શિક્ષણ આપતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો જણાવો.**

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

# ES-101
# અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન

વિભાગ

# 3

## અધ્યેતા માહિતીના સંસ્કરણકર્તા તરીકે

એકમ-9 માહિતીના સ્વરૂપો

એકમ-10 અધ્યેતાના મનોવૈજ્ઞાનિક લક્ષણો

એકમ-11 અધ્યેતાનું સામાજિક મનોવિજ્ઞાન

એકમ-12 અધ્યેતાની સમસ્યાઓ

# ES-101, અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન (વિભાગ-3)


| | |
|---|---|
| **લેખક** | |
| **ડૉ. શામળભાઈ એલ. સોલંકી** | એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રાજુભાઈ એલ. પારગી** | સર્વોદય કૉલેજ ઓફ એજ્યુકેશન, ડેરોલ સ્ટેશન, જી. પંચમહાલ |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. હિરલકુમાર એમ. બારોટ** | શેઠ એમ.એન. સી. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ, વડોદરા. |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર)<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-050-2**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-101 અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન

**વિભાગ-1 અધ્યેતાનો વિકાસ**

એકમ-1 વૃદ્ધિ અને વિકાસની લાક્ષણિકતાઓ

એકમ-2 વ્યક્તિત્વ વિકાસ

એકમ-3 જ્ઞાનાત્મક અને ભાષાકીય વિકાસ

એકમ-4 અધ્યેતાની વ્યક્તિગત ભિન્નતા

**વિભાગ-2 અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન**

એકમ-5 અધ્યયન પ્રતિક્રિયા

એકમ-6 વૈયક્તિક અધ્યયન માટેની ટૅકનોલોજી

એકમ-7 અધ્યયન શૈલી

એકમ-8 ઝડપી અને ધીમી ગતિએ શિક્ષણ

**વિભાગ-3 અધ્યેતા માહિતીનાં સંસ્કરણ કર્તા તરીકે**

એકમ-9 માહિતીના સ્વરૂપો

એકમ-10 અધ્યેતાના મનોવૈજ્ઞાનિક લક્ષણો

એકમ-11 અધ્યેતાનું સામાજિક મનોવિજ્ઞાન

એકમ-12 અધ્યેતાની સમસ્યાઓ

**વિભાગ-4 અધ્યેતાને સલાહ અને માર્ગદર્શન**

એકમ-13 અધ્યેતાને સલાહ અને માર્ગદર્શન

એકમ-14 માર્ગદર્શનની જરૂરિયાત

એકમ-15 સલાહદર્શન સેવાનું મૉડલ

એકમ-16 વિશેષ જરૂરિયાતવાળા બાળકો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાંથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

# એકમ 9 માહિતીના સ્વરૂપો

## : રૂપરેખા :

9.1 ઉદ્દેશ્યો

9.2 એકમના પારિભાષિક શબ્દો

9.3 પ્રસ્તાવના

9.4 અધ્યેતા સ્વરૂપો

9.5 અધ્યેતા અનુકરણ કરનાર તરીકે

9.6 અધ્યેતા જ્ઞાતા તરીકે

9.7 અધ્યેતા વિચારક તરીકે

9.8 અધ્યેતા માહિતીના સંસ્કરણકર્તા તરીકે

9.9 અધ્યેતા કૌશલ્યો રજૂ કરનાર તરીકે

9.10 સારાંશ

9.11 તમારી પ્રગતિ ચકાસો

9.12 નિબંધ પ્રકારના પ્રશ્નો, ઉત્તરોના મુદ્દા સાથે

9.13 સ્વાધ્યાય

## 9.1 ઉદ્દેશ્યો :

- અધ્યેતાના ભિન્ન સ્વરૂપો જણાવી શકશો.
- અધ્યેતાને તમે જ્ઞાતા તરીકે ઓળખી શકશો.
- અધ્યેતાને તમે વિચારક તરીકે ઓળખી શકશો.
- અધ્યેતાને તમે કૌશલ્ય રજૂ કરનાર તરીકે ઓળખી શકશો.
- અધ્યેતાને તમે અનુકરણ કરનાર તરીકે

## 9.2 એકમના પારીભાષિક શબ્દો

(1) બૌદ્ધિક કૌશલ્યો - વિચાર કૌશલ્યો

(2) સ્વયં-સંચાલિતતા - વર્તનમાં પ્રભુત્વ મેળવવું

(3) માહિતી - પ્રવર્તનમાન જ્ઞાન

## 9.3 પ્રસ્તાવાના :

અધ્યેતા અંગેના સ્વરૂપો સમજવા પ્રયત્ન કરશે. અધ્યેતા ઉત્તર તરુણાવસ્થા પુરી કરે ત્યાં સુધીમાં તે શારીરિક, માનસિક, સાંવેગિક સામાજિક, નૈતિક અને વ્યક્તિત્વ વિકાસમાં તરેહમાં પરિપક્વ અવસ્થાએ પહોંચે છે. આ તમામ વિકાસોનાં પરિણામ સ્વરૂપે અધ્યેતાનું સ્વરૂપ સ્પષ્ટ બને છે. આ ભિન્ન લક્ષણોનાં સંદર્ભમાં વિકસિત અધ્યેતાને અધ્યયનના સંદર્ભમાં જોવામાં પ્રયત્ન કરીએ, જેમ કેલિડોસ્કોપમાં કાચનાં ટુકડા તેનાં તે જ હોય છે. પરંતુ કેલિડોસ્કોપને અલગ અલગ સ્થિતિમાં ફેરવીને જોવામાં આવે તો કાચના ટુકડાથી બનતી ડિઝાઈન અલગ-અલગ જોવા મળે છે. તેમ અધ્યેતા તેનો તે જ હોય પરંતુ અધ્યયન સંદર્ભમાં અલગ - અલગ ભૂમિકા ભજવતો જોવા મળે છે.

## 9.4 અધ્યેતા સ્વરૂપો :

વર્ષો સુધી અધ્યયન - અધ્યાપનની પ્રક્રિયામાં શિક્ષકે સક્રિય અને અધ્યેતાને નિશ્ચિત ઘટક ગણાવવામાં આવ્યાં હતાં. શિક્ષણમાં મનોવિજ્ઞાનના પ્રવેશ બાદ ખાસ કરીને જ્ઞાનાત્મક વિચારધારા અને સંરચનાવાદી વિચારધારાની અસરને કારણે અધ્યેતાને માહિતીનાં સંસ્કરણ કરનાર અને જ્ઞાનના રચનાર તરીકે સ્વીકારવામાં આવ્યો છે. જ્ઞાનાત્મકવાદી વિદ્વાનો માને છે કે સંવેદન અંગો મારફત મગજમાં ગયેલી માહિતી પર અધ્યેતા સંસ્કરણ કરી તેને ધારણ કરી શકે છે. અને આ ધારણ થયેલી માહિતીને તેનાં વર્તન દ્વારા વ્યક્ત કરે છે. સંરચનાવાદી મનોવૈજ્ઞાનિકો માને છે કે અધ્યેતા ખાલી વાસણ નથી.

મનોવિજ્ઞાનની આ વિચારધારાઓનાં પ્રભાવના પરિણામે પ્રવર્તમાન શિક્ષણ અધ્યેતા કેન્દ્રી બન્યું છે. મનોવૈજ્ઞાનિકોએ જેમ અસરકારક શિક્ષકોનાં લક્ષણો નક્કી કર્યા ટોમશૈલે - ઇ.સ.1986. વર્ગખંડ અધ્યયન પરના આધારે (1) અપેક્ષાઓ (2) પ્રેરણ (3) પૂર્વજ્ઞાનને સક્રિય બનાવવાનું (4) ધ્યાન (5) સંકેતન તુલના (6) ઉત્કલ્પના રચવી (7) પુનરાવર્તન (8) પ્રતિપુષ્ટિ (9) મૂલ્યાંકન (10) નિયમન (11) સુગ્રથીકરણ

**સફળ અધ્યેતાનાં કેટલાંક લક્ષણો**

(1) સક્રિય હોય છે.

(2) ધ્યેયાલક્ષી હોય છે.

(3) સ્વ-નિયંત્રિત હોય છે.

(4) સતત પ્રયત્નશીલ હોય છે.

(5) પોતાના અધ્યયન માટે પોતાને જવાબદાર માને છે.

(6) જ્ઞાનની અર્થપૂર્ણતા ધારણ કરે છે.

(7) પ્રવર્તનમાન જ્ઞાનને નવી માહિતી સાથે જુવે છે.

(8) સંકુલ અધ્યયન ધ્યેયો સિદ્ધ કરવા અનેક વિચાર કૌશલ્યો અને તર્ક કૌશલ્યો સર્જે છે અને તેનો ઉપયોગ કરે છે.

(9) અધ્યયન તર્ક સમસ્યા, ઉકેલ અને સંકલ્પના અધ્યયનના જ્ઞાનાત્મક યોજનાનો ઉપયોગ કરે છે.

(10) તેઓ પોતે કેવી રીતે અધ્યયન કરે છે તે માર્ગે ચિંતન કરે છે. યોગ્ય ધ્યેય નક્કી કરે છે. યોગ્ય યોજના પસંદ કરે છે અને જ્યારે જરૂર પડે છે ત્યારે યોજનામાં ફેરફારો કરે છે.

સફળ અધ્યેતાનાં, કાર્યો લક્ષણોની યાદીના આધારે અધ્યેતાના સ્વરૂપોના પાંચ પાસાંઓ સ્પષ્ટ બને છે.

- અનુકરણ કરે છે.
- તજ્જ્ઞ છે.
- વિસ્તાર કરે છે.
- જ્ઞાનનું સંસ્કરણ કરે છે.
- કૌશલ્ય વ્યક્ત કરે છે.

## 9.5 અધ્યેતા - અનુકરણ કરનાર તરીકે

આલ્બર્ટ બાન્દુરા સ્પષ્ટ રીતે માને છે કે બાળક જે કંઈ શીખે છે તે અનુકરણથી શીખે છે. બાન્દુરા અધ્યયન સિદ્ધાંતને અવલોકનાત્મક અધ્યયન સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. બાંદુરા વિચારો અનુસાર અધ્યયન એક વ્યક્તિના, બીજી વ્યક્તિ અંગેના અનુભવની પ્રક્રિયા, સંકેતીકરણ પ્રક્રિયા અને સ્વ-નિયંત્રણ પ્રક્રિયા પર આધારિત છે. પ્રત્યક્ષ અનુભવને કારણે પરિણામનું સ્વઅધ્યયન હકીકતમાં અન્ય વ્યક્તિના અવલોકનને કારણે રહે છે.

(1) અધ્યેતા મૉડલમા વર્તનોનું અવલોકન કરીને સંકુલ પ્રતિચારો પ્રાપ્ત કરી શકે છે.

(2) અધ્યેતાને, અન્યના સુખદ કે દુઃખદ અનુભવો અંગે ભાવાત્મક અભિસંધાન કરાવી શકાય છે.

(3) અધ્યેતાના ભયભીત કે અવગણનાત્મક વર્તનો નષ્ટ કરી શકાય છે.

(4) સારી રીતે શીખેલાં સ્નાયવિક કૌશલ્ય કે સામાજિક કૌશલ્યોને નિયંત્રિત કરી શકાય છે.

(5) અન્યને શિક્ષા થતી બતાવીને ચોક્કસ વર્તનમાં અવરોધ લાવી શકાય છે.

આલ્બર્ટ બાન્દુરા સ્પષ્ટ રીતે પોતે આવા અનુકરણ અધ્યેતા શીખે છે.

બાંદુરાના વિચાર અધ્યયન સિદ્ધાંતને અવલોકનાત્મક અધ્યયન સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. બાંદુરાનાં વિચાર અનુસાર અધ્યયન એક વ્યક્તિના બીજી વ્યક્તિ અંગેના અનુભવની પ્રક્રિયા સંકેતીકરણ પ્રક્રિયા અને સ્વ નિયંત્રણ પ્રક્રિયા પર આધારિત છે.

(1) અધ્યેતાના મૉડેલના વર્તનોનું અવલોકન કરીને સંકુલ પ્રતિચારો પ્રાપ્ત કરી શકે છે.

(2) અધ્યેતાને અન્યના સુખદ અનુભવો અંગેની ભાવાત્મક પ્રતિક્રિયાઓના સાક્ષી બનાવીને અવલોકન દ્વારા સાંવેગિક પ્રતિચારોનું અભિસંધાન કરાવી શકે છે.

(3) અધ્યેતા ભયભીતતા કે અવગણનાત્મક વર્તનો નષ્ટ કરી શકે છે.

(4) સારી રીતે શીખેલાં સ્નાયવિક કૌશલ્યો કે સામાજિક કૌશલ્યોને નિયંત્રિત કરી શકે છે.

(5) અન્યને શિક્ષા થતી બતાવીને ચોક્કસ વર્તનમાં અવરોધ લાવી શકે છે.

આલ્બર્ટ અને લીરી (1985) દ્વારા બાલમંદિરનાં બાળકોમાં પરસ્પર વહેચીને નાસ્તો કરવા પર મૉડલની અસર તપાસ, નાસ્તો કરવાનાં વિષયવસ્તુવાળી વાર્તાઓ અને મૉડેલ્સ દર્શાવવામાં આવ્યાં. માત્ર ત્રણ જ દિવસના કાર્યક્રમ વિદ્યાર્થીઓના અધ્યયન માટે નીચેની બાબત ધ્યાનમાં લેવી જોઈએ.

(1) શબ્દોના ઉચ્ચાર શીખવવા હોય કે પ્રયોગશાળામાં વિદ્યાર્થીઓને અવલોકન કરતાં શીખવવું હોય ત્યારે નિદર્શનો ઉપયોગ કરવો.

(2) હકારાત્મક મૉડલ સાથે નકારાત્મક મૉડલનો ઉપયોગ કરવો.

(3) અનુકરણથી અધ્યેતા દ્વારા થયેલાં વર્તનને પ્રતિપુષ્ટિ આપો અને મહાવરા માટે પ્રતિપ્રેરિત માટે અનેક તકો આપો.

## 9.6 અધ્યેતા જ્ઞાતા તરીકે :

વ્યક્તિ જન્મથી શરૂ કરી મૃત્યુ સુધી તેની આસપાસનાં પર્યાવરણ સાથે આંતરક્રિયા કરી આ વિશ્વને જાણવાનો પ્રયત્ન કરે છે. અર્થાત્ અધ્યેતા વિશ્વનો જ્ઞાતા છે. શિશુ અવસ્થામાં તે તેની પાસેના રમકડાંની રચનાને જાણવા પ્રયત્ન કરે છે. પુખ્ત થઈને માનવ શરીરની રચનાને કુદરતી રહસ્યોને જાણવા પ્રયત્ન કરે છે. અધ્યેતા વિશ્વને જાણવા માટે વિશ્વના વિવિધ ઘટકો વિશેની માહિતી મેળવે છે.

શાળાકીય પર્યાવરણમાં વિદ્યાર્થી વિજ્ઞાન, ઈતિહાસ, ભૂગોળ ભાષાઓ જેવાં વિષયો શીખે છે. આ તમામ વિષયોનાં અધ્યયન દરમિયાન વિદ્યાર્થીઓ મોટા ભાગની શાબ્દિક માહિતી શાળા શિક્ષણ દરમિયાન મેળવે છે અને સ્મૃતિમાં તેનો સંગ્રહ કરે છે, છતાં તેની પાસેની કુલ માહિતીનો ઘણો મોટો જથ્થો તે શાળાની બહાર સામયિકો અને વર્તમાન પત્રો વાંચીને રેડિયો, અને ટેલિવિઝનનાં કાર્યક્રમો દ્વારા અને પ્રવર્તમાન સમયમાં ઈન્ટરનેટના માધ્યમથી મેળવે છે.

અધ્યેતાએ શીખેલી માહિતી તેનાં બંધારણની સંકુલતાના આધારે જુદી જુદી કક્ષાઓ ધરાવે છે. જેના ત્રણ પ્રકાર છે.

(1) નામો (Names)

(2) હકીકતો (Facts)

(3) જ્ઞાનસમૂહો (Knowledge domains)

અધ્યેતા કોઈ વસ્તુ, વ્યક્તિ કે ઘટના સાથે સંકળાયેલાં સંકેત ઓળખી શકે અથવા સ્મૃતિમાં સંગ્રહિત નામોનું અધ્યયન છે. ઉદા. તરીકે હાથી, દડો, પેન, શાળા વગેરે.

હકીકતે એ બે નામો અથવા ઘટનાઓ વચ્ચેનાં સંબંધને રજૂ કરતું શાબ્દિક વિધાન છે. ઉદા. સાત દિવસો (અઠવાડિયાના) હોય છે.

ઐતિહાસિક તબક્કાઓ વિજ્ઞાન, સાહિત્ય વગેરે જ્ઞાનના ભિન્ન સમૂહો છે, તે પરસ્પર સંબંધિત હકીકતના વિશાળ સમૂહો છે.

અધ્યેતા સાથે જ્ઞાતા બની શકે તે માટે શિક્ષકે નીચેની બાબત ધ્યાનમાં રાખવી જોઈએઃ-

(1) અધ્યેતા પાસે તેની જ્ઞાનાત્મક સંરચનામાં સંબંધિત પૂર્વજ્ઞાન સંગ્રહિત સ્વરૂપમાં છે કે કેમ? તેની ખાત્રી કરો

(2) નામોના અધ્યયન માટે, નવા નામોનું શીખેલા નામનું જૂથ બનાવે છે.

(3) નવી હકીકતોની રજૂઆત પહેલાં કે પછી જે શીખવવાનું છે તેના સંદર્ભમાં પ્રશ્ન રજૂ કરવૂ જેથી શીખવાની બાબત પર અધ્યેતાનું ધ્યાન કેન્દ્રિત થાય.

(4) નવા જ્ઞાન સમૂહના અધ્યાપન માટે વિદ્યાર્થી સમક્ષ અધ્યયન વસ્તુ, તે સમજી શકે તેટલું સરળ સ્વરૂપમાં રજૂ કરવું.

## 9.7 અધ્યેતા વિચારક તરીકે

વિદ્યાર્થી વર્ગમાં ગણિતનાં દાખલાઓ ગણી શકે છે. ભાષામાં નિબંધ લખી શકે છે. આપેલાં ફકરાનું અર્થગ્રહણ કરી શકે છે. બે તર્જને અલગ પાડી શકે છે. વિદ્યાર્થી આ તમામ કાર્યો કરી શકે છે.

ગિલ્ફર્ડના વિચારો અનુસાર અધ્યેતા, તેણે ગ્રહણ કરેલાં કોઈપણ વિષયવસ્તુ અંગે કેન્દ્રિત વિચાર કે વિકેન્દ્રિત વિચાર પ્રક્રિયા કરીને સમસ્યા ઉકેલી શકે છે. આ વિચાર પ્રક્રિયા મારફત અધ્યેતા તેનાં પર્યાવરણ સાથે પરોક્ષ આંતરક્રિયા કરી શકે છે. પર્યાવરણ સાથે પરોક્ષ આંતરક્રિયા કરવાની શક્તિને બૌદ્ધિક કૌશલ્યો કે વિચાર કૌશલ્યો કહેવામાં આવે છે.

અધ્યેતા આવા અનેક વિચાર કૌશલ્યો પ્રાપ્ત કરે છે. ઉદા. વાક્યની રચના કરવી, ફકરાની રચના કરવી, નામનું વિશેષણ બનાવવું, નામનું એકવચનમાંથી બહુવચન બનાવવું, બે ઘટનાઓ વચ્ચે સંબંધ તારવો કોઈ ઘટનાની આગામી અસરોનું અનુમાન કરવું, દલીલ યુક્ત વાતચીત કરવી વગેરે.

અધ્યેતા અધ્યયન માટે યોજનાત્મક રીતે વિચાર કરે છે. તે સંકુલ અધ્યયન માટે તર્ક કૌશલ્યોનો ઉપયોગ કરે છે તે સંકલ્પના અધ્યયન સમસ્યા ઉકેલ - અધ્યયન વગેરે માટે ખાસ વિચાર કૌશલ્યોનો ઉપયોગ કરે છે. તે પોતાની યોજનાઓની ઉચિતતા અંગે ચિંતન કરે છે અને જરૂર જણાય ત્યાં અન્યોનું અવલોકન કરીને કે અધ્યાપનમાંથી માર્ગદર્શન મેળવીને તેમાં ફેરફાર કરે છે.

અધ્યેતા સારો વિચારક બને તે માટે શિક્ષકે નીચેની બાબતો ધ્યાનમાં લેવી જોઈએ.

(1) સંકલ્પના, નિયમો, સમસ્યા, ઉકેલનું શિક્ષણ એવી રીતે કરો, જે પ્રત્યેકના અધ્યાપનમાં વિચાર પ્રક્રિયાથી સામેલ થવાય.

(2) સંકલ્પનાઓના શિક્ષણ માટે અધ્યેતાને સંકલ્પના સંબંધિત વિવિધ ઉદા.માં લક્ષણો તારવવા, લક્ષણોમાં સમાનતા અને ભિન્નતા નક્કી કરવી, સામાન્યીકરણ કરવું ઉદાહરણ આપવાં વગેરે વિચાર ક્રિયામાં સામેલ છે.

(3) નિયમોનાં અધ્યયનનાં ઘટક ખ્યાલો યાદ કરવાં, ઘટક ખ્યાલો વગેરેનો સંબંધ શોધવો, નિયમ તારવવો વગેરે ક્રિયામાં સામેલ છે.

## 9.8 અધ્યેતા માહિતીના સંસ્કરણ કર્તા તરીકે

રૂઢિગત દૃષ્ટિબિંદુ અનુસાર અધ્યયન એ ઉદ્દીપક પ્રતિચાર વચ્ચેનું જોડણ કરવાની ક્રિયા છે અને સ્મૃતિ એ આ અધ્યયનની નીપજ છે.

સાંપ્રત મનોવૈજ્ઞાનિકો સ્મૃતિને માહિતી સંસ્કરણ તંત્ર તરીકે રજૂ કરે છે. તેઓ જણાવે છે કે સ્મૃતિ એ માત્ર માહિતીની નિષ્ક્રિય નોંધણીથી અનેકગણું વિશેષ છે. માનવને માહિતીનો સંસ્કરણકર્તા ગણવામાં આવ્યો છે જે પર્યાવરણમાંથી આવતાં ઉદ્દીપકો પર સક્રિય રહીને સંસ્કરણ કરે છે.

પ્રક્રિયાઓના સંદર્ભમાં માણસ અનેક રીતે કમ્પ્યુટર સાથે સમાનતા ધરાવે છે. માણસ અને કમ્પ્યુટર બન્ને પર્યાવરણમાંથી માહિતી મેળવે છે. આ માહિતીને અન્ય સ્વરૂપમાં ફેરવે છે. પછીના ઉપયોગ માટે તેને સંગ્રહિત કરે છે. ત્યાર બાદ તેને પુનઃ પ્રાપ્ત કરે છે અને તેને કોઈક રીતે ઉપયોગમાં લે છે.

આમ અધ્યેતા એ માહિતીના સંસ્કરણ કર્તા છે. અધ્યયન દરમિયાન અધ્યેતા માત્ર જ્ઞાન મેળવે છે, તેટલું જ નહીં પરંતુ તે નવી માહિતીને પ્રવર્તમાન જ્ઞાન સાથે અર્થપૂર્ણ રીતે જોડે છે. દરેક વિદ્યાર્થી પાસે ભિન્ન પૂર્વ અનુભવો હોય છે. મગજનું લક્ષણ છે કે તે માહિતીને અર્થપૂર્ણ રીતે જોડી શકે છે. બે લાક્ષણિકતાઓના કારણે દરેક અધ્યેતા પોતે મેળવેલ માહિતીને આગવી રીતે ગોઠવી શકે.

અધ્યેતાની આ ક્ષમતાનાં કારણે અધ્યેતા તેને મળેલ માહિતી પર પોતાની ક્ષમતા અનુસાર, તેના પર સંસ્કરણ કરીને ચોક્કસ ઘટનાઓ, બનાવો, પરિસ્થિતિઓ, વ્યક્તિઓ કે પદાર્થો અંગે પોતાના દૃષ્ટિબિંદુઓ રજૂ કરે છે. તેના નૈતિક મૂલ્યો અને વલણો નક્કી થાય છે. અને તેના આધારે તેની વર્તન તરેહો નક્કી થાય છે.

અધ્યેતાની આ સંસ્કરણકર્તા તરીકેની ક્ષમતાના કારણે જ આ વિશ્વને સારા વૈજ્ઞાનિકો, સંશોધકો, ઉપદેશકો, શિક્ષણકારો. સમાજશાસ્ત્રીઓ અને અર્થશાસ્ત્રીઓ પ્રાપ્ત થાય છે.

અધ્યેતા સારો માહિતીનો સંસ્કરણ કર્તા બને તે માટે શિક્ષકે આટલી કાળજી લેવી જોઈએ.

(1) નવા અધ્યયન વસ્તુના અધ્યયન માટે બાળકની અનુરૂપ જ્ઞાનાત્મક સંરચનાને સક્રિય બનાવવામાં મદદ કરવી.

(2) અધ્યયન ક્રિયામાં અધ્યેતાને સામેલ કરવો.

(3) માહિતીના શાબ્દિક સંકેતિકરણની યોજનાઓનો ઉપયોગ કરવાની તકો પુરી પાડવી.

(4) વાંચન માટે SQ3R પદ્ધતિનો ઉપયોગ કરવાની ટેવ વિકસાવવી.

## 9.9 અધ્યેતા - કૌશલ્યો રજૂ કરનાર તરીકે :

અધ્યેતા જે કંઈ શીખે છે તેની સાબિતી સંબંધિત વર્તન દ્વારા વ્યક્ત કરીને આપવી પડે છે. આથી તેને કૌશલ્યો રજૂ કરનાર કહેવામાં આવે છે. અધ્યેતાને તેનાં કૌશલ્યોની રજૂઆતનાં સંદર્ભમાં અનેક જગ્યાએ મૂલવવામાં આવે છે. ઉદા. તરીકે, રમતના મેદાનમાં, ચિત્રખંડમાં, સંગીતના વર્ગમાં, વિજ્ઞાનની પ્રયોગશાળામાં, વકતૃત્વ સ્પર્ધામાં કે શ્રુતલેખનમાં આ પ્રત્યેક પરિસ્થિતિમાં તેણે કૌશલ્યો વ્યક્ત કરનારની ભૂમિકા ભજવાતી રહે છે.

સ્નાયવિક કૌશલ્યો કે સામાજિક કૌશલ્યો કેટલે અંશે તેણે પ્રાપ્ત કર્યું છે તે તેની, રજૂઆતમાં ચોક્સાઈ, ઝડપ, દબાણ અને શારીરિક હલનચલનની મૃદુતા વ્યક્ત થાય છે. ત્રણ તબક્કાઓમાંથી પસાર થાય છે.

**(1) જ્ઞાનાત્મક તબક્કો :**

આ તબક્કા દરમિયાન અધ્યેતા એ સમજવા પ્રયત્ન કરે છે. આ કાર્ય કરવા માટે શું જરૂરી બનશે?

**(2) સંયોજનાત્મક તબક્કો :**

અહીં ઘટક કૌશલ્યોને વ્યક્ત કરવામાં મૃદુતા અને સમયબદ્ધતા આવે છે. પરિણામે ભૂલોનું પ્રમાણ ઘટે છે.

**(3) સ્વયં - સંચાલિતતા :**

અહીં અધ્યેતા તે કૌશલ્યના વર્તનમાં એટલું પ્રભુત્વ મેળવે છે કે જેને કારણે તે કૌશલ્યોવાળું વર્તન સહજ રીતે કરી શકે છે.

ગણિત, વિજ્ઞાન, ચિત્ર, સંગીત, રમતગમત અને ઉદ્યોગ એવાં વિષયો છે જેના દ્વારા વિદ્યાર્થી કૌશલ્યો કેળવે છે.

ઉદા. ગણિત વિષયમાં પરિકર વડે વર્તુળ દોરવું, વિજ્ઞાનમાં પીપેટ વડે નિયત કદનું પ્રવાહી એક વાસણમાંથી બીજા વાસણમાં નાખવું ચિત્રનાં વિષયમાં ચોક્કસ આકાર પ્રમાણે પેન, પેન્સિલ કે પીંછી ફેરવવી, તેનું વાદ્યમાંથી ચોક્કસ અવાજ ઉત્પન્ન કરવો, જ્ઞાનતંતુઓ અને સ્નાયુઓનું સંકલન કરી ચોક્કસ રીતે શરીરને વાળવું કૌશલ્યો રમત-ગમત દ્વારા કેળવવાં વગેરે.

- અધ્યેતાના કૌશલ્યો પર સારું પ્રભુત્વ મેળવે તે માટે શિક્ષકે આટલું ધ્યાનમાં રાખવુંઃ

(1) જે સ્નાયવિક કૌશલ્ય કેળવવાનું છે તે અંગે શરૂઆતનાં તબક્કે શાબ્દિક વર્ણન રજૂ કરવું.

(2) ત્યારબાદ સ્નાયવિક કૌશલ્યોમાં થતાં હલનચલનને ચિત્રો દ્વારા રજૂ કરો.

(3) ત્યારબાદ કુશળ વ્યક્તિ દ્વારા કૌશલ્યોનું અધ્યેતા સમક્ષ નિદર્શન કરો.

(4) અંતમાં મહાવરો અને પ્રતિપુષ્ટિ પૂરાં પાડો.

## 9.10 સારાંશ :

અધ્યેતાને ભિન્ન દૃષ્ટિકોણથી જોવા પ્રયત્ન કરીએ તો તે અલગ-અલગ પાંચ સ્વરૂપમાં જોવા મળે છે. આ પાંચ સ્વરૂપેઃ-

(1) અનુકરણ કરનાર

(2) જ્ઞાત

(3) વિચારક

(4) માહિતીનો સંસ્કરણકર્તા

(5) કૌશલ્યો રજૂ કરનાર

આ પાંચ સ્વરૂપો મળીને ''સમગ્ર'' અધ્યેતાનું ચિત્ર ઉપશે છે. આ પાંચેય પાસાંઓ ધરાવતો અધ્યેતા પૂર્ણ અધ્યેતા છે. જ્યારે અધ્યેતાનાં વિવિધ લક્ષણોનો સુસંગત અને સુગ્રથિત વિકાસ થાય છે, ત્યારે તે પૂર્ણ અધ્યેતા બને છે.

## 9.11 તમારી પ્રગતિ ચકાસો

પ્ર.1 'અધ્યેતા વિચારક છે' આ વિધાનની ચર્ચા કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 9.12 નિબંધ પ્રકારના પ્રશ્નો (ઉત્તરોના મુદ્દા સાથે)

પ્ર.1 અધ્યેતા કૌશલ્ય વ્યક્ત કરવામાં પ્રવીણ બને તે માટે શિક્ષકે શી કાળજી લેવી જોઈએ.

મુદ્દા (1) જ્ઞાનાત્મક તબક્કો

(2) સંયોજનાત્મક તબક્કો

(3) સ્વયં - સંચાલિતતા

પ્ર.2 અધ્યેતા સારો જ્ઞાતા બને તે માટે શિક્ષકની કઇ જવાબદારી છે ?

મુદ્દા (1) નામો

(2) હકીકતો

(3) જ્ઞાન સમૂહો

**ટૂંકા પ્રશ્નો**

પ્ર.1 સફળ અધ્યેતા સ્વરૂપોના પાંચ પાસાંઓ જણાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

પ્ર.2 અધ્યેતાની અનુકરણ કરનાર તરીકેની ભૂમિકા સ્પષ્ટ કરો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**અતિ ટૂંકા પ્રશ્નો**

પ્ર.1 અધ્યેતાના બે સ્વરૂપો બતાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

પ્ર.2 ધ્યેયલક્ષી એટલે શું ?

- હેતુલક્ષી પ્રશ્નો

(1) વાચંન માટે - પદ્ધતિનો ઉપયોગ કરવાની ટેવ વિકસાવી

(A) SQ3R

(B) S3QR

(C) SR3Q

(D) QR35

પ્ર.2 અધ્યેતા એ માહિતીના ..... તરીકે છે.

(A) વિચારક

(B) સંસ્કરણકર્તા

(C) અનુકરણ કરનાર

(D) જ્ઞાતા

## 9.13 સ્વાધ્યાય

પ્ર.1 'અધ્યેતા માહિતીનો સંસ્કરણકર્તા છે.' વિધાન સ્પષ્ટ કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

એકમ 10

# અધ્યેતાના લક્ષણો

## : રૂપરેખા :

10.1 ઉદ્દેશ્યો

10.2 એકમના પારિભાષિક શબ્દો

10.3 પ્રસ્તાવના

10.4 અધ્યયનની સંકલ્પના

10.5 અધ્યયન પ્રક્રિયાની લાક્ષણિકતાઓ

10.6 અધ્યયન પર અસર કરતી લાક્ષણિકતાઓ

- પ્રત્યક્ષીકરણ
- પ્રત્યક્ષીકરણમાં સંગઠિત
- પ્રત્યક્ષીકરણમાં સાતત્ય
- દૃષ્ટિભ્રમ
- પ્રત્યક્ષીકરણ પર અસર કરતાં પરિબળો
- શિક્ષક અને પ્રત્યક્ષીકરણ

10.7 પ્રેરણા

10.8 પ્રેરણા અંગેની વિવિધ વિચારસરણીઓ

- હેતુલક્ષી સિદ્ધાંતો
- જરૂરિયાતલક્ષી સિદ્ધાંતો
- બોધાત્મક સિદ્ધાંતો
- મરે - 1938
- કેટલે
- મોસ્લોએ
- હોપે - 1930
- બોધાત્મક સિદ્ધાંતો
- ચાન્દલર અને સ્પાઈઝ (1984)

10.9 શિક્ષક અને પ્રેરણા અંગેના જ્ઞાનનો પોતાના શિક્ષણ કાર્યમાં ઉપયોગ

10.10 પરિપક્વન

10.11 પરિપક્વન અંગેના તારણો

10.12 અભિરુચિ જરસીલ્ડ અને ટાચે (1949)

10.13 અભિયોગ્યતા

10.14 સારાંશ

10.15 તમારી પ્રગતિ ચકાસો

10.16 નિબંધ પ્રકારના પ્રશ્નો (ઉત્તરોના મુદ્દા સાથે)

10.17 સ્વાધ્યાય

## 10.1 ઉદ્દેશ્યો

- અધ્યયનની સંકલ્પના સમજાવી શકશો.
- અધ્યયનની પ્રક્રિયાનું સ્વરૂપ સ્પષ્ટ કરી શકશો.
- અધ્યયન પ્રક્રિયાની લાક્ષણિકતાઓ જણાવી શકશો.
- અધ્યયન પર અધ્યેતાના લક્ષણો જેવાં કે પ્રત્યક્ષીકરણ પ્રેરણ - પરિપકવન અભિરૂચિ અને અભિયોગ્યતાની અસર વર્ણવી શકશો.

## 10.2 એકમના પારિભાષિક શબ્દો

(વાંચ્યું ન હતું - પ્રયત્નનો અભાવ) (2) માર્કસ ન આપ્યાં - શિક્ષક પૂર્વગ્રહ (3) વાંચ્યું હતું તેમાંથી ન આવ્યું (નસીબ)

## 10.3 પ્રસ્તાવના

વિશ્વ અત્યારે વધુને વધુ સ્પર્ધાત્મક બનતું જાય છે. આ સ્પર્ધામાં એવી વ્યક્તિ આગળ વધી શકે, જે પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ સિદ્ધિ મેળવી શકે. સિદ્ધિ એ અધ્યયન પક્રિયાની નીપજ છે. અર્થાત્ શ્રેષ્ઠ અધ્યયન માટે વિદ્યાર્થીએ અધ્યયન સારી રીતે કરવું જરૂરી છે. શાળા કૉલેજમાં અધ્યયન પ્રક્રિયા વધુ અસરકારક થઈ તે માટે કેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું અધ્યેતામાં કેવા લક્ષણો હોવા જોઈએ, વગેરે સિદ્ધિઓ અંગે શૈક્ષણિક મનોવિજ્ઞાન અને અધ્યાપન મનોવિજ્ઞાનના ક્ષેત્રમાં અનેક સંશોધનો થયાં છે.

ઇ.સ.1980થી ઇ.સ.1986નાં સમયગાળા દરમિયાન ભારતમાં Ph.D. કક્ષાએ (18) જેટલા અભ્યાસમાં સિદ્ધિ અને બુદ્ધિ વચ્ચેનો સંબંધ તપાસવામાં આવ્યો હતો.

## 10.4 અધ્યયનની સંકલ્પના :

અધ્યયન અંગે મનોવિજ્ઞાનની ભિન્ન વિચારધારાઓએ ભિન્ન વ્યાખ્યાઓ આપી છે. અધ્યયનને સરળ રીતે ઓળખવું હોય તો કહી શકાય કે "અધ્યયન એટલે અનુભવના પરિણામે વર્તનમાં ફેરફાર પ્રાપ્ત કરવો પરંતુ આ સરળ અને સાદી વ્યાખ્યાથી અધ્યયન પ્રક્રિયાના મનોવૈજ્ઞાનિક સ્વરૂપને સમજાવી શકાતું નથી.આથી અધ્યયનની વ્યાખ્યાને વધારે ચોક્કસ બનાવવા. તેને આ પ્રમાણે શબ્દબદ્ધ કરવામાં આવે છે. "અધ્યયન એ વ્યક્તિની અભિક્ષાત્મક સંરચના અને વર્તનમાં થયેલ ફેરફાર છે."

બીજાં શબ્દોમાં કહીએ તો એમ કહી શકાય કે જ્યારે અધ્યેતા શીખે છે ત્યારે તે પોતાની એક જ્ઞાનાત્મક સંરચના સંબંધિત વર્તનોમાંથી બીજી જ્ઞાનાત્મક સંરચના સંબંધિત વર્તનોમાંથી, બીજા જ્ઞાનાત્મક સંરચના સંબંધિત વર્તનનોમાં જાય છે. આમ અધ્યયન પ્રક્રિયા એ એક એવી પ્રક્રિયા છે, જેમાં અધ્યેતાની જ્ઞાનાત્મક સંરચના અને તેને અનુરૂપ વર્તનમાં ફેરફાર થાય છે.

"અધ્યયનની ભિન્ન વ્યાખ્યાઓ પરથી અધ્યયનનાં કેટલાક ઉદાહરણો મળી આવે છે."

(1) બધાંજ વર્તન - પરિવર્તનો અધ્યયન નથી. કંઈપણ શીખ્યા વગર. સ્નાયવિક વિકાસના કારણે વ્યક્તિ વધુ વજન ઊચકી શકે બાળક પહેલાં કરતાં વધુ ખોરાક ખાય છે, જે જઠર મોટું થવાના કારણે અને શક્તિની જરૂરિયાત વધવાના કારણે છે.

(2) મૂળભૂત પ્રતિક્રિયા, વલણો અધ્યયન નથી ઉદા. પ્રતિક્ષિપ્ત ક્રિયાઓ - પંતગિયાનું જ્યોતમાં બળી મરવું - પક્ષીએ માળો બાંધવો વગેરે.

(3) થાક, દવા અકસ્માતને કારણે ઉપસ્થિત થતી કામચલાઉ પરિસ્થિતિ એ અધ્યયન નથી.

## 10.5 અધ્યયન પ્રક્રિયાની લાક્ષણિકતાઓ

અધ્યયનની ભિન્ન વ્યાખ્યાઓ, પ્રકારો અને સ્વરૂપની ચર્ચાના આધારે અધ્યયનની નીચે પ્રમાણેની લાક્ષણિકતાઓ તારવી શકાય.

(1) અધ્યયન એ પ્રક્રિયા છે.

(2) અધ્યયન માટે અનુભવ કે તાલીમ જરૂરી છે.

(3) અધ્યયનની નીપજ માત્ર અવલોકી શકાય તેવાં વર્તનો જ નથી.

(4) જેનું અવલોકન થઈ શકે તેવી બાબતો જેમ કે; વલણો, લાગણીઓ તેમજ બૌદ્ધિક પ્રક્રિયાઓનું પણ અધ્યયન થઈ શકે છે.

(5) અધ્યયન એ વર્તનમાં સુધારો છે. એમ પણ કહી શકાય છે.

(6) વર્તનવાદીઓની દષ્ટિએ ટેવો - વર્તન કે વિચારની ખાસ રીતો એ અધ્યયન નીપજ છે.

(7) જ્ઞાનાત્મકવાદીઓની દષ્ટિએ અધ્યયન નીપજ, એ જ્ઞાનાત્મક સંરચનાઓ છે.

(8) જ્ઞાનાત્મક વિચારધારા અનુસાર અધ્યયન, એ સામાન્યથી વિશિષ્ટ તરફ કાર્ય કરવાની નિગમનાત્મક પ્રક્રિયા છે.

(9) વર્તનવાદી વિચારધારા અનુસાર અધ્યયન એ વિશિષ્ટથી સામાન્ય તરફ જવાની આગમનાત્મક પ્રક્રિયા છે.

(10) અધ્યયન પ્રક્રિયાના ચાર ઘટકો છેઃ-

**(1) અધ્યેતા :** અધ્યેતા સંવેદન અંગો ધરાવે છે. જેનાં દ્વારા તે ઉદ્દીપકને ગ્રહણ કરે છે, તે મગજ ધરાવે છે. જેના દ્વારા તે સંવેદનો મારફત આવતાં સંકેતોને અનેક સંકુલ રીતે રૂપાંતરિત કરે છે, તે સ્નાયુઓ ધરાવે છે કે જેની મદદથી તેણે જે શીખ્યું તેને વ્યક્ત કરે છે.

**(2) ઉદ્દીપક :** અધ્યેતાનાં સંવેદન અંગોને ઉદ્દીપ્ત કરે છે.

**(3) કાર્યશીલ સ્મૃતિ :** તે અધ્યેતાની સ્મૃતિમાંથી પ્રાપ્ત વસ્તુ છે. આ વિષયવસ્તુ પૂર્વ અધ્યયનમાંથી પરિણામેલું હોય છે અને તે સ્મૃતિમાં અસ્તિત્વ ધરાવતું હોય છે.

**(4) પ્રતિચાર :** આગળનાં ત્રણેય અને તેઓમાં આનુશષાંગિક રૂપાંતરોના પરિણામ સ્વરૂપ ક્રિયાને પ્રતિચાર કહેવામાં આવે છે.

## 10.6 અધ્યયન પર અસર કરતી લાક્ષણિકતાઓ

આ વિભાગમાં અધ્યયન પર અધ્યેતાનું પ્રત્યક્ષીકરણ, પ્રેરણા, પરિપકવ, અભિરુચિ અને અભિયોગ્યતા શી રીતે અસર કરે છે. તેની ચર્ચા કરવામાં આવે છે.

**(1) પ્રત્યક્ષીકરણ :**

દરેક વ્યક્તિ પોતાની આંખ, કાન, નાક, જીભ એમ ત્વચા અને પાંચ અંગો વડે વસ્તુના આકાર, કદ, રંગ વગેરેનું ભાન અનુભવે છે. આ અનુભવને સંવેદન કહેવામાં આવે છે. આ અંગો વડે વાતાવરણમાંના વિવિધ ઉદ્દીપકો કે આંતરક્રિયા ઉદ્દીપકો અંગેનો સંદેશો પહોંચે ત્યાં સુધીની પ્રક્રિયાને સંવેદન કહેવામાં આવે છે. મગજમાં આ સંદેશાના અર્થઘટનની ક્રિયા દ્વારા વસ્તુનું જ્ઞાન થાય છે. તેને પ્રત્યક્ષીકરણ કહેવામાં આવે છે. સંવેદન પ્રાથમિક અનુભવ છે. તેનાથી વસ્તુની હયાતી કે જુદાં જુદાં ગુણોનો ખ્યાલ આવે છે. આ બધા સંવેદનાનું અર્થઘટન થઈને, જે અર્થ આપવાની ક્રિયા થાય છે તેને પ્રત્યક્ષીકરણ કહેવામાં આવે છે. વ્યક્તિની આસપાસ થતાં અવાજો અંગે તેની જ્યારે અવાજ તરીકે નોંધ લે છે ત્યારે તેને અવાજનું સંવેદન થયું એમ કહેવામાં આવે પરંતુ જ્યારે આસપાસના થતાં અવાજોને "શાળામાં ઘંટનો અવાજ" 'ટ્રેનની વ્હીસલનો અવાજ' એમ અલગ-અલગ અવાજ તરીકે ઓળખી બતાવે ત્યારે પ્રત્યક્ષીકરણ થયું છે.

(1) અનેક સંવેદનોનો અનુભવ જુદો-જુદો થતો નથી, પરંતુ એક તરહ સ્વરૂપે સંગઠિત થઈને વસ્તુનું પ્રત્યક્ષીકરણ થાય છે.

(2) ઉદ્દીપકના સંદર્ભમાં સંવેદના, સંગઠન, અર્થઘટન, વિભિન્નકરણ વગેરે અનેક મુદ્દાઓ થતાં હોય છે, આથી તે જટિલ ક્રિયા છે.

પ્રત્યક્ષીકરણનો આધાર બે બાબતો વ્યકત થાય છે.

(1) ઉપસ્થિતિ

(2) વ્યક્તિનું માનસિક વલણ, તૈયારી અને અનુભવ, જે ઉદ્દીપકોનું યોગ્ય રીતે સંગઠન ન થાય કે તેને સ્વીકારવાની યોગ્ય માનસિક તૈયારી ન હોય તો, ઉદ્દીપકનું સાચું પ્રત્યક્ષીકરણ થવાને બદલે તેનો ભ્રમ ઉત્પન્ન થાય છે.

**2. પ્રત્યક્ષીકરણમાં સંગઠન :**

આપણને વસ્તુ કે પદાર્થનું યોગ્ય સ્વરૂપમાં જ્ઞાન થાય છે, તેનું કારણ એ છે કે તેમાં અનેક ભૌતિક ઉદ્દીપકોનું સંગઠન થાય છે. આ સંગઠનનો સિદ્ધાંત સમષ્ટિવાદીઓ એ રજૂ કર્યો છે. તે વિચારસરણી અનુસાર વ્યક્તિ વસ્તુને સમગ્ર રીતે જુએ ત્યારે પ્રત્યક્ષીકરણ થાય છે.

**3. પ્રત્યક્ષીકરણમાં સાતત્ય :**

શિક્ષણ, અનુભવ અને પરિસ્થિતિને કારણે વસ્તુને જુદી જુદી સ્થિતિમાં જુદી જુદી દિશાએથી જુદાં-જુદાં અંતરેથી કે જુદાં-જુદાં પ્રકાશ અને છાયામાં જોઈએ તો પણ, વસ્તુનો આકાર કદ કે રંગ અંગેનું પ્રત્યક્ષીકરણ બદલાતું નથી. પ્રત્યક્ષીકરણની આ વિશિષ્ટતાને પ્રત્યક્ષીગત સાતત્ય તરીકે ઓળખવામાં આવે છે.

આ દરેક સાતત્ય વસ્તુની પરિચિતતા અગત્યનો ભાગ ભજવે છે. વસ્તુને જુદે જુદે ખૂણેથી જોવામાં આવે છે. તેનો આકાર તેનું તેજ છે. એ રીતે દેખાવાના વલણને આકાર સાતત્ય કહે છે.

વસ્તુ જુદાં જુદાં અંતરે હોય તે પણ એના એજ કદનું પ્રત્યક્ષીકરણ કરવાના વલણને કદ સાતત્ય કહે છે. આકાશમાં ઊડતું એરોપ્લેન ચકલી જેવડું દેખાય છે. છતાં એના એજ કદમાં ન જોતા મૂળ કદમાં જોઈએ છીએ, પ્રકાશની જુદી જુદી તીવ્રતા કે જુદાં જુદાં રંગની પરિસ્થિતિમાં પદાર્થનો રંગ એના એજ રંગ તરીકે ઓળખવાના વલણને, રંગ સાતત્ય કહેવામાં આવે છે. દા.ત : કોલસો પ્રકાશમાં જોઈએ કે અંધારામાં જોઈએ તો પણ તે કાળો જ રંગનો દેખાય છે. ભૂરા રંગની મોટર જુદાં-જુદાં પ્રકાશમાં હોવાં છતાં તેનો માલિક મોટરનો રંગ ઓળખવાની ભૂલ કરતો નથી.

**(4) દૃષ્ટિ ભ્રમ :**

વ્યક્તિનાં પ્રત્યક્ષીકરણો જેટલા ચોક્કસ, સ્પષ્ટ અને વાસ્તવિક હોય તેટલું જ તેનું જ્ઞાન પણ ચોક્કસ અને વસ્તુનિષ્ઠ ગણાય. વ્યક્તિ જે જુએ છે તે માને છે, તેમ છતાં હકીકત એ છે કે વ્યક્તિના તમામ પ્રત્યક્ષીકરણો યથાર્થ હોતાં નથી. આને ભ્રમ કહેવામાં આવે છે. આવા ભ્રમો પૈકી દૃષ્ટિના ભ્રમનો અનુભવ માણસ અનેકવાર કરે છે.

દૃષ્ટિભ્રમ એ દૃશ્ય પદાર્થ કે દૃશ્ય ઉદ્દીપકના સંવેદનનું ખોટું અર્થઘટન છે. જ્યારે વસ્તુ, પદાર્થ કે વ્યક્તિનું તેને જ્ઞાન પર ચોક્કસ અને વસ્તુનિષ્ઠ ગણાય વ્યક્તિનાં બીજા સ્વરૂપ જોવામાં આવે તો તેમાં જે ગુણ ન હોય તો, તે ગુણોનું આરોપણ કરવામાં આવે છે.

**(5) પ્રત્યક્ષીકરણ પર અસર કરનારાં પરિબળો :**

વ્યક્તિની તેની સામે રજૂ થતાં ઉદ્દીપકો પૈકી કયા ઉદ્દીપકનું સાચું અને ઝડપથી પ્રત્યક્ષીકરણ કરાશે તેનો આધાર મુખ્ય ત્રણ પરિબળો ઉપર છે.

(1) પ્રત્યક્ષીકરણ સજ્જતા

(2) પ્રેરણ અને

(3) જાતીયતા

**(1) પ્રત્યક્ષીકરણ સજ્જતા :**

વ્યક્તિને જે માહિતી આપવામાં આવે છે, તેનું પ્રત્યક્ષીકરણ તે વ્યક્તિ, જે ઈચ્છે છે તેનાં સંદર્ભમાં કરે છે. એક જૂથને કહેવામાં આવ્યું કે તમને કેટલાંક પ્રાણીઓના નામ આપવામાં આવ્યાં છે તેમાં નીચે શબ્દો આપેલાં ઘડો, બાજરી, જુવાર, ચા શબ્દોનું પાત્રો ઘોડાં, બકરી, જાનવર તરીકે વાંચ્યાં. બીજા જૂથમાં સૂચના આપવામાં આવી છે કે તેમને અનાજના નામ આપવામાં આવે છે.

(2) પ્રેરણની અસર જ વ્યક્તિની જરૂરિયાતો અને તેનાં જીવન મૂલ્યોનો પ્રત્યક્ષીકરણ પર પ્રભાવ પડે છે. ભૂખ જાતીય વૃત્તિ, વાત્સલ્ય જેવી જરૂરિયાતો પ્રત્યક્ષીકરણ પર પ્રભાવ પડે છે. ભૂખ, જાતિયતા, વૃત્તિ, વાત્સલ્ય જેવી જરૂરિયાતો પ્રત્યક્ષીકરણ પર તીવ્ર અસર કરે છે.

(3) જાતીયતા : છોકરાઓ ત્રિપરિમાણ અનુભવો સહેલાઈથી ગ્રહણ કરે છે. આથી છોકરાઓની સિદ્ધિ ગણિત, વિજ્ઞાન, એન્જિનયરીંગ વગેરેમાં ઊંરી હોય છે. છોકરીઓ દ્વિપરિમાણ અનુભવો સહેલાઈથી ગ્રહણ કરે છે.

(4) શિક્ષક અને પ્રત્યક્ષીકરણ : વિદ્યાર્થીઓને વર્ગમાં શીખવતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં લેવા જોઈએ જેથી વિદ્યાર્થીઓમાં પ્રત્યક્ષીકરણ ઝડપી અને સાચું થાય છે.

(1) પ્રત્યક્ષીકરણ પૂર્વ અનુભવો પર આધાર રાખે છે. આથી શીખવવાની ત્યાંથી શરૂઆત કરવી જોઈએ કે જેની પહેલાનું જ્ઞાન તે યાદ કરી શકે. સ્પષ્ટ પ્રત્યક્ષીકરણ માટે ગોખણિયા અધ્યયનને બદલે સમજનું મહત્ત્વ વધારે છે. તેનાથી માહિતીને દીર્ઘ અવધિ સંગ્રહમાં લાંબા સમય સુધી જાળવી રાખવામાં મદદ મળે છે.

(2) માહિતી અપૂર્ણ કે અચોક્કસ હોય તો ખોટું પ્રત્યક્ષીકરણ થવાની શક્યતા છે. આથી દૃશ્ય, શ્રાવ્ય કે અન્ય માહિતી પૂરતા પ્રમાણમાં ઉચિત અને સ્પષ્ટ હોવી જોઈએ.

(3) જો સૂચનાઓ ગેરમાર્ગે દોરનારી હોય કે ધ્યાન બરાબર કેન્દ્રિત ન થયું હોય તો, ખોટું પ્રત્યક્ષીકરણ થાય. આથી જે બાબત શીખવવાની હોય તેના સંદર્ભમાં માહિતી આપવી જોઈએ અને તેનાં પર જ વિદ્યાર્થીનું ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

## 10.7 પ્રેરણા :

માણસો અનેક જાતની પ્રવૃત્તિઓમાં રચ્યાંપચ્યાં રહે છે. ભણવું, કામ ધંધો કરવો, પ્રેમ કરવો, લગ્ન કરવાં, શોધખોળ કરવી એવી અનેકવિધિ પ્રવૃત્તિઓ તે શા માટે હાથ ધરે છે.

વ્યક્તિ જે રીતે વર્તે છે તે રીતે વર્તવાનું કારણ શું ? આ જાતના પ્રશ્નો એ માનવ વર્તનના કારણ વિશેનાં પ્રશ્નો છે. આ કારણોનો અભ્યાસ મનોવિજ્ઞાનમાં પ્રેરણા તરીકે ઓળખવામાં આવે છે.

મનોવૈજ્ઞાનિકો એ સ્વીકાર્યું છે કે વ્યક્તિનું કોઈપણ વર્તન, કોઈપણ બળ વડે પ્રેરિત થયેલું છે. આથી પ્રેરિત વર્તન અંગે પાયાના પ્રશ્નોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

(1) ક્રિયાને શરૂ કરનાર પરિબળ કયું છે?

(2) આવી ક્રિયા કઈ દિશા લે છે અને શા માટે ?

(3) ક્રિયા કેટલી પ્રબળ છે ?

(4) શા માટે ક્રિયા બંધ પડે છે ?

પ્રેરણા સીધી રીતે જોઈ શકાતી નથી, તેથી પ્રેરણાઓ વિશેનો અભ્યાસ મુશ્કેલ બને છે. પ્રેરણાઓ અભ્યાસ મુશ્કેલ હોવા છતાં સૈદ્ધાંતિક જ્ઞાન અને વ્યવહારિક દૃષ્ટિએ અગત્યનો છે.

પ્રેરણા એ આંતરિક ઘટક છે. જે વ્યક્તિને ઉદ્દીપ્ત કરે છે, ઘેરે છે અને સંકલિત કરે છે, જેનું સીધું અવલોકન થઈ શકતું નથી. પરંતુ વર્તન પરથી તેના વિશે અનુમાન કરવું પડે છે. તેનો અભ્યાસ કરવાથી અન્યનાં વર્તનને સમજી શકાય છે, તેના ભાવિ વર્તન વિશે આગાહી કરી શકાય છે અને અન્યના વર્તનનું સંચાલન અને નિયંત્રણ કરી શકાય છે.

## 10.8 પ્રેરણા અંગેની વિવિધ વિચાર સરણીઓ :

અધ્યયનનો સંબંધ વર્તનના ફેરફારો કે સુધારા સાથે છે. આથી વર્તનને પ્રેરનારાં તમામ પરિબળો સાથે અધ્યયનને ગાઢ સંબંધ છે. આવા પરિબળો અંગે જુદાં-જુદાં સિદ્ધાંતો પ્રચલિત થાય છે. આ સિદ્ધાંતો પૈકી નીચેના ત્રણ સિદ્ધાંતો અંગે ટૂંકી ચર્ચા કરીશું.

(1) હેતુલક્ષી સિદ્ધાંતો

(2) જરૂરિયાતલક્ષી સિદ્ધાંતો

(3) બોધાત્મક સિદ્ધાંતો

**(1) હેતુલક્ષી સિદ્ધાંતો :**

મેગ્ડુગલના મતે પ્રાણીની કોઈપણ પ્રવૃત્તિ હેતુલક્ષી હોય છે. તે માને છે કે મનુષ્યના વર્તનનું કારણ કેટલીક કુદરતી પ્રવૃત્તિઓ છે. આવી પ્રવૃત્તિઓ જન્મજાત છે. અથવા આનુવંશિક છે. આ વૃત્તિઓ તેને અમુક વર્ગની વસ્તુઓ કે વ્યક્તિઓને જોવા અને તેનાં પ્રત્યે અમુક ક્રિયા કરવાથી આવેગ ઉત્પન્ન કરે છે. જેના પરિણામે તે અમુક વિશિષ્ટ પ્રકારનું વર્તન કરે છે. આ વૃત્તિઓમાં ક્ષુધાવૃત્તિ, લિંગવૃતિ, ભયવૃત્તિ, કુતૂહલ વત્તિ, સંગ્રહવૃત્તિ વગેરેનો સમાવેશ થાય છે.

**(2) જરૂરિયાતલક્ષી સિદ્ધાંતો મરે (1938) :**

જરૂરિયાતના બે જૂથો રજૂ કર્યા છે (1) શારીરિક જરૂરિયાત (2) માનસિક જેમાં બાવીસ માનસિક કે સામાજિક જરૂરિયાતોની યાદી બનાવી છે. તેમાં સિદ્ધિ માટેની જરૂરિયાત પ્રેમ માટેની જરૂરિયાત, આક્રમક્તાની જરૂરિયાત, પ્રભુત્વ માટેની જરૂરિયાત, રમત અને સમજ મુખ્ય છે. આ જરૂરિયાતો શીખી શકાય છે. અને સંસ્કૃતિ પ્રમાણે તેમાં ભિન્નતા હોય છે. મરેના વિચારો અનુસાર જરૂરિયાત એ પ્રત્યક્ષીકરણ અને ક્રિયા પર અસર કરનારું એવું પરિબળ છે કે જેનાથી પ્રવર્તમાન સંતોષકારક કે અસંતોષકારક પરિસ્થિતિ બદલાય છે. અર્થાત્ જરૂરિયાત એ વ્યક્તિનાં વર્તનને પ્રેરનારું પરિબળ છે.

**કેટલે બે પ્રકાર પાડયા છે.**

(1) મૂળગત પ્રેરણામાં વ્યય, આત્મરતિૂ આક્રમકતા

(2) પ્રાપ્ત પ્રેરણા : સ્વ-મૂલ્યાંકન, કારકિર્દીમાં

માતૃ-પિતૃભાવ વગેરેનો સમાવેશ થાય છે.

**મોસ્લોએ :**

જરૂરિયાતના સંતોષ પર આધારિત પ્રેરણ સિદ્ધાંત રજૂ કર્યો છે. તે જણાવે છે કે જ્યારે નીચલી કક્ષાની જરૂરિયોત સંતોષાય છે, ત્યારે ઉચ્ચ કક્ષાની જરૂરિયાતો ઉદ્ભવે છે.

તેણે સાત જરૂરિયાતો : શારીરિક સલામતિ, પ્રેમ, પ્રભુત્વ, આત્મા-સાર્થક્ય ઉદ્ભવે છે. સૌંદર્યાત્મક રજૂ કરે છે. પ્રથમ ચાર જરૂરિયાતો ઉણપ જરૂરિયાતો છે માણસ તે દરેક ઉણપને પરિપૂર્ણ કરવાં વર્તન કરે છે.

**મોસ્લો :**

મોસ્લોની દષ્ટ્રિએ દરેક જરૂરિયાત સ્વ વિકાસની દિશામાં પ્રગતિનું સોપાન છે. અર્થાત્ જરૂરિયાતોની શ્રેણી છે. બીજી જરૂરિયાતો પ્રેરક ત્યારે જ બને જ્યારે પ્રથમ જરૂરિયાત સંતોષાય. જ્યાં સુધી વ્યક્તિની શારીરિક જરૂરિયાત ન સંતોષાય ત્યાં સુધી તે સલામતી માટે પ્રત્યન કરશે નહીં. આથી શિક્ષક વિદ્યાર્થીને, પ્રથમ તેની ઉણપ જરૂરિયાતો સંતોષવામાં મદદ કરશે.

**હોપે (1930) :**

પોતાનાં અભ્યાસનાં પરિણામો પરથી જોયું કે જ્યારે કોઈ વ્યક્તિ સફળતા મેળવે છે, ત્યારે તેનું આકાંક્ષાનું સ્તર ઊંચું જાય છે અને નિષ્ફળતા મેળવે, ત્યારે તેનું આકાંક્ષાનુ સ્તર નીચું જાય છે. આ પ્રકારનો ફેરફાર વ્યક્તિને સતત નિષ્ફળતાઓ કે તદ્ન સરળ સિદ્ધિ અનુભવોથી રક્ષણ આપે છે. સામાન્ય રીતે વ્યક્તિ, આકાંક્ષા એવું સ્તર પસંદ કરે છે. જે મહત્તમ કક્ષાએ સિદ્ધિ પ્રાપ્ત કરવા અને નિષ્ફળતા સાથે જોડાયેલી નિરાશાને ટાળવાના વલણને સમતોલ કરે છે.

**મેકલેલેન્ડ :**

સાથે કામ કરનાર આટકિન્સન માને છે કે કેટલાંક લોકો સફળતા તરફ અભિમુખ હોય છે જ્યારે અન્ય નિષ્ફળતાની ચિંતાની  ઊંચી માત્રા ધરાવે છે  તે વધુમાં જણાવે છે કે સફળતા પ્રતિ

અભિમુખ વ્યક્તિઓ પોતાનાં ધ્યેયો મહત્તમ કક્ષાનાં નક્કી કરે છે. જ્યારે નિષ્ફળતાની ચિંતા ઊંચુ માત્રાવાળા લોકો ખૂબ ઉચું કે ખૂબ નીચું ધ્યેય નક્કી કરે છે. કોઈપણ ધ્યેયની સિદ્ધિની આકર્ષકતા નિષ્ફળતા ટાળવાના વલણને વિકસાવે છે.

આટકિન્સનના વિચારોનો સીધો શૈક્ષણિક ફલિતાર્થ એ છે કે, સફળતા વિદ્યાર્થીને વાસ્તવિક અને ચોક્કસ ધ્યેય નક્કી કરવામાં મદદ કરે છે. બીજી તરફ વારંવારની નિષ્ફિળતા, વિદ્યાર્થીને અવાસ્તવિક ઊંચું કે અવાસ્તવિક નીચું ધ્યેય નક્કી કરવા પ્રેરે છે.

**બોધાત્મક સિદ્ધાંતો :**

હેતુલક્ષી સિદ્ધાંતો અને જરૂરિયાતલક્ષી સિદ્ધાંતો ને નિષ્ક્રિય માને છે. તે કુદરતે કરેલી યોગ્યતાને જીવાડવાની યોજનામાં પ્રેરક તરીકે છે. તેવું માનીને પ્રેરણાની સમજૂતી આપવામાં આવી છે. જ્યારે બોધાત્મકવાદીઓ માને છે કે માનવીની વિચારવાળી શક્તિ વ્યક્તિનાં વર્તનો પર મોટી અસર કરે છે. વ્યક્તિની પોતા સાથે શું થઈ રહ્યું છે? તે અંગેની જાગૃતિ એની એજ પરિસ્થિતિમાં બીજી વખતના વર્તન, પ્રવર્તમાન પ્રેરણા અને ભાવિ પ્રેરણાઓ પર પર્યાવરણની માહિતી પ્રત્યક્ષીકરણ, અર્થઘટન, પસંદગી, સંગ્રહ, ઉપયોગ જેવી વિશિષ્ટ પ્રક્રિયાની અસર થાય છે.

**ચાન્દલર અને સ્પાઈઝ (1984) :**

જણાવે છે કે લોકો પોતાની સફળતા કે નિષ્ફળતા સ્પષ્ટ કરવા નીચેના સાત સ્પષ્ટીકરણો પૈકી કોઈ એકનો ઉપયોગ કરે છે.

(1) ક્ષમતા (Ability)

(2) પ્રયત્ન (Effort)

(3) મનોદશા (Mood)

(4) કાર્યની કઠિનતા (Difficulty of task)

(5) શિક્ષક પૂર્વગ્રહ (Teacher bias)

(6) નસીબ (Luck)

(7) અન્ય દ્વારા અસાધારણ મદદ (Unusal help from others)

ઉદા. તરીકે જો કોઈ વિદ્યાર્થી પરીક્ષામાં નાપાસ થાય તો તેની નિષ્ફળતા માટે સ્પષ્ટીકરણ કરતાં જણાવે છે 'વાંચ્યુ ન હતું', (પ્રયત્નનો અભાવ) 'કસોટી અઘરી' હતી. (કાર્યની કઠિનતા) વાંચ્યું હતું તેમાંથી કશું ન પૂછ્યું (નસીબ), શિક્ષકે જાણી જોઈને માર્કસ ન આપ્યાં. (શિક્ષક પૂર્વગ્રહ) મને ગણિત આવડતું નથી. (ક્ષમતાનો અભાવ)

આજ પ્રમાણે સફળ થનાર વ્યક્તિ પણ આ સાત પ્રકરના સ્પષ્ટીકરણોની સફળતાને અનુરૂપ આપે છે.

ઉદા. મને અંગ્રેજી ખૂબ જ સારુ આવડે છે 'મેં ખૂબ જ મહેનત કરી હતી.'

આ રીતે વિદ્યાર્થી પોતાની રીતે, જે સ્પષ્ટીકરણ આપે છે તેના આધારે તેના નિયંત્રણનો ખ્યાલ આવે છે.

ચેટ્રર 1966 - ના મતે બે પ્રકાર છે.

**(1) બાહ્ય નિયંત્રણ :** બાહ્ય નિયંત્રણ સ્રોત ધરાવનાર વિદ્યાર્થી, તેની સફળતા કે નિષ્ફળતા, કાર્યની કઠિનતા, નસીબ, શક્તિનો, અભાવ, મનોદશા, પૂર્વગ્રહ અને અસાધારણ મદદ વડે નિયંત્રિત છે તેવું માને છે.

**(2) આંતરિક નિયંત્રણ :** જે વિદ્યાર્થીઓમાં આંતરિક નિયંત્રણ સ્રોત હોય, તે વિદ્યાર્થી પોતાની સફળતા માટે પોતાની શક્તિ અને પ્રયત્નોને જવાબદાર ગણે છે.

સફળતા શોધનારાં વિદ્યાર્થીઓ હંમેશાં આત્મવિશ્વાસ ધરાવતાં હોય છે. પ્રબળ સિદ્ધિ, પ્રેરણા

અને આંતરિક નિયંત્રિત સ્રોત ધરાવે છે. તેઓ પોતાની શક્તિ અંગે જાગૃત હોય છે. તેઓ જ્યારે નિષ્ફળતા મળે ત્યારે માને છે કે તે કાર્ય માટે જૅરૂરી શક્તિ અંગે પોતાનો અંદાજ ખોટો હતો.

નિષ્ફળતાથી દૂર રહેનારામાં આત્મવિશ્વાસ ઓછો હોય છે. તેમનો નિયંત્રણ સ્રોત બાહ્ય હોય છે. તેમનામાં આંતરિક પ્રેરણા હોતી નથી. તેઓ બાહ્ય પ્રેરણા પર ધ્યાન રાખે છે. તેઓ નિષ્ફળતાને પોતાની શક્તિની ઉણપનાં સંકેત તરીકે જુએ છે. તેઓ તેની સફળતા માટે નસીબ કે કાર્યની સરળતાને જવાબદાર માને છે.

**10.9 શિક્ષક અને પ્રેરણ : શિક્ષક પ્રેરણ અંગેનાં, પોતાના જ્ઞાનનો, શિક્ષણ કાર્યમાં ઉપયોગ નીચેના સંદર્ભમાં કરી શકે છે.**

(1) વિદ્યાર્થીઓની ઉણપ, જરૂરિયાતો સંતોષવા મદદ કરે. વિદ્યાર્થીઓને જરૂરી તમામ ભૌતિક સુવિધાઓ પ્રાપ્ત થાય. શાળામાં સલામતીની લાગણી અનુભવે. પોતાના વિષયમાં તે પ્રભુત્વ મેળવે અને વિદ્યાર્થીઓમાં પરસ્પર ભાઈચારાની લાગણી વિકસે તે માટે જરૂરી પર્યાવરણ અને તકો પુરી પાડવી.

(2) આકર્ષક અને અર્થપૂર્ણ અધ્યયન પ્રવૃત્તિઓનું આયોજન કરે જેથી પોતાની શક્તિને અનુરૂપ અધ્યયન પ્રવૃત્તિ પસંદ કરે, તેનાં પરિણામે તેની આત્મ શક્તિને અનુરૂપ, અધ્યયન પ્રવૃત્તિ પસંદ કરે, તેનાં પરિણામે તેની આત્મ સાર્થકતાની જરૂરિયાત, જ્ઞાન અને સમજની જરૂરિયાત અને સૌંદર્યાત્મક સંતોષાય.

(3) વિદ્યાર્થી પોતે સફળતા મેળવી શકે તેવી પ્રવૃત્તિઓ અને સ્વાધ્યાયો આપી તેની સિદ્ધિ બદલ ચોક્કસ વિશિષ્ટ અને વ્યક્તિગત પ્રતિપુષ્ટિ આપવામાં આવે. જેથી તે પોતાનું માન વિકસાવે.

(4) તંદુરસ્ત હરીફાઈ માટે તક આપો.

(5) વિદ્યાર્થીની અભિરૂચિનો ઉપયોગ કરો, અભિરૂચિ પ્રેરણનું અસરકારક સ્રોત છે. શિક્ષક સિદ્ધિ માટે, પ્રેરણાની તીવ્રતા વધારવા રસનો ઉપયોગ કરી શકે છે.

(6) વારંવારની નિષ્ફળતાને કારણે વિદ્યાર્થી પોતાની શક્તિનો સાચો અંદાજ બાંધી શકતો નથી, સ્વાભાવિક છે કે જો વિદ્યાર્થીને ખબર ન હોય તો પોતે કયું કાર્ય કરી શકે તેમ છે, જોતે પોતાનું વાસ્તવિક ધ્યેય નક્કી ન કરી શકેતો આ મનોવૈજ્ઞાનિક કસોટીનો ઉપયોગ કરીને કે વિવિધ કાર્યોમાં ભાગ લેવાની તક આપીને તેમને, વાસ્તવિક શક્તિનો ખ્યાલ આપી અને તેને અનુરૂપ માર્ગદર્શન આપવું.

**10.10 પરિપક્વન :**

માનવ વર્તનોમાં જે ફેરફારો આવે છે તે બાહ્ય અને આંતરિક પરિબળો વચ્ચેની આંતરક્રિયાનું પરિણામ છે. બાહ્ય બળોમાં મુખ્યત્વે અધ્યયનનો સમાવેશ થાય છે અને આંતરિક બળોમાં પરિપક્વતા મુખ્ય છે. અધ્યયન એ પર્યાવરણજન્ય છે.

આથી અધ્યયન અનુભવનાં પરિણામે નીપજે છે. અધ્યયન જીવન પર્યંત ચાલતું રહે છે. પરિપક્વન અને બાહ્ય બળોથી નિષ્પેક્ષ કોઈપણ જાતની, અનુભવ કે મહાવરા વગર, કુદરતી કે સાહજિક રીતે વર્તનમાં થતા ફેરફારો સાથે સંબંધ ધરાવે છે. વ્યક્તિ અનુભવ અને મહાવરાથી ઘણું શીખે છે. છતાં વ્યક્તિ એવા ઘણાં વર્તનો કરવા શક્તિમાન બને છે. જેના માટે તેને કોઈ અનુભવ આપવામાં નથી આવતો દા.ત. બાળક (6) માસ બાદ જ બેસી શકે છે. (15) માસ બાદ જ વ્યવસ્થિત સ્વતંત્ર રીતે સીધું ઊભા ઉભા ચાલી શકે છે. તેનાથી વહેલું તે ક્રિયાઓ કરી શકતું નથી. કારણકે શરીરનાં અવયવો, સ્નાયુઓ અને ચેતાતંત્રમાં આવશ્યક તૈયારી થાય, ત્યારે જ બાળક સાહજિક રીતે આ ક્રિયાઓ કરી શકે છે.

## 10.11 પરિપકવન અને તાલીમ અંગેના વિવિધ અભ્યાસો પરથી નીચેના તારણો સ્પષ્ટ થાય છેઃ

(1) જીવનની પાયાની આવડતોના વિકાસમાં પરિપક્વતાની પ્રક્રિયા મુખ્ય ફાળો આપે છે.

(2) ઉંમર વધવા સાથે શારીરિક, માનસિક, સાંવેગિક અને સામાજિક પરિપક્વન પ્રાપ્ત થાય છે.

(3) દરેક લક્ષણ માટે, તેનો પરિપક્વતા સમય નિશ્ચિત હોય છે.

(4) પરિપક્વન વૈયક્તિક ભિન્ન રીતે હોય છે.

(5) શીખવા માટેની પરિપક્વતા પ્રાપ્ત થયેલી હોય છે, તે સમયે શીખવામાં આવે છે. તો શિક્ષણ અને તાલીમની પ્રક્રિયા સરળ અને સુગમ બને છે.

(6) શીખવા માટેની પરિપક્વતા પ્રાપ્ત થયેલી ન હોય ત્યારે તાલીમ આપવામાં આવે તો તે નિરર્થક નીવડે છે અને કેટલીક વાર તેની વિપરીત અસર પડે છે.

(7) શીખવા માટેની તત્પરતાનો સમય વીતી જાય તે પછી જો તાલીમ આપવામાં આવે તો તાલીમનો પુરતો લાભ મળતો નથી.

(8) દરેક બાળક કેટલા પ્રમાણમાં ક્યારે કેવા પ્રકારની પુખ્તતા પ્રાપ્ત કરશે, તે આનુવંશિકતા દ્વારા નિશ્ચિત થઈ ચુકેલ હોય છે. પુખ્તતાની આ સીમાઓને તાલીમ કે શિક્ષણ દ્વારા વટાવી શકાતી નથી.

## 10.12 અભિરુચિ : જરસીલ્ડ અને ટાયે (1949) :

ન્યૂયોર્ક શહેરનાં 1 થી 12 ધોરણનાં બાળકોની અભિરુચિનો અભ્યાસ કર્યો હતો. તેમાં જોવા મળ્યું કે વિદ્યાર્થી જેમ ઉપલા ધોરણમાં જાય છે, તેમ રમતો પ્રત્યેની તેની અભિરુચિ વધે છે. જ્યારે અંકગણિત અને ભાષા પ્રત્યેની અભિરુચિમાં ઘટાડો થાય છે. કુદરત અને વિજ્ઞાન પ્રત્યે છોકરાઓની રુચિ વધતી જોવા મળે છે.

અભિરુચિ અને સિદ્ધિ વચ્ચે ઘન સંબંધ જોવા મળે છે અર્થાત જે વિષયમાં વિદ્યાર્થી વધુ રસ ધરાવે છે, તે વિષયમાં તેની સિદ્ધિ ઊંચી જોવા મળે છે. વિદ્યાર્થીઓની અભિરુચિ, તેઓની પ્રવૃતિ સાથે સંબંધિત છે. જ્યારે વિદ્યાર્થીને વિવિધ પ્રવૃત્તિઓમાંથી કોઈ એકની પસંદગી કરવાની છૂટ આપવામાં આવે ત્યારે તેઓ જે પ્રવૃત્તિ પસંદ કરે છે, જેમાં તેને રસ હોય. આથી શિક્ષકની મુખ્ય ફરજ એ છે કે ચોક્કસ વિષય કે વિષય સંબંધિત પ્રવૃત્તિમાં, વિદ્યાર્થીનો રસ કેળવાય અને જળવાય તે માટે મદદ કરવી.

## 10.13 અભિયોગ્યતા :

અભિયોગ્યતાઓ લક્ષણોને સમૂહ છે કે જે વિદ્યાર્થી અમુક વિશિષ્ટ બાબત જેવી કે અમુક ભાષા શીખવી, સંગીતકાર બનવું કે યાંત્રિક કાર્ય કરવું, એમાં તાલીમ મેળવતા વિશિષ્ટ જ્ઞાન કૌશલ્યો કે વ્યવસ્થિત પ્રતિચાર આપવાનું શીખવાની ક્ષમતા ધરાવે છે તેનો નિર્દેશ કરે છે.

- અભિયોગ્યતાના લક્ષણો આ પ્રમાણે છે :

(1) અભિયોગ્યતા એ અત્યારની સ્થિતિ કે ક્ષમતા છે.

(2) અભિયોગ્યતા એ કૌશલ્ય કે નૈપુણ્ય નથી.

(3) અભિયોગ્યતા એ વ્યક્તિની મૂળભૂત શક્તિ છે.

(4) થર્સ્ટને સાત પ્રાથમિક માનસિક ક્ષમતાઓની યાદી આપી છે. જેમાં ભાષા, સમજ, ભાષા તરલતા, એક શક્તિ, અવકાશ સંબંધ પ્રત્યક્ષીકરણની ઝડપ, જોડાણયુક્ત સ્મૃતિ અને નિગમનાત્મક તર્કનો સમાવેશ થાય છે.

(5) ગિલ્ફર્ડે 120 અતિશક્તિઓની વિગતો આપી છે.

વિદ્યાર્થીઓમાં જે અભિયોગ્યતા શ્રેષ્ઠ હોય તેને અનુરૂપ કાર્યમાં શ્રેષ્ઠ સિદ્ધિ મેળવી શકે છે.

વિવિધ અભિયોગ્યતા કસોટીઓ પરના પ્રાપ્તાંકો અને વિવિધ વિષયો પરનાં પ્રાપ્તાંકો વચ્ચે ઉચ્ચ સહસંબંધાંક જોવા મળે છે.

આથી શિક્ષકે વિદ્યાર્થીઓની અભિયોગ્યતાનું માપ શક્ય તેટલા વહેલા કરી, તેઓની અભિયોગ્યતાને ઓળખી તેને અનુરૂપ વિષય પસંદગી અને પ્રવૃત્તિઓ આપવી જોઈએ.

**10.14 સારાંશ :**

(1) અધ્યયન એ વ્યક્તિની અભિરૂપાત્મક સંરચના અને વર્તનમાં ફેરફાર છે.

(2) અર્થપૂર્ણ શોધ અધ્યયન એ અધ્યયન પ્રક્રિયાનું શ્રેષ્ઠ સ્વરૂપ છે.

(3) અધ્યયન પ્રક્રિયાના ચાર ઘટકો છે. (1) અધ્યેતા (2) ઉદ્દીપક (3) કાર્યશીલ સ્મૃતિ (4) પ્રતિચાર

(4) વિદ્યાર્થીઓમાં જે અભિયોગ્યતા શ્રેષ્ઠ હોય તેને અનુરૂપ કાર્યમાં વિદ્યાર્થી શ્રેષ્ઠ સિદ્ધિ મેળવી શકે છે.

(5) અભિરુચિ અને સિદ્ધિ વચ્ચે સંબંધ જોવા મળે છે.

**10.15 તમારી પ્રગતિ ચકાસો :**

પ્ર.1 'પ્રેરણ' અંગેના જ્ઞાનનો તમે વર્ગખંડમાં શી રીતે ઉપયોગ કરશો ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**10.16 નિબંધ પ્રકારના પ્રશ્નો (ઉત્તરોના મુદ્દા સાથે)**

પ્ર.1 અધ્યયન પર અસર કરતી અધ્યેતાની લાક્ષણિકતાઓ જણાવો.

મુદ્દા (1) પ્રત્યક્ષીકરણ

(2) પ્રત્યક્ષીકરણમાં સંગઠન

(3) પ્રત્યક્ષીકરણમાં સાતત્ય

(4) દૃષ્ટિભ્રમ

(5) પ્રત્યક્ષીકરણ પર અસર કરતાં પરિબળો

(6) શિક્ષક અને પ્રત્યક્ષીકરણ

પ્ર.2 પ્રેરણ અંગેની વિવિધ વિચારસરણીઓ જણાવો.

મુદ્દા (1) હેતુલક્ષી સિદ્ધાંતો

(2) જરૂરિયાતલક્ષી સિદ્ધાંતો

(3) બોધાત્મક સિદ્ધાંતો

(4) મરે (1938)

(5) કેટલે

(6) મોસ્લોએ

(7) હોપે (1930)

(8) બોધાત્મક સિદ્ધાંતો

(9) ચાન્દલર અને સ્પાઈઝ (1984)

ટૂંકાં પ્રશ્નો

પ્ર.1 પરિપક્વન એટલે શું ?

પ્ર.2 અધ્યયન અને પ્રત્યક્ષીકરણ વચ્ચેનો સંબંધ વર્ણવો.

**અતિ ટૂંકા પ્રશ્નો**

પ્ર.1 પ્રત્યક્ષીકરણ અસર કરતાં બે પરિબળો જણાવો.

પ્ર.2 અધ્યયન પ્રક્રિયાના બે ઘટકો જણાવો.

**હેતુલક્ષી પ્રશ્નો**

પ્ર.1 દૃષ્ટિ ભ્રમ એટલેઃ-

(A) દૃશ્ય ઉદ્દીપકનું ન દેખાવું (B) દૃશ્ય ઉદ્દીપકનું સંવેદન ખોટું અર્થઘટન

(C) દૃશ્ય ઉદ્દીપકની ગેરહાજરી (D) બે દૃશ્ય ઉદ્દીપકો વચ્ચેનો ભેદબોધ

પ્ર.2 સફળતાન શોધનાર વિદ્યાર્થીઓ

(A) બાહ્ય પ્રેરણ પર આધાર રાખે છે.

(B) નિષ્ફળતાને પોતાની શક્તિની ઉણપના સંકેત તરીકે જુએ છે

(C) જ્યારે નિષ્ફળતા મળે ત્યારે એવું વિચારે છે કે વધારે પ્રયત્નની જરૂર છે.

(D) સફળતા માટે કાર્યની સરળતાને જવાબદાર માને છે.

## 10.17 સ્વાધ્યાય

પ્ર.1 વિદ્યાર્થીઓની અભિયોગ્યતા અંગેનું જ્ઞાન, શિક્ષકને શી રીતે મદદરૂપ બને છે ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

એકમ 11

# જૂથની લાક્ષણિકતાઓ

## : રૂપરેખા :

11.1 ઉદ્દેશ્યો

11.2 એકમના પારિભાષિક શબ્દો

11.3 પ્રસ્તાવના

11.4 જૂથની સંકલ્પના વ્યાખ્યા

11.5 જૂથના પ્રકારો

11.6 વર્ગખંડ એક જૂથ તરીકે

11.7 જૂથ સંચાલનની સંકલ્પના

11.8 જૂથ આંતરક્રિયા

11.9 વર્ગખંડ જૂથ આંતરક્રિયાને પ્રોત્સાહન

11.10 નેતાગીરીનો વિકાસ

11.11 ઘરનું વાતાવરણ

11.12 જાતીયતા

11.13 સારાંશ

11.14 તમારી પ્રગતિ ચકાસો

11.15 નિબંધ પ્રકારના પ્રશ્ના ના ઉત્તરો મુદ્દા સાથે

11.16 સ્વાધ્યાય

## 11.1 ઉદ્દેશ્યો :

- જૂથની સંકલ્પના સમજાવી શકશો.
- જૂથની લાક્ષણિકતાઓ વર્ણવી શકશો.
- જૂથની સંચાલનની સંકલ્પના સ્પષ્ટ કરી શકશો.
- જૂથ આંતરક્રિયાને પ્રોત્સાહન આપવાના માર્ગો સૂચવી શકશો.
- વિદ્યાર્થીઓમાં નેતાગીરી વિકસાવવાના ઉપાયો સૂચવી શકશો.

## 11.2 એકમના પારિભાષિક શબ્દો

(1) જૂથ - માણસોનું ટોળું

(2) જૂથ સંચાલન - સામાજિક મનોવિજ્ઞાન

(3) નેતૃત્વ - એક કૌશલ્ય.

## 11.3 પ્રસ્તાવના :

સામાજિક મનોવિજ્ઞાને વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયા પર વર્ગખંડનું બંધારણ, વર્ગખંડનું જૂથ સંચાલન અને આંતરક્રિયાની અસરનો સ્વીકાર કર્યો છે. આથી શિક્ષકે પોતાના શિક્ષણકાર્યનું આયોજન કરવામાં પોતાનાં વર્ગખંડમાં, બંધારણને ધ્યાનમાં લેવું. પ્રસ્તુત એકમમાં જૂથની સંકલ્પના, જૂથના પ્રકારો, જૂથ તરીકે વર્ગખંડનું બંધારણ, જૂથ સંચાલન અને વર્ગમાં થતી આંતરક્રિયાની ચર્ચા

કરવામાં આવી છે. તેમજ વર્ગખંડમાં આંતરક્રિયા વધારવા અને વિદ્યાર્થીઓમાં નેતાગીરી વિકસાવવા કઈ બાબતો ધ્યાનમાં લેવી જોઈએ તેની ચર્ચા કરે છે.

## 11.4 જૂથની સંકલ્પના : વ્યાખ્યા

જૂથ બે કે બેથી વધુ વ્યક્તિઓનું બનેલું એક એવું સામાજિક એકમ છે કે. જે ચોક્કસ હેતુઓ માટે આંતરક્રિયા કરે છે.

(1) એકથી વધુ વ્યક્તિ હોય

(2) જૂથનાં સભ્યો ચોક્કસ હેતુઓ માટે જોડાયા હોય જૂથના સભ્યોનો રસ સમાન હોય.

(3) જૂથનાં સભ્યો વચ્ચે આંતરક્રિયા થતી હોય.

(4) તેઓ પોતાને એક જૂથ તરીકે જોતાં હોય.

(5) પ્રત્યેક સભ્યની વ્યક્તિગત જરૂરિયાત સંતોષાતી હોય.

(6) સભ્યો વચ્ચે પરસ્પર આંતર આધારિતતા હોય છે.

વ્યક્તિઓ માત્ર ભૌતિક રીતે સાથે હોય તેનાથી જૂથ બનતું નથી, ત્યારે માણસોનું ટોળું બને છે. ટોળામાં એકથી વધુ વ્યક્તિઓ હોય છે. પરંતુ એવું બને છે કે, તેમાં નવી બે વ્યક્તિઓ પરસ્પર ઓળખાતી ન હોય.

**શેઈ - 1965 મનોવૈજ્ઞાનિક જૂથની વ્યાખ્યાઓ**

(1) તેઓની વચ્ચે આંતરક્રિયા થતી હોય

(2) તેઓ મનોવૈજ્ઞાનિક રીતે એકબીજાંથી સભાન હોય

(3) તેઓ પોતાને એક જૂથ તરીકે જોતાં હોય કુટુંબ, વર્ગ, શાળા, ગામ વગેરે. જૂથનાં ઉદાહરણો છે.

**જૂથની લાક્ષણિકતાઓ :**

(1) તેમાં બે કે વધુ સંખ્યા હોય છે.

(2) તેઓ એકબીજાથી પરિચિત હોય છે.

(3) તેઓ કોઈ ખાસ કારણથી પરસ્પર સંકળાયેલાં છે.

(4) તેઓનો રસ સમાન હોય છે.

(5) તેઓની વચ્ચે આંતરક્રિયા થતી હોય છે.

(6) તેમાં પ્રત્યેક સભ્યની જરૂરિયાત સંતોષાતી હોય છે.

(7) સભ્યો વચ્ચે પરસ્પર આંતર આધારિતતા હોય છે.

(8) જૂથ ગતિશીલ હોય છે.

(9) જૂથ પરિવર્તનશીલ હોય છે.

(10) સભ્યો વચ્ચેના સંબંધમાં સતત અનુકૂલન થતું રહે છે.

## 11.5 જૂથના પ્રકારો :

સામાજિક એકમ તરીકે અનેક પ્રકારના જૂથો રચાયાં છે.

**(1) પ્રાથમિક અને ગૌણ જૂથો :**

સભ્યો વચ્ચેની આત્મીયતાની કક્ષાને આધારે જૂથોના બે પ્રકારો પાડવામાં આવે છે. આપણું કુટુંબ, નજીકના મિત્રો, બાળકોનાં રમતનાં જૂથો વગેરે પ્રાથમિક જૂથનાં ઉદાહરણો છે. આવાં જૂથોમાં વ્યક્તિ વ્યક્તિ વચ્ચે આત્મીયતાનું પ્રમાણ વધુ હોય છે. એકબીજાંની શક્તિઓ મર્યાદાઓ અને સંયોગોથી માહિતીગાર થાય છે. આ જૂથોમાં જૂથનું સંચાલન આપણાપણાની ભાવનાથી થાય છે.

ગૌણ જૂથો શૈક્ષણિક, સામાજિક અથવા વ્યાવસાયલક્ષી ધ્યેય સિદ્ધ કરવા રચાયાં હોય છે. પ્રાથમિક જૂથો સ્વભાવિક ક્રમમાં રચાયાં છે. ગૌણ જૂથો ચોક્કસ કાર્યવાહી અને બંધારણના માળખા પ્રમાણે રચવામાં આવે છે. રાજકીય પાર્ટી, ધાર્મિક સંગઠનો, વ્યવસાય જૂથો વગેરે ગૌણ જૂથોનાં ઉદાહરણો છે.

**(2) સામાજિક અને મનોવૈજ્ઞાનિક જૂથો :**

આ બન્ને જૂથો તેમનાં મુખ્ય ધ્યેયના આધારે જુદાં પડે છે. સામાજિક જૂથોમાં હેતુ મહદ્અંશે પરલક્ષી કે બિનઅંગત હોય છે. ઉદા. તરીકે શાળામાં વાર્ષિક અંક તૈયાર કરવા રચવામાં આવેલ સમિતિનાં સભ્યો અહીં સભ્યો. કોઈ ચોક્કસ હેતુઓ કે સમસ્યાઓ સંબંધિત કામ કરવા માટે એકઠા થયેલાં હોય છે. આ જૂથો પરસ્પર વૈયક્તિક સંબંધોથી રચાય છે. ઉદા. તરીકે શાળામાં વિશ્રાંતિનાં સમયે નાસ્તો કરવા એકઠી થતી બાળાઓનું જૂથ, મનોવૈજ્ઞાનિક જૂથ છે.

**(3) ઔપચારિક અને અનૌપચારિક જૂથો :**

ઔપચારિક જૂથોનું બંધારણ પ્રમાણમાં વધારે નિશ્ચિત અને સ્પષ્ટ હોય છે. તેમાં મોભો, દરજ્જો કાર્યભારની વહેંચણી વગેરે બાબતોમાં સ્પષ્ટ બંધારણ હોય છે અને તે જ પ્રમાણે જૂથની કાર્યવાહી ચાલે છે. શાળા પંચાયત એ ઔપચારિક જૂથનું ઉદાહરણ છે. અનૌપચારિક જૂથમાં કાર્ય પ્રણાલી, વર્તનની રીત વગેરે બાબતો બહુ સુરેખ રીતે સ્પષ્ટ કે નક્કી કરેલી હોતી નથી. આવા જૂથોમાં સ્પષ્ટ બંધારણ હોતું નથી. તેમાં મોભો, દરજ્જો નેતૃત્વ, કાર્યભારની વહેંચણી બધું સંયોગો અને જરૂરિયાત પ્રમાણે પરિવર્તનશીલ હોય છે.

## 11.6 વર્ગખંડ - એક જૂથ તરીકે :

શૈક્ષણિક સંસ્થામાં કોઈ એક વર્ગના વિદ્યાર્થીઓ એક સામાજિક જૂથ રચે છે, તે લાંબા સમય માટે રચાયેલું જૂથ છે. તેઓ નિયમિત રીતે નક્કી કરેલાં વર્ગમાં કે વર્ગની બહાર મળે છે. તેઓ પૂર્વ શૈક્ષણિક ભૂમિકા, શૈક્ષણિક હેતુ અને ચોક્કસ શૈક્ષણિક બાબતોમાં રસની બાબતમાં સમાન હોય છે. તેઓની વચ્ચે વર્ગમાં કે વર્ગની બહાર નોંધપાત્ર પ્રમાણમાં પ્રત્યાયન થતું હોય છે. તેઓ તે જ શાળાનાં અન્ય વર્ગોમાંથી અને આસપાસનાં વિસ્તારમાંથી આવતાં હોય છે. તેથી એકબીજાંથી પરિચિત હોય છે. આથી તેઓમાં પ્રબળ સંબંધ ઊભો થાય છે અને પ્રબળ લાગણીની ભાવના ઊભી કરે છે.

**(1) વર્ગખંડ જૂથનું બંધારણ :**

વર્ગખંડ જૂથની રચના ઔપચારિક રીતે થાય છે. પરંતુ તેનું સભ્યપદ દરેક સભ્યએ મેળવવું પડે છે. વર્ગખંડ જૂથના સભ્યોના ઘણાં એવાં પરિબળો છે કે,જૂથમાં નોંધપાત્ર પ્રમાણમાં સમાનતા લાવવામાં ફાળો આપે છે. જેમ કે શૈક્ષણિક ભૂમિકા, શૈક્ષણિક રુચિ, વય, વિસ્તાર, જાતીયતા, રહેઠાણોનો વિસ્તાર વગેરેમાં સમાનતા ધરાવતાં હોય છે. તેવી જ રીતે કેટલાંક એવાં પરિબળો હોય છે, જે જૂથમાં વિષમતા લાવે છે. વર્ગખંડમાં વિદ્યાર્થીઓ ભિન્ન સામાજિક અને સાંસ્કૃતિક ભૂમિકામાંથી આવતાં હોય, ભિન્ન માતૃભાષાવાળા હોય. સામાજિક-આર્થિક સ્તરમાં ભિન્નતા હોય તો જૂથમાં વિષતા આવે છે અને સભ્યો વચ્ચે અંતર વધારે છે.

**(2) વર્ગખંડ જૂથમાં અનૌપચારિક પેટા જૂથો :**

સામાન્ય રીતે જૂથની અંદરની સમાન લાક્ષણિકતાઓ ધરાવતાં સભ્યોના પેટા જૂથો રચાય છે. ખાસ કરીને અભિરૂચિ ટેવો, ખાસ ક્ષમતાઓ વગેરેમાં સમાન પેટાજૂથો રચવામાં મુખ્ય ભાગ ભજવે છે. વિસ્તાર, સમુદાય, સામાજિક -આર્થિક સ્થિતિ, જાતીયતા વગેરેને આધારે પેટા જૂથો ઘણીવાર આત્યાંતિક હોય છે. અને તેઓ વચ્ચે સ્પર્ધા, ઝગડા વગેરે થાય છે. જે વર્ગમાં તાણ ઉત્પન્ન કરે છે.

ઘણીવાર પેટાજૂથો, પરસ્પર પૂરકતાના સિદ્ધાંત પર રચાય છે. ઉદાહરણ તરીકે પરતંત્ર વિચારવાળા વિદ્યાર્થીઓ, સ્વતંત્ર વિચારવાળા અને સ્પષ્ટ વક્તા વિદ્યાર્થી સાથે જોડાય છે. પેટા-જૂથોની રચનાને પ્રારંભથીજ ડામી દેવી જોઈએ.

### (3) વર્ગખંડ જૂથમાં સામાજિક સંબંધો :

આદર્શ રીતે વર્ગખંડ જૂથમાં સામાજિક સંબંધો અનૌપચારિક, મૈત્રીપૂર્ણ, સહકારયુક્ત અને ખુશીદાયક હોવાં જોઈએ. આ સંબંધો લાગણી, ઉષ્મા, સમજ અને સહાનુભૂતિ દ્વારા વ્યક્ત થતા વર્ગખંડ જૂથના સભ્યોમાં, આંતર-વૈયક્તિક સંબંધો તેમની પસંદગીઓ, ગમા-અણગમા વડે મૂલવી શકાય છે. આ સંબંધો રહેણાંક વિસ્તાર, જાતીયતા, સામાજિક, આર્થિક-સ્થિતિ સાંસ્કૃતિક ભૂમિકા જ્ઞાતિ વગેરે પર આધાર રાખે છે. પરંતુ આવા આંતર સંબંધો માટે કોઈ ચોક્કસ નિયમ બની શકે નહિ.

વર્ગખંડની અંદર-આંતરક્રિયા અને પ્રત્યાયન પ્રમાણમાં ઔપચારિક વધુ અનૌપચારિક અને શૈક્ષણિક હોય છે. વર્ગબહાર પેટા જૂથના સભ્યો વચ્ચે પ્રત્યાપન અને આંતરક્રિયા વધુ અનૌપચારિક અને વૈયક્તિક હોય છે.

### (4) વર્ગખંડ જૂથનું સામાજિક -સાંવેગિક વાતાવરણ

વર્ગખંડ જૂથનું સામાજિક સાંવેગિક વાતાવરણ મુખ્યત્વે - સામાજિક અને સાંવેગિક પરિબળો સાથે સંબંધિત છે. વર્ગમાં સાંવેગિક પરિબળો સાથે સંબંધિત છે. વર્ગમાં સામાજિક સંબંધો ઔપચારિક, ઉષ્માપૂર્ણ, સુગ્રથિત, સહકાર્ય યુક્ત અને લવચીક હોવાં જોઈએ. પર્યાવરણ આનંદદાયક હોવું જોઈએ. સભ્યો તણાવથી મુક્ત હોવાં જોઈએ. શિક્ષકે આ પ્રકારનું વાતાવરણ ઊભું કરવા માટે યોગ્ય આયોજન કરવું જોઈએ. આવું સ્વાસ્થ્યપ્રદ વાતાવરણ વિદ્યાર્થીઓનાં ભિન્ન લક્ષણોના વિકાસમાં મદદરૂપ બને છે.

## 11.7 જૂથ સંચાલનની સંકલ્પના :

જૂથ સંચાલન એ જૂથની અંદરના સભ્યોની વચ્ચે થતી આંતરક્રિયાનું વિશ્લેષણ કરવાની રીત છે. બોનર જણાવે છે કે ''જૂથ સંચાલન એ સામાજિક મનોવિજ્ઞાનની એક શાખા છે, જે સ્વયસંચાલિત રીતે જાગૃત મનોવૈજ્ઞાનિક જૂથોની રચના અને ફેરફાર થતાં રચના અને કાર્યોનું સંશોધન કરે છે.''

''જેન્કીન્સન જણાવે છે કે, ''જૂથ સંચાલન એ જૂથની સ્થિતિનાં એવાં પરિબળોનું વર્ણન કરે છે. જે જૂથનાં અને તેનાં સભ્યોનાં વર્તનમાં નિર્ણાયક છે.''

સંચાલનયુક્ત જૂથના સભ્યોમાં એકબીજાંની વચ્ચે પુનઃ રચના વ્યવસ્થાપન અને પુનઃ વ્યવસ્થાની પ્રક્રિયા ચાલ્યા કરે છે. આમ થવાથી તાણ ઘટે છે. ઘર્ષણો ઓછાં થાય છે અને બધા સભ્યોના સામાન્ય કહી શકાય તેવા પ્રશ્નો હલ થયાં કરે છે.''

આથી જૂથનાં વર્તનને સમજવા માટે જૂથ સંચાલનના સિદ્ધાંતો બરાબર સમજવા જરૂરી છે.

## 11.8 જૂથ આંતરક્રિયા :

વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેની આંતરક્રિયાએ જૂથ હોવાની, અનિવાર્ય શરત છે. આંતરક્રિયા માટે જૂથના સભ્યો પરસ્પરના સંપર્કમાં આવે છે. સંપર્ક બે પ્રકારનાં છે. (1) પ્રત્યક્ષ સંપર્ક (2) પરોક્ષ સંપર્ક વ્યક્તિઓના મોઢે મોઢા સંપર્ક હોવો તે પ્રત્યક્ષ સંપર્ક છે કુટુંબ એક એવુ જૂથ છે જેમાં આ સંપર્ક સતત મળતો રહે છે. એક વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે પ્રત્યક્ષ રીતે જ નિકટ આવે છે તેટલું જ પૂરતી નથી. ભૌતિક રીતે નજીક હોવા ઉપરાંત વ્યક્તિ પરસ્પરના અસ્તિતત્વથી સભાન હોય અને પરસ્પર આંતરક્રિયાઓથી સંકળાયેલી હોય તો પણ જરૂરી છે એક બીજાની હાજરીથી સભાન થયા વગર સાથે ઊભેલી વ્યક્તિઓ સમૂહમાં છે. એવું જોનાર વ્યક્તિને લાગે પણ હકીકતમાં તે સમૂહ કે જૂથ કહેવાય નહીં.

વ્યક્તિઓ આંતરક્રિયા દરમિયાન એવી પ્રવૃત્તિઓ કરે છે, જે જૂથના ધ્યેય સુધી પહોંચવા માટે ખૂબ જ અનિવાર્ય હોય છે. આથી જૂથ સંપર્ક દરમિયાન હાથ ધરવામાં આવતી પ્રત્યેક પ્રવૃત્તિ જૂથ ધ્યેયની દિશામાં ગતિ કરતી હોય છે. જૂથની કેટલીક પ્રવૃત્તિઓ ધ્યેય સિદ્ધ કરવામાં ગતિ કરતી હોય છે. જૂથની કેટલીક પ્રવૃત્તિઓ ધ્યેય સિદ્ધ કરવામાં દૂરગામી અસરો કરતી હોય છે. તો કેટલીક પ્રવૃત્તિઓ તાત્કાલિક રીતે અસર કરતી હોય છે.

પરોક્ષ સંપર્કમાં સભ્યો મોંઢે-મોઢના પ્રત્યક્ષ સંપર્કમાં આવતાં નથી, પણ એકબીજાંથી દૂર રહીને પણ કોઈને કોઈ માધ્યમનો ઉપયોગ કરીને પરોક્ષ રીતે સંપર્કમાં રહેતાં હોય છે. આ રીતે તેમની વચ્ચે

પરોક્ષ સંપર્ક દ્વારા આંતરક્રિયા થતી રહે છે. ઉદા. રેડિયો દ્વારા વકતા શ્રોતાઓને સ્પર્શે છે શ્રોતાઓની અપ્રત્યક્ષ હાજરી વિષે નવી સભાનતા તેમના પત્ર અભિપ્રાયો વગેરેના માધ્યમ દ્વારા શ્રોતાઓ વક્તા સાથે આંતરક્રિયા કરે છે.

## 11.9 વર્ગખંડ જૂથ આંતરક્રિયાને પ્રોત્સાહન :

આંતરક્રિયા એ જૂથનું આગવું અને અનિવાર્ય લક્ષણ છે. વર્ગખંડ જૂથ એ વિશિષ્ટ અને ઔપચારિક જૂથ છે. તેનો મુખ્ય હેતુ સારી રીતે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા થાય અને વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય એ માટે છે. શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે તેમજ વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે વધુ આંતરક્રિયા થાય તે જરૂરી છે. આથી વર્ગમાં આંતરક્રિયાને પ્રોત્સાહન મળે તે માટે શિક્ષકે નીચેની આંતર ક્રિયાત્મક પ્રત્યાયન પ્રક્રિયાઓનો અમલ કરવો જોઈએ.

(1) વર્ગમાં વિદ્યાર્થીઓ સાથે વાત કરતી વખતે વચ્ચે ટૂંકાં પ્રશ્નો પૂછવાં કે, ખાસ વિધાનો પૂછવાં, ત્યારબાદ થોડો સમય આપવો. જેથી વિદ્યાર્થી તેનો જવાબ વિચારવા પ્રોત્સાહિત થાય.

(2) વ્યાખ્યાન દ્વારા ટૂંકાં જવાબવાળા પ્રશ્નો અને ક્યારેક વિકેન્દ્રિત વિચારને પ્રેરે તેવાં પ્રશ્નો પૂછો, જવાબો મેળવો અને જરૂર જણાય તો જવાબ પર ચર્ચા કરી તેને વધુ સ્પષ્ટ કરવા મદદ કરો.

(3) અગાઉથી જાહેર કરેલ મુદ્દા પર વર્ગમાં ચર્ચા યોજો, ચર્ચાને યોગ્ય રીતે નિયંત્રિત કરો અને સમાપન કરો.

(4) વર્ગમાં વિવાદાસ્પદ વિષયવસ્તુ નિષ્ણાતોની, પેનલ ચર્ચા યોજી, અંતમાં વિદ્યાર્થીઓને તે ચર્ચામાં સામેલ કરો.

(5) સેમિનારનું આયોજન કરો. જેમાં એક બે વિદ્યાર્થી મુખ્ય રજૂઆત કરે અને ત્યાર બાદ સામાન્ય ચર્ચામાં બધા વિદ્યાર્થીઓ ભાગ લે.

(6) વર્ગનાં બે જૂથો બનાવો અને કોઈ ચર્ચાસ્પદ ઘટના અંગે તેની તરફેણ અને વિરુદ્ધમાં દલીલ કરતી 'ડીબેટ' યોજો, ત્યારબાદ સામાન્ય ચર્ચા કરાવો.

(7) નાની buzz session નું આયોજન કરો. જેમાં નાના-નાના પેટા જૂથો ભાગ લે.

(8) ચોક્કસ વિષયવસ્તુ પર જૂથ ચર્ચાનું આયોજન કરો, જૂથ ચર્ચાના અંતે અહેવાલ વાંચન, સામાન્ય ચર્ચા અને સમાપનનો અમલ કરો.

(9) ખાસ સ્વાધ્યાયો, પ્રોજેક્ટ, ટ્યુટોરિયલ અને અભ્યાસ જૂથોની રચના કરો અને અમલ કરો.

ઉપરાંત વર્ગની આંતરક્રિયા વધુ સરળતાથી થઈ શકે અને ઉપરોક્ત આંતરક્રિયાત્મક પ્રત્યાયન પ્રક્રિયાઓનો અમલ સારી રીતે થઈ શકે તે માટે વર્ગખંડમાં વિદ્યાર્થીની બેઠક વ્યવસ્થા, રૂઢિગતને બદલે વિદ્યાર્થીઓ પેટાજૂથોમાં, વર્તુળાકાર લંબચોરસ ટેબલની આસપાસ એક બીજાની સામે મોંઢા રહે તે પ્રમાણે કરવી જોઈએ, ચર્ચાનો પ્રારંભ શિક્ષક કરે.

- વર્ગમાં આંતરક્રિયાને પ્રોત્સાહન આપવા શિક્ષકની વિશિષ્ટ ભૂમિકા નીચે મુજબ હોઈ શકે.
- શિક્ષક તમામ વિદ્યાર્થીઓના નામ યાદ રાખે અને પ્રથમ નામથી વિદ્યાર્થીને બોલાવે.
- વિદ્યાર્થીને બેસીને જ જવાબ આપવા કે ચર્ચામાં ભાગ લેવાની છૂટ આપે.
- ચર્ચા સાથે કોઈ એક વિદ્યાર્થીને જવાબ આપવા પ્રેરિત કરવાને બદલે તમામ વિદ્યાર્થીને જવાબ માટેની તક આપે.
- વિદ્યાર્થીઓ સાથેની લાગણી અને ઉષ્મા, વિદ્યાર્થીઓ પ્રત્યેની રુચિ, શિક્ષકના વર્તનમાં સ્પષ્ટ દેખાય તેમ અભિવ્યક્ત થવાં જોઈએ. પરંતુ તે સમાપ્ત થવા જોઈએ નહીં.
- પ્રસંગને અનુરૂપ રમૂજનો ઉપયોગ કરો
- વિદ્યાર્થીઓને તેમનું હાસ્ય મુક્ત રીતે વ્યક્ત કરવાની છૂટ આપે અને શિક્ષક પણ તેમાં સામેલ થાય.

- વિદ્યાર્થીઓને પ્રશ્ન ઉઠાવવાનું સ્વાતંત્ર્ય આપે.
- શિક્ષક વિદ્યાર્થીઓની યથાર્થ જરૂરિયાતો, મુશ્કેલીઓ અને મુંઝવણો પ્રત્યે સંવેદનશીલ અને પ્રતિચારાત્મક હોવો જોઈએ.
- શિક્ષક બધા જ વિદ્યાર્થીઓ પ્રત્યે બિનપક્ષપાતી રહે.
- શિક્ષકનાં વિદ્યાર્થીઓ અંગેના નિર્ણયો ન્યાયપૂર્ણ હોવાં જોઈએ.
- વિદ્યાર્થીઓનોં મોભો અને સ્વમાન જળવાવું જોઈએ અને તેનું રક્ષણ થવું જોઈએ.

## 11.10 નેતાગીરીનો વિકાસ :

જ્યારે શિક્ષક અધ્યાપનમાં જૂથલક્ષી અભિગમનો ઉપયોગ કરે છે ત્યારે વિદ્યાર્થીઓને નેતાગીરી કરવાનો અને અનુસરાનારાઓની ભૂમિકા અદા કરવાની તક મળે છે. નેતૃત્વ એક કૌશલ્ય છે. તે વારસામાં નથી મળતું પણ કેળવવાનું હોય છે. વિદ્યાર્થીઓને, નેતૃત્વની વધારેને વધારે તકો પુરી પાડી, શાળા અને શિક્ષક આ દિશામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી શકે.

જૂથ કેન્દ્રી અધ્યાપન તરેહ વિદ્યાર્થીઓમાં નેતૃત્વ વિકસાવવાનું સારું માધ્યમ છે. દરેક જૂથમાં પ્રવૃત્તિનું સારી રીતે સંચાલન થાય તે માટે તેઓમાં એક નેતાની પસંદગી કરવી જરૂરી બને છે. નેતૃત્વ ભિન્ન બાબત છે. તે પૈકી કઈ તરેહ વધુ ઇચ્છનીય અને અસરકારક છે, તેનો પરિચય વિદ્યાર્થીઓને આપીને તેને અનુરૂપ નેતૃત્વનાં લક્ષણો વિદ્યાર્થીઓમાં વિકસે તેવો શિક્ષકે પ્રયત્ન કરવો જોઈએ.

નેતા સર્વસંમતિથી પસંદ કરવો જોઈએ અને તેની કાર્યપ્રણાલી લોકશાહી ઢબની હોવી જોઈએ.

**(1) લોકશાહી તરેહ :**

લોકશાહી નેતૃત્વ પ્રણાલીમાં પ્રત્યેક સભ્યનું માન જળવાય છે. તેમાં સામાજિક મોભો જળવાય છે. દરેક સભ્ય, નિર્ણય પ્રક્રિયામાં સક્રિય ભાગ લીધો હોવાની લાગણી અનુભવે છે. પોતાનું કંઈક વૈયક્તિક મૂલ્ય છે અને પોતે કંઈક પ્રદાન કર્યું છે. તેવું અનુભવે છે. તેનાથી તેનો આત્મવિશ્વાસ અને સ્વમૂલ્યાંકન વધે છે. તે માટે સભ્યોને અનેક તકો આપવી જોઈએ. સભ્યો તેઓના અભિપ્રાયો, સૂચનો અને પ્રતિભાવો કોઈપણ જાતના ભય વગર અને આનંદપૂર્વક આપી શકવાં જોઈએ. સભ્યો તરફથી કોઈ ટીકા આવે તો પણ, પૂર્વગ્રહ વગર સ્વીકારવાં જોઈએ.

## 11.11 ઘરનું વાતવરણ :

ઘરના વાતાવરણ વીશે વિચાર કરીએ છીએ ત્યારે કુટુંબનું, આર્થિક - સામાજિક સ્તરના કુટુંબનું બંધારણ, કુટુંબની શિક્ષણ પ્રત્યેની અભિમુખતા, માતા-પિતાનું બાળકોનાં શિક્ષણ પ્રત્યેનું વલણ, જેવી અનેક બાબતોનો સમાવેશ કરવો પડે છે. આ પ્રત્યેક બાબત બાળકના વ્યક્તિત્વ અને સિદ્ધિ પર પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અસર કરે છે. તે પૈકી નીચેના ત્રણ ઘટકોની ચર્ચા અહીં કરી છે.

(1) સામાજિક-આર્થિક સ્થિતિ

(2) કુટુંબનો પ્રકાર

(3) ઘરમાં અધ્યયન પર્યાવરણ

**(1) સામાજિક - આર્થિક સ્થિતિ :**

સ્તર નક્કી કરવામાં રૂઢિગત રીતે કુટુંબનો વ્યવસાય, ધંધો, નોકરી, વાર્ષિક આવક, સામાજિક આવક, ભૌતિક સંપત્તિ, વગેરેને સ્થાન અપાતું હતું. પ્રવર્તમાન સમયમાં સામાજિક વર્ગો ભૂંસાતા જાય છે અને આર્થિક વર્ગો, વ્યાવસાયની પ્રતિષ્ઠા, વ્યવસાય - ધંધા નોકરીમાં ગતિશીલતા અને બઢતીની તકો વગેરેનું મહત્ત્વ વધી ગયું છે.

અત્યાર સુધીમાં અભ્યાસોના પરિણામો સૂચવે છે કે વિદ્યાર્થીમાં શૈક્ષણિક સિદ્ધિ અને તેની સામાજિક, આર્થિકસ્થિતિ વચ્ચે ધનિષ્ટ સંબંધ છે. માતા-પિતાનું શિક્ષણ, વ્યવસાય અને જ્ઞાતિ વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિ પર અસર કરે છે. પ્રવર્તમાન શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો

અભ્યાસ કરતાં જણાય છે કે વિદ્યાર્થીઓનું વિભાજન તેમની આર્થિક કક્ષા પ્રમાણે થઈ ગયું છે. સદ્ધર આર્થિક સ્થિતિવાળા કુટુંબના બાળકો ખૂબ ઊંચી ફી, લઈને શિક્ષણ આપતી સ્વ-નિર્ભર શાળાઓમાં અભ્યાસ કરે છે. તે શાળામાં સંઘન સિક્ષણ મેળવી ઊંચી સિદ્ધિ મેળવે છે. નિમ્ન આર્થિક સ્થિતિવાળા કુટુંબના બાળકો મફત કે ઓછી ફીવાળી શાળાઓમાં પ્રવેશ મેળવે છે. સાધારણ શૈક્ષણિક સુવિધાઓવાળી શાળાઓમાં, સાધારણ શૈક્ષણિક સિદ્ધિ મેળવે છે. જે વંચિત કુટુંબો હતાં તેઓ પણ અત્યારે સારી નોકરી કે સારો ધંધા - વ્યવસાયને કારણે આર્થિક રીતે સદ્ધર બન્યાં છે.

તેનો અર્થ એ નથી કે સદ્ધર આર્થિક સ્થિતિવાળા કુટુંબના બાળકો ઊંચી સિદ્ધિ જ મેળવે અને નબળી આર્થિક સ્થિતિવાળા કુટુંબના બાળકો નબળી સિદ્ધિ મેળવે. તેનાથી વિપરીત કિસ્સાઓ પણ અનેકવાર જોવા મળે છે. મજૂરી કરનાર સામાન્ય આર્થિક સ્થિતિવાળા કુટુંબમાંથી બાળકો ઉચ્ચતમ સિદ્ધિ મેળવનારાંના અનેક કિસ્સાઓ છે.

**(2) કુટુંબના પ્રકાર :**

કુટુંબના પ્રકારને સમજવા માટે કુટુંબમાં સભ્યોની સંખ્યા કુટુંબ સંયુક્ત છે કે વિભક્ત, માતા-પિતા બન્ને હયાત છે. જુદા રહે છે, છૂટાછેડા લીધેલ છે, ભાંડુઓમાં ક્રમ, મોટા ભાઈ સજાતીય છે કે વિજાતીય, આ દરેક બાબતોનો અભ્યાસ કરવો જરૂરી બને છે. તરૂણોનો સામાજિક વિકાસ તરુણો સાથે, માતા-પિતાની વર્તન તરેહ પર આધાર રાખે છે. એલ્ડરે ઈ.સ.1962. માતા-પિતાની સાથે વર્તન તરેહો રજૂ કરી છે. અર્થાત્ મા-બાપનાં તરૂણો સાથેના વર્તવાની સાથે ભિન્ન કક્ષાઓ આપી શકાય.

**(1) આપખુદી વર્તન તરેહ :**

મા-બાપ સંપૂર્ણ સત્તા પોતાના હાથમાં રાખે છે. તરૂણોને, પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની કે નિર્ણય લેવાની તક આપવામાં આવતી નથી.

**(2) સત્તાવાદી વર્તન તરેહ :**

તરુણો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી શકે અથવા સૂચનો કરી શકે પણ આખરી નિર્ણય હંમેશાં માતાપિતા જ કરે છે.

**(3) લોકશાહી વર્તન તરેહ :**

માતા-પિતા અને તરુણ, વચ્ચે મુક્ત ચર્ચા થાય છે. તરુણો કેટલાક નિર્ણયો લે છે છતાં મા-બાપની મંજુરીની જરૂર રહે છે.

**(4) સમતુલિત વર્તન તરેહ :**

તરુણના વર્તન અંગે મા-બાપ અને તરુણ નિર્ણય લેવાની બાબતમાં સમાન અધિકાર ધરાવે છે.

**(5) ઉદાર વર્તન તરેહ :**

તરુણનાં વર્તન અંગે નિર્ણય લેવામાં તરુણ પોતે વધારે સક્રિય હોય છે. પરંતુ મા-બાપના અભિપ્રાયને આદર આપવામાં આવે છે.

**(6) હસ્તક્ષેપ-રહિત વર્તન તરેહ :**

તરુણ માતા-પિતાની ઈચ્છાઆને અવગણતાં, સંપૂર્ણ મુક્ત હોય છે. તરુણ પોતાનાં વર્તન અંગે આખરી નિર્ણય લેવામાં સંપૂર્ણ સત્તા ધરાવે છે.

**(7) અવગણવાનાત્મક વર્તન તરેહ :**

માતાપિતાએ તરુણનાં વર્તનને નિયંત્રિત કરવાં કે દિશાસૂચન કરવાનો, પ્રયત્ન છોડી દીધો હોય છે.

આ વર્તન તરફેણમાં માબાપનું વલણ, માન્યતાઓ, બાળકો અંગેની સમજ, તેનામાં સંતોષ, વૈફલ્યો અને લાગણીઓ વ્યક્ત થાય છે.

- આસુબેલ મોન્ટેમેયર અને સ્વાનિયન (1477) વિચારો અનુસાર ત્રણ દિશા છે.

**(1) રક્ષણ - બચાવ કરવો :**

જ્યારે માબાપ પોતાના તરુણોનો વધારે પડતો બચાવ કરે છે ત્યારે પોતાનાં, સ્વતંત્ર નિર્ણય લેવાની શક્તિનો અભાવ જોવા મળે છે, જ્યારે ઓછો બચાવ કરે છે ત્યારે તે પોતાની જાતને અસલામત -ત્યજાયેલ, સ્વ-ખ્યાલનાં અભાવવાળા અને માતાપિતા અને સમાજ પ્રત્યે દુશ્મનાંવટ અનુભવે છે.

**(2) પ્રભાવી વલણ :**

જ્યારે મા-બાપ તરુણો પ્રત્યે વધારે પડતું પ્રભાવી વલણ દાખવે છે, ત્યારે તરુણ ભીરૂ પાછળમતીયું અને હાજી હા કરનાર બને છે. અને ત્યારે ઓછું પ્રભાવી વલણ દર્શાવે છે.

**(3) સ્વીકૃતિ - કદર :**

જો મા-બાપ તરુણના કાર્યની કદર વધારે પડતી કરે તો મિજાજી બને છે અને ઓછી કદર કરે તો તેઓ બીજા સાથે ઉષ્માભર્યો સંબંધો સ્થાપી શકતાં નથી.

બાળક જન્મ પછી ખૂબ જ ટૂંકા ગાળામાં અનુકરણ કરતાં શીખે છે. અનુકરણ માટે તે ચોક્કસ વ્યક્તિને જ મૉડલ તરીકે સ્વીકારે છે. જે સમયે જે શક્તિશાળી હોય તેનો તે સમયે મૉડલ તરીકે સ્વીકાર થાય છે. શક્તિશાળી કોણ ગણાય ? જેની પાસે જે કંઈ ઇચ્છવામાં આવે છે. ઉંમર વધવા સાથે વ્યક્તિની જરૂરિયાતો બદલાય છે. પરિણામે તેનાં મૉડલનું પાત્ર પણ બદલાય છે.

બાલ્યાવસ્થામાં તેને જો માતા-પિતા તરફથી પ્રેમ મળે છે, તો તેની સ્પષ્ટ અસર તરુણના વર્તનમાં જણાય છે. આ બાલ્યાવસ્થામાં જેને માતાપિતાનો પ્રેમ મળતો નથી તે બીજા સાથે ઝડપથી ઈચ્છનીય સંબંધો સ્થાપી શકતાં નથી. તેમજ તેમનાનીં દૃઢ, સ્થિર મૂલ્યો અને સારાં વર્તન ધોરણોનો અભાવ હોય છે. લોકશાહી વર્તન તરેહવાળા ઘરોમાં તરુણોને અનુકૂલનના પ્રશ્નો ખૂબ જ ઓછાં હોય છે. તેઓ તેનાં માતાપિતા સાથે નજીકના સંબંધો અનુભવી શકે છે અને વૈફલ્ય ઓછું અનુભવે છે. તેઓને સામાજિક ભાગીદારીમાં અવરોધ અને નિષેધને બદલે માર્ગદર્શનના કારણે તેઓની સામાજિક વિકાસની સ્થિતિ સારી હોય છે. ઉષ્માભર્યો પરસ્પર વિશ્વાસ અને સ્વીકારના સાતત્યથી તેનો અહમ્ પ્રબળ બને છે. આપખુદ, અવિશ્વાસુ અને અસ્વીકૃતિનું વાતાવરણ તરુણોમાં ગુનાહિતતાને પ્રેરે છે.

તરુણના સામાજિક લક્ષણોના વિકાસ પર જેટલી અસર તેનાં માતા-પિતાના વ્યવહારની છે, તેટલી જ અસર તેનાં ભાંડુમાં તેનો ક્રમ અને ભાંડુઓની જાતીયતાની છે. જે બાળકને મોટાભાઈ હોય તેના કરતાં જેને મોટી બહેન હોય તે બાળક વધારે પરંતત્ર અને પાછળમતીયું હોય છે. જેને માત્ર બહેનો હોય તેના કરતાં માત્ર ભાઈઓ હોય તો તે બાળક વધારે સક્ષમ મહત્ત્વકાંક્ષી અને ઉત્સાહી હોય.

**(4) ઘરમાં અધ્યયન પર્યાવરણ :**

અધ્યેતાઓના વિકાસ અને અધ્યયન સાથે ઘરનાં વાતાવરણનું મહત્ત્વમાં એક ઘટક જોડાયેલ છે, તે છે ઘરમાં અધ્યયન પર્યાવરણ, કુટુંબનું આર્થિક, સામાજિક, સ્તર ઉચું હોય, પરંતુ જો તેમને માતાપિતા તરફથી અધ્યયન માટે પૂરતું પ્રેરણ અને માર્ગદર્શન ન હોય તો બાળકો અધ્યયનની બાબતમાં દિશાવિહીન બને છે. ઘણાં આર્થિક રીતે સદ્ધર માતાપિતા પાસે, બાળકના અધ્યયન અંગે તેની મુશ્કેલીઓ અંગે તે શાળાએ નિયમિત જાય છે કે કેમ, તે જોવાની ફુરસદ પણ નથી હોતી. કેટલાંક માતાપિતા શિક્ષણ પ્રત્યે બહુ હકારાત્મક વલણ ધરાવતા નથી. આથી પોતાના સંતાનના શિક્ષણમાં ખાસ રસ લેતાં નથી.

તેનાથી ઉલટું, આર્થિક સધ્ધર કુટુંબોમાં બાળકાનો કમ્પ્યુટર, ટી.વી., વિડિયોગેમ્સ, ઇન્ટરનેટ જોડાણ વગેરે જેવી સુવિધાઓ મળે છે. તેને કારણે બાળકો અભ્યાસમાં ધ્યાન આપવાના બદલે આ બધી આધુનિક ટેક્નોલોજીકલ સુવિધાઓનો મનોરંજન માટે ઉપયોગ કરવામાં સમય પસાર કરે છે જે તેઓને અધ્યયનમાંથી વિચલિત કરે છે. આથી માતાપિતાની જવાબદારી વધી જાય છે કે તેમની પાસે

જે આધુનિક ટેક્નોલોજી છે, તેનો ઉપયોગ બાળકના શિક્ષણ માટે એટલે કે અધ્યયનમાં ઉપયોગી બને તે રીતે કરે. ઇન્ટરનેટ પરથી આધુનિક માહિતી મેળવી તૈયાર શૈક્ષણિક C.D. ROM નો ઉપયોગ ટીવી કે કમ્પ્યુટર વડે શીખવા માટે કરે. મનોરંજનાત્મક વીડિયો ગેમ્સને બદલે શૈક્ષણિક ગેમ્સનો ઉપયોગ કરે છે. ટીવીમાં આવતાં શૈક્ષણિક કાર્યક્રમો બાળકો જુએ તે માટે પોતાના સંતાનોને સમજાવે.

શિક્ષકે વાલીઓ સાથે સંપર્કમાં રહી તેઓ પોતાના સંતાનો માટે અધ્યયન પર્યાવરણ પૂરું પાડવા માટે કેટલા પ્રયત્નશીલ છે. તે અંગે માહિતી મેળવતાં રહેવું જોઈએ તેમજ તે માટે વાલીઓને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ. વર્ષમાં કેટલાંક કાર્યક્રમો શાળાઓમાં ગોઠવીને તેમાં વાલીઓ, બાળકોને આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ પોતાનાં સંતાનોને અધ્યયન પર્યાવરણ પૂરું પાડવા માટે શી રીતે કરી શકે તેના નિદર્શનો આપવાં જોઈએ.

**11.12 જાતીયતા :**

બાળકોના વિકાસમાં જાતીયતાની શી ભૂમિકા છે. તે અંગેનાં અભ્યાસોમાં જાતીયતા જે અસર જોવા મળે છે તે પૈકી કેટલીક કુદરતી છે તથા કેટલીક જાતીયતાના પૂર્વગ્રહના કારણે હોવાનું જણાયું છે.

આ ભિન્ન પ્રકારની અસરોની અહીં ચર્ચા કરી છે.

**(1) જાતીયતાનાં કારણે કુદરતી ભિન્નતાઓ :**

જાતિગત ભિન્નતા તપાસવા માટે શારીરિક વિકાસ, બુદ્ધિઆંક, વિષયોમાં સિદ્ધિ, રમતોમાં સિદ્ધિ, સાંવેગિક રજૂઆત વગેરે ક્ષેત્રોમાં અભ્યાસો થયાં છે. આ ક્ષેત્રોમાં જોવા મળે છે. ભિન્નતા કાં તો જીવશાસ્ત્ર છે. અથવા સાંસ્કૃતિક પરિબળોને કારણે છે અથવા બન્નેની પારસ્પરિક ક્રિયાને કારણે છે.

શારીરિક વિકાસ, રમતોની સિદ્ધિ, સાંવેગિક રજૂઆત જોવા મળી, જાતિગત ભિન્નતા કુદરતી છે. સ્નાયવિક, પ્રવૃત્તિઓ, આક્રમક અને પ્રભાવી વર્તનો, ગુનાહિતતા અને સહકારની ભાવના વગેરેની બાબતમાં જાતિગત ભિન્નતા જોવા મળી છે. સખત મહેનત કરવાની હોય તેવા વ્યવસાયો પ્રત્યેની પસંદગી, આક્રમકતા ગુનાહિતતા વગેરે પુરુષોમાં વધુ જોવા મળે છે. ભણાવવું, નર્સિંગ વગેરે વ્યવસાયો પ્રત્યેની પસંદગી તથા સહકારનું વલણ સ્ત્રીઓમાં જોવા મળે છે. શૈક્ષણિક સિદ્ધિની બાબતમાં સામાન્ય રીતે યોગ્ય ધોરણ સુધી છોકરા કરતા છોકરીઓ આગળ હોય છે. પરંતુ પાંચ ધોરણ પછી, તેમાં પણ ખાસ કરીને ગણિત અને વિજ્ઞાનમાં છોકરાઓ આગળ જતાં રહે છે.

**(2) જાતીયતાનાં પૂર્વગ્રહની જાતિગત ભિન્નતા પર અસર :**

છોકરાઓ અને છોકરીઓમાં જોવા મળતી ભિન્નતાઓ પૈકી શારીરિક લક્ષણો સંબંધિત ભિન્નતાઓ જીવશાસ્ત્રી અને કુદરતી છે. પરંતુ માનસિક, સામાજિક અને વ્યક્તિત્વમાં જે ભિન્નતાઓ જોવા મળે છે. તે પુરુષ પ્રધાન સમાજમાં કેટલાંક પૂર્વગ્રહોનાં કારણે હોઈ શકે છે. કેટલાંક સંશોધનો, ચોક્કસ લક્ષણોમાં છોકરાઓ ચડિયાતા હોવાના પરિણામો આપે છે. તેમાં નમૂનાની પસંદગીમાં પૂર્વગ્રહ હોવાની શક્યતા છે. નમૂનામાં છોકરાઓનું પ્રતિનિધિત્વ વધુ હોવાથી તેવા પરિણામો આવી શકે છે.

સંશોધનમાં ઉપયોગમાં લેવાતા ઉપકરણોની રચનામાં પણ આવાં પૂર્વગ્રહો હોઈ શકે.

વિદ્યાર્થીઓની વિષય પસંદગી અભ્યાસક્રમ પસંદગી, કે વ્યવસાય પસંદગીમાં જે જાતિગત ભિન્નતા જોવા મળે છે, તે કુદરતી તફાવતના કારણે નહીં, પરંતુ વ્યવસ્થા અંગે સમાજની માન્યતા કારણરૂપ હોય છે. આપણો સમાજ માનતો હતો કે સ્ત્રી કલેક્ટર, પોલિસ, અધિકારી, પાયલોટ, કંપની મેનેજર કે મિકેનિકલ તરીકે કામ ન કરી શકે, તે કામ તો પુરુષો જ કરી શકે. આ માન્યતા છોકરીઓ પર નાની ઉંમરમાં જ લાદવામાં આવે છે. પરિણામે તે વ્યવસાયોને અનુરૂપ વિષયો કે અભ્યાસક્રમ છોકરીઓ પસંદ ન કરે.

પ્રવર્તમાન સમયમાં બોર્ડ અને યુનિવર્સિટીઓની પરીક્ષાઓના પરિણામ દર્શાવે છે. શૈક્ષણિક સિદ્ધિની બાબતમાં છોકરીઓ, છોકરાઓથી પાછળ નથી. બલ્કે વધુ પરિણામો લાવે છે. અત્યારે

કલેક્ટર, પોલિસ અધિકારી, કંપની મેનેજર કે એન્જિનિયર તરીકે સ્ત્રીઓ વધુ સફળતાપૂર્વક કામગીરી કરે છે.

આધુનિક અભ્યાસો અને પ્રવર્તમાન વ્યાવસાયિક જરૂરિયાતો એવું દર્શાવે છે કે છોકરાઓ અને છોકરીઓ માટે અલગ અભ્યાસ કે વિષયોના વિકલ્પોની જરૂર નથી.

**(4) ભાષા :**

ભાષા પ્રત્યાયનનું માધ્યમ છે. વર્ગખંડમા બે ભાષાઓ અગત્યની ભૂમિકા ભજવે છે.

(1) વર્ગખંડમાં, જૂથ આંતરક્રિયા માટે (2) અધ્યયનમાં શિક્ષક - અધ્યેતા વચ્ચેના પ્રત્યાયન માધ્યમ તરીકે આ બન્ને ભૂમિકાના સંદર્ભે અત્રે ટૂંકી ચર્ચા કરીશું.

ભાષામાં વિસંગતતા અને વર્ગખંડ આંતરક્રિયા એકમ ચૌદમાં આપણે ચર્ચા કરીશું કે વર્ગખંડ જૂથ એક સામાજિક જૂથ છે. જૂથ સંચાલનના સિદ્ધાંત પ્રમાણે જૂથમાં સભ્યો વચ્ચે આંતરક્રિયા થાય છે. વર્ગખંડ જૂથના સભ્યોની ઘણી એવી લાક્ષણિકતાઓ છે, જે વર્ગખંડ જૂથને અનૌપચારિક રીતે પેટા જૂથોમાં વહેંચે છે. આવા પરિબળો પૈકીનું એક પરિબળ છે. ભાષા વિસંગતતા પ્રવર્તમાન સમયમાં વ્યાવસાયિક ગતિશીલતાના કારણે માતાપિતાના વ્યવસાયનું સ્થળ ઝડપથી બદલે છે. પરિણામે બાળકોને અન્ય ભાષાવાળા વર્ગોમાં શિક્ષણ લેવાની ફરજ પડે છે. પરિણામે પ્રવર્તમાન સમયમાં વર્ગખંડો ભાષાનાં સંદર્ભમાં વધુને વધુ વિષમાંગ જાય છે.

વર્ગખંડ જૂથોનું બંધારણ સભ્યોના સામાજિક અને આંતર-વૈયક્તિક સંબંધો પર અસર કરે છે. એક જ વર્ગમાં એકથી વધુ ભિન્ન માતૃભાષાવાળા વિદ્યાર્થીઓ ભેગા થાય છે. ત્યારે ભાષાની ભિન્નતા અને ભાષાની મુશ્કેલી પરસ્પર પ્રત્યાયનમાં અવરોધક બને છે અને એકબીજાને જુદાં પાડે છે. ખાસ કરીને અંગ્રેજીનું જ્ઞાન ધરાવતાં અને અંગ્રેજી ભાષાનું જ્ઞાન ન ધરાવતાં અધ્યેતાનું અંતર વધે છે. પરિણામે ભિન્ન માતૃભાષાવાળા વિદ્યાર્થીઓના પેટા જૂથો રચાય છે. આ જૂથો વચ્ચે ઘણીવાર સ્પર્ધાઓ અને વૈમનસ્ય સર્જાય છે.

જૂથલક્ષી શિક્ષણ અભિગમની સફળતા, જૂથ આંતરક્રિયા પર આધારિત છે. જૂથનાં સભ્યો વચ્ચે જો આંતરક્રિયા વધુ થાય તો અધ્યયન-અધ્યાપન વધુ અસરકારક અને પરિણામલક્ષી બને છે. પરંતુ ભાષાની વિષમાંગતા આ આંતરક્રિયામાં અવરોધ બનતાં શિક્ષણ પદ્ધતિ નિષ્ફળ જાય છે. આથી શિક્ષકે આ હકીકતને ધ્યાનમાં રાખી ભાષા વિષમાગતા આંતરક્રિયા અવરોધક ન બને તે રીતે પ્રવૃત્તિ અને પ્રવૃત્તિ માટેનાં જૂથોની રચના કરી જૂથલક્ષી શિક્ષણ અભિગમનો ઉપયોગ કરવો.

**(4.2) માતૃભાષા અને અધ્યયન :**

માતૃભાષા પ્રત્યાયનનું શ્રેષ્ઠ માધ્યમ છે. આથી વર્ગખંડમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ એક જ માતૃભાષામાં પ્રત્યાયન કરે, ત્યારે તે અધ્યયન અધ્યાપન પ્રક્રિયા સૌથી વધુ અસરકારક છે. કારણ કે વ્યક્તિનું શબ્દ ભંડોળ, સૌથી વધારે સમૃદ્ધ પોતાની માતૃભાષામાં પ્રત્યાયન કરે છે.

## 11.13 સારાંશ

અધ્યેતાનાં અધ્યયન અને વ્યક્તિત્વ પર તેનાં સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો નોંધપાત્ર અસર કરે છે.

સામાજિક પરિબળો પૈકી, ઘરના વાતાવરણનાં ત્રણ ઘટકો (1) સામાજિક, આર્થિક-સ્થિતિ (2) કુટુંબનો પ્રકાર અને (3) ઘરમાં અધ્યયન પર્યાવરણ અધ્યેતાનાં સામાજિક વિકાસ, વ્યક્તિત્વ વિકાસ અને અધ્યયન પર નોંધપાત્ર અસર કરે છે.

વિદ્યાર્થીઓની માનસિક ક્ષમતામાં જાતિગત તફાવતો નથી. તેથી તેમના માટે અભ્યાસક્રમમાં રાખવાની જરૂર જ નથી.

વિદ્યાર્થીઓને માતૃભાષા સિવાય, અન્ય ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે. ત્યારે અધ્યયનમાં મુશ્કેલી અનુભવે છે.

સમાજમાં પ્રવર્તતી જાતિગત ભિન્નતા અંગેની માન્યતાઓ અને પૂર્વગ્રહો દૂર કરવાં જોઈએ.

## 11.14 તમારી પ્રગતિ ચકાશો :

**પ્ર.1 વર્ગખંડ જૂથમાં કેવા પ્રકારનાં અનૌપચારિક પેટા જૂથો રચાય છે. તેની વર્ગખંડ પર્યાવરણ પર અસર વર્ણવો.**

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

## 11.15 નિબંધ પ્રકારના પ્રશ્નો (ઉત્તરોના મુદ્દા સાથે)

પ્ર.1 જૂથની સંકલ્પના સ્પષ્ટ કરી જૂથના પ્રકારો જણાવો ?

મુદ્દા (1) પ્રાથમિક અને ગૌણ જૂથો

(2) સામાજિક અને મનોવૈજ્ઞાનિક જૂથો

(3) ઔપચારિક અને અનૌપચારિક જૂથો

પ્ર.2 ઘરનું વાતાવરણ અધ્યેતાનાં વ્યક્તિત્વ વિકાસ અને અધ્યયનને શી રીતે અસર કરે છે ?

મુદ્દા (1) સામાજિક - આર્થિક સ્થિતિ

(2) કુટુંબનો પ્રકાર

(3) ઘરમાં અધ્યયન પર્યાવરણ

- **ટૂંકાં પ્રશ્નો**

પ્ર.1 જાતીયતાનાં પૂર્વગ્રહની અસર, અધ્યેતાના વિકાસ પર શી અસર કરે છે ?

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

પ્ર.2 વિદ્યાર્થીઓમાં, નેતૃત્વ વિકાસના ઉપાયો સૂચવો.

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

- **અતિ ટૂંકાં પ્રશ્નો**

પ્ર.1 ઉદાર વર્તન તરેહ એટલે શું ?

........................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

પ્ર.2 વર્ગખંડ જૂથનું બંધારણ એટલે શું ?

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

- **હેતુલક્ષી પ્રશ્નો**

પ્ર.1 ભાષા પ્રત્યાયનનું માધ્યમ છે. વર્ગખંડમાં કઇ ભાષા એક અગત્યની ભૂમિકા ભજવે છે ?

(A) અધ્યયનમાં શિક્ષક - અધ્યેતા (B) અધ્યેતા

(C) શિક્ષક (D) પ્રયુક્તિઓ

પ્ર.2 શેઈને .... વૈજ્ઞાનિક જૂથની વ્યાખ્યા આપી હતી ?

(A) 1965 (B) 1960

(C) 166 (D) 167

## 11.15 સ્વાધ્યાય

પ્ર.1 વર્ગખંડ જૂથમાં 'આંતરક્રિયા પ્રોત્સાહન' આપવાના માર્ગો વર્ણવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

એકમ 12

# અનુકૂલન અને બચાવ પ્રયુક્તિઓ

## : રૂપરેખા :


12.1 ઉદ્દેશ્યો

12.2 એકમના પારિભાષિક શબ્દો

12.3 પ્રસ્તાવના

12.4 અનુકૂલન વ્યક્તિના લક્ષણો

- અનુકૂલન સાધનારી વ્યક્તિના લક્ષણો

- અપાનુકૂલિત વ્યક્તિનાં લક્ષણો

12.5 અનુકૂલની સમસ્યાઓ

12.6 અનુકૂલનની સમસ્યાના કારણો

12.7 અનુકૂલન સાધવાની પ્રયુક્તિઓ

12.8 સારાંશ

12.9 તમારી પ્રગતિ ચકાસો

12.10 નિબંધ પ્રકારના પ્રશ્નો ઉત્તરોના મુદ્દા સાથે

12.11 સ્વાધ્યાય


## 12.1 ઉદ્દેશો :

(1) અનુકૂલન એટલે વ્યક્તિની જરૂરિયાત અને પરિસ્થિતિ સાથે સુમેળ સાધવાનો પ્રયાસ

(2) વ્યક્તિ પોતાની જાત સાથેનો, પરિસ્થિતિ સાથેનો કે સમાજની વ્યક્તિ કે વ્યક્તિઓ સાથેનો સંવાદિત પૂર્ણ સુમેળ સાધવાનો પ્રયાસ

(3) જેનાથી વ્યક્તિની હતાશા કે તંગદિલી દૂર થાય છે.

(4) જેનાથી વ્યક્તિ પોતે નીચે ન પડે તેનો અહમ્ ન ઘવાય તે રીતે માનસકિ તંગદિલી કે સંઘર્ષ ને દૂર કરવાનો પ્રયત્ન કરે છે.

## 12.2 એકમના પારિભાષિક શબ્દો

(1) સમાયોજિત - સામાજિક

(2) તંગદિલી અનુભવે - હતાશામાંથી છૂટકારો

(3) વિપદગામી - અવળામાર્ગે

(4) બડાઈ - મોટાઈ

(5) વૈયકિતકીકરણ - મનમનાપણું

(6) દિવાસ્વપ્ન - તરંગીપણું, એકલવાયાપણું,

- અનુકૂલન એટલે - વ્યક્તિનો વાતાવરણ સાથે નો સંતોષકારક સંબંધ

**અનુકૂલનની સંકલ્પના :**

- ''અનુકૂલન એ વ્યક્તિના તણાવમુક્તિ અને જરૂરિયાતોની પૂર્તિના પ્રયાસો છે'' - **કોલમેન**

- ''પરિસ્થિતિ અને વાતાવરણ વચ્ચે સમાયોજન સાધવા માટે વ્યક્તિને તેના પોતાના વર્તનમાં પરિવર્તન લાવવા પ્રેરિત નિરંતર પ્રક્રિયા એટલે અનુકૂલન'' - **ગેટ્સ અને અન્ય**

## 12.3 પ્રસ્તાવના :

વ્યક્તિના વર્તનનું મુખ્ય કારણ તેની જરૂરિયાત છે. વ્યક્તિની જરૂરિયાતો જુદાં-જુદાં પ્રકારની હોય છે. જરૂરિયાત ઊભી થતાં વ્યક્તિ કોઈ લક્ષ્ય નક્કી કરે છે, અને ત્યાર બાદ તે પ્રયત્ન કરે છે.

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. તેની જરૂરિયાતો તેણે સમાજમાં રહીને સમાજને સ્વીકાર્ય એવા માર્ગને અપનાવવાતા હોય છે.

## 12.4 અનુકૂલન વ્યક્તિનાં લક્ષણો :

(1) અનુકૂલન સાધનારી વ્યક્તિનાં લક્ષણો

(2) અપાનુકૂલિત વ્યક્તિનાં લક્ષણો

### (1) અનુકૂલન સાધનારી વ્યક્તિનાં લક્ષણો :

સમાજમાં સુસંવાદી અને સુમેળભર્યુ સંતુલિત જીવન જીવવા માટે, વ્યક્તિને ડગલને પગલે પોતાની જાતે પરિસ્થિતિ કે સમાજ સાથે સમાધાનો કરવાં પડે છે. અનુકૂલન એ વ્યક્તિની વૈયક્તિક સિદ્ધિ છે. અનુકૂલન એટલે વ્યક્તિ પોતાને સોંપેલાં કાર્યો કે જવાબદારી કેવી રીતે નિભાવે છે.

અનુકૂલન એટલે વ્યક્તિનાં આવેગો પર નિયંત્રણ મૂકી પરિસ્થિતિને યોગ્ય રીતે સમજીને વર્તનમાં વળાંક લાવવાની પ્રક્રિયા છે.

વિવિધ સમાજોમાં - સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક કે નૈતિક ભિન્નતાઓને કારણે અનુકૂલિત વ્યક્તિનો, સર્વમાન્ય માપદંડ નિશ્ચિત થઈ શકે તેમ નથી તેના સર્વ સામાન્ય લક્ષણો નીચે મુજબ છે.

### (1) શારીરિક તંદુરસ્તી :

અનુકૂલિત વ્યક્તિનું શરીર સુદૃઢ અને નિરામય હોવું જોઈએ, તે સર્વપ્રકારના રોગોમાંથી મુક્ત હોય, યોગ્ય આહરવિહારી અને સંયમી હોય કોઈપણ પ્રકારની બીમારીથી પીડાતી ન હોય, અલ્સર, પેટનાં દર્દો કે અપચો જેવાં રોગોથી મુક્ત હોય, શારીરિક સ્વાસ્થ્યની અસરો કેટલીકવાર માનસિક સ્વાસ્થ્ય પર પણ અસર પાડે છે.

દા.ત. 21મી જૂનનો દિવસ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' જાહેર કરવામાં આવે તે માટે 'યુનો' ભારત તરફથી પહેલ કરી. વિશ્વના મોટા ભાગના દેશોએ સમર્થ સમર્થન આપ્યું.

21 મી જૂન 2015નાં રોજ ''આંતરરાષ્ટ્રીય યોગ દિન'' તરીકે ઉજવવાનું નક્કી કરાયું છે. આમ યોગ દ્વારા દુર્બળ વ્યક્તિ પણ તંદુરસ્ત રહે છે. બુદ્ધિમાં વધારો થાય છે. આહાર વિહારને નિયંત્રિત કરવામાં ઉપયોગી થાય છે.

### (2) કાર્યક્ષમતા :

જે વ્યક્તિ પોતાના વ્યવસાયિક કૌશલ્યોનો અને સામાજિક શક્તિઓનો મહત્તમ ઉપયોગ કરી શકે છે. તે સારી તે અનુકૂલન સાધી શકે છે.

### (3) મનોવૈજ્ઞાનિક સંતુલન :

વ્યક્તિ શારીરિક ઉપરાંત માનસિક રીતે પણ સ્વસ્થ હોવી જોઈએ. તે કોઈ માનસિક બીમારીનો ભોગ બનેલી ના હોય તેનું મન સર્વ પ્રકારની ગ્રંથિઓથી મુક્ત હોવું જોઈએ. તે હતાશા કે વૈફલ્યનો ભોગ બનેલી ન હોય, દિવાસ્વપ્નોમાં રાચતી ન હોય, આવી વ્યક્તિ સમાજમાં સહેલાઈથી અનુકૂલન સાધી શકે છે.

### (4) સામાજિક સ્વીકૃતિ :

સમાયોજિત વ્યક્તિને સામાજિક સ્વીકૃતિ મળે છે. જે વ્યક્તિ સામાજિક સ્વીકૃતિ પામે છે, તે સામાજિક પ્રતિષ્ઠા અને સામાજિક સલામતી પણ સારી રીતે મેળવી શકે છે. આવી વ્યક્તિઓ ને સાનુકૂલિત વ્યક્તિઓ કહી શકાય જે વ્યક્તિ સામાજિક પરંપરાઓ, સામાજિક આચારવિચારો, સામાજિક માન્યતાઓ, સામાજિક આદર્શો અને મૂલ્યોનું અનુસરણ સાધી શકે છે. વ્યક્તિ પોતાની લક્ષ્યપ્રાપ્તિ સમાજ ને અમાન્ય એવા વિપરીત માર્ગોથી કરે છે. તે વ્યક્તિ અસમાજિક અપાનુકૂલિન બને છે.

**(1) અપાનુકૂલિન : વ્યક્તિના લક્ષણો**

અપાનુકૂલિત વ્યક્તિ પોતાની આવશ્યકતાઓની પૂર્તિ ન કરી શકતા તંગદિલી અનુભવે છે, તે હતાશ થાય છે અને સંઘર્ષ કરે છે. જ્યારે તે પોતાની લક્ષ્ય પ્રાપ્તિ કરી શક્તી નથી ત્યારે તે અવળા માર્ગે (વિપદગામી) વળે છે. અને પરાનુકૂલિત બને છે. તે પોતાની જાત સાથે પરિસ્થિતિ સાથે કે, સમાજની વ્યક્તિઓ સાથે સંબંધો કેળવી શક્તી નથી. આવી વ્યક્તિઓને અપાનુકૂલિત વ્યક્તિ કહે છે. દા.ત. પરાનુકૂલન સાધે છે અને સમાજ સામે વિદ્રોહ કરે છે.

**અપાનુકૂલિત વ્યક્તિના લક્ષણો :**

**(1) શારીરિક લક્ષણો :**

આવાં બાળકો ખાસ કરીને બોલવામાં અચકાય છે. તોતડાપણું, ચહેરાની વિકૃતિ, નખ કરડવા, પગ વારંવાર હલાવવા, બેચેનીમાં સરી પડવું, ટચાકાં ફોડવા, વારંવાર ઊલટીઓ થવી વગેરે લક્ષણો ધરાવે છે.

**(2) વર્તન દોષો :**

આવા બાળકો ખાસ કરીને આક્રમક સ્વભાવના, મારામારી કરવી, જૂઠું બોલવું, અભ્યાસ તરફ બેદરકારી રાખવી ગમે તેવી પ્રવૃત્તિઓ કરવી, જાતીય છેડાછાડ કરવી વગેરે.

**(3) સાંવેગિક લક્ષણો :**

આવા બાળકોમાં વધુ પડતાં ચિંતાગ્રસ્ત, ડર લાગવો, ભયભીત થઈ જવું, લઘુતાગ્રંથિથી પીડાવું, અન્ય લોકો તરફ નફરત કરવી, વધુ પડતું, બીકણપણું, વારંવાર ગુસ્સે થઈ જવું, સંઘર્ષ વહોરી લેવો, સતત માનસિક તાણ અનુભવવો.

## 12.5 અનુકૂલનની વિવિધ સમસ્યાઓ :

(1) શાળામાં મોડા આવવું

- ચાલુ વર્ગમાંથી નાસી જવું
- ચોરી કરવી
- જૂઠું બોલવું
- શિક્ષકની સૂચનાનો વારંવાર અનાદર કરવો.
- વર્ગમા મારામારી કરવી
- વર્ગમાં ગાળો બોલવી
- બડાઈ હાંકવી
- ગૃહકાર્ય ન લાવવું
- મિત્રો જોડે ઝઘડવું
- છેતરપિંડી
- જાતીય દોષ
- કામચોરી
- શાળાની પ્રવૃત્તિઓમાં ભાગ ન લેવો
- દિવાસ્વપ્નમાં રાચવું.
- જાહેર મિલ્કતને નુકસાન કરવું.
- દાદાગીરી કરવી
- શિક્ષકને સામા થઈ જવું.

- ધુમ્રપાન, ગુટખાનું સેવન કરવું
- વારંવાર ગેરહાજર રહેવું
- વર્ગમાં પુસ્તકો, નોટો ન લાવવી
- ગુનાહિત કૃત્યો કરવાં.
- બીજાં વિદ્યાર્થીઓનો નાસ્તો ખાઈ જવો.

## 12.6 અનુકૂલનની સમસ્યાના કારણો

સામાન્ય રીતે સમાજમાં રહેતી દરેક વ્યક્તિને નાની મોટી કંઈને કઈ અનુકૂલનની સમસ્યા તો સતાવતી હોય છે. પરંતુ દૃઢ મનોબળ અને આત્મવિશ્વાસથી વ્યક્તિ આવી સમસ્યાનો ઉકેલ શોધી અનુકૂલન સાધી લેતી હોય છે. પરંતુ કેટલીક વ્યક્તિઓ, નબળા મનની અને આત્માવિશ્વાસનો અભાવ હોવાથી, તેઓ અનુકૂલન સાધી શકતી નથી. સામાન્ય રીતે અનુકૂલન ન સાધી શકવાના કારણો નીચે મુજબ છે.

**(1) શારીરિક જરૂરિયાત :**

વ્યક્તિને જીવન જીવવા માટે અને શરીર ને ટકાવી રાખવા કેટલીક જરૂરિયાતો સંતોષવીજ પડે છે. ખોરાક, પાણી, ઊંઘ, આરામ, જાતીયવૃતિ વગેરે જરૂરિયાતો પૂર્ણ ન થાય તો તે વ્યક્તિ અનુકૂલન ન સાધી શકે દા.ત. શાળામાં જમ્યા વગર આવેલી ભવ્યાનું મન ભણવામાં લાગતું નથી.

**(2) માનસિક જરૂરિયાત :**

આ પૃથ્વી પર વસતા દરેક સજીવ પ્રાણી સ્નેહ અને પ્રેમનાં ભૂખ્યાં હોય છે. ઘરમાં, શાળામાં, સમાજમાં અન્ય લોકો પોતાને ચાહે. પ્રેમ કરે તેવું દરેક ઈચ્છે છે. જો બાળક કે વ્યક્તિની આ જરૂરિયાત પૂર્ણ ન થાય તો તે અનુકૂલન સાધી ન શકે. દા.ત. વર્ગમાં ફેનીને કોઈપણ બહેનપણી ન બોલાવે તો ફેની મનમાં મુંઝાઈ જાય છે.

**(3) સામાજિક જરૂરિયાત :**

માણસ એક સામાજિક પ્રાણી છે. સમાજ સિવાય તેને ચાલી શકે નહીં સમાજમાં સારી રીતે જીવવા માટે તેને એકબીજાના સહકારની જરૂર પડે છે. બીદજાં લોકો પોતાને સારી રીતે રાખે તેવું તે ઇચ્છે છે. બાળક ઘરેથી શાળાએ આવે ત્યારે શાળામાં, વર્ગના બાળકો તેના પ્રત્યે સારું વર્તન રાખે તેવી તેની ઇચ્છા હોય છે.

**(4) સાંવેગિક જરૂરિયાત :**

બાળકમાં પ્રેમ, હૂંફ, લાગણી, કદર, પ્રશંસા વગેરે સાંવેગિક જરૂરિયાત છે. આ જરૂરિયાતો ન સંતોષાય તો પણ વ્યક્તિ અનુકૂલન સાધી ન શકે દા.ત વર્ગમાં રાહુલે સરસ વક્તવ્ય આપ્યા પછી પણ શિક્ષક બે સારા શબ્દો ન બોલ્યા યા તો પ્રશંસા ન કરી તો સ્વભાવિક રીતે રાહુલના મનમાં શિક્ષક પ્રત્યે ગુસ્સો આવી શકે છે. તેને ધ્યાનમાં રાખીને યોગ્ય સુદૃઢીકરણનો ઉપયોગ કરવો જોઈએ, જેથી કરીને બાળકોની જરૂરિયાતો પૂર્ણ કરી શકાય છે અને શિક્ષણ કાર્યમાં તેનો રસ મણવી શકાય.

## 12.7 અનુકૂલન સાધવાની પ્રયુક્તિઓ :

વ્યક્તિની જરૂરિયાત પૂર્ણ ન થાય ત્યારે વ્યક્તિમાં હતાશા આવે છે. આ સંજોગોમાં વ્યક્તિ તેમાંથી નીકળવાનો પુરેપુરો પ્રયત્ન કરે છે. આ પ્રયત્ન મનોવૈજ્ઞાનિક પ્રયુક્તિઓ દ્વારા કરવામાં આવે છે. જેને આપણે અનુકૂલનની પ્રયુક્તિ કે અનુકૂલનના માર્ગો કહી છીએ. આ અનુકૂલન સાધવાનો માર્ગ સારો કે ખરાબ હોઈ શકે છે.

અનુકૂલન સાધવાના બે માર્ગો છે.

**(1) લક્ષ્ય કેન્દ્રિત પ્રવૃત્તિ :**

જ્યારે વ્યક્તિ નિષ્ફળતા પામે છે, ત્યારે તે માનસિક તંગદિલીનો ભોગ બને છે. માનસિક તંગદિલી ઘટાડવા નિષ્ફળતાનું પૃથ્થકરણ કરી કારણો શોધી અને નિવારવાનો પ્રયત્ન કરે છે.

**દા.ત. ''નબળા મનના માનવીઓમ માત્ર ઈચ્છા કરીને અટકી જાય છે, જ્યારે મહાન આત્માઓ પ્રબળ ઈચ્છા શક્તિનો અમલ કરે છે.''** ***- ચીની ઉક્તિ***

આમ આ વાક્ય દ્વારા કહેવામાં આવ્યું છે કે નબળા મનના વ્યક્તિ ઈચ્છા કરીને અટકી જાય છે અને મહાન વ્યક્તિઓ ઈચ્છાનો અમલ કરે છે.

આમ વ્યક્તિને તેના લક્ષ્ય કે ધ્યેય આડે આવતાં, અવરોધો શોધીને, અવરોધો દૂર કરવાના ઉપાયો શોધે છે.

માટે મોડા તો મોડા પણ કામિયાબ બનો. કેમ કે વર્ષો પછી પણ માણસો મળશે તો તમારી હેસિયત જ પૂછશે તબિયત નહી.

**(2) બચાવ પ્રયુક્તિઓ :**

આવી વ્યક્તિને જરૂરિયાત કે લક્ષ્યની પ્રાપ્તિ નથી, પરંતુ વ્યક્તિ હતાશામાંથી રાહત મેળવવાનો પ્રયત્ન કરે છે. આવી પ્રવૃત્તિઓ આભાસી પ્રયુક્તિઓ છે. જેનાથી વ્યક્તિ પોતાની નિષ્ફળતાને ઢાંકવાનો પ્રયાસ કરે છે તેના દ્વારા માનસિક શાંતિ મળે છે. પરંતુ પરિસ્થિતિ સુધરતી નથી. આ પ્રયુક્તિઓને આપણે ''બચાવ પ્રયુક્તિઓ'' કહીશું તેની સંકલ્પના ફ્રોઈડે ઇ.સ.1959 માં વિકસાવી હતી. જેનો ઉપયોગ આત્મા છેતરપિંડી અને વાસ્તવિકતામાં વિકૃતિ, અસુખદાયી સંવેગો સામે રક્ષણ માટે કરવામાં આવે છે. પરિણામે સમસ્યાનો ભાગ્યે જ ઉકેલ આવે છે.

**વ્યાખ્યાઓ :**

જેના દ્વારા લોકો તેમના હેતુઓ સિદ્ધ કરે, તંગદિલી હળવી કરે અને સંઘર્ષ દૂર કરે તેને અનુકૂલન પ્રયુક્તિઓ કહેવામાં આવે છે.

"Mechanisms are concerned with managing in some way the impulses whose direct and natural expressing give rise to anxiety" **- P.H. Symonds**

- વ્યક્તિ જેના દ્વારા હતાશા - વૈફલ્ય કે માનસિક તંગદિલમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરે છે.
- જેનાથી વ્યક્તિની હતાશા કે તંગદિલી દૂર થાય છે.
- જેનાથી વ્યક્તિ પોતે નીચી ન પડે. તેનો અહ્મ ન ઘવાય તે રીતે માનસિક તંગદિલી કે સંઘર્ષને દૂર કરવાનો પ્રયત્ન કરે છે.
- જ્યારે આવી બચાવ પ્રયુક્તિઓનો અતિરેક થાય છે, ત્યારે તેમાંથી વિકૃતિઓ જન્મે છે. આ વ્યક્તિ અને સમાજ માટે નુકસાપ્નકારક સાબિત થાય છે.

**(1) ક્ષતિપૂર્તિ (Compensation) :**

વ્યક્તિને જ્યારે એક ક્ષેત્રમાં હતાશા કે નિરાશા સાંપડે ત્યારે, તે બીજા ક્ષેત્રમાં વધુ સિદ્ધિ મેળવવા પ્રયત્નશીલ બને છે. જેને ક્ષતિપૂર્તિ કહે છે.

દા.ત. અભ્યાસમાં નબળી ગણાતી સોનલ સંગીતમાં પ્રાવીણ્ય મેળવીને સમાજનું ધ્યાન પોતાના તરફ આકર્ષે છે. એક ક્ષેત્રમાં નિષ્ફળ જનાર બીજા ક્ષેત્રમાં ઉત્તમ સફળતા મેળવી ઉણપને ઢાંકવાનો પ્રયત્ન કરી સંતોષ મેળવે છે. આ પ્રયુક્તિ દ્વારા સારું ક્ષેત્ર પસંદ કરે તો ફાયદાકારક છે. પરંતુ તે અયોગ્ય ક્ષેત્ર પસંદ કરે તો તે નુકસાનકારક છે. અભ્યાસમાં નિષ્ફળ વિદ્યાર્થી હડતાલો પાડે, તોફાનો કરાવે આ બચાવ પ્રયુક્તિ છે. તેનાથી મૂળ જરૂરિયાતો સંતોષાતી નથી.

**(2) તાદાત્મ્ય (Identification) :**

વ્યક્તિનો અન્ય વ્યક્તિ, સંસ્થા કે વિચાર સાથેનો એકાત્મભાવ એટલો ગાઢ બને છે કે તે પેલી અન્ય વ્યક્તિ કે સંસ્થાની સિદ્ધિને પોતાની સિદ્ધિ માનતી થઈ જાય છે. તેને તાદાત્મ્ય કહેવામાં આવે છે. જેની સાથે તાદાત્મ્ય કેળવાયું હોય તેના સુખદુઃખ હર્ષ-શોક ઉન્નતિ - અવનતિઅને તેના આવેગો વિચારોને વ્યક્તિ પોતાના માનતી થઈ જાય છે.

તાદાત્મ્યની જરૂર એટલા માટે પડે છે કે વાસ્તવિક પરિસ્થિતિમાં વ્યક્તિ પોતાની ઇચ્છાઓ સંતોષવાનો પ્રયત્ન કરે છે. બીજાઓની લાગણીઓ અને ભાવો વ્યક્તિ પોતે અનુભવે છે.

સામાન્ય રીતે મુગ્ધાવસ્થાનાં કે તરૂણાવસ્થાનાં બાળકો સહજતાથી તાદાત્મ્ય અનુભવે છે.

## 12.8 સારાંશ :

આમ તો બાળક હોય કે પ્રૌઢ પરંતુ દરેક વ્યક્તિ સમાજમાં અનુકૂલન સાધવાનો પ્રયાસ કરે છે. ક્યારેક તેને તેમાં સફળતા કે નિષ્ફળતા પ્રાપ્ત થાય છે. એટલે તેની અસર અભ્યાસ પર થાય છે. તેવી જ રીતે વ્યક્તિને તેની જરૂરિયાત કે લક્ષ્યની પ્રાપ્તિ થતી નથી. પરંતુ વ્યક્તિ હતાશામાંથી રાહત મેળવવાનો પ્રયત્ન કરે છે.

## 12.9 તમારો પ્રગતિ ચકાશો :

(1) લક્ષ્ય કેન્દ્રિત પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીના જીવનમાં કયું પરિવર્તન લાવી શકાય?

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

## 12.10 નિબંધ પ્રકારના પ્રશ્નો ઉત્તરોના મુદ્દા સાથે

પ્ર.1 અનુકૂલન વ્યક્તિના લક્ષણો જણાવો.

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

............................................................................

(1) અનુકૂલન સાધનારી વ્યક્તિના લક્ષણો

(1) શારીરિક તંદુરસ્તી (2) કાર્યક્ષમતા (3) મનોવૈજ્ઞાનિક સંતુલન (4) સામાજિક સ્વીકૃતિ

(2) અપાનુકૂલિત વ્યક્તિનાં લક્ષણો :

(1) શારીરિક લક્ષણો (2) વર્તન દોષ (3) સાંવેગિક લક્ષણો

પ્ર.2 બચાવ પ્રયુક્તિઓ વ્યક્તિ માટે 'સેફ્ટીવાલ્વ' ની ગરજ સારે છે.

(1) તાદાત્મ્ય (2) ક્ષતિપૂર્તિ (3) આક્રમકતા (4) દિવાસ્વપ્ન (5) ઉર્ધ્વીકરણ (6) આરોપણ

(7) શારીરિક દર્દ (8) દમન (9) પ્રતિક્રિયા (10) વૈયકિતકીકરણ (11) અલિપ્તતા

(12) અહમ્ કેન્દ્રીયપણું

**ટૂંકા પ્રશ્નો**

(1) અનુકૂલન સમસ્યાનાં કારણો જણાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

(2) વ્યક્તિના જીવનમાં માર્ગદર્શનની ભૂમિકા સમજાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

**અતિ ટૂંકા પ્રશ્નો**

(1) અનુકૂલનની કોઈ એક વ્યાખ્યા જણાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

(2) માર્ગદર્શનનો અર્થ સમજાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

**હેતુલક્ષી પ્રશ્નો**

(1) સાંવેગિક જરૂરિયાતો કઈ હોઈ શકે ?

(A) પ્રેમ (B) સ્વતંત્રતા

(C) સુમેળ (D) સલામતી

**12.11 સ્વાધ્યાય**

(1) મનોવૈજ્ઞાનિક સંતુલન એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(2) માર્ગદર્શનના પ્રકારો જણાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

(3) અલિપ્તતા એટલે શું? તમારા શબ્દોમાં જણાવો?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ES-101
# અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન

વિભાગ

# 4

## અધ્યેતાને સલાહ અને માર્ગદર્શન


એકમ-13 અધ્યેતાને સલાહ અને માર્ગદર્શન

એકમ-14 માર્ગદર્શનની જરૂરિયાત

એકમ-15 સલાહદર્શન સેવાનું મોડલ

એકમ-16 વિશેષ જરૂરિયાતવાળા બાળકો

**ES-101, અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન (વિભાગ-4)**


| **લેખક** | |
|---|---|
| **ડૉ. શામળભાઈ એલ. સોલંકી** | એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રાજુભાઈ એલ. પારગી** | સર્વોદય કૉલેજ ઓફ એજ્યુકેશન, ડેરોલ સ્ટેશન, જી. પંચમહાલ |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. હિરલકુમાર એમ. બારોટ** | શેઠ એમ.એન. સી. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ, વડોદરા. |
| **સંપાદન અને સંયોજન** | |
| **પ્રો. (ડૉ.) અજીતસિંહ પી. રાણા** | નિયામકશ્રી (શિક્ષણશાસ્ત્ર) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |
| **સંયોજન સહાય** | |
| **ડૉ. મીના આઈ. રાજપૂત** | ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી. અમદાવાદ. |



**પ્રકાશક :** કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-382481

**આવૃત્તિ :** પ્રથમ આવૃત્તિ-2020, **નકલ :** 1200
દ્વિતીય આવૃત્તિ-2021, **નકલ :** 1200

**ISBN : 978-93-5598-051-9**



Copyright © Registrar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad.
December 2020

While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this Self Learning Material. Readers are requested to kindly notify missing attribution, if any.

## ES-101 અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન

**વિભાગ-1 અધ્યેતાનો વિકાસ**

એકમ-1 વૃદ્ધિ અને વિકાસની લાક્ષણિકતાઓ

એકમ-2 વ્યક્તિત્વ વિકાસ

એકમ-3 જ્ઞાનાત્મક અને ભાષાકીય વિકાસ

એકમ-4 અધ્યેતાની વ્યક્તિગત ભિન્નતા

**વિભાગ-2 અધ્યેતા અને વિકાસનું મનોવિજ્ઞાન**

એકમ-5 અધ્યયન પ્રતિક્રિયા

એકમ-6 વૈયક્તિક અધ્યયન માટેની ટૅકનોલોજી

એકમ-7 અધ્યયન શૈલી

એકમ-8 ઝડપી અને ધીમી ગતિએ શિક્ષણ

**વિભાગ-3 અધ્યેતા માહિતીનાં સંસ્કરણ કર્તા તરીકે**

એકમ-9 માહિતીના સ્વરૂપો

એકમ-10 અધ્યેતાના મનોવૈજ્ઞાનિક લક્ષણો

એકમ-11 અધ્યેતાનું સામાજિક મનોવિજ્ઞાન

એકમ-12 અધ્યેતાની સમસ્યાઓ

**વિભાગ-4 અધ્યેતાને સલાહ અને માર્ગદર્શન**

એકમ-13 અધ્યેતાને સલાહ અને માર્ગદર્શન

એકમ-14 માર્ગદર્શનની જરૂરિયાત

એકમ-15 સલાહદર્શન સેવાનું મોડલ

એકમ-16 વિશેષ જરૂરિયાતવાળા બાળકો

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઉચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

એકમ 13

# અધ્યેતાને સલાહ અને માર્ગદર્શન

## : રૂપરેખા :

13.1 ઉદ્દેશ્યો

13.2 એકમના પારિભાષિક શબ્દો

13.3 પ્રસ્તાવના

13.4 અનૌપચારિક મૂલ્યાંકન - અહેવાલ

13.5 ચિંતનાત્મક રોજનીશી

13.6 અવલોકન

13.6.1 ક્રમ માપદંડ

13.6.2 પ્રસંગનોંધ

13.6.3 અન્ય ઉપકરણો

13.7 મુલાકાતના પ્રકારો

13.8 સામાજિક્તામિતિ

13.9 ઔપચારિક સાધનો

13.10 મનોવૈજ્ઞાનિક કસોટીનું સ્વરૂપ

13.11 અભિયોગ્યતા માપન માટે ત્રણ અભિગમો

13.12 ગુજરાતમાં અભિયોગ્યતા કસોટીઓ

13.13 મનોવૈજ્ઞાનિક કસોટીઓનું સંચાલન

13.14 ગુજરાતી ભાષામાં સુલભ કસોટી

13.15 મનોવૈજ્ઞાનિક કસોટીનો ઉપયોગ

13.16 ઉપસંહાર

13.17 તમારી પ્રગતિ ચકાસો

13.18 નિબંધ પ્રકારના પ્રશ્નો ઉત્તરોના મુદ્દા સાથે

13.19 સ્વાધ્યાય

## 13.1 ઉદ્દેશ્યો :

- અનૌપચારિક મૂલ્યાંકન માટેના ઉપકરણોથી માહિતગાર થશે.
- પ્રત્યેક ઉપકરણના ઉપયોગથી અવગત થશે.
- પ્રત્યેક ઉપકરણના ઉપયોગની મર્યાદાને જાણશે.
- ગુજરાતમાં પ્રાપ્ય મનોવૈજ્ઞાનિક કસોટીઓથી જાણકારી પ્રાપ્ત કરશો. અને તેના સંચાલનથી સુપેરે માહિતગાર થશે.

## 13.2 એકમના પારિભાષિક શબ્દો :

- ક્રમ માપદંડ, ચિંતનાત્મક રોજનીશી, સામાજિકતામિતિ, અભિયોગ્યતા

## 13.3 પ્રસ્તાવના :

કોઈપણ પ્રકારના સંશોધન નો અભ્યાસ હાથ ધરવા માટે માહિતી એકત્રિત કરવી પડે કે જેની મદદથી ઉત્કલ્પનાઓની ચકાસણી થઈ શકે. આ માહિતી ઉપકરણો દ્વારા એકત્રિત કરી શકાય. આ ઉપકરણોનો ઉપયોગ માહિતીના વર્ણન અને સાંવેગિકરણના અલગ-અલગ માર્ગો દર્શાવે છે. જેથી સંશોધનના પ્રત્યેક ઉપકરણથી પરિચિત થવું રહ્યું. આથી પ્રસ્તુત એકમમાં અહીં અનૌપચારિક ઔપચારિક ઉપકરણો તથા મનોવૈજ્ઞાનિક કસોટીઓની ચર્ચા કરવામાં આવી છે.

## 13.4 અનોપચારિક મૂલ્યાંકન :

અનૌપચારિક કસોટી શિક્ષણ કાર્યનાં અંતર્ગત એક ભાગરૂપે થતી પ્રક્રિયાને અનૌપચારિક કસોટી કહેવાય છે. અનૌપચારિક મૂલ્યાંકન એટલે ઔપચારિક નહીં તેવું મૂલ્યાંકન. આવા મૂલ્યાંકનમાં નથી કોઈ શિક્ષક, નથી શાળા કે નથી ચોક્કસ અભ્યાસક્રમ, નથી કોઈ ચોક્કસ શિક્ષણ પદ્ધતિ, આવા મૂલ્યાંકન માટે કોઈ વય કે સમયગાળો સુનિશ્ચિત નથી. આવું મૂલ્યાંકન હકારાત્મક પણ હોઈ શકે અને નકારાત્મક પણ અનૌપચારિક મૂલ્યાંકન કરવા માટેનાં વિવિધ સાધનો છે. જેમાં ઓળખયાદી, ક્રમમાપદંડ, સામાજિકતામિતિ, પ્રસંગનોંધ, અવલોકન અને મુલાકાતનો સમાવેશ થાય છે.

### 13.4.1 અહેવાલ :

વ્યાવસાયિકો, વહીવટ કર્તાઓ, સંશોધકો માટે અહેવાલ લેખન ઉપર પ્રભુત્ત્વ મેળવવું અનિવાર્ય છે. અહેવાલની ભાષા શૈલી ઉપરાંત સામગ્રીનું આયોજન, ગોઠવણ રજૂઆત અને તેની સમગ્ર સંરચનાને સમજવી જરૂરી છે. અહેવાલ લેખનમાં કોઈક ચોક્કસ પ્રસંગ કે ઘરના કેન્દ્રમાં હોય છે. એ માટે કે પ્રસંગની વિગતો ભેગી કરવામાં આવે છે. માહિતી મેળવવામાં આવે છે. અને તેની પ્રમાણભૂત રજૂઆત કરવામાં આવે છે. અહેવાલમાં વિગતો અને માહિતી જ કેન્દ્રમાં આવે છે. તેમાં લખનારનો વ્યક્તિગત અભિગમ કે અભિપ્રાય વ્યક્ત થતો નથી.

- **અહેવાલના હેતુઓ :**

અહેવાલ લેખનનો મુખ્ય હેતુ કોઈ ઘટનાની કે પ્રસંગની તપાસ, અભ્યાસ કે સંશોધનનો કાયમી હિસાબ રાખે છે. અહેવાલ કોઈ કાર્યના અંતે તેનું હાર્દ દર્શાવવા તૈયાર કરવામાં આવતો નથી. પણ તે કાર્યનું જ એક અવિભાજ્ય અંગ છે. અહેવાલએ સમગ્ર કાર્યનું એક model છે અને અહેવાલ તૈયાર કરવો તે એક પ્રોજેક્ટની અંદર રહેલ નાનો પ્રોજેક્ટ છે. શરૂઆતથી અંત સુધી કોઈ કાર્યની સાથે રહી તેની નાનામાં નાની વિગતોની નોંધ લઈ અહેવાલ દ્વારા તેની પ્રમાણભૂતતા રજૂ કરવામાં આવે છે. તેથી જ કોઈ મહત્ત્વના નિર્ણયો લેવા માટે અહેવાલ અગત્યની માહિતી પૂરી પાડે છે.

- **અહેવાલમાં આવરી લેવાતા અગત્યની માહિતી :**

આપણે અગાઉ જોયું તેમ અહેવાલમાં ઘરના કે પ્રસંગોની વિગતો ભેગી કરવામાં આવે છે, માહિતી મેળવવામાં આવે છે. તો તેમાં કઈ માહિતી આવરી લેવામાં આવે છે. તેની વિગત જોઈએ.

- **પૂર્વની માહિતી :**

કોઈ કાર્ય શરૂ કરતાં પહેલાં તેના ઉદ્દેશ અનુસાર તે કે, તેના જેવાં થયેલ કાર્યની મળતી માહિતી અત્યંત આવશ્યક છે. તેની અગાઉના અહેવાલો, અખબારી નોંધ, એના જેવા અન્ય વ્યાપારી કે તક્નિકી લેખા, જર્નલ્સ વગેરે જોવું જોઈએ. જે કામ અંગે થયેલ પત્ર - વ્યવહાર જોવો પણ આવશ્યક છે.

- **આયોજનની માહિતી :**

કોઈ કાર્યનો નવો અહેવાલ લખતાં પહેલાં તે કાર્યના આયોજનની માહિતી જોવી જરૂરી છે. આયોજન વખતે તેમાં આવરી લેવાતાં વિષયોની સૂચિ જોવી જરૂરી છે. એ કાર્યમાં કયા લોકોનો સંપર્ક કરવામાં આવ્યો હશે. તેની માહિતી હોવી જરૂરી છે. વળી એ કાર્યનો મૂળભૂત પ્લાન જેવો પણ

જરૂરી છે. એ કાર્યને લગતી નોટ્સ અને પત્ર વ્યવહાર જોવાથી અગત્યની માહિતી મળી રહે છે.

- **સામગ્રી :**

આ કાર્યમાં ઉપયોગમાં લેવાયેલ સામગ્રી જોવી જરૂરી છે. તેમાં દર્શાવેલ હકીકતો અને આંકડાઓ, ચાર્ટ્સ, પ્રયોગોનાં પરિણામો, પૂર્ણ થયેલ પ્રશ્નાવલિ વગેરે દસ્તાવેજો રૂપે તારણ માટે આપવા જરૂરી છે.

- **વિકાસનો અહેવાલ :**

કોઈ કંપનીના અહેવાલમાં સમયાંતરે કાર્યના વિકાસની રૂપરેખા બતાવી તેના વિકાસ પર ધ્યાન દોરવું જરૂરી છે. એ રૂપરેખા જ તેના વિકાસની દિશા સૂચવે છે. ઉપર દર્શાવેલ વિગતો અંતિમ અહેવાલ લખવામાં મદદરૂપ થાય છે. અંતિમ અહેવાલ આ બધી વિગતો પર આધારિત છે. આ વિગતો ઉપરથી જ તારણ પર આવી શકાય છે.

- **અહેવાલનું બંધારણ અને પ્રકારો :**

**પ્રસ્તાવના :** કોઈ પ્રસંગ કે ઘટનાનો અહેવાલ લખવામાં આવે છે ત્યારે તેનું એક ચોક્કસ બંધારણ હોય છે. અહેવાલના મુખ્ય ભાગ ઉપરાંત અહેવાલનાં પ્રકરણોનું વિભાગીકરણ આ પ્રમાણે થવું જોઈએ.

પ્રસંગ કે ઘટનાનો સાર Summaries ઉદાહરણો - illustrations ઉપયોગી આકૃતિઓ diagrams જરૂરી પરિશિષ્ટો

આ ઉપરાંત અહેવાલનો જે મુખ્ય ભાગ છે તેની પણ વ્યવસ્થિત ગોઠવણી હોવી જરૂરી છે. જે પ્રસંગ કે ઘટનાનો અહેવાલ લખવાનો છે. તેની તત્કાલીન વ્યવસ્થા શું છે ? તેનું વર્ણન કરવું જોઈએ. તેને અનુરૂપ આકૃતિઓ, ચાર્ટ્સ વગેરે દર્શાવવાં જોઈએ. આ ઉપરાંત તેની સામગ્રીમાંથી નમૂનાની સામગ્રીનું પૃથ્થકરણ દર્શાવવું જોઈએ. જો કોઈક કારણસર મોડું થયું હોય તો તેના કારણો અને સંજોગો પણ દર્શાવવાં જોઈએ. આ ઉપરાંત એ પ્રસંગ કે ઘટના અંગેના સંભવિત ઉપાયો પણ દર્શાવવાં જોઈએ અને આગળ શું કરવું તેની ભલામણો પણ દર્શાવવી જોઈએ.

જુદાં જુદાં પ્રસંગો કે ઘટનાની માહિતીના અહેવાલ લખવામાં આવે છે એ રીતે જોતાં અહેવાલના મુખ્યત્વે પાંચ પ્રકાર પાડવામાં આવે છે.

(1) કોઈ પ્રસંગ કે ઘટનાનો અહેવાલ - દા.ત. અકસ્માત રાજકીય ઘટના વગેરે.

(2) કોઈ વ્યક્તિનો કે તેની વ્યક્તિગત કામગીરીનો દા.ત. બિઝનેશનો અહેવાલ કે તપાસનો અહેવાલ

(3) આગામી ઘટના કે પ્રસંગની યોજનાનો અહેવાલ - પ્રોજેક્ટ રિપોર્ટ

(4) ચર્ચા કે સભાનો અહેવાલ, મીટીંગનો અહેવાલ

(5) સંશોધનનો અહેવાલ - રિસર્ચ રીપોર્ટ

**કોઈ પ્રસંગ કે ઘટનાનો અહેવાલ :**

આ પ્રકારના અહેવાલમાં કોઈ ચોક્કસ ઘટના બની ગઈ હોય તો તેની વિગતોની રજૂઆત કરવામાં આવે છે. દા.ત. રેલ અકસ્માત આ પ્રકારના અહેવાલમાં પહેલાં તો ચોક્કસ અને પ્રમાણભૂત વિગતો ભેગી કરવામાં આવે છે. પછી એ આખી ઘટનાનું વર્ણન કરવામાં આવે છે અને અંતે તેનાં કારણો અને તેની સંભવિત અસરોની ચર્ચા કરવામાં આવે છે. પ્રસંગનું વર્ણન કરતાં કરતાં આખી ઘટનાનું પૃથક્કરણ પણ કરવામાં આવે છે. ક્યારેક એ ઘટના અંગે કેટલાંક મહાનુભાવોના મંતવ્યો ભેગા કરી તેની પણ રજૂઆત કરવામાં આવે છે, અને જરૂર જણાય તો એવી જ કોઈ અન્ય ઘટનાની સાથે તેની તુલના પણ કરવામાં આવે છે. આ પ્રકારના અહેવાલના લખાણમાં દરેક વિગતો માટજુદાં જુદાં પરિચ્છેદ કરવાં જોઈએ. કોઈ મહત્ત્વની રાજકીય ઘટનાનો અહેવાલ લખવાનો હોય ત્યારે ખાસ સાવચેતી રાખવી જોઈએ. કારણકે આવી મહત્ત્વની ઘટનાને દરેક વ્યક્તિ પોતાના દૃષ્ટિકોણથી જોતી

હોય છે. પરંતુ અહેવાલ લેખકે તેનું યોગ્ય અર્થઘટન કરવું જોઈએ. અને તેનો વ્યક્તિગત અભિપ્રાય દર્શાવવો જોઈએ નહિ. માત્ર સાચી હકીકતોની જ રજૂઆત તેણે કરવી જોઈએ.

**ચર્ચા કે સભાનો અહેવાલ - કામગીરીનો અહેવાલ :**

આ પ્રકારના અહેવાલને તપાસ અહેવાલ પણ કહી શકાય. કોઈ એ અવ્યક્તિ કોઈ સંસ્થા માટે અથવા જાહેર કાર્યો માટે કરેલ કામગીરીની હંમેશા નોંધ લેવાતી હોય છે.

ખાસ કરીને વ્યક્તિએ કામ માટે વેતન મેળવતી હોય ત્યારે તેની કામગીરીની નોંધ તેને વેતન આપનાર વ્યક્તિ કે સંસ્થા રાખતી હોય છે. સામાન્ય રીતે એ વ્યક્તિની ચોક્કસ સમયનાં અંતેર (દા.ત. વાર્ષિક) કામગીરીની નોંધ સંસ્થા દ્વારા લેવાતી હોય છે. અને એ દ્વારા તેણે કરેલ કામનો અંદાજ કાઢી તેને બઢતી વગેરે મળ છે.

એ જ રીતે કોઈ વ્યક્તિ પોતાના ધંધામાં હોય તો તે પણ પોતાની કામગીરીની નોંધ રાખતી હોય છે. એજ રીતે સંસ્થા કે કંપની પોતાનો વાર્ષિક અહેવાલ તૈયાર કરતી હોય છે. પોતાની કંપનીએ વર્ષમાં કેટલો ખર્ચ કર્યો, કેટલો નફો કર્યો, કેટલું નુકસાન કર્યું. એની પણ નોંધ રાખતી હોય છે. અને પોતાની આવક-જાવકના હિસાબો, ખાસ એના શેર-હોલ્ડરો અથવા તો લાગતા -વળગતા કે સંબંધિત સભ્યોને પહોંચાડતી હોય છે. એ ઉપરાંત કંપનીએ કરેલ આર્થિક કે સામાજિક કે અન્ય કોઈ વિકાસ કે પ્રગતિની પણ નોંધ લેવામાં આવે છે. પરદેશ સાથે સંબંધ ધરાવતી કંપની હોય તો તેની પણ નોંધ લેવાય છે. અને અન્ય કયા દેશોમાં એનો કેવો અને કેટલો વિકાસ થયો છે વગેરે દર્શાવવામાં આવે છે.

એજ રીતે સરકારી કે અર્ધસરકારી સંસ્થા દ્વારા કોઈ ઘટનાની તપાસ કરવા માટે કાઈ કર્મચારીની નિમણૂક થાય છે. ત્યારે તે અહેવાલ બનાવે છે, તેને પણ આપણે કામગીરીના અહેવાલ તરીકે મૂલવી શકીએ. ઘટનાને લગતી જે કંઈપણ કામગીરી થઈ ચૂકી છે અને થઈ રહી છે. તેની નોંધ તે અહેવાલમાં લેવામાં આવે છે.

**આગામી યોજના કે પ્રોજેક્ટનો અહેવાલ :**

વિકાસ માટે આયોજન ખૂબ જરૂરી છે. તેથી કોઈપણ યોજના અમલમાં મુકતાં તેનું આયોજન કરવું પડે છે. એ યોજના સરકારી કે બિનસરકારી કોઈપણ હોઈ શકે છે. જો સરકારી હોય તો તેણે નિષ્ણાંતો દ્વારા એ યોજનાનો અંદાજિત ખર્ચ કઢાવવો પડે છે, અને તેની આવકના સાધનો અંગે વિચારવું પડે છે, એ યોજનાથી થતાં લાભ અને ગેરલાભ વિશે પણ વિચારવું પડે છે. એ યોજનાને કારણે પડનારી અસરો અને પ્રજાને થનારા લાભ અને ગેરલાભની નોંધ સરકાર સમક્ષ મૂકવી પડે છે. એનો આખો અહેવાલ બનાવી પ્રજા સમક્ષ મૂકવો પડે છે. (દા.ત. નર્મદા યોજના )

જો કોઈ બિનસરકારી સંસ્થા કોઈ યોજના અમલમાં મૂકવા માંગે તો તે અંગે તેણે આયોજન કરવું પડે છે. અને તે યોજનાનો આવક-જાવકનો હિસાબ તેમજ તેની સમાજ પર પડનારી અસરો અને પ્રજાને તેનાથી થનાર લાભ અને ગેરલાભની નોંધ સરકાર સમક્ષ મુકવી પડે છે. એનો આખો અહેવાલ બનાવી (પ્રોજેક્ટ રિપોર્ટ) સરકારની તેના પર મંજુરી લેવી પડે છે.

**સંશોધનનો અહેવાલ :**

સંશોધન કર્યા પછી તેની યોગ્ય રજૂઆત કરવી તે ખૂબ અગત્યનું છે. યોગ્ય રજૂઆત વગર સંશોધન અધૂરું રહે છે. વાચક સમજી શકે એ રીતે સંશોધનની રજૂઆત ન થઈ હોય તો સંશોધન પોતાનું ધ્યેય ચૂકી જાય છે. અને મહત્ત્વનું હોવા છતાં તેનું મહત્ત્વ અંકાતું નથી. સંશોધન-અહેવાલમાં એ સંશોધનની પૂર્વ ભૂમિકા બાંધવામાં આવે છે, અને તેની જરૂર દર્શાવવામાં આવે છે. સંશોધન સૈદ્ધાંતિક અને પ્રાયોગિક રીતે પૂરવાર થયેલું હોવું જરૂરી છે. સંશોધન - અહેવાલમાં સમગ્ર સામગ્રી અને તેની ચર્ચા જરરી નથી, પરંતુ તેના ઉપરથી કાઢવામાં આવેલ તારણો અને સામાન્યીકરણ તથા અપવાદોની નોંધ હોવી જરૂરી છે. વિશેષ કરીને તારણો અને સૂચનો પર ધ્યાન દોરવું જરૂરી હોય છે.

**અહેવાલ - લેખન લખતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

**પ્રસ્તાવના :**

અહેવાલ લેખન એટલે પ્રસંગાલેખન સામાન્ય રીતે કોઈ પ્રસંગ કે ઘટના જે રીતે બની હોય તે રીતે તેનું પૂરેપૂરું વર્ણન કરવામાં આવે છે. તે લખાણ અહેવાલ બને છે. એમાં બનેલી ઘટના કે વ્યકત પ્રસંગનું ક્રમિક વિગતવાર અને જરૂરી જેટલી લંબાઈમાં બયાન આપવાનું હોય છે. આ બયાન પુરી માહિતી સાથે અને અસરકારક ભાષામાં આપવું જોઈએ. એમાં તારીખ, સમય, સ્થળ, હાજર હોય એ વ્યક્તિ એટલી બાબતમાં ચોક્સાઈ જરૂરી છે. અહેવાલ સારી રીતે લખી શકાય એ માટે નીચેની કેટલીક બાબતો ધ્યાનમાં રાખવાં જેવી છે.

**મહત્ત્વની બાબતો :**

(1) પ્રસંગ લેખનમાં (અહેવાલ લેખનમાં જે પ્રસંગ કે ઘટના જે રીતે બની હોય તેનું થોડા શબ્દોમાં પૂરેપૂરું વર્ણન રજૂ થાય છે. પ્રસંગની રજૂઆત અસ્પષ્ટ લાગે કે અધૂરી જણાય એવું સાવ ટૂંકું વર્ણન કે નિરર્થક વિસ્તારી વર્ણન નિરર્થક બને છે. એટલે પ્રસંગની સંક્ષેપમાં છતાં સંપૂર્ણ રજૂઆત થાય એ હેતુથી પ્રમાણસર અહેવાલ તૈયાર કરવો જોઈએ.

(2) બનેલો પ્રસંગ કે ઘટના એક વાસ્તવિક બાબત હોવાથી તેના વર્ણનમાં નક્કર અને ચોક્કસ વિગત સાથે કામ પાડવાનું હોવાથી એમાં કલ્પનાને ઝાઝો અવકાશ નથી.

(3) જે ઘટના કે પ્રસંગનો અહેવાલ તૈયાર કરવાનો હોય તે મૂળ બાબતને પહેલાં સમજી લેવી અને તેમાં કઈ કઈ વિગતો રજૂ કરવાની તે નક્કી કર્યા બાદ વિગતને ઘટનાની આરંભથી અંત સુધી ક્રમ બદ્ધ ગોઠવવાથી વર્ણન સંપૂર્ણ બને છે.

(4) પ્રસંગની મુખ્ય વિગત સાથે ગૌણ બાબતોને પરસ્પર સળંગ એકસૂત્રતા જળવાય તે રીતે વિગતોને સાંકળીને માહિતીનું સળંગ ચિત્ર ઉપસાવવું જોઈએ. વળી, દરેક અહેવાલને એક સારું શીર્ષક પણ આપી શકાય.

(5) અહેવાલમાં, વાસ્તવિકતા જાણવા માટે રજૂ થતી સામગ્રીના સમય, સ્થળ તથા વ્યક્તિનાં નામો બને એટલી ચોક્સાઈથી રજૂ કરવાં જોઈએ.

(6) ઘટનાને આરંભ, મધ્ય અને અંતમાં વર્ણવી શકાય. તેના જુદાં જુદાં ફકરાં પાડીને અહેવાલ લખવો જોઈએ.

(7) અહેવાલનું લખાણ સાદું, સરળ અને સ્પષ્ટ બનવું જોઈએ. તથા અલ્પ શિક્ષિત અને સામાન્ય પ્રજાજનો સમજી શકે તેવી ભાષામાં રજૂ થવું જોઈએ.

(8) પ્રસંગ કે ઘટનાનો અહેવાલ લખતી વખતે પોતાનો અંગત અભિપ્રાય દર્શાવી શકાય નહિ કે તેનાં અંગત લખાણની ટેવને પ્રવેશવા દેવાય નહિ.

**'રક્તદાન - શિબિર' વિશે અહેવાલ**

**રક્તદાન - શિબિર**

અમદાવાદ તા. 24.7.2017

અમારી શાળા ન્યૂ વિદ્યાવિહારમાં દર વર્ષે 'રક્તદાન-શિબિર'નું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તા. 12-7-2017ના રોજ અમારી શાળામાં રક્તદાન-શિબિર યોજાઈ હતી. અમારી શાળામાં આચાર્યશ્રીએ શહેરના જાણીતા ડૉક્ટરોને 'રક્તદાન' વિશે વ્યાખ્યાન આપવા માટે બોલાવ્યાં હતાં. આ ડૉક્ટરોએ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું કે રક્તદાન એ શ્રેષ્ઠ દાન છે. તેનાથી કોઈના લાડકવાયાની જિંદગી બચાવી શકાય છે. રક્તદાન કરવાથી આપણા શરીરને કોઈ જ હાનિ થતી નથી. સ્વસ્થ વ્યક્તિ દર ત્રણ માસે 250 મિ.લિ. - જેટલું રક્તદાન આપી શકે છે.

અમારી શાળાના ધોરણ-11 અને ધોરણ-12ના 80 જેટલાં વિદ્યાર્થીઓએ સ્વૈચ્છિક રક્તદાન કર્યું શાળાના જુદાં જુદાં ખંડોમાં રક્તદાતાઓ માટે પથારીઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઠેર ઠેર રક્તદાનની સમજ આપતાં પોસ્ટર્સ લગાડવામાં આવ્યાં હતાં. તેમાં 'રક્તદાન શ્રેષ્ઠદાન' જેવાં અનેક સૂત્રો લખેલાં હતા. રક્તદાન કરનાર વિદ્યાર્થીને ચા અને બિસ્કિટ આપવામાં આવ્યાં હતા. શાળા તરફથી દરેક રક્તદાતાને પ્રમાણપત્ર એનાયત કરી, બોલપેનની ભેટ આપવામાં આવી હતી. કેટલાંક વિદ્યાર્થીઓએ રક્તદાન અંગે પોતાના અનુભવો વર્ણાવ્યાં હતાં. કાર્યક્રમને અંતે આચાર્યશ્રી એ કાર્યક્રમની સફળતા બદલ શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો આભાર માન્યો હતો.

## 13.5 ચિંતનાત્મક રોજનીશી

**(1) પ્રસ્તાવના :**

સાહિત્યની દૃષ્ટિએ રોજનીશી પણ, એક પ્રકારની સાહિત્ય વિદ્યા છે. તેનું જેટલું સાહિત્યિક મહત્ત્વ છે. તેટલું જ તેનું ઐતિહાસિક મહત્ત્વ છે. આજેય ગાંધી દર્શનને સમજવા જેટલું મહત્ત્વ 'સત્યના પ્રયોગો' (ગાંધીજીની આત્મકથા) ને અપાઈ છે. તેટલું જ મહત્ત્વ મહાદેવ દેસાઈ મોહનદાસ કરમચંદ ગાંધીના સેક્રેટરી હતા. તેમણે ગાંધીના પગલે પગલાંની નોંધ રાખી છે. તેનું લેખિત સ્વરૂપ એટલે મહાદેવભાઈની ડાયરી.

જો શિક્ષક પણ પોતાના દૈનિક શિક્ષણકાર્યને તેની ડાયરીમાં ટપકાવે તો એ ડાયરી પણ મહાદેવ દેસાઈની ડાયરી કરતાં જરાય ઓછી કિંમતી ન બને. જો કે શાળામાં શિક્ષકે ડાયરી લખવાનું ફરજિયાત હોય છે. પરંતુ તે ડાયરી લોગબુક રૂપે ઓળખાય છે. શિક્ષક યંત્રવત્ તે લખે છે. તેમાં સ્વનું મિશ્રણ હોતું નથી ડાયરી કે રોજનીશી એને ન કહેવાય એ લોગબુક છે ત્યારે પ્રશ્ન થાય કે રોજનીશી કોને કહેવાય ?

**(2) ચિંતાનાત્મક રોજનીશીનો અર્થ :**

રોજનીશીને ડાયરી પણ કહેવામાં આવે છે. તેમાં તારીખ વાર બનેલી ઘટનાઓનું વર્ણન હોય છે, વ્યવહારોનું વર્ણન હોય છે, વૃત્તાંત હોય છે. ચિંતાનાત્મક રોજનીશીમાં આ બધું તો હોય જ, પરંતુ તેની ઉપરાંત, ડાયરી લેખકના પ્રતિભાવો, પ્રતિચારો અને વિચારણાઓ પણ લખાયેલ હોય છે. તેની રોજનીશીને વ્યક્તિના જીવનનું દર્પણ કહેવામાં આવે છે. રોજનીશી વ્યક્તિના જીવનમાં આવેલાં પરિવર્તનોની તવારીખ છે. ચિંતાનાત્મક શિક્ષક પોતાના તમામ શૈક્ષણિક વ્યવહારો વિશે આત્મલક્ષી ચિંતન કરી રોજનીશીમાં ટપકાવતો હોય છે, પરિણામે રોજનીશી તેના શિક્ષકત્વના વિકાસની ગવાહી બને છે.

રોજનીશીનો ઔપચારિક અર્થ આ મુજબ કરી શકાય. વ્યક્તિત્વ રોજબરોજના જીવનમાં બનતી ઘટનાઓ, નિરીક્ષણો, વ્યવહારો, વગેરે અંગેનું અનુભવજન્ય ચિંતાનાત્મક વર્ણન અને તેને કારણે પ્રભાવિત થતી માન્યતાઓ મૂલ્યાભિમુખતા અને કમિટમેન્ટમાં થતાં વધારાનું લેખન એટલે રોજનીશી.

જીવન વ્યવહારોને પ્રભાવિત કરનારાં બનાવો વિશે કરેલી વિવેચનાત્મક યથાર્થ લેખન એટલે રોજનીશીનું વિષયવસ્તુ.

બેલેન્ટાઈન અને પેકર દ્વારા રોજનીશીનો અર્થ આ રીતે આપવામાં આવ્યો છે. રોજનીશીનું પાયાનું તત્ત્વ ઘટના, બનાવ, પ્રસંગ કે તત્ત્વ સંકલ્પના છે. તેના થકી થયેલ અનુભવનું લેખન એટલે રોજનીશી. રોજનીશી લખનારે હું રોજનીશી શા માટે લખું છું ? .... એ પ્રશ્ને સ્પષ્ટ થવાની જરૂર છે. વેપારીની રોજનીશી જુદાં પ્રકારની હોય, જજ અને વકીલની રોજનીશી તાત્ત્વિક દૃષ્ટિએ સરખી લાગે. પરંતુ તે પણ જુદી જુદી હોઈ શકે. અલબત્ત, બનેલું વિષય વસ્તુ સમાન લાગે પણ તેની ટિપ્પણી જુદી જુદી હોઈ શકે. ચિંતાનાત્મક રોજનીશીમાં બનાવ, ઘટના કે પ્રસંગ તો આધાર છે, મુખ્ય તો છે તત્ત્વવિષયક ચિંતન. જેમ દરિયામાં હિમશીલાનો માત્ર ટોચનો ભાગ દેખાય પણ પાણીની અંદર તેનો મોટા ભાગ ડૂબેલો હોય છે. તેમ ચિંતનાત્મક રોજનીશીમાં બનાવ, ઘટનાકે પ્રસંગ તો પાણીની બહાર દેખાતી ટોચ જેવો છે, પરંતુ તત્ત્વિષયક ચિંતન જળમાં રહેલ મોટો ભાગ છે. તેથી ચિંતનાત્મક રોજનીશીનું મહત્ત્વનું અંગ, ચિંતનાત્મક વિચાર છે.

### (3) રોજનીશીનું સ્વરૂપ / રચના :

રોજનીશીનું સ્વરૂપ જડ નથી બલકે લવચીક છે. જેવો લેખક તેવું તેનું સ્વરૂપ હોઈ શકે. હા, એટલું ખરું કે તેનું બાહ્ય સ્વરૂપ એક સરખું હોય. બાહ્ય સ્વરૂપમાં તારીખ - વાર - સાલ મુજબ લેખન થયું હોય. કેટલાક તો સમયની નોંધ પણ રાખતાં હોય છે. શિક્ષક જો વર્ગખંડની રોજનીશી લખતો હોય તો તેમાં તાસવાર નોંધ થતી હોય છે. તેમાં સંવાદને પણ સ્થાન હોય છે, પાછળ પાછળ જાય તે તત્વબોધ જેવો પણ અભિગમ હોય છે. તેમ છતાં રોજનીશીનું સ્વરૂપ આ રીતે નિર્ધારિત થઈ શકે.

#### (અ) મુદ્દાની ગોઠવણી :

બનાવો એકથી વધુ હોય તો તેના તાર્કિક ગોઠવવામાં આવે છે. બધા બનાવો એક સાથે રજૂ કરી દેવા નહીં તો અંધાધૂંધી સર્જાશે, તેને બદલે બનાવો નો ક્રમશઃ રજૂ કરવાં જોઈએ. બનાવોમાં રહેલા હાર્દરૂપ મુદ્દાઓને ગોઠવવા જોઈએ. શિક્ષક માટે મુદ્દાઓ કરતાં પ્રશ્નો વધુ હોય છે. વર્ગવ્યવહાર એ તો પ્રશ્નોનું જન્મસ્થાન છે. વિદ્યાર્થીઓ તો પ્રશ્નોની હારમાળા છે, તેથી આ બધાને રજૂ કરવા માટે તેમની યોગ્ય ગોઠવણી જરૂરી બને છે.

સમસ્યા લેખન કરતી વખતે રોજનીશી લેખક, શિક્ષક સમસ્યાને શબ્દદેહ આપે છે. ત્યારબાદ સમસ્યાનું સ્વરૂપ નિર્ધારિત કરે છે. એ પછી સમસ્યાઓની લાક્ષણિકતા તારવે છે. તેના આધારે સમસ્યાની ગંભીરતા નક્કી કરે છે. સમસ્યા કયા ક્ષેત્રની છે. તે શોધી કાઢે છે. આ ઉપરાંત સમસ્યા ઉદ્‌ભવનાં કારણો અને તેને અસર કરતાં પરિબળો નોંધે છે.

આમ, સમસ્યાને શબ્દદેહ આપ્યા પછી રોજનીશી લેખનનું બીજું સોપાન એટલે સમસ્યાનું પૃથક્કરણ. અહીં, ચિંતાનાત્મક વિચાર - પ્રક્રિયાનો પ્રવેશ થાય છે. રોજનીશી લેખનનું ચિંતાનાત્મક વિચારસ્તર જેટલું ઊંચું પૃથ્થક્કરણ એટલું વિશદ્ કારણ કે અહીં લેખકના પૂર્વાનુભવનો ઉપયોગ કરવાનો રહે છે. તેના સંદર્ભે સમસ્યાનું પૃથક્કરણ કરવામાં આવે છે. ખરેખર તો આ સોપાને સમસ્યાનું પોસ્ટમોર્ટમ કરવામાં આવે છે. અથવા એમ કહો કે ક્લીનિકલ એપ્રોચથી સમસ્યાને સમજવામાં આવે છે. ત્યારબાદ ત્રીજું સોપાન એટલે વિષયવસ્તુ. રોજનીશીમાં શું લખવું ? સમસ્યા લખવી, સમસ્યાનું પૃથક્કરણ લખવું, પૃથક્કરણને આધારે સમસ્યા વિશેના પ્રતિભાવો લખવા .... વગેરે બાબતોની વિચારણા અહીં કરવામાં આવે છે. રોજનીશી એ કોઈ નવલકથા નથી કે નથી લઘુકથા.

તેથી તેના વિષયવસ્તુ વિશે ગંભીરતાથી વિચારણા થવી જોઈએ. રોજનીશીનું સ્વરૂપ તેના લેખન ઉપર આધાર રાખે છે. તે શુષ્ક ન હોવું જોઈએ, રસપ્રદ હોવું જોઈએ. જે બનાવ, ઘટના કે પ્રસંગમાંથી સમસ્યા ખડી થઈ હોય તેનું સંક્ષિપ્ત પણ સર્વગ્રાહી થવું જોઈએ અને તે સમસ્યા ઉકેલ પણ તર્ક પ્રધાન હોવો જોઈએ તથા એ તર્કોનું વિવરણ પણ રોજનીશીમાં રજૂ થવું જોઈએ.

આ રીતે રોજનીશી રચના ત્રણ સોપાનો થકી થાય છે. રોજનીશીનું સ્વરૂપ તો યાંત્રિકી બાબત છે, પરંતુ તેનું વિષયવસ્તુ તેનો પ્રાણ છે. આ પ્રાણની રચના ચિંતનાત્મક વિચારોના પરમાણુ પ્રસરેલા હોય છે. તેથ જ રોજનીશીથી ચિંતનાત્મક વિચાર ક્ષમતાનો વિકાસ થાય છે. આમ રોજનીશી એ ચિંતાનાત્મક વિચાર ક્ષેત્રે વિકાસનું એક આગવું ઉપકરણ બને છે.

### (4) રોજનીશીના પ્રકારો :

ચિંતનાત્મક વિચાર ક્ષમતાના વિકાસ માટે રોજનીશી મહત્ત્વનું ઉપકરણ છે.

રોજનીશી લેખકના ઉદ્દેશ પ્રમાણે ચિંતનાત્મક રોજનીશીઓ વિવિદ પ્રકાર ને હોય છે. રોજનીશીના ઘણા પ્રકાર પાડી શકાય છે.

**રોજનીશીના પ્રકાર**

- હેતુની દૃષ્ટિએ
  - શિક્ષક જીવનની રોજનીશી
  - વર્ગખંડ રોજનીશી
  - વિશિષ્ટ કાર્યક્રમોની રોજનીશી
- શૈલીની દૃષ્ટિએ
  - વર્ણનાત્મક રોજનીશી
  - સંવાદાત્મક રોજનીશી

હવે પ્રત્યેક પ્રકારની રોજનીશીનો પરિચય મેળવીએ. પ્રથમ હેતુની દૃષ્ટિએ રોજનીશીના પ્રકારો સમજીએ ....

(1) શિક્ષક જીવનની રોજનીશી : શિક્ષક તરીકે નોકરી મળે તેથી કંઈ શિક્ષક બની જવાતું નથી. તેને માટે શિક્ષકત્વ ખીલવવું પડે છે. શિક્ષકત્વની ખીલવણી પણ જાગૃતિપૂર્વકના પ્રયાસથી થાય છે. શિક્ષકત્વની ખીલવણી ક્રમશઃ થાય છે. શિક્ષકત્વની ખીલવણી ધીમે ધીમે થાય છે. એ પ્રયાસનો વૃત્તાંત એટલે શિક્ષક જીવનની રોજનીશી. આ રોજનીશીમાં શિક્ષક પોતાના વ્યવસાયમાં થતાં અનુભવો અંગે જે ચિંતન કરે છે. તેનું આલેખન હોય છે.

**(2) વર્ગખંડ રોજનીશી :**

વર્ગખંડ એ તો એક પ્રકારનો રંગમંચ છે. તેના ઉપર શિક્ષકે વિવિધ પ્રકારના રોલ ભજવવાના હોય છે. જો કે આ રંગમંચ જરા જુદાં પ્રકારનો હોય છે. અહી પ્રેક્ષકો કોઈ નથી. વિદ્યાર્થીઓ પણ પાત્રો હોય છે. તેથી વર્ગખંડ શૈક્ષણિક વ્યવહારો અને અનુભવોનું કલ્પવૃક્ષ બને છે. તેથી શિક્ષક આ બધી બાબતોને ચશ્મદીદ ગવાહ ઉપરાંત ભાગીદાર પણ હોય છે. તેથી રોજનીશીનું વિષયવસ્તુ ભરપૂર મળી શકે છે.

**(3) વિશિષ્ટ કાર્યક્રમ રોજનીશી :**

શાળા એ તો વિશિષ્ટ કાર્યક્રમોનું પ્રાંગણ છે. તેથી વિશિષ્ટ કાર્યક્રમો જેવાં કે સાયન્સ ક્વીઝ રામનુજન ગણિત સ્પર્ધા, સાયન્સ ઓલેપિયાદ, રાષ્ટ્રીય દિનોની ઉજવણી, વૃક્ષારોપણ, સાક્ષરતા મિશન, શહીદ દિન, સાંસ્કૃતિક કાર્યક્રમ, સ્પોર્ટ્સ, વગેરેની ઉજવણી થતી હોય છે. એ સંદર્ભે જે જે તબક્કાએ ચિંતન થયું હોય તેનું આલેખન વિશિષ્ટ કાર્યક્રમની રોજનીશીમાં થઈ શકે છે. શૈલીની દૃષ્ટિએ રોજનીશીના પ્રકારો :

હેતુની દૃષ્ટિએ રોજનીશીના પ્રકારો સમજ્યા. હવે શૈલીની દૃષ્ટિએ રોજનીશીના પ્રકાર સમજીએ. રોજનીશીનો પ્રકાર ગમે તે હોય પરંતુ તેનું વિષયવસ્તુ ચિંતનાત્મક વિચાર આધારિત હોવું જોઈએ. શૈલીની દૃષ્ટિએ રોજનીશીના બે પ્રકાર પાડી શકાય.

(1) વર્ણનાત્મક રોજનીશી (2) સંવાદાત્મક રોજનીશી

**(1) વર્ણનાત્મક રોજનીશી :**

વર્ણનાત્મકનો અર્થ છે. નેરેટિવ લેખન શૈલી, રોજનીશી લેખકે અનુભવેલાં બનાવ પ્રસંગ કે ઘટનાનું સિંહાવલોકન રજૂ કરતાં નથી બલેક ખોજમૂલક વર્ણ કરે છે. એટલે કે બનાવ પ્રસંગ કે ઘટનાનું ઝીણવટભર્યું અવલોકન લેખન તથા તેના અંગેના પોતાના ચિંતનાત્મક પ્રતિભાવો નોંધે છે. વર્ણનાત્મક રોજનીશીની વાચ્યતા ઊંચી હોય છે, વિષયવસ્તુ સમજવું સરળ હોય છે. વર્ણન તાર્કિક ક્રમે રજૂ થયેલ હોય છે. આ વર્ણનને રસમય બનાવવા લેખક અનેક પ્રકારનાં સાહિત્યો વાપરે છે, ઉદાહરણ તરીકે રજૂઆતને ઉદાહરણયુક્ત કરે છે, ભાષા શૈલીમાં રોચકતા લાવે છે, જુદાં જુદાં પ્રકારના વાક્ય વિન્યાસો પ્રયોજે છે.

વર્ણન કરવું એક પ્રકારની કલા છે. વર્ણન શુષ્ક ન બને તે જોવાની વર્ણનકર્તાની જવાબદારી છે. તેથી તેણે વર્ણનને રસમય બનાવવા જાગૃત રહેવું પડે છે. અલબત્ત, શિક્ષક જ્યારે વર્ણનાત્મક શૈલીમાં રોજનીશી લખે છે. ત્યારે તેનું ધ્યાન પ્રસંગ, બાબત કે બનાવ પર હોય છે. શિક્ષણના પ્રસંગો,

બાબતો કે બનાવો મોટે ભાગે નાટ્યાત્મક હોય છે. તેથી તેનું વર્ણન રસમય થઈ શકે છે. વર્ણનાત્મક શૈલીમાં રોજનીશીનું લેખન સહેલું પણ છે.

**(2) સંવાદાત્મક શૈલી :**

નાટકનો આત્મ સંવાદ છે. સંવાદથી ઘટના, પ્રસંગ કે બનાવનું ઉદ્‌ઘાટન નાટ્યાત્મક થાય છે. તેથી સંવાદાત્મક શૈલીથી લખાયેલ રોજનીશી વધુ જીવંત લાગે છે. શિક્ષણના પ્રસંગો નાટ્યાત્મક વધુ હોય છે. તેથી રોજનીશીની સંવાદાત્મક શૈલી વધુ અનુકૂળ બને છે. એટલું જ નહિ, આ શૈલીથી લખાયેલ રોજનીશી વાંચવાની પણ મજા આવતી હોય છે. અહી મહત્ત્વની બાબત એ છે કે દરેક બનાવ કે વ્યવહારને સંવાદમાં ઢાળવો પડે છે. સંવાદ લેખન, એ વર્ણનાત્મક લેખન જેટલું સહેલું નથી. તે પરિશ્રમ માગી લે તેવી શૈલી છે.

તેથી સંવાદાત્મક શૈલીમાં રોજનીશી ઓછી જોવા મળે છે. શિક્ષકે આ માટે જાગૃતિપૂર્વકનો પ્રયાસ કરવો પડે છે. ટૂંકમાં, રોજનીશી ચિંતાનાત્મક વિચાર વિકાસની શિક્ષકને ભરપૂર તક પૂરી પાડે છે.

## 13.6 અવલોકન :

માર્ગદર્શન પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર વ્યક્તિ છે. શાળાના સમયમાં કે શાળાકીય પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થી વ્યક્તિ તરીકે મુખ્ય કેન્દ્ર બિંદુ હોય છે. તેથી શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં રસ, રુચિ, વલણ વગેરે અલગ-અલગ પ્રકારના જોવા મળે છે. વર્ગમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની બૌદ્ધિક ક્ષમતા એક સરખી હોતી નથી. અર્થાત્ અન્વેષા કમ્પ્યુટર શિક્ષણ હોય તો તે બીજી અન્ય વિષયમાં આગળ ન પણ હોય તેમજ કોઈ વિદ્યાર્થી અંતમુર્ખી કે બહિર્મુખી વ્યક્તિત્વ  ધરાવતો હોય અથવા તો બીજા મિત્ર સાથે જલ્દી ભળતો ન હોય, શાળા એ હંમેશા મોડો આવતો હોય, જેમ કે 'તારે જમીન પર' ફિલ્મમાં ઈશાનને ભણવાનું પસંદ ન હતું, પરં તેને ચિત્રમાં વધુ રસ પડતો હતો. તો આવા વિદ્યાર્થીઓના અનેક પ્રકારના પ્રશ્નો કે સમસ્યાઓ હોય છે. આ સમસ્યાઓના નિરાકરણ માટે કેટલીક પ્રયુક્તિઓનો ઉપયોગ કરીને તેને જડતી સમસ્યા કે પ્રશ્ન કે રસનું ક્ષેત્ર જાણી શકાય છે. માર્ગદર્શન કાર્યક્રમનો ધ્યેય છે બાળક ઓળખ - વિદ્યાર્થી અભ્યાસ

વિદ્યાર્થી અભ્યાસ એટલે તેને ઊંડાણથી અભ્યાસ કરવો, સમજવો, જેના માટે તેની કેટલીક બાબતો ઓળખવી જરૂરી છે. જે નીચે મુજબ છેઃ

- અભિયોગ્યતા
- આકાંક્ષા
- રસ, રુચિ અને વલણ
- અભિયોગ્યતા
- વ્યક્તિત્વના પાસાં
- કૌટુંબિક સ્થિતિ

વિદ્યાર્થીઓની ઉપર્યુક્ત બાબતોને ધ્યાનમાં રાખી અભ્યાસ કરવા માટે નીચે પ્રમાણેની વિદ્યાર્થી અભ્યાસ પદ્ધતિનો માર્ગદર્શન માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

- **અવલોકન પદ્ધતિ (Observation Method) :**

  અંગ્રેજીમાં To see (જોવું) અને To observe (નિરીક્ષણ કરવું) એમ બે ક્રિયાપદો છે.

- **અર્થ :** અવલોકન પદ્ધતિને નિરીક્ષણ પદ્ધતિ પણ કહેવામાં આવે છે.
  - ''પોતાનું તેમજ અન્યના વર્તનનું નિરીક્ષણ કરી તે વર્તન પાછળના મનના ભાવો વિશે કલ્પના કરવાની પદ્ધતિ એટલે અવલોકન પદ્ધતિ.''
  - ''વિદ્યાર્થીના વર્તનના પ્રત્યક્ષ અવલોકનના આધારે નિષ્કર્ષ પર પહોંચવાની આ અભ્યાસ પદ્ધતિને અવલોકન પદ્ધતિ કહે છે.''


♦ **અવલોકનની આવશ્યકતા :**

વિદ્યાર્થીની સમસ્યાના મૂળમાં જવા માટે કેટલીકવાર તેના વિચાર, વાણી, વર્તનનો અભ્યાસ કરવો પડે છે. આવો અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીના વર્તનનું નિરીક્ષણ કે અવલોકન કરવાની જરૂર પડે છે.

**અવલોકન દ્વારા સામાન્ય રીતે નીચેની બાબતો જાણી શકાય છે :**

- વિદ્યાર્થી મિત્રો સાથે હોય ત્યારે કેવી રીતે વર્તે છે ?
- રિશેષ દરમિયાન વિદ્યાર્થીઓ સાથે કેવું વર્તન કરે છે ?
- વિદ્યાર્થી એકલો હોય ત્યારે શું કરે છે ?
- ગુસ્સાની પરિસ્થિતિમાં વિદ્યાર્થી કેવું વર્તન કરે છે.
- શિક્ષક ઠપકો આપે ત્યારે વિદ્યાર્થી કેવું વર્તન કરે છે.
- પ્રવાસ, પર્યટન, પ્રાર્થના સભા, કે કોઈ કામ સોંપવામાં આવે ત્યારે તે કેવું વર્તન કરે છે ?

**અવલોકનના પ્રકારો**




**(1)** **અંતઃ નિરીક્ષણ :** આ પ્રકારમાં વ્યક્તિ પોતે પોતાની આંતરિક સાંવેગિક પ્રવૃત્તિ, વિચારો, ચિંતન વગેરેનું જાતે અવલોકન કરે છે. પણ સામાન્ય રીતે સાંવેગિક પરિસ્થિતિ પસાર થઈ ગયા પછી તેનું અવલોકન (નિરીક્ષણ) કરવામાં આવ્યું હોઈ કે વિશ્વસનીય હોતું નથી, દા.ત. પોતે ગુસ્સે થયેલ હોય ત્યારે ગુસ્સાનું અંતઃનિરીક્ષણ કરવું. સામાન્ય રીતે સ્વપ્ન વિશ્લેષણ સિવાય અન્ય બાબતોમાં આવું સ્વનિરીક્ષણ (interospection) કરવામાં આવતું નથી.

**(2)** **બાહ્ય નિરીક્ષણ :** આ પ્રયોગમાં, મનોકસોટીઓ અને માપનનાં અન્ય સાધનો દ્વારા અવલોકન કરવામાં આવે છે, અને તે સામાન્ય રીતે નિયંત્રિત પરિસ્થિતિમાં કરવાનું હોય છે. અને તેમાં પ્રયોગકર્તા, પ્રયોગપાત્રથી અલગ રહીને નિરીક્ષણ કરે છે. તેથી તે સહભાગી અવલોકન કરે છે.

**સહભાગી અને અસહભાગી અવલોકન :**

પ્રયોગપાત્રને નિરીક્ષણની પરિસ્થિતિમાં મૂકી જો નિરીક્ષક તેનાથી દૂર, અલગ અને સાવ તટસ્થ રહીને અવલોકન કરે તો તે અસહભાગી અવલોકન અને જો નિરીક્ષક (અવલોકનકર્તા) પ્રયોગપાત્રને પોતાનું અવલોકન થઈ રહ્યું છે, એનો ખ્યાલ જરા પણ ન આવે એ રીતે વિદ્યાર્થી અને વિદ્યાર્થી સમૂહમાં ભળી જઈને અવલોકન કરે તે સહભાગી અવલોકન.

**નિયંત્રિત અને અનિયંત્રિત અવલોકન :**

જો પ્રયોગપાત્રને પ્રયોગના કસોટીની કોઈ ચોક્કસ પરિસ્થિતિમાં રાખીને તેનું અવલોકન કરાય તો તે નિયંત્રિત અવલોકન અને જો પ્રયોગકર્તા પોતાનું અવલોકન થઈ રહ્યું છે. તેથી સભાનતા વિના મુક્ત પરિસ્થિતિમાં વર્તી રહ્યો હોય ત્યારે તેનું અવલોકન એ અનિયંત્રિત અવલોકન.

**અવલોકન વર્તન - લક્ષણો**

**જવાબદારી :**

જેમ કે વિદ્યાર્થીને શિક્ષક દ્વારા કોઈ કામ સોંપવામાં આવે છે, ત્યારે કાર્ય સ્વીકારવાનું ટાળે, સ્વીકારે પણ તેના અંગે બેદરકાર રહી, કાર્ય સ્વીકારી પાર પાડે.

**પરિણામની અસર :**

પરીક્ષામાં નાપાસ અથવા ઓછા માર્કસ આવે છે ત્યારે વર્ગમાં નિરાશ થઈ જાય, હિંમત હારી બેસે, સફળ થવા માટે ફરીથી મહેનત કરે વગેરે.

**અનુકૂલન :**

શાળામાં દાખલ થનાર વિદ્યાર્થીઓની સ્થિતિ, કે જેમાં શરૂઆતમાં થોડા દિવસો સુધી શાળામાં ફાવે નહીં, નવા મિત્રો સાથે ભળી જવું ... વગેરે.

**સર્જનશીલતા :**

શિક્ષક દ્વારા કોઈ ચિત્ર તૈયાર કરવાનું કહેવામાં આવે ત્યારે ચિત્ર તૈયાર કરવા મગ્ન બની જાય, ચિત્ર તૈયાર થયા બાદ જોઈને ખુશીનો અનુભવ કરે, તેમજ ચિત્ર બનાવવા ખાતર બનાવે વગેરે.

**ભાવાત્મક સ્થિરતા :**

કોઈપણ સ્પર્ધામાં પ્રથમ ઇનામ લાવવું જોઈએ, જેઓ લાગણીમાં સ્થિર છે. આત્મ સંયમી છે, સહેલાઈથી અસ્થિર નથી થતાં અને ચિંતા, વ્યાકુળતા, ભય અને નિરાશાથી રહિત છે, તેઓમાં ભાવાત્મક સ્થિરતા છે, એમ કહી શકાય.

આ ઉપરાંત બીજા પ્રત્યેનો રસ, ધ્યેય પ્રત્યે ગંભીરતા નેતૃત્વ સહકારની ભાવના, મનની વિશાળતા, જેવા વર્તન લક્ષણોનું અવલોકન કરવું જોઈએ.

**અવલોકન પદ્ધતિના ફાયદા :**

- વ્યક્તિને નિક્ટતાથી સમજવાની તક મળે છે.
- વ્યક્તિ સાથે પ્રત્યક્ષ ચર્ચા શક્ય બને છે.
- આ પદ્ધતિ દ્વારા પ્રાપ્ત માહિતી સાચી, ઊંડાણભરી અને વિશ્વસનીય હોય છે.
- આ પદ્ધતિ દ્વારા પ્રત્યક્ષ માહિતી મેળવી શકાય છે.
- વ્યક્તિના વિચાર, વાણી, વર્તન, મનોભાવો, વ્યક્તિત્વ વગેરે વિશે અમૂલ્ય માહિતી પ્રાપ્ત કરવાનું શક્ય બને છે.
- શૈક્ષણિક સંશોધનો માટે આ પદ્ધતિ ઘણી ઉપયોગી છે.

**અવલોકન પદ્ધતિની મર્યાદાઓ :**

- અવલોકનકર્તાને પ્રત્યે ઇન્દ્રિય સંવેદન ક્ષમતા અને પ્રત્યક્ષીકરણની ક્ષમતા તીવ્ર હોવાં જોઈએ.
- અવલોકન કર્તા જો તટસ્થ રીતે અવલોકન કરે તો પદ્ધતિ નિરર્થક બને છે.
- વિદ્યાર્થીની વર્તનની કઈ કઈ બાબતોનું નિરીક્ષણ કરવાનું છે, તેની સ્પષ્ટતા અવલોકનકર્તાને પક્ષે જરૂરી છે.
- સહભાગી અવલોકનમાં પાત્રોનો ખ્યાલ આવી જાય કે તેમનું અવલોકન થઈ રહ્યું છે, તો તેમનું વર્તન કૃત્રિમ બની જવા સંભવ છે.

- અવલોકન માટેના પર્યાપ્ત આધુનિક સાધનો ઉપલબ્ધ ન હોય તો મુશ્કેલી પડે છે.
- નિયંત્રણ અવલોકન માટેનાં પત્રકો, કસોટીઓ અને સાધનો કરવાનું કરવાનું કામ અઘરું છે.

**13.6.1 ક્રમમાપદંડ :**

ક્રમ માપદંડ એ આપેલા કોઈપણ લક્ષણના સંદર્ભમાં કોઈ વસ્તુ કે વ્યક્તિ તે લક્ષણ કેટલા પ્રમાણમાં ધરાવે છે તે જણાવ માટેનું સાધન છે અહી જે તે લક્ષણ કેટલે અંશે લાગુ પડે છે તેની કક્ષાઓ દર્શાવવાની હોય છે, એટલે કે ગુણાત્મક પ્રમાણ દર્શાવવાનું હોય છે. આ માટે માપનહેઠળના લક્ષણને નહિવત પ્રમાણથી માંડીને ખૂબ મોટી માત્રા સુધી સામાન્ય રીતે ત્રણ, પાંચ કે સાત કક્ષાઓમાં વહેંચવામાં આવે છે.

ઉદા. તરીકે વિદ્યાર્થી દ્વારા વર્ગમાં અન્ય વિદ્યાર્થીઓને સહકાર આપવાના લક્ષણ માટે આ પ્રમાણનો ક્રમમાપદંડ રચી શકાય.

વર્તન : વિદ્યાર્થી વર્ગમાં અન્ય વિદ્યાર્થીઓને સહકાર આપે છે ?

| | | | | |
|---|---|---|---|---|
| હંમેશાં | ઘણીવાર | કેટલીકવાર | ક્યારેક જ | કદાપિ નહીં. |
| 5 | 4 | 3 | 2 | 1 |

સામાજિક વિજ્ઞાનોમાં જેને સંખ્યાત્મક પરિમાણથી કે ગુણાંકોથી માપી ન શકાય તેવી વસ્તુઓ, અભિપ્રાયો, વ્યક્તિત્વનાં લક્ષણો કે નિર્ણયોને મૂલ્યો આપવાની આ પ્રયુક્તિ છે. જેમ કે, પ્રામાણિકતા, ખંત, રસ વગેરેનું માપન કરવા માટે ક્રમમાપદંડ રચી શકાય.

**13.6.2 પ્રસંગનોંધ :**

કેળવણીનો હેતુ વિદ્યાર્થી સર્વાંગીણ વિકાસ સાધે એ છે. આ વિકાસનું સમગ્ર ચિત્ર પરીક્ષણ કે મૂલ્યાંકનની લેખિત પરીક્ષાઓ વડે પ્રાપ્ત થઈ શકતું નથી. વિદ્યાર્થીની સંવેદનશીલતા, લાગણીઓની સમતુલા, સમાયોજન, શક્તિ, વલણ, અભિરુચિ વગેરે બાબતોનું પ્રતિબિંબ એના વર્તનમાં સ્પષ્ટપણે પડતું હોય છે. તેથી વિવિધ પ્રસંગોએ વિદ્યાર્થીએ કરેલાં વિશિષ્ટ વર્તનની અનાત્મલક્ષી નોંધ રાખવામાં આવે તો એના પરથી ઉપર્યુક્ત બાબતો વિશે પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત થાય. આ હેતુથી વિવિધ પ્રસંગોએ વિદ્યાર્થીઓએ કરેલાં વિશિષ્ટ વર્તનોની નોંધ તરીકે ઓળખાય છે. વિદ્યાર્થીના સંવેગો અને સાંવેગિક બાબતો જાણવાની આ ઉત્તમ રીત છે.

**વ્યાખ્યાઓ :**

- "પ્રાસંગિક નોંધ એ પ્રાસંગિક અવલોકનનું એક ખાસ સ્વરૂપ છે, તે શિક્ષકે કરેલાં અને નોંધેલાં બાળકનાં વર્તન અને વ્યક્તિત્વનાં ટૂંકા, ચોક્કસ, વારંવાર થતાં ફેરફારોનું વર્ણન છે."

  **- રુથ સ્ટ્રોંગ**

- "વિદ્યાર્થીના જીવનમાં બનતા મહત્વના પ્રસંગોના રિપોર્ટને પ્રસંગનોંધ તરીકે ઓળખવામાં આવે છે." **- રેથ્સ**
- "વિદ્યાર્થી જુદાં-જુદાં સમયે, સ્થળે કે પ્રસંગે જુદું - જુદું વર્તન કરે છે. શિક્ષક તેનાં આવાં વર્તનોની નોંધ લે તો તેના વિશેની ઘણી માહિતી શિક્ષક મેળવી શકે છે. ઔપચારિક રીતે વિદ્યાર્થીનું વિવિધ પ્રસંગોએ અવલોકન કરી શિક્ષક તેના વર્તનની જે અનાત્મલક્ષી નોંધ લે તેને પ્રસંગ નોંધ કહે છે. આવી નોંધો ઉપરથી વિદ્યાર્થીને કઈ પ્રવૃત્તિમાં રસ છે અને કયા ક્ષેત્રમાં તે આગળ આવી શકે તેમ છે, તેનો ખ્યાલ આવે છે."

આમ, કોઈ ચોક્કસ પ્રસંગે કરેલા વર્તનની ને પ્રસંગનોંધ કરવામાં આવે છે. આવી નોંધો વસ્તુલક્ષી અને વર્ણનાત્મક હોય છે. સલાહદર્શક એક વ્યક્તિ એ આવી અનેક નોંધ એકઠી કરે છે. તેના આધારે વ્યક્તિ ચોક્કસ સમયગાળાની વર્તન તરાહ સ્પષ્ટ થાય છે.

પ્રસંગનોંધમાં મુખ્યત્વે ત્રણ ભાગ હોય છે :

- પાત્રની ઓળખ અંગેની વિગત

- પાત્રના વર્તનનું અવલોકન

- અવલોકનકારનું વિવેચન

પ્રસંગનોંધનું આ એકમાત્ર સ્વરૂપ નથી અર્થાત્ તે એકથી વધુ સ્વરૂપોનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રસંગનોંધનાં બે સ્વરૂપો નીચે પ્રમાણે છે.

**શાળાનું નામ**

**નામ :** ____________________ **અવલોકનકારનું નામ :** ____________________

**અવલોકન સ્થળ :** ____________________ **અવલોકનની તારીખ :** ____________

**સમય :** ____________________ **થી** ____________________

**વર્ણન :** ________________________________________________

**વિવેચન :** ________________________________________________

**પ્રસંગનોંધ સ્વરૂપ - A**

**પ્રસંગનોંધનો નમૂનો**

વિદ્યાર્થીનું નામ : હાર્દિક

અવલોકન કરનાર : દેવાંશ પટેલ

અવલોકનસ્થળ : અર્થશાસ્ત્ર વિષયનો તાસ - વર્ગ

તારીખ - સમય : 19 ફેબ્રુઆરી

**શાળાનું નામ**

નામ : ________________________________________________

તારીખ : ________________________________________________

પ્રસંગ : ________________________________________________

વર્ણન : ________________________________________________

વિવેચન : ________________________________________________

અવલોકનકાર : ________________________________________________

**પ્રસંગનોંધ સ્વરૂપ - B**

**વર્ણન :**

હાર્દિક વર્ગમાં ખૂબ સક્રિય વિદ્યાર્થી છે અને જ્યારે કોઈ વિદ્યાર્થી પ્રશ્નનો જવાબ ન આપી શકે ત્યારે તે જવાબ આપતો હોય છે. આજે તે તેની જગ્યા એ શાંત બેઠો હતો. એક તબક્કે મેં પૂછેલાં પ્રશ્નોના જવાબમાં વર્ગમાં બિલકુલ શાંતિ હતી. છતાં તે કંઈ બોલ્યો નહિ. મેં જ્યારે તેને જવાબ આપવા સૂચન કર્યું. ત્યારે તેણે કંઈ જવાબ ન આપ્યો. અને રડવા લાગ્યો અને કહ્યું કે ''મને જવાબ આવડતો નથી.''

**વિવેચન :**

હાર્દિક મારો ખૂબ જ પરિપક્વ અને હોંશિયાર વિદ્યાર્થી છે તેને કોઈ બાબત મૂંઝવી રહી છે. જો સલાહદર્શક તેની સાથે વાત કરે તો તેને કંઈક મદદ મળે.

**પ્રસંગનોંધ લખતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો :**

- અવલોકન માટેના પ્રસંગની પસંદગી
- પ્રસંગનોંધનું કાર્ય ખૂબ આવડતા માગી લેતું કાર્ય છે, તેથી તેનું કાર્ય અનુભવી અને નિષ્ણાંત શિક્ષકો દ્વારા જ થવું જોઈએ.
- પ્રસંગ અવલોકન માટે સાર્થક હોવો જોઈએ.
- પ્રસંગ નોંધ તદ્દન ખાનગી રહેવી જોઈએ.
- અવલોકન વખતે શિક્ષકે પોતાના પૂર્વગ્રહોથી પર રહેવું જોઈએ.
- વિદ્યાર્થીની સારી અને નબળી એમ બંને બાજુને સમભાવ નોંધવી.
- વર્તન પછી શક્ય તેટલી વહેલી તકે નોંધ કરવી.
- વિદ્યાર્થીનાં કેટલાંક વર્તનો પ્રસંગોપાત થાય છે. આથી વિદ્યાર્થીના વ્યક્તિત્વનો સાચો ખ્યાલ આપી શકે તેવાં જ વર્તનોની નોંધ કરવી જોઈએ.
- જે પ્રસંગનું જે દિવસે અવલોકન કર્યું હોય તે જ દિવસે તેની પ્રસંગનોંધ લખવી જોઈએ.
- પ્રસંગનોંધ સંપૂર્ણ તેમજ પક્ષપાત વગર તટસ્થપણે થવી જોઈએ.
- પ્રસંગનોંધમાં સામાન્ય બાબતોને સામાન્ય સ્થાન ન આપતા વિશિષ્ટ બાબતેને સ્થાન આપવું જોઈએ.

**પ્રસંગનોંધના ફાયદાઓ :**

- વિદ્યાર્થીના વર્તનમાં થતો સૂક્ષ્મ ફેરફાર સમજી શકાય.
- વિદ્યાર્થીના વ્યક્તિત્વના અનેક પાસાં જાણવા મળે.
- વિદ્યાર્થીઓની સમસ્યા ઉકેલવામાં પ્રસંગનોંધ માર્ગદર્શકને ઉપયોગી માહિતી પૂરી પાડે છે.
- શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના સંબંધો સુધારવામાં ઉપયોગી બને છે.
- પ્રસંગનોંધ દ્વારા શાળાની સમસ્યાઓ શી છે અને વિદ્યાર્થીઓ તેમને કેવી રીતે સમજે છે તે જાણવાનો સારો રસ્તો છે.
- વિદ્યાર્થીને તટસ્થ સલાહ કે પ્રોત્સાહન આપવાનું સરળ પડે છે.
- વિદ્યાર્થીના વ્યક્તિત્વમાપન વખતે ઉપયોગી બને છે.
- પ્રસંગનોંધનો અહેવાલ સંગ્રહિત માહિતીપત્રકમાં ભરવામાં ઉપયોગ થઈ શકે.

**પ્રસંગનોંધની મર્યાદાઓ :**

- શિક્ષકની આત્મલક્ષીપણું આવવાની સંભાવના રહે છે.
- પ્રસંગનોંધ શિક્ષકના કાર્યના બોજમાં વધારો કરે છે.
- ચોક્કસ પ્રકારના વર્તન માટે નિરીક્ષક - નિરીક્ષકે જુદો-જુદો મત પડવાની શક્યતા રહેલી છે.
- દરેક વિદ્યાર્થી વિશે નોંધ કરવી અઘરી છે.
- પ્રસંગનોંધ કરવાનું કાર્ય ખૂબ સરળ છે પરંતુ ઉપયોગી થાય તેવી નોંધ તૈયાર કરવી તે મુશ્કેલરૂપ કાર્ય છે.
- જો વર્ગખંડમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારે હોય એ પરિસ્થિતિમાં પ્રસંગનોંધમાં જે ચોક્સાઈ રહેવી જોઈએ, તેટલી રહેતી નથી.
- શિક્ષક પર નકારાત્મક કાર્યની અસર વધુ પડતી હોય છે. વિદ્યાર્થીના વિકાસ પર તેની અસર થાય છે.

- પ્રસંગનોંધમાં પાત્રના ''વાસ્તવિક વર્તન''ને બદલે તેના 'વિશેની લાગણી'ની નોંધ વિશેષ થતી હોય છે.
- અર્થપૂર્ણ પ્રસંગોના બદલે બિનજરૂરી પ્રસંગોની નોંધ આ ઉપકરણની ઉપયોગિતાને મર્યાદિત કરે છે.
- બિનતાલીમની અવલોકનકારો દ્વારા વર્તનનાં ખોટાં અર્થઘટનો અને અતિશયોક્તિઓ વિદ્યાર્થી વિશે ખોટી માહિતી ઊભી કરે છે.

**13.6.3 અન્ય ઉપકરણો**

**પ્રાસ્તાવિક :**

પ્રશ્નાવલિ, મનોવૈજ્ઞાનિક કસોટી, મુલાકાત, અવલોકન વગેરે માહિતી એકત્ર કરવા માટેનાં પ્રચલિત ઉપકરણો છે. આ ઉપરાંત અન્ય કેટલાંક ઉપકરણો પણ છે. જે વિશિષ્ટ પ્રયુક્તિ ધરાવે છે કે ખાસ અભ્યાસ હાથ ધરવા માટે ઉપયોગમાં લેવાય છે.

અત્રે આવાં ચાર ઉપકરણો વિષે જરૂરી ચર્ચા કરી છે. જે પૈકી મૂલ્યાંકનપત્ર તેમજ ઓળખયાદી એ જાણીતાં ઉપકરણો છે. જ્યારે Q વર્ગીકરણ અને સેમાન્ટિક ડિફરન્શિયલ માપદંડ એ વિશિષ્ટ પ્રયુક્તિ ધરાવતાં ઉપકરણો છે.

**મૂલ્યાંકન પત્ર :**

અર્થ : મૂલ્યાંકનપત્ર એ ક્રમમાપદંડનું વિસ્તૃત સ્વરૂપ છે. આ સાધનોને 'સાંખ્યિક ક્રમમાપદંડ' પણ ગણી શકાય. શાળાઓ, પાઠ્યપુસ્તકો, મોટાં મકાનો, ગ્રંથાલયો, પ્રયોગશાળાઓ વગેરેના મૂલ્યાંકન માટે આ સાધન ઉપયોગી છે.

**રચના :** અહીં સૌ પ્રથમ માપન હેઠળની વસ્તુ કે બાબતને વિવિધ મુખ્ય વિભાગોમાં વહેંચવામાં આવે છે ત્યારબાદ પ્રત્યેક વિભાગનાં પણ નાનાં પાસાંઓ વિચારવામાં આવે છે. આ પ્રકારના વિસ્તૃત વિભાગીકરણ માટે સૌ પ્રથમ માપન હેઠળની સંસ્થાની મુલાકાત લઈને ગુણાત્મક અવલોકન કરવું જોઈએ . જો કોઈ પુસ્તક કે એવા કોઈ એકમનું મૂલ્યાંકન કરવું હોય તો તેનો પ્રથમ ગુણાત્મક અભ્યાસ કરવો જોઈએ.

વિસ્તૃત વિભાગીકરણ બાદ પ્રત્યેક પાસાંનું

(i) કેટલા બિંદુઓમાં જ તેમ

(ii) કયાં કયાં બિંદુઓમાં ક્રમાંકન કરવાનું છે તે નક્કી કરવામાં આવે છે. એટલે કે અભ્યાસ હેઠળનાં એકમના વિવિધ પાસાઓનું ત્રણ, ચાર, પાંચ વગેરે પૈકી કેટલી કક્ષાઓમાં મૂલ્યાંકન કરવાનું છે તે સ્પષ્ટ નામ-નિર્દેશન પણ નક્કી કરવામાં આવે છે.

બધાં જ પાસાંનું સમાન બિંદુમાં અથવા પાસાનાં વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને અલગ-અલગ બિંદુઓમાં ક્રમાકન કરવાનું પણ નક્કી કરી શકાય.

પ્રત્યેક બિંદુને માટે સંખ્યાત્મક ગુણ નિર્ધારણ પણ નક્કી કરવામાં આવે છે. આ રીતે રચવામાં આવેલા મૂલ્યાંકનપત્રને (1) પૂર્વેક્ષણ કરીને, તેમજ (2) તજજ્ઞો પાસેથી સમીક્ષા કરાવીને અંતિમ સ્વરૂપ આપવામાં આવે છે.

મૂલ્યાંકનકાર આ રીતે રચાયેલાં મૂલ્યાંકન - પત્રનો ઉપયોગ કરીને માપન હેઠળના એકમનો અભ્યાસ કરીને કે અવલોકન કરીને પ્રત્યેક પાસાનું ક્રમાકન કરે છે. બધાં જ પાસાંઓમાં ક્રમાકનોના સંખ્યાત્મક ગુણભારોનો સરવાળો એ માપનના હેઠળના એકમનો મૂલ્યાંકન - આંક બને છે.

કોઈ ભૌતિક એકમના મૂલ્યાંકન કરવા માટે આ સાધન ઉપયોગી છે, જ્યારે ગુણાત્મક મૂલ્યાંકન કરવા માટે આ સાધન બહુ અસરકારક નથી.

### 13.7 (1) મુલાકાતના પ્રકારો :

મુલાકાતનું કાર્યકારી વર્ગીકરણ નીચે મુજબ છે.

(1) કાર્ય પ્રમાણે : - નિદાનાત્મક (Diagnostic)

- ઉપચારાત્મક વૈદ્યકીય (Clinical)
- સંશોધન (Reasrch)

(1) નિયંત્રિત (Structured)

(2) અનિયંત્રિત (Unstructured)

(2) સહભાગી થનાર વ્યક્તિઓની સંખ્યા પ્રમાણે :

| | | | |
|---|---|---|---|
| વ્યક્તિગત | જૂથમાં | એક જ મુલાકાત લેનાર | ટુકડી |
| Individual | Group | Single Interviewer | Panel |

(3) સંપર્કના સમય પ્રમાણે - ટૂંકી (Short)

- લાંબી (Long)

(4) સમાજ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાની આંતરક્રિયાના સંદર્ભમાં મુલાકાત લેનાર અને આપનારે ભજવવાની

**ભૂમિકાઓના સંદર્ભમાં :** - બિનદિશાસૂચક (Non directive)

- કેન્દ્રિત (Focused)
- ઊંડાણપૂર્વકની (Depth)
- પુનરાવર્તિત (Repeated) પરિવર્તન કે વિકાસને જાણવા.

મુલાકાતના આ પ્રત્યેક પ્રકારને વિગતે સમજવાનો પ્રયોગ કરીએ.

**નિદાનાત્મક મુલાકાત (Dignostic Interview)**

દવાખાનામાં તથા સામાજિક કાર્યકરો દ્વારા તેનો વારંવાર ઉપયોગ થાય છે. તે વ્યક્તિના ભૂતકાળ, કૌટુંબિક સંબંધો અને વ્યક્તિગત અનુકૂલની સમસ્યાઓ વગેરે વિશે માહિતી એકત્રિત કરીને તેના દ્વારા વ્યક્તિની સમસ્યાઓ અંગેના શક્ય કારણો શોધવાનો પ્રયાસ કરે છે.

**વૈદ્યકીય મુલાકાત (Clinical Interview)**

નિદાનાત્મક મુલાકાત પછી, વૈદ્યકીય મુલાકાત એ દર્દીને ઉપચાર આપવાના સાધન તરીકે સામાન્ય રીતે હાથ ધરાય છે. વૈદ્યકીય કાર્યમાં મુલાકાત કે પછી વ્યક્તિગત સંપર્ક દર્દી વિશેની માહિતી જાણવા અને તેની સમસ્યાને સમજવા માટે ઘણા પ્રકારની પરિસ્થિતિઓમાં ઉપયોગ થતો હોય છે. વૈદ્યકીય કાર્યોમાં મુલાકાતના બે મુખ્ય હેતુઓ એ નિદાન અને ઉપચારના છે. જ્યારે દર્દી તરીકે કોઈ બાળક, માનસિક સ્વસ્થતા વગરની વ્યક્તિ, કે પછી મનોવિકૃતિવાળી વ્યક્તિ હોય કે પછી દર્દી પોતાના વિશેની માહિતી આપે તેમાં જ તફાવત પડતો હોય, તેવા સંજોગોમાં તેમની સાથે સંબંધિત અન્ય વ્યક્તિઓની મુલાકાત લેવામાં આવે છે. મનોવિશ્લેષણાત્મક તપાસ અને પ્રમાણિત વ્યક્તિગત મનોવૈજ્ઞાનિક તપાસ પણ મુલાકાતની જ પદ્ધતિઓ છે.

**(1) સંશોધન મુલાકાત (Research Interview) :**

સંશોધનના હેતુસર, સંશોધક દ્વારા ઐતિહાસિક પ્રાયોગિક કે સર્વેક્ષણ પ્રકારની સમસ્યાઓને ઉકેલવા માટે કે પછી ઉત્પનાની ચકાસણી કરવા માટે મુલાકાતનો ઉપયોગ માહિતી એકત્રીકરણના ઉપકરણ તરીકે થાય છે. આ સંશોધનના ઉપકરણ તરીકે ચાર પ્રકારની મુલાકાતનો ઉપયોગ થઈ શકે : નિયંત્રિત / માળખાગત મુલાકાત (the structured Interview) , અનિયંત્રિત / બિનમાળખાગત

મુલાકાત (the unstructured interview) બિન-દિશાસૂચક મુલાકાત (focused interview) અહીં આપણે આ ચારેયની વિગતે ચર્ચા કરીએ.

**(2) નિયંત્રિત મુલાકાત (Structured Interview) :**

નિયંત્રિત/ માળખાગત મુલાકાત એ એવા પ્રકારની છે કે જેમાં વિષયવસ્તુ અને પદ્ધતિને અગાઉથી ગોઠવીને નક્કી કરી દેવામાં આવે છે. એનો અર્થ એવો થયો કે પ્રશ્નોનો ક્રમ અને શબ્દો એ પત્રક દ્વારા નક્કી કરી દેવામાં આવે છે. અને મુલાકાત લેનારને તેમાં ફેરફાર કરવાની ખૂબ ઓછી સ્વતંત્રતા મળે છે. આથી તે બંધ પ્રકારની પરિસ્થિતિ દ્વારા લાક્ષણિક છે. તદ્ઉપરાંત તે સપ્ષ્ર રીતે પ્રમાણિત અને ઔપચારિક હોય છે. પ્રત્યેક પાત્રને તે જ પ્રશ્ન, તે જ ક્રમમાં અને તે જ રીતે રજૂ કરવામાં આવે છે. અને વૈકલ્પિક ઉત્તરોની પસંદગી પૂર્વનિર્ણિત યાદી પૂરતી મર્યાદિત હોય છે. પ્રસ્તાવનારૂપ અને ઉપસંહારાત્મક નોંધો પણ એક સરખી હોય છે.

**(3) અનિયંત્રિત / બિનમાળખાગત મુલાકાત :**

અનિયંત્રિત મુલાકાતો લચીલી હોય છે. પ્રતિચારકના પ્રત્યુત્તરો પર ભાગ્યે જ કોઈ નિયંત્રણ મૂકવામાં આવે છે. જો પૂર્વ આયોજિત પ્રશ્નો પૂછવામાં આવે તો, પ્રશ્નો, શબ્દો કે તેમનો ક્રમ પરિસ્થિતિ અને પાત્રોને અનુરૂપ બદલી શકાતાં હોય છે. કેટલીકવાર કોઈક વિશિષ્ટ સમસ્યા, પ્રસંગ કે સંબંધના સંદર્ભમાં પાત્રોને મુક્ત રીતે અને સંપૂર્ણપણે વ્યક્ત થવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. પછી મુલાકાત લેનાર એક સારા શ્રોતા તરીકેની ભૂમિકા ભજવે છે. અને મુલાકાત આપનારને ખલેલ પહોંચાડયા વિના વચ્ચે હં.... હં..., રસપ્રદ છે ..... ચાલુ રાખો .... વગેરે જેવાં ટહુકા પુરાવતો રહે છે કે પછી પ્રશ્નોનું સામાન્યીકરણ કરે જેથી વાર્તાલાપનો પ્રવાહ ચાલુ રહે, જ્યારે મુલાકાત પૂરી થવાની હોય ત્યારે સંશોધક ખાલી જગ્યા પૂરવા કેટલાક પ્રત્યક્ષ પ્રશ્નો પૂછે અને ચર્ચાનો અંત લાવે.

**વ્યક્તિગત અને જૂથ મુલાકાતો (Individual and Group Interviews) :**

મહદંશે મુલાકાત એક જ વાર લેવામાં આવતી હોય છે, પણ કેટલીક મુલાકાતો કેટલાંક સમયને અંતરે પુનરતર્તિત કરવામાં આવતી હોય છે જેથી કરીને વર્તણૂંક, વલણો કે પરિસ્થિતિઓમાં થયેલાં વિકાસને જાણી શકાય. મોટા ભાગની મુલાકાત ખાનગી પરિસ્થિતિમાં એક વખતે એક વ્યક્તિ સાથે જ ગોઠવવામાં આવતી હોય છે જેથી પાત્ર, પોતાને સંપૂર્ણ રીતે અને સાચી રીતે રજૂ કરી શકે. જો કે કેટલાંક કિસ્સાઓમાં, જૂથ મુલાકાતો પણ ઉપયોગી માહિતી પુરી પાડતી હોય છે. જ્યારે સામાન્ય વિવિધ ભૂમિકાઓ ધરાવનારી, લાયકાતવાળી વ્યક્તિઓને કોઈ સમસ્યાની શોધ અંગે ભેગી કરવામાં આવે ત્યારે વિવિધ દૃષ્ટિકોણો પ્રાપ્ત થતાં હોય છે.

એક મુલાકાત લેનાર અને ટુકડી દ્વારા મુલાકાત (Single Interviewer and Panel Interviers)

વ્યક્તિગત અને જૂથ મુલાકાત એ બન્ને માત્ર એક જ મુલાકાત લેનાર દ્વારા કે ટુકડી દ્વારા પણ મુલાકાત લઈ શકે, તે મુલાકાતની યોજના પર આધાર રાખે સામાન્ય રીતે, પસંદગી અને માવજત (treatment) ના હેતુસર લેવાતી મુલાકાતો મુલાકાત લેનારની ટુકડી, કે જે વિવિધ પણ સંબંધિત ક્ષેત્રોમાંના તજ્જ્ઞોની બનેલી હોય છે, તેમના દ્વારા લેવામાં આવે છે. સામાન્ય રીતે સંશોધનના હેતુસર લેવામાં આવતી મુલાકાત માત્ર એક જ વ્યક્તિ દ્વારા લેવામાં આવે છે. ટુકડીમાં મુલાકાત લેનારની સંખ્યા ત્રણ કે ચારથી વધુ ન હોવી જોઈએ. કારણ કે વધુ સંખ્યા પ્રતિચારકમાં ગભરાટ ફેલાવે અને ગુંચવણમાં મૂકી દે એવું બની શકે.

**બિનદિશાસૂચક, કેન્દ્રિત અને ઊંડાણવાળી મુલાકાતો :**

**(Non directive, Focused and depth interviews) :**

સામાજિક, મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાની આંતરક્રિયાના સંબંધમાં, મુલાકાતની આવશ્યકતાઓને પુરી કરવા માટે મુલાકાત લેનાર અને મુલાકાત આપનારે અલગ ભૂમિકા ભજવવી પડે. બિનદિશાસૂચક, કેન્દ્રિત અને ઊંડાણવાળી મુલાકાતો એ એવા પ્રકારની મુલાકાતો છે કે જે અનિયંત્રિત છે. આ પ્રકારની

મુલાકાતોમાં વિષયવસ્તુ અને તપાસનું ક્ષેત્ર એ ચોક્કસ અને પૂર્વઆયોજિત છે. આ પ્રકારની મુલાકાતોમાં વિષયવસ્તુ અને તપાસનું ક્ષેત્ર એ ચોક્કસ અને પૂર્વ આયોજિત હોય છે. પરંતુ મુલાકાત લેનાર પ્રશ્નના સ્વરૂપ અને ક્રમ અંગે મોટા ભાગે સ્વતંત્ર હોય છે.

**બિનદિશાસૂચક મુલાકાત :**

સંશોધનની પ્રયુક્તિ તરીકે બિનદિશાસૂચક મુલાકાત એ મનોવિશ્લેષણ અને ચિકિત્સાના ક્ષેત્રમાંથી આવે છે. તેની મુખ્ય લાક્ષણિકતાએ મુલાકાત લેનાર દ્વારા દર્શાવાતુ લઘુત્તમ દિશાસૂચન કે પછી નિયંત્રણ છે. અને પ્રતિચારકના પક્ષે તેની આત્મલક્ષી લાગણીઓ પ્રદર્શિત કરવાની પૂરેપૂરી સ્વતંત્રતા છે.

**કેન્દ્રિત મુલાકાત :**

બિનદિશાસૂચક સ્થિતિમાં મુલાકાત લેનારના લઘુ નિયંત્રણને દાખલ કરવાની આવશ્યકતા કેન્દ્રિત મુલાકાત વિકસાવવા પ્રતિ દોરી જાય છે. આ પ્રકારનું, વિશિષ્ટ લક્ષણ એ છે કે એમાં પ્રતિચારક આજે જાણીતી પરિસ્થિતિની સાથે સંકળાયેલ હોય છે. તેના પ્રત્યે એના આત્મલક્ષી પ્રતિચારને કેન્દ્રિત કરે છે. અને જેનું મુલાકાત લેનાર દ્વારા મુલાકાત લેતાં પહેલાં જ પૃથક્કરણ કરવામાં આવ્યું હોય છે. આમાં એ મુલાકાતની માહિતી પર આધારિત પૂર્વે થી નિશ્ચિત કરેલી ઉત્કલ્પનાઓનો અસ્વીકાર કરી શકે કે તેને બદલી શકે.

**ઊંડાણવાળી મુલાકાત (Depth Interview) :**

કેન્દ્રિત મુલાકાતમાં ઊંડાણમાં જવાની પ્રક્રિયા સંશોધકને ઊંડાણપૂર્વકના પ્રતિચારો દ્વારા પ્રતિચારકની અનુભવની માત્રા, અને પ્રતિચારના ચક્રાવારૂપ કે ધ્યાનાકર્ષક લક્ષણો પ્રત્યેની અળગાપણાની માત્રા કે વ્યક્તિગત સામેલગીરી નક્કી થાય છે. આવા ઊંડાણપૂર્વકની મુલાકાતની પદ્ધતિ નીચે મુજબ છે. આવા ઊંડાણપૂર્વકની - મુલાકાતની પદ્ધતિ નીચે મુજબ છે.

**મુલાકાત પરિસ્થિતિનું લચીલાપણું :** લચીલી મુલાકાતો ઉત્તેજક પરિસ્થિતિઓની અભિમુખતાને પ્રોત્સાહન આપે છે, મુલાકાત લેનારને નહિ. આમ ઊંડા અને ધારદાર બીબરિંઢળ અહેવાલોને સુગમ અને સરળ બનાવે છે.

**વિદ્યાર્થીદર્શી કેન્દ્રીકરણ :** ઉત્તેજક પરિસ્થિતિની પુનઃ સ્થાપના દ્વારા પૂર્વાનુભવો પર કેન્દ્રીકરણ, તે નોંધાયેલાં પ્રતિચારને પ્રગટ કરવામાં મદદરૂપ બને છે

**લાગણીઓ પર કેન્દ્રીકરણ :**

ભાવાત્મક પાસાંઓના સંદર્ભમાં સ્પષ્ટ રીતે પૂછાયેલાં પ્રશ્નો, ઉદાહરણ સ્વરૂપે, "તમને કેવુ લાગે છે કે જ્યારે .... " એ ઊંડાણપૂર્વકના પ્રતિચારના અહેવાલોને પ્રોત્સાહન આપે છે.

**સંશોધનના ઉપકરણો :**

ગર્ભિત કે પ્રદર્શિત થયેલી લાગણીઓનું પુનઃકથન ગર્ભિત કે પ્રદર્શિત થયેલી લાગણીઓનું પ્રાસંગિક પુનઃકથન અસરકારક પુરવાર થઈ શકે છે. (1) પ્રતિચારને પ્રગતિકારક રીતે આગળ વધવા દઈને, અને (2) સમજ માટેની એક સામાન્ય ભૂમિકા ઊભી કરીને, જ્યારે મુલાકાત આપનાર એવું દર્શાવે કે તે તેની લાગણીઓને પ્રદર્શિત કરવા માટે હજી તૈયાર નથી તો, પુન-કથનને વિસ્તારી શકાય (જૂથ મુલાકાતમાં) કે પછી તેનું પ્રક્ષેપણ કરાવી શકાય.

**તુલનાત્મક પરિસ્થિતિઓ :**

ઉત્તેજનાત્મક પરિસ્થિતિ અને મહત્ત્વના અનુભવો કે જે પાત્રો પાસે છે કે પછી તે મેળવવાનો છે તે બે વચ્ચેની સૂચિત તુલના એ ઘણીવાર તેમને થયેલી અસરના શાબ્દિકરણમાં મદદ કરે છે.

## 13.8 સામાજિકતામિતિ (Sociometry) :

સામાજિક અનુકૂલન જીવનના કોઈ પણ તબક્કે બાળપણમાં, કિશોરાવસ્થામાં કે મોટાપણે ખૂબ અગત્યનું છે. બાળપણમાં અને કિશોરાવસ્થામાં વિદ્યાર્થી અનેક ઇચ્છાઓ સેવતો હોય છે. તે

સંતોષ થાય એ રીતે સામાજિક સફળતા ઈચ્છતો હોય છે. તે સમયે એ મોટપણે શું કરશે, કેવા સામાજિક સંબંધો વિકસાવશે તેનાં બીજ રોપાતાં હોય છે. બાળકમાં સામાજિકતાના ગુણ વિકસાવવામાં ઘર અને શાળા બંનેનો ફાળો અનન્ય હોય છે. એ અનેક પ્રકારના સામાજિક અનુભવો શાળામાંથી જ મેળવે છે. સામાન્ય રીતે તે એકલવાયો નથી હોતો. કોઈકને કોઈક જૂથમાં તે ભળેલ હોય છે, જેથી એ સામાજિકતાના વિકાસ માટે અગત્યનું અંગ ગણાય.

આપણા વર્ગમાં ભાતભાતના વિદ્યાર્થીઓ નજરે પડે છે. કેટલાંક ખૂબ તેજસ્વી ગણાય છે. કેટલાકનું મિત્રમંડળ સારું એવું વિકાસ પામેલુ હોય છે. તેમનું વ્યક્તિત્વ અલગ રીતે આવે એવું હોય છે. તેમનામાં નેતૃત્વશક્તિ છે અને તેઓ દરેક પરિસ્થિતિને અનુકૂળ થઈ શકે તેવા છે.


પરંતુ આપણા એ જ વર્ગોમાં કેટલાંક એકાકી બાળકો પણ દેખા દે છે તેઓ અભ્યાસમાં મંદ જણાતાં હોય છે. તેમને મિત્રો ખૂબ ઓછાં છે અથવા એક મિત્ર નથી તેઓ લઘુતાગ્રંથિથી પીડાતાં હોય છે. તેઓ આવી પરિસ્થિતિમાં અનુકૂલન પ્રાપ્તિ કરી શકતા નથી.

વળી, બીજાં સામાન્ય બાળકો તો હોય છે જ, તેઓ બહુ તેજસ્વી નથી, તેમ જ મંદ પણ નથી, જેમને એકાદ બે મિત્ર હોય, જેમનામાં કોઈ ખાસ વિશિષ્ટ શક્તિ નથી, જે બીજાને આકર્ષી શકે, જેમના નેતૃત્વશક્તિ નથી, પણ કોઈક નેતાને અનુસરવાનું પસંદ કરતાં હોય છે.

સવાલ એ થાય છે કે વ્યક્તિગત તફાવતો ધરાવતાં બાળકોનો, શિક્ષક તરીકે કંઈક વિચાર કર્યા છે ખરો ?  સામાજિક પરિસ્થિતિના સંદર્ભનાં દરેક વિદ્યાર્થીની પસંદગી જુદી જુદી હોય છે. વર્ગમાં વિદ્યાર્થીની સામાજિકતા આલેખ લેવામાં આવે અને તેના આધારે વિદ્યાર્થીઓને એમનું પસંદગી - મૂલ્ય બદલવામાં મદદરૂપ થઈ શકાય.

વિદ્યાર્થીઓના પરસ્પર મિત્રાચારીનાં જોડકાં બતાવીને પસંદગીની કાપલીઓ એકઠી કરવામાં આવે. એના આધારે આલેખ દોરી શકાય. જેમાંથી આ માહિતી મેળવી શકાય.

- સહુથી વધુ મત મેળવનાર સૌમાં પ્રિય અથવા તારક વિદ્યાર્થી
- એકાદ મત મેળવનાર નકરાયેલ વિદ્યાર્થીઓ
- એકબીજાંને મત આપનાર પરસ્પરસંબધ ધરાવતા વિદ્યાર્થીઓ
- એક પણ મત ન મળ્યો તેવા એકાકી -  અટુલા વિદ્યાર્થીઓ




**આકૃતિ મુજબ સામાજીકતાનો આલેખ**

હવે રજિસ્ટર નંબર પ્રમાણે ગોઠવેલી કાપલીમાંથી એક પછી એક કાપલી લઈ, પહેલા નંબરે કઈ બે વ્યક્તિઓને મત આપ્યાં છે. - તેમના ખાનામાં પસંદગી પ્રમાણે 1 અથવા 2 લખો. આમ, ઊભી હારમાં દરેક નામ સામે એમણે પસંદ કરેલ બે વિદ્યાર્થીઓના ખાના પસંદગી લખાયેલી હશે. હવે દરેક ખાનામાં પહેલી પસંદગીનો સરવાળો કરી નીચે લખો. પરિણામ આ પ્રમાણે જણાશે.

સહુથી વધુ મત મેળવનાર સૌમા પ્રિય અથવા તારક વિદ્યાર્થીઓ

સામાજિકતાનો આલેખ

- પ્રથમ પસંદગી

- દ્વિતીય પસંદગી

## 13.9 ઔપચારિક સાધનો :

ઔપચારિક કસોટી તે સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરવા માટે વિદ્યાર્થીની ક્ષમતાઓને ધ્યાનમાં રાખી શિક્ષક દ્વાર પ્રશ્નપત્ર રચવામાં આવે છે, તેને ઔપચારિક કસોટી તરીકે ઓળખવામાં આવે છે. શિક્ષક દ્વારા શિક્ષણ સંસ્થામાં કરવામાં આવતાં મૂલ્યાંકન તરીકે ઓળખવામાં આવે છે. શિક્ષક ઔપચારિક સાધનોનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરે છે. આવા સાધનોમાં વિવિધ કસોટીઓ જેવી કે લેખિત, મૌખિક, પ્રાયોગિક અને ક્રિયાત્મક કસોટીનો સમાવેશ થાય છે. આ કસોટીનો ઉપયોગ પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ, વિભાગોમાં કરવામાં આવે છે. ઔપચારિક મૂલ્યાંકન શૈક્ષણિક સંસ્થાઓમાં, શિક્ષક દ્વારા ચોક્કસ પદ્ધતિ અનુસાર કરવામાં આવે છે. આવા મૂલ્યાંકનમાં અભ્યાસક્રમ અનુશ્રિત સાધનોનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

## 13.10 પ્રસ્તાવના :

આપણે સૌ જાણીએ છીએ કે, સલાહદર્શન કરનાર વ્યક્તિ પાસે સલાહ માટેનાં કેટલાંક સાધનો હોય છે. અને તે સાધનો દ્વારા જ તે પોતાનું કાર્ય કરે છે. આવું જ એક અગત્યનું સાધન છે - મનોવૈજ્ઞાનિક કસોટીઓ આ કસોટીઓ માહિતીનું એકત્રિકરણ કરવામાં ખૂબ જ ઉપયોગી સાધન છે અને તેથી જ સમગ્ર માર્ગદર્શન કાર્યક્રમમાં તેનું આગવું સ્થાન છે.

**મનોવૈજ્ઞાનિક કસોટીઓ : નો અર્થ અને વ્યાખ્યા :**

સામાન્ય કસોટી હોવાં છતાં મનોવૈજ્ઞાનિક કસોટીની વિશેષતા એ છે કે તે વ્યક્તિના વિવિધ પાસાંઓનું મૂલ્યાંકન કરે છ. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે ઘણી ભિન્નતાઓ જોવા મળે છે અને એટલે જ તેના કેટલાંક પાસાંઓ જેવા કે બુદ્ધિ, વલણ, અભિરૂચિ, અભિયોગ્યતા, વ્યક્તિત્વ વગેરેનું મૂલ્યાંકન કરવું જરૂરી છે અને મનોવૈજ્ઞાનિક કસોટીએ આવું કામ કરતી કસોટીઓ છે.

**વ્યાખ્યાઓ :**


- "મનોવૈજ્ઞાનિક કસોટી એટલે વ્યક્તિના કોઈ ચોક્કસ પાંસાનું માપન અને મૂલ્યાંકન કરતી કસોટી."

"મનોવૈજ્ઞાનિક કસોટી એટલે વ્યક્તિના વર્તનના નમૂનાનું અનાત્મલક્ષી અને પ્રમાણિત માપન."

મનોપ્રદેશના કે મનોવ્યાપારના કોઈપણ અંગ કે પાંસાને સ્પષ્ટ કરતી કસોટીને મનોવૈજ્ઞાનિક કસોટી કહેવામાં આવે છે. આ કસોટીઓ માનસિક કસોટીઓ તરીકે ઓળખવામાં આવે છે. દરેક મનોવૈજ્ઞાનિક કસોટીને પ્રમાણિત કરવાનો પ્રયાસ થયેલો હોય છે. વ્યક્તિમાં રહેલી વિશિષ્ટ શક્તિના સામાન્ય રીતે ત્રણ પ્રકાર હોય છે. માનસિક (Metal) શારીરિક (Physical or Motor) અને સંમિશ્ર (Psycho Motor) બીજી રીતે કહીએ તો, મનોવૈજ્ઞાનિક કસોટી પ્રમાણભૂત કસોટીઓ છે.

## 13.10 મનોવૈજ્ઞાનિક કસોટીનું સ્વરૂપ :

મનોવૈજ્ઞાનિક કસોટીએ માનવ વર્તનના નમૂનાનું માપન કરે છે. મનોવૈજ્ઞાનિક કસોટી મનુષ્યના અલગ-અલગ પાસાંઓનું માપન કરે છે. દા.ત. બુદ્ધિ માપન કરવું હોય તો જે પ્રશ્ન દ્વારા, પ્રવૃત્તિ દ્વારા કે કોઈ ક્રિયા દ્વારા, બુદ્ધિ કૌશલ્ય કે બુદ્ધિનો ઉપયોગ થાય તેવા પ્રશ્નોનો કસોટીમાં સમાવેશ કરવામાં આવે છે. મનોવૈજ્ઞાનિક કસોટીના નીચે પ્રમાણે પ્રકાર પાડી શકાય.




**રસ : (Interest Inventory) :**

વ્યક્તિઓના જૂથમાં સામાન્ય રીતે રસ અને અભિયોગ્યતા વચ્ચે ઘન સહસંબંધ જોવા મળે છે. ઘણું ખરું આ સહસંબંધ ઊંચો નથી હોતા. વધુમાં એ સહસંબંધ સંકળાયેલ વ્યક્તિઓ અને સંબંધિત ક્ષેત્રો મોટા પ્રમાણમાં ચાલે છે. ટૂંકમાં, એ બંને વચ્ચેનો સહસંબંધ પૂરતો ઊંચો નથી કે જેથી રસમાપન પરથી અભિયોગ્યતા તારવી શકાય અથવા અભિયોગ્યતા માપન પરથી રસ તારવી શકાય આ કારણે જે અભ્યાસિક કે અન્ય અભિયોગ્યતા કસોટીનાં પરિણામોની પૂર્તિ પ્રમાણભૂત રસશોધિનીનાં તારણોથી કરવી જોઈએ. આમ, પ્રમાણભૂત રસશોધિની કસોટી કાર્યમાં પૂરક તરીકે કામ આવે છે.

**અભિરુચિઓનું માપન :**

અભિરુચિઓ અંગે જે રીતે માહિતી ભેગી કરવામાં આવે છે. તેના ઉપરથી સુપેરે તેના કેટલાંક પ્રકાર જણાવ્યા છે.

(1) કથિત અભિરુચિઓ (Expressed Interests)

(2) પ્રદર્શિત અભિરુચિઓ (Manifest Interests)

(3) સંશોધિનિકા દ્વારા જ્ઞાન અભિરુચિઓ (Inventorised Interests)

(4) કસોટી દ્વારા જ્ઞાન અભિરુચિઓ (Tested Interested)

**અભિરુચિઓના ક્ષેત્રો :**

| સ્ટ્રોંગ - કેમ્પબલ | સ્ટ્રોંગ | કુડર | ગિલ્ફર્ડ |
|---|---|---|---|
| વાસ્તવિક<br>સામાજિક | વિજ્ઞાન<br>લોકો | વૈજ્ઞાનિક કાર્યો<br>સમાજસેવા<br>વિષયક કાર્યો | વૈજ્ઞાનિક<br>સમાજકલ્યાણ<br>વિષયક |
| તપાસસૂચક | ભાષા, વસ્તુઓ<br>વિ. લોકો | શાબ્દિક કે<br>સાહિત્યિક કાર્યો<br>યાંત્રિક કાર્યો | યાંત્રિક |
| રૂઢિગત | વ્યાપારનું તંત્ર | ખુલ્લી જગ્યાઓમાં<br>કરવાના કાર્યો,<br>ગણતરીવાળા કાર્યો | ખુલ્લી જગ્યાઓમાં<br>કાર્યો, કારકુની કાર્યો |
| સાહસિક<br>કલામય | વ્યાપારના સંપર્કો | સજાવટવાળાં કાર્યો<br>કલામય પ્રવૃતિઓ<br>સંગીતમય<br>પ્રવૃત્તિઓ | વ્યાપારવિષયક<br>સૌંદર્યાત્મક<br>અભિવ્યક્તિ<br>સૌંદર્યાત્મક કદર<br>વ્યક્તિત્વના અંશો |

**સ્ટ્રોંગ-કેમ્પબેલ રસ સંશોધનિકા :** પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થતાં ઈ.કે. સ્ટ્રોંગે અમેરિકાની સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાં જોડાઈ સંશોધનિકા દ્વારા વ્યાવસાયિક અભિરુચિઓનો અભ્યાસ શરૂ કર્યો, જે 30 વર્ષ સુધી ચાલુ રહ્યો અને એ ક્ષેત્રનું કાર્ય ડી.પી. કેમ્પબેલે ત્યાર પછી ઉપાડી લીધું છે. ઈ.સ. 1927માં સ્ટ્રોંગની પ્રથમ રસ સંશોધિનિકાઓ બહાર પડી હતી. સ્ટ્રોંગ વ્યાવસાયિક રસો શોધવા માટે પુરુષો તથા સ્ત્રીઓ માટે અલગ-અલગ સંશોધનિકાઓ રચી હતી. જે Strong Vocational Interest Blank for men અને Strong Vocational Interest Blank for Women નામે ઓળખાતી હતી.

**કુડર પ્રેફરન્સ રેકોર્ડ્સ (Kuder Preference Records)**

સ્ટ્રોંગના અભિરુચિઓનાં સંશોધનના શરૂ થયા પછી કેટલાંક વર્ષ જી.એફ. કુડરે (G.F.Kuder) એ જ ક્ષેત્રમાં જરા જુદી પદ્ધતિથી કામ કરી ઈ.સ.1939માં તેમનો Kuder Vocational Prefrence Record) (કુડર ધંધાકીય પસંદગી સંશોધનિકા) બહાર પડ્યો.

**ગુજરાતીમાં અભિરુચિ સંશોધનિકાઓ :**

અભિરુચિ સંશોધનિકાઓ તૈયાર કરવાનું કામ ગુજરાતી ભાષામાં કેટલીક વ્યક્તિઓએ કર્યું છે. જેમાં વલ્લભ વિદ્યાનગરના જે.સી. પરીખ અને અમદાવાદના હરકાંત ડી. બદામી તથા અમદાવાદના જ્યોતિ દવેનો પ્રયત્ન નોંધપાત્ર છે. વડોદરામાં હોમ સાયન્સમાં એક અધ્યાપિકા એ સ્ટ્રોંગના જેવી એક અભિરુચિ સંશોધનિકા પ્રમાણિત કરી છે.

જે.સી. પરીખની અભિરુચિ સંશોધનિકા કુડર પ્રેફરન્સ રેકર્ડ વોકેશનલમાં મૉડેલ ઉપર કરવામાં આવ્યું હતું. તેમાં 11 વિવિધ વિભાગોમાં વ્યવસાયો માટે અગિયારમાં ધોરણના વિદ્યાર્થીઓના રસો માપવામાં આવ્યા હતા. એ વિભાગો છે નૈસર્ગિક, પ્રશાસકીય સાહિત્યિક, સમાજસેવા વિષયક, કારકુની, ઘરબહારના ખુલ્લીજગ્યાના અને ગણતરીવાળા વ્યવસાયો સંશોધનિકા 3921, છોકરાઓ અને 979 છોકરીઓને આપવામાં આવી હતી. તેમાંના 63 ટકા ગ્રામવિસ્તારમાંથી અને 37 ટકા શહેરી વિસ્તારમાંથી પસંદ કરવામાં આવ્યા હતા. છોકરા-છોકરીઓના તથા શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માટે અલગ-અલગ માનંક તૈયાર કરવામાં આવ્યાં હતાં.

સ્કેલની પુનઃ કસોટી વિશ્વસનીયતા 0.84 અને અર્ધવિભાજન વિશ્વસનીયતા 0.94 જેટલી મળી હતી. વિવિધ વ્યવસાયોના જૂથોમાં રહેલી વ્યક્તિઓની સંશોધિનિકાના તેવાં જૂથોમાં વધુ પ્રાપ્તાંક જોવા મળ્યા છે તેવી યથાર્થતા દર્શાવે છે.

હરકાંત બદામીની વ્યાવસાયિક અભિરુચિ સંશોધનિકાઓમાં થર્સ્ટને જણાવે દશ ક્ષેત્રો (1) નૈસર્ગિક વિજ્ઞાનો (2) જીવ વિજ્ઞાનો (3) ગણતરીવાળા ધંધા નૈસર્ગિક વિજ્ઞાનો (4) વેપાર (5) ઓફિસના કર્મચારીઓ (6) સમજાવટવાળા ધંધા (7) શાબ્દિક ધંધા (8) કલ્યાણકારી ધંધા (9) કલાત્મક ધંધા અને (10) સંગીતના ધંધાઓનો સમાવેશ થાય છે અને તે દરેકમાં રસ માપવા વ્યવસાયોનાં નામ જોડકામાં આપ્યાં છે. કુલ સો જોડકાંને એક મોટા કાગળ ઉપર ચોકઠાં દોરી છાંપ્યાં છે અને પ્રયોગપાત્રે દરકે ચોકઠામાંથી બંને વ્યવસાયોમાંથી જે પસંદ હોય તેના આંકડા - 1 અથવા 2 આસપાસ 2 કુંડાળાં દોરવાના હોય છે. અને જે પસંદ ન હોય તેની ઉપર ચોકડી દોરવાની છે. કુડરની જેમ બેમાંથી કયો વ્યવસાય વધું પસંદ કે ઓછો પસંદ છે, તેવું આમાં જણાવવાનું ન હોવાથી બબ્બે વ્યવસાયોના જોડકાં શાથી મૂક્યાં છે, તે સમજાતું નથી. વધુમાં કોઈપણ બે વ્યવસાયો (યાદીમાંના કે બહારના) સૌથી વધુ ગમતા હોય અને જે બે વ્યવસાયો સૌથી વધુ ના પસંદ હોય તેમના નામ લખવાના હોય છે.

પ્રિ.યુનિ. આર્ટ્સ, સાયન્સ અને કોમર્સના અમદાવાદ શહેરના ઈ.સ. 1209 છોકરાઓ અને 466 છોકરીઓને આ સંશોધનિકા આપી તેમના પ્રત્યાચાર ઉપરથીસ વ્યવસાયક્ષેત્રોનાં માનાંકો નક્કી કર્યા છે. પ્રયોગપાત્રનાં તેથી દસ વ્યવસાય ક્ષેત્રો માટે પ્રાપ્તાંક ઉપરથી શોધી શકાય છે.

દરેક ક્ષેત્રનાં પ્રાપ્તાંકનો કુલ પ્રાપ્તાંકો સાથે સહસંબંધ શોધી વિગત-યથાર્થતા શોધવામાં આવી છે. વિશ્વસનીય અંકો 0.78થી 0.90 સુધીના પ્રાપ્ત થયાં હતાં. યથાર્થતા શોધવા દસ દસ સફળતાને વરેલાં કર્મચારીઓને આ સંશોધનિકા આપવામાં આવી હતી. તેમાં દરેકના પોતાના ક્ષેત્રમાં પ્રાપ્તાંક

સૌથી વધુ મળ્યા હતા. જે સંશોધનિકાને યથાર્થ કરાવે છે.

**અભિરુચિ સંશોધનિકા (Interest Inventory)**

ગુજરાત યુનિવર્સિટીમાં જ્યોતિ દવે (દેસાઈ એ ધોરણ ધોરણ-8 થી ધોરણ-12ના વિદ્યાર્થીઓની અભિરુચિઓ પાસ માટે સ્ટ્રોંગ - કેમ્પબલની SCII જેવી એક સંશોધનિકા તૈયાર કરી, મર્યાદિત સંખ્યામાં તેના સ્કેલ્સ બનાવી માનાંકો તૈયાર કર્યા છે. તેમાં નીચેના જેવી 100 વિગતો છે. જે 10-10 ના ટુકડાઓમાં વહેંચેલી છે. દરેક ટુકડાનો 1લી, 2જી, 3જી વગેરે વિગત એક જ ક્ષેત્રનો રસ ધરાવે છે.

| | | |
|---|---|---|
| A (2) | મહાન સામાજિક કાર્યકર્તાઓ વિશે વાંચવું | ગમે / અચોક્કસ / ન ગમે |
| B (9) | ચિત્રો દોરવાં | ગમે / અચોક્કસ / ન ગમે |
| E (5) | નવી ખાદ્ય વાનગીનો પ્રચાર કરવો | ગમે / અચોક્કસ / ન ગમે |
| J (7) | જમીનની માપણીનું કામ કરવું | ગમે / અચોક્કસ / ન ગમે |

આ સંશોધનિકાના પ્રયોગક્ષેત્રે દરેક વિગત માટે તે પ્રવૃત્તિ તેને ગમે છે, નથી ગમતી કે તે વિશે તે અચોક્કસ છે. તે જણાવવાનું છે કુડરનવા રસક્ષેત્રો પ્રમાણે સર્વ ધંધાઓને 10 વિભાગમાં વહેંચી દરેક વિભાગનો એક પ્રતિનિધિ વ્યવસાય લઈ તેમાં આગળ વધેલી વ્યક્તિઓ પાસે આ સંશોધનિકા ભરાવી 10 સ્કેલ્સ તૈયાર કર્યા છે. આ સ્કેલ્સ નીચે પ્રમાણેના વ્યવસાયોનું પ્રતિનિધિત્વ કરે છે.

| **ક્રમ** | **ક્ષેત્ર** | **વ્યવસાય** |
|---|---|---|
| 1 | વૈજ્ઞાનિક → | ડૉકટરો |
| 2 | સમાજસેવા → | સમાજસેવકો અને નર્સો |
| 3 | ભાષાવિષયક → | લેખકો |
| 4 | યાંત્રિક → | એન્જિનિયરો |
| 5 | સમજાવટવાળા → | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો |
| 6 | કારકુની કામ → વિષયક | બેન્કના કારકુનો |
| 7 | ખુલ્લી જગ્યા → (out door) | ઈલેક્ટ્રિશિયન, ટેલિફોન રિપેર કરનાર, ટેલિફોન જોડી આપનારાં |
| 8 | ગણતરીવાળા → | હિસાબનીશો, બેન્કના ઓફિસરો કે જેમણે ગણતરીનું કામ કરવાનું હોય છે. |
| 9 | કળા વિષયક → | ચિત્રકારો, નાટકમાં કામ કરનારાં ફોટોગ્રાફરો |
| 10 | સંગીત વિષયક → | સંગીતકારો, સંગીત શિક્ષકો |

ઉપરાંત થોડાં કૉલેજ અને યુનિ. ના પ્રોફેસરોને પણ આ સંશોધનિકા આપી હતી.

આ પ્રમાણે દશ ક્ષેત્રોના પ્રતિનિધિ વ્યવસાયવાળાઓને આ સંશોધનિકા આપી તેમના વિવિધ વિગતો પરના પ્રાપ્તાંક પરથી અભિરુચિના 10 સ્કેલ્સ તૈયાર કરવામાં આવ્યા. આ સ્કેલ્સ પર ધોરણ VIII થી XII ના કુલ 572 વિદ્યાર્થીઓની અભિરુચિઓમાં માપ લઈ તેમાંથી દરદેક ધોરણના 50-50 વિદ્યાર્થીઓના રેન્ડમ પદ્ધતિથી સ્કેલ્સ પસંદ કરી તેમનું સામાન્ય લોકો Men- in General જૂથ રચ્યું અને સામાન્ય લોકોની અભિરુચિનો નકશો તૈયાર કર્યો.

આ સંશોધનિકા પર 24 લોકોના 2 વખત પ્રાપ્તાંક મેળવ્યા, જે ઉપરથી કસોટી - પુનઃ કસોટી વિશ્વસનીયતા શોધી જેના માનાંક 34 જેટલો આવે છે.

અર્ધ વિભાજન પદ્ધતિ માટે સંશોધનિકા પરથી 100 વિગતોના 10 ટુકડા (Blocks) ના બે ભાગ કર્યા, જેમ કે (1) A, B, C, D અને E તથા (2) F, G, H, I અને J આ બંને ભાગના પ્રાપ્તાંક જુદાં પાડી. તેમના વચ્ચે સહસંબંધ શોધી, સ્પિયર- બ્રાઉન સૂત્ર પ્રમાણે તેમને સુધારી અર્ધ-વિભાજન વિશ્વસનીયતા માનાંક શોધ્યો જે 0.82 જેટલો ઊંચો આવ્યો.

કુડર-રિચર્ડસન સૂત્ર પ્રમાણે વિશ્વસનીયતા માનાંક 0.31 મળ્યો. યથાર્થતા શોધવા વિવિધ ક્ષેત્રના પ્રતિનિધિઓના પ્રાપ્તાંકો 10 સ્કેલ્સ પર સામાન્ય લોકોના પ્રાપ્તાંકોથી કેટલા જુદો પડે છે તે શોધ્યુ. તેમાં જોવા મળ્યું કે વિવિધ ક્ષેત્રના વ્યવસાયવાળાઓની અભિરુચિઓની તરેહો સામાન્ય લોકોની અભિરુચિ તરેહથી સ્પષ્ટ રીતે જુદી પડે છે. આ પ્રસ્તુત અભિરુચિ સંશોધનિકાની યથાર્થતા દર્શાવે છે.

આ સંશોધિનકા IPERG તરફથી પ્રકાશિત કરવામાં આવી છે.

**માર્ગદર્શન :** આપણે આગળ જોઈ ગયા કે રસ અને અભિયોગ્યતા વચ્ચે કંઈક અંશે હકારાત્મક સહસંબંધ છે એ દૃષ્ટિએ વિદ્યાર્થીના એ બંને પાસાંનું માપન કરી એને યોગ્ય માર્ગદર્શન આપી શકાય.

| ઋષિત | અભિયોગ્યતા | રસ |
|---|---|---|
| ચિત્રકલા | છે | છે |
| સંગીત | નથી | છે |
| ગાણિતીક | છે | નથી |

અહીં, ઋષિતમાં ગાણિતીક અભિયોગ્યતા છે પણ એ અંગે રસ જોવા મળતો નથી. એથી ઊલટું, સંગીતમાં જોવા મળે છે, જ્યારે ચિત્રકલામાં અભિયોગ્યતા અને રસ બંને જોવા મળે છે. આને ધ્યાનમાં રાખીને ઋષિત ને યોગ્ય માર્ગદર્શન આપી શકાય.

- શાળામાં વિદ્યાર્થીઓ માટે વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવતું હોય છે, એ દૃષ્ટિએ વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓની જૂથ રચના કરવામાં સંશોધનની ના પરિણામો મદદરૂપ બની શકે. વિદ્યાર્થીઓના જે - તે રસક્ષેત્રો અનુસાર એને જે - તે પ્રવૃત્તિમાં વાળી શકાય.
- કેટલીકવાર વિદ્યાર્થી દેખા-દેખીથી કે કોઈના કહેવાથી અમુક ચોક્કસ વ્યવસાય પ્રત્યે આકર્ષાતો હોય છે. આવા સંજોગોમાં રસશોધિની દ્વારા એના રસનું યોગ્ય ક્ષેત્ર ઓળખીને તેને વ્યવસાયની યોગ્ય પસંદગી તરફથી દોરી શકાય.
- વિદ્યાર્થી સામે બે રસ્તાઓ હોય છે, એક તો સર્જનાત્મક કે રચનાત્મક અને બીજો ખંડનાત્મક કેટલાંક વિદ્યાર્થીઓ એવા હોય છે, જેઓ ખંડનાત્મક પ્રવૃત્તિ તરફ પોતાનામાં રહેલી વિકૃતિને કારણે તરત જ વળી જતાં હોય છે. આવા વિદ્યાર્થીઓને એમના રસ અનુસાર ગમતી રચનાત્મક પ્રવૃત્તિ તરફ વાળવાથી એમનું જીવન પલટાઈ જાય છે.
- વિદ્યાર્થીઓનાં રસક્ષેત્ર ઓળખી, તેમના રસના વિકાસ માટે જે - તે વિદ્યાર્થીને યોગ્ય પ્રવૃત્તિઓ અને માર્ગદર્શન આપી શકાય. દા.ત. કોઈ વિદ્યાર્થીને વાંચન પ્રવૃત્તિમાં રસ હોય તો તેવા વિદ્યાર્થીને પુસ્તકાલય સાથે જોડી, યોગ્ય પુસ્તકો પ્રત્યેનો વાંચન રસ જગાડી તેની કારકિર્દીના વિકાસમાં ફાળો આપી શકાય.
- **અભિયોગ્યતા કસોટી : અર્થ અને વ્યાખ્યા :** તાલીમ વિના વ્યક્તિની સુષુપ્ત શક્તિ બહાર આવે તેને સામાન્ય રીતે અભિયોગ્યતા કહેવાય. વ્યક્તિમાં રહેલી સુષુપ્ત શક્તિઓને પણ કોઈ જાતની તાલીમ લીધા વિના પ્રસ્ફૂરિત થાય તે અભિયોગ્યતા અભિયોગ્ય શબ્દને મનોવૈજ્ઞાનિકો જુદાં-જુદા બે અર્થમાં વાપરે છે.

(1) જ્યારે કારકુની એટલે કે કારકુની અભિયોગ્યતા દાકતરી વિદ્યા માટેની અભિયોગ્યતા જે વ્યવસાયોમાં જરૂરી છે. ઘણી વખત નાની શક્તિઓનો વિશાળ અર્થમાં સમાવેશ થાય છે.

(2) જ્યારે પ્રત્યક્ષીકરણની ઝડપ એક અભિયોગ્યતા ગણવામાં આવે છે. ત્યારે એક વિચાર શક્તિના અર્થમાં વપરાય છે.

ઉપરની બન્ને બાબતોમાં એક તફાવત છે. પહેલા અર્થમાં કોઈ એક વ્યવસાયમાં જરૂરી અનેક અતિશક્તિઓનો સમૂહ અભિયોગ્યતા ગણાય છે, જ્યારે બીજા અર્થમાં તે એક વિશિષ્ટ શક્તિ છે, જે ઘણા વ્યવસાયોમાં જરૂરી છે. આમ, પ્રથમ અર્થમાં અભિયોગ્યતા વિશાળા અર્થ માટે છે. જ્યારે બીજા અર્થમાં એક લક્ષણ તરીકે ઓળખાય છે.

**વ્યાખ્યાઓ :**

"વણ શીખેલ કાર્ય, કૌશલ્ય કે ક્રિયા કરવાની સુષુપ્ત શક્તિ કે સામાર્થ્ય એટલે અભિયોગ્યતા."

"કોઈ વ્યવસાય, શાળાનું કાર્ય કે પ્રવૃત્તિ અથવા વિશિષ્ટ વિષય માટે તાલીમ આપવાથી વ્યક્તિને કેટલા અંશે સફળતા મળશે તેની શક્યતાનું માપ દર્શાવતી સ્થિતિ એટલે અભિયોગ્યતા."

- ***બિંગહામ***

"વ્યક્તિના ભવિષ્ય સંબંધી ક્ષમતાઓનો નિર્દેશ કરનાર વર્તમાન સ્થિતિ એટલે અભિયોગ્યતા"

- ***ટેક્ષલર***

"અભિયોગ્યતા એ કોઈ શક્તિ નથી પણ કેટલીક શક્તિઓના સંભવિત વિકાસની આગાહી કરે છે."

- ***જ્હોન આર્થર***


"અભિયોગ્યતા એ કામગીરીનો ચોક્કસ પ્રદેશ કે ક્ષેત્રની વિશિષ્ટ શક્તિ." - ***આર.બી. તનેજા***

"બુદ્ધિ નામનું તત્ત્વ હોય કે ન હોય પરંતુ દરેક વ્યક્તિમાં વિશિષ્ટ શક્તિ જુદી જુદી માત્રામાં દેખાય છે. જેવી કે યંત્ર કામ, ચિત્રકામ, સંગીત ક્લેરીકલ વગેરે અને તેના માપન પરથી તે ક્ષેત્રમાં સફળ થવાની ઘણી શક્યતાનું સૂચન મળે છે." -
***કેટલ***

**અભિયોગ્યતા કસોટીનું સ્વરૂપ :**

આપણે અભિયોગ્યતાનો અર્થ અને વ્યાખ્યાઓનો અભ્યાસ કર્યો. તે પરથી સમજાય છે કે અભિયોગ્યતા એટલે તાલીમ વિના કોઈ કામ કરવાની શક્તિ કે કૌશલ્ય. દરેક વ્યક્તિમાં આવી શક્તિ પડેલી હોય છે. જેમાં વ્યક્તિએ કોઈ તાલીમ ના લીધેલ હોય કે તેવા પ્રયાસપણ ન કર્યો હોય, છતાં પણ તે વ્યક્તિની કામ કરવાની ઢબ પરથી આપણે આગાહી કરી શકીએ છીએ કે ભવિષ્યમાં જે તે વ્યક્તિ જે તે ક્ષેત્રમાં કેટલા અંશે પારગત થશે. આમ, અગાઉથી પડેલી કે સુષુપ્ત શક્તિઓનું માપન કરવું. આવી અભિયોગ્યતાનું માપન કરવા માટે જે કસોટીઓનો ઉપયોગ કરવામાં આવે છે, તેને અભિયોગ્યતા કહેવામાં આવે છે.

વ્યક્તિમાં કેટલી અભિયોગ્યતાઓ રહેલી હોય છે. જેવી કે



આમ, અભિયોગ્યતા માપન એટલે કોઈ કાર્ય પ્રવૃત્તિમાં કે ક્રિયામાં અનેક ઘટકોનું માપન.

દા.ત. ઑફિસ કાર્ય અભિયોગ્યતા માપવા ઑફિસ કામ માપવા જરૂરી તત્ત્વો, ઘટકો, બાબતો કે વર્તનો જેવા કે પ્રત્યક્ષીકરણની ઝડપ, ચોકસાઈ વર્ણન-કુશળતા, કોડીંગ-ડિકોડીંગ, ફાઈલિંગ વગેરેનું માપન.

## 13.11 અભિયોગ્યતા માપન માટે ત્રણ અભિગમો છે :

(1) અભિયોગ્યતાની વિશિષ્ટતા માપવા સાદા પ્રયોગ

(2) અભિયોગ્યતા જે વ્યવસાય કે કાર્યમાં મુખ્યત્વે જોવા મળતી હોય તે કાર્યનું નાનકડું રૂપ ઊભું કરવું.

(3) અભિયોગ્યતા જે પ્રવૃત્તિમાં જોવા મળતી હોય તેમની માહિતી તથા સમજ મેળવવા પેપર - પેન્સિલ ટેસ્ટ અથવા સંશોધનિકા પ્રયોજવી.

**(1) કારકુની અભિયોગ્યતા કસોટી :**

આ કસોટીમાં ચાર મુખ્ય શક્તિઓનો સમાવેશ થાય છે.

- શબ્દો કે આંકડાઓનું પ્રત્યક્ષીકરણ
- બૌદ્ધિક શક્તિ
- ગણનશક્તિ
- હસ્ત પ્રયોગ શક્તિ

આ કસોટીમાં વ્યક્તિના શબ્દો અને આંકડાઓના પ્રત્યક્ષીકરણનું માપ કાઢવામાં આવે છે. આ કસોટી બે વિભાગમાં વહેંચવામાં આવે છે. પહેલા વિભાગમાં આંકડાની અને બીજા વિભાગમાં શબ્દોનું પ્રત્યક્ષીકરણ છે. આ કસોટીમાં ચાર શક્તિઓના માપન માટે જુદી જુદી કસોટીઓનો ઉપયોગ કરવો પડે.

**(2) ડિફરન્શિયલ એટિટ્યુડ ટેસ્ટ બેટરી (DATB)**

આ કસોટી સાયકોલોજિકલ કોર્પોરેશન ન્યૂયોર્કમાં માધ્યમિક શાળાના બાળકો માટે વિકસાવવામાં આવી છે. આમાં 8 પેટા કસોટીઓ છે.

(1) શાબ્દિક તર્ક

(2) અંક શક્તિ

(3) અમૂર્ત તર્ક

(4) અવકાશી સંબંધો

(5) યાંત્રિક અર્થગ્રહણ

(6) કારકુનની ઝડપ અને ચોક્સાઈ

(7) ભાષાપ્રયોગ

(8) જોડણી

**અભિયોગ્યતા કસોટીનું મહત્ત્વ :**

જે ક્ષેત્રની અભિયોગ્યતા કસોટી હોય તે ક્ષેત્રમાં વ્યક્તિની સફળતાની આગાહી કરવા માટે વપરાય છે. તેને વ્યક્તિના ભાવિ સાથે સંબંધ છે. અભ્યાસિક અભિયોગ્યતા કસોટીઓ વિદ્યાકીય ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓની સામાન્ય અધ્યયન ક્ષમતાનું માપન કરે છે.

- વિદ્યાર્થીમાં રહેલી અભિયોગ્યતાને પિછાણી તે અનુસાર પસંદગી કરવામાં તેમજ શૈક્ષણિક અને વ્યાવસાયિક કારકિર્દીના આયોજનમાં મદદરૂપ થઈ શકે. આ આયોજનનાં કારણે

વિદ્યાર્થીઓના સમય, શક્તિ અને નાણાંનો બચાવ થઈ શકે. અયોગ્ય પસંદગી અને આયોજનથી વિદ્યાર્થીને એક ક્ષેત્રમાંથી બીજા ક્ષેત્રમાં ખસવું પડે છે. અને હતાશ બને. આવી હતાશ અને નિરાશાના વમળમાંથી વિદ્યાર્થીને બચાવી શકાય.

- અભિયોગ્યતાના આધારે તેજસ્વી, મધ્યમ, નબળા બાળકોને ઓળખી, અલગ પાડી, તેઓને તેમના કક્ષાનુંસાર ક્ષેત્રો ચીંધી શકાય.
- કેટલીક વિશિષ્ટ સંસ્થાઓમાં વિશિષ્ટ અભ્યાસમાં વિદ્યાર્થીને પ્રવેશ આપવા માટે અભિયોગ્યતા કસોટીઓ - પ્રવેશ કસોટીઓ તરીકે ભૂમિકા ભજવે છે. જેથી લાયક અને યોગ્ય વિદ્યાર્થીને જ અમુક ઉચ્ચ અને વિશિષ્ટ ક્ષેત્રોમાં જાય તે માટે માર્ગદર્શન આપી શકાય.
- વ્યવસાયી સંસ્થાઓને યોગ્ય ઉમેદવારોની પસંદગીમાં ઉપયોગી છે. બેંકોમાં કર્મચારીની ભરતી કરવા માટે બેંકિંગ બોર્ડ દ્વારા આવી કસોટીઓ આપવામાં આવે છે. જેના પરિણામાંથી નોકરીની પસંદગી માટે ઉપયોગ કરવામાં આવે છે.

## 13.12 ગુજરાતમાં અભિયોગ્યતા કસોટીઓ :

- ઉર્વશી દેસાઈ કૃત શાબ્દિક અભિયોગ્યતા કસોટી (1971)
- કે.જી.દેસાઈની ઝડપ અને ચોક્સાઈની કસોટી (1959)
- રીખવચંદ પી. શાહ રચિત અંકશક્તિ કસોટી (1971)
- શુકલની સંગીત અભિયોગ્યતા કસોટી (1988)
- અનિલ અંબાસણ કલાપરખ કસોટી (1989)
- પી. એ. ત્રિવેદીની અર્થબોધ કસોટી.

**અભિયોગ્યતાના શૈક્ષણિક ફલિતાર્થ :**

(1) વિદ્યાર્થીઓમાં અભિયોગ્યતાને અનુરૂપ પ્રવૃત્તિઓનું આયોજન કરવું.

(2) વિદ્યાર્થીઓમાં અભિયોગ્યતાને અનુરૂપ વાતાવરણ પૂરું પાડવું.

(3) વિદ્યાર્થીઓમાં અભિયોગ્યતાને અનુરૂપ અભ્યાસક્રમો પસંદ કરવાની તક આપવી.

(4) સામાન્ય લાગતા વિદ્યાર્થીઓમાં આંગળી - હાથ કૌશલ્ય અને ચપળતા વિકસે એ માટે પ્રયત્ન કરવો જોઈએ.

**બુદ્ધિ કસોટી :**

**બુદ્ધિ કસોટી અર્થ અને વ્યાખ્યા :**

પ્રાચીન સમયમાં ગ્રીસમાં એવી માન્યતા હતી કે બુદ્ધિ એવી મનની શક્તિ છે કે જે મનમાં અમૂર્ત વિચારો પુરાં પાડે છે. તેથી તે સાચા ખ્યાલનું ઉત્પત્તિ સ્થાન છે જે વ્યક્તિ વધુમાં વધુ અમૂર્ત વિચારો કરી શકે તે બુદ્ધિશાળી કહેવાય છે.

**વ્યાખ્યાઓ :**

"વિચાર ક્રિયાની ત્રણ ખાસિયતો બુદ્ધિનાં ખ્યાલમાં સમાયેલી છે : એક, ચોક્કસ દિશા પસંદ કરી તેમાં ક્રિયા ચાલુ રાખવી. બે, ઈચ્છિત ધ્યેય પ્રાપ્ત કરવા જરૂરી વર્તન પરિવર્તન કરવું. ત્રણ, આત્મવિશ્લેષણ કરવું." - ***આલ્ફ્રેડ બીને***

"સત્યની દૃષ્ટિએ સારા પ્રતિચારો આપવાની શક્તિ તે બુદ્ધિ કહેવાય."

***- Edward L. Thorudike***

"વ્યક્તિ જેટલા પ્રમાણમાં અમૂર્ત ચિંતન કરવાની શક્તિ ધરાવતી હોય તેટલા પ્રમાણમાં તે બુદ્ધિમાન છે." - ***લ્યુઈસ ટર્મન***

બુદ્ધિ અંગે ઘણા વિદ્વાનો એ વ્યાખ્યા આપી છે, પરંતુ તેમાં સ્ટોડાર્ડની વ્યાખ્યા સૌથી વધુ સ્વીકાર્ય છે.

"બુદ્ધિ એટલે જે પ્રવૃત્તિઓની ખાસિયતોમાં (1) કઠિનતા (2) સંકુલતા (3) અમૂર્તતા (4) મિતવ્યયતા (5) ધ્યેય પ્રાપ્ત કરવા વર્તન અનુકૂલન જેવી ખાસિયતો હોય તેવી પ્રવૃત્તિઓ શરૂ કરવી અને તેમાં જ શક્તિ કેન્દ્રિત કરવાની શરૂ કરવી અને તેમાં જ શક્તિ કેન્દ્રિત કરવાની તથા ભાવાત્મક પરિબળનો સામનો કરીને પણ તેને ચાલુ રાખવાનું સામાર્થ્ય."

ઈ.સ. 1905 માં આલ્ફ્રેડ બીને અને થિયોડાર સાયમને ફ્રાંસમાં એક બુદ્ધિ કસોટીની રચના કરી જે વ્યક્તિગત રીતે શાળાનાં બાળકોને આપવામાં આવી. બુદ્ધિ કસોટીના પિતા આલ્ફ્રેડ બીનેના મત પ્રમાણે વિચાર ક્રિયાની ત્રણ ખાસિયતો બુદ્ધિના ખ્યાલમાં સમાયેલી છે.

(1) ચોક્કસ દિશા પસંદ કરી તેમાં ક્રિયા ચાલુ રાખવી.

(2) ઇચ્છિત ધ્યેય પ્રાપ્ત કરવા જરૂરી વર્તન પરિવર્તન કરવું.


(3) આત્મવિશ્લેષણ કરવું.

પાછળથી બિને એ ચોથી ખાસિયત 'સમજ' તેમાં ઉમેરી હતી.

મનોવૈજ્ઞાનિકોએ બુદ્ધિ અંગે જુદાં જુદાં મંતવ્યો રજૂ કર્યા છે. આ બધી ભિન્નતાનું કારણ એ છે કે બુદ્ધિ બહારથી નિરીક્ષણ કરી શકાય કે માપી શકાય તેવું તત્વ નથી. બુદ્ધિ એક આંતરવર્તી ઘટક છે. આધુનિક સમયમાં બુદ્ધિ એટલે માત્ર IQ (Intelligen Quotient) જ નથી, પરંતુ EQ (Emotional Quotient) સાંવેગિક બુદ્ધિ SQ (Spiritual Quotient) નો સમન્વય છે. બુદ્ધિને વ્યાખ્યાયિત કરવાનું કામ કઠિન છે, છતાં સંશોધનને આધારે IQ, EQ, SQ ને સમજવાનો પ્રયાસ કરીએ.

**બુદ્ધિકસોટીના પ્રકારો :**

બુદ્ધિમાપન કસોટીના બે પ્રકારો છે :




**(1) વ્યક્તિગત બુદ્ધિકસોટી :**

એક જ સમયે માત્ર એક જ વ્યક્તિને આપી શકાય તેવી કસોટીને કહે છે. આમાં ઉત્તરદાતા કસોટી શોધવા કેવી મથામણ કરે છે, તેના મનોભાવો વગેરેનું કસોટી લેનાર નિરીક્ષણ કરે છે અને તેના આધારે તટસ્થ મૂલ્યાંકન કરે છે. ડૉ. એન.એન.શુકલ, ડૉ. જે. એચ. શાહની કસોટી આ પ્રકારની છે.

**(2) સામૂહિક બુદ્ધિ કસોટી :**

આ પ્રકારની કસોટીઓ છાપેલ પ્રશ્નાવલિના સ્વરૂપમાં હોય છે. પ્રશ્નોના જવાબો આપવાની સૂચના પણ તેમાં આપવામાં આવે છે. તેના જવાબો લેખિત સ્વરૂપમાં આપવાનાં હોય છે. તેથી પરીક્ષક એક સમયે એકથી વધુ વ્યક્તિઓને કસોટી આપી શકે છે.

**શાબ્દિક કસોટીઓ :**

જે કસોટીના ઉત્તર આપવા ભાષાનો પ્રયોગ કરવો પડતો હોય તે શાબ્દિક કસોટીઓ છે. શાબ્દિક કસોટીઓ વ્યક્તિગત કે સામૂહિક હોઈ શકે છે. આ કસોટી દ્વારા વિદ્યાર્થીનું શબ્દ પ્રભુત્વ, અર્થઘટન કરવાની ક્ષમતા, ગાણિતિક શક્તિ, તર્કશક્તિ માપી શકાય, શાબ્દિક કસોટીઓ કેટલીક વ્યક્તિઓ માટે વાપરી શકાતી નથી. જેમ કે જેમની ભાષાશક્તિ સંપૂર્ણ વિકસી ન હોય તેવા બાળકો,

કસોટીની ભાષા ન જાણતા હોય તેવા બાળકો, અશિક્ષિત બાળકો અને બોલવા - સાંભળવાની અક્ષમતા ધરાવતા બાળકો. ડૉ. કે.જી. દેસાઈએ શાબ્દિક કસોટીઓ રચી છે.

**અશાબ્દિક કસોટીઓ :**

આ પ્રકારની કસોટીમાં ભાષાનો પ્રયોગ કરવો પડતો નથી. આ પ્રકારની કસોટીમાં ચિત્રો કે આકૃતિઓ આપેલા હોય છે. બાળકે સૂચના અનુસાર જરૂરી ચિત્રો કે આકૃતિઓ દોરવાનું, વર્ગીકરણ કરવાનું કે બે આકૃતિઓ વચ્ચે સંબંધ પ્રસ્થાપિત કરવાનો હોય છે. આ પ્રકારની કસોટીઓ જેની ભાષાશક્તિ યોગ્ય રીતે વિકસી ન હોય તેમજ નાનાં બાળકો માટે ખૂબ અનુકૂળ છે, આ પ્રકારની કસોટી વ્યક્તિગત કે સામુહિક હોઈ શકે છે. ડૉ. એન. એન. શુકલ તેમજ ડૉ. જી. બી. શાહની કસોટી આ પ્રકારની છે.

**ક્રિયાત્મક કસોટીઓ :**

આ પ્રકારની કસોટીમાં વ્યક્તિને અમુક નિશ્ચિત સમયમાં ખાસ પ્રકારનું કાર્ય સોંપવામાં આવતું હોય છે. બાળકને ચિત્ર કે સાધનોના છૂટા ભાગને વ્યસ્થિત ગોઠવવાનું કહેવામાં આવે છે. તે કેટલી ઝડપથી, કેવી રીતે, કેટલી જટિલ ક્રિયા કરી શકે છે, તેના પરથી તેની બુદ્ધિમતા નક્કી થાય છે. ડૉ. ભાટિયા શ્રીમતી પ્રેમીલાબેન ફાટકની માણસ દોરો કસોટી વગેરે આ પ્રકારની કસોટી છે.

**બુદ્ધિ કસોટીનું મહત્ત્વ :**

- બુદ્ધિકસોટી અભ્યાસની કક્ષા નક્કી કરે છે.
- શાળામાં બુદ્ધિકક્ષાનુસાર, તેજસ્વી, મધ્યમ અને મંદબુદ્ધિ પ્રકારનાં વિદ્યાર્થીઓ અનુરૂપ વર્ગીકરણ કરી વર્ગરચનામાં તેનો આધાર લેવામાં આવે છે. આમ કરવાથી શક્તિ અનુસાર અભ્યાસ પસંદગી કરવામાં મદદરૂપ થાય છે.
- જુદા-જુદા અભિગમે શિક્ષક શિક્ષણકાર્યમાં આગળવધી શકે, સાથે નબળા વર્ગને ઉપચારાત્મક કાર્યક્રમ અને તેજસ્વી વર્ગને વિશિષ્ટ પડકારરૂપ કાર્યક્રમ આપી આગળ વધવા, જૂથ રચના માટે પ્રોત્સાહન આપી શકાય.
- વિદ્યાર્થીની ભાવિ શૈક્ષણિક અને વ્યાવસાયિક કારકિર્દીની દિશા નક્કી કરવામાં બુદ્ધિ આંકનો ઉપયોગ થાય છે.
- રાષ્ટ્ર કક્ષાની યોજાતી પ્રતિભાશોધની પરીક્ષા કાર્યક્રમમાં પ્રતિભાઓની શોધમાં બુદ્ધિકસોટી અગત્યનો ભાગ ભજવે છે, જેના પરિણામના આધારે પબ્લિક સર્વિસ કમિશન જેવી સંસ્થા દ્વારા ઉંચા હોદ્દા માટે પસંદ કરવામાં આવતી વ્યક્તિની પસંદગીમાં ફાળો આપી શકે છે.
- શાળામાં દર વર્ષે એક જ ધોરણમાં પ્રવેશતા અનેક વિદ્યાર્થીઓને તેની બુદ્ધિકક્ષા અને શારીરિક વયના આધારે જુદાં-જુદાં જૂથોમાં વહેંચવામાં હોય, ત્યારે તેમનાં બુદ્ધિમાનાંક જાણવા જરૂરી થઈ પડે છે. આમ, બુદ્ધિ માનાંક અનુસાર વર્ગીકૃત કરવા બુદ્ધિમાપન કસોટીનો ઉપયોગ થાય છે.
- વિદ્યાર્થીને શાળામાં નીચેના ધોરણોમાં પ્રવેશ મેળવી શ્રમથી ઉપરના ધોરણોમાં પહોંચે ત્યારે તેમનામાં થયેલા બુદ્ધિ વિકાસને જાણવા માટે આવી કસોટીઓનો ઉપયોગ થાય છે. જુદાં-જુદા ધોરણોમાં આપેલી બુદ્ધિ કસોટી પર મેળવેલ પ્રત્યેક બાળકને બુદ્ધિમાનાંક શાળાનાં સંગૃહિત પત્રકમાં નોંધી શકાય છે.
- આવી કસોટી દ્વારા બાળકોની બુદ્ધિ કક્ષા જાણી શિક્ષક પોતાની શિક્ષણ પદ્ધતિઓ વર્ગને અનુરૂપ યોજી શકે છે. અને તેમાં જરૂર જણાય તો સુધારાત્મક પગલાં ભરી શકે છે.
- શાળાના જુદાં- જુદાં વિષયોની સિદ્ધિમાં વ્યક્તિગત બાળકનાં પછાતપણાનાં કારણો જાણવા કે સમજવા માટે આવી કસોટીઓ મહત્ત્વનો ફાળો આપે છે. કારણકે શૈક્ષણિક પ્રગતિનો બુદ્ધિઆંક સાથે લગભગ 0.3 થી 0.8 જેટલો સહસંબંધાક રહેલો હોય છે. એટલે કસોટીઓ પ્રયોજી શ્રેષ્ઠ કે પછાત બાળકોને પહેલેથી શોધી તેમને અનુરૂપ શિક્ષણની યોજના ઘડી શકાય.

- શાળાના બાળકોની કેટલીક માનસિક શક્તિઓ જેવી કે ભાષાશક્તિ, અંકશક્તિ, તર્કશક્તિ, અર્થગ્રહણશક્તિ વગેરેનો આવી કસોટીઓને આધારે અભ્યાસ થઈ શકે છે.

## 13.13 મનોવૈજ્ઞાનિક કસોટીઓનું સંચાલન :

કસોટીની કાર્યક્ષમતા તેનું કેટલું કાળજીપૂર્વક સંચાલન થાય છે. તેના પર આધાર રાખે છે. જો એક જ કસોટી વિવિધ રીતે આપવામાં આવે તો પરિણામો અલગ અલગ મળવાની પૂરેપૂરી શક્યતા રહે. આથી કસોટી સંચાલનમાં કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

(1) કસોટી સંચાલન વખતે કસોટીમાં દર્શાવેલી સૂચનાઓનું પાલન સાવેચતીપૂર્વક થવું જોઈએ. જો સૂચનાઓના પાલનમાં ચૂક રહી જાય તો તે પરિણામો પર અસર કરી શકે, વ્યક્તિને આપેલું માર્ગદર્શન પણ ગેરરસ્તે દોરનારું બની જાય.

(2) કસોટી સંચાલન દરમિયાન સર્વોત્તમ પરિસ્થિતિઓનું નિર્માણ થવું જોઈએ. બહારની વ્યક્તિના પ્રવેશ પર બંદી, ખલેલ ન પહોંચે તેની કાળજી, અનુકૂળ તાપમાન જળવાઈ રહે તેવી વ્યવસ્થા વગેરે અનેક બાબત ધ્યાનમાં રાખવી પડે.

(3) કાર્ય કરવા માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ હોવી જોઈએ. જેથી કરીને બેસવામાં સાનુકૂળતા રહે, કસોટી સાહિત્ય વ્યવસ્થિત મૂકી શકાય અને કાર્ય કરવાની પણ મોકળાશ રહે.

(4) કસોટી માટેની પૂર્વ તૈયારી રાખવી. ઉદાહરણ સ્વરૂપે, ગાણિતિક શક્તિ, કસોટી માટે કોરા કાગળની આવશ્યકતા ઊભી થવાની શક્યતા રહે તો તેની વ્યવસ્થા પૂર્વેથી જ કરી રાખવી જોઈએ.

(5) જૂથ કસોટી આપવાની હોય તો 20-25 પ્રયોગો પાત્રો દીઠ એક નિરીક્ષકની વ્યવસ્થા કરવી.

(6) એક સાથે એક કરતાં વધુ કસોટીઓ આપવાની હોય કે પછી એક જ કસોટીમાં પેટા-કસોટીઓ સમાવિષ્ટ હોય ત્યારે કસોટીઓના ક્રમ વિશે અગાઉથી જાણકારી પ્રાપ્ત કરી લેવી આવશ્યક બને.

(7) સમય મર્યાદાનું ચુસ્ત પાલન એ કસોટીઓનો પ્રાણ છે. જેને માટે સ્ટોપવોચનો ઉપયોગ કરી શકાય.

(8) ચાલુ કસોટી દરમિયના પરીક્ષાર્થીઓનું કાળજીપૂર્વક અવલોકન કરવું ક્યાંક પરીક્ષાર્થીઓ ચોરી કરતાં હોય, પ્રશ્નપત્રમાં જ ઉત્તર લખતાં હોય વગેરે બાબતો પ્રત્યે ધ્યાન રાખવું પડે...

## 13.14 ગુજરાતી ભાષામાં સુલભ કસોટીઓ :

ગુજરાતમાં તૈયાર થયેલી સમૂહ બુદ્ધિ કસોટીઓ નીચે મુજબ દર્શાવી શકાય.

| અનં. | કસોટીનું નામ | પ્રયોજક | શા.અશા. કે મિશ્ર | કઈ કક્ષા માટે |
|---|---|---|---|---|
| 1 | દેસાઈ સમૂહ બુદ્ધિ કસોટી | કે.જી. દેસાઈ | શા. | 12 થી 18 વર્ષ |
| 2 | દેસાઈ, ભટ્ટ સમૂહબુદ્ધિ કસોટી | કે.જી. દેસાઈ અને રંભા ભટ્ટ | શા. | 12 થી 18 વર્ષ |
| 3 | ભાવસાર બિનભાષી બુદ્ધિમાપન કસોટી | ડી.એમ. ભાવસાર | અશા. | 12 થી 18 વર્ષ |
| 4 | 'ઘર દોરો' કસોટી | વિનોદચંદ્ર જોશી | ચિત્ર | 13, 14, 15 વર્ષ |
| 5 | અશાબ્દિક બુદ્ધિમાપન કસોટી | મધુકર પટેલ | અશા. | 14 થી ઉપર |
| 6 | 'માણસ દોરો' કસોટી | પ્રમિલા ફાટક | ચિત્ર | 6 વર્ષ ઉપર |

| | | | | |
|---|---|---|---|---|
| 7 | દેસાઈ શાબ્દિક અશાબ્દિક સમૂહ બુદ્ધિ કસોટી | કે.જી. દેસાઈ | શા.અશા. | 12 થી મોટા |
| 8 | અશાબ્દિક તર્ક કસોટી | ચંદ્રકાન્ત સી. મહેતા | અશા. | 8, 9, 10 ધોરણ |
| 9 | (મુંબઈ માટે) સમૂહ બુદ્ધિ કસોટી | ભાનુ શાહ | મુખ્યત્વે શાબ્દિક | 8 થી 11 ધોરણ |
| 10 | હવે શાબ્દિક અશાબ્દિક સમૂહ બુદ્ધિ કસોટી | જ્યોતિ દવે (દેસાઈ) | શા. અશા. | 5, 6, 7 માટે |
| 11 | પંડ્યા શાબ્દિક સમૂહ બુદ્ધિ કસોટી | અજય પંડ્યા | શા. | 5, 6, 7 માટે |
| 12 | ભટ્ટ સમૂહ બુદ્ધિ કસોટીઓ | ચંપા ભટ્ટ | મિશ્ર | 5 થી 7 ધોરણ |
| 13 | સમૂહ કસોટી | જ્યોતિ દેસાઈ | શા. અશા. | 5 થી 7 ધોરણ |
| 14 | શાહ અશાબ્દિક સમૂહ બુદ્ધિ માપન કસોટી | જી.બી. શાહ | અશા. | 7 1/2 થી 14 1/2 વર્ષ |

**સંશોધનના ઉપકરણો :**

અન્ય વિશિષ્ટ પ્રકારની કસોટીઓ :

| અન. | કસોટી | રચિયતા |
|---|---|---|
| 1 | કલાપરખ કસોટી | અનિલ અંબાસણા |
| 2 | સંગીત અભિયોગ્યતા કસોટી | દુષ્યંત શુકલ |
| 3 | ભાષાકીય સર્જનશીલતા માપન કસોટી | ગીતા શિરીષ દેસાઈ |
| 4 | જાતિયજ્ઞાન પ્રશ્નાવલિ | ચંદ્ર મોહિની ધવન |
| 5 | અભિરુચિ સંશોધનિકા | જે. સી. પરીખ |
| 6 | વ્યાવસાયિક અભિરુચિ સંશોધનિકા | હરકાંત બદામી |
| 7 | અભિરુચિ સંશોધનિકા | જ્યોતિ દવે (દેસાઈ) |
| 8 | સમાયોજન સંશોધનિકા | ચંદ્ર મોહિની ધવન |
| 9 | દેસાઈ પ્રગટ ચિંતા માપદંડ | કે. જી. દેસાઈ |
| 10 | વ્યક્તિત્વ સંશોધિનકા | કે. જી. દેસાઈ |
| 11 | દેસાઈ અનુકૂલન સંશોધનિકા | કે. જી. દેસાઈ |
| 12 | નાનાં બાળકો માટે વ્યક્તિત્વ પ્રશ્નાવલિ | ભરત દવે |
| 13 | બાળકો માટે વ્યક્તિત્વ પ્રશ્નાવલિ | આર.એસ. પટેલ |
| 14 | ભટ્ટ માર્ગદર્શન નિદર્શિની | મહેન્દ્રિકા ભટ્ટ |
| 15 | ચિત્ર વૈફલ્ય કસોટી | કે. જી. દેસાઈ |
| 16 | સ્વ સંકલ્પના સંશોધનિકા | જે. એસ. શાહ |
| 17 | માનસિક સ્વાસ્થ્ય વિશ્લેષણ પ્રશ્નાવલિ | હરકાંત ડી. બદામી અને ચારુલત્તા એચ. બદામી |
| 18 | સામાજિક સમાયોજન સંશોધનિકા | હરકાંત બદામી અને ચારુલતા બદામી |
| 19 | કૌટુંબિક સમાયોજન સંશોધનિકા | હરકાંત બદામી અને ચારુલત્તા બદામી |

| | | |
|---|---|---|
| 20 | આત્મવિશ્લેષણ પ્રશ્નાવલી | હરકાન્ત બદામી અને ચારુલતા બદામી |
| 21 | ઝડપ અને ચોકસાઈની કસોટીઓ | કે. જી. દેસાઈ |
| 22 | સામાજિક, આર્થિક દરજ્જાનો માપદંડ | કે. જી. દેસાઈ |
| 23 | કથનપૂર્તિ કસોટી | કે. જી. દેસાઈ |
| 24 | અભ્યાસ ટેવો સંશોધિની | ભાઈલાલભાઈ વ. પટેલ |
| 25 | વિદ્યાર્થી સમસ્યાસૂચિ | જે. એચ. શાહ |
| 26 | ગુજરાતી ભાષા શાંત વાંચન કસોટી | બી. યુ. પટેલ |

**13.15 મનોવૈજ્ઞાનિક કસોટીઓનો ઉપયોગ :**

સંશોધન કાર્યના હેતુ કસોટીઓનો ઉપયોગ કરવામાં આવે છે જે નીચે મુજબ છે.

- વ્યક્તિગત તફાવતો જાણવાં
- શક્તિ પ્રમાણે વિદ્યાર્થીઓનું વર્ગીકરણ કરવું
- શૈક્ષણિક નિષ્ફળતાનું નિદાન કરવા
- માનસિક રીતે પછાત, પ્રતિભાશાળી અને ગુનાહિત બાળકોને શોધવા તેમજ અભ્યાસ કરવા
- શાળા કે કોલેજમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક કે ધંધાકીય માર્ગદર્શન આપવા.
- ઉદ્યોગોમાં, લશ્કરમાં કે અન્ય સંસ્થાઓમાં વ્યક્તિઓની પસંદગી અને વર્ગીકરણ કરવા.
- ધંધાકીય કે શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ આપવાં.
- વ્યાવહારિક પ્રશ્નોના ઉકેલ માટે
- મનોવૈજ્ઞાનિક લક્ષણો ઓળખવા અને કેટલાકે પાયાના સંશોધનો કરવામાં
- જૂથના તફાવતોનું માપન કરવા અને વર્તન તફાવતો સાથે સંકળાયેલ સાંસ્કૃતિક અને જૈવિક ઘટકો શોધવા.
- વ્યક્તિમાં ઉંમરના ફેરફારોની, શિક્ષણની, પ્રચારની અને અવરોધોની અસર જાણવા.

**13.16 સારાંશ :**

અનૌપચારિક મૂલ્યાંકન - અહેવાલ, ચિન્તાનાત્મક રોજનીશી અવલોકન, ક્રમમાપદંડ, પ્રસંગનોંધ, અન્ય ઉપકરણો, મુલાકાતના પ્રકારો, સામાજિકતા મિતિ, ઔપચારિક સાધનો, મનોવૈજ્ઞાનિક કસોટીનું સ્વરૂપ, ગુજરાતમાં પ્રાપ્ય કસોટીઓ, સંચાલન અને કસોટીઓના ઉપયોગ વિષે વિસ્તૃત રીતે ચર્ચા કરવામાં આવી છે. જે આપના અભ્યાસ માટે અત્યંત ઉપયોગ બની.

**13.17 તમારી પ્રગતિ ચકાસો :**

પ્ર.1 મનોવૈજ્ઞાનિક કસોટીના સ્વરૂપ વિશે વિસ્તૃત ચર્ચા કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 13.18 નિબંધ પ્રકારના પ્રશ્નો ના ઉત્તરો મુદા સાથેઃ

પ્ર.1 અનૌપચારિક મૂલ્યાંકન માટેના ઉપકરણોની વિસ્તૃત ચર્ચા કરો.

- અવલોકન
- ક્રમમાપદંડ
- પ્રસંગનોંધ
- અન્ય ઉપકરણો

પ્ર.2 મૂલ્યાંકનના પ્રકારો જણાવી તેની ચર્ચા કરો.

- નિદાનાત્મક (Diagnostic)
- ઉપચારાત્મક (Clinical)
- સંશોધન (Research)

**ટૂંકાં પ્રશ્નો**

1. મનોવૈજ્ઞાનિક કસોટીઓનો ઉપયોગ
2. બુદ્ધિ કસોટીનું મહત્ત્વ એટલે શું ?

**અતિ ટૂંકાં પ્રશ્નો**

1. મૂલ્યાંકનપત્ર એટલે શું ?
2. ક્રમમાપદંડ એટલે શું ?

**હેતુલક્ષી પ્રશ્નો**

1. દેસાઈ સમૂહ બુદ્ધિ કસોટી કઇ વય માટે છે?

   A. 12 થી 18 વર્ષ

   B. 8 થી 10 વર્ષ

   C. 9 થી 11 વર્ષ

   D. 10 થી 12 વર્ષ

## 13.19 સ્વાધ્યાય

પ્ર.1 ગુજરાતમાં પ્રાપ્ય અભિયોગ્યતા કસોટીની વિસ્તૃત ચર્ચા કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

એકમ 14

# માર્ગદર્શનની જરૂરિયાત

## : રૂપરેખા :

**14.1 ઉદ્દેશ્યો**

**14.2 એકમના પારિભાષિક શબ્દો**

**14.3 પ્રસ્તાવના**

**14.4 માર્ગદર્શનની જરૂરિયાત**

**14.5 માર્ગદર્શનના સિદ્ધાંતો**

**14.6 વ્યાવસાયિક માહિતીનું એકત્રીકરણ**

**14.7 સંશોધન સેવા**

**14.8 અનુકાર્ય**

**14.9 ભૂતપૂર્વ વિદ્યાર્થીના અનુકાર્ય માટે પ્રશ્નાવલિ**

**14.10 સારાંશ**

**14.11 તમારી પ્રગતિ ચકાસો**

**14.12 નિબંધ પ્રકારના પ્રશ્નો ઉત્તરોના મુદ્દા સાથે**

**14.13 સ્વાધ્યાય**

### 14.1 ઉદ્દેશો (Objective) :

- માર્ગદર્શનની જરૂરિયાત અંગે માહિતી પ્રાપ્ત કરી શકશો.
- માર્ગદર્શનના સિદ્ધાંત અંગે વિસ્તૃત જાણકારી મેળવી શકશો
- શાળા માર્ગદર્શનની આવશ્યક પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવી શકશો.
- માર્ગદર્શન અને અનુકાર્ય સેવાઓ અંગે જાણકારી થશે.

### 14.2 એકમના પારિભાષિક શબ્દો

- માર્ગદર્શન, અસવ-સાક્ષાત્કારવાદ, બુદ્ધિ કસોટી, અનુકાર્ય સેવા

### 14.3 પ્રસ્તાવના :

વિદ્યાર્થીઓના જીવનમાં એવી ઘણી નાજુક પરિસ્થિતિ પેદા થાય છે કે જ્યાં તેમને યોગ્ય અને દૂરગામી નિર્ણય લેવા માટે અનૌપચારિક સલાહની જરૂર પડે છે. જે સમસ્યા અંગે સ્પષ્ટ જાણકારી ન હોય તો અનૌપચારિક સલાહ નુકસાનકર્તા અને ગેરમાર્ગે દોરે છે. છેલ્લા દશકામાં શાળામાં ‘માર્ગદર્શન’ શબ્દ ઉત્તરોત્તર પ્રચલિત બન્યો છે. વિદ્યાર્થી, શિક્ષક અને શિક્ષણવિદો માટે માર્ગદર્શન અને સલાહ વિશેષ વિચારણના વિષય બન્યાં છે. સાંપ્રત સમયમાં સામાજિક અને આર્થિક પરિવર્તન, કુટુંબમાં આવતાં પરિવર્તનો, વસ્તી વધારો, અભ્યાસક્રમ અધ્યયનની ખરાબ ટેવો, વિશિષ્ટ વિષયોના ક્ષેત્રોમાં રસનોઅભાવ અને વ્યાપાર - ઉદ્યોગોમાં વધતી જતી જટિલતા અને અવરોધોને કારણે માર્ગદર્શન અને સલાહ સેવાઓ જરૂરી બની છે. જેથી આ એકમમાં આપણે માર્ગદર્શનની સંકલ્પના વિષયે વિસ્તૃત અભ્યાસ કરીશું...

### 14.4 માર્ગદર્શનની જરૂરિયાત :

આપણો દેશ આર્થિક અને સામાજિક ક્ષેત્રે ઝડપથી આગળ વધી રહ્યો છે. પંચવર્ષીય યોજનાઓ

દ્વારા દેશમાં નવનિર્માણનું કામ પણ વેગથી વધી રહ્યું છે. ઝડપી ઔદ્યોગિક અને ખેતીવિકાસ વધતાં વ્યવસાયોની સંખ્યા અને પ્રકારોમાં પણ અનેકગણી વૃદ્ધિ થઈ રહી છે.

એક બાજુ આવું ચિત્ર છે તો બીજી બાજુ અમુક વ્યવસાયોને તેની જાણકારી ન મળતા એવા વ્યવસાયોનો વિકાસ અટકી પડે છે. બીજી બાજુ અમુક વ્યવસાયોમાં જોઈએ તેના કરતાં અનેક ગણી મોટી સંખ્યા હારમાં આવી ઊભી રહે છે. વ્યક્તિને કામ નથી મળતું અને કામને વ્યક્તિઓ નથી મળતી, આથી વ્યક્તિની શક્તિ વેડફાય છે. વ્યાવસાયિક કાર્યસાધકતા ઘટે છે. પરિણામે રાષ્ટ્રીય ઉત્પાદક્તા અને ઉત્પાદન બંનેને માઠી અસર પહોંચે છે. આવી અસમતુલાને પરિણામે સમાજમાં બેકારીનું પ્રમાણ વધી જાય છે. આમ, ઔદ્યોગિકરણ અને આધુનિકતાએ અટપટા વ્યવસાયોની જન્માવેલી જરૂરતને જોઈએ તો વ્યાવસાયિક માર્ગદર્શન એ આધુનિક યુગની એક અનિવાર્ય જરૂરિયાત બની ગઈ છે.

માર્ગદર્શનના અભાવે અનેક દુષ્પરિણામો આવે છે. કેટલાંક વ્યવસાયોના સામાજિક મોભાથી તેના પ્રત્યે વ્યક્તિ પ્રભાવિત થાય છે. પણ તેને અનુરૂપ તેનું આંતરિક વલણ ન હોવાથી અને તેને માટે જરૂરી પૂર્વતૈયારીનો પણ અભાવ રહેવાથી એવા વ્યવસાયો સિદ્ધિ મેળવવામાં વ્યક્તિ નિષ્ફળતા જાય છે. પરિણામે તેમાં સમય, શક્તિ, બુદ્ધિ અને આવડતનો બગાડ થાય છે. અને એમાં નિષ્ફળતા મળતાં તેના જીવનમાં હતાશા આવે છે. વ્યક્તિના પક્ષે આવું નુકસાન થાય છે તો સામાજિક દૃષ્ટિએ એવા વ્યવસાયોને અનુરૂપ માણસોની ભરતી ન થતાં એવા વ્યવસાયો પણ સામાજિક જરૂરિયાતોને પૂરો ન્યાય આપી શકતા નથી છેવટે સમાજે સહન કરવા નો વારો આવે છે.

જો વ્યક્તિને પદ્ધતિસરનું, વૈજ્ઞાનિક ઢબનું માર્ગદર્શન પૂંરું પાડવામાં આવ્યું હોય તો વ્યક્તિ અને વ્યવસાય બંને નુકસાનીમાંથી બચી જાય.

ઉદ્યોગોમાં યાંત્રિકરણ વધવાથી વ્યક્તિને હવે જીવનમાં સારી એવી ફુરસદ પણ મળતી હોય છે આમ ફુરસદનો ઉપયોગ વ્યક્તિએ કેવી રીતે કરવો તે માટે પણ માર્ગદર્શન જરૂરી છે.

ફુરસદ સંસ્કૃતિ સર્જે છે. ફુરસદના યોગ્ય ઉપયોગથી વ્યક્તિની સર્જકતા અને સમાજની સંસ્કૃતિ પરિપુષ્ટ થાય છે. યોગ્ય માર્ગદર્શનવે અભાવ ફુરસદ આળસમાં પલટાઈ જાય છે. એટલું જ નહિ પણ "નવરું મન શેતાનનું કારખાનું" એવી લોકોઘર પ્રમાણે જોતાં ફુરસદમાંથી સમાજમાં વ્યસનો અને અનિષ્ટો પણ ફૂલે ફાલે છે.

આપણા રાષ્ટ્રની વસિતી સમસ્યા, ઘર, કુટુંબ, કેળવણી વગેરેની બદલાતી સંકલ્પનાઓ જોતાં વ્યક્તિના સર્વદેશીય વિકાસનું માર્ગદર્શન અત્યંત જરૂરી છે.

## 14.5 માર્ગદર્શનના સિદ્ધાંતો

### (1) ગુણ ઘટક સમન્વય સિદ્ધાંત

આ સિદ્ધાંતના શોધક ઈ.જી. વિલિયમ્સન ગણાય છે. આ સિદ્ધાંત પર આધારિત માર્ગદર્શન 'દિશાસૂચક' માર્ગદર્શન કહે છે.

આ સિદ્ધાંત એવું સમજાવે છે કે એક વ્યક્તિ બીજી વ્યક્તિથી નિરાળી છે. તેને પોતાનું આગવું વ્યક્તિત્વ છે. દુનિયામાં કોઈ ઢબે વ્યક્તિ બધી જ બાબતોમાં સમાન હોતી નથી. જેમ બે વ્યક્તિ સમાન હોતી નથી તેમ તેમને પ્રાપ્ત થતી શૈક્ષણિક સામાજિક અને વ્યાવસાયિક કે આર્થિક તકો પણ સમાન હોતી નથી એટલે સાચું અને ચોક્કસ પ્રકારનું માર્ગદર્શન આપવા માટે માર્ગદર્શકને જે તે વ્યક્તિના વ્યક્તિત્વનો અભ્યાસ અને પરિચય હોવો જરૂરી છે અને તેટલી જ જરૂર પ્રાપ્ત વ્યવસાયોના અભ્યાસની પણ છે.

વ્યક્તિના અભ્યાસમાં તેની આનુવંશિક્તા, વારસો અને વાતવરણનો અભ્યાસ જરૂરી છે, ઉપરાંત વ્યક્તિના વ્યક્તિને સમજવા માટે તેની બુદ્ધિ, રૂચિ, શક્તિ, શારીરિક સ્વાસ્થ્ય, સ્વભાવ, વલણો અને ગુણો જાણવા જરૂરી છે.

ઉપરાંત સમાજમાં ઉપલબ્ધ અનેક વ્યવસાયો પૈકી કઈ વ્યક્તિને કયો વ્યવસાય અનુકૂળ આવશે, તેને લગતા તેનામાં વિશિષ્ટ ગુણો અને કૌશલ્યો છે કે કેમ, તેની પણ તેને જાણકારી હોવી જોઈએ. દા.ત., ડૉક્ટર થનારી વ્યક્તિમાં ઊંચો બુદ્ધિ આંક હોય એટલું જ પૂરતું નથી. પણ તેને શરીરશાસ્ત્ર અને આરોગ્ય વિજ્ઞાનમાં ઊંડો રસ હોવો જોઈએ. આમ વ્યક્તિ અને વ્યવસાય બંનેનો મેળ બેસે તો બંનેનો અભ્યુદય થાય એ માર્ગદર્શકના ધ્યાનમાં હોવું જોઈએ.

**(2) સ્વ સાક્ષાત્કાર વાદ**

આ સિદ્ધાંતના સ્થાપક કાર્લ રોજર્સનું છે, માર્ગદર્શનનો તેમનો આ દષ્ટિકોણ 'બિનદિશા' - સૂચક દૃષ્ટિકોણ પણ કહેવાય છે. રોજર્સનું કહેવું છે કે કોઈપણ માણસનું વર્તન સમસ્યાત્મક લાગે છે તે તેની મુસીબતો અને મૂંઝવણોને કારણે હોય છે. એટલે જો તેની લાગણીઓ અને સંવેગોને ખુલ્લી રીતે પ્રગટ કરવાની પૂરતી મોકળાશ અને અનુકૂળ વાતવરણ પૂરું પાડવામાં આવે તો મૂંઝવણ અનુભવતા માણસની માનસિક તંગદિલી હળવી કરી તેની સમસ્યાનો ઉકેલ શોધવામાં તેને મદદ કરી શકાય આનો અર્થ એ છે કે માર્ગદર્શક વ્યક્તિ નિર્ભયપણે પોતાની જાતે વ્યક્ત કરી શકે, પ્રગટ કરી શકે તેવું વાતાવરણ અને વિશ્વાસ સર્જવાં જોઈએ.

દરેકમાં વિકાસની શક્યતાઓ ભરલી પડી હોય છે. પણ અનેક દબાણો અને અવરોધોને કારણે તે દબાઈ ગઈ હોય છે. કુંઠિત બની હોય છે, મુરઝાઈ ગઈ હોય છે. પણ જો સમાજ અને માર્ગદર્શક, તેને યોગ્ય અનુકૂળ અને મુક્ત વાતાવરણ પૂરું પાડે તો વ્યક્તિમાં સુષુપ્ત રહેલી વિકાસની શક્યતાઓ સારી રીતે ખીલી નીકળે. આ સિદ્ધાંત એવું સમજાવે છે કે વ્યક્તિને સામાજિક કે આર્થિક અવરોધો ન હોય તો દરેક વ્યક્તિ પોતાની જાતને સારી રીતે પારખી શકે. એટલું જ નહિ, પણ તે પોતાની મેળે જ પોતાની મૂંઝવણોનો ઉકેલ પણ મેળવી શકે. વિકસવા માટેની સ્ફુરણા તે મનુષ્યમાત્રમાં કુદરતી હોય છે અને એ જ એના વિકાસ માટેનું સંચાલક બળ બને છે. એટલે માર્ગદર્શકે એવું વાતવરણ ઊભું કરવું જોઈએ કે વ્યક્તિને સ્વનો ખ્યાલ આવે, તેનો પરિચય થાય અને સાક્ષાત્કાર થાય.

આ સિદ્ધાંતમાં બૌદ્ધિક પાસાં કરતાં સાંવેગિક પાસાંને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે. પણ મનુષ્યનો પિંડ એ એક સંમિશ્રિત ધાતુ છે. એમાં બુધ્ધિ અને સંવેગ બન્ને હોય છે. અલબત્ત, કેટલીક વ્યક્તિઓમાં બુદ્ધિનું વિશિષ તત્ત્વ જોવા મળે છે. તો કેટલીક સંવેગપ્રધાન હોય છે. પણ મનુષ્યનું વ્યક્તિત્વ સંતુલિતરૂપમાં ખીલવવું જોઈએ. એટલે વ્યક્તિને સ્વનો સાક્ષાત્કાર કરાવવો એનો સાચો અર્થ એ છે કે એનામાં કયા ગુણો અને કયા ભાવોનું પ્રાબલ્ય છે. તેની સાથે સાથે જ તેનામાં કયા ભાવો અને ગુણોની ન્યૂન્તમ છે તેનું પણ તેને ભાન હોવું ઘટે. આમ થાય તો જ વ્યક્તિ પોતાનામાં રહેલ સારપનું સંવર્ધન કરી શકે અને દોષોનું નિરસન.

**શાળા માર્ગદર્શનની આવશ્યક પ્રવૃત્તિઓ**

**અભિમુખતા કાર્યક્રમ**

ધોરણ આઠમાં પ્રવેશ પામેલ નવા વિદ્યાર્થીઓને શાળાની સુવિધાઓ, સમયપત્રક, શિક્ષકો, નિયમો, પ્રવૃત્તિઓ અને વર્ગ સહાધ્યાયોને પરિચય થાય તેવા કાર્યક્રમો નવા સત્રના પ્રારંભના દિવસોમાં ગોઠવવા. ઉપરાંત વાર્તાલાપો દ્વારા વિવિધ અભ્યાસક્રમો અને વ્યવસાયનો પરિચય આપવો.

**વિદ્યાર્થીઓની માહિતી એકત્ર કરવી.**

વિવિધ પ્રકારની મનોવૈજ્ઞાનિક કસોટીઓ, જેવી કે, બુદ્ધિકસોટી, અભિયોગ્યતા કસોટી, વ્યક્તિત્વ માપન કસોટી, અભિરૂચિ સંશોધનિકા વગેરે વડે ખૂબ ઉપયોગી માહિતી મેળવી શકાય. આ સાધનો વડે વિદ્યાર્થીઓનાં વિવિધ લક્ષણો વિશે મળેલ માહિતી, સલાહદર્શકને વિદ્યાર્થીઓ વિશે ઊંડી સમજ મેળવવામાં મદદરૂપ બને છે.

મનોવૈજ્ઞાનિક કસોટીઓ ઉપરાંત અન્ય બિનપ્રમાણિત ઉપકરણો જેવા કે, અવલોકન, મુલાકાત, પ્રશ્નાવલિ, પ્રસંગનોંધ વગેરેની મદદથી પણ માહિતી મેળવી શકાય. બિનપ્રમાણિત ઉપકરણો વડે

મળેલ માહિતીનો મનોવૈજ્ઞાનિક કસોટીઓ વડે માહિતીની પૂરક માહિતી તરીકે ઉપયોગ વિદ્યાર્થીઓને શૈક્ષણિક, વ્યાવસાયિક અને વૈયક્તિક - સામાજિક માર્ગદર્શન આપવામાં ઉપયોગી બને.

**ઉપચારાત્મક સેવાઓ :**

શાળાઓમાં ઘણાં વિદ્યાર્થીઓ એવા હોય છે કે જેઓમાં વિશિષ્ટ શક્તિઓ હોય છે, પરંતુ ટેવમાં ખામીના કારણે ઘણી પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકતાં નથી. આથી આવા વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક કાર્યક્રમો યોજવા જરૂરી બને છે. આવા ખામીવાળા વિદ્યાર્થીઓને સમયસર ઓળખી કાઢીને તેમના માટે ઉપચારાત્મક કાર્યક્રમો ગોઠવાય તો તે ખામીઓથી મુક્તિ મેળવી પોતાનો શ્રેષ્ઠ વિકાસ સાધી શકે.

## 14.6 વ્યાવસાયિક માહિતીનું એકત્રીકરણ :

પ્રવર્તમાન સમયમાં વ્યવસાયોનું જગત વધુ વિશાળ અને સંકુલ બન્યું છે. વિદ્યાર્થીનો વ્યાવસાયિક વિકાસ યોગ્ય દિશામાં થાય તે માટે તેને માધ્યમિક શાળા કક્ષાએ વધુમાં વધુ વ્યવસાયો વિશે આધારભૂત અને અદ્યતન માહિતી પ્રાપ્ત થવી જોઈએ. વિદ્યાર્થીઓ માટે આવી માહિતી લભ્ય બનાવવા માટે માર્ગદર્શન કેન્દ્રએ વિવિધ સ્ત્રોતોમાંથી વ્યાવસાયિક માહિતી એકત્ર કરવી જોઈએ.

માર્ગદર્શન કેન્દ્ર સામાન્ય રીતે રાજ્ય વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા, રોજગાર, વિનિમય કચેરી, એનસીઈઆરટી વગેરેના રોજગાર અંગેના માહિતી પ્રકાશનો, જાહેર ઔદ્યોગિક સાહસોનાં માહિતીપત્રકો, જાહેર પસંદગી આયોગોની ભરતી માટેની જાહેરાતો, શાળા, કૉલેજ અને તાલીમી સંસ્થાનાં માહિતીપત્રકો, રોજગાર, સમાચાર અને એમ્પલોયમેન્ટ ન્યૂઝ જેવા સામયિકો વગેરેમાંથી માહિતી એકઠી કરી શકે.

આવાં વિવિધ સ્ત્રોતોમાંથી એકત્ર કરેલી માહિતીનું વર્ગીકરણ કરી વ્યવસ્થિત ફાઈલિંગ કરવામાં આવે અને જરૂરિયાત પ્રમાણે ક્રમિક રીતે કારકિર્દી કોર્નર કે કેરિયર ખંડમાં તેને પ્રદર્શિત કરવામાં આવે તો આ માહિતી વિદ્યાર્થીઓને ઉપયોગી બને. આ ઉપરાંત નિષ્ણાંત વ્યક્તિઓના વાર્તાલાપો, આસપાસના સ્થળની મુલાકાત કે ક્ષેત્ર મુલાકાત યોજીને માહિતીનું વિતરણ કરી શકાય.

## 1.4.7 સંશોધન સેવા :

સંશોધન સેવા એ પરોક્ષ સેવા છે. આ સેવા વિદ્યાર્થીને પ્રત્યક્ષ રીતે મદદરૂપ થતી નથી, પરંતુ તેના દ્વારા જે પરિણામો પ્રાપ્ત થાય છે તે માર્ગદર્શન સેવાઓને વધુ અસરકારક અને હેતુલક્ષી બનાવે. તેનાથી વિદ્યાર્થીઓને વધુ ઉપયોગી માર્ગદર્શન પ્રાપ્ત બને છે.

સંશોધન સેવાના ઉપક્રમે માર્ગદર્શન અને સલાહદર્શન પ્રયુક્તિઓની અસરકારકતા ચકાસવા વ્યવસાયોનું કાર્ય વિશ્લેષણ, નવી કસોટીઓનું પ્રમાણીકરણ, કેન્દ્ર દ્વારા ચાલતા માર્ગદર્શન કાર્યક્રમોની ગુણવત્તા ચકાસવા, આસપાસના વિસ્તારમાં પ્રાપ્ય વ્યવસાયો માટેની વ્યાવસાયિક તકો ચકાસવી વગેરે સંબંધિત અભ્યાસો હાથ ધરવામાં આવે છે. આવા અભ્યાસો શાળા દ્વારા ચાલતી માર્ગદર્શન સેવાઓને વધુ વ્યવસ્થિત બનાવે છે અને વેગ આપે છે.

## 14.8 અનુકાર્ય :

વિદ્યાર્થી સમસ્યામાંથી હેમખેમ બહાર આવે અને પોતાનો ઉકેલ શોધે એનું ઝીણવટભર્યું અવલોકન સલાહકાર કરે અને કોઈ અંતરાય ઊભો થાય તો માર્ગ સૂચવે. બને ત્યાં સુધી વિદ્યાર્થી સ્વસૂઝથી માર્ગ શોધે એ ખૂબ મહત્ત્વનું ગણાય. આ પદ્ધતિમાં સલાહકાર અને વિદ્યાર્થી સાથે સે, ખૂબ આત્મીયતાથી વાતો કરે, એ દરમિયાન સલાહકાર વિદ્યાર્થીની સમસ્યાને સમજી લે કઈ બાબત વિશેષ ઉપયોગી બનશે એ વિચારી લે અને વિદ્યાર્થી સલાહકારથી શ્રેયસ્કર માર્ગ શોધી કાઢે એ ખૂબ મહત્ત્વનું ગણાય. સલાહકાર અને વિદ્યાર્થી લોકશાહી વાતાવરણમાં ચર્ચા કરે, પોતપોતાનાં મંતવ્યો, આભિપ્રાયો રજૂ કરે, વિદ્યાર્થી પોતાને આવડે એવો ઉકેલ મઠારે, એની નિર્ણયશક્તિને યોગ્ય દિશા ચીંધે, એની હૈયા ઉકેલતાને બિરદાવે અને બીજા દૃષ્ટાંતો રજૂ કરીને સમસ્યાનો માર્ગ શોધવામાં મદદરૂપ થાય. એ આ અભિગમની વિશેષતા છે.

**અનુકાર્ય સેવા :**

વિદ્યાર્થીના વર્તમાન શિક્ષણની જવાબદારી શાળા પોતાના માથે લે છે. પરંતુ પોતાનો વિદ્યાર્થી શાળા છોડી જાય પછી તેની શું પરિસ્થિત થાય છે તે અંગે શાળા ધ્યાન આપતી નથી. ટૂંકમાં બાળકના શ્રેયની, તેના વિકાસની જવાબદારી શાળા રાખતી નથી. અરે, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની માહિતીના રેકોર્ડ પણ કોઈ શાળા રાખતી હશે તો તે આપણી ખુશનસીબી કહેવાશે.

સારી માર્ગદર્શન પ્રક્રિયાનું એક અંગ એ છે કે ભૂતપૂર્વ વિદ્યાર્થીની માહિતી દ્વારા ચાલુ વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવું, માયર્સ અનુકાર્યની એક અગત્યની સેવાના અંગ તરીકે ગણાવે છે તે કહે છેકે:-

"Follow-up services should up the important part of guidence."

અનુકાર્ય દ્વારા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો પ્રવાહ કઈ તરફ વળે છે, તે દિશા તરફનાં કારણો અન પરિબળો કયા છે, ચાલુ વિદ્યાર્થીઓને આ વિદ્યાર્થીઓ કઈ રીતે મદદરૂપ થઈ પડે તેમ છે. તેમને આપવામાં આવેલ માર્ગદર્શન સેવાઓનો ઉપયોગ કેટલા પ્રમાણમાં થયો અને કઈ રીતે થાય જે માહિતીને આધારે નવીન વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં કયા ફેરફારો કરવાની જરૂર છે, આ બધી બાબતોમાં અનુકાર્ય સેવા એક મહત્ત્વનો ભાગ ભજવે છે.

**અનુકાર્ય અંગેની સંકલ્પના :**

શૈક્ષણિક તેમજ વ્યાવસાયિક માર્ગદર્શનમાં અનુકાર્ય કોને કહેવું તે અંગે થોડા મતભેદો પ્રવર્તે છે. પરંતુ આ મતભેદો અનુકાર્યના હેતુ અને પરિણામોના ઉપયોગ અંગેના વિશેષ છે. અનુકાર્યની પ્રક્રિયા અંગે કોઈ મતભેદ જોવામાં આવતાં નથી. માયર્સના મત પ્રમાણે વિદ્યાર્થીકાળ પૂરો કરી વ્યક્તિ વ્યવસાયમાં ગોઠવાય છે ત્યારે અનુકૂલન અને પ્રગતિ માટે જરૂરી મદદ, અનુકાર્યની ભૂમિકા ઊભી કરી આપે છે. અને તેથી માયર્સ આ સેવાને અનુકૂલન સેવા તરીકે ઓળખે છે.

જોન્સ આર્થર વિદ્યાર્થીઓની પાછળ કારકિર્દી નોંધવાની વાત કરે છે. કારણકે તે દ્વારા આપેલ માર્ગદર્શન સેવાઓનું યોગ્ય મૂલ્યાંકન કરી શકાય છે અને શાળાના વિદ્યાર્થીઓને તે દ્વારા સહાય માર્ગદર્શન મળે છે.

મિલર કેરોલ અનુકાર્યના બે સ્પષ્ટ અર્થ આપવા જણાવે છે કે એક તો શાળા પૂરી કરીને અથવા અધૂરી શાળા છોડીને ગયેલાં પ્રત્યે શાળાની સતત સેવા આપવાની જવાબદારી ફરજ તરીકે અનુકાર્ય જરૂરી છે, જ્યારે બીજા માર્ગદર્શનમાં એક અગત્યના સંશોધન તરીકે પણ અનુકરણ સેવા જરૂરી બને છે.

**અનુકાર્ય સેવા અને વિદ્યાર્થી માહિતી :**

શાળા અભ્યાસ પૂર્ણ કરી કામધંધે લાગી ગયેલા વિદ્યાર્થીઓની નીચેના જેવી માહિતી શાળાએ પ્રાપ્ત કરી હોય તો તે માહિતી માર્ગદર્શન ઉપરાંત અન્ય કાર્યોમાં પણ કયારેક ઉપયોગી બને છે.

- વિદ્યાર્થીનું નામ અને સરનામું
- કયા વર્ષોમાં તેમણે શાળામાં કયા ધોરણોમાં અભ્યાસ કર્યો
- શાળા છોડ્યા પછી તેમણે આગળ કયો અભ્યાસ કર્યો અને કયાં કર્યો ?
- અભ્યાસપૂર્ણ કર્યા પછી કરેલાં વ્યવસાયો અને તેની માહિતી
- હાલ કયો હોદ્દો ધરાવે છો ?
- હાલ જે વ્યવસાય કરે છે તેમાં આગળ વધવાની તક છે ?
- વ્યવસાય સિવાયની અન્ય કઈ પ્રવૃત્તિ કરો છે ?
- તમારા કુટુંબમાં કેટલા સભ્યો છે ?
- પરિણીત છો કે અપરિણીત ? તમારા જીવનસાથીની શૈક્ષણિક લાયકાત અને નોકરી ધંધાની વિગતો દર્શાવે.

- તમારા સ્વાસ્થ્ય અંગેની માહિતી આપો.
- તમારે કોઈ સમસ્યા છે ? શાળા તેમને મદદ કરી શકે તેમ છે ?
- શાળાને તમે કઈ રીતે મદદરૂપ બની શકો તેમ છો ?

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા પ્રાપ્ત થયેલ આ માહિતીને વર્ષવાર વિભાજન કરી અલગ ફાઈલોમાં સાચવવી જોઈએ.

જે સમસ્યાયુક્ત વિદ્યાર્થીઓની સમસ્યાને હલ કરવામાં શાળાની માર્ગદર્શન સેવાએ મદદ કરી હોય, તે વિદ્યાર્થીઓની તે પછીની માનસિક સ્થિતિનો અહેવાલ શાળાએ ભેગો કરવો જોઈએ. દરેક સલાહકાર્ય કેટલું અસરકારક નીવડ્યું તે અંગેની માહિતી મેળવી લેવી જોઈએ. જેથી તે પછીના સલાહકાર્યમાં કયા કયા સુધારાવધારા કરવાના છે તેની જાણકારી પ્રાપ્ત થાય.

**અનુકાર્ય સેવાની આવશ્યકતા :**

વિદ્યાર્થી જ્યારે શાળા - શિક્ષણ પૂર્ણ કરી શાળા છોડી જાય છે ત્યારે તે કોઈ ધંધો કે નોકરીએ જોડાય છે અથવા આગળ અભ્યાસ કરે છે. એટલું જ નહિ પણ શાળા છોડ્યા પછી ત્રણ ચાર વર્ષમાં વિદ્યાર્થીઓમાં વધુ પરિવર્તન આવે છે. આ સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓએ બે-ત્રણ વ્યવસાય બદલ્યાં હોય છે, વ્યવસાય ન મળવાથી બેકારી અનુભવી હોય છે, અનુસ્નાતક અભ્યાસ, વ્યવસાય માટે તાલીમી અભ્યાસ આમ અનેક વેશ ભજવ્યાં હોય છે જેનું ચિત્ર અનુકાર્ય દ્વારા આપણને મળે છે. અનુકાર્ય દ્વારા આપણે વિદ્યાર્થીઓને એક યા બીજી રીતે ઉપયોગી થઈ શકીએ છીએ. ક્યાં, ક્યારે, કેવી રીતે ઉપયોગી થઈ શકાય જેની યાદી માયર્સ નીચે પ્રમાણે આપે છે.

- નવીન કાર્યનુભવની જરૂરિયાત માટે અનુકાર્ય સેવા ઉપયોગી બને છે. ક્યારેક વ્યક્તિ સરળકામ, કામના પ્રમાણમાં વેતન ઓછું એવાં અનેક કારણોસર વ્યવસાય બદલાવા એમ ઈચ્છે છે કયાં કારણસર તે બદલવા ઈચ્છે છે તે કારણો વધુ જરૂરી છે. કારણો જેટલાં સ્પષ્ટ તેમ નવીન વ્યવસાયમાં સરળતા વધુ.
- કયારેક શક્તિશાળી વિદ્યાર્થી એકના એક વ્યવસાયમાં વધુ સમય રહી સ્થગિત બને છે. માર્ગદર્શન માટે આવા વિદ્યાર્થીયો પણ ચિંતાનો વિષય બને છે કેમ કે આવી પરિસ્થિતિ તેની પ્રગતિને રૂંધે છે, અવરોધે છે અને તેની માનવશક્તિનો પૂરો લાભ ઉઠાવી શકાતો નથી. આ તબક્કે અનુકાર્ય સેવાની આવશ્યકતા ઊભી થાય છે.
- વ્યક્તિ જે વ્યવસાયમાં હોય ત્યાં તેને ક્યારેક પ્રતિકૂલન અને અસંતોષ જણાતો હોય છે. આવા તબક્કે અનુકાર્ય સેવા આવશ્યક બને છે.
- ભૂતપૂર્વ વિદ્યાર્થીને વ્યવસાય માટેની જરૂરી તાલીમ આપવામાં, વ્યવસાયમાં સામેલ કરવા તેમજ પ્રગતિ કરવા માટેની માહિતી આપવામાં અનુકાર્ય સેવા આવશ્યક બને છે.
- વ્યક્તિ જ્યારે નવીન માનવજૂથ સાથે સંપર્કમાં આવે છે, ત્યારે તેના જીવનમાં વ્યવસાયની સાથે સાંસ્કૃતિક જીવન, મનોરંજન, સમાજસેવા અને ફરજો પણ જોડાય છે. આ તબક્કે તેને જરૂરી માર્ગદર્શન માટે અનુકાર્યસેવાની આવશ્યકતા ઊભી થાય છે.

**અનુકાર્ય માટેની પદ્ધતિ :**

અનુકાર્ય એટલે ભૂતપૂર્વ વિદ્યાર્થીની જુદાં જુદાં તબક્કે પરિસ્થિતનો અભ્યાસ તેને જરૂરી માર્ગદર્શન અને તેના વિકાસમાં તકો પૂરી પાડવી. આ માટે વિદ્યાર્થી જે વાતાવરણ - અભ્યાસિક કે વ્યાવસાયિકમાં ગયો હોય તેનો પણ અભ્યાસ કરવો જરૂરી બને છે. પરંતુ વ્યવહારમાં તે શક્ય ન હોવાથી આપણે મોટે ભાગે પત્રવ્યવહારથી અથવા વિશિષ્ટ પ્રકારની પ્રશ્નાવલિઓ ભરાવીને અનુકાર્ય કરી શકાય. આ ઉપરાંત વિદ્યાર્થીઓ જ્યારે સામે ચાલીને આપણી પાસે માર્ગદર્શન કે સલાહ માટે આવી ત્યારે તે રીતે મદદ કરવી. બધા જ વિદ્યાર્થીનું અનુકાર્ય કે અમુકનું જ એવા વિવાદો યોગ્ય નર્થી . કેમ કે ખરેખર તો બધા જ વિદ્યાર્થીઓ એક યા બીજી રીતે માર્ગદર્શન લેતો હોય છે. તેથી માર્ગદર્શનની

અસર જાણવા માટે પણ બધા જ વિદ્યાર્થીનું 1, 4, 7 વર્ષને અંતે અનુકાર્ય થવું જરૂરી છે. આ અનુકાર્ય માટે નીચે જેવી પ્રશ્નાવલિ તૈયાર કરી શકાય.

**14.9 ભૂતપૂર્વ વિદ્યાર્થીના અનુકાર્ય માટે પ્રશ્નાવલિ :**

વિદ્યાર્થીનું નામ : ____________________

પ્રશ્નાવલિ ભર્યા તારીખ : ____________ શાળા છોડ્યા તારીખ : ____________

(1) હાલ તમે શેમાં અભ્યાસ કરો છો ?

(2) તમારા અભ્યાસની સમયમર્યાદા કેટલી ?

(3) તમારી શક્તિ અને સંજોગોમાં જોતાં અભ્યાસ સરળ, મધ્યમ, સંતોષકારક કે કઠિન લાગે છે ?

(4) તમારા ચાલુ અભ્યાસમાં શાળાના કયા વિષયો ઊપયોગી છે ?

(5) તમારા ચાલુ અભ્યાસમાં શાળાના કયા વિષયો બિલકુલ ઊપયોગી નથી ?

(6) શાળાના અને ત્યાંના વિદ્યાર્થી સમૂહમાં તમને મુખ્યત્વે કયા કયા તફાવતો લાગે છે ?

(7) તમને આ અભ્યાસમાં જવા માટે કઈ સરળતા રહી ? કઈ બાબતમાં પ્રતિકૂળતા રહી ? તેનાં શક્ય કારણો તમારી દૃષ્ટિએ ક્યા છે ?

(8) તમારા અભ્યાસ માટે જરૂરી શક્તિ, રસ અને પૂર્વતૈયારી અંગે તમારા અનુગામી માટે કઈ સલાહ આપશો ?

**વ્યવસાયમાં સામેલ ભૂતપૂર્વ વિદ્યાર્થી માટે પ્રશ્નાવલિ :**

(1) હાલ કયા વ્યવસાયમાં છો ?

(2) તમારો માસિક પગાર કેટલો છે ?

(3) આ વ્યવસાયમાં તમે કઈ રીતે પ્રવેશ મેળવ્યો ?

(4) તમારા વ્યવસાય માટે પૂર્વતાલીમ, ચાલુ કામગીરી સાથે તાલીમ કે હવે પછી વિકાસાત્મક તાલીમની જરૂર ખરી ?

(5) શાળાના કયા વિષયો વ્યવસાયમાં ઉપયોગી બન્યા ? શાળા અભ્યાસક્રમમાં તમને કયો ફેરફાર જરૂરી લાગે છે ?

(6) શાળાના કયા વિષયો તદ્દન નકામા નીવડ્યા ? શાળા જીવનમાં તેમની જરૂર છે ?

(7) તમે વ્યવસાયો બદલ્યા છે ? બદલ્યા હોય તો કેટલા અને કયા કયા વ્યવસાયો બદલ્યા ? બદલવાનું કારણ શું ? ભવિષ્યમાં આ વ્યવસાયની સ્થિરતા વિશે તમારું શું અનુમાન છે ?

(8) તમારા વ્યવસાયમાં માનવીય સંબંધો કેવા પ્રકારના છે ?

(9) તમારા હાલના વ્યવસાયમાં કઈ કઈ વિશિષ્ટ શક્તિઓ વિશેષ રુચિ, શારીરિક ક્ષમતા તેમજ તાલીમ જરૂરી છે.

(10) તમારા વ્યવસાયમાં સામેલ વ્યક્તિની કઈ કઈ મર્યાદાઓ તેને પ્રતિકૂલન પેદા કરશે ?

(11) તમને શાળાજીવનમાં મળેલું માર્ગદર્શન કેટલે અંશે ઉપયોગી નીવડ્યું છે ? તેમાં કયા પ્રકારના ફેરફારની અપેક્ષા રાખો છો ?

ઉપર પ્રમાણેની પ્રશ્નાવલી દ્વારા વિવિધ વિદ્યાર્થીઓ પાસેથી કારકિર્દી શિક્ષકને સાચી માહિતી પ્રાપ્ત થાય છે. જે માહિતી દ્વારા શાળાના ચાલુ વિદ્યાર્થીઓને ભવિષ્યની કારકિર્દી માટે સારું ભાથું પ્રાપ્ત થાય છે.

આ ઉપરાંત જરૂર પડે વ્યવસાયમાં સામેલ વિદ્યાર્થીઓના વ્યવસાયના સ્થળેથી માહિતી મંગાવી શકાય ભૂતપૂર્વ વિદ્યાર્થીની તેના સ્થળ પર મુલાકાત લઈ શકાય. જેથી વિદ્યાર્થીને પણ આત્મીયતા

લાગે. વળી રૂબરૂ સ્થળ પરની મુલાકાતને પરિણામે જે તે સ્થળ કે વ્યવસાયની વિશેષ માહિતી પ્રાપ્ત કરી શકાય. વિદ્યાર્થીને સંસ્થામાં કે વ્યવસાયમાં તકલીફ હોય તો યોગ્ય સલાહસૂચન દ્વારા માર્ગદર્શન આપી દૂર કરી શકાય છે.

**શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શકની પ્રક્રિયા (પદ્ધતિ)**

- શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શન માટે સામાન્ય રીતે નીચેની પદ્ધતિ ઉપયોગમાં લેવામાં આવે છે.
- વ્યક્તિની યોગ્યતા અને અન્ય ખાસિયતો જાણવા માટે શિક્ષણ મૂલ્યાંકનને ઉપયોગમાં લેવામાં આવે છે.
- વિદ્યાર્થીઓના વાલીઓનો અભિપ્રાય. ઉપયોગમાં લેવામાં આવે છે.
- વ્યક્તિની શૈક્ષણિક અને વ્યાવસાયિક યોજના જાણવા માટે મુલાકાતોનું આયોજન કરવામાં આવે છે.
- ધંધાકીય નવસંસ્કરણ, વાર્તાલાપ અને મુલાકાતો વ્યક્તિની શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શનનું સોપાન છે.
- વિદ્યાર્થીઓને તેમના વ્યક્તિગત માર્ગદર્શન માટે વિદ્યાર્થીઓનાં શાળાકીય પરીક્ષાનાં પરિણામો ધ્યાનમાં લેવામાં આવે છે.

## 14.10 સારાંશ :

આ એકમમાં આપણે માર્ગદર્શનની જરૂરિયાત, માર્ગદર્શિકા સિદ્ધાંત, શાળા માર્ગદર્શનની આવશ્યક પ્રવૃત્તિઓ, અભિમુખતા કાર્યક્રમ, વિદ્યાર્થીઓ અંગેની માહિતી એકત્ર કરવી, ઉપચારાત્મક સેવાઓ, વ્યાવસાયિક માહિતીનું એકત્રિકરણ, સંશોધન સેવા અનુકાર્ય અને શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શનની પ્રક્રિયા (પદ્ધતિ) નો તમે અભ્યાસ કર્યો છે.

## 14.11 તમારી પ્રગતિ ચકાસો :

પ્ર.1 માર્ગદર્શનની જરૂરિયાત અને માર્ગદર્શનના સિદ્ધાંતોની વિસ્તૃત ચર્ચા કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 14.12 નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તરો મુદ્દા સાથે

પ્ર.1 અનુકાર્ય સેવાઓ જણાવો.

1. અનુકાર્ય સેવા
2. અનુકાર્ય અંગેની સંકલ્પના
3. અનુકાર્ય સેવા અને માહિતી

પ્ર.2 શૈક્ષણિક અને વ્યાવસાયિક માર્ગદર્શનની પ્રક્રિયા વિષે માહિતી આપો.

1. વ્યક્તિની યોગ્યતા
2. વાર્તાબોધ
3. વિદ્યાર્થીઓના પરિણામો

**ટૂંકા પ્રશ્નો**

1. માર્ગદર્શનની જરૂરિયાત એટલે શું ?
2. માર્ગદર્શનના સિદ્ધાંતો જણાવો.

**અતિ ટૂંકા પ્રશ્નો**

1. સ્વ સાક્ષાત્કાર સિદ્ધાંતના સ્થાપક કોણ છે ?
2. ઉપચારાત્મક કોઇ એક સેવા જણાવો ?

**હેતુલક્ષી પ્રશ્નો**

1. ગણ ઘટક સમન્વય સિદ્ધાંતનો શોધક કોણ છે ?

   A. ઇ. જી. વિલિયમનસ

   B. સી. જી. વિલિયમસન

   C. કાર્લ રોજર્સ

   D. હોપે

## 14.13 સ્વાધ્યાય

1. અનુકાર્ય માટેની પદ્ધતિ જણાવો.

## 14.14 સૂચિત સંદર્ભવાચન સામગ્રી :


– Bengale M.D. (1984) : Guidance & Counselling, Sheth Publisher Bombay.

– મોતીભાઈ પટેલ અને અન્યો (2005 - 09) અધ્યેતાનો વિકાસ અને અધ્યયની અધ્યાપન પ્રક્રિયા પ્રથમ આવૃત્તિ, બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ.

– Pasricha, P (1977) Gudiance & Counselling in India, NCERT, New Delhi

– Rao, S.N. (1981) Conselling Psychology, Tata McGrown Hills, New Delhi


## 14.15 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો :

**પ્ર.1** યોગ્ય ઉપયોગથી વ્યક્તિની સર્જકતા અને સમાજની સંસ્કૃતિની પરિપૃષ્ટિ.

એકમ 15

# સલાહદર્શન સેવાનું મોડલ

## : રૂપરેખા :

15.1 ઉદ્દેશ્યો
15.2 એકમના પારિભાષિક શબ્દો
15.3 પ્રસ્તાવના
15.4 સલાહદર્શનની સંકલ્પના
15.5 સલાહદર્શનના અધ્યાયો
15.6 સલાહદર્શન કેન્દ્ર હેતુ
15.7 સલાહદર્શનની વ્યાખ્યાઓ
15.8 સલાહદર્શન અભ્યાસક્રમ
15.9 આધારતંત્ર
15.10 માનસિક સ્વાસ્થ્ય એજન્સીઓ
15.11 રોજગાર વિનિમય
15.12 રોજગાર કેન્દ્રોની માહિતી
15.13 બાળકોના અધિકારનું રક્ષણ
15.14 બાળગુનેગારના કારણો
15.15 બાળગુનેગારના પ્રકારો
15.16 સારાંશ
15.17 તમારી પ્રગતિ ચકાસો
15.18 નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તરો મુદ્દા સાથે
15.19 સ્વાધ્યાય

### 15.1 ઉદ્દેશ્યો :

- સલાહદર્શનની સંકલ્પનાની સંકલ્પના - વ્યાખ્યા આપી શકશો.
- સલાહદર્શનના અભ્યાસક્રમને સમજાવી શકશો.
- માનસિક સ્વાસ્થ્ય એજન્સીઓની જાણકારી પ્રાપ્ત કરી શકશો.
- રોજગાર વિનિમય કચેરીની સેવાઓથી માહિતીગાર થઈ શકશો.

### 15.2 એકમના પારિભાષિક શબ્દો :

- સલાહદર્શન, આધારતંત્ર, માનસિક સ્વાસ્થ્ય, બાળગુનેગાર

### 15.3 પ્રસ્તાવના :

વિદ્યાર્થીઓના જીવનમાં એવી ઘણી નાજુક પરિસ્થિતિ પેદા થાય છે કે જ્યાં તેમને યોગ્ય અને દૂરોગામી નિર્ણય લેવા માટે અનૌપચારિક સલાહની જરૂર પડે છે. જો સમસ્યા અંગે સ્પષ્ટ જાણકારી ન હોય તો અનૌપચારિક સલાહ નુકસાનકર્તા અને ગેરમાર્ગો દોરે છે. છેલ્લાં ઘણા વર્ષોથી શાળામાં 'માર્ગદર્શન' શબ્દ ઉત્તરોતર પ્રચલિત બન્યો છે. વિદ્યાર્થી, શિક્ષક અને શિક્ષણવિદો માટે માર્ગદર્શન

અને સલાહ વિશે વિચારણા જરૂરી બની છે. આ ઉપરાંત આ એકમ આપણે સલાહદર્શનની સંકલ્પના, વ્યાખ્યા, જરૂરિયાતોચ વગેરેનો અભ્યાસ કરીશું.

## 15.5 સલાહદર્શનની સંકલ્પના :

સલાહદર્શક અને અસીલ વચ્ચેના સંબંધ તરીકે સલાહની સંકલ્પના સ્પષ્ટ કરવા તેના સિદ્ધાંતો સમજવા જરૂરી છે. અસીલનું હિત જેનું લક્ષ છે તેવી આ પ્રક્રિયાનો યોગ્ય રીતે અમલ થઈ શકે તે માટે તેના વિવિધ પાસાંને સૈદ્ધાંતિક રીતે સમજવા ખૂબ જ જરૂરી છે. આથી સલાહના સિદ્ધાંતોની ચર્ચા કરવામાં આવી છે.

**અસીલના આત્મસાક્ષાત્કાર અને આત્મનિર્ભરતા પર સલાહ મહત્ત્વનો ઝોક દર્શાવે છે :**

સલાહ કાર્યક્રમનું મુખ્ય ધ્યેય અસીલ પોતાની જાતને જાણે સમજે અને પોતાની સમસ્યાઓ પોતે ઉકેલ છે. વ્યક્તિગત સંબંધ દ્વારા ચાલતી સલાહની પ્રક્રિયામાં અસીલને સલાહદર્શક દ્વારા એવી મદદ મળે છે કે જેથી તે પોતાની સમસ્યા ઉકેલવા શક્તિમાન બને. પોતના જીવનનાં વિવિધ પાસાંઓ સાથે રચનાત્મક રીતે કામ પાડવા માટે વ્યક્તિમાં પૂરતી ક્ષમતા હોય છે. આ ક્ષમતા વ્યક્તિમાં રહેલી આંતરીક શક્તિને કારણે છે. સલાહદર્શકે વ્યક્તિમાં રહેલી આ આંતરિક શક્તિનો વિકાસ થાય તે તરફ લક્ષ આપવું જોઈએ.

કોઈપણ વ્યક્તિ પોતાની સમસ્યા જાતે તો જ ઉકેલી શકે, જો તે પોતાની શક્તિઓ, આવડતો, મર્યાદાઓ સહિત પોતાને બરાબર ઓળખતો જાય પોતાને બરાબર સમજ્યા વગર સમસ્યા ઉકેલવામાં વ્યક્તિને અન્યની સહાય લેવી જ પડે, એટલે કે આત્મસાક્ષાત્કાર પર જ આત્મનિર્ભરતાનો આધાર છે.

જીવનનાં બધાં ક્ષેત્રોમાં બુદ્ધિપૂર્વક યોગ્ય નિર્ણયો કરી શકવા માટે વિદ્યાર્થીને મદદ કરવાનું સલાહદર્શનનું મુખ્ય ધ્યેય છે. આ માટે વિદ્યાર્થીઓ સાથે તેની શક્તિઓ, રસો, ધ્યેયો, મૂલ્યો વગેરે અંગે અભ્યાસ કરવાની સ્વસૂઝ, આત્મ-સ્વીકાર અને આત્મનિર્ભરતાના ગુણો પ્રાપ્ત કરવાની સારી તક તેને મળે છે.

**પર્યાવરણ સાથેના પોતાના સંબંધ અંગે તાલીમની આંતરિક સૂઝ અને સમજણનો વિકાસ થાય તે સલાહદર્શનનું અગત્યનું ધ્યેય છે :**

આત્મસાક્ષાત્કાર કે આત્મનિર્ભરતા, એ શૂન્યાવકાશમાં ઉદ્ભવી શકે નહી. પરંતુ અન્ય લોકો અને આસપાસની પરિસ્થિતિનાં વિવિધ બળો સાથેની પારસ્પરિક અસરને કારણ ઉદ્ભવે છે.

વ્યક્તિને જેમાં પોતાનો વિકાસ સાધવાનો છે તે આસપાસના પર્યાવરણ સાથે અનુકૂલન સાધવાનું ખૂબ જ જરૂરી છે. આ માટે પર્યાવરણને સમજવું અને તેની સાથેના પોતાના સંબંધ ને યોગ્ય રીતે ગોઠવતા જવું પડે વ્યક્તિ જેમ પોતાની અંગત મિલકત કે જવાબદારી પ્રત્યે તાર્કિક હોય છે તેમ તે પોતાની જાતને આસપાસના ભૌતિક અને સામાજિક જગતમાં યોગ્ય રીતે ગોઠવે છે. કોઈપણ વ્યક્તિ અન્ય સાથે ગંભીર ઘર્ષણ થાય તો ભાગ્યે જ કાયમી રીતે વર્તવાનું પસંદ કરે આ માટે વ્યક્તિ પોતાની જાતની અને જીવવાની રીતથી વાજબીપણે સંતુષ્ટ હોય તે ખૂબ જ જરૂરી છે.

## 15.5 સલાહદર્શનના અધ્યાયો :

### (1) સલાહદર્શન એ સુગ્રથિત અધ્યયન પરિસ્થિત છે :

સલાહદર્શન પરિસ્થિતિમાંના અનુભવો દ્વારા વર્તન ફેરફારો ઉદ્ભવે છે. કારણ કે સલાહદર્શક પોતાની સલાહ અને પદ્ધતિઓ વડે એવી પરિસ્થિતિ સર્જે છે કે જેમાં અસીલને જરૂરી અધ્યયનમાં ગતિ સાધવાની સરળતા રહે છે.

સલાહદર્શનમાં શીખવા - શીખવવાનું વાતવરણ જરૂરી છે. જેમ શાળા-મહાશાળાઓમાં વર્ગશિક્ષક, વિદ્યાર્થીઓ, શીખવાની વસ્તુ વગેરે છે, તેમ આપણે હવે સલાહદર્શકની ઓફિસમાં, કુટુંબમાં, જીવનના અનુભવોમાં, વ્યવસાયમાં, સામાજિક સંબંધોમાં વગેરેમાં અધ્યયન વિશે વિચારવું

પડશે. આ ઉપરાંત સલાહદર્શકે અધ્યયનના સિદ્ધાંતો વિશેનું જ્ઞાન મેળવવું આવશ્યક બનશે.

**સલાહદર્શનની પદ્ધતિઓ અસીલની જરૂરિયાતો સાથે સુસંગત હોવી જોઈએ :**

મનોવિજ્ઞાને વૈયક્તિક તફાવતો સ્વીકારેલ છે. દરેક વ્યક્તિ વ્યક્તિનુ અલગ છે. તેમના વિકાસની બાબતોમાં ભિન્નતા છે. અને તેમની સમસ્યા ઓમાં પણ ઘણી વિવિધતા રહેલી છે. વ્યક્તિની જરૂરિયાત અલગ અલગ હોઈ શકે છે. આ બધું ધ્યાનમાં લઈ એ તો સલાહદર્શન પદ્ધતિઓ જુદીજુદી વ્યક્તિઓ માટે, જુદી જુદી સમસ્યાઓ માટે એક જ હોય તે અશક્ય છે. કોઈ એક પદ્ધતિથી દરેક વ્યક્તિની પ્રત્યેક સમસ્યાઓ હલ થઈ શકે નહીં. અસીલ માટે સમસ્યાના પ્રકાર અને તીવ્રતાના આધારે સલાહદર્શન પરિસ્થિતિનું નિર્માણ થવું જોઈએ. માટે સલાહદર્શક દરેક પ્રકારનાં સાધનો અને પદ્ધતિઓથી પૂરતો પરિચિત હોવો જરૂરી છે.

**સલાહદર્શન મૂળ તો ઉપચારાત્મક કરતાં સમસ્યા અટકાવવાની પ્રક્રિયા છે :**

સલાહદર્શન અને મનોચિકિત્સામાં ઘણી સમાનતા હોવા છતાં અહીં તે બંને જુદાં પડે છે. અસીલ કેટલીકવાર ગંભીર મુશ્કેલીમાં મુકાય ત્યારે સલાહદર્શન ઉપચાર માટે બોલાવાય છે. તેમ છતાં સલાહદર્શન ઉપયોગી ચિકિત્સા નથી. સાઈકોથેરાપિસ્ટને વિષય અનુકૂલનના અવરોધમાં રસ હોવા છતાં તેને સામાન્ય રીતે તો તેને બીમારીની સારવાર પ્રત્યે જ ધ્યાન રાખવાનું હોય છે.

સલાહદર્શકના કાર્યપ્રદેશ તરફ નજર રાખીએ તો જણાશે કે તેના અસીલો વર્તનની સમસ્યા હદમાં રહેલા હોય છે. તેઓ શાળા, કૉલેજ, કારખાનાં કે સામાજિક સંસ્થામાં હોય છે. તેમની સમસ્યાઓ પણ સાદી અને સરળ હોય છે. જ્યારે સાઈકોથેરાપિસ્ટને મેડકલ વાતાવરણમાં કામ કરવાનું હોય છે.

સલાહદર્શક પોતાનો મોટાભાગનો સમય એવા અસીલો માટે ગાળે છે કે, જેમની મૂલ્ય પ્રણાલીઓ અને વલણો તેમના વૈયક્તિક અને સામાજિક જીવનમાં બાધારૂપ છે. અસીલના વ્યક્તિત્વને સચોટપણે ફેરફાર કરવાનું સલાહદર્શકનું કાર્ય નથી. તેમ છતાં અસીલની ખામીયુક્ત વર્તન પ્રણાલીને સુધારવાનું લક્ષ તો છે જ.

**સલાહદર્શન એ અસીલ માટે સ્વૈચ્છિક જ હોવું જોઈએ :**

આ સિદ્ધાંત સૂચવે છે કે અસીલને પોતાની મદદ મેળવવાની ઈચ્છા હોવી જોઈએ અને પોતે મદદ માગતો હોવો જોઈએ. સલાહદર્શન એ અધ્યયન પરિસ્થિતિ છે. એ તો દેખીતું કે આપણે ઇચ્છીએ તે મુજબ શીખવા માટે દબાણ કરવું લગભગ અશક્ય છે.

સલાહદર્શન તેમજ અધ્યયનમાં અસીલના સહકાર વિના સલાહદર્શક નિઃસહાય છે. ટૂંકમાં જોઈએ તો અગવડભર્યું કે બિનલાભકારી હોય ત્યારે સલાહદર્શન સંબંધ ચાલુ રાખવા માટે અસીલ પર દબાણ કરી શકાય નહીં.

**જૂથના એક સભ્ય તરીકેની વ્યક્તિ સાથે સલાહદર્શનને સંબંધ છે :**

સલાહદર્શન એ માર્ગદર્શન કાર્યક્રમનો એવો ભાગ છે કે જેમાં અસીલને વ્યક્તિગત મદદ અપાય છે. પરંતુ વ્યક્તિ સાથે કામ કરતી વખતે સલાહદર્શકે એ ભૂલવું ન જોઈએ કે વ્યક્તિએ અનેક જૂથના સભ્ય તરીકે સામાજિક માળખામાં જ રહીને કાર્ય કરવાનું હોય છે. આથી વ્યક્તિગત જરૂરિયાતો, રસો, શક્તિઓ ઉપરાંત વર્તમાન સામાજિક માળખું અને સામાજિક જરૂરિયાતોનો પણ સલાહદર્શકે ખ્યાલ રાખવો જોઈએ અને અસીલને પણ તેનાથી પરિચિત કરવો જોઈ. બીજાંઓ સાથે સંબંધો સ્થાપવા, ટકાવવા અને વિકસતા કરવા અંગેની સૂઝ મેળવવા માટે સલાહદર્શકે અસીલને મદદ કરવાની છે.

**સલાહદર્શનને વિદ્યાર્થીના સમગ્ર વ્યક્તિત્વ સાથે સંબંધ છે :**

વ્યક્તિત્વના ઐક્ય અને સલાહદર્શન પ્રક્રિયાના એકાત્મક સ્વરૂપ પર આ સિદ્ધાંત ભાર મૂકે છે. વિદ્યાર્થી વ્યાવસાયિક પસંદગી અંગેના સલાહદર્શનના સલાહદર્શકે અસીલને લગતી અન્ય બાબતો જેવી કે વ્યક્તિત્વ, શૈક્ષણિક સિદ્ધિ, રસ, તંદુરસ્તી અનેવ્યક્તિ આંતર સંબંધોને પણ ધ્યાનમાં લેવા

જોઈએ. શૈક્ષણિક, સામાજિક કે વૈયક્તિક બાબતોને વ્યાવસાયિક પ્રશ્ને અલગ વિચારવાથી યોગ્ય ઉકેલ મળે નહીં.

**પ્રત્યેક વિદ્યાર્થી માટે સલાહદર્શન જરૂરી છે :**

સલાહદર્શન એ માત્ર જેને સમસ્યા છે તેવા વિદ્યાર્થીઓ કે, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે જ નથી, પરંતુ શાળા-કૉલેજોમાં ભણતાં દરેક વિદ્યાર્થીને આ પ્રક્રિયામાં આવરી લેવાના છે. સલાહદર્શન દરેક વિદ્યાર્થીના વિકાસમાં તેમજ અવરોધક બાબતોમાં મદદ કરવાનો હેતુ ધરાવે છે. તે માત્ર ઉપચારાત્મક પ્રક્રિયા જ નથી. શાળા - કૉલેજોમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ સરેરાશ હોય છે. આથી સલાહદર્શનનો મોટોભાગ વિકાસાત્મક સ્વરૂપનો હોવો જોઈએ.

**સલાહદર્શન દ્વારા અસીલને પસંદગી અંગેના હકથી વંચિત રાખવામાં આવતો નથી :**

ડૉક્ટર જેમ પોતાના દર્દીને સલાહ આપે છે. શિક્ષક જે રીતે વિદ્યાર્થીને શિખવાડે છે, કે વકીલ જે રીતે પોતાના અસીલને સહાય કરે છે, તેવો અભિગમ સલાહદર્શકે અસીલને સહાય કરતી વખતે રાખવાનો હોતો નથી. અહીં સલાહદર્શકે કોઈ નિર્ણય આપવાનો નથી કે પોતાનો અભિપ્રાય કે માન્યતા અસીલ પર ઠોકી બેસાડવાના નથી. પરંતુ તેને પોતાને લગતી તેમજ વિવિધ પસંદગીઓને લગતી જરૂરી બાબતોથી પરિચિત કરવાનો છે. તેમ જ તેને પૂરતી સમજણ આપવાની છે, અનિવાર્ય સંજોગો સિવાય આખરી પસંદગી અસીલ પાસે કરાવવાની છે.

**સલાહદર્શન એ સતત ચાલતી પ્રક્રિયા છે :**

વિકાસાત્મક અને સમસ્યા અવરોધક મૂલ્યો ધરાવે છે ત્યારે સલાહદર્શન એ કોઈ એકાદ કાર્ય નથી. પરંતુ સતત પ્રક્રિયા છે. સલાહર્શન વડે પસંદગીઓ અને અનુકૂલન અંગે ધ્યાન દેવાનું છે. આ ટૂંકા સમયમાં થઈ શકે નહીં. શ્રેણીબંદ્ધ નાના નાના નિર્ણયો પણ ઘણાં સમય સુધી લઈને ચોક્કસ નિર્ણય લેવાની આ વિકાસાત્મક પ્રક્રિયા છે. આથી વિદ્યાર્થીને શાળા પ્રવેશ અને શાળા છોડતા સમયે તેમજ શાળાની કારકિર્દી - સમય દરમિયાન એમ દરેક વખતે સલાહદર્શન સેવા મળતી રહેવી જોઈએ.

**સલાહદર્શક માટે વ્યાવસાયિક શિક્ષણ જરૂરી છે :**

અસીલ પ્રમાણે સહાનુભૂતિ, સામાન્ય સૂઝ, ઉપરાંત સલાહદર્શક પાસે કેટલીક આવડતો હોવી જરૂરી છે. સલાહદર્શન અંગેનું જરૂરી જ્ઞાન, કૌશલ્યો, વ્યક્તિગત સંબંધો સ્થાપવાની આવડત, સમૂહ સાથે કામ પાર પાડવાની શક્તિ વગેરે સલાહદર્શક માટે આવશ્યક છે તેના અસીલોમાં વિદ્યાર્થીઓ ઉપરાંત વાલીઓ, શિક્ષકો અને વહીવટકર્તાઓ પણ હશે. આથી તેમની સાથે કામ પાર પાડવા જરૂરી માનસિક ક્ષમતા તથા તેને લગતાં વ્યાવસાયિક વલણો હોવાં જોઈએ. આ બધા માટે સલાહદર્શન અંગેનું વ્યાવસાયિક શિક્ષણ લેવું અતિ આવશ્યક છે.

સલાહદર્શન અંગેનું વ્યવસાયિક શિક્ષણ લેવાથી સલાહદર્શક પોતાના કાર્યમાં તાર્કિક અને ક્રમિક ક્રિયાઓનો સુમેળ સાધી શકે છે. ઉપરાંત આ પ્રકારના શિક્ષણથી તે અસીલને જરૂરિયાત તેમજ તેની સમસ્યાની તીવ્રતાને આધારે સલાહદર્શન પ્રક્રિયાનું સુવ્યવસ્થિત ''મોડલ'' પણ તૈયાર કરી શકે છે.

**અસરકારક સલાહદર્શન કાર્યક્રમ માટે વ્યવસ્થાતંત્ર જરૂરી છે :**

શાળાએ આ ક્ષેત્રમાં ઉપયોગી કાર્ય કરવું હોય તો અસરકારક વ્યવસ્થાતંત્ર ઊભું કરવું ખૂબ જ જરૂરી છે. આ તંત્રમાં શાળાના આચાર્યનું સ્થાન મહત્ત્વનું હોય, તેમ જ મુખ્ય જવાબદારી જેમણે, આ પ્રકારના કાર્યની તાલીમ લીધેલ હોય તેવા સંનિષ્ઠ વ્યક્તિ પાસે હોવી જોઈએ.

વ્યવસ્થિત રીતે ઉપયોગી કાર્ય થઈ શકે તે માટે : (1) લાંબા ગાળાનું આયોજન (2) વિશિષ્ટ કાર્યો કરવા માટે જવાબદારીની વહેંચણી, (3) વિવિધ પ્રયત્નો અને કાર્યક્રમોનું સંકલન, જ તેમ(4) શાળામાં પ્રાપ્ત સાધનસામગ્રી અને સવલતોનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ. આ માટે શાળાના આચાર્યની સાથે વિવિધ વિષય ના શિક્ષકોની એક ટીમનો આ વ્યવસ્થાતંત્રમાં સમાવેશ કરવો જોઈએ.

**સલાહદર્શન એ ધ્યેયલક્ષી પ્રક્રિયા છે :**

અસીલ અને સલાહદર્શક સાથે મળીને ધ્યેયો નક્કી કરે છે. સામાન્યતઃ એક સમયે એક લક્ષ નક્કી કરાય છે, અને તે પાર પાડવાનો પ્રયત્ન કરાય છે. એક લક્ષ્ય સિદ્ધ કરવામાં મળતી સફળતા અન્ય ધ્યેયો સિદ્ધ કરવામાં પ્રેરણા પૂરી પાડે છે. આ રીતે ઘણાં ધ્યેયો પાર પડાય છે. જ્યારે બધાં ધ્યેયો સુધી પહોંચાય છે, ત્યારે સલાહદર્શન સંબંધનો અંત આવે છે.

## 15.6 સલાહદર્શન કેન્દ્રના હેતુઓ :

સલાહદર્શન પ્રક્રિયામાં અસીલ અને સલાહદર્શક એ બે વ્યક્તિઓ સાથે મળીને અસીલની સમસ્યાને સમજે છે. ઓળખે છે અને ઉકેલ અંગે વિચારણા કરે છે. છેવટે ઉકેલ અંગેનો નિર્ણય અસીલ પોતે જ લે છે. આ સમગ્ર પ્રક્રિયાનાં પાયાનાં ચાર હેતુઓ નીચે મુજબ છે.


(1) અસીલ

(2) સલાહદર્શક

(3) સલાહદર્શક પદ્ધતિ

(4) સલાહદર્શન પ્રક્રિયાની ફલશ્રુતિ

સલાહદર્શન પ્રક્રિયાનાં ઘટકો અને તેનાં સંબંધી આકૃતિ




સલાહદર્શન પદ્ધતિમાં, સલાહદર્શક અને અસીલ એ બંનેની કામગીરી ઉમેરાય છે. અને બંનેની કામગીરી વચ્ચે પરસ્પર આંતરક્રિયા થાય છે જેના પરિણામે સલાહદર્શનની ફલશ્રુતિ ઉદ્ભવે છે.

**(1) અસીલની ભૂમિકા :**

અસીલ પોતાની સમસ્યાની સાથે સાથે તેના સમગ્ર વ્યક્તિત્વને સલાહદર્શન પદ્ધતિમાં ઉમેરે છે. શારીરિક દેખાવ, આનુવંશિક શક્તિઓ, જાતિ, જ્ઞાતિઓ, ઉંમર, આર્થિક - સામાજિક કક્ષા, ભૂતકાળની શૈક્ષણિક કારકિર્દી, પ્રેરણાત્મક બંધારણ, કૌટુંબિક જ તેમ આસપાસનું, પર્યાવરણ લાગણીઓ, રસ, ઇચ્છાઓ અને મૂલ્યોની તરેહ જેવાં કેટલાંક લક્ષણોથી અસીલને સમજી શકાય છે. આ ઉપરાંત અસીલના પોતાના પ્રત્યેના અને અન્ય પ્રત્યેના વલણો સમજવામાં જ તેમ અસીલની સમસ્યાને ઓળખવામાં અને ઉકેલવામાં આ બધી બાબતો સલાહદર્શકને મદદરૂપ થાય છે.

અસીલે પોતાની સમસ્યાની રજૂઆત અને આનુષાંગિક ચર્ચા મુક્ત મને કરવી પડે છે. સલાહદર્શનની પ્રક્રિયા પ્રત્યે પૂરતી શ્રદ્ધા અને વિશ્વાસ રાખી સલાહદર્શકની સાથે રહીને પોતાની સમસ્યા સમજવામાં તેમજ ઉકેલવામાં સહકાર આપવાનો હોય છે.

**(2) સલાહદર્શકની ભૂમિકા :**

સલાહદર્શક પણ સલાહદર્શન પદ્ધતિમાં અસીલની જેમ પોતાના સમગ્ર વ્યક્તિત્વને ઉપયોગમાં લાવે છે. સલાહદર્શક પોતાની કેટલીક આવડતો, જ્ઞાન વલણો, અનુભવો શૈક્ષણિક લાયકાત જેવાં લક્ષણોની મદદથી સલાહદર્શન પદ્ધતિમાં અસીલની સમસ્યા ઉકેલવામાં સહાય કરે છે.

વિશ્વાસ, સમજણ અને પરસ્પર આદરના આધાર ઉપર અસીલ સાથે માનવીય સંબંધ વિકસે તેવાં કૌશલ્યો સલાહદર્શક પાસે હોવાં આવશ્યક છે. અસીલ પોતાની સમસ્યા કશા પણ હિચકિચાટ વગર કહી શકે તે માટે સલાહદર્શક અને અસીલ વચ્ચે ઉષ્માસભર સંબંધો હોય તે જરૂરી છે. આવા સંબંધો ઊભા કરવાની અને વિકસાવવાની જવાબદારી સલાહદર્શકની છે. અસીલનું વર્તન વલણો,

જ્ઞાતિ, જાતિ, આર્થિક - સામાજિક સ્થિતિ કે ધાર્મિક માન્યતાઓને ધ્યાનમાં લીધા વગર જ સલાહદર્શકે અસીલ સાથે સંબંધો સ્થાપવાના છે.

સલાહદર્શક પાસે આત્મસભાનતા અને સંયમના આત્મ ગુણો હોવાં ખૂબ જ જરૂરી છે જેથી અસીલની જરૂરિયાતો અને લાગણીઓને સમજતી વખતે પોતાની લાગણીઓ અને વર્તન પર જરૂરી કાબૂ રાખી શકે.

માનવવર્તન પાછળના મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતોનું જ્ઞાન, તેમજ જ સલાહદર્શનના વ્યવસાય માટે જરૂરી નૈતિક ધોરણોની જાણકારી સલાહદર્શકની પાસે હોવી જોઈએ. વળી સલાહદર્શનની કામગીરી માટે જરૂરી એવાં સાધનો, પ્રવિધિ અને યોજનાઓ અમલમાં મૂકવાની ક્ષમતા સલાહદર્શકે કેળવવી પડે. સલાહદર્શન પ્રક્રિયામાં મનોવૈજ્ઞાનિક કસોટીઓ મુલાકાત, અવલોકન અને ઉપચારાત્મક પ્રવૃત્તિઓનો ઉપયોગ કરવો પડે છે. આથી તે અંગેનાં જરૂરી કૌશલ્યો સલાહદર્શક પાસે હોવાં અત્યંત જરૂરી છે.

**સલાહદર્શન પદ્ધતિ :**

સલાહદર્શન પદ્ધતિમાં અસીલ અને સલાહદર્શકની કામગીરી વચ્ચે આંતરક્રિયા થાય છે. અસીલ અને સલાહદર્શકની કામગીરીની કક્ષા તેમજ સલાહદર્શકે ઉપયોગમાં લીધેલ સલાહદર્શન પ્રયુક્તિના સ્વરૂપ પર આ આંતરક્રિયાનો આધાર છે. દરેક અસીલ કે સમસ્યા માટે સલાહદર્શન પદ્ધતિ જુદી જુદી હોઈ શકે છે.

અસીલની કામગીરી ઉપર પણ પદ્ધતિનો આધાર છે. અસીલ બરાબર ઉત્સાહિત ન હોય, જવાબદારીપૂર્વક સલાહદર્શકને સાથ આપતો ન હોય તો સમગ્ર કાર્ય નિષ્ફળ થવાની શક્યતા ધરોવે છે. કેટલાક અસીલ પરસ્પરની આંતરક્રિયા દરમિયાન સલાહદર્શક પર પોતાનો પ્રભાવ પાડી એવું વાતાવરણ ખડું કરી દે છે કે જેનાથી સલાહદર્શક પરિચિત ન હોય.

સલાહદર્શક અને અસીલની કામગીરીની આંતરક્રિયાથી બંને વચ્ચે સાયુજ્ય અને ગતિશીલ સંબંધો સ્થપાય છે. સલાહદર્શક અને અસીલ નજીક આવે છે. અસીલને એમ લાગે છે કે આખી પ્રક્રિયા પોતાના લાભ માટે જ થઈ રહી છે અને તેમાં સહકાર આપવો ખૂબ જ જરૂરી છે. પોતાને મદદકર્તા એવી આ પ્રક્રિયામાં સલાહદર્શકની નિષ્ઠા અને કાર્ય પદ્ધતિમાં તેને વિશ્વાસ જાગે છે. તે સલાહદર્શન ક્રિયામાં ખંતપૂર્વક ભાગ લેવા લાગે છે અને મુક્ત મને પોતાની સમસ્યા અંગે ચર્ચા કરે છે. અસીલની મુક્ત અભિવ્યક્તિથી અસીલને તેમજ તેની સમસ્યાને પૂર્વક સ્પષ્ટતા સમજાય છે. તેના ઉકેલ અંગે અસીલ પોતે જ રસ્તાઓ સૂચવવા લાગે છે.

**(3) સલાહદર્શન પ્રક્રિયાની ફલશ્રુતિ :**

સલાહદર્શન પદ્ધતિમાં સલાહદર્શક અને અસીલની કામગીરી વચ્ચે થયેલી આંતરક્રિયાની ફલશ્રુતિ એ સલાહદર્શન પ્રક્રિયાનો અંતિમ ઘટક છે જ્યારે જ્યારે સલાહદર્શક અને અસીલ મળે છે ત્યારે કોઈને કોઈ પ્રકારની ફલશ્રુતિ ઉદ્‌ભવે છે. આ ફલશ્રુતિ અસીલ માટે લાભકર્તા કે બિનઉપયોગી પણ હોઈ શકે. ક્યારેક કર્તા નુકસાન પણ બની શકે.

સલાહદર્શન પ્રક્રિયાને પરિણામે અસીલ પોતાનાં ધ્યેયો નક્કી કરે છે. વાર કેટલીક અસીલ એવા નિર્ણયો લે છે કે જેને પરિણામે તેના જીવનનું કોઈક પાસું બદલાઈ જાય છે. ક્યારેક તેને મળતી માહિતીથી યોગ્ય વ્યવસાય કે શૈક્ષણિક કારકિર્દી મેળવવામાં સહાયરૂપ થાય છે. સામાજિક સમસ્યાઓ કે વર્તન-અનુકૂલનના પ્રશ્નો ઉકેલવામાં પણ મદદ મળે છે.

કેટલીકવાર સલાહદર્શન પ્રક્રિયા અસીલની સમસ્યાઓ ઉકેલવામાં નિષ્ફળ નીવડે છે. અસીલ પોતાની મુંઝવણનો ઉકેલ શોધી શકતો નથી. તેને પરિણામે તે નિરાશ અને અસ્વસ્થ બને છે. કોઈ અસીલ ગુસ્સે પણ થાય છે અને સલાહદર્શન પ્રક્રિયા પ્રત્યે નકારાત્મક વલણ ધરાવતો થઈ જાય છે.

સફળ ફલશ્રુતિને પરિણામે સલાહદર્શકને પ્રેરણા અને ઉત્સાહ પ્રાપ્ત થાય છે. કોઈ અસીલ માટે નિષ્ફળતા સાંપડે તો પોતાના પક્ષે, અસીલના પક્ષે, પદ્ધતિમાં કે અન્ય કઈ રીતે ખામી રહી છે

તેની તપાસ કરે છે. જો આની લગતી યોગ્ય માહિતી પ્રાપ્ત થાય તો ફરી તે જ અસીલ સાથે બેસીને તેની સમસ્યા અંગે ચર્ચા વિચારણા કરે છે. અને બીજા અસીલ સાથે એવી કોઈ ક્ષતિ ન હોય તેની કાળજી રાખે છે.

## 15.7 સલાહદર્શન સેવાની વ્યાખ્યાઓ :

- રુથસ્ટ્રોંગના મતે "સલાહ એ સલાહદર્શક અને અસીલ વચ્ચેના પ્રત્યક્ષ સંબંધ છે."
- વેબસ્ટર જણાવે છે કે "સલાહ મસલત, અભિપ્રાયોની અરસપરસ આપે લે અને સાથે મળીને કરેલી ચર્ચા વિચારણા એટલે સલાહદર્શન."
- માયર્સ લખે છે કે "સલાહ એટલે બે વ્યક્તિઓ વચ્ચેનો એવો સંબંધ કે જેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિને ચોક્કસ પ્રકારની સલાહ આપે છે."
- વિલિયમસન માટે સલાહદર્શન એ વ્યક્તિને મદદ કરવા માટેની એવી વ્યક્તિલક્ષી પ્રક્રિયા છે કે જેમાં :
- શાળાનું વિષયવસ્તુ શીખવાની મદદ મળે,
- જવાબદાર નાગરિક બનવા માટેની આવશ્યકતાઓ અને ટેવો અંગેની મદદ મળે.
- કૌશલ્યો, વલણો અને માન્યતાઓ માટેની મદદ મળે.

  આ બધાને કારણે સામાન્ય સંતુલિત માનવ બને.
- રોજર્સ કહે છે કે "સલાહ એ એવો સંબંધ છે કે જેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિના વિકાસ, ઉન્નતિ અને પરિપક્વતામાં વધારો કરવાનું તથા કામ કરવાની રીતમાં સુધારો કરવાનું લક્ષ્ય રાખે છે."
- અર્બુકલ સલાહની ઘણી વ્યાખ્યાઓના અભ્યાસને અંતે જણાવે છે કે "આ ઉષ્માસભર અને માનવીય સંબંધમાં સલાહદર્શક અસીલને કોઈપણ હિચકિચાટ વગર આદરપાત્ર સંપૂર્ણપણે, વ્યક્તિ તરીકે સ્વીકારે છે. પૂરેપૂરા સ્વીકારના આ સંબંધમાં અસીલ વિકાસ પામી શકે છે. પોતાની પાસે જ છે એવી ક્ષમતા અને શક્તિઓને ઉપયોગમાં લાવી શકે છે. અને પોતાને સંતોષકારક હોય તેવાં નિર્ણયો અને પસંદગી કરે છે."
- ગિલબર્ટના જણાવ્યા અનુસાર "સલાહદર્શન એ બે વ્યક્તિઓ વચ્ચેનો એવો વ્યક્તિગત અને ગતિશીલ સંબંધ છે કે જેમા :
- એક વ્યક્તિ અનુભવ અને સૂઝ ધરાવતી છે. જ્યારે બીજી વ્યક્તિ અપરિપકવા, બિનઅનુભવી અને ઓછી સૂઝવાળી છે."
- અસીલ પોતાની સમસ્યા અંગે સલાહદર્શક પાસેથી મદદ મેળવવાનો પ્રયત્ન કરે છે.
- સમસ્યાના સ્પષ્ટીકરણ માટે બંને સાથે મળીને કાર્ય કરે છે.
- છેવટે અસીલ પોતાની સમસ્યા જાતે ઉકેલી શકે તેવી મદદ મળે છે.

## 15.8 સલાહદર્શન અભ્યાસક્રમઃ

- સલાહદર્શન અભ્યાસક્રમ કે.જી.થી ધોરણ બાર સુધીના વિદ્યાર્થીઓ માટે વર્ગખંડ અને જૂથ પ્રવૃત્તિઓ મારફત રજૂ કરેલાં આયોજિત અનુભવોનો સમાવેશ થાય છે. આ અભ્યાસક્રમ નિર્ણય ઘડતર, સ્વ-સમજ, કારકિર્દી શોધ અને તૈયારી, અને અભ્યાસ કૌશલ્યોમાં સુધારો જેવી બાબતોને મહત્ત્વ આપે છે. સલાહદર્શન કાર્યક્રમ, નીચેના જેવી યોજનાઓ દ્વારા અમલમાં મૂકવામાં આવે છે.

### વર્ગખંડ સલાહદર્શન પ્રવૃત્તિઓ :

- સલાહદર્શક, સલાહદર્શન પ્રવૃત્તિઓનું શિક્ષણ કરે છે, જૂથ શિક્ષણ કરે છે અથવા મદદ કરે છે. આ પ્રવૃત્તિઓ વર્ગખંડમાં, સલાહદર્શન કેન્દ્રમાં કે અન્ય રીતે ચલાવવામાં આવે છે.

**જૂથ પ્રવૃત્તિઓ :**

સલાહદર્શક વિદ્યાર્થીઓના રસો કે જરૂરિયાતોને અનુરૂપ વર્ગખંડની બહાર જૂથ સલાહ બેઠકો યોજે છે. નાના જૂથ માટેનું સલાહદર્શન, ટૂંકાગાળા કે લાંબાગાળાનું સલાહદર્શન હોય છે. તે જૂથમાં વધુમાં વધુ છ વિદ્યાર્થીઓ હોય છે. આવું સલાહદર્શન વધુમાં વધુ છ અઠવાડિયા સુધીનું હોય છે.

**આંતર વિદ્યાશાખાકીય અભ્યાસક્રમ વિકાસ :**

- સલાહદર્શકો વિષયવસ્તુ ક્ષેત્રોમાં અભ્યાસક્રમ વિકસાવવા અને સુધારવા આંતર વિદ્યાશાખાકીય જૂથોમાં ભાગ લે છે. તેઓ શિક્ષકોને તમામ વિદ્યાર્થીઓમાં ભાવાત્મક, સામાજિક અને વ્યાવસાયિક કૌશલ્યોની પ્રાપ્તિ માટે વર્ગખંડોમાં શિક્ષણ આપવા માર્ગદર્શન આપે છે.

આ ઘટક, નીચે સમાવી શકાય તેવી સલાહદર્શન અધ્યયન પ્રવૃત્તિઓ એને કેટલાંક ઉદાહરણો આ પ્રમાણે છે :

(1) સ્વસંકલ્પના અભ્યાસ કૌશલ્યો (2) પ્રત્યાયન કૌશલ્યો, પસંદગી કૌશલ્યો (3) સમવયસ્ક સંબંધો, કારકિર્દી જાગૃતિ (4) આંતર વૈયક્તિક સંબંધો, વૈયક્તિક સલામતી (5) પૂર્વ રોજગાર કૌશલ્યો (6) માધ્યમિક શાળા પછીનું આયોજન, કારકિર્દી શોધ (7) ધંધાની તૈયારી

**પ્રતિચારાત્મક સેવાઓ :**

- પ્રતિચારાત્મક સેવાઓમાં, વિદ્યાર્થીઓની તાત્કાલિક જરૂરિયાતોને પહોંચી વળવા, આપવામાં આવતી ભલામણ પ્રવૃત્તિઓ અને સલાહનો સમાવેશ થાય છે. આ સેવાઓમાં વૈયક્તિક સલાહ, કટોકટી સલાહ, સમસ્યા ઉકેલ માટે વાલીઓ, શિક્ષકો અન્ય વ્યાવસાયિકો તથા આધાર જૂથોને ભલામણ અને કન્સલ્ટેશનનો સમાવેશ થાય છે. પ્રતિચારાત્મક સેવાઓ નીચેના જેવી યોજનાઓ દ્વારા અમલમાં મૂકવામાં આવે છે.

**મસલત (Consultation ) :**

સલાહદર્શક વિદ્યાર્થીઓને મદદ કરવા ઉપયોગી યોજનાઓ અંગે વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અન્ય કેળવણીકારો અને સામાજિક એજન્સીઓ સાથે મસલત કરે છે.

**વૈયક્તિક સલાહદર્શન :**

સંબંધ, વૈયક્તિક કે સામાન્ય વિકાસાત્મક કાર્યો સંબંધિત મુશ્કેલીઓવાળા વિદ્યાર્થીઓને નાના જૂથમાં કે વૈયક્તિક રીતે સલાહ આપવામાં આવે છે. વૈયક્તિક સલાહદર્શન વિદ્યાર્થીઓની સમસ્યાઓને ઓળખવામાં, તેનાં કારણો નક્કી કરવાં, વૈકલ્પિક ઉકેલો નક્કી કરવા અને શક્ય પરિણામો નક્કી કરવામાં મદદ કરે છે. તેથી વિદ્યાર્થીઓ યોગ્ય પગલાંઓ લઈ શકે.

**કસોટી સલાહદર્શન :**

- વિદ્યાર્થીઓ અને તેનું કુટુંબ જ્યારે કોઈ તાત્કાલિક સમસ્યા અનુભવે ત્યારે તેઓને મદદ કરવામાં આવે છે. આ સલાહદર્શન, સામાન્ય રીતે ટૂંકાગાળાનું અને કામચલાઉ પ્રકારનું હોય છે.

**ભલામણ :**

શાળા દ્વારા અપાતી સલાહ અને માર્ગદર્શન કાર્યક્રમને વધુ અસરકારક બનાવ સલાહદર્શક કેટલીકવાર ભલામણ સ્ત્રોતો (referral sources) નો ઉપયોગ કરે છે. આ ભલામણ સ્ત્રોતો માટે નીચેની એજન્સીઓનો ઉપયોગ કરવામાં આવે છે.

- માનસિક સ્વાસ્થ્ય એજન્સીઓ
- રોજગારી અને તાલીમ કાર્યક્રમો
- વ્યાવસાયિક પુનઃસ્થાપન
- સામાજિક સેવાઓ
- બાળ ગુનેગારી સેવાઓ

## 15.9 આધારતંત્ર :

આધારતંત્રમાં પરોક્ષ સલાહદર્શન વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે જે સમગ્ર સલાહદર્શન સેવાઓને જાળવે છે અને વિકસાવે છે. આ ઘટક નીચે (1) ભૌતિક સ્ત્રોતોનું વ્યવસ્થાપન, (2) સ્ટાફ અને સત્તા વચ્ચેના સંબંધો અને (3) ખાસ સંશોધન પ્રોજેક્ટ્સ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

**ભૌતિક સ્ત્રોતોનું વ્યવસ્થાપન :**

સલાહદર્શન સેવાઓનો સફળ અમલ કરવા માટે મુખ્ય બે ભૌતિક સુવિધાઓ સલાહદર્શન કેન્દ્ર માટે ઉપલબ્ધ બનાવે છે :

(1) સલાહદર્શકનું કાર્યાલય અને (2) સાધન-સામગ્રી. સમગ્ર સલાહદર્શન સેવાઓનું કેન્દ્ર સલાહદર્શક છે.

**સંશોધન પ્રોજેક્ટ્સ હાથ ધરવા :**

સલાહદર્શક સલાહદર્શન કાર્યક્રમ, મૂલ્યાંકન મૂલ્યાંકન પૃથક્કરણ, અનુકાર્ય અભ્યાસો, જરૂરિયાત મોજણી વગેરેનું સંકલન કરે છે. જેના આધારે સલાહદર્શન સેવાઓને વધુ સારી રીતે વિકસાવે છે.

(1) અધ્યેતા એનું મૂલ્યાંકન કરવા માટે ઔપચારિક અને અનૌપચારિક એમ બે પ્રકારનાં ઉપકરણોનો ઉપયોગ કરી શકે છે.

(2) અનૌપચારિક ઉપકરણોનું ત્રણ વિભાગમાં વર્ગીકરણ

## 15.10 માનસિક સ્વાસ્થ્ય એજન્સીઓ :

આપણે તરુણોના સર્વાંગી વિકાસની વિચારણા કરીએ છીએ ત્યારે, એ સહજ સ્પષ્ટ છે કે વિકાસની પૂર્વભૂમિકા સ્પષ્ટ છે. સ્વસ્થ વ્યક્તિનો સંપૂર્ણ સમતુલિત વિકાસ સંભવી શકે છે. આ અવસ્થામાં ન કેવળ શારીરિક પરંતુ માનસિક સ્વાસ્થ્ય પણ ગૃહીત છે. માનસિક સ્વાસ્થ્ય એ નૂતન સંકલ્પના છે. “સામાન્ય શબ્દોમાં કહી શકાય કે માનસિક સ્વાસ્થ્ય સંપૂર્ણ વ્યક્તિત્વનો સંવાદી વ્યવહાર છે.”- **હેડફીલ્ડ**

માનસિક સ્વાસ્થ્ય માટે કાર્યરત સંસ્થાઓ / એજન્સીઓ નીચે મુજબ છે.

- Mental Health, Ahmedabad
- Mental Health  Baroda
- B. J. M. C. Ahmedabad
- B. M. Institute Ahmedabad
- Hospital for  Mental Health,. Bhuj
- Hospital for Mental Health, Vikas Gruh Road, Jamnagar.
- Hospital for Mental Health, Shahibag, Ahmedabad

આ ઉપરાંત ભારતના તમામ રાજ્યોમાં માનસિક સ્વાસ્થ્ય માટેની સંસ્થાઓ આવેલી છે.

## 15.11 રોજગાર વિનિમય

નિયામકશ્રી રોજગાર અને તાલીમ, ગુજરાત સરકારનાં શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળ ચાલે છે. તેમનું નિર્માણ ગુજરાત રાજ્યમાં સાલ ઇ.સ.1971 માં રોજગાર આંક કે જે શ્રમ નિયામક હેઠળ અને વ્યવસાય તાલીમ યોજના, જે નિયામકશ્રી તાંત્રિક શિક્ષણના જોડાણથી થયું હતું.

હાલમાં Govt ITIs, 475 ગ્રાન્ટ - ઈન - એઈડ અને સેલ્ફ ફાઈનાન્સ ITCs, 335 kvks કૌશલ્ય વર્ધન કેન્દ્ર) 617 VTPs (વ્યાવસાયિક તાલમ દાતા) અને 48 રોજગાર વિનિમય નિયામકની કચેરી કાર્યરત છે.

ભારત સરકાર દ્વારા એ ઠરાવ પ્રસ્થાપિત થયાં કે જે સંગઠિત ક્ષેત્રમાં ઉચ્ચ રોજગારને સિદ્ધ કરવા તાલીમ થકી બનેલાં છે.


ડાયરેક્ટ ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેઈનીંગના મુખ્ય હેતુમાં ગુજરાત રાજ્યના યુવાનોને ઉચ્ચ પ્રકારનુ ં વ્યવસાય માર્ગદર્શન તથા રોજગાર સેવાઓ પ્રદાન કરવાનું છે. આ હેતુને સિદ્ધ કરવા ડાયરેક્ટ ઑફ એમ્પ્લોયમેન્ટ એન્ડ ટ્રેઈનિંગ આઈ.ટી.આઈ. સેન્ટરોમાં ઘણાં બધા પ્રકારના ટૂંકા ગાળાના તથા લાંબા ગાળાના તાલીમી પ્રોગ્રામ ચલાવે છે. જે યુવાનો રોજગારીની શોધમાં હોય તેમને રોજગાર કચેરીઓ દ્વારા નોંધણી કરાવી તેમને જે તે ક્ષેત્રના નોકરીદાતાની યાદી નિભાવી સારામાં સારી રોજગારીની તકો આપે છે.

નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુજરાત સરકાર લોકોને રોજગારી આપવા ઘણા કૌશલ્ય નિર્માણ પ્રોગ્રામ ચલાવે છે. હાલમાં 48 રોજગાર કચેરીઓ નોંધાયેલાં યુવાનોને રોજગારી મેળવવામાં મદદ કરી રહી છે.

**રાજ્યની રોજગાર કચેરીઓ :**

નોંધાયેલ ઉમેદવારોને ખૂબ જ કાર્યદક્ષ પ્રયત્ન દ્વારા તથા ઔદ્યોગિક ભરતીમેળાઓ ઔદ્યોગિક વસાહતોમાં યોજી રોજગારી આપવામાં સફળ રહી છે.

## ઓર્ગેનાઈજેશન ચાર્ટ




**રોજગાર વિભાગ વિશે :**

**રોજગાર કચેરીની પ્રવૃત્તિઓ :**

રોજગાર કચેરીઓનું મૂળભૂત કામ રોજગાર વાંચ્છુઓને રોજગારીની સુવિધા પૂરી પાડવાનું છે. સામાન્ય રીતે રોજગાર કચેરી દ્વારા રોજગાર વાંચ્છુઓનાં નામ, નોંધણી થયેલ ઉમેદવારના નામ ખાનગી તથા જાહેર ક્ષેત્રોમાં મોકલવાનું કામ કરે છે.

**રોજગાર કચેરીનાં મુખ્ય કાર્યો :**

- રોજગાર સેવાઓ
- વ્યવસાય માર્ગદર્શન

- ઈ રોજગાર બજાર માહિતી (EMI) અને તેનું અમલીકરણ ખાલી જગ્યાની ફરજીયાત જાણ અંગેનો કાયદો - ઇ.સ.1957
- વધારાની સેવાઓ સ્વ-રોજગાર માર્ગદર્શન, આર્મી ભરતી કેમ્પ ... વગેરે ....
- રાજ્યમાં હાલ 48 રોજગાર કચેરીઓ કાર્યરત છે, જેમાંથી 33 જિલ્લા રોજગાર વિનિમય કચેરી છે. અનુ.જનજાતિ ઉમેદવારો માટે ખેડબ્રહ્મા, ધરમપુર, સોનગઢ, છોટાઉદેપુર અને માંડવી ખાતે ટ્રાયબલ રોજગાર કચેરીઓ કાર્યરત છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, પાટણ, વલ્લભ વિદ્યાનગર અને ભૂજ ખાતે 8 વિશ્વ વિદ્યાલય (યુનિવર્સિટી રોજગાર માહિતી તથા માર્ગદર્શન કેન્દ્ર) કાર્યરત છે તથા અમદાવાદ અને જામનગર ખાતે 2 ખાસ મહિલા રોજગાર કચેરીઓ કાર્યરત છે.
- વિદેશમાં રોજગારી તથા કારકિર્દીલક્ષી તકોનું માર્ગદર્શન આપવા ગુજરાતમાં અમદાવાદ, વડોદરા અને રાજકોટ સેન્ટરો કાર્યરત છે.
- હાલમાં વડોદરા અને સુરત ખાતે આવેલી રોજગાર કચેરીઓને "મોડલ કેરિયર સેન્ટર" માં પરિવર્તિત કરેલ છે.
- ઓવરસીઝ સેન્ટરો, મોડેલ કેરિયર સેન્ટર અને રોજગાર સેવાઓને વધુ સુદઢ બનાવવા ઈમ્પેક્સ બી નામની સ્વાયત્ત સંસ્થાની રચના કરેલ છે.

**(1) રોજગાર સેવાઓ :** રોજગાર કચેરીઓની મુખ્ય પ્રવૃત્તિ રોજગારને લગતી છે.

- નોકરી આપવાનાં ગુજરાત પ્રથમ : DGET નવી દિલ્હી દ્વારા પ્રસિદ્ધ થતા અહેવાલ મુજબ રોજગાર કચેરીઓ દ્વારા, નોકરી વાંચ્છુઓને નોકરી આપવામાં છેલ્લા 13 વર્ષ,માં (2002 થી 2014) ગુજરાત પ્રથમ ક્રમે છે. વર્ષવાર રોજગારીના આંકડા જોઈએ તો વર્ષ 2002માં 70,700, વર્ષ 2003માં 64, 900, વર્ષ 2004માં 64,900, વર્ષ 2005માં 92,900 વર્ષ 2006માં 99,000, વર્ષ 2007માં 1,78,300, વર્ષ 2008માં 2,17,700, વર્ષ 2009માં 1,53,500, વર્ષ 2010માં 2,07,586, વર્ષ 2011માં 2,25,600, વર્ષ 2012માં 2,46,000, વર્ષ 2013માં 2,71,621

  અને વર્ષ 2014માં 2,90,800, જે બધા જ રાજ્યોમાં સૌથી વધારે છે. વર્ષ 2015માં આ સંખ્યા 3,36,668 છે.
- આ બધી કામગીરી કાર્યક્ષેત્રમાં રહેલ અધિકારી દ્વારા હાથ ધરવામાં આવતાં ખાનગીક્ષેત્રના નોકરીદાતાઓની મુલાકાત તથા, તેમના દ્વારા નોંધાતી ફરજિયાત, ખાલીજગ્યાઓને આભારી છે. આ કામગીરી માટે ગુજરાતમાં મોટા પ્રમાણમાં વિકસેલા ઉદ્યોગો રોજગાર કચેરીઓને, ખાનગીક્ષેત્રમાં રોજગારી અપાવામાં મદદરૂપ છે.

**(2) બેરોજગાર ઉમેદવારોને ઈન્ટરવ્યૂમાં આવવા જવાનું ભાડું :**

- આ યોજના હેઠળ બેરોજગારોને રાજ્ય વાહન વ્યવહારની (S.T.), વાહન બસમાં આવવા જવાનું ભાડુ ચૂકવવામાં આવે છે.આનો હેતુ બેરોજગાર યુવાનો ઇન્ટરવ્યુમાં હાજર રહે તે માટે મદદરૂપ થવાનો છે.
- રોજગાર કચેરી દ્વારા નોકરીદાતા માટે જે ઉમેદવારોની નામાવલી તૈયાર કરેલ છે. તે ઉમેદવારોને કમ્પ્યૂટરાઈઝ એસ.ટી કુપન મોકલવામાં આવે છે.
- આયોજનનો લાભ રાજ્યની સીમા સુધી મર્યાદિત છે. આ યોજનાનો લાભ રોજગાર કચેરી ખાતે નોંધાયેલ ઉમેદવારોની તથા તૈયાર કરેલ નામવલીની યાદીના જ ઉમેદવારો (Sponsered) ને આપવામાં આવે છે.

**(3) રોજગાર બજાર માહિતી (EMI) :**

- જાહેર ક્ષેત્ર અને ખાનગી ક્ષેત્રના નોકરીદાતાઓ પાસેથી રોજગાર અંગેની માહિતી નિયમિત

ધોરણે એકત્રિત કરવાની જવાબદારી રોજગાર કચેરીઓ બજાવે છે. આ પદ્ધતિ "એસ્ટાબિલ્શમેન્ટ રિપોર્ટિંગ સિસ્ટમ" તરીકે ઓળખાય છે. આ પદ્ધતિ હેઠળ જાહેરક્ષેત્રની બધી જ સંસ્થાઓ અને ખેતીવાડી ક્ષેત્ર સિવાયની ખાનગી ક્ષેત્રની નક્કી કરેલ સંસ્થાઓ કામે રાખેલ કર્મચારીઓની સંખ્યા, ખાલી પડતી જગ્યાઓની સંખ્યા અને અછતના વ્યવસાયો અંગેની માહિતી નિયમિત ધોરણે મોકલવાની હોય છે. (દર ત્રણ માસ) જાહેર ક્ષેત્રના બધા જ એકમોએ અને ખાનગી ક્ષેત્રના એકમો કે જેમાં 25 કે તેથી વધારે કામદારો કામ કરતાં હોય તેમણે રોજગાર કચેરીઓમાં (ખાલી જગ્યાઓની ફરજિયાત જાણ કરવાના) કાયદા, ઇ.સ.1959 અન્વયે સ્થાનિક રોજગાર કચેરીને જાણ કરવાનું બંધનકર્તા છે. અને ઉપરોક્ત કાયદાના નિયમો ઇ.સ.1960 આધારે વ્યવસાયને લગતા મુદતી પત્રકો મોકલવાનું ફરજિયાત છે. ખાનગીક્ષેત્રના એકમો કે જેમાં 10 થી 24 કામદારો કામ કરતાં હોય તેવી સંસ્થાઓ / તેવા એકમો પાસેથી મરજિયાત ધોરણે માહિતી એકત્રિત કરવાની રહેશે.

(4) કારકિર્દી માર્ગદર્શન વ્યવસાય માર્ગદર્શન અને નોકરીવાંચ્છું તથા વિદ્યાર્થીઓને માટે રોજગારી માર્ગદર્શન.

**વ્યવસાય માર્ગદર્શન :** રોજગાર કચેરીઓ દ્વારા એક મહત્ત્વની પ્રવૃતિ હાથ ધરવામાં આવે છે, જે વ્યવસાય માર્ગદર્શન છે. આ કાર્યક્રમ હેઠલ વ્યવાસાય માર્ગદર્શન અને પરામર્શ (કાઉન્સેલિંગ) પૂરું પાડવામાં આવે છે. દરેક જિલ્લા રોજગાર કચેરીમાં કેરિયર કાઉન્સેલરની નિમણૂંક કરવામાં આવેલ છે, જે યુવાનોને કારકિર્દીલક્ષી કાઉન્સેલિંગ પૂરી પાડે છે.

**કારકિર્દી વિભાગ (કેરિયર કોર્નર) :** રાજ્યના દૂરના વિસ્તારમાં રહેતાં વિદ્યાર્થીઓ અને નોકરી વાંચ્છુઓને વ્યવસાય માર્ગદર્શનની સારી સેવા આપી શકાય તે હેતુથી, રોજગાર કચેરીઓ દ્વારા શાળા તથા કોલેજ કક્ષાએ કેરિયર કોર્નર કાર્યરત છે.હાલમાં રાજ્યમાં 2000 કેરિયર કોર્નર કાર્યરત છે. તેઓ કેરિયર કોર્નર, જે તે સંસ્થાના કેરિયર શિક્ષક દ્વારા ચલાવવામાં આવે છે.

**(5) સ્વ રોજગાર :**

- સવેતન રોજગારીની તકો મર્યાદિત છે તથા ને દિવસે દિવસે બેરોજગારો માટે મુશ્કેલીઓ વધતી જાય છે. આ સંજોગોમાં સ્વ-રોજગારી વિકલ્પ દ્વારા રોજગારી આપી શકાય છે.
- રોજગાર કચેરીઓ દ્વારા સ્વરોજગાર માર્ગદર્શન શિબિર દરેક તાલુકા કક્ષાએ યોજવામાં આવે છે. આ શિબિરમાં સ્વ-રોજગાર યોજનાને લગતી માહિતી તેમજ નાણાંકીય મદદ વિશેની માહિતી આપવામાં આવે છે.
- આ શિબિરમાં લીડ બેંક મેનેજર, અનુસૂચિત જાતિ / અનુ. જનજાતિ / સમાજ કલ્યાણ નિગમના પ્રતિનિધિઓ અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનાં પ્રતિનિધિ પણ હાજર રહે છે.

**(6) આર્મી - નેવી અને એરફોર્સમાં ભરતી :**

- અમદાવાદ અને જામનગર ખાતે શાખા ભરતી કાર્યલાય (BRO) દ્વારા આર્મી ભરતી રેલીઓનું આયોજન કરવામાં આવે છે. ભારત સરકાર દ્વારા રાજ્યનાં પુરુષ વસતિના પ્રમાણમાં જગ્યાઓ ફાળવવામાં આવે છે. રોજગાર વિભાગ દ્વારા ગુજરાત રાજ્યની જગ્યાઓ ભરાય તે હેતુથી ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવે છે.
- શારીરિક યોગ્યતા તથા લેખિત પરીક્ષા માટેની તાલીમના અભાવે ઉમેદવારોને ના પસંદ કરવામાં આવે છે, જેને લીધે રાજ્યને ફાળવેલ જગ્યાઓ ભરાયા વગર બાકી રહે છે. આ માટે આર્મી ભરતી રેલીમાં શારીરિક તથા મેડિકલ પાસ થયેલ ઉમેદવારોને શારીરિક કસોટી તથા લેખિત કસોટી માટે તલીમી આપવામાં આવે છે.

(7) **એમ્પાવર તાલીમ કાર્યક્રમ :** ઇન્ફોર્મેશન એન્ડ ટેક્નોલજી ક્ષેત્રમાં તાલીમાર્થી યુવાનોને તાલીમ આપવા એમ્પાવર તાલીમ કાર્યક્રમની શરૂઆત થઈ છે. આ કાર્યક્રમના માધ્યમ દ્વારા દરેક

જિલ્લાના યુવાનોને કમપ્યુટર તથા ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ક્ષેત્રનું પાયાનું જ્ઞાન પૂરું પાડવામાં આવે છે. વૈશ્વિક કક્ષાએ હરીફાઈ કરવા માટે યુવાનોને તાલીમ આપી સશક્તિકરણ કરવામાં આવે છે. આ યોજના દરેક જિલ્લાના રોજગાર વિનિમય કચેરી ખાતે જ્યાં કમ્પ્યૂટર તથા સુવિધાઓ ઉપલબ્ધ છે, ત્યાં કાર્યરત છે.

(8) **એમ્પ્લોયમેન્ટ એક્ષટેન્સન બ્યૂરો (ઈમ્પેક્ષ - બી)**

- ઇ.સ.2014 - 2015 માં રૂપિયા 100 કરોડ જોગવાઈ સાથે (EMPEX - B) સ્વાયત્ત સંસ્થાને શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.
- શરૂઆત તા. 17, સપ્ટેમ્બર, 2014 ના રોજ માનીય વડાપ્રધાન દ્વારા કરવામાં આવી.
- સ્વાયત્ત સંસ્થા તરીકે સોસાયટી એક્ટ - ઇ.સ.1960 હેઠળ નોંધણી થયેલ છે.

**મુખ્ય કાર્ય :**

- રોજગાર કચેરી દ્વારા બજારની જરૂરિયાત મુજબના ઔદ્યોગિક ભરતી મેળા તથા આર્મી - ભરતી યોજવામાં મદદરૂપ થવાં માટે.
- વહીવટી સેવાઓ, બેન્કિંગ, ઇન્સ્યોરન્સ કંપનીઓ સ્ટાફ સિલેક્શન આયોગ,સંરક્ષણ દળો વગેરે માટેના તાલીમ વર્ગો સ્પિપાની મદદથી કરવામાં આવે છે.
- દરેક જિલ્લા મથકે કારકિર્દી માર્ગદર્શન સલાહકાર દ્વારા ઉમેદવારોને કારકિર્દી માર્ગદર્શન આપવા માટે.

**(9) ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરિયર ઇન્ફોર્મેશન સેન્ટર :**

- વિદેશ અભ્યાસ તથા / રોજગારી માટે ઈચ્છુક વિદ્યાર્થી / ઉમેદવારો માટે અમદાવાદ તથા વડોદરા ખાતે કાર્યરત છે.
- વિદેશની કૉલેજ તેમાં પ્રવેશ પ્રક્રિયા, માન્ય કોલેજ, યુનિવર્સિટી,ફ્રી ગ્રાન્ટ અભ્યાસક્રમો, પાર્ટ ટાઈમ, નોકરી અંગેની શક્યતાઓ તથા તકો .... વગેરે જેવી માહિતી.
- અંગ્રેજી ભાષાનું જ્ઞાન (IELTS અને TOFEL) વગેરે અને પરીક્ષા તથા સાહિત્ય અંગેની માહિતી.
- સ્ટુડન્ટ વિઝા માટે નાણાંકીય આયોજન (બેંક બેલેન્સ, પીપીએફ / પોસ્ટમાં રોકાણ / ફિક્સ ડિપોઝીટ, એજ્યુકેશન લોન, બેંક દ્વારા મળતી બીજી અન્ય લોન વગેરે.) અંગેની માહિતી.
- જુદાં જુદાં દેશોમાં સ્થાપિત કંપનીઓ / સંસ્થાઓમાં મળતી રોજગારીની તકો વગેરેન લગતી માહિતી જેવી કે શૈક્ષણિક લાયકાત, વ્યવસાય માર્ગદર્શન, શારીરિક યોગ્યતા, અનુભવ તેમજ અન્ય જરૂરી માહિતી.

**(10) મોડલ કેરિયર સેન્ટર :**

આ યોજના હેઠળ ભારત સરકાર દ્વારા દરેક રોજગાર વિનિમય કચેરીઓ મોડેલ કેરિયર સેન્ટરમાં, વિનિમય કચેરીઓ, મોડેલ કેરિયર સેન્ટરમાં તબદિલ કરવામાં આવશે. કેરિયર કાઉન્સેલિંગ અને વ્યવસાય માર્ગદર્શન એ આ સેન્ટરની મુખ્ય પ્રવૃત્તિઓ છે. દરેક રોજગાર કચેરીઓ ખાતે કેરિયર કાઉન્સેલરની નિમણૂંક કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં રાજ્યમાંથી કેન્દ્ર સરકાર દ્વારા આયોજન, અંતર્ગત વડોદરા, સુરત અને ભાવનગરની પસંદગી થયેલ છે.

**સ્વામી વિવેકાનંદ પૂર્વ સેવા (સંરક્ષણ) તાલીમ યોજના :**

**યોજનાની માહિતી :**

ઉમેદવારોની માનસિક તથા શારીરિક કાર્યદક્ષતામાં વધારો થાય તે માટે એક માસની નિવાસી તાલીમ આપવામાં આવે છે, જેથી તેઓ લેખિત તથા શારીરિક પરીક્ષા સારા ગુણ સાથે ઉત્તીર્ણ થઈ શકે.

**યોજના :**

તાલીમનો સમય : 30 દિવસ / 120 કલાકની તાલીમ

- અભ્યાસક્રમ : લેખિત પરીક્ષા માટે સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહો, ઇંગ્લિશ, ગણિત, વિજ્ઞાનના તાલીમ વર્ગો તથા શારીરિક તાલીમ માટે દોડ, ઊંચો કૂદકો, પુલઅપ્સ વગેરે.

**શારીરિક તાલીમ માટેના શિક્ષક :**

નિવૃત્તિ આર્મી પોલીસ, એસ.આર.પી. ટ્રેનર, પી.ટી. શિક્ષક , માન્ય એન.સી.સી. યુનિટ દ્વારા લેખિત પરીક્ષા માટે સ્થાનિક શિક્ષકો તથા પ્રાધ્યાપકો

- સ્થળ : સ્કૂલ, કૉલેજ, પોલીસ ગ્રાઉન્ડ અથવા અન્ય જગ્યાઓ કે જ્યાં મેદાનની સુવિધા ઉપલબ્ધ હોય.
- ઉમેદવારોની સંખ્યા : એક કલાકમાં ઓછામાં ઓછા 30 અને વધુમાં વધુ 35 ઉમેદવારોની જોગવાઈ.
- વર્ગની સંખ્યાઓ અને સ્થળ : 70 વર્ગો ગમે ત્યાં, કોઈ પણ જિલ્લા કક્ષાએ.
- લાયકાત : લાયકાત અને ઉંમર નિયમાનુસાર
- ઉમેદવારની પસંદગી : રોજગાર કચેરી દ્વારા બહોળી પ્રસિદ્ધિ કરવામાં આવે છે. ઉમેદવારોની પસંદગી ઉંચાઇ, વજન તથા છાતીની જરૂરિયાત મુજબ કરવાની થાય છે. પ્રાથમિક પસંદગી પી.એચ.સી. / સિવિલ હોસ્પિટલના ડૉકટર દ્વારા કરવામાં આવશે અને તાલીમ વર્ગની યાદી બનાવવામાં આવશે.
- વર્ગોની દેખરેખ : તાલીમ વર્ગો રોજગાર કચેરી દ્વારા ચલાવવામાં આવશે તેમજ દરેક પ્રકારની વ્યવસ્થા તથા સુવિધાઓ જેવી કે રહેવાની, જમવાની, શારીરિક તથા માનસિક કસોટી માટેનું સ્થળ, શિક્ષકો તથા કો-ઓર્ડિનેટર વગેરે રોજગાર અધિકારી દ્વારા કરવામાં આવશે. જે ઉમેદવારોની હાજરી 80% કરતાં વધારે હોય તેમને જ દિવસના રૂા. 100 લેખે સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવશે.

## 15.12 રોજગાર માહિતી કેન્દ્રોની યાદી :

(1) Assitant Director Ahmedabad 0/4, New Mental Campus, Ahmedbad - 16
E- Mail : deeahd@gujarat.gov.in
Ph.No. (079) 22681021

(2) Regional Office, Ahmedabad
Govt. Polytechnic Compound, Ahmedabad - 15
E-Mail : rddahmedbad@yahoo.in
Ph.No (079) 26306101

(3) Exchange for Women, Ahmedabad
0/4 New Mental Campus, Ahmedabad 16
E-Mail : adeenp123 @gmail.com.
Ph.No (079) 22681248

(4) University Employment Gudiance, Buraeu, Ahmedabad
Nr. Consumer Store, Guj. Uni. Campus, Navrangpura, Ahmedabad
E-Mail : rddahmedbad@yahoo.in
Ph (079) 26300760

(5) District Employment Exchange - Amreli
'C' Block M.S. Bldg. Rajmahal Compoudn, Amreli

E-mail : dee - amr@gujarat.gov.in

Ph. No (02792) 223394

(6) District Employment Exchange Anand

District Seva Sadan, R.No. 25-26 Ground floor, Nr. Borsad Chokdi, Anand

E-mail : dee - and@gujarat.gov.in

Ph No. (02692) 264998

(7) University Employment Guidence Burau, Anand

Opp. BOB, Nana Bazar, VallabhVidhynagar, Dist - Anand

E-mail : ueb -vvn@gujarat.gov.in

Ph No (02692) 237020

(8) District Employment Exchang - Aravalli

R.No. 18/19, 1st Floor, ITI Compound Malpur Road, Modasa. Dist Aravalli

Ph. No (02774) 245330

(9) District Employment Exchange - Banashkantha

M.S.bldg.joravarpalces compus, Palanpur

E-mail :dee-ban@gujarat.gov.in

Ph No : (02742) 254286

(10) District Employment Exchange - Bharuch

Collector Office, A- Block, Ground floor, Bharuch.

E-mail : dee-bha@gujarat.gov.in

Ph.No : (02642) 260702

(11) Assitant Director - Bhavnagar

F 5/6 M.S. Bldg. Annexy Bhavnagar

E-Mial : dee-bav@gujarat.gov.in

Ph.no (02782) 2423607

(12) University Employment Guidance Bureau - Bhavnagar

Bhavnagar Uni. Campus, Opp. Shamadas Arts College,

Bhavnagar

E-mail ueb_bhavnagar@gmail.com

Ph No (0278) 2425531

(13) District Employment Exchange - Botad

ITI Compound Dhakarioya Rd. Botad

E-mail :prasnat trivedi 23@yahoo.co.in

Ph.No. 9979310858

(14) District Employment Exchange - ChhotaUdepur

Sardarnagar Society, Bunglow, No - 11 Chhotaudepur

E-mail-dee_cho@gujarat.gove.gov.in

ph.no (02669) 232239

(15) District Employment Exchange - Dahod Jilla Seva Sadan, 3rd Floor, Jalod Rd.

Chhapari, Dahod

E-mail _dah@gujarat.gov.in
Ph.No (02673) 239159

(16) District Employment Exchange-Davbhumi Dwarka
ITI Compound, Opp. market yard, Dharampur
Jamkhambhadiya
Dist. Devbhumi Dwarka
E-mail mkpala21@gmail.com
Ph.No (9538855178)

(17) District Employment Exchange - Gandhinagar
Maha Nagar Seva Sadan, 'D' Block, 2nd Floor, Nr. Pathikaashram, Gandhinagar
E-mail dee-gnr@gujarat.gov.in
Ph. No (079) 23220966

(18) District Employment Exchange - Gir Somanath
ITI Compound, Yamuna Market, Nr. By Pass, Veraval,
Dist. Gir Somanath
E-mail: mahenprajapati@gmail.com
Ph.No : 9898334880

(19) District Employment Exchange - Godhara (pms)
M.S. Bldg, Ground floor,
District Seva Sadan - 2,
Godhra, Dist : Panchmahal
E-mail : dee- pan@gujarat.gov.in
Ph.No (02672) 241405

(20) Assitant Director - Jamnagar (Emp.)
ITI Hostel Bldg., Opp. S.T.Depot.
Jamnagar
E-mail : dee-jam@gujarat.gov.in
Ph.No - (0288) 2564654

## 15.13 બાળકોના અધિકારનું રક્ષણ, રાજ્ય બાળ અધિકાર સંદર્ભે આયોગની કામીગીરી બાબત

(1) રાજ્યમાં શિક્ષણના અધિકારના રક્ષણ સત્તામંડળ (જેનો આમાં) હવે પછી "REPA" તરીકે ઉલ્લેખ કર્યો છે તે, રહેશે, જે આવા આયોગદની રચના કરવામાં આવે ત્યાં સુધી, રાજ્યબાળ, અધિકાર સુરક્ષા આયોગ (જેનો આમાં હવે પછી, "SCPCR" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના કાર્યો જેવાં જ કાર્યો કરશે.

(2) શિક્ષણના અધિકારના રક્ષણ માટેનું સત્તામંડળ (REPA) નીચેની વ્યક્તિઓનું બનશે.

(ક) અધ્યક્ષ, જે ઉચ્ચ શૈક્ષણિક પ્રતિષ્ઠા ધરાવતી વ્યક્તિ હોવી જોઈએ અથવા તે હાઈકોર્ટના ન્યાયાધીશ હોવા જોઈએ અથવા તેઓએ બાળકોના અધિકારને ઉત્તેજન આપવા માટે ઉત્કૃષ્ટ કામગીરી કરેલી હોવી જોઈશે; અને

(ખ) નીચેના ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા, યોગ્યતા (સામર્થ્ય), પ્રામાણિકતા, પ્રતિષ્ઠા અને અનુભવ ધરાવતાં બે સભ્યો, જેમાંથી ઓછામાં ઓછો એક સભ્ય મહિલા સભ્ય હોવાં જોઈશે.

(1) શિક્ષણ

(2) બાળ આરોગ્ય સંભાળ અને બાળવિકાસ

(3) કિશોર ન્યાય અથવા ઉપેક્ષિત અથવા તરછોડાયેલા બાળકોની અથવા અશક્ત બાળકોની સંભાળ;

(4) બાળ-મનોવિજ્ઞાન અથવા સમાજવિજ્ઞાન અથવા સ્જામાજીક વિજ્ઞાન

(5) બાળ-મજૂરો અથવા માનસિક રીતે પીડિત બાળકો પાસે કામ લેવાની પ્રથા નાબૂદ કરવી.

(6) કાનૂની વ્યવસાય

**રાજ્ય બાળ અધિકાર સુરક્ષા આયોગ (SCPCR) સમક્ષ ફરિયાદ રજૂ કરવાની રીત.**

(1) રાજ્ય બાળ અધિકાર સુરક્ષા આયોગ (SCPCR) અથવા યથાપ્રસંગે, શિક્ષણના અધિકારના રક્ષણ માટેનું સત્તામંડળ (REPA), એસએમએસ, ટેલિફોન અને પત્રથી જેનો સંપર્ક કરી શકાય તેવી ચાઈલ્ડ હેલ્પ લાઈન શરૂ કરશે, જે નારાજ થયેલા બાળક/વાલી માટે અધિનિયમ હેઠળના અધિકારોના ઉલ્લઘંન અંગેની ફરિયાદ કરવા માટેના ફોરમ (Fourm) તરીકે કાર્ય કરશે, જે તેમની ઓળખની નોંધ કરશે, પરંતુ ઓળખ જાહેર કરશે નહિ.

(2) હેલ્થ લાઈનને કરવામાં આવેલી તમામ ફરિયાદોનું, રાજ્ય બાળ અધિકાર, સુરક્ષા આયોગ (SCPCR) અથવા યથાપ્રસંગે શિક્ષણના અધિકારના રક્ષણ માટેના સત્તામંડળ (REPA) દ્વારા, પારદર્શક 'એલર્ટ એન્ડ એક્શન' (Alert & Action) કાર્ય પદ્ધતિ દ્વારા દેખરેખ - નિયંત્રણ રાખવામાં આવશે.

**રાજ્ય સલાહકાર પરિષદની રચના અને તેના કાર્યો :**

(1) રાજ્ય સલાહકાર પરિષદ (જેનો આમાં હવે પછી "પરિષદ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) અધ્યક્ષ અને ચૌદથી વધુ નહિ તેટલા સભ્યોની બનેલી રહેશે.

(2) રાજ્ય સરકારના પ્રાથમિક શિક્ષણ વિભાગનો હવાલો ધરાવતાં મંત્રી, હોદ્દાની રૂએ, પરિષદના અધ્યક્ષ ગણાશે.

(3) પ્રાથમિક શિક્ષણનો હવાલો ધરાવતાં સચિવ, નાણાં સચિવ, આદિજાતિ વિકાસ (વિભાગ) ના સચિવ, સામાજિક અને અધિકારિતા (વિભાગ)ના સચિવ, સ્ટેટ પ્રોજેક્ટ ડાયેરક્ટર (રાજ્ય પરિયોજનાના નિયામક) અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (ગુજરાત એન્ડ ટ્રેઈનિંગ) (GCERT) ના નિયામક હોદ્દાની રૂએ સભ્યો ગણાશે.

(4) સરકાર પ્રારંભિક શિક્ષણ અને બાળ વિકાસના ક્ષેત્રે જ્ઞાન અને વ્યાવહારિક અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી નિયમ મુજબ, પરિષદના સભ્યોની નિમણૂંક કરશે

(ક) ઓછામાં ઓછાં ચાર સભ્યો અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને લઘુમતી (કોમ) વ્યક્તિઓમાંથી રહેશે.

(ખ) ઓછામાં ઓછો એક સભ્ય, ખાસ જરૂરિયાત ધરાવતાં બાળકોના શિક્ષણનું વિશેષ જ્ઞાન અને વ્યાવહારિક અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી રહેશે.

(ગ) ઓછામાં ઓછા બે સભ્યો, શિક્ષકોને શિક્ષણ (તાલીમ) આપવાના ક્ષેત્રે વિશેષ જ્ઞાન અને વ્યાવહારિક અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી રહેશે.

(ઘ) એક સભ્ય, પૂર્વ-પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રે વિશેષન જ્ઞાન ધરાવતી વ્યક્તિઓમાંથી રહેશે.

(ચ) આવા સભ્યોમાંથી પચાસ ટકા સભ્યો મહિલા સભ્યો હોવાં જોઈશે, અને

(છ) પ્રાથમિક શિક્ષણના નિયામક સભ્ય સચિવ રહેશે.

(5) પ્રાથમિક શિક્ષણ વિભાગ, પરિષદની બેઠકોના અને તેના બીજા કાર્યોના સંકલનમાં સહાય પૂરી પાડશે.

(6) પરિષદના કામકાજની કાર્યરીતિ નીચે મુજબ રહેશેઃ

(ક) પરિષદના નિયમિત રીતે, અધ્યક્ષ નક્કી કરે તેવા સમયે મળશે, પરંતુ તેની છેલ્લી બેઠક અને આગામી બે વરસે ત્રણ માસનો સમયગાળો રહેવો જોઈશે નહિ.

(ખ) અધ્યક્ષ પરિષદની બેઠકનું પ્રમુખસ્થાન લેશે. અધ્યક્ષ કોઈ કારણસર પરિષદની બેઠકમાં હાજર ન રહી શકે તો તે આવી બેઠકનું પ્રમુખસ્થાન લેવા માટે, પરિષદના કોઈ સભ્યને નામનિયુક્ત કરી શકશે.

(ગ) પરિષદના ઓછામાં ઓછા 50% સભ્યો હાજર હોય તો તેની બેઠકનું કોરમ પૂર્ણ ગણાશે.

**15.13.1 બાળકોના હકનું રક્ષણ :**

**(1) બાળકોના શિક્ષણના હક પર દેખરેખ -નિયંત્રણ**

બાળકોના હકના રક્ષણ માટેના અધિનિયમ, ઈ.સ.2005(2006 નો ચોથો) ની કલમ 3 હેઠળ રચાયેલ બાળકોના હકના રક્ષણ માટેનો રાષ્ટ્રીય આયોગ અથવા કલમ - 17 હેઠળ રચાયેલ બાળકોના હકના રક્ષણ માટેના રાજ્ય-આયોગ, આ અધિનિયમ હેઠલ તેમને સોંપાયેલ કાર્યો ઉપરાંત નીચેના કાર્યો પણ કરશે, અનુક્રમે

(ક) આ અધિનિયમથી અથવા તેના નીચે પૂરાં પાઠવેલ હકની સલામતી તપાસવી અને તેની સમીક્ષા કરવી અને તેના અસરકારક અમલ માટે પગલાંની ભલામણ કરવી.

(ખ) બાળકના મફત અને ફરજિયાત શિક્ષણના હકને લગતી ફરિયાદો અંગે તપાસ કરવી, અને

(ગ) બાળકના હકના રક્ષણ માટેના આયોગ અધિનિયમની કલમ 15 અને 24, હેઠળ જોગવાઈ કર્યા મુજબ જરૂરી પગલાં લેવાં.

(2) પેટા -કલમ (1) ના ખ(ગ) હેઠળ બાળકના મફત અને ફરજિયાત શિક્ષણને લગતી પણ કોઈ બાબતમાં તપાસ કરતી વખતે દર્શાવેલ આયોગોને બાળકના હકના રક્ષણ માટેના આયોગોને લગતા અધિનિયમની અનુક્રમે કલમ 14 અને 24 હેઠળ તેમને સોંપેલી છે તે જ સત્તાઓ રહેશે.

(3) જ્યાં રાજ્યમાં બાળકના હકના રક્ષણ માટે રાજ્ય આયોગ ન રચાયાં હોય ત્યાં સરકારશ્રૂ પેટા કલમ(1) ના ખંડ(ક) થી (ગ)માં નિર્દિષ્ટ કરેલા કાર્યો કરવાના હેતુ માટે નિયત કરવામાં આવે, તેની શરતોને આધીન રહીને અને તેવી રીતે આવા સત્તાતંત્રની રચના કરશે.

**ફરિયાદ નિવારણ :**

(1) કલમ - 31માં ગમે તે દર્શાવ્યું હોય તેમ છતાં, આ અધિનિયમ હેઠળ બાળકના હકને લગતી કોઈ ફરિયાદ હોય તેવી વ્યક્તિ તેના ક્ષેત્રાધિકાર ધરાવતાં સ્થાનિક સત્તાતંત્રને લેખિત ફરિયાદ કરી શકશે.

(2) પેટા - કલમ (1) હેઠળની ફરિયાદ મળ્યા પછી, સ્થાનિક સત્તાતંત્ર સંબંધિત સાંભળવાની યોગ્ય તક આપ્યા પછી ત્રણ મહિનાની અંદર તે બાબત નક્કી કરશે.

(3) સ્થાનિક સત્તાતંત્રના નિર્ણયથી નારાજ થયેલી વ્યક્તિ, બાળકના હકના રક્ષણ માટેના રાજ્ય આયોગ અથવા યથાપ્રસંગે કલમ 31 મી પેટા-કલમ(3) હેઠળ નિયત કરેલ સત્તાતંત્રને અપીલ કરી શકશે.

(4) પેટા-કલમ(3) હેઠલ કરેલી અપીલનો નિર્ણય, બાળકના રક્ષણ માટેનો રાજ્ય આયોગ અથવા

કલમ 3ની પેટા-કલમ (1) ના ખંડ (ગ) હેઠળ જોગવાઈ કર્યા મુજબ કલમ 31ની પેટા-કલમ (3) હેઠળ નિયત કરેલ સત્તાતંત્ર કરશે.

**રાષ્ટ્રીય સલાહકાર પરિષદની રચના :**

(1) કેન્દ્ર સરકાર જાહેરનામું બહાર પાડીને, પ્રાથમિક શિક્ષણ અને બાળ વિકાસના ક્ષેત્રમાં જ્ઞાન અને પ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી, કેન્દ્ર સરકારને જરૂરી લાગે તેવી વધુમાં વધુ પંદર સભ્યોની બનેલી રાષ્ટ્રીય સલાહકાર પરિષદની રચના કરશે.

(2) રાષ્ટ્રીય સલાહકાર - પરિષદના કાર્યોમાં આ અધિનિયમ જોગવાઈઓના અસરકારક અમલ અંગે કેન્દ્ર સરકારને સલાહ આપશે.

(3) રાષ્ટ્રીય સલાહકાર પરિષદના સભ્યોની નિમણૂંકની શરતો અને તેમને આપવાનાં ભથ્થા નિયત કર્યા મુજબ રહેશે.

**રાજ્ય સલાહકાર પરિષદની રચના :**

(1) રાજ્ય સરકાર જાહેરનામું બહાર પાડીને, પ્રાથમિક શિક્ષણ અને બાળવિકાસનાં ક્ષેત્રમાં જ્ઞાન અને પ્રત્યક્ષ અનુભવ ધરાવતી વ્યક્તિઓમાંથી, રાજ્ય, સરકારને જરૂર લાગે તેવી વધુમાં પંદર સભ્યોની બનેલી રાજ્ય સલાહકાર પરિષદની રચના કરશે.

(2) રાજ્ય સલાહકાર પરિષદના કર્મચારી આ અધિનિયમની જોગવાઈઓના અસરકારક અમલ અંગે સરકારને સલાહ આપશે.

(3) રાજ્ય સલાહકાર પરિષદના સભ્યોની નિમણૂંકની શરતો અને તેમને આપવાના ભથ્થાં નિયત કર્યા મુજબ રહેશે.

## 15.14 કારણો :

**બાળ ગુનેગારો (The Delinquent Children) :**

સામાન્ય રીતે બાળગુનેગારો સમાજમાંથી પેદા થાય છ. બાળકો ગુનાહિત પ્રવૃત્તિઓ તરફ વળે છે તેનું મહત્ત્વનું કારણ સમાજની પરિસ્થિતિ છે. આવાં બાળકો સામાન્યતઃ ગરીબ કુટુંબો જે ગરીબીની રેખા નીચે જીવતાં હોય તેમાંથી આવે છે. પ્રવર્તમાન પરિસ્થિતિમાં સમાજનું પરિવર્તન અતિ ઝડપથી થઈ રહ્યું છે. છેલ્લાં દોઢસો કે બસો વર્ષમાં સમાજનું પરિવર્તન જે રીતે થતું હતું તેનાથી તીવ્ર ઝડપે છેલ્લાં ચાર કે પાંચ દાયકાથી થઈ રહ્યું છે. સમાજના માળખામાં, સમાજની પરંપરાઓ અને પ્રણાલીઓમાં, સમાજના આંતરવ્યવહારોમાં વગેરેમાં ઔદ્યોગિક ક્રાન્તિ, શિક્ષણ અને વિજ્ઞાન અને ટેક્નોલોજીની અસરોને લીધે, તીવ્ર ઝડપે સમાજ પરિવર્તનનો ભોગ બન્યો છે. આથી ગામડાં તૂટ્યાં છે. શહેરોમાં સિમેન્ટ કોન્ક્રીટનાં જંગલો વધવાની સાથે ઝૂંપડપટ્ટીઓ વધવા લાગી છે. ગામડામાંથી શહેરો તરફ માનવ મહેરામણ ઉમટવા લાગ્યો છે, આ પરિસ્થિતિમાં શહેરોમાં ઝૂંપડપટ્ટીઓની સાથે ગરીબી વધવા માંડી છે. તદુપરાંત શહેરના કેટલાંક એ આકર્ષણો માનવજીવનને અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે. જે પરિવારમાં શિશુઅવસ્થાનાં બાળકોની શારીરિક, માનસિક કે સાંવેગિક જરૂરિયાતો તુપ્ત થતી નથી, તેમની આર્થિક કે સામાજિક જરૂરિયાતો પૂરતા પ્રમાણમાં સંતોષાતી નથી, તેવાં બાળકો અનેક ગ્રંથિઓ અને પૂર્વગ્રહોનો ભોગ બનીને ગુન્હાહિત પ્રવૃત્તિઓ તરફ આકર્ષાય છે અને પોતાના જીવનનો નકશો વિકૃત બનાવી દે છે. સામાજિક ઝડપી પરિવર્તનને લીધે નિમ્ન આર્થિક - સામાજિક પરિવારના બાળકોનાં પરાનુકૂલનની સમસ્યાઓ પેદા થાય છે, આથી એક મનોવિજ્ઞાનીએ નોંધ્યું છે.

"Modern Society is passing through a period of extensived changes and socical disorganisation. Maladjustmonts seem to be the inevitable consequences of rapid and unequal changes in the social order. Juveniles, in Particular, seem to be affected in an unusual way by those reppeatedly changing conditions."

- M. H. Nemamayer

આથી, એમ કહી શકાય કે બાળગુનેગારી એક સામાજિક સમસ્યા છે. સામાજિક વિચ્છિન્નતાને

લીધે જે અસલામતી લાગણી જન્મે છે. તેમાંથી આવી સમસ્યાઓ ઊભી થાય છે. બદલાતી જતી પરિસ્થિતિના સંદર્ભનાં પરિવારોની અસમાન્ય સામાજિક ગતિશીલતાને લીધે બાળકોની મૂળભૂત જરૂરિયાતો તૃપ્ત થતી નથી. તેમાંથી આવી સમસ્યાઓ ઊભી થાય છે. આમ જોઈએ તો બાળગુનેગારી માટે નીચેનાં કારણ જવાબદાર ગણી શકાય :

- માતા-પિતાની આર્થિક ગરીબી
- સામાજિક અસમાનતા
- વારંવારનું સ્થળાંતર
- માતા-પિતાની નિરક્ષરતા
- સમાજની ઉપેક્ષા
- પૂરતા પોષણનો અભાવ
- બાળકોની આર્થિક, સામાજિક અને સાંવેગિક જરૂરિયાતોની પૂર્તિનો અભાવ
- માતા-પિતાનું ગુનાહિત આચારણ
- ભૌતિક જરૂરિયાતોની તૃપ્તિનો અભાવ
- બાળકોના શિક્ષણની ઉપેક્ષા
- માતા-પિતાની બાળ-ઉછેરમાં કાળજી
- ઘરનું ક્લેશમય વાતાવરણ
- આજુબાજુનાં સમાજમાં આચરાતી ગુન્હાહિત પ્રવૃત્તિઓનું નિરીક્ષણ
- ખરાબ સોબત
- સતત માનસિક તંગદિલી
- શિક્ષકો તરફથી ઉપેક્ષાપૂર્ણ વર્તન
- શાળામાં થતાં શિક્ષા કે દંડ
- સમૂહ માધ્યમોની વિપરીત અસરો

- આવા વિભિન્ન કારણોને લીધે બાળગુનેગારો પેદા થાય છે. આમ તો સમાજ માન્ય કાનૂનો કે કાયદાનો બાળકો દ્વારા થતો ભંગ એ બાળગુનેગારી કહેવાય છે.

## 15.15 બાળગુનેગારીના પ્રકારો :

(1) કાયદો કે કાનૂનો છડેચોક ભંગ

(2) દાદાગીરી

(3) રીઢા ગુનેગારો સાથેનું ગંઠબંધન

(4) માતા-પિતા કે વાલીઓનો છડેચોક અનાદર

(5) નાના ગુનાઓ જેવાં કે ચોરી - ચપાટી કરવી

(6) આક્રમણ કરીને ઈજા પહોંચાડાવી

(7) માતા-પિતાની સંમતિ સિવાય ઘિરેથી ભાગી જવું.

(8) અનૈતિક આચરણ

(9) બિભત્સ શબ્દ પ્રયોગો, ગાળો અને બિભત્સ વાણીનો ઉપયોગ

(10) અસામાજિક તત્ત્વો સાથે ઘરોબો

(11) કોઈની વસ્તુઓ પડાવી લેવી.

(12) જુગાર કે દારૂના અડ્ડા પર જવું - તેમનું સંચાલન કરવું.

(13) જાહેરમાં અનુચિત વર્તન

(14) ગેરકાનૂની ધંધાઓમાં જોડાવું

(15) વારંવારે સિગારેટ કે માદક દ્રવ્યોનું સેવન કરવું.

(16) રાત્રે મોડા સુધી ઘરની બહાર રહેવું અને અનૈતિક કાર્યો કરવાં.

(17) માદક દ્રવ્યો કે ડ્રગ્સનું સતત સેવન કરવું.

(18) પાગલની જેમ વર્તાવ કરવો.

(19) ભીખ માગવી

(20) દારૂ પીવો

(21) ગેરકાનૂની સ્થળે સતત આવ-જા કરવી.

(22) નશીલા પદાર્થોનું સેવન કરી વાહનો ચલાવવાં.

(23) સંમતિ સિવાય લગ્ન કરવાં, અત્યાચાર કે બળાત્કાર કરવો.

ઉપરનાં કૃત્યો બાળગુનેગારી દર્શાવે છે. યોગ્ય ઉછેર કે સંસ્કાર સંવર્ધનનાં અભાવમાં બાળકો ગન્હાહિત પ્રવૃત્તિઓ તરફ વળે છે.

**બાળગુનેગારોને શિક્ષણ અને માર્ગદર્શન :**

આપણે જોયુ કે બાળગુનેગારો સમાજની ઉપેક્ષાને પરિણામે અને તેમના સંવર્ધનના અભાવમાં બાળકો ગુન્હાહિત પ્રવૃત્તિઓ તરફ વળે છે.

**બાળગુનેગારોને શિક્ષણ અને માર્ગદર્શન**

આપણે જોયું કે બાળ ગુનેગારો સમાજની ઉપેક્ષાને પરિણામે અને તેમના સંવર્ધનના કે સંસ્કાર સિંચનમાં રહેલી ખામીઓને પરિણામે પેદા થાય છે. આથી આ સંજોગોમાં બાળગુનેગારો ને યોગ્ય માર્ગે વાળવા માટે કેટલાંક રચનાત્મક ઉપાયો (શિક્ષણ અને માર્ગદર્શન) સહિતના જરૂરી બને છે.

**શિક્ષણ અને માર્ગદર્શન અંગેના ઉપાયો :**

- સૌપ્રથમ તો આવાં બાળકોને યોગ્ય માર્ગે વાળવા માટે સામાજિક વાતાવરણમાં સુધારો લાવવો જરૂરી છે.
- માતા પિતાએ બાળકોના ઉછેરમાં ખૂબ કાળજી રાખવી જોઈએ. તેમને પૂરતા પ્રમાણમાં પ્રેમ, સહાનુભુતિ કે વાત્સલ્ય પૂરા પાડવાં જોઈએ.
- બાળકોની ક્યારેય ઉપેક્ષા કરવી જોઈએ નહિ, તેમની જરૂરિયાતો તરફ પૂર્ણ ધ્યાન આપવું જોઈએ.
- શિક્ષકોએ આવા બાળકોની ઉપેક્ષા કરવાને બદલે તેમને પ્રેમ અને સહાનુભૂતિથી જીતી લઈને તેમનામાં આત્મવિશ્વાસ પેદા કરવો જોઈએ. તેમને ખાસ હૂંફની જરૂર હોય છે.

આ બાબતમાં કેર ફ્રેનડલેન્ડર નામના મનોવિજ્ઞાનીએ ત્રણ સોપાનો સૂચવ્યા છે. તેમણે સામાજિક, આર્થિક અને પારિવારિક ક્ષેત્રોને ધ્યાનમાં લઈને સુધારા સૂચવ્યા છે. બાળક બાળગુનેગારીમાં સીધો પ્રવેશતો નથી. તેનામાં એ અંગેના કેટલાંક લક્ષણો પ્રારંભિક અવસ્થામાં દેખાય છે. આથી તેમણે ત્રણ તબક્કાઓમાં બાળકોના સુધારા માટેના ઉપાયો સૂચવ્યાં છે.

**(1) સુષુપ્ત બાળગુનેગારી :**

આ અવસ્થામાં બાળકમાં ગુનેગારીનાં કેટલાક લક્ષણો જોવા મળે છે. આ અવસ્થામાં જો સંભાળપૂર્વક કાળજી લેવામાં આવે અને. માતા-પિતા, શિક્ષકો જો આવાં બાળકો તરફ દુર્લક્ષ્ય ન સેવે તો તેમને વિકૃતિઓમાંથી બચાવી શકાય છે. આ અવસ્થામાં સુધાર માટે ત્રણ ઉપાયો સૂચવવામાં

આવ્યાં છે.

**(1) આર્થિક સુધારા**

માતા-પિતાની સ્થિતિ સુધારી શકાય. બાળકોની ભૌતિક કે આર્થિક જરૂરિયાતો તરફ પૂરંતુ ધ્યાન આપીને તેમની જરૂરિયાતો સંતોષવામાં આવે તો તે ગુન્હાહિત પ્રવૃત્તિ કરતાં અટકી જાય છે. આવાં બાળકોનો સર્વે કરી તેમનાં માતા-પિતાને બાળકોના શિક્ષણ માટે જો યોગ્ય આર્થિક સહાય પૂરી પાડવામાં આવે તો બાળકો મુગ્ધાવસ્થામાં સહેલાઈથી પાછાં વળી જશે.

**(2) માતા-પિતા કે વાલીઓને શિક્ષિત કરવાં :**

ખાસ કરીને જે માતા-પિતા કે વાલી નિરક્ષર હોય છે, જેઓ બાળકનું અને શિક્ષણનું મહત્ત્વ સમજતાં નથી તેઓ બાળકોને અન્યાય કરે છે. તેમનું યોગ્ય સંવર્ધન કે સંસ્કારસિંચન કરી શકતાં નથી આથી માતા-પિતાને શિક્ષિત કરી તેમને યોગ્ય શિક્ષણ આપી, બાળકોના શિક્ષણનું મહત્ત્વ સમજાવવામાં આવે તો તે બાળકોમાં સદ્ગુણોનું સંસ્કારચિંચન કરી શકશે.

**(3) અપાનુકૂલિત માતા-પિતાની સારવાર :**

એમ કહેવાય છે કે "Problem Parents have problem children" જેમનાં માતા-પિતાનું વર્તન સમસ્યાત્મક હોય તેવાં બાળકો પણ સમસ્યાત્મક બની જાય છે. આપણે જાણીએ છીએ કે 'બાપ તેવા બેટા અને વડ તેવા ટેટા.' મા-બાપ જો ગુન્હાહિત આચરણ કરતાં હોય તો બાળકો તેમનું અનુકરણ કરે છે. "Maladjusted parents have maladjusted children and deligquent parents have delinquent children." જેમનાં માતા-પિતા સમાજ સાથે અનુકૂલન સાધી શકતાં ન હોય, જે સામાન્ય વર્તન કરતાં ન હોય તેમનાં બાળકો ગુનેગારો બને છે. આથી, નાનાં બાળકોમાં બાળગુનેગારીનાં લક્ષણો જણાય તો સૌપ્રથમ તેમનાં માતા-પિતાની યોગ્ય સારવાર કરીને તેમને યોગ્ય માર્ગે વાળી શકાય તો બાળગુનેગારીને અંકુરિત થતાં જ ડામી શકાય.

**બાળ ગુનેગારીનો આવિર્ભાવ :**

બાળગુનેગારી અંકુરિત થઈને જ્યારે બીજા તબક્કામાં પહોંચે છે ત્યારે બાળકનું વર્તન સમાજમાન્ય ન રહેતાં અસમાજિક બની જાય છે તે છડેચોક ગુનાખોરી આચારે છે. તે ચોરી કરે છે બિભત્સ ચેનચાળા કરે છે. ગાળાગાળી કે દાદાગીરી કરે છે, આક્રમણ કરે છે. આ બધાં લક્ષણો ખુલ્લેઆમ ગુનેગારી દર્શાવે છે. આ પરિસ્થિતિમાં માતા-પિતાએ યોગ્ય માર્ગદર્શન આપવા ઉપરાંત નીચેના જેવા ઉપાયો યોજવા જોઈએ.

(1) **શિક્ષણ :** આવા બાળકોને ચીલાચાલુ પદ્ધતિએ શિક્ષણ આપવા ફરજ, નૂતન પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો આશ્રય લઈ તેમને શિક્ષણ આપવું જોઈએ. વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી વધે તેના પ્રયોગો વર્ગખંડમાં કરવાં જોઈએ. તેમની જિજ્ઞાસાવૃત્તિને ઉત્તેજે અને તેમનામાં સ્વ-અધ્યયન પ્રતિ રુચિ પેદા થાય, તે માટે દૃશ્ય-શ્રાવ્ય અને અન્ય શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ કરી તેમને શિક્ષણ આપવું જોઈએ. ખાસ તો તેઓ સ્વ-અધ્યયન માટે પ્રેરાય તેવી રસપ્રદ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો વર્ગખંડમાં આશ્રય લઈ શિક્ષકોએ શિક્ષણ આપવું જોઈએ.

(2) વર્ગખંડમાં જે વિદ્યાર્થીનું વર્તન વિકૃત કે વિપદગામી અથવા અસમાજિક લાગે, તેવા વિદ્યાર્થીઓ તરફ નિષ્કાળજી રાખવા સિવાય તાત્કાલિક ઉપાયો યોજવાં જોઈએ. તેની આર્થિક સામાજિક ભૂમિકાની તપાસ, તેની અંગત સમસ્યાઓ વગેરેની પ્રવૃત્તિઓમાં સંડોવાય છે. આથી તેમના માટે યોગ્ય કામ યા પ્રવૃત્તિ મળી રહે તેવો પ્રબંધ કરવો જોઈએ.

(3) બાળગુનેગારીમાં સંડોવાયેલા વિદ્યાર્થીઓને જાતીય શિક્ષણ, યોગ્ય અને પ્રૌઢ શિક્ષકો દ્વારા આપવાનો પ્રબંધ થવો જોઈએ. વાર કેટલીક આવા વિદ્યાર્થીઓ જાતીય શિક્ષણને અભાવે ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતા જોવા મળે છે. આ સંજોગોમાં, જો શાળાજીવન દરમિયાન તેમને યોગ્ય રીતે જાતીય શિક્ષણ આપવામાં આવ્યું હોય તો તેમની જાતીય વૃત્તિઓનું માર્ગાન્તરીકરણ કે ઉર્ધ્વીકરણ શક્ય બને છે.

(4) શાળાજીવન દરમ્યાન જો એમ લાગે કે આવાં બાળકોનાં ઘરનું કે પરિવારનું વાતાવરણ યોગ્ય નથી. તેમનાં માતા-પિતા તેમને યોગ્ય માર્ગદર્શન આપી શકે તેમ નથી તો આવા વિદ્યાર્થીઓને યોગ્ય સંસ્થાઓમાં આશ્રય આપવાનો પ્રબંધ કરવો જોઈએ.

**ગુનાહિત પ્રવૃત્તિ આચર્ય પછી :**

કેટલીકવાર આવાં બાળકો જાણ્યે - અજાણ્યે આવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાઈ જતાં હોય છે. તેમનું વિકૃત વર્તન તેમને ક્યારેક ગુનો કરવા પ્રેરે છે. જે કાનૂની દૃષ્ટિએ ગુનો લેખાય છે. આવાં સંજોગોમાં બાળગુનેગારો તરફ સહાનુભૂતિ રાખીને.

(1) તેઓને જ્યારે પ્રથમવાર જ કોર્ટમાં રજૂ કરવામાં આવે ત્યારે તેમના વર્તનનું અને ગુનાહિત પ્રવૃત્તિઓનું વિશ્લેષણ કરવું જોઈએ.

(2) તેમના તરફ સહાનુભૂતિ રાખીને તેમની વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક ચિકિત્સા કરીને, તેમને યોગ્ય પ્રકારના ઉમેદવારોને કે ક્ષેત્રિય કાર્યકરોને તાલીમ આપી તૈયાર કરવાં જોઈએ કે જેથી તેઓ આવાં બાળકોની જરૂરિયાતો સમજીને યોગ્ય સારવાર અને માર્ગદર્શન આપી શકે.

આજે જ્યારે સમાજમાં બાળગુનેગારી વ્યાપક પ્રમાણમાં વધી રહી છે. બાળકો દિનપ્રતિદિન બેફામ અને સ્વચ્છંદ વર્તન કરતાં થયાં છે. ક્યાંક ચોરી, ક્યાંક બળાત્કાર, ક્યાંક છેડતી, ક્યાંક અત્યાચાર આવા ગુનાઓમાં બાળકો અને યુવાનો દિનપ્રતિદિન વધુને વધુ સંડોવાતા જાય છે. આ સ્વસ્થ સમાજનું લક્ષણ નથી. તે રોગિષ્ઠ સમાજવ્યવસ્થાનો નિર્દેશ કરે છે. આ સમજ કેળવશે પ્રમાણમાં બાળગુનેગારીનો આંક ઓછો થશે. આજનાં બાળકો આપણાં માર્ગદર્શનની યોગ્ય પ્રતીક્ષા કરે છે.

**બાળગુનેગારી સેવાઓ :**

બાળકો એ દેશનું ભવિષ્ય અને તાકાત છે. દેશની શક્તિ આરોગ્યપ્રદ, સુરક્ષિત શિક્ષિત અને સુવિકસિત બાળ વસ્તી પર આધારિત છે. ભારતના બંધારણમાં બાળકોની શોષણમાંથી મુક્તિ અને સુરક્ષા અધિકાર માટેના વિશેષ કાયદાઓથી બાળકની સમાનતા, જીવનની સુરક્ષા, અંગત સ્વાતંત્ર્ય અને શોષણ સામેના અધિકારનું જતન કરવાની જોગવાઈ છે. બાળકોના અધિકાર અંગે દેશમાં વિવિધ કાયદાઓ પ્રવર્તમાન છે. જે પૈકી જુવેનાઈલ જસ્ટિસ (Care & Protection of Children) એક ઇ.સ.2000 અને સુધારો ઇ.સ.2006 અન્વયે ભારત સરકારના મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા ઇ.સ.2010થી રાજ્યમાં અમલી બનાવેલ છે. અને તે અન્વયેની કામગીરી ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી દ્વારા વિભાગની સ્વતંત્ર સંસ્થા તરીકે કરવામાં આવી રહી છે.

બાળગુનેગારી ન થાય તે સંદર્ભના કેટલાંક કાયદાઓ નીચે મુજબ છેઃ-

- જુવેનાઈલ જસ્ટિસ (Care & Protection of Children) - ઇ.સ.2015
- મહિલા અને બાળવિકાસ જુવેનાઈલ જસ્ટિસ (Care & Protection of Children Act)
- આર.સી. આઈ.એક્ટ - ઇ.સ.1992
- નેશનલ ટ્રસ્ટ એક્ટ - ઇ.સ.1999
- વિકલાંગ (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ધારો ઇ.સ.1995
- બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ - ઇ.સ.2006
- પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ - ઇ.સ.1958

## 15.16 સારાંશ

આ એકમમાં આપણે સલાહદર્શનની સંકલ્પના, સલાહદર્શન કેન્દ્રના હેતુઓ, સલાહદર્શન સેવાની વ્યાખ્યાઓ, સલાહદર્શન અભ્યાસક્રમ, વર્ગખંડ સલાહદર્શન પ્રવૃત્તિઓ, જૂથ પ્રવૃત્તિઓ, પ્રતિચારાત્મક સેવાઓ, વૈયક્તિક સલાહદર્શન, કટોકટી સલાહદર્શન, ભલામણ, આધારતંત્ર, ભૌતિક

સ્ત્રોતોનું વ્યવસ્થાપન અને સંશોધન પ્રોજેક્ટ્સ હાથ ધરવા, માનસિક સ્વાસ્થ્ય એજન્સીઓ, રોજગાર વિનિમય, બાળકોના હકનું રક્ષણ, બાળકોના અધિકારનું રક્ષણ અને બાળગુનેગારી અને તેની સેવાઓ વિશે અભ્યાસ કર્યો છે.

## 15.17 તમારી પ્રગતિ ચકાસો

(1) વિદ્યાર્થીઓને શૈક્ષણિક સલાહ અને મનોચિકિત્સાત્મક માર્ગદર્શન અપાયું હોય એવા આપના અનુભવો ઉદાહરણ સહિત નોંધો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

**ટૂંકાં પ્રશ્નો**

(1) સલાહદર્શનના અધ્યાયો

(2) બાળકોના અધિકારનું રક્ષણ કોણ કરે છે.

**અતિ ટૂંકાં પ્રશ્નો**

(1) આર.સી.આઈ. એક્ટ ક્યારે અમલમાં આવ્યો.

(2) સ્વ-રોજગાર એટલે શું ?

**હેતુલક્ષી પ્રશ્નો**

(1) બાળકોના હકના રક્ષણ માટેનો અધિનિયમ ક્યારે અમલમાં આવ્યો.

A. 2005-06

B. 2007-08

C. 2005-08

D. 2004-05

**સૂચિત સંદર્ભવાંચન**


- Aggarwal J.C. (1995) : Essentials of Educational Psychology, Vikas Publishing House Pvt. Ltd; New Delhi
- Bengale, M. D. (1984) : Guidance & Counselling, Sheth Publishers, Bombay
- Pasricha, P (1977) : Guidance & Counselling in India, NCERT, New Delhi.
- Rao, S. N. (1981) : Counselling Psychology, Tata Mcgrew Hills, New Delhi. પટેલ મોતીભાઈ અને અન્યો, (2005-06), અધ્યેતાનો વિકાસ અને અધ્યયનની અધ્યાપન પ્રક્રિયા, બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ.


## 15.18 નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તરો મુદ્દા સાથે

(1) બાળ ગુનેગારોને શિક્ષણ અને માર્ગદર્શન વિશે લખો.

- સામાજિક વાતાવરણમાં સુધારો લાવવો.
- તેમની સાથે પ્રેમ, આદર, સહાનુભૂતિ કે વાત્સલ્ય ભાવપૂર્ણ વ્યવહાર કરવો.
- સામાજિક, આર્થિક અને પારિવારિક પરિવર્તન

(2) (A) બાળગુનેગારીના કેર ફેન્ડલેન્ડરના સોપાનો નોંધો :

- સુષુપ્ત બાળગુનેગારી
- આર્થિક સુધારા
- અપાનુકૂલિત માત-પિતાની સારવાર

(B) રોજગાર કચેરીની સેવાઓ નોંધો.

- નોકરી આપવી
- બેરોજગાર ઉમેદવારને ઈન્ટરવ્યૂમાં જવા - આવવાનું ભાડું
- રોજગાર બજાર માહિતી
- કારકિર્દી માર્ગદર્શન
- એમ્પાયર તાલીમ

## 15.19 સ્વાધ્યાય :

(1) બાળ ગુનેગારોના કારણો જણાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

એકમ 16

# વિશેષ જરૂરિયાતવાળા બાળકો

: રૂપરેખા :

16.1 ઉદ્દેશ્યો

16.2 એકમના પારિભાષિક શબ્દો

16.3 પ્રસ્તાવના

16.4 વિશેષ જરૂરિયાતવાળા બાળકોનું વર્ગીકરણ

16.5 વિશેષ જરૂરિયાતવાળા બાળકોની ઓળખાણ

16.6 મેધાવી પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ

- બૌદ્ધિક માનસિક બાબતો

16.7 અધ્યેતાકેન્દ્રીય પ્રયુક્તિઓ

16.8 શિક્ષકને માટે હસ્તક્ષેપના ક્ષેત્રો

16.9 સામાજિક રીતે વંચિત બાળકોનું શિક્ષણ

16.10 અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ

16.11 અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ

16.12 ઉપસંહાર

16.13 તમારી પ્રગતિ ચકાસો

16.14 નિબંધ પ્રકારના પ્રશ્નોના ઉત્તરો મુદ્દા સાથે

16.15 સ્વાધ્યાય

## 16.1 ઉદ્દેશ્યો :

આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે શિક્ષક તરીકે -

- વિશેષ શૈક્ષણિક જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને વ્યાખ્યાયિત કરી શકશો.
- વિદ્યાર્થીઓની અંદર અને બહાર રહેલી પરિસ્થિતિઓના સંદર્ભમાં તેમની વિશેષ જરૂરિયાતો સમજાવી શકશો.
- વિશેષ જરૂરિયાતવાળાં બાળકોના સામાજિક, મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક અનુકૂલનની ચર્ચા કરી શકશો.
- વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓના શિક્ષણના ભાવિ કાર્યક્રમો તૈયાર કરી શકશો.
- વિદ્યાર્થીઓની શૈક્ષણિક સામાજિક અને મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો સંતોષવામાં શિક્ષકની ભૂમિકા ચર્ચી શકશો.

## 16.2 એકમના પારિભાષિક શબ્દો :

(1) મંદબુદ્ધિવાળા બાળકો - અનુકૂલન ન સાધી શકતાં બાળકો

મેધાવી - અત્યંત બુદ્ધિશાળી

## 16.3 પ્રસ્તાવના :

તમે અગાઉના એકમોમાં વૃદ્ધિ અને વિકાસના સિદ્ધાંતોનો અભ્યાસ કરી ગયા છે. દરેક વિદ્યાર્થીમાં

અધ્યયનની કક્ષાનો આધાર વ્યક્તિગત તફાવતો છે એ બાબત તમે સમજ્યા છો. વ્યક્તિગત તફાવતનો આધાર ઘણી બાબતો ઉપર આધારિત છે. આ પરિબળો આપણને વિદ્યાર્થીની શીખવાની ક્રિયાને સમગ્ર સંદર્ભમાં સમજવા માટે ઉપયોગી છે. આ માટે વિદ્યાર્થીઓમાં જોવા મળતી વિશેષતાઓ (લક્ષણો) સમજવાં જરૂરી છે. આ એકમમાં આપણે વિશેષ જરૂરિયાતવાળા બાળકોનાં વર્ગીકરણ દ્વારા તેમના અધ્યયનની જરૂરિયાતોનો અભ્યાસ કરીશું.

## 16.4 વિશેષ જરૂરિયાતવાળાં બાળકોનું વર્ગીકરણ :

વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓનું નીચેના પાંચ ભાગમાં વર્ગીકરણ કરી શકાય.

- શારીરિક ક્ષતિયુક્ત વિદ્યાર્થી
- દૃષ્ટિ ખામીયુક્ત વિદ્યાર્થી
- શ્રવણ અને વાણીની ખામીવાળાં વિદ્યાર્થી
- મંદબુદ્ધિના વિદ્યાર્થીઓ
- અધ્યયનમાં ઓછી ક્ષમતાવાળા વિદ્યાર્થીઓ

આ ઉપરાંત પ્રતિભાશાલી વિદ્યાર્થીઓ પણ હોય છે. આવા વિદ્યાર્થીઓના શિક્ષણ માટે પણ ખાસ ધ્યાન આપવાની જરૂરિયાત રહે છે. છોકરીઓ માટે પણ ખાસ શિક્ષણની જરૂર રહે છે. આમ વિવિધ વર્ગના વિદ્યાર્થીઓ અંગેની ચર્ચા આગળ કરીશું.

**શારીરિક ખામીવાળાં વિદ્યાર્થીઓ / અંગ હલનચલન ખામીવાળાં વિદ્યાર્થીઓ :**

શારીરિક ખામીયુક્ત વિદ્યાર્થીઓમાં હલનચલનની સમસ્યા હોય છે. હલનચલનની ખામીનો સંબંધ માંસપેશી અને શરીરના સાંધા સાથે હોય છે. જે શારીરિક અંગો અને હાથપગને અસર કરે છે. આ વિદ્યાર્થીઓ અન્ય વિદ્યાર્થીઓની જેમ માનસિક અધ્યયનશક્તિ ધરાવતાં હોય છે, પરંતુ શારીરિક ખામીને લીધે એમને અધ્યયનમાં તકલીફોનો સામનો કરવો પડતો હોય છે.

દા.ત., કોઈ વિદ્યાર્થીની આંગળીઓ માંસપેશીઓ કઠોર હોય તો તેને લખવામાં તકલીફ પડે છે. કેટલાંક વિદ્યાર્થીઓ અંગો અંગેની ખામીને લીધે બેસવાની તકલીફ અનુભવે છે અને થાકી જાય છે. આવા વિદ્યાર્થીઓ અનુકૂલનની સમસ્યા અનુભવે છે. વર્ગમાં એમના સહાધ્યાયી ઘણીવાર એમની મશ્કરી કરે છે. સહેલાઈથી આવા વિદ્યાર્થીઓના શારીરિક દોષો જાણી શકાય છે.

શિક્ષક વિદ્યાર્થીઓની શારીરિક ખામીઓની ક્ષતિપૂર્તિમાં મહત્ત્વનો ભાગ ભજવી શકે. શિક્ષકે આ બાબતમાં માતા-પિતાનો સહકાર મેળવવો જોઈએ. વિદ્યાર્થીની શારીરિક ક્ષતિ ગંભીર પ્રકારની હોય તો જિલ્લા પુનર્વસનકેન્દ્ર અથવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક સાધવો જોઈએ. વિદ્યાર્થીના શારીરિક દોષોને ધ્યાનમાં રાખી વર્ગમાં તેના બેસવા માટેની યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ.

ઉદા. જે વિદ્યાર્થીઓ ઘોડી અથવા વ્હીલચેરનો ઉપયોગ કરે છે તેમને માટે વર્ગમાં આગળના ભાગની જમણી બાજુ ખાલી જગ્યામાં બેસવાની વ્યવસ્થા કરવી, આને કારણે અન્ય વિદ્યાર્થીઓને આવવા જવામાં અથવા હલનચલનમાં તકલીફન પડે. વિદ્યાર્થીઓની દીવાલ પાસે ઘોડી રાખવાની પણ વ્યવસ્થા કરવી જોઈએ.

શારીરિક ખોડખાંપણવાળા વિદ્યાર્થીઓના આનંદ પ્રમોદ માટે શાળામાં વ્યવસ્થા હોતી નથી. આવા વિદ્યાર્થીઓ માટે શારીરિક અને આનંદપ્રમોદની પ્રવૃત્તિઓની વર્ગ અને શાળામાં સુવિધા ઊભી કરવી જોઈએ. વર્ગના બીજા વિદ્યાર્થીઓએ પણ એમની સાથે પ્રવૃત્તિઓમાં ભાગ લઈ આવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાં જોઈએ. શારીરિક હલનચલનની ક્ષતિવાળા વિદ્યાર્થીઓનવે આવી પ્રવૃત્તિઓનો મહાવરો આપવો. જે વિદ્યાર્થીની આંગળીનું હલનચલન થતું ન હોય અને લખવામાં તકલીફ પડતી હોય તો એનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. આવા વિદ્યાર્થીને લખવામાં ઉપયોગી કોઈ સાધનની વ્યવસ્થા કરી આપવી જોઈએ. આને કારણે એના કાર્યની ગુણવત્તા ઉપર અસર પડશે. આવા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ તપાસતી વખતે પણ, તેની આ ખામી ધ્યાનમાં રાખી તેમનું મૂલ્યાંકન

કરવું જોઈએ. આવા વિદ્યાર્થીઓને થોડો વધારે સમય આપવો અને જરૂર પડે શ્રાવ્ય કસોટીનો ઉપયોગ કરવો જોઈએ. જેમકે ઇતિહાસની પરીક્ષામાં જોડણીની ભૂલો અગત્યની નથી, તેથી તેમના ઉત્તરો શ્રાવ્ય કેસેટ ઉપર રેકોર્ડ કરી લેવાં જોઈએ. જ્યાં શબ્દ સંશોધકની સુવિધા છે ત્યાં તેનો ઉપયોગ કરવો જોઈએ.

**દૃષ્ટિની ખામીવાળા બાળકો :**

અપવાદરૂપ બાળકોમાં દૃષ્ટિ ખામીવાળાં બાળકો હોય છે. આવા વિદ્યાર્થીઓ દૃષ્ટિના અભાવને કારણે પાઠ્યપુસ્તક વાંચી શકતાં નથી. આવા વિદ્યાર્થીઓને વાંચવા માટે બ્રેઇલલિપિ ઉપયોગી કેટલાંક વિદ્યાર્થીઓ આંશિક દૃષ્ટિવાળા હોય છે. એમની દૃષ્ટિનો ઉપચાર કરી શકાય. કેટલાક વિદ્યાર્થીઓ માત્ર મોટા અક્ષરો જ વાંચી શકે છે. કેટલાંકને વાંચવા માટે મેગ્નીફાઈંગ ગ્લાસની જરૂર પડે છે. કેટલાંકની દૃષ્ટિ સીમિત હોય છે. શિક્ષકે આવા વિદ્યાર્થીઓને ઓળખી મદદરૂપ બનવું જોઈએ. દૃષ્ટિ દોષની ખામીવાળાં બાળકોને શોધીને એમને જરૂરી મદદ કરવી જોઈએ. અને એમની શીખવાની સમસ્યા હલ કરવી જોઈએ. આવા વિદ્યાર્થીઓને એમના વર્તનનું નિરીક્ષણ કરી ઓળખી શકાય.

આમ દૃષ્ટિદોષવાળા વિદ્યાર્થીઓ માટે શાળામાં અલગ બુકસ્ટેન્ડની વ્યવસ્થા કરવી જોઈએ.

**શ્રવણ અને વાણીની ખામીવાળાં બાળકો :**

અધ્યયન અને શૈક્ષણિક આદાન-પ્રદાનમાં શ્રવણની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. શ્રવણની સમસ્યાઓ શીખવાની ક્ષમતા ઉપર અસર કરે છે. શ્રવણની સમસ્યા વાણીની સમસ્યા માટે કારણભૂત બને છે. વિદ્યાર્થીની શૈક્ષણિક સમસ્યાઓ હલ કરવા માટે શ્રવણ અને વાણીની ખામીવાળા વિદ્યાર્થીઓને ઓળખવા જરૂરી છે. શ્રવણ - ખામીઓની ઓળખ, શ્રવણ શક્તિ, શ્રવણયંત્રો દ્વારા માપી શકાય છે. કેટલાક વિદ્યાર્થીઓમાં શ્રવણ શક્તિ મંદ પ્રમાણમાં હોય છે. કેટલાક વિદ્યાર્થીઓમાં શ્રવણની ખામી જન્મથી હોતી નથી. કેટલાક વિદ્યાર્થીઓમાં શાળામાં આ દોષ ઉત્પન્ન થાય છે અને એનો ખ્યાલ આવતો નથી. સામાન્ય રીતે જન્મથી વાણીના ગંભીર દોષને કારણે વાણીની ક્ષમતાનો વિકાસ થતો નથી. વાણીના ઉપચારથી બોલવાની ક્ષમતાનો વિકાસ થઈ શકે છે. વિદ્યાર્થીઓના વર્તનના નિરીક્ષણ દ્વારા તેમની શ્રવણની સમસ્યાઓ જાણી શકાય છે.

**શ્રવણની ખામીવાળા વિદ્યાર્થીનું શિક્ષણ :**

શ્રવણની ખામી ધરાવતાં વિદ્યાર્થીઓને શ્રવણ સુધારણા માટે શિક્ષકની નજીક બેસાડવાં જોઈએ. શિક્ષકે બોલતી વખતે યોગ્ય ઊંચો અવાજ રાખવો જોઈએ. શિક્ષકે ખૂબ ઝડપથી અસ્પષ્ટ રીતે બોલવું જોઈએ નહિ. શિક્ષકે પાઠ્યપુસ્તક વાંચતી વખતે એવી રીતે વાંચવું જોઈએ કે વિદ્યાર્થી શિક્ષકની હોઠની ગતિ સમજી શકે. વિદ્યાર્થીને શીખવાની ક્રિયામાં હોઠ વાચન મદદરૂપ બનશે. આજ રીતે શિક્ષકે બોલતી કે લખતી વખતે વિદ્યાર્થીઓન નજર સમક્ષ રાખવા જોઈએ. શિક્ષકે વર્ગના બીજા વિદ્યાર્થીઓને, આવા શ્રવણની ખામીવાળા વિદ્યાર્થીઓ સાથે શીખવાની પ્રક્રિયામાં સહાયરૂપ થવા આદાન-પ્રદાનવ માટે પ્રોત્સાહિત કરવાં જોઈએ. વર્ગ શિક્ષણમાં શૈક્ષણિક મુદ્દાઓ શીખવતાં શૈક્ષણિક સાધનોનાં ત્રિપરિમાણદર્શક મોડેલ્સ રજૂ કરવા જોઈએ જો વિદ્યાર્થી શ્રવણયંત્રનો ઉપયોગ કરતો હોય તો તેને શાળામાં અને ઘરમાં એનો હંમેશાં ઉપયોગ કરવા સમજાવવો.

શ્રવણની સમસ્યાઓને કારણે ઉદ્ભવતા વાણી દોષો વાણીની તાલીમ, મહાવરા અને પુનરાવર્તન દ્વારા નિવારી શકાય. જો વિદ્યાર્થીની શારીરિક અંગની ખામીને કારણે હોય તો દાકતરની સલાહ લેવી જોઈએ.

**મંદબુદ્ધિવાળાં બાળકો :**

મંદબુદ્ધિના વિદ્યાર્થીઓ સામાન્યબુદ્ધિના વિદ્યાર્થીઓ કરતાં અધ્યયનમાં નબળા હોય છે. આવા વિદ્યાર્થીઓને કોઈ શારીરિક તકલીફ હોતી નથી. પરંતુ વર્ગમાં તેઓ સારી રીતે અનુકૂલન સાધી શકતાં નથી.

**અધ્યયનનાં મદ બાળકો :**

શિક્ષકે આવા વિદ્યાર્થીઓને ભણાવતી વખતે મૂર્ત અનુભવો પૂરા પાડવા જોઈએ. સામાન્ય વિદ્યાર્થીઓ કરતાં તેમને પુનરાવર્તન અને મહાવરાની વધારે જરૂર પડે છે. શીખવવાના એકમને નાનાં નાનાં સોપાનોમાં રજૂ કરવા જોઈએ. તેમના ધ્યાનને શીખવવાના અગત્યના મુદ્દાઓ તરફ વાળવું જોઈએ. એમનામાં સફળતાની ભાવના વિકસે એ માટે સરળ પ્રશ્નો પૂછવા જોઈએ. આવા વિદ્યાર્થીઓને તાત્કાલિક પ્રતિપોષણ અથવા બદસલોઆપવો.

મંદબુદ્દિ શક્તિવાળા વિદ્યાર્થીઓને પ્રત્યાયન કૌશલ્યની તાલીમ આપવી જોઈએ - જેથી આદાન-પ્રદાન કરતાં શીખે. તેઓ તેમના મિત્ર જૂથ સાથે સહયોગ સાધી શકે એવી રીતે શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. સરળથી સંકુલ સૂત્રને ધ્યાનમાં રાખી પાઠ્યક્રમનું આયોજન કરવું. આ માટે એમને રસપ્રદ શૈક્ષણિક અનુભવો સીમિત હોવાથી એમની એકાગ્રતા કેળવાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

## 16.5 વિશેષ જરૂરિયાતોવાળા વિદ્યાર્થીઓની ઓળખાણ :

શિક્ષક તરીકે તમે ઘણા વિદ્યાર્થીઓના સંપર્કમાં આવો છો. એમાંના કેટલાંક તમને યાદ રહે છે. અને કેટલાંક ભૂલાઈ જાય છે. તમે છેલ્લા બે ત્રણ વર્ષના વિદ્યાર્થીઓને યાદ કરવાનો પ્રયત્ન કરો તો તમને એવા વિદ્યાર્થી ઓ યાદ રહી ગયા હોય છે કે જેમાનામાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો હોય છે. આ વિશિષ્ટ લક્ષણો એમના દેખાવ રૂપે હોય, રીતભાત રૂપે હોય, કાર્ય સિદ્ધિ રૂપે હોય, કે વિશિષ્ટ સંબંધ રૂપે હોય. અહીં સમાન લક્ષણોવાળો વિદ્યાર્થીઓને સામૂહિક નામ કે શબ્દો દ્વારા ઓળખવામાં આવે છે. જેમ કે હું એવા વિદ્યાર્થીઓને જાણું છું કે જેમને નીચેની રીતે ઓળખી શકાય.

- પ્રતિભાશાળી
- ધીમી ગતિએ શીખનાર
- બુદ્ધિશાળી
- વિકલાંગ

શિક્ષકે આવા વિવિધ શક્તિ ધરાવતા વિદ્યાર્થીઓને ઓળખી એમનાં લક્ષણો જાણવાં જોઈએ. આને કારણે શિક્ષક શીખવતી વખતે એમની જરૂરિયાતો પ્રત્યે ખાસ ધ્યાન આપી શકે અને એમની શક્તિઓનો મહત્તમ વિકાસ કરવામાં માર્ગદર્શક બની શકે.

ઉ.દા. ઓછી ઊંચાઈવાળા વિદ્યાર્થીને આગળની પાટલીએ બેસાડવો જોઈએ જેથી તે સારી રીતે ધ્યાન આપી શકે અને શિક્ષકને જોઈ શકે. આજ રીતે શ્રવણ દોષની ખામીવાળા ઓછું સાંભળતા વિદ્યાર્થીને પણ શિક્ષકની નજીક બેસાડવો જોઈએ. વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓના શિક્ષણનું તાત્પર્ય એ છે કે "શિક્ષણના નિયમિત કાર્યક્રમોમાં વિશેષ અનુકૂલનની વ્યવસ્થા કરી વિદ્યાર્થીઓની વિશેષ જરૂરિયાતો પૂરી કરવી." અનુકૂલનની આ વ્યવસ્થા મોટા ટાઈપમાં મોટા અક્ષરોમાં છાપેલી પુસ્તક - સામગ્રીરૂપે, વર્ગમાં ફર્નિચરની યોગ્ય ઊંચાઈ રૂપે પ્રકાશની વ્યવસ્થારૂપે કે આદાન-પ્રદાનની ગુણવત્તારૂપે ગોઠવી શકાય. વિશેષ જરૂરિયાતો વિદ્યાર્થીના શારીરિક અને માનસિક સ્તરમાંથી એમના વલણોમાંથી ઉદ્‌ભવે છે.

## 16.6 મેધાવી (પ્રતિભાશાળી - સર્જનાત્મક) વિદ્યાર્થીઓ :

**અર્થ :** અત્યંત બુદ્ધિશાળી, નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્તિ, ગોગિફ્ટેડ, સર્જનાત્મક, વિચારવંત, ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરનાર.

**વ્યાખ્યાઓ :**

"પ્રતિભાશાળી બાળક એટલે પોતાની આસપાસના સામાન્ય બાળકો કરતાં વધુ બુદ્ધિઆંક (140કરતાં વધુ) ધરાવતો હોય, (115-180) ઉચ્ચ કક્ષાની સર્જનાત્મક શક્તિ, ધરાવતો હોય."

- ***લૂસિટો***

"પ્રતિભાશાળી બાળક એ છે કે જેનામાં વ્યવહારના તમામ ઉપયોગી ક્ષેત્રમાં સમાન પ્રતિભા જોવા મળે, જે માત્ર ઉચ્ચ બુદ્ધિ આંક જ ન ધરાવતો હોય પરંતુ કલા, સંગીત, ચિત્ર કાવ્ય, નૃત્ય, સર્જનાત્મક લેખન, યાંત્રિક ક્ષમતા (કમપ્યૂટર) તથા નેતૃત્વ ક્ષેત્રમાં ઉચ્ચ ક્ષમતા ધરાવતો હોય."

***- નેશનલ સોસાયટી ફોર એજ્યુકેશન***

"પ્રતિભાશાળી બાળક એટલે એવું બાળક જે સમૂહમાં (શાળામાં સમાજમાં) સૌથી વધુ બુદ્ધિશાળી હોય." ***- સ્કિનર અને હેરીમેન***

"પ્રતિભાશાળી બાળકો બે પ્રકારનાં હોય છે : જેઓના બુદ્ધિઆંક (130) કરતા વધુ હોય : જેઓ કલા, ગણિત, સંગીત અભિનય વગેરે પૈકી કોઈ એક કે એકથી વધુ બાબતોનો વિશેષ નોંધપાત્ર પ્રદાન કરી શકે." ***- ક્રો અને ક્રો***

"પ્રતિભાશાળી બાળક શારીરિક દેખાવ, સામાજિક અનુકૂલન, વ્યક્તિત્વ, શાળાકીય ઉપલબ્ધિ મેદાની રમતો અને રસ-રુચિના ક્ષેત્રમાં સામાન્ય બાળકો કરતા બહુ જ આગળ હોય છે." - ટર્મન અને ઓર્ડન

"પ્રતિભાશાળી બાળકોમાં બુદ્ધિ, સર્જનાત્મક વિચારશક્તિ, મૂલ્યાંકન વિચારશક્તિ તથા સમસ્યા ઉકેલ શક્તિ પુષ્કળ પ્રમાણમાં હોય છે." ***- હેરીયટ***

"જેનામા વિશિષ્ટ શક્તિઓ, વિશિષ્ટ બુદ્ધિ પ્રતિભા અને વિશિષ્ટ ગુણોનો સમુચ્ય હોય તેને પ્રતિભાશાળી બાળક કહેવાય." ***- હોલીવલર્થ***

**લક્ષણો :**

**(1) બૌદ્ધિક - માનસિક બાબતોમાં :**

- સાધારણ બાળકો કરતાં બુદ્ધિ આંક ખૂબ જ વધુ હોય છે.
- બૌદ્ધિક કાર્યો કરવાનું વધુ પસંદ કરે છે.
- કોઈપણ બાબતને ઝડપતી સમજી શકે છે, તારણ અથવા પરિણામ તારવવામાં ઓછો સમય લે છે.
- સૂક્ષ્મ - અમૂર્ત બાબતો જલદીથી સમજી શકે છે.
- પોતાના પસંદગીનાં ક્ષેત્રમાં લાંબો સમય એકચિત્તે થાક્યા વગર કામ કરી શકે છે.
- તર્કશક્તિ પુષ્કળ હોય છે. આથી પળવારમાં પોતાની ભૂલ સુધારી કાઢે છે.
- મૌલિકતા તથા બૌદ્ધિક જિજ્ઞાસા વધુ હોય છે. આથી યોગ્ય માર્ગદર્શન મળતા પોતાનું કામ સ્વયં શોધી કાઢે છે.
- જે રમતમાં બૌદ્ધિકતામાં વધુ હોય (માનસિકતા) જેવી રમતમાં જ તેમને વધુ રસ પડે છે. દા.ત. ચેસ
- એક કે એક કરતાં વધુ ક્ષેત્રોમાં પોતાની વિશિષ્ટતા પ્રદર્શિત કરી શકે છે.
- ખૂબ સારી કલ્પનાશક્તિ હોય છે.
- આ બાળકો પાસે 'શબ્દભંડોળ' ખૂબ સારું હોય છે. આથી સામાન્ય વિદ્યાર્થીઓ કરતા વધુ સારી અભિવ્યક્તિ કરી શકે છે.

**(2) શારીરિક બાબતોમાં :**

- લગભગ જન્મ સમયે આ બાળક સામાન્ય બાળકો કરતાં 1 1/2 ઈંચ વધુ લાંબુ હોય છે. અને તેનું વજન 1 કિલો વધુ હોય છે.
- શારીરિક અને જ્ઞાનેન્દ્રિયોનો વિકાસ સામાન્ય બાળકો કરતાં વધુ ઝડપી હોય છે.
- સામાન્ય બાળકો કરતાં દોઢ માસ વહેલું ચાલવાનું શરૂ કરે.

- પ્રતિભાશાળી બાળક સામાન્ય બાળકો કરતાં 3 1/2 માસ વહેલું બોલવાનું શરૂ કરે છે.

**(3) સામાજિક બાબતોમાં :**

- આ બાળકોની ક્રિયાઓ - રુચિઓમાં વિવિધતા વધુ હોય છે.
- આ બાળકો સહેલાઈથી ગમે ત્યાં સમાયોજન સાધી શકે છે.
- સામાન્ય બાળકોની અપેક્ષાએ નેતૃત્વ શક્તિ વધુ હોય છે.
- પ્રતિભાશાળી વ્યક્તિત્વ હોવાથી - સાથીઓમાં લોકપ્રિય હોય છે.
- તેમનામાં વિનમ્રતા અને આજ્ઞાંક્તિપણું વધુ હોય છે.
- આ બાળકો ઉદાર અને નિષ્કપટી હોય છે.
- જવાબદારી ભર્યા કામોમાં હંમેશા અગ્રેસર કહે છઠે.
- સુયોગ્ય અને આદર આપવા. યોગ્ય વ્યક્તિને હંમેશા માન આપે.
- દૂર દેશીપણું આવા બાળકોનાં વધુ હોય છે.
- ઈમાનદારી, દયાળુતા જેવાં ગુણો વધુ વિકસ્યા હોય છે.

**(4) શૈક્ષણિક બાબતોમાં :**

- સારા ટકા મેળવવા માટે પ્રમાણમાં ઓછી મહેનત કરવી પડે છે.
- ઓછો સમય વાચનમાં કાઢે છતાં સારા માર્ક્સ પ્રાપ્ત કરે.
- પહેલા નંબર મેળવવા ઇચ્છે પણ અન્યો પ્રત્યે ઈર્ષાભાવ ન હોય
- વર્ગમાં તથા શાળાના કાર્યક્રમોમાં નિયમિતરૂપે હાજર રહે.
- અભ્યાસ વખતે ભાન-સાન ભૂલી જાય માત્ર અભ્યાસ જ.
- વર્ગમાં ભણાવવાનો મુદ્દો અગાઉથી તૈયાર કરી આવે. (પ્રશ્નો પૂછે)
- શિક્ષકો દ્વારા આપવામાં આવતું હોમવર્ક કરે જ.
- વિષયસંબંધી સંદર્ભ પુસ્તકોનું વિશેષ વાંચન કરી તૈયારી કરે ચે.
- સમાચારપત્રો, સામયિકો(માસિક સાપ્તાહિક) નું નિયમિત વાંચન કરવાની ટેવ ધરાવે છે. (જ્ઞાન વૃદ્ધિ)

**(5) સાંવેગિક વિશેષતાઓ :**

- તેઓનાં આત્મસન્માનની માત્રા વધુ પ્રમાણમાં હોય છે.
- તેઓ જલ્દી ગભરાતાં નથી કે નારાજ થતા નથી.
- રમૂજીવૃત્તિ - હાસ્યની પ્રકૃતિ વધુ હોય છે. ચહેરો હંમેશા ખીલેલો રહે. ચહેરા પર મંદ હાસ્ય સદૈવ હોય.
- પરિસ્થિતિ સાથે ઝડપથી ઓછી મુશ્કેલીએ 'તાલ' મેળવી શકે.
- જીવનમાં પ્રથમવાર મળતી વ્યક્તિએ પણ મિત્ર બનાવી શકે.
- તેઓની જ્ઞાનેન્દ્રિયો અત્યંત સંવેદનશીલ હોય, આત્મવિશ્વાસની ભરપૂર હોય.

**(6) અન્ય લક્ષણો :**

- તેઓ પોતાના કરતાં મોટી ઉંમરની વ્યક્તિઓ સાથે મિત્રતા બાંધવાનું વધુ પસંદ કરે છે.
- તેઓમાં આંતરસૂઝ વધુ હોય છે, હમેશા સાવધાન હોય છે.
- અમૂર્ત બાબતો સમજવા ઊંડાણભર્યા સ્પષ્ટીકરણોની તેઓને જરૂર પડતી નથી.
- તેઓ વૈશ્વિક પ્રશ્નોમાં રસ દાખવે છે.

- આ બાળકો વિશ્વાસ મૂકવા યોગ્ય હોય છે.
- તેઓ શાંત, ફરજનિષ્ઠ, સ્થિર, વાસ્તવવાદી હોય છે.
- તેઓ ઉચ્ચ પ્રકારનું કાર્ય ઉત્પાદન મેળવી શકે છે (પરિણામ)
- તેઓ સતત પ્રયત્નશીલ હોય છે. આથી ધ્યેય પ્રાપ્ત કરે છે.
- આ બાળકો વિપરીત સ્થિતિમાં પણ શાંત રહી શકે છે.
- આ બાળકો જોડણીની ભૂલો ખૂબ ઓછી કરે છે અને તે પ્રત્યે સભાન હોય છે.
- તેઓને રહસ્યમયતામાં (મિસ્ટરી) વધુ રસ હોય છે, તેના પ્રત્યે આકર્ષણ અનુભવે છે.
- તેઓ ખુલ્લા મનના હોય છે, અન્યોના પોતાના માટેના મતને હકારાત્મક દૃષ્ટિએ જોતા હોય છે અને અન્યોના વિરોધી મતનો પણ સ્વીકાર કરે છે.

**અધ્યયન મર્યાદાઓ :**

- આ પ્રકારના બાળકો વર્ગખંડમાં સામાન્ય બાળકને ધ્યાનમાં રાખી અપાતા શિક્ષણમાં પ્રતિકૂળતા અનુભવે છે.
- આ બાળકોને વર્ગશિક્ષણમાં રસ પડતો નથી. તેમને પોતાની શક્તિઓ વેડફાતી હોય તેવું લાગે છે.
- વર્ગખંડમાં ઝડપી શીખતા હોવાથી ફાજલ સમયનો વર્ગમાં દુરપયોગ (ક્રિએટીવ તોફાનો) કરે છે.
- આ પ્રકારના બાળકો એકલા રહેવાનું પસંદ કરતા હોવાથી વર્ગશિક્ષણ પ્રત્યે ક્યારેક બેપરવા બને છે.
- વિષયવસ્તુ સહેલાઈથી શીખી જતા હોવાથી શિક્ષક પ્રત્યે બની જાય છે.
- ક્યારેક આવા બાળકો પોતાનવી જુઠી પ્રશંસામાં સરી જાય છે એ ગપ્પા મારવા લાગે છે. જેની અસર તેમના અભ્યાસ ઉપર પડે છે.
- ક્યારેક તેમનામાં અહકાર આવી જાય છે. આથી શિક્ષણમાં ધાર્યું પરિણામ આવતુ નથી. (દા.ત. 12 સાયન્સ)
- આ પ્રકારના બાળકો ક્યારેક પોતે જ સાચા છે. તેમ માને ત્યારે વર્ગમાં શિક્ષકો - સાક્ષીઓમાં ચડભડ થાય છે.

**16.7 અધ્યેતા કેન્દ્રી પ્રયુક્તિઓ :**

**ઓળખ :** આ પ્રકારના બાળકોને નિરીક્ષણ, પરીક્ષણ દ્વારા તથા જુદાં જુદાં પ્રકારની કસોટી દ્વારા ઓળખવાઅને અલગ તારવવા. (નવા વિચારો સમજે, જ્ઞાન પ્રાપ્તિની ઇચ્છા ઉત્તમ યાદશક્તિ)

**સામાજિક : રાષ્ટ્રીય મહત્ત્વ :** આ પ્રકારના બાળકો સમાજનું ભાવિ છે. ભાવિના ઘડવૈયા એવા આ બાળકોમાંથી જ કુશળ પ્રશાસકો, એન્જિનિયરો, ડૉકટરો I.A.S. અધિકારીઓ મળી રહેશે. સમસ્યાઓનું નિરાકરનું આ લોકો દ્વારા જ આવશે.

**અભ્યાસક્રમ :** મનોવૈજ્ઞાનિકો આવા બાળકો માટે અલગ વિશિષ્ટ અભ્યાસક્રમે ઘડવાની હિમાયત કરે છે.

**પદ્વિતિ - પ્રયુક્તિઓ :** આ બાળકો સ્વયં પ્રગતિ કરી શકે તેવી પદ્ધતિ વધુ પસંદ કરે છે. (પ્રોજેક્ટ, પ્રોબ્લેમ, સોલ્વિગ અભિનય, પ્રવાસ પર્યટન સિમ્પોઝિયમ, પેનલ ચર્ચા )

વર્ગશિક્ષણ વ્યવસ્થા : આ પ્રકારના બાળકો માટે અલગ વર્ગ બનાવવામાં આવે. તેઓને અલગ પ્રકારનું ગૃહકાર્ય આપવું. વર્ગમાં ફરજિયાત હાજર રહેવામાંથી મુક્ત કરવા.

**સમય મર્યાદામાંથી મુક્તિ :** આવાં બાળકોને સમયના ચીલાચાલુ બંધનોમાંથી મુક્ત કરવા દૃષ્ટિ પ્રથા દાખલ કરવી.

**સહ-અભ્યાસક પ્રવૃત્તિઓ :** આ બાળકોને તેમના રસના ક્ષેત્રમાં આગળ વધારવા ટેસ્ટ દ્વારા યોગ્ય માર્ગદર્શન આપવું અને તેજ પ્રકારની પ્રવૃત્તિઓનું આયોજન કરવુ.

**વિશિષ્ટ કાર્યો :** વર્ગશિક્ષણ ઉપરાંત આ બાળકો માટે વિશિષ્ટ કાર્યોનું આયોજન હાથ ધરવું જે દ્વારા વિષયવસ્તુને વિશેષ રૂપમાં તૈયાર કરે.

**શિક્ષણનું વ્યક્તિગત ધ્યાન :** શિક્ષકે આ બાળકો તરફ વ્યક્તિગત વિશેષ ધ્યાન આપવું જોઈએ અને તેઓને યોગ્ય સલાહ માર્ગદર્શન આપવું.

**સંસ્કૃતિનું શિક્ષણ :** હોલિગવર્થ અનુસાર આ બાળકોને સંસ્કૃતિનું વિશેષ રૂપમાં શિક્ષણ આપવું જેથી સમાજને ઓળખે.

**નેતૃત્વનું શિક્ષણ :** આ બાળકો ભાવિ નેતાગીરી કરવાના હોવાથી અભ્યાસ દરમિયાન જ નેતૃત્વની તાલીમ અને અનુભવ મળે તેવા પ્રયાસો હાથ ધરવાં.

**વ્યક્તિત્વના પૂર્ણ વિકાસ :** આ બાળકોના શિક્ષણનો મુખ્ય હેતુ તેમના વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસનો છે. આથી પરિવાર - શાળા અને સમાજ પરસ્પર સહયોગ આપી બાલ્યવસ્થાથી જ તેઓના વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસ લક્ષ્ય આપવું.

**અન્ય પ્રવિધિઓ :**

- પ્રારંભથી જ આ બાળકોની વાચન ક્ષમતા વધારવા પ્રયાસ કરવા જેથી મોટો થાય ત્યારે સારો વાચક બને.
- આ બાળકોની સમસ્યા ઉકેલ પદ્ધતિને જ ભણાવવા જોઈએ.
- આ બાળકો માટે વિશેષ સુવિધાયુક્ત લાઈબ્રેરીની વ્યવસ્થા કરવી.
- આવા બાળકીનું સમયાંતરે યોગ્ય રીતે મૂલ્યાંકન કરતાં રહેવું.
- આ વિદ્યાર્થીઓનું શિક્ષણ સંખ્યાત્મકતાના બદલે ગુણાત્મક પાસા પર આધારિત હોવું જોઈએ.
- આવા બાળકોને શીખંડશિક્ષણ આપવું જોઈએ (ગેસ્ટાલ્ટ પદ્ધતિ)
- વિવિધ પ્રકારની વકતૃત્વ સ્પર્ધાઓમાં ભાગ લેવા પ્રોત્સાહન આપવું.
- આ વિદ્યાર્થીઓને મહાવરાનું શિક્ષક વધુ આપવું.
- અભ્યાસ દરમિયાન આ વિદ્યાર્થીઓ સમક્ષ Roll - Model તરીકે ઉત્તમ બાબતો જ વધુને વધુ રખાવી જોઈએ.
- અભ્યાસ દરમિયાન અધ્યયનની નવીનવી પદ્ધતિઓ તે અપનાવે તે પ્રકારનું વાતાવરણ અને પ્રોત્સાહન પૂરું પાડવું.
- આ બાળકોને જૂથ અથવા વ્યક્તિગત વૈજ્ઞાનિક સંશોધનો, સામાજિક સંશોધનો સંબંધી કાર્ય સોંપવા.
- આ બાળકોના વાલીઓનો સંપર્ક સાથી તેમને તેઓની શક્તિઓનો ખ્યાલ આપવો.
- આ બાળકો માટે વિશેષ અમે વિશિષ્ટ પ્રવાસ – પર્યટનોનું તથા મુલાકાતોનું આયોજન ગોઠવવું.
- આ બાળકોને અભ્યાસ દરમિયાન સ્વયં નિર્મિત શૈક્ષણિક સાધનોનો વર્ગખંડમાં પ્રયોજી પ્રોત્સાહિત કરવાં.
- જરૂર પડ્યે આ બાળકો માટે વધારાની મદદ અને વધારાનો સમય ફાળવવો.
- સમયાંતરે જાહેરમાં આ બાળકોની સિદ્ધિઓને બહુમાન આપવું.
- આ બાળકો અતડાં ન પડી જાય. અત્યંત સંવેદનશીલ ન બની જાય, સમસ્યાત્મક વર્તન ન ધરાવે તેનું ધ્યાન રાખવું.

- આ બાળકોને વધુમાં વધુ સારા શૈક્ષણિક અનુભવો પૂરાં પાડવાં.
- બાળકીની સર્જનાત્મક શક્તિનું વ્યક્તિગત કે સંસ્થાગત શોષણ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું.

## 16.7 શિક્ષકને માટે હસ્તક્ષેપનાં ક્ષેત્રો ...

પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના વિકાસ માટે નીચેનાં ક્ષેત્રો ઉપયોગી બનશે.

**અટૂલાપણાની લાગણી દૂર કરવી :** પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ શારીરિક, સામાજિક અને માનસિક ભિન્નતા ધરાવતાં હોવાથી તેઓ અલગ પડી જાય છે. ક્યારેક આત્મશ્રેષ્ઠતાની ભાવનાને કારણે એમના વ્યક્તિત્વમાં અનુકૂલનની સમસ્યા જન્મે છે.

**સ્વ-આલોચના :** મોટાભાગના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ ઊંચા લક્ષ્યો રાખતા હોય છે. અને એ લક્ષ્યો સિદ્ધના થાય તો પોતાની આલોચના કરે છે. તેઓના માતા-પિતા અને મિત્રો પણ એમની પાસે વધુ પડતી અપેક્ષા રાખે છે. શિક્ષક વર્ગમાં આવા વિદ્યાર્થીઓ પાસેથી હંમેશા સાચા ઉત્તરની અને વિશેષ સિદ્ધિની આશા રાખે છે. આને પરિણામે તેમનામાં ચિંતા અને તણાવની લાગણી પેદા થાય છે.

**અભિસારી - અપસારી ચિંતન :** શાળામાં મોટેભાગે શૈક્ષણિક કાર્યના મૂલ્યાંકનનો આધાર પ્રત્યેક સ્તર પર સાચા જવાબ પર આધારિત હોય છે. આ પ્રકારનું મૂલ્યાંકન એકમુખી અથવા એકમુખી અથવા અભિસારી ચિંતનને માટે પ્રેરે છે. જ્યારે બીજી બાજુ અપસારી ચિંતન માટે એ હાનિકારક છે. અપસારી ચિંતનમાં સમસ્યાના વિવિધ ઉત્તરો હોઈ શકે છે.

**નૈતિક અને સામાજિક મુદ્દા :** કેટલીક પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ નૈતિક અને સામાજિક મુદ્દાઓ સાથે નિસબત ધરાવે જે એવી અપેક્ષા આપણે રાખતા નથી. વિશેષ પ્રતિભાશાળી વિદ્યાર્થીનો સામાજિક અને નૈતિક બાબતો ઉપર પોતાના સક્ષમ વિચાર અથવા મત પ્રગટ કરે એ બાબત અસામાન્ય નથી.

**સ્વ- સંકલ્પના :** સ્વ સંકલ્પના એટલે વ્યક્તિ પોતાની જાત માટે શું વિચારે છે તે. જે વિદ્યાર્થીઓ વિશિષ્ટ અને અસામાન્ય વિચારો વ્યક્ત કરે છે. તેઓ સમૂહમાં ટીકા પાત્ર બને છે. આ બાબત પ્રતિભાશાળી વિદ્યાર્થીઓમાં નિમ્ન સ્વ-સંકલ્પના પેદા કરે છે.

**સંવેગાત્મક સમસ્યાઓ :** વિશિષ્ટ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સંવેગાત્મક સમસ્યાઓ પણ નડે છે. એમની અસાધારણ શક્તિઓ અને અન્ય લક્ષણોને કારણે એમને જુદાં જુદાં પ્રકારની સંવેગાત્મક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

## 16.9 સામાજિક રીતે વંચિત બાળકોનું શિક્ષણ : (Social disadvantaged Children)

વ્યક્તિગત કક્ષાએ કેટલાક પરિબળોને કારણે વિશિષ્ટ જરૂરિયાતો ઊભી થાય છે. સામાજિક સ્તરે પણ કેટલાક પરિબળો અસર કરે છે. આને કારણે વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતો ઉદ્‌ભવે છે. આ જરૂરિયાતો સંતોષવી જરૂરી છે. આપણું બંધારણ સર્વને માટે સમાન શૈક્ષણિક તકો પ્રતિબદ્ધ છે. આમ છતાં શાળામાં ભણતા બધા વિદ્યાર્થીઓને આ તક પ્રાપ્ત થતી નથી. આનાં ઘણાં કારણો હોઈ શકે આ માટે ઘણા પગલાં લેવામાં આવે છે. દા.ત. વધારે શાળાઓ ખોલવી, રહેવાની (છાત્રાલયની) સુવિધાઓ ઊભી કરવી, મુક્ત શાળાઓ શરૂ કરી શિક્ષણની સુવિધાઓ પૂરી પાડવી. આ રીતે સામાજિક રીતે પછાત વિદ્યાર્થીઓમાં શિક્ષણ માટેની તકો પૂરી પાડી લાભ આપવામાં આવે છે. આમ, અનેક ઉપાયો કરવાં છતાં પણ ગરીબી એક મૂળકારણ છે. જે ભારતીય સમાજમાં પછાત વર્ગની શિક્ષણ ઉપર વિશેષ અસર કરે છે. આ ઉપરાંત સામાજિક રીતે પછાત વિદ્યાર્થીઓની સામાજિક અને મનોવૈજ્ઞાનિક મર્યાદાઓ, શિક્ષણ પ્રત્યે બાળકો અને માતાપિતામાં પ્રેરણાનો અભાવ, મા-બાપની નીચી કક્ષાની સ્વ સંકલ્પના, અપૂરતી શૈક્ષણિક સુવિધાઓ અને શિક્ષકો દ્વારા પછાત વર્ગમાં બાળકો પાસેથી અપેક્ષાઓ વગેરેને કારણે સામાજિક રીતે પછાત વિદ્યાર્થીઓ માટે ચિંતા અને વ્યગ્રતા તથા વ્યક્તિત્વ સંબંધી સમસ્યા ઉદ્‌ભવે છે. આવા સુવિધા વંચિત સામાજિક રીતે પછાત વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક તકોની સગવડો ઊભી કરવી જરૂરી છે. આ ઉપરાંત શિક્ષક આવા વિદ્યાર્થીઓને સ્વીકારે અને વધુ મહત્ત્વ આપે એ જરૂરી છે.

**છોકરીઓનું શિક્ષણ (Education of Girls) :**

ભારતના સંવિધાનમાં છોકરા - છોકરીઓના લિંગ ભેદ ધ્યાનમાં રાખ્ય વિના સમાન તકોની વ્યવસ્થા કરવામાં આવી છે. પંરતુ છોકરીઓ આજે પણ સુવિધા વંચિત સમૂહનો ભાગ છે. એ વાસ્તવિકતા સ્વીકારવી પડે એમ છે. 1986ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે છોકરીઓની વિશિષ્ટ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, તેમને શિક્ષણની સમાન તેણે પૂરી પાડવી જોઈએ. સમાજમાં છોકરીઓના શિક્ષણ પ્રત્યે નકારાત્મક વલણ ઊભું કનરાનાર પરિબળોની આપણે ચર્ચા કરીએ.

- સ્ત્રીઓ પુરુષસમાન કામ કરવા અસમર્થ છે એવું માનવામાં આવે છે તેઓ ખાસ કરીને નેતૃત્વ, પહેલવૃત્તિ અને નિર્ભકતાના ક્ષેત્રોમમાં પુરુષોની બરોબરી કરી શકે નહિ.
- એવી માન્યતા પણ છે કેસ્ત્રીઓ પૂર્ણરૂપે સ્વતંત્ર હોતી નથી. તેઓ પોતાના સ્વતંત્ર નિર્ણય લેવાની શક્તિ ધરાવતી નથી.
- સ્ત્રીઓ સાથે ઉપેક્ષાવૃત્તિને કારણે આજે પણ સમાજનો એમની સાથેનો વ્યવહાર ભેદભાવભર્યો છે. જેમ કે સ્ત્રીનું વિધવા થવું, કુંવારપણું, સંતાવિહીનતા અને પરિસ્થિતિમાં કોઈ સ્ત્રીઓ બહાર કામ અથવા નોકરી કરે તો પુરુષની સરખામણીમાં તેની સાથે અલગ પ્રકારનું વર્તન કરવામાં આવે છે. પછી પુરુષ પોતે કુંવારો હોય સંતાન વગરનો હોય કે એના પત્ની મૃત્યુ પામી હોય.
- દહેજપ્રથા, વરરાજાનું આર્થિક મુલ્ય, વેશ્યાવૃત્તિ, બાળલગ્નો જેવા જુદાં જુદાં સામાજિક કુરિવાજોને કારણે છોકરીઓમાં સ્વસંકલ્પનાનો વિકાસ અલ્પ અને હિન સ્તરનો હોય છે. આવા અનિષ્ટોને કારણે સમાજમાં સ્ત્રીઓનો બોજારૂપ ગણવામાં આવે છે.
- છોકરા-છોકરીઓની અપેક્ષિત ભૂમિકાને લીધે પણ એમની વચ્ચે ભેદભાવ રાખવામાં આવે છએ. ઉદા. છોકરીઓની ઓળખ તો ઘરના કામો સાથે જ સંકળાયેલ હોય છે. કેટલીકવાર તો નાની છોકરીઓને સ્ત્રી તરીકે જ ઘરનું કામ સંભાળવું પડે છે. આર્થિક રીતે નબળા કુટુંબની સ્ત્રીઓ જે બહારકામે જાય છે. ત્યા એમની છોકરીઓને ઘરનું બધુ કામ કરવું પડતું હોય છે. અને નાના બાળકોની ભાયભાંડુઓની સંભાળ રાખવાની હોય છે. આને કારણે તેમને શિક્ષણની તકો પ્રાપ્ત થતી નથી.

આ બધા પરિબળોને કારણે સામાજિક પૂર્વગ્રહો ઊભાં થાય છે. આ પૂર્વગ્રહોની અસર કમનસીબે શાળાના અભ્યાસક્રમ, શાળાના પાઠ્યપુસ્તકો અને વર્ગમાં શિક્ષકના છોકરીઓ સાથેના વર્તનમાં જોવા મળે છે. પછી ભલે પુરુષશિક્ષક હોય કે સ્ત્રી શિક્ષિકા હોય.

તમે પણ શિક્ષક તરીકે વર્ગમાં વિદ્યાર્થીઓને ભણાવો છો તમને શિક્ષક તરીકે પાઠ્યપુસ્તક સામગ્રીમાં ઘણી જગ્યાએ છોકરા છોકરીઓ વચ્ચેનો ભેદભાવ જોવા મળ્યો હશે. પાઠ્યપુસ્તક સામગ્રીમાં છોકરા-છોકરીઓ વચ્ચેનો ભેદભાવ ત્રણ રીતે જોવા મળે છે.

**પાઠ્યપુસ્તકનું વિષયવસ્તુ :** પાઠ્યપુસ્તકોમાં તમે સ્ત્રીઓની સરખામણીમાં પુરુષોને વધારે પરાક્રમી અને ચડિયાતા બતાવતા પાઠો ભણાવ્યા હશે. આવા પાઠોમાં સ્ત્રીના વ્યક્તિત્વનું નીચું ચીલાચાલુ આલેખન કરવામાં આવ્યું હોય છે.

**ભાષાકીય વ્યક્તિત્વ :**

પાઠ્યપુસ્તકમાં વસ્તુ તો સાધન છે અને ભાષાનાં તત્ત્વો મુખ્ય બાબત છે. એમાં કેટલાંક વાક્યો - ઉચ્ચારણો સ્ત્રીના ગૌરવ ઘટાડે છે. ઉદા. તમે છોકરીની જેમ રડો છો ? અભિવ્યક્તિ માટે આ પ્રકારનું વિષયવસ્તુ સ્ત્રીઓ સામાજિક અવહેલના, રૂઢિગત સ્થિતિ અને સામાજિક નિષેધ વ્યક્ત કરે છે.

**શિક્ષકને વ્યવહાર :** શિક્ષક છોકરીઓ સાથેના વર્તનમાં નાની બાબતોમાં ગેરસમજ (ખોટા ખ્યાલો) ઊભી કરે છે. ઉદા. શિક્ષક છોકરાઓના વર્ગમાં એમ કહે છે કે, છોકરીની જેમ શું કરે છે ?

છોકરીઓના વર્ગમાં કહે કે છોકરીની જેમ તોફાન અને ચેનચાળા કરવા, છોકરીઓને માટે શોભાસ્પદ નથી. શિક્ષકના આવા વર્તનને કારણે છોકરા-છોકરીઓ વચ્ચેના ભેદભાવને પુષ્ટિ મળે છે.

- શિક્ષકે છોકરીઓની હકારાત્મક પ્રતિભા વિકસે એ રીતે વર્તવું જોઈએ. તેણે આ માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.
- છોકરીઓની ક્ષમતાને ઉપસાવવી - હાઈલાઈટ કરવી.
- છોકરીઓને સ્વાવલંબી બને, એ માટે પ્રોત્સાહન આપવું. તેમના આત્મસન્માનના રક્ષણ માટે ઝઝુમવાની તકો પૂરી પાડવી.
- તંદુરસ્ત હરીફાઈને પ્રોત્સાહન આપવું.
- આ ‘કામ છોકરાનું છે’ અને ‘કામ છોકરીનું છે’ એવા ખ્યાલો દૂર કરવા.
- છોકરીઓ ભારરૂપ નથી. ‘વર ખરીદવાના’ અને કન્યા વેચવાની વસ્તુ નથી.
- સ્ત્રીઓની ભૂમિકા અને પ્રતિભાના સંદર્ભમાં યોગ્ય પ્રતિનિધિત્વ હોવું જોઈએ.

શિક્ષક આ ઉપરાંત બીજી ઘણી બાબતો અંગે પોતાની દૃષ્ટિથી વિચારી શકે અને એ માટે તેણે પ્રતિબદ્ધતા કેળવવી જોઈએ. છોકરા-છોકરી વચ્ચેના ભેદભાવને ઉત્તેજન ન મળે તેણે સંવેદનશીલ બનવાનું છે. તેણે ભેદભાવને પોષે એવા શાળા અને શિક્ષણ પરિબળોથી સજાગ રહેવું જોઈએ. સમાજમાં છોકરીઓ પ્રત્યે ભેદભાવની દૂર કરવા સ્ત્રી શિક્ષણની હિમાયત કરવી જોઈએ.

**સામાજિક સુવિધાથી વંચિત બાળકોનું શિક્ષણ અને તેમની વિશેષ જરૂરિયાતોની જાણકારી :**

સમાજમાં અનુસૂચિત અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનું જૂથ છે. એમના શિક્ષણ માટે વિશેષ જરૂરિયાતો આવશ્યક છે. અહી બંને પ્રકારનાં બાળકોના શિક્ષણની જરૂરિયા.તો અને સમસ્યાઓની અલગ રીતે ચર્ચા કરી છે. કારણ કે બંને વિભાગના બાળકોનું શૈક્ષણિક પછાતપણું ઐતિહાસિક, રાજનૈતિક અને આર્થિક કારણોને લીધે ભિન્ન છે. આ માટે નીચેના મુદ્દાઓ સમજવા જરૂરી છે.

- અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિનાં બાળકોના શૈક્ષણિક પછાતપણાંના કારણો
- સ્વતંત્રતા પૂર્વના સમયમાં સામાજિક સુવિધાઓ અભાવ અને ગરીબીને કારણે શૈક્ષણિક વિકાસમાં અસમાનતા
- આ વર્ગોના વિદ્યાર્થીઓ સાથે વર્ગ અને વર્ગ બહારના વર્તનમાં ભેદભાવ જેને કારણે નકારાત્મક સ્વપ્રતિભા અને નીચી સિદ્ધિની સમસ્યાઓ ઊભી થાય છે.
- વર્ગખંડમાં અને વર્ગખંડની બહાર અનુકૂળ સામાજિક અને શૈક્ષણિક વાતાવરણ સર્જવામાં શિક્ષકની ભૂમિકા.
- આવા વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને વ્યવસાયિક વિકાસને પ્રોત્સાહન આપતી યોજનાઓ વિશે બાળકોને માતા-પિતાને અને તેમના સમુદાયના લોકોને જાણકારી આપવાની અને એની ઉપયોગિતા સમજાવવી.

## 16.10 અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ :

ભારતીય સમાજમાં અનુસૂચિત જાતિને પરંપરાગત રીતે સૌથી નીચી કક્ષાની જાતિ ગણવામાં આવે છે. સામાજિક અને શૈક્ષણિક દૃષ્ટિએ આ જાતિ સૌથી વધુ પછાત છે. ભારતીય સંવિધાનમાં રાજ્યચની નીતિના દિશાસૂચક સિદ્ધાંતો અનુસાર અનુસૂચિત જાતિના વિકાસના હેતુઓના સંદર્ભમાં આ જાતિના લોકો માટે હકારાત્મક કાર્યક્રમની વ્યવસ્થા કરવામાં આવી છે. અનુસૂચિત જાતિમાં અસ્પૃશ્ય લોકો આવે છે. આ લોકોને ગંદા હલકા કાર્યો કરવાવાળા જેવા કે સફાઈ કરવી, ઝાડું લગાવવું, મેલું ઉપાડવું, જોડાં બનાવવા ગણાય છે. આ લોકોને અત્યંજ, પેરિયા, અસુર એવાં નામોથી ઓળખવામાં આવતાં હતાં. ઉચ્ચ વર્ણના લોકો જેને હલકો ધંધો ગણાય તે ધંધા સાથે આ લોકો

જોડાયેલા છે. આ જાતિના લોકોની કૂવા અને નદીના પાણી ભરવા ઉપર અને મંદિરમાં પ્રવેશ કરવાની મનાઈ કરવામાં આવતી. આને પરિણામે આ લોકોને બધા પ્રકારના શિક્ષણથી વંચિત રાખવામાં આવતા હતા. આથી એમની સ્થિતિમાં કોઈ સુધારો થયો નહિ; તેઓ આજે પણ સામાજિક પરિવર્તનથી વંચિત રહ્યા છે. એમના પરંપરાગત ધંધાને છોડી આજે પણ તેઓ બીજા ધંધામાં જોડાઈ શક્યા નથી. આમ આ સમુદાય લોકો જીવનનાં બધાં ક્ષેત્રોમાં પછાત છે.

ભારતમાં શિક્ષણ એ રાજયની જવાબદારી છે. અનુસૂચિત જાતિના લોકોની સામાજિક ગતિશીલતા માટે રાજ્ય સરકારે ઘણી કલ્યાણકારી અને વિકાસશીલ યોજનાઓ અમલમાં મૂકી છે ઉદા. મફત શિક્ષણની વ્યવસ્થા, શિષ્યવૃત્તિ, પાઠ્યપુસ્તકતોનું વિતરણ તથા છાત્રાલયની સુવિધા.

ભારતીય સંવિધાનમાં 'અનુસૂચિત જાતિ' શબ્દ પ્રમાણિત અભિવ્યક્તિ છે. અનુસૂચિત જાતિની યાદીમાં સામાજિક અને આર્થિક ન્યાયથી વંચિત જાતિના લોકોનો સમાવેશ કરી આપવામાં આવ્યો છે. આપણા સંવિધાને પણ આ જાતિના પછાતપણાને દૂર વિકાસની જવાબદારી રાજ્યને સોંપેલી છે. સરકારે શૈક્ષણિક સંમેલનની વિચારને વિવિધ શૈક્ષણિક દસ્તાવેજોમાં સ્થાન આપ્યું છે. 1986ની નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1992નું સંશોધિત સ્વરૂપ) ના પ્રોગ્રામ ઓફ એક્શનમાં (છ - 1992) શિક્ષકો માટે નું શાળાકીય અભ્યાસક્રમનું માળખું વગેરેમાં શૈક્ષણિક સમાનતાને પ્રાધાન્ય આપ્યું છે અને અનુસૂચિત જાતિના શૈક્ષણિક વિકાસ માટેના ઉપાયો સૂચવ્યા છે. 1986ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં આના ઉપર વિશેષ ધ્યાન આપ્યું છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તતા અન્ય પછાત વર્ગના લોકોના શિક્ષણ માટેની તકોની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આને કારણે સમાજમાં રહેલી વિષમતાઓ દૂર થઈ શકે. પછાત વર્ગોને વિકાસની તકો પ્રાપ્ત થાય અને એમની વિશિષ્ટ જરૂરિયાતો પૂરી કરી શકાય

1992ના પ્રોગ્રામ ઓફ સેકશનમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે "અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓમાં ભણતર છોડી દેવાનું પ્રમાણ વિશેષ જોવા મળ્યું છે અને તેથી તેના પર વિશેષ ધ્યાન આપવુ પડશે." આ જાતિના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં શાળામાં દાખલ થાય અને લાંબા સમય સુધી અભ્યાસ ચાલુ રાખે એ માટે પ્રોગ્રામ ઓફ એકશનમાં વિવિધ કાર્યનીતિઓ વિગતે જણાવવામાં આવી છે. આમાં એ વાતનો પણ સ્વીકાર કરવામાં આવ્યો છે કે નીતિગત આદેશોને અમલ કરવા છતાં વિવિધ કાર્યક્રમોના અમલીકરણમાં જોઈએ એટલી સફળતા મળતી નથી.

આ દસ્તાવેજમાં કેન્દ્ર દ્વારા પ્રાયોજિત (ઘડવામાં આવેલી) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટેના શિક્ષણની બધી યોજનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમાં પ્રવેશ, ભાગીદારી અને પ્રાથમિક શિક્ષણની ઉપલબ્ધિઓના સંદર્ભમાં આ કાર્યનીતિ રજૂ કરવામાં આવી છે. આ ઉપરાંત પુસ્તકોનું મફત વિતરણ, છાત્રવૃત્તિ, મફત શિક્ષણ અને માર્ગદર્શનની પણ એમાં ભલામણ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તરને ઊંચું લાવવાની ભલામણ પણ કરવામાં આવી છે. એમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં એમની સમૃદ્ધ સંસ્કૃતિ અને તેમાં એમના ફાળાની તથા અર્થવ્યવસ્થામાં યોગદાનની વાત કરવામાં આવે છે. જેનાથી એમની સમજ વિકસશે. અનુસૂચિત જાતિના શિક્ષણના પ્રચાર પ્રસાર માટે ત્રણ તબક્કા નક્કી કરવામાં આવ્યાં છે.

- અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે અલગ શાળાઓ ખોલવી.
- શાળાઓમાં સમાનતા માટે સંઘર્ષ કરવો.
- અનુસૂચિત જાતિના શિક્ષ માટે વિશેષ પ્રકારના પ્રોત્સાહકોની વ્યવસ્થા કરવી.

શિક્ષણ વ્યક્તિને વ્યવસાય અને ધંધા માટે તૈયાર કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. એમનામાં, જીવનનિર્વાહ માટેનો આત્મવિશ્વાસ પેદા કરે છે અને સમાજમાં સુવિધાવંચિત જાતિના જીવન ધોરણને ઊંચું લાવે છે. સમાજમાં વ્યક્તિનું વ્યક્તિત્વ એક મહત્ત્વની બાબત છે. ઉચ્ચવર્ણના વિદ્યાર્થીઓ શિક્ષણમાં એમના કુટુંબ અને મિત્રોની પ્રેરણાને કારણે સારી સિદ્ધિ મેળવે છે. જયારે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ એવી લાગણી અનુભવે છે કે શિક્ષણ તેમના માટે નથી અને તેઓ તેજસ્વી હોવા

છતાં ઉર્ધ્વગતિશીલતા શક્ય નથી. પ્રોત્સાહન પૂરું પાડવાને બદલે તેઓને હતોત્સાહ કરી દેવામાં આવે છે આને કારણે આવા વિદ્યાર્થીઓ અધવચ્ચે અભ્યાસ છોડી દે છે અથવા નીચું પરિણામ લાવે છે. આ અંગે થયેલ જુદાં જુદાં અભ્યાસોનું તારણ છે કે ઉચ્ચજ્ઞાતિ અથવા ઉચ્ચવર્ણના વિદ્યાર્થીઓની સિદ્ધિપ્રેરણા ઊંચી હોય છે. તેઓની ક્રિયાત્મક, ભવિષ્યોન્મુખી અને વ્યક્તિગત બાબતોમાં વધારે રુચિ હોય છે. આ બાબતો એમને ઉર્ધ્વમુખી ગતિશીલતામાં સહાયરૂપ બને છે. તેઓ એવા વાતાવરણમાં જ ઉછર્યા હોય છે. જેમાંથી તેમને ઉચ્ચ આકાંક્ષાઓની પ્રેરણા મળી રહે છે. પછાતજાતિ અથવા નબળી આર્થિક સ્થિતિવાળા વિદ્યાર્થીઓ આ બાબતોથી વંચિત રહે છે. આથી આવા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના વાતાવરણ અને દૃષ્ટિકોણને બદલવાની જરૂર છે. આપણે સમાજના વર્ગના વિદ્યાર્થીઓની જવાબદારી ભાર ઉપાડી લેવો જોઈએ.

## 16.11 અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓ :

ભારતમાં અનુસૂચિત જનજાતિના લોકો મોટેભાગે નાનાં અને છુટાં છુટાં ગામડાંઓમાં રહે છે. આને કારણ તેમને ખોરાક, કપડાં, આશ્રય અને શિક્ષણની સુવિધાઓ પૂરી પાડવી મુશ્કેલ બને છે.

અનુસૂચિત જનજાતિનાં બાળકોના શિક્ષણ માટે વિવિધ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ. ભારતીય સંવિધાનની કલમ શિક્ષકોમાં શિક્ષણ પ્રત્યેની ઉદાસીનતા, તટસ્થ મનોવલણ અને પ્રેરણાની ખામી છે. આનાં બે કારણો હોઈ શકે. પ્રથમ તો વર્તમાન ઔપચારિક, શિક્ષણ પ્રણાલીએની સામાજિક આર્થિક અને સાંસ્કૃતિક જરૂરિયાતોથી અપરિચિત છે. આને કારણે શિક્ષક એની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જરૂરિયાતોની પૂર્તિ કરી શકતું નથી. બીજું અનુસૂચિત જનજાતિને લોકોને બિનઅનુસૂચિત જનજાતિના લોકોની ઇમાનદારી પ્રત્યે પૂર્વગ્રહ અને સંદેહ હોય છે. આને લીધે તેઓ પોતે પણ શૈક્ષણિક કાર્યકમોમાં સહયોગ આપતાં નથી.

- સંશોધનો દર્શાવે છે કે અનુસૂચિત જનજાતિના ક્ષેત્રમાં શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે એક પ્રકારનું અંતર રહે છે અને તેથી તેઓ પરસ્પર પ્રેરક બની શકતાં નથી. આવાં ક્ષેત્રોમાં અનુસૂચિત જનજાતિના શિક્ષકોની જ નિમણૂકો કરવી જોઈએ. આ કાર્યક્રમ રાજસ્થાનમાં શિક્ષાકર્મી યોજના અંતર્ગત ચાલે છે.
- અભ્યાસનાં તારણો દર્શાવે છે કે પછાત જાતિનું શિક્ષણ જરૂરિયાતો આધારિત હોવું જોઈએ. અને કારણે તે ભણવામાં રસ લેશે. અનુસૂચિત જનજાતિના શિક્ષણના પ્રચાર-પ્રચાર માટે આ મહત્ત્વની બાબત છે.
- અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ ગરીબ કુટુંબોમાંથી આવે છે. તેઓ ભણવામાં તેમની પ્રાદેશિક બોલીને ઉપયોગ કરે છે. વિચારોની અભિવ્યક્તિ માટે તેમનું શબ્દ ભંડોળ સીમિત હોય છે. શિક્ષકે આ કારણોસર તેમની સાથે ભેદભાવભર્યું વર્તન કરવું જોઈએ નહીં અને વર્ગમાં ભેદભાવ વગરનું વલણ અને વાતાવરણ પેદા કરવું.
- અનુસૂચિત જનજાતિના શિક્ષણના પ્રચાર-પ્રસારમાં શિક્ષકની ભૂમિકા મહત્ત્વની છે. શિક્ષકે આ જાતિના લોકો અને માતા-પિતાને એમનાં બાળકોની શિક્ષણ અંગેની વિશિષ્ટ યોજનાઓ અને મળતી સવલતો અંગેની વખતો વખત જાણકારી આપવી જોઈએ.
- આવા વિદ્યાર્થીઓ બિલકુલ અલગ વાતાવરણમાંથી આવે છે. એમાંના મોટાભાગની પહેલી પેઢી તરીકે ભણવા આવે છે. એમનાં માતા-પિતા, ભાઈ-બહેન કે દાદા-દાદી કદી શાળામાં ગયાં નથી. આવા વિદ્યાર્થીઓની વિશેષ જરૂરિયાતો ધ્યાનમાં રાખીને શિક્ષણની વ્યવસ્થા કરવી. આવાં વિદ્યાર્થીઓ માટે વધારાના ટયુશનની, ઉપચારાત્મક શિક્ષણની કે ટૂંકા અથવા લાંબાગાળાના શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ.

## 16.12 ઉપસંહાર

આ એકમમાં આપણે વિશેષ જરૂરિયાતવાળા બાળકોનું વર્ગીકરણ, શારીરિક ખામીવાળા બાળકો, દૃષ્ટિની ખામીવાળા બાળકો, શ્રવણ અને વાણીમાં ખામીયુકત બાળકો, મંદબુદ્ધિવાળા બાળકો, અધ્યયનમાં મંદ બાળકો, વિશેષ જરૂરિયાતવાળા બાળકોની ઓળખાણ, પ્રતિભાશાળી - મેધાવી વિદ્યાર્થીઓ, શિક્ષણ માટે અંતઃ કોષનાં ક્ષેત્રો, સામાજિક રીતે વંચિત બાળકોનું શિક્ષણ, છોકરીઓ શિક્ષણ સામાજિક રીતે સુવિધાથી વંચિત બાળકોનું શિક્ષણ અને તેમની વિશેષ જ જરૂરિયાતોની જાણકારી, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓનો અભ્યાસ કર્યો છે.

**(10) એકમને અંતે સ્વાધ્યાયો (Unit End Exercises)**

- એક વિશિષ્ટ વિદ્યાર્થી મનોવૈજ્ઞાનિક સ્વરૂપે સામાન્ય વિદ્યાર્થી સ્તર પર લાવવા માટે શિક્ષક તરીકે તમારી ભૂમિકા સમજાવો.
- એક એવા વિદ્યાર્થીને પસંદ કરો કે જેમાં તમને વિશેષ જરૂરિયાતો જોવા મળી હોય ... આવા વિશિષ્ટ વિદ્યાર્થીની સામાજિક મનોવૈજ્ઞાનિક અને શૈક્ષણિક જરૂરિયાતો માટેના ઉપાયો જણાવો.
- વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓના હાલમાં ચાલતા શૈક્ષણિક કાર્યક્રમોનું વિવેચનાત્મક વર્ણન કરો.

## 16.13 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો (Answers to check your progress... )

1. સામાજિક રીતે વંચિત બાળકોનું શિક્ષણ

## 16.14 નિબંધ પ્રકારના પ્રશ્નાના ઉત્તરો મુદ્દા સાથે

**પ્ર.1 સમાજમાં સુવિધા વંચિત બાળકો : કારણો**

- વર્ગખંડમાં અને વર્ગખંડની બહાર અનુકૂલ સામાજિક અને શૈક્ષણિક વાતાવરણ સર્જવામાં શિક્ષકની ભૂમિકા
- આવા વિદ્યાર્થીઓના શૈણિક અને વ્યાવસાયિક વિકાસને પ્રોત્સાહન આપતી યોજનાઓ વિશે લેખકોને, માતા-પિતાને અને તેમના સમુદાયના લોકોને જાણકારી આપવાની અને એની ઉપયોગિતા સમજાવવી.

**પ્ર.2 પ્રતિભાશાળી અને તેજસ્વી વિદ્યાર્થીઓના લક્ષણો :**

- તેમની સ્મૃતિ શક્તિ અસાધારણ હોય છે.
- તેમનામાં અપરિચિત પરિસ્થિતિમાં જ્ઞાનનો ઉપયોગ કરવાની શક્તિ હોય છે.
- તેમની સમસ્યા ઉકેલ શક્તિ ઊંચી હોય છે.
- તેમના ઉંમરના પ્રમાણમાં ધ્યાન વિસ્તાર વધુ મોટો હોય છે.
- તેમને બિનજરૂરી લંબાણમાં રસ હોતો નથી.
- તેમને કોઈપણ એકક્ષેત્રમાં વિશેષ રુચિ હોય છે.
- તેમનાં લક્ષ્યો અને ધોરણો ઊંચા હોય છે.

**ટૂંકા પ્રશ્નો**

1. દૃષ્ટિની ખામીવાળા બાળકોની ઓળખ જણાવો.
2. અધ્યયનની મર્યાદાઓ જણાવો.

**અતિ ટૂંકા પ્રશ્નો**

1. સ્વ આલોચના એટલે શું ?

2. અપચારી ચિંતન એટલે શું ?

**હેતુલક્ષી પ્રશ્નો**

1. પ્રતિભાશાળી બાળક એટલે એવું બાળક જે સમૂહમાં સૌથી વધુ બુદ્ધિશાળી હોય છે. આ વ્યાખ્યા કોની છે.

A. ક્રો અને ક્રો

B. સ્કિનર અને હેરીમેન

C. હેરીયટ

D. હોલીવર્લ્થ

## 16.15 સ્વાધ્યાય

પ્ર.1 સામાજિક સુવિધાથી વંચિત બાળકોનું શિક્ષણ અને તેમની વિશેષ જરૂરિયાતો વિશે જણાવો.

## 16.16 સૂચિત વાચનસામગ્રી (Suggested Reading)


- Sharma. P.L . (1988) : A Teacher's Hand book MIED :
  Helping Children with special needs, NCERT : New Delhi
- Jangira, N. K & Mukhopadhyay, S (1987) : Planning and management of IEA Progamma : A Handbook< NCERT : New Delhi
- Kirk, S. A and Gauagher, J. J (1979) : Educating Exceptional Children, Hangrtopn Mistifin Company Boston.
- Modules of Psychology of Devlopment & Learning published by Dr. Babasajab Ambedkar Open Uni., Ahemadabad